શિક્ષાપત્રનું આચમન

શ્રી રમેશભાઈ પરીખ સ્મૃતિગ્રંથમાળા : પુષ્પ-૧૯

ભાગ-૪



પ્રા. રમેશભાઈ વિ.. પરીખ

॥ શ્રી વલ્લભ: ॥

શિક્ષાપત્રનું આચમન
ભાગ - ૪

(ભાગ ૪ : શિક્ષાપત્ર ૩૧ થી ૪૧)

લેખક

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨, બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

SHIKSHPATRANU AACHAMAN - PART IV

by **Prof. Rameshbhai V. Parikh**

© શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા.

પ્રાપ્તિસ્થાન

- શ્રી વિજયભાઈ એમ. દેસાઈ, **(માત્ર રૂબરૂમાં)**
  કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લે માળે,
  ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, **મુંબઈ** - ૪૦૦ ૦૦૨.
  ફોન : (૦૨૨) (ઓ) ૨૨૦૧૦૦૮૪, ૨૨૦૬૦૮૫૮
- હરસાનીજી હાઉસ **(રૂબરૂ અને પોસ્ટ દ્વારા)**
  'વૈષ્ણવ પરિવાર સદન', ૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
  બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
  ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
  Email : shpct@hotmail.com

પ્રથમ આવૃત્તિ : ઈ.સ.૧૯૯૦, **બીજી આવૃત્તિ** : ઈ.સ.૧૯૯૯
ત્રીજી આવૃત્તિ : ઈ.સ.૨૦૦૧, **ચોથી આવૃત્તિ** : ઈ.સ.૨૦૦૫
પાંચમી આવૃત્તિ : ઈ.સ.૨૦૧૦, **છઠ્ઠી આવૃત્તિ** : ઈ.સ.૨૦૧૩
સાતમી આવૃત્તિ : ઈ.સ.૨૦૧૫, **આઠમી આવૃત્તિ : ઈ.સ.૨૦૧૭**

પુસ્તક પ્રકાશન સહાય : રૂા.૧૦૦=૦૦

મુદ્રક :
પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા-૨



શ્રીહરિરાયજીના નાના ભાઈ શ્રીગોપેશ્વરજી

(શિક્ષાપત્ર પરની વ્રજભાષા ટીકાના કર્તા)

સમર્પણ

પરમપૂજ્યપાદ જીજીબા,

શિક્ષાપત્રના મહાસાગરમાંથી વૈષ્ણવોને
સિદ્ધાંત-રસનું આચમન કરાવવા માટે આપે
મારી કોઈ યોગ્યતા વિના, મને આજ્ઞા કરી.
આપના કૃપાપ્રસાદે હું 'વાચાળ' બન્યો; પણ
મને પૂર્ણ સમજ છે કે મારા હૃદયમાં બિરાજી
આપે જ સૌને રસ-આચમન કરાવ્યું છે.

આજે ચાર સત્રોમાં પરિપૂર્ણ થયેલી શિક્ષાપત્ર
કથા ગ્રંથશ્રેણિરૂપે પણ પરિપૂર્ણ થાય છે, ત્યારે
આ ગ્રંથશ્રેણિનું ચતુર્થ પુષ્પ આપનાં
ચરણકમળોમાં સાષ્ટાંગ દંડવત સહિત સમર્પણ
કરી કૃતાર્થ થાઉં છું.

વિનમ્ર
દાસાનુદાસ
રમેશભાઈ વિ. પરીખ

અનુક્રમ

પાન નં.

૧ ભૂમિકા ૧૪
૨ શિક્ષાપત્ર (૩૧) એકત્રીસ ૧૮
૩ શિક્ષાપત્ર (૩૨) બત્રીસ ૪૮
૪ શિક્ષાપત્ર (૩૩) તેત્રીસ ૬૨
૫ શિક્ષાપત્ર (૩૪) ચોત્રીસ ૮૮
૬ શિક્ષાપત્ર (૩૫) પાંત્રીસ ૧૩૭
૭ શિક્ષાપત્ર (૩૬) છત્રીસ ૧૬૦
૮ શિક્ષાપત્ર (૩૭)સાડત્રીસ ૧૭૮
૯ શિક્ષાપત્ર (૩૮) આડત્રીસ ૨૧૦
૧૦ શિક્ષાપત્ર (૩૯) ઓગણચાલીસ ૨૨૬
૧૧ શિક્ષાપત્ર (૪૦) ચાલીસ ૨૪૭
૧૨ શિક્ષાપત્ર (૪૧) અકેતાળીસ ૨૭૭
૧૩ ભાવસ્વરૂપ નિરૂપણ ૨૯૨
૧૪ ઉપસંહાર ૩૦૦

પ્રસ્તાવના

અતિ આનંદનો વિષય છે કે શિક્ષાપત્રનુ આચમન ભાગ-૩ સં. ૨૦૪૩ માં પ્રકાશિત થયા બાદ, ત્રણ વર્ષ પછી આ ચોથો અને અંતિમ ભાગ શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની કૃપાથી પ્રસિદ્ધ થઇ રહ્યો છે, તે સાથે આ ગ્રંથશ્રેણિ પૂર્ણ થાય છે.

એક વિદ્વાન ભગવદીયે શિક્ષાપત્રમાં નિરુપાયેલા સિદ્ધાંતોનું સુંદર વર્ણીકરણ કર્યું છે, જેની સંખ્યા પણ એકતાલીસ જેટલી છે. તેમણે ઘણો શ્રમ લઇ સિદ્ધાંતવાર સર્વ શ્લોક ગોઠવ્યા છે, સાથે સાથે તે પરથી શ્રીગોપેશ્વરજીની વ્રજભાષા ટીકાના અંશો પણ મૂકયા છે. તેને લઇને દરેક સિદ્ધાંત સંપૂર્ણ સ્વરૂપે સમજવાનું સુલભ બને છે. ભગવદ્કૃપા થશે તો હવે પછી તે સ્વરૂપે એક પુસ્તક પ્રકાશિત થશે. તે પુસ્તક દ્વારા શિક્ષાપત્રમાં વર્ણવાયેલા સર્વ સિદ્ધાંતો સમજી શકાશે.

આ ગ્રંથશ્રેણિને વૈષ્ણવો તરફથી ઘણો સમાદર મળ્યો છે. ઘણા વૈષ્ણવો જણાવે છે કે તેઓ તેમના નિત્યના સત્સંગમાં આ પુસ્તકોનો ઉપયોગ કરે છે. વૈષ્ણવોની માગ હોવાથી આ શ્રેણિનો ભાગ-૧ ફરી છપાવવો પડ્યો છે. આ પુસ્તક સાથે આ શ્રેણિ પૂર્ણ થતાં વૈષ્ણવો સમગ્ર શિક્ષાપત્ર ગ્રંથનો રસાસ્વાદ કરી શકશે.

આ ગ્રંથશ્રેણિથી સર્વ સમસ્ત શ્રીવલ્લભકુળે પણ પ્રસન્નતા વ્યકત કરી છે. શ્રીહરિરાયજીના વંશજ દ્વિતીય પીઠાધીશ્વર પૂજય ગો. ૧૦૮ શ્રીકલ્યાણરાયજી મહારાજે ગત દિવાળીમાં નાથદ્વારા મુકામે પ્રત્યક્ષમાં ઘણી પ્રસન્નતા વ્યકત કરી, આશીર્વાદ આપ્યા અને શ્રીગોપેશ્વરજીના ચિત્રનો ફોટોગ્રાફ પણ આ પુસ્તકમાં પ્રકાશિત કરવા પ્રસન્નતાથી આપી અનુમતિ આપી છે, તે બદલ હું આપશ્રીનો હાર્દિક ઋણી છું.

શિક્ષાપત્રના ચતુર્થ સત્સંગ-સત્ર દરમ્યાન પૂજય ગો. ૧૦૮ શ્રી મથુરેશ્વરજી મહોદયે પધારી, વચનામૃત કરી આશીર્વાદ પ્રદાન કર્યા હતા. આપશ્રીનું કૃપા-ઋણ નતમસ્તકે શિરોધાર્ય કરું છું.

પૂજય ગો. શ્રીઇન્દિરાબેટીજી(જીજી) તો આ સમગ્ર કાર્યક્રમનાં પ્રેણામૂર્તિ-પ્રેરકબળ છે. તેઓ જ મનોરથી છે. આપે તેની પૂર્ણાહુતિમાં ભાવવિભોર હૃદયે મને જે આશીર્વાદ પ્રદાન કર્યા તે ઝીલવા મારો ખોળો ઘણો નાનો રહેશે. આપશ્રીનો આ

મનોરથ પરિપૂર્ણ થાય છે તે મારા જીવનની ધન્ય ઘડી છે. હું આપશ્રીનો સદાનો ઋણી છું.

શિક્ષાપત્રનાં ચારે સત્સંગ-સત્રો દરમ્યાન જેમણે મારી સર્વ સુવિધાઓ આત્મીય ભાવે સાચવી એવા મારા મુરબ્બી વડીલ શ્રીભગવાનદાસભાઇ દલાલ, મારાં ભાભી અ.સૌ. રાધાબેન દલાલ, મારાં બને અ.સૌ. સ્મિતાબેન તથા તેમના સમગ્ર પરિવારનો હું કૃતજ્ઞ છું.

મારાં પત્ની અ. સૌ. વસંત અને પરિવારે આ ગ્રંથશ્રેણિની હસ્તપ્રત તૈયાર કરવાથી લઇને, સત્સંગ-સત્રો દરમ્યાન મારા સ્વાસ્થ્યની પ્રેમપૂર્ણ કાળજી લઇ, મને સર્વ સહાય કરી છે, તેનું સ્મરણ કરતાં ઘણી પ્રસન્નતા થાય છે. હું એમનો ઓશિંગણ છું.

મારા મિત્ર પ્રા. રાજનભાઇ કડિયાએ હસ્તપત્રો મઠારવાથી માંડી છપાવવા સુધીની ભારે તકલીફજનક જવાબદારી સામે પગલે સ્વીકારી, મારી ગેરહાજરીમાં આ પુસ્તક છપાવી આપ્યું છે, તેમને પણ હું કદી ભૂલી શકું નહિ. હું તેમનો ઋણી છું.

સૌનો આભાર.

વિનીત
દાસાનુદાસ
રમેશનાં સદૈન્ય ભગવદ્‌સ્મરણ

શ્રીશિક્ષાપત્ર સપ્તાહના ચતુર્થ સત્રના અંતે

પૂ. જીજીના આશીર્વાદ

ભગવદ્-ચરણાનુરાગી, શ્રીવલ્લભના લાડીલા, સંપ્રદાયના ગૌરવ સમાન શ્રી રમેશભાઈ, અનુગ્રહ ટ્રસ્ટના તથા શ્રીવૈષ્ણવ મહિલા મંડળનાં કાર્યકર ભાઈઓ, બહેનો અને ભાવિક વૈષ્ણવો!

આજે આપણે ૪૧ શિક્ષાપત્રનું રસદર્શન સંપૂર્ણ કરી રહ્યા છીએ. ભગવદ્કૃપાથી ચાર સત્રમાં એનું અવગાહન કર્યું. શ્રીરમેશભાઈ જેવા પુષ્ટિમાર્ગના ગૌરવ સમાન, જેમના હૃદયમાં શ્રીહરિરાયજી સાક્ષાત્ બિરાજમાન છે, એમના મુખથી આ રસદર્શન કર્યું. રમેશભાઈનું સ્વાસ્થ્ય સારું નહોતું. મેં એમને ફોન કર્યો. તમારું સ્વાસ્થ્ય સારું નથી એટલે આપણે આ સત્ર રહેવા દઈએ; પરંતુ એમની ભગવદ્ચરણારવિંદમાં એટલી બધી નિષ્ઠા, જેથી મને કહ્યું કે ના, મારી ભાવના આ સત્ર પરિપૂર્ણ કરવાની છે.

૪૧ શિક્ષાપત્રના વર્ણનની સાથે છેલ્લું પ્રકરણ, ભાવાત્મક સ્વરૂપનું પ્રકરણ, આપણા સૌને માટે બહુ મહત્ત્વનું છે. શ્રીઆચાર્યચરણોની સુબોધિનીજીમાં આજ્ઞા છે કે એ રસરૂપ પ્રભુને અંતઃકરણની અંદર આસ્વાદિત બનાવવા, અંતઃકરણ સંબંધી બનાવી, પરમાનંદ કે પૂર્ણાનંદનો અનુભુવ કરવો એ બહુ મહત્ત્વનું છે. માનવનું અંતઃકરણ એટલે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. અત્યારે તો આપણાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર લૌકિક રસોથી ભરેલાં છે. આ અંતઃકરણને ગોલોક રૂપ કે જેમાં નિત્ય બ્રહ્મનો વાસ છે, એવું બનાવવા માટે શ્રીહરિરાયપ્રભુનાં શિક્ષાપત્રો બહુ ઉપયોગી છે. શ્રીહરિરાયપ્રભુનાં શિક્ષાપત્રોનું વાચન કરવાથી વૈષ્ણવનું બાહ્ય અને આંતર બંને પ્રકારનું જીવન શુદ્ધ બને છે. બાહ્ય અને આંતર બંને જીવનની શુદ્ધિ જરૂરી છે. મન, બુદ્ધિના ભાગો અને એના દ્વારા આપણા બાહ્ય જીવનની પણ શુદ્ધિ થાય છે. અંતઃકરણને શુદ્ધ કરવા માટે શાસ્ત્રકારોએ જુદા જુદા રસ્તા બતાવ્યા છે. બાહ્ય શુદ્ધિ એ આંતરજીવન ઉપર આધારિત છે. બહારથી તમે ગમે તેટલું ઊજળું કપડું રાખો, પણ એ કપડાની અંદર કોલસો જ ભરી રાખો તો એ કપડું ઊજળું થાય ખરું? બહારનું કપડું ઊજળું કયારે બને કે જયારે અંદર કોલસો ન હોય. આંતરશુદ્ધિનો પ્રભાવ જ બાહ્ય જીવનની શુદ્ધિ ઉપર પડે છે. ઘણા માણસો તપ, ત્યાગ અને સંયમ દ્વારા પોતાની બાહ્ય ઈન્દ્રિયોને શુદ્ધ રાખે છે, પણ આંતરિક રીતે

અશુદ્ધ હોય, ત્યાં સુધી બહારની ઈન્દ્રિયો કેવળ દબાઇ ગયેલી સ્પ્રિંગ જેવી રહેવાની છે. વખત આવતાં એ ઊછળી પડવાની છે, માટે આંતરશુદ્ધિ જરૂરી છે.

આંતરશુદ્ધિ કરવા માટે આપણી આ બધી જ સાધનાઓ છે. જ્ઞાનમાર્ગની, યોગમાર્ગની, ભકિતમાર્ગની તમામ-સાધનાઓનું મુખ્ય મૂળ લક્ષ્યબિંદુ આંતરશુદ્ધિ છે. જ્ઞાનમાર્ગ, જ્ઞાનના ઉદય દ્વારા અંતઃકરણની શુદ્ધિ બતાવે છે. જેમ સૂર્યનારાયણનો ઉદય થાય, તો ધીરે ધીરે અંધારું ધોવાય, એમ જ્ઞાનનું પ્રાગટય અંતઃકરણના મલિન મેલોને ધોઇ નાખે છે. પણ અંતે જ્ઞાન માટે સાધનો તો પાછાં બાહ્ય બતાવ્યાં છે. કર્મમાર્ગ, નિષ્કામ કર્મ દ્વારા અંતઃકરણની શુદ્ધિ બતાવે છે. ભકિતમાર્ગની અંદર અલૌકિક પ્રકિયા છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે હે વૈષ્ણવ! તું તારા હૃદયને શુદ્ધ કરવાને બદલે, એને ધોવાને બદલે સાક્ષાત પ્રભુને જ અંદર પધરાવવાની પ્રક્રિયા કર ને! કયારે તારું હૃદય ધોવાય, કયારે શુદ્ધ બને અને કયારે ભગવદ્-આવિર્ભાવ થાય! જયારે આપણે આપણી શુદ્ધિ કરવા જોઇએ, ત્યારે આપણી નજર આપણી ઉપર હોય છે. પરિણામે, આપણું મુખ કે આપણું અસ્તિત્વ સતત આપણી નજર સામે રહે છે. જો ભકિતમાર્ગની પ્રક્રિયા લઇએ, તો એની નજર પ્રભુ ઉપર હોય છે.

આમ, બે પ્રકિયા જોઇ. પહેલાં હૃદય શુદ્ધ કરવું કે પહેલા પ્રભુને પધરાવવા? સૂરદાસજીનો પ્રસંગ લ્યો. સૂરદાસજી શ્રીવલ્લભને શરણે આવ્યા. ગૌઘાટનું સુંદર સ્થળ. શ્રીઆચાર્યચરણોએ આજ્ઞા કરી, સૂર! કછુક ગાવ. ઔર સૂરદાસજીને ગાના શુરૂ કિયાઃ 'હૌ સબ પતિતન કો ટીકો....' મહારાજ આપ મને શું ગાવાનું કહો છો! બીજી દુનિયા તો કયારેક એકાદ ભૂલને લીધે પતિત બને છે, પરંતુ હું તો જન્માંધ છું. કંઇક મારા એવા અનેક દોષેને લઇને આવ્યો છું, જેથી જન્માંધ બન્યો છું. 'અબ હૌં નાચ્યો બહુત ગોપાલ... હે ગોપાલ! કેટલાયે દોષોથી ભરેલો જીવ છું. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર જવા અનંત દોષોનાં કટોરા મારા અંતઃકરણમાં છે. આવાં તો કેટલાયે કીર્તનો સૂરદાસજીએ ગાયાં. ત્યારે શ્રીમહાપ્રભુજી મધુંરું હસ્યા. સૂરદાસજીની ગાતા ગાતા અટકાવી દે છે, સૂર ઠેરો, સૂર જરા ઠેરો. સૂર, હ્વકે કાહેકો ઘિઘિયાત હો. મને આ શબ્દો ઘણાં સ્પર્શે છે. સૂર એટલે શૂરવીર. તુ મારે શરણે આવ્યો છે. મારી નિશ્રામાં આવ્યો છે, મારા આશરે આવ્યો છે. તું અનાથ નથી, મનુષ્ય છે. મનુષ્યથી ભૂલ નહિ બને તો કોનાથી થશે? વારે વારે એનું ગાણું શું ગાયા કરે છે કે હોં પતિતન કો ટીકો.

હું એમ કહું કે 'ભૂલ થઈ, ભૂલ થઈ' તો ભૂલ સુધરે ખરી! કોઇ વિદ્યાર્થી નાપાસ થયો હોય અને વાત કરે કે હું નાપાસ થયો, તો કોઇ દિવસે એ સુધરે?

શ્રીમહાપ્રભુજીની કરુણા ભરેલી નજર એમના પર પડી. આજ્ઞા કરી, દોષોનું ચિંતન ન કરો આ વાત બહુ મહત્ત્વની છે. જો આપણે વારંવાર દોષોનું ચિંતન કરીએ તો દૈન્ય તો જાગશે જ; પણ ધીરે ધીરે ડીપ્રેશન આવશે. હું ખરાબ છું અને અનંત દોષોથી ભરેલો છું એવો એક વાર વિચાર આવે તે બરાબર છે. આપણે આપણા દોષોને સમજી લઇએ તે પણ બરાબર છે, પણ સતત એ પરિસ્થિતમાંથી બહાર જ ન આવીએ તો આગળ પગલું કેમ મુકાય? માટે આપે આજ્ઞા કરી, સૂરદાસ! યમુનાજીમેં સ્નાન કરકે આવો. સૂરદાસજી યમુનાજીમાં સ્નાન કરવા પધાર્યા, સ્નાન કરીને આવ્યા. આપે આજ્ઞા કરી આવો, સૂર! પ્રભુને શરણે આવો. આપે બ્રહ્મસંબંધનું દાન કર્યું. આલોક-પરલોક બધું પ્રભુના શરણમાં સમર્પિત કરાવ્યું. આપે આજ્ઞા કરી, સૂરદાસ! કછુક લીલા ગાવ. સૂરદાસજીનાં અંતઃચક્ષુ ખુલી ગયાં. અત્યાર સુધી દોષોનો ભાર સૂરદાસજીના દિલને ખોલી શકતો નહોતો, એના ભારને લીધે હૃદય કચડાયેલું રહેતું હતું. પણ શ્રીમહાપ્રભુજીના પરમ પ્રસાદથી બંધ દ્વાર ખુલી ગયાં. નંદ મહોત્સવનાં દર્શન થયાં. 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી' સૂરદાસજીની આંખો અંજાઇ ગઇ. રોમ રોમ અને કણેકણની અંદર લાલાના પ્રાગટ્યનાં દર્શન થયાં 'વ્રજ ભયો મહર કે પૂત, યહ બાત સુની' સૂરદાસજીએ કીર્તન ગાયું.

એટલે શ્રીઆચાર્યચરણોએ સમજાવ્યું કે અંતઃકરણની શુદ્ધિ કરવા માટે પ્રભુનું અનુસંધાન જરૂરી છે. પ્રભુનું અનુસંધાન ત્રણ રીતે કરવાનું છે-સ્વરૂપભાવના, લીલાભાવના અને ભાવભાવનાથી. હમણાં તમે સ્વરૂપભાવનાનું નિરૂપણ સાંભળ્યું. આપણે જે સ્વરૂપની સેવા કરીએ છીએ એ રસબ્રહ્મ છે, આનંદકંદ પરમાત્મા છે. સચ્ચિદાનંદ કરુણાવલય પ્રભુ છે. એ જ પરબ્રહ્મ પરમાત્મા ભકતોને માટે કૃષ્ણરૂપ ધારણ કરીને વિરકત બન્યા છે. એ કેટલા સુંદર છે? એ મુરલીમનોહર પ્રભુ ત્રિભંગીલલિત સ્વરૂપ, મોર મુગુટ બંસીધારી સ્વરૂપ, એ વાંકી અદાવાળો, વાંકી છટાવાળો કાનુડો કેટલો સુંદર છે? એ મુરલીમનોહર માધુરીનું અંતઃકરણમાં સતત અવલોકન કરવું એ અંતઃકરણની શુદ્ધિ માટેનું પહેલું સાધન. અને એટલા માટે આપણે ઠાકોરજીને નિત્ય સુંદર શૃંગાર ધરાવીએ છીએ. નવી નવી છબીને હૃદયારૂઢ કરીએ, પછી લીલાનું અનુસંધાન. જે જે મધુરી લીલાઓ પ્રભુએ કરી છે, એને વારંવાર ચિત્તમાં વાગોળવી અને પછી ભાવભાવના. આ ભાવભાવનાનો વિષય પણ ઘણો લાબો છે, એટલે હું વિસ્તારથી કહેતી નથી; પરંતુ આ રીતે સ્વરૂપ, ગુણ અને લીલા ત્રણનું ચિંતન કરતાં સર્વપ્રથમ પ્રભુનું ધર્મીસ્વરૂપ હૃદયમાં આવિર્ભૂત બને છે. ધીમે ધીમે ભકતનું અંતઃકરણ એ ભગવદ્દ્ચિંતન દ્વારા ધોવાતું જાય છે. કઇ રીતે

ધોવાય છે તે બહુ સૂક્ષ્મ પ્રક્રિયા છે. આપણે જાણીએ નહિ એ રીતે હૃદય સ્વચ્છ બનતું જાય છે. એ અંતઃકરણમાં અક્ષરબ્રહ્મનો આવિર્ભાવ થયો છે; એટલે આપણું અંતઃકરણ સાક્ષાત્ ગોલોકધામ બને છે. વ્રજભૂમિ બને, વૃંદાવન બને કે જેની અંદર પરબ્રહ્મ પ્રતિષ્ઠિત થાય, બ્રહ્મની અંદર બ્રહ્મ બિરાજે છે. અક્ષરબ્રહ્મની અંદર પરબ્રહ્મનો વાસ છે. એ રીતે ભકતનું અંતઃકરણ અક્ષરધામ બને છે.

અક્ષરબ્રહ્મનું એક સ્વરૂપ છે ધામ બનવું. ભગવદ્ચરણ પણ અક્ષરબ્રહ્મ છે. એ રીતે ચરણાવિંદનો ભાવ અંતઃકરણમાં થાય, તો સહજ વૈરાગ્ય જાગે. જ્ઞાનીને વૈરાગ્ય લાવવા માટે બધું મિથ્યા છે, મિથ્યા છે તમે કહેવું પડે છે અને ભકતને સહજ વૈરાગ્ય જાગે છે. પ્રીતિના ધર્મને લીધે વૈરાગ્ય જાગે છે. પ્રેમનો સ્વભાવ જ છે કે એક બાજુ લાગે એટલે બીજી બાજુ છૂટી જવાનું છે. તમારી એક સાઇડ જો ગુંદરથી ચોટી ગઇ હોય, તો પછી ત્યાં કંઇ ચોંટવાનું છે? કંઇ નથી ચોંટવાનું. જયાં પ્રભુની લગની એક વાર લાગી ગઇ, પછી એ સંસારમાંથી છૂટી જવાની છે. જરૂર એટલી છે કે આ લગની આપણને લાગવી જોઇએ. આપણું અને પ્રભુનું આ સાથેનું જોડાણ થાય છે. અને ત્યારપછી એ સંયોગ સ્વરૂપ હોય, વિપ્રયોગ સ્વરૂપ હોય કે ધર્મસ્વરૂપ હોય કે ધર્મીસ્વરૂપ હોય, તે અંતઃકરણની અંદર આવિર્ભૂત બને છે કલ્પનાથી નહિ, પણ સાક્ષાત એનો આવિર્ભાવ થાય છે. એ સુંદર ભાવના આપે શ્રવણ કરી.

હું ઘણી વાર વિચારતી હતી કે શ્રીહરિરાયજીએ આ બધું મૂકીને પછી આ શું કામ મૂકયું? શિક્ષાપત્રનો વિષય એક છે અને આ સ્વરૂપ-ભાવનાનો વિષય બીજો છે. કદાચ બે સાથે લખાઇ ગયા હોય એમ પણ બને. પણ જો બે ગ્રંથોની સંગતિ બેસાડવી હોય, તો એમ કહી શકાય કે અંતે તો અંતઃકરણનો અનુભવ એ જ મુખ્ય ફલ છે. અંતઃકરણને ગોકુલધામ કે વ્રજધામ બનાવવું છે. અક્ષરબ્રહ્મનો આવિર્ભાવ કરવો છે. એ અંતઃકરણની શુદ્ધિ માટે આપે ૪૧ શિક્ષાપત્રમાં સિદ્ધાંત બતાવ્યા છે. એના દ્વારા હૃદય જયારે શુદ્ધ થાય, ત્યારે આ રસબ્રહ્મનો આવિર્ભાવ અંતઃકરણમાં થાય. ત્યાં સુધી આપણને લઇ જવા છે, એટલા માટે આપે આ બે ગ્રંથો જોડે મૂકયા છે.

ખૂબ આનંદનો વિષય છે કે 'શિક્ષાસાગર' શ્રીહરિરાયચરણના માધ્યમથી જ આજે વૈષ્ણવ જગતને આટલી શિક્ષા મળી ગઇ છે. લૌકિક શિક્ષાઓ તો ઘણી મેળવીએ છીએ, પણ વૈષ્ણવ બન્યા પછી, વૈષ્ણવ બનવા માટેનીએ શિક્ષાઓ મેળવવી, યાદ રાખવી અને જીવનમાં ઉતારવી વધુ જરૂરી છે. આશા રાખું કે આપે જે અગિયાર દિવસ સુધી શ્રવણ કર્યું એને વાગોળશો, એનું મનન કરશો. આ વર્ષે

તો કૃપાસાગર શ્રીયમુનાજીએ પણ કૃપા કરી. ત્રણ દિવસ માટે શ્રીવૈષ્ણવ મહિલા મંડળે શ્રીયમુનાષ્ટક શિક્ષણ શિબિરનું આયોજન કર્યું અને આ બાર દિવસ માટે અનુગ્રહ ટ્રસ્ટ અને વૈષ્ણવ મહિલા મંડળ ટ્રસ્ટ એ બંનેના ઉપક્રમે બાકીના શિક્ષાપત્રનું રસાસ્વાદન થયું. હવે શિક્ષાપત્રના આચમનનો ચોથો ભાગ બાકી છે એ જલદી જલદી રમેશભાઇ લખીને પૂરો કરશે અને વૈષ્ણવ જનતાના હાથમાં આપશે.

આ પ્રસંગે મારા અંતઃકરણના ભૂરિ ભૂરિ આશીર્વાદ શ્રીરમેશભાઇને આપુ છું. પ્રભુએ એમની ઉપર કૃપા કરી જ છે. પહેલો આશીર્વાદ એ છે કે તેઓ શરીરે સાજા રહે. એમને કેટલો બધો ડાયાબિટીસ છે! રમેશભાઇ તો આપણું રત્ન છે. બીજા આશીર્વાદ એ છે કે એમના મનમાં અલૌકિક બધા જ મંનોરથો પ્રભુ પરિપૂર્ણ કરે. ત્રીજો આશીર્વાદ એ છે કે જે કંઇ એમણે પુસ્તકોમાં લખ્યું છે એ બધું જ એમના અંતઃકરણમાં હૃદયરૂઢ થાય અને ચોથો આશીર્વાદ એ છે કે તેઓ શ્રીદ્વારિકાધીશ પ્રભુના ચરણાનુરાગી સેવક છે. શ્રીદ્વારિકાધીશ પ્રભુની નિકુંજલીલા, શ્રીદ્વારકાધીશ પ્રભુનો પરમ અનુગ્રહ એમની ઉપર આ જન્મની અંદર જ ફલીભૂત બને અને તેઓ પોતાના સ્વજીવનને ધન્ય બનાવે. એમની પાસે જે ભગવદ્‌ભાવનો જયોતિ પ્રગટયો છે એ ભાવજયોતિ દ્વારા બીજા વૈષ્ણવોએ પણ દીપક બનવાનું છે અને મને લાગી રહ્યું છે કે આવતા થોડા સમયમાં નવા દીપકો પ્રગટ થઇ રહ્યા છે અને એમના માધ્યમથી પણ પુષ્ટિમાર્ગનો પ્રચાર થશે.

■

શિક્ષાપત્ર ૧ થી ૩૦નું વિહંગાવલોકન

અગાઉ ત્રણ ભાગમાં આપણે ૧ થી ૩૦ શિક્ષાપત્રોનું વાચન, મનન કર્યું. આ ભાગમાં આપણે ૩૧ થી ૪૧ શિક્ષાપત્રો જોઇશું. તે જોતાં પહેલાં અગાઉના ૧થી ૩૦ શિક્ષાપત્રોમાં શ્રીહરિરાયજીએ કયા કયા વિષયો અને સિદ્ધાંતો સમજાવ્યા હતા તેને યાદ કરી લઇએ.

શિક્ષાપત્ર - ૧	પુષ્ટિજીવનું કર્તવ્ય
શિક્ષાપત્ર - ૨	સેવા અને સ્વરૂપ વર્ણન
શિક્ષાપત્ર - ૩	સત્સંગ અને દુઃસંગ નિરૂપણ
શિક્ષાપત્ર - ૪	વિરુદ્ધ ધર્માશ્રયત્વ
શિક્ષાપત્ર - ૫	વિરહ, શરણ, કૃપા અને દૈન્યભાવના
શિક્ષાપત્ર - ૬	જીવન પ્રચાર અને ધૈર્યનું રક્ષણ
શિક્ષાપત્ર - ૭	લૌકિક અને વૈદિક બાબતોમાં અનાસકિત
શિક્ષાપત્ર - ૮	પ્રભુમાં દૃઢ અને અનન્ય વિશ્વાસ
શિક્ષાપત્ર - ૯	પ્રભુના કિશોર સ્વરૂપનું વર્ણન તથા પ્રેમ, આસકિત અને વ્યસનાવસ્થા
શિક્ષાપત્ર - ૧૦	પ્રભુમાં પ્રેમ વધારવા લૌકિક આર્તિઓનું દાન
શિક્ષાપત્ર - ૧૧	પુષ્ટિજીવનાં ચાર કર્તવ્ય : ગુણગાન, દુઃખભાવના અને દૈન્ય તથા ત્યાગ
શિક્ષાપત્ર - ૧૨	શ્રીસ્વામિનીજીની વિરહભાવનાનું નિરૂપણ
શિક્ષાપત્ર - ૧૩	દીનતાથી ફળરૂપતા
શિક્ષાપત્ર - ૧૪	ભગવદીયનાં લક્ષણો
શિક્ષાપત્ર - ૧૫	સ્મરણ, સત્સંગ અને આશ્રય
શિક્ષાપત્ર - ૧૬	ચિંતા-ત્યાગ
શિક્ષાપત્ર - ૧૭	ત્યાગ અને અત્યાગનો વિચાર

શિક્ષાપત્ર - ૧૮ વિરહભાવના
શિક્ષાપત્ર - ૧૯ અષ્ટાક્ષરનો આશ્રય
શિક્ષાપત્ર - ૨૦ સત્સંગ અને દુઃસંગ
શિક્ષાપત્ર - ૨૧ ભાવપોષણના ઉપાયો
શિક્ષાપત્ર - ૨૨ સત્સંગ દ્વારા ભાવપોષણ
શિક્ષાપત્ર - ૨૩ બહિર્મુખતા નિવૃત્તિ
શિક્ષાપત્ર - ૨૪ ભગવદ્કૃપાનું સ્વરૂપ
શિક્ષાપત્ર - ૨૫ શ્રીમહાપ્રભુજીમાં નિષ્ઠા
શિક્ષાપત્ર - ૨૬ ભાવગોપન
શિક્ષાપત્ર - ૨૭ પુષ્ટિભકિતમાં ચાલીસ બાધકો
શિક્ષાપત્ર - ૨૮ વિરહાત્મક દીનતા
શિક્ષાપત્ર - ૨૯ બુદ્ધિનું રક્ષણ
શિક્ષાપત્ર - ૩૦ દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ-ભગવદ્પ્રાપ્તિનાં છ સાધનોનો વિચાર.

શિક્ષાપત્રના ચતુર્થ સત્રની પ્રારંભિક ભૂમિકા

શ્રીમહાપ્રભુજીના પરમ કૃપાપાત્ર, શિક્ષાપત્રના રસમહાસાગરનું આચમન કરવા ઉત્સુક પરમ ભાગ્યવાન વૈષ્ણવો,

બહુ આનંદની વાત છે આજે આપણે પરમ પૂજયપાદ જીજીના મનોરથફળ સ્વરૂપે, આપશ્રી પ્રણીત શ્રીવૈષ્ણવ મહિલા મંડળ, વડોદરા અને શ્રી અનુગ્રહ ચેરિટેબલ ટ્રસ્ટ, વડોદરાના સહયોગથી શ્રીગિરિરાજજીની આ તળેટીમાં શ્રીગિરિરાજબાવાનાં ચરણકમળોમાં એકત્ર થઇ શકયાં છીએ. શ્રીગિરિરાજબાવાના ચરણારવિંદમાં એકત્ર થવાનો લાભ પ્રાપ્ત થાય અને તે પણ શ્રીમહાપ્રભુજીના પ્રાકટય મહામહોત્સવના આનંદના દિવસોમાં અને તેમાં શ્રીહરિરાયચરણના શિક્ષાપત્રોનું પાન કરવા મળે તે પરમ હર્ષનો વિષય છે.

વ્રજનાં અધિષ્ઠાત્રી શ્રીયમુનાજી છે. શ્રીયમુનામાને આપણે સૌ રોજ વિનંતી કરીએ છીએ : ''કૃપા કરી શ્રીગોકુલવ્રજસુખ આપજો, વ્રજની રજમાં અહર્નિશ અમને સ્થિર કરીને સ્થાપજો.'' આ વ્રજરજ આમ તો ૮૪ કોશમાં બિરાજમાન છે; પણ આપણા અષ્ટછાપ મહાનુભવો શ્રીસૂરદાસજીથી લઇને શ્રીનંદદાસજી સુધીના અંતરંગ ભકતકવિઓએ પોતાનો નિવાસ શ્રીગિરિરાજજીની તળેટીમાં કર્યો, કારણ કે શ્રીગિરિરાજબાવા બે સ્વરૂપે બિરાજે છે. એક શ્રીહરિદાસવર્ય સ્વરૂપે, જેમના કૃપા પ્રસાદથી પુલિંદીઓને ભગવત્પ્રાપ્તિ થઇ અને બીજા સાક્ષાત્ શ્રીગિરિરાજધરણ સ્વરૂપે. 'સહસ્રભુજા ધર દેખો ભોજન ખાત.' આ બંને સ્વરૂપે બિરાજતા શ્રીગિરિરાજબાવાનાં ચરણકમળોમાં બેસવું એ ભાગ્યની નહીં, સૌભાગ્યની વાત છે. ત્યાં બેસીને ભગવદ્વાર્તા કરવી એ પરમ સૌભાગ્યની વાત છે. ''દમલા, ભગવદ્વાર્તા કિયે બડી બેર ભયી.'' એવી સતત શ્રીવલ્લભની આજ્ઞા થતી હોય, એવાં શ્રી સુંદર શિલાનાં બેઠકજીની સન્મુખ બેસીને શ્રીમહાપ્રભુજીના મુખારવિંદથી સ્રવિત થતી અલૌકિક ભગવદ્વાર્તાનું પયપાન કરવું એ મહાભાગ્યની વાત છે.

આજે આપણને આવું મહાભાગ્ય અહીં શ્રીગોવર્ધનચોકમાં પ્રાપ્ત થયું છે.

આજથી પાંચ વર્ષ પહેલાં વિ. સં. ૨૦૪૦ની સાલમાં આપણા સૌનાં પરમ વંદનીય પ.પૂ. શ્રીભાભીજી મહારાજે મનોરથ કર્યો કે શિક્ષાપત્રનું શ્રવણ કરવું છે. એમના મનોરથરૂપે શિક્ષાપત્રના પ્રથમ સત્રનો પ્રારંભ થયો. શ્રીગિરિરાજબાવાના

અનુગ્રહથી બીજા વર્ષે સં. ૨૦૪૧માં શિક્ષાપત્રના બીજા સત્રનો લાભ પ્રાપ્ત થયો અને સંવત ૨૦૪૨માં શિક્ષાપત્રના ત્રીજા સત્રનો લાભ પણ આપણને મળ્યો.

ત્રણ-ત્રણ સત્ર સુધી શ્રીમહાપ્રભુજી અને શ્રીહરિરાયચરણની કૃપાથી એકથી લઇ ત્રીસ શિક્ષાપત્રોનું શ્રવણ-મનન-ચિંતન કરતાં, મનના કોઇક અગોચર ખૂણે કયાંક કોઇક અપરાધ થયો હશે, કયાંય અભિમાન પણ આવ્યું હશે; એની શિક્ષારૂપે ચોથા સત્રમાં વર્ષનો અંતરાય આવ્યો; પરંતુ આજે ફરીથી કૃપાસાગર શ્રીહરિરાયચરણે કૃપા કરી, અને તેથી આપણે શિક્ષાપત્રના ચતુર્થ સત્રને આત્મસાત કરવા માટે ફરીથી લાભાન્વિત થયા છીએ.

ટીકાસાગર શ્રીગોપેશ્વરજી ૪૧મા-છેલ્લા-શિક્ષાપત્રના અંતિમ શ્લોકની ટીકામાં છેલ્લે એક આજ્ઞા કરે છે. શ્રીહરિરાયજી ના કૃપાપાત્ર સેવક શ્રીહરજીવનદાસને સંબોધીને કહે છે : "હે હરજીવનદાસ, તમને ધન્ય છે! તમારી આડીથી શિક્ષાપત્રનું સ્વરૂપ મારા હૃદયમાં બિરાજયું છે. મને સ્પષ્ટ અનુભવ થયો છે કે આ વાણી કેવળ શ્રીહરિરાયચરણની નથી, પણ એમના હૃદયમાં બિરાજમાન શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીની છે. હરજીવનદાસ, હું અને તમે તો આ વાણીના શ્રોતા છીએ."

આમ, આ શિક્ષાપત્રોના મુખ્ય વકતા શ્રીહરિરાયચરણના હૃદયમાં બિરાજમાન શ્રીમહાપ્રભુજી છે અને મુખ્ય શ્રોતા શ્રીગોપેશ્વરજી છે. એમને આગળ કરીને આપણે ૩૧ થી ૪૧ શિક્ષાપત્રોનું રસપાન કરવાનું છે. ૪૧ શિક્ષાપત્રોમાં ૬૩૩ શ્લોકો છે. એક વિદ્વાને શિક્ષાપત્રમાં નિરૂપિત સિદ્ધાંતોના કરેલા વર્ગીકરણ પ્રમાણે શિક્ષાપત્રમાં ૪૧ જેટલા પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું નિરૂપણ છે; જેમાં શ્રીમહાપ્રભુજીની શરણાગતિ, ભગવદ્‌શરણાગતિ, નિવેદન અને સમર્પણ, સેવા અને માનસી સેવા, સ્મરણ, સત્સંગ અને દુઃસંગ, અન્યાશ્રય, વિરહતાપ આદિ અનેક સિદ્ધાંતો સચોટ નિરૂપણ કરવામાં આવ્યું છે.

આપણે અગાઉ જે ૩૦ શિક્ષાપત્રો જોઇ ગયા છીએ, એ શિક્ષાપત્રોનું વિહંગાવલોકન કરવાનો અત્યારે આપણી પાસે સમય નથી. માત્ર ૩૦મા શિક્ષાપત્રનો વિચાર કરીશું; કારણ કે એમાં શ્રીહરિરાયચરણે ભગવદ્‌પ્રાપ્તિનાં છ સાધનો બતાવ્યાં હતાં; જે શાસ્ત્રોએ પણ બતાવ્યાં છે. દેશ, કાલ, કર્મ, મંત્ર, કર્તા અને દ્રવ્ય-આ છ સાધનો શુદ્ધ હોય તો ભગવત્પ્રાપ્તિ થાય. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આ સમયમાં આ છએ શુદ્ધ સાધનો મળવાં દુર્લભ છે. તો શું કરીશું? શિક્ષાપત્રો નિરાશ થવા માટે નથી. શિક્ષાપત્રો નિરાશાને ખંખેરી નાખવા માટે છે. શિક્ષાપત્રો આપણી પામરતાને યાદ કરી કરીને છાતી કૂટવા માટે નથી; પણ આપણી પામરતાને

હટાવી પ્રભુતાને પામવા માટે છે. પરમ પ્રકાશે જવા માટે છે. તેથી શ્રીહરિરાયચરણ ત્રીજા શિક્ષાપત્રમાં બહું સુંદર આજ્ઞા કરે છે :

અસ્માભિરેવ લિખિતં નિરપેક્ષૈઃ સ્વભાવતઃ ।
સ્નેહેન સર્વથા ચિત્તે ધીયતાં, યદિ રોચતે ॥૩-૧૬॥

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે ''હું તમને ગુરુ તરીકે આદેશ નથી આપતો. હું પ્રેમથી કહું છું; કારણ કે સત-સિદ્ધાંત કહેવો એ મારો સ્વભાવ છે. વડીલોનો સ્વભાવ હોય છે કે બાળકોને સાચી વાત શીખવવી. તમને પ્રેમપૂર્વક ગળે ઊતરે તો હૃદયમાં ધારણ કરજો.'' અને નહીં તો? શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે ''આ બધા સિદ્ધાન્તો મારા ચરણમાં ભેટરૂપે ધરીને ચાલ્યા જજો. મને ખોટું નહીં લાગે.''

શ્રીહરિરાયચરણ ૧૮મા શિક્ષાપત્રમાં એક બીજી આજ્ઞા કરે છે આ શિક્ષાપત્રના સિદ્ધાંતો કોને કહેવા? કયારે કહેવા?

અન્યેઽપિ ચોપદેષ્ટવ્યા યદિ સ્યુરધિકારિણઃ ।
પિબંતિ સ્વેચ્છયા શ્રદ્ધાયુતાઃ પૃચ્છન્તિ ચેત્ તદા ॥૧૮-૧૬॥

સાંભળનારા અધિકારી હોય તો એમને કહેવા. અધિકારી વિના બીજાની આગળ ન કહેવા. ભેંસ આગળ ભાગવત ન વાંચવું. તો આપણે બધા આ સિદ્ધાન્તો સાંભળવા માટે અધિકારી છીએ, એની પરીક્ષા આપીને આપણે પુરવાર કરી આપવું પડશે. પણ પુરવાર કરી આપવાની રીત કઇ? શ્રીહરિરાયચરણે આપણે અધિકારી છીએ કે નહીં એ નકકી કરવા માટેનો એક રેટીંગ સ્કેલ (ક્રમ માપદંડ) આપ્યો છે. પહેલો માપદંડ એવો છે **'સ્વેચ્છયા'** - પોતાની જાત-ઇચ્છાથી સાંભળવા જવું. જે આ રીતે સાંભળવા આવે એને કહેવા. પરાણે બોલાવી લાવીને એમને કહેવું નહીં. આજે આપણે સત્સંગ માટે જાહેરાત આપવી પડે છે, ભાઇ આવજો. અમારો ખર્ચ અને મહેનત માથે ન પડે, માટે આવજો! વક્તાને માઠું ન લાગે માટે આવજો! એવા શ્રોતાઓને ભેગા કરીને આ સિદ્ધાન્તો કહેવાની શ્રીહરિરાયચરણ ના પાડે છે.

બીજો માપદંડ છે **'શ્રદ્ધાયુતાઃ'** - જે શ્રદ્ધા લઇએ આવે, તે આ જ્ઞાનના અધિકારી છે જ્ઞાન ઝીલવા માટે શ્રદ્ધાનું સાધન જોઇએ. શ્રદ્ધા વિના જ્ઞાન કદી પણ હૃદયમાં ઝિલાતું નથી અને ઝિલાય તો પચતું નથી. વિદ્યાર્થીઓને આપેલું જ્ઞાન બાર મહિના સુધી પણ તેમને યાદ રહેતું નથી. કારણ કે એમને શિક્ષકમાં શ્રદ્ધા નથી અને શિક્ષણમાંય શ્રદ્ધા નથી તેઓ કહે છે : 'સાહેબ, તમે નકામું આ કષ્ટ લો છો.' મારા વિદ્યાર્થીઓ મને કહેતા હોય છે કે ''સાહેબ, તમારી તબિયત સારી નથી અને શું

કામ બે પિરિયડ એક સામટા લો છો? એ તો અમે વાંચી લઇશું!'' શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે જેનામાં શ્રદ્ધા ન હોય એને પણ આ સત-સિદ્ધાંતોનું જ્ઞાન ન થાય.

અને ત્રીજો માપદંડ છે **'પૃચ્છન્તિ'** - જો તેઓ પૂછતા આવે, પ્રશ્ન કરતા આવે તો એમને કહેજો. એક વખત શ્રીગિરિરાજજીની તળેટીમાં, બપોરેના સમયે શ્રીમહાપ્રભુજી વિશ્રામ કરી રહ્યા હતા. એમના કૃપાપાત્ર શ્રીકુંભનદાસજી પાસે બેસીને ચરણસેવા કરતા હતા. બંને મૌન. ગુરુનું મૌન હમંશાં શિષ્યને અકળાવનારું છે; કારણ કે શિષ્ય અપેક્ષા રાખે છે કે ગુરુ પાસે જઇએ એટલે તેઓ વચનામૃત કરે. ભલે પછી આપણને સમજણ પડે કે ન પડે, પણ ગુરુની ફરજ બોલવાની અને અમારી સાંભળવાની!

શ્રીમહાપ્રભુજી તો વાક્પતિ - **'વાણીના પતિ છો સાક્ષાત.'** તે મૌન હોય! કેવું વિરુદ્ધધર્માશ્રયત્વ? અને કુંભનદાસજી જેવા ભક્તકવિ પણ મોન હોય! આખરે કુંભનદાસજી અકળયા. તેમણ વિનંતી કરી, ''કૃપાનાથ, આજ્ઞા આપો તો થોડાક પ્રશ્નો પૂછું.'' શ્રીમહાપ્રભુજી પોઢેલા હતા, એ બિરાજમાન થઇ ગયા. આપ બહુ પ્રસન્ન થઇ ગયા અને આજ્ઞા કરી, ''હાં, હાં કુંભનદાસ, જરૂર પૂછો.'' આટલું કહ્યું હોત તો આપણને વાંધો નહોતો, પણ વાક્પતિ શ્રીવલ્લભનાં વચનો છે. આપે વિશેષ આજ્ઞા કરી : 'હવે કોઇ પૂછનારું જ નથી. અમે કોને કહીએ?' જો શ્રીમહાપ્રભુજીને પણ આવો અનુભવ હોય કે કોઇ પૂછનારું જ નથી, તો આજની આપણી પરિસ્થિતિ તો આપણે જાણીએ છીએ.

છેલ્લા દશેક દિવસથી હું સતત વિચાર કરતો હતો શ્રીહરિરાયચરણની આ આજ્ઞા ઉપર કે આ શિક્ષાપત્રનો ગુણાનુવાદ કોની આગળ કરવાનો? સ્વેચ્છાથી આવતા, શ્રદ્ધાયુકત અને પ્રશ્નો-જિજ્ઞાસા લઇને આવતા વૈષ્ણવો પાસે આ શિક્ષાપત્રો વાંચવાનાં હોય, તો એકાદ વૈષ્ણવ તો એવો જોઇએ ને? શ્રીહરિરાયચરણે જ હૃદયમાં જવાબ આપ્યો - તારા મનને પહેલાં તું શ્રોતા બનાવ. આપની આડીથી એ મનને શ્રોતા બનાવીને ૩૧ થી ૪૧ શિક્ષાપત્રોનું રસપાન એમની કૃપાથી થયું. હવે આપણે ૩૧ થી ૪૧ પત્રો એમની કૃપાથી યથામતિ સમજવાનો પ્રયત્ન કરીએ.

શિક્ષાપત્ર એકત્રીસમું

નિ:સાધનફલે માર્ગે બલં નૈવોપયુજ્યતે ।
સાધનાનામતો નાયમાત્મેત્યેષોદિતા શ્રુતિઃ ॥૧॥

આ માર્ગ નિ:સાધન ફળવાળો છે. તેમાં સાધનનું બળ ઉપયોગમાં આવતું નથી. શ્રુતિમાં કહ્યું છે કે આ આત્મા પ્રવચન વગેરેથી મેળવી શકાતો નથી. પ્રભુ જે જીવનું વરણ કરે છે, તે જ તેને પ્રાપ્ત કરી શકે છે. (૧)

કિંતુ સર્વસ્ય મૂલં હિ હરેર્વરણમુચ્યતે ।
યથૈવ વૃણુતે કૃષ્ણસ્તથા તિષ્ઠતિ વૈ જનઃ ॥૨॥

પ્રભુનું વરણ જ સર્વનું મૂળ કહેવાયું છે. શ્રીકૃષ્ણ જીવનું જેવા પ્રકારનું વરણ કરે છે, તેવો જીવ બની જાય છે. (૨)

વરણં તુ દ્વિધા સાક્ષાત્ પારંપર્યવિભેદતઃ ।
લીલાસ્થિતેષુ વૈ સાક્ષાદન્યેષ્વસ્તિ પરંપરા ॥૩॥

વરણ બે પ્રકારનાં છેઃ (૧) સાક્ષાત અને (૨) પરંપરાગત. લીલાસ્થિત ભકતોમાં સાક્ષાત વરણ છે, જયારે અન્યમાં પરંપરાગત છે. (૩)

આચાર્યદ્વારકં તત્ર વરણં ન હરેઃ સ્વતઃ ।
લીલાસ્થેષ્વપિ ભકતેષુ વૃતેર્દ્વૈવિધ્યમીક્ષ્યતે ॥૪॥
સાક્ષાત્ શ્રુતિષુ હરિણા વરણં વહ્નિસૂનુષુ ।
પરંપરાપ્રકારેણ મર્યાદાપુરુષોત્તમાત્ ॥૫॥

શ્રીઆચાર્યચરણ દ્વારા જીવને પ્રભુનું જે વરણ થયેલું છે, તે સાક્ષાત અથવા સ્વતઃ નથી, પરંતુ પરંપરાથી છે. વળી, લીલાસ્થિત ભકતોમાં પણ વરણ બે પ્રકારનું જોવામાં આવે છે. (૪) અર્થાત્ શ્રુતિરૂપામાં સાક્ષાત વરણ છે. ઋષિરૂપામાં પરંપરાથી મર્યાદા પુરુષોત્તમ શ્રીરામચંદ્રજી દ્વારા છે. (૫)

અન્યદ્યાપ્યત્ર ભેદોઽસ્તિ દાસતાત્મીયતાદિભિઃ ।
આત્મોયત્વેનાવતારે દાસત્વેનાન્યદા વૃત્તિઃ ॥૬॥

વળી, આમાં પણ અન્ય ભેદ છે. જેમ કે દાસત્વ, આત્મીયતા વગેરે. અવતાર-દશામાં આત્મીયતાથી વરણ છે, જયારે અનવતાર દશામાં દાસપણાથી વરણ છે. (૬)

દાસત્વેપ્યસ્તિ ભેદો હિ મર્યાદાપુષ્ટિભેદતઃ ।
અતો ન જીવસ્વાતંત્ર્યં દાસત્વાદ્ધિ નિસર્ગતઃ ॥૭॥

દાસભાવના પણ બે પ્રકાર છે. (૧) મર્યાદા અને (૨) પુષ્ટિ. પુષ્ટિ જીવમાં દાસધર્મ સ્વાભાવિક રીતે છે, તેથી જીવ સ્વતંત્ર નથી. દાસધર્મથી પ્રભુનો સંબંધ છે. તેથી દાસત્વ ધર્મ સર્વથી અધિક છે. (૭)

યથા કૃતિસ્તથા સર્વં કૃષ્ણસ્તસ્ય કરોતિ હિ ।
મર્યાદાયાં વૃતૌ તસ્ય ભવેત્સાધનનિષ્ઠતા ॥૮॥
પુષ્ટાવનુગ્રહેદૃષ્ટિસ્તયૈવ સકલં પુનઃ ।
વયં ત્વનુગ્રહાચાર્યૈઃ પુષ્ટૌ મર્યાદયા સહ ॥૯॥
અંગીકૃતિસમર્યાદૈઃ સર્વેડપ્યંગીકૃતાઃ સ્વતઃ ।
અતસ્તદુકતમર્યાદાસ્થિતિર્હિ હિતકારિણી ॥૧૦॥

જીવનું જેવું વરણ હોય તે પ્રમાણે શ્રીકૃષ્ણ સર્વ કરે છે. જેનું મર્યાદામાં વરણ હોય છે, તેને સાધનોમાં નિષ્ઠા થાય છે. (૮) જે જીવનું પુષ્ટિમાં વરણ છે, તેની દૃષ્ટિ અનુગ્રહમાં હોય છે. તેનું સર્વ તે દૃષ્ટિથી થાય છે. શ્રીઆચાર્યચરણે આપણો અંગીકાર પુષ્ટિમાં મર્યાદાસહિત કર્યો છે (૯). સર્વ પુષ્ટિજીવોનો આપશ્રીએ મર્યાદાપૂર્વક અંગીકાર કરેલો હોવાથી, આપણે તેમનાં (શ્રીઆચાર્યચરણનાં) વચનામૃતોની મર્યાદા પ્રમાણે વર્તવું તે આપણા માટે હિતકારી છે (૧૦).

પુષ્ટિપ્રભુત્વાદસ્માકં લૌકિકી પારલૌકિકી ।
સર્વા ચિંતા હરેરેવ નિશ્ચિંતત્વં વિભાવ્યતામ્ ॥૧૧॥

હરિના પુષ્ટિ-પ્રભુપણાને કારણે આપણી આ લોક તેમજ પરલોક સંબંધી સઘળી ચિંતા હરિને જ છે, માટે નિશ્ચિંત થવું (૧૧).

અત એવોક્તમાચાર્યૈર્નિજેચ્છાતઃ કરિષ્યતિ ।
નોપેક્ષતે નિજાનાર્તબંધુઃ શ્રીગોકુલેશ્વરઃ ॥૧૨॥

શ્રીઅચાર્યચરણે (નવરત્નમાં) કહ્યું છે કે પ્રભુ પોતાની અને પોતાના ભકતની ઈચ્છા પ્રમાણે કરશે, એટલે કે દીનબંધુ શ્રીગોકુલેશ્વર પોતાના ભકતની ઉપેક્ષા કરશે નહીં (૧૨).

હરીચ્છા વિપરીતાડપિ દાસદુઃખાવલોકનાત્ ।
અનુકંપાનિધાનત્વાત્ હરેર્વિપરિવર્તતે ॥૧૩॥

હરિ-ઇચ્છા વિપરીત હોય છતાં દાસનું દુઃખ જોઇ પ્રભુ અનુકંપા કરે છે. હરિ-કૃતિ વિપરીત લાગે, છતાં તેમાં અનુકંપા રહેલી હોય છે, કારણ કે પ્રભુ પોતે કૃપાનિધિ છે (૧૩).

આર્તિમાત્રમતઃ સ્થાપ્યં પ્રાર્થના ન વિધીયતામ્ ।
કૃપાલુરેવ ભવિતા નિજાર્તજનશર્મ્મદઃ ॥૧૪॥

આથી માત્ર આર્તિ કરવી, પ્રાર્થના નહીં. પોતાના આર્તજનને સુખ દેનાર પ્રભુ કૃપાળુ જ બની જશે (૧૪).

આર્ત્યૈવ ક્રિયતે યત્તુ સેવાગુણકથાદિકમ્ ।
તદેવાસ્મત્પ્રભૂકતેડસ્મિન્માર્ગે પ્રવિશતિ ધ્રુવમ્ ॥૧૫॥
અન્યથા ક્રિયમાણં તુ કૃષ્ણસાયુજય સાધકમ્ ।
ન મુખ્યફલસંબંધઃ તતો ભવતિ નિશ્ચિતમ્ ॥૧૬॥

જેઓ સેવા તથા ગુણકથા આર્તિ સહિત કરે છે, તેઓ જ પ્રભુએ સ્થાપન કરેલા પુષ્ટિમાર્ગમાં નિશ્ચયપણે પ્રવેશ કરે છે (૧૫), જો બીજી રીતે કરે, તો તેનાથી શ્રીકૃષ્ણની સાયુજયતા સિદ્ધ થાય, પરંતુ એનાથી મુખ્ય ફલ (પ્રાપ્ત) ન થાય (૧૬).

તદાર્તિપ્રાપ્તિરેતેષાં તદ્રૂપાચાર્યસેવનાત્ ।
તત્કૃપાતસ્તદુદિતં વચોવૃન્દવિચારણાત્ ॥૧૭॥
નિવેદનાનુસંધાનાત્ સદા સત્સંગસંભવાત્ ।
અન્યથા ન ભવેદેવં સ્વકૃતાનંતસાધનૈઃ ॥૧૮॥

આવી આર્તિની પ્રાપ્તિ વિપ્રયોગાગ્નિરૂપ શ્રીઆચાર્યચરણના સેવનથી થાય છે, એટલે કે આપશ્રીના વચનામૃતના સમૂહના વિચારથી થાય છે (૧૭). વળી, તેવી આર્તિ નિવેદનના અનુસંધાનથી કે સદા સત્સંગની સંભાવનાથી થાય, બીજી કોઈ રીતે થાય નહીં. ભલે પછી તે માટે સાધનો કરવામાં આવે. (૧૮)

યે ભાવં વર્દ્ધયંત્યેવ દૃઢં વચનવર્ષણૈઃ ।
સંગોડપિ તેષાં કર્તવ્યોનાન્યેષામતિ નિશ્ચયઃ ॥૧૯॥

તેથી એવા ભગવદીયોનો સંગ કરવો, જે વચનામૃતની વૃષ્ટિ દ્વારા દૃઢ ભગવદ્-ભાવની વૃદ્ધિ કરે, બીજાઓનો સંગ કરવો નહીં. (૧૯)

તદ્દુર્લ્લભત્વે બાધિર્યં મૂકત્વં વા વરં મતમ્ ।
વાચઃ પ્રભૂણાં વદને દુર્જનાનાં ભવંતિ ન ॥૨૦॥

જો એવા ભગવદીયો મળવા દુર્લભ હોય, તો બહેરાપણું કે મૂંગાપણું ઉત્તમ છે, કારણ કે દુર્જનના મુખમાં વાણી સંભવતી જ નથી. (૨૦)

મ્લેચ્છાનામિવ ગાયત્રી તતઃ શ્રવણતઃ કિમુ ।
તત્સધર્માસ્તત્રવર્ણા અનુભાવ તિરોહિતાઃ ॥૨૧॥

જેમ મ્લેચ્છના મુખમાં ગાયત્રી હોય, તો તે સાંભળવાથી શું ફળ થાય? જેવો વર્ણ તેવો ધર્મ. તેમાં અનુભવનો પ્રભાવ હોતો નથી. (૨૧)

અતઃ ફલં ન શ્રવણાત્ દોષઃ પ્રત્યુત જાયતે ।
સાવધાનતમૈઃ સ્થેયમીદક્શ્રવણકીર્તનાત્ ॥૨૨॥

જો અવૈષ્ણવ પાસેથી કથા-વાર્તા સાંભળવામાં આવે, તો કશું ફળ પ્રાપ્ત થતું નથી, ઉલટું, દોષ લાગે. માટે એવાઓના મુખથી શ્રવણ-કીર્તન સાંભળવાં નહિ અને તે બાબતે સાવધાન રહેવું (૨૨).

નિરપેક્ષાઃ કૃષ્ણજના નિજાચાર્યપદાશ્રિતાઃ ।
શ્રીભાગવતતત્ત્વજ્ઞા દુર્લભા એવ ભૂતલે ॥૨૩॥
અતઃ શરણમાત્રં હિ કર્તવ્યમખિલં તતઃ ।
યદુક્તં તાતચરણૈરિતિ વાકયાદ્ભવિષ્યતિ ॥૨૪॥

જેઓ તદન નિરપેક્ષ હોય, શ્રીઆચાર્યચરણના ચરણકમળોનો આશ્રય કરનારા હોય, શ્રીમદ્ભાગવતના તત્ત્વને જાણનારા હોય, એવા ભગવદીયો આ ધરતી પર મળવા દુર્લભ છે (૨૩), માટે આપણે માત્ર શરણ જ કરવું, એ જ આપણું કર્તવ્ય છે. 'યદુક્તં તાતચરણૈઃ' એ વાકયથી સર્વ સિદ્ધ થશે (૨૪).

તથા વિધેયં કૃપયા યથા ગોવર્ધનેશ્વરઃ ।
દર્શયત્યચિરાદેવ નિજં રૂપં તદાશ્રિતૈઃ ॥૨૫॥

જયારે શ્રીગોવર્ધનધર કૃપા કરી પોતાના આશ્રિતજનોને જલદી પોતાના સ્વરૂપનું દાન કરશે, ત્યારે ઉકત ભગવદ્ ધર્મ પણ સિદ્ધ થશે. માટે ભગવદાશ્રય કર્તવ્ય છે. (આ માર્ગ સાધન-સાધ્ય નહિ, કૃપા-સાધ્ય છે) (૨૫)

શિક્ષાપત્ર એકત્રીસમું

શ્લોક સંખ્યા : **૨૫**

વિષય : ભાવવૃદ્ધિ અને વરણવિચાર

૩૧મા શિક્ષાપત્રનો વિષય છે ભાવવૃદ્ધિ અને વરણવિચાર. ઘણા માણસો આ જગત વિષે ફરિયાદ કરતા હોય છે. કેવી દુનિયા છે? કેવા લોકો છે? કેવી ચીજ વસ્તુઓ છે. ઇશ્વરની રચના, એવા આ જગતમાં આપણને ઘણુંબધું વિચિત્ર દેખાય છે. ગુજરાતી સાહિત્યમાં કવિ દલપતરામ થઇ ગયા. એમણે તો એમ કહ્યું કે: 'અરે કેમ ન કીધાં ફૂલ આંબે'... આવો સરસ ઘટાદાર આંબો, રસઝરતી કેરીઓ આપનારો, એને આ જગતના રચનારાએ ગુલાબના જેવાં સુંદર ફૂલ આપ્યાં હોત તો? 'અરે, કેમ ન કીધાં ફૂલ આંબે... વળી કંટક શા ગુલાબે'... અને આવાં સરસ ગુલાબ આપનાર છોડ, એને કાંટા શું કરવા આપ્યા? કાંટા ન હોત તો એ ગુલાબ કેટલાં વધારે મજા આપનારાં બની જાત? ચાલો, માની લીધું કે આ તો વનસ્પતિની વાત છે, પણ મનુષ્યોમાં શું થયું? તો કહે છે: 'સુલોચનાને શિર અંધ સ્વામી!' જે સ્ત્રીને, હે પ્રભુ! સુંદર આંખો આપી, એ સ્ત્રીની સુંદરતા જોવા માટે તેના પતિને જ તેં આંખો ન આપી? હે વિધાતા, હે જગતના રચનારા! તારું કોઇ કાર્ય મને તો ખામી વિનાનું નથી દેખાતું. 'ખરે વિધાતા, તુજ કૃત્ય ખામી!'

આમ, આપણે રોજ પ્રભુની ખામીઓ કાઢવા ટેવાયેલા છીએ. ભૂલો કોણ કાઢે? જેને વધારે આવડતુ હોય તે ભૂલ શોધે. એટલા માટે શાસ્ત્રમાં વિદ્વાનો માટે એક શબ્દ વપરાય છે, **'દોષજ્ઞ'**. દોષોને જોનારા-જાણનારા. **'દોષજ્ઞ'** એ સંસ્કૃતમાં માનવાચક શબ્દ નથી, પણ એ સારી ભાષામાં આપેલી ગાળ છે, અપશબ્દ છે. બીજાના દોષ જોવા એ કંઇ મોટી વાત નથી. માણસને આવડત હોય તો એ બીજાની અણઆવડતની ટીકા કરે, પણ મોટાભાગે એવું ઓછું બને છે. જેને આવડત જ નથી, એ બીજાની ટીકા કરે છે. મારા જેવો માણસ પ્રસાદ લેવા બેસે, એટલે રસોઇ બનાવનારની ટીકા શરૂ કરે. દાળમાં લૂણ વધારે છે અને શાક મોળું છે. ઘરનાં તો જાણતાં હોય છે કે આમને રસોઇ બનાવતાં આવડતી નથી એટલે ટીકા કરવાની ટેવ છે, પણ જેને જે બાબત આવડે છે, એ બાબતે બીજાની ટીકા ન કરે. આપણે અસમજુ, અજ્ઞાની છીએ એટલે પ્રભુની ટીકા કરીએ છીએ.

શ્રીહરિરાયણચરણ કહે છે, જગદીશના રચેલા આ જગતને જોવાનો તમારો દૃષ્ટિકોણ બદલી નાખજો. આ જગત બહુ સુંદર છે. વિવિધતાઓમાં એકતાવાળું છે. જગતના સૌંદર્યને માણવા માટે તમારી પાસે પ્રભુની લીલાને નીરખવાની દૃષ્ટિ જોઇશે. માટે શ્રીહરિરાયચરણે કહ્યું કે જગતમાં પ્રભુને આનંદ મેળવવો છે. તેથી **'ધ વર્લ્ડ ઇઝ એ પ્લેગ્રાઉન્ડ'** - આ જગત એ પ્રભુની ક્રીડાસ્થલી છે. **'ક્રીડાભાંડમ્ ઇદમ્ સર્વમ્'** - રમત રમવી હોય અને બધા જ ડાહ્યાડમરા ભેગા થઇ જાય તો શું થાય? રમત ન ચાલે. નાટક કરવું હોય અને બધા એમ જ કહે કે હું રામ બનું, તો રામાનંદ સાગરનું રામાયણ તૈયાર થાય જ નહિ. કોઇકે ભરત બનવું પડે, કોઇએ લક્ષ્મણ પણ બનવું પડે અને કોઇકે નોકર પણ બનવું પડે.

શ્રીઠાકોરજીએ પણ પોતાના આનંદ માટે આ જગતરૂપી એક નાટ્યસ્થળી-લીલાસ્થળી રચી છે. એમાં વિવિધ વિભાવ,વિવિધ વિચારો, વિવિધ વૃત્તિઓ, વિવિધ લક્ષણો, વિવિધ રસોવાળાં મનુષ્યો સર્જ્યાં, તેથી આપણે કહીએ છીએ કે પાંચે આંગળી સરખી નથી. પણ વિચાર કરો, અબજો માણસોમાં કોઇ બેના સ્વભાવને પણ એકસરખો મેળ ન આવે ત્યારે એનો રચનારો કેટલો મહાન! બેના સ્વભાવને મેળ ન આવે અને પાછાં બંને ભેગાં રહે! આવી રચના કરનારો કેટલો ચતુર-શિરોમણિ! જેને ભોજનની બહુ રૂચિ ન હોય, એવો સંન્યાસી એમ કહી દે કે તમે શું રોજ આવી નવી નવી વાનગીઓ બનાવો છો! રોટલા જ ટીપે રાખોને રોજ. પેટ ભરવું એમાં શું? મહેસાણામાં મારા ફૅમીલી ડૉક્ટર છે. અમે બંને એક જ નામના છીએ. એ બહુ સંપત્તિની વચ્ચે પણ ત્યાગી છે. તેઓ એમ કહે છે કે એક મહિના સુધી મને રોજ રાત્રે એકલો રોટલો અને દૂધ પીરસ્યું હોય, તો પણ હું પ્રેમથી જમી લઉં. હું પૂછતો કે ડૉક્ટર,રોજ તમને રોટલો ને દૂધ ભાવે? તેઓ કહે ભાવે એટલું જ નહિ, ફાવે પણ ખરું. તેઓ દરરોજ મને કહે આ સ્વાદનાં નખરાં છોડી દો. એટલે જગતમાં એક બાજુ આવા લોકો પણ છે અને બીજી બાજુ એવા પણ છે કે જેને સવારે જે ખાધું તે સાંજે નથી ફાવતું. પ્રભુએ આવા અનેક પ્રકારના મનુષ્યો આ જગતમાં મૂકયા.

આ મનુષ્યોનું શ્રીમહાપ્રભુજીએ વર્ગીકરણ કર્યું છે. શ્રીહરિરાયજી શ્રીમહાપ્રભુજીની આ વાત સમજાવે છે :

'પર પોતાની સૃષ્ટિ કરવા, દ્વિધા તે પ્રકાર,
દૈવી આસુરી બે ઉપજાવી, પ્રભુ મન કરી વિચાર.'

શ્રીગોપાલદાસભાઇએ **'વલ્લભાખ્યાન'**માં આમ ગાયું. શ્રીઠાકોરજીએ ભેદ

પાડી દીધા, આ જગતના માણસોના. રમત રમવી હોય તો બે પાર્ટી પાડવી પડે ને? બે પાર્ટી પડી ગઇ. શ્રીઠાકોરજીએ કહ્યું કે મારા પક્ષના હોય એ આ બાજુ આવી જાઓ અને બીજા પક્ષના હોય તે સામે ઊભા રહી જાઓ. કેટલાક એવા હતા કે શ્રીઠાકોરજીને ન્હોતા ગાંઠતા. એમણે કહ્યું, તમારી બાજુએ નથી આવવું. અમે તો સામે જઇને ઊભાં રહીશું. જે પ્રભુની સામે જઇને ઊભા રહ્યા, પ્રભુની પાર્ટીમાં ન જોડાયા. એમને માટે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે આ બધા આસુરી છે. એમને માટે બીજું નામ આપ્યું કે આ બધા પ્રવાહી છે. પ્રવાહી એટલે સંસારસાગરના પ્રવાહમાં વહેનારા, ચાર્વાક મુનિના વંશજો. **'ઋણં કૃત્વા ઘૃતં પીબેત, યાવજ્જીવં સુખં જીવેત્'** - દુનિયામાં દેવું થાય તો વાંધો નહિ, પણ ઘી પીઓ! ખાઓ-પીઓ અને મજા કરો. કોનું બાકી છે તે તમને આપવાનું છે! આવો માણસ, જે પોતાની જાત માટે જીવે એ પ્રવાહી, એ આસુરી. અસુ એટલે ઇન્દ્રિયો. ઇન્દ્રિયોના મોજશોખમાં જ રચ્યા પચ્યા રહે તે આસુરી. આપણી જાતને આપણે પૂછવું પડશે. આટલા વર્ષોમાં દરરોજ આપણે આપણી જાત માટે કેટલું જીવીએ છીએ અને જનાર્દન માટે કેટલું જીવીએ છીએ? આપણે તો સેવા પણ આપણા માટે કરીએ છીએ. સ્મરણ પણ આપણા માટે કરીએ છીએ. સત્સંગ પણ આપણા માટે કરીએ છીએ! જે કંઇ કરીએ છીએ તે જાત માટે કરીએ છીએ, જગદીશ માટે કંઇ કરતા નથી.

'દૈવી આસુરી બે ઉપજાવી, પ્રભુ મન કરી વિચાર.' તો આ એક આસુરી સૃષ્ટિ, અને બીજી સૃષ્ટિ એ દૈવી સૃષ્ટિ. દૈવી સૃષ્ટિ પણ બે પ્રકારની. શ્રીઠાકોરજીએ કહ્યું કે આ મારી બાજુય થોડા વધી ગયા ચાલો, એનાય ભાગ પાડી નાખો. જેને મારો જમણો હાથ ગમે એ જમણી બાજુ આવી જાઓ અને ડાબો હાથ ગમે એ ડાબી બાજુ આવી જાઓ. મોં તરફ કયો હાથ જાય? જમણો હાથ. સારાં કાર્યો કરવા કયો હાથ લંબાય? જમણો હાથ. અશુભ કાર્યો કરવા માટે કયો હાથ લંબાય? ડાબો હાથ. ડાબો હાથ શરીરનાં કામ કરે, જમણો હાથ સેવાનાં કામ કરે. જેમણે કામ કરીને પ્રભુને મેળવવાનો વિચાર કર્યો, જ્ઞાન પામીને પ્રભુને મેળવવાનો વિચાર કર્યો એ બધા ડાબા હાથ તરફ જતા રહ્યા. એ મર્યાદા સૃષ્ટિ. જેમાં, જ્ઞાનમાર્ગીય અને કર્મમાર્ગીય બંને આવે. જ્ઞાનમાર્ગીયને વિચાર થાય કે પ્રભુ વિશે થોડું જાણી લઉં. શું કરવા જાણી લઉં? તો કહે છે કે કદાચ એ જાણવાથી સ્વર્ગ મળી જાય. કદાચ વધારે જાણવાથી મોક્ષ મળી જાય. કર્મમાર્ગીયને વિચાર થયો કે હું કર્મ કરી લઉં. આ કર્મ એટલે એકાદશી કરવી, બીજાં વ્રત કરવાં, જપ કરવા, તીર્થયાત્રાઓ કરવી, યજ્ઞો

કરવા, દાન-દક્ષિણા આપવાં, પૂજા કરવી. આ બધાં કર્મ. તો શું કરવા મારે કર્મ કરી લેવાનાં? તો કહે છે કર્મ કરવાથી આ દુનિયામાં જે નથી મળતું એ મને મળતું થાય. વ્રજવાસી આવ્યા છે તો એને બે રુપિયા આપો. સાચો બ્રાહ્મણ હશે અને આશીર્વાદ આપશે તો આપણા ઘરમાં બસો રૂપિયા આવશે! કોઇકે કહ્યું કે અષ્ટાક્ષરના આટલા જપ કર. તારી તબિયત સુધરી જશે. તો તબિયત સુધારવા અષ્ટાક્ષરના જપ કર્યા! આ બધાં કર્મ થયાં. ભૌતિક સુખ મેળવવા માટે. કેટલાક લોકોએ કર્મ કર્યાં સ્વર્ગ મેળવવા માટે કે ચાલો, આ દુનિયામાં તો દુઃખનું દુઃખ રહ્યું, પણ પરલોકમાં સ્વર્ગ મળે. કેટલાક લોકોએ કર્મ કર્યાં મોક્ષ મેળવવા માટે. આ બધાને સ્વાર્થ હતો, માટે એ બધા પ્રભુના ડાબા હાથ તરફ જતા રહ્યા. આ મર્યાદા સૃષ્ટિ.

હવે પ્રભુ પોતાના જમણા હાથ તરફ નજર કરે છે. બહુ રડ્યા ખડ્યા જીવો ઊભા છે. પ્રભુ એમને પૂછે છેઃ કેમ? તમારે સુખ નથી જોઇતું? તેઓ કહે છેઃ ના મહારાજ. તમારે મોક્ષ નથી જોઇતો? તેઓ કહ છેઃ ના, મહારાજ. તો તમારે શું જોઇએ છે? એ જીવો કહે છે અમારે કંઇ નથી જોઇતું, પ્રભુ અમે તો રાહ જોતા ઊભા છીએ કે તમારે કંઇ જોઇએ છે? અમે તમને કંઇ આપી શકીએ તેમ છીએ? તમારી સેવાથી તમારી પ્રસન્નતા અમારાથી બની શકે તેમ છે? અમારે તો તમારી પ્રસન્નતા જોઇએ છે. કેટલી મોટી વાત! આ પુષ્ટિ જીવો. પ્રભુએ એમને કેટલા થાબડયા હશે! પ્રભુના થાબડવાથી એ પુષ્ટ થઇ ગયા કે ઓહો, પ્રભુએ અમારા ઉપર આટલી બધી કૃપા કરી! એમની સેવાની અનુકૂળતા અમને આપી! પ્રભુની પ્રસન્નતા માટે અમને નિમિત્ત બનાવ્યા! આ પુષ્ટિ જીવો. એ પુષ્ટિ જીવો કેવા હોય? કેવું માગે? એક પ્રસંગ યાદ કરીએ.

શ્રીમહાપ્રભુજીના સેવક થઇ ગયા ઉત્તમશ્લોકદાસ અને ઇશ્વરદાસ. બંને ગોધરાના વતની. બંને વિરક્ત. વ્રજમાં જઇને વસ્યા. શ્રીમહાપ્રભુજીને વિનંતી કરીઃ અમને કંઇક સેવા આપો. શ્રીમહાપ્રભુજીએ કહ્યુંઃ શ્રીગોવર્ધનનાથજીની સેવા કરો. તેમણે કહ્યું કેઃ મહારાજ, શ્રીઠાકોરજીની સેવા તો અમે શું કરીએ? અમને કંઇક બીજી સેવા આપો. ત્યારે આપે આજ્ઞા કરી કે શ્રીગોવર્ધનનાથજીની સેવા જેઓ કરે છે, તે સેવકોની સેવા કરો. તેમણે કહ્યુંઃ ભલે, મહારાજ. શી સેવા કરીએ? શ્રીમહાપ્રભુજી પણ કેવા સુકોમળ! વિચાર કર્યો, મારા પ્રભુની સેવા કરનારા સેવકો આટલી બધી સેવા પહોંચીને નીચે જાય, પછી એ ભિક્ષા માગી લાવે, પછી રસોઇ બનાવી, ધજાજીને ભોગ ધરીને લે. એમને કેટલું કષ્ટ પડે છે! એમને તૈયાર મહાપ્રસાદ મળે તો કેવું સારું! આથી આપે ઉત્તમશ્લોકદાસને આજ્ઞા કરી, મારા સેવકોને તમે

મહાપ્રસાદ લેવડાવો. સીધુસામગ્રી તમને ભંડારમાંથી મળશે. ઉત્તમશ્લોકદાસ રસોઇ સિદ્ધ કરી, ભોગ ધરીને વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવા લાગ્યા. તેમણે વિચાર કર્યો, આ સેવકનાં શરીર સશકત હોય તો શ્રીગોવર્ધનનાથજીની સેવા બહુ જ સારી રીતે થશે. એ જમાનામાં શ્રીજીબાવા માટે આરોગવાનું જમુનાજળ મથુરાથી ખભા ઉપર ઊંચકીને લાવવામાં આવતું. ચૌદ માઇલ ચાલીને જળ ભરી આવવું પડે. માટે સેવકોની તંદુરસ્તી કેવી જોઇએ? ઉત્તમશ્લોકદાસે વિચાર કર્યો કે મારી પાસે ઘરના રૂપિયા છે. એનું ઘી લાવી, વધારાનું ઘી રોટલી ઉપર ચોપડીને વૈષ્ણવોને લેવડાવવા માંડું. મારા વૈષ્ણવ સાજા રહે તો મારા શ્રીગોવર્ધનનાથ એમની સેવાથી પ્રસન્ન થાય. આ પુષ્ટિ જીવ.

જે પ્રભુની પ્રસન્નતા માટે જીવે એ પુષ્ટિ જીવ. જે પોતાની પ્રસન્નતા માટે ધર્મનાં કાર્યો કરે એ મર્યાદા જીવ અને જે ધર્મ પણ ન કરે અને પોતાની જાત માટે જીવે એ પ્રવાહી જીવ.

આપણને પ્રશ્ન થશે કે પ્રભુને આવી ઇચ્છા કેમ કરવી પડી? તો આપણે જોઇ ગયા કે પ્રભુને પોતાના આનંદ માટે લીલા કરવી હતી, તેથી આવી વૈવિધ્યશાળી સૃષ્ટિ પ્રકટ કરી. એક બીજો પ્રશ્ન જાગશે કે - કોને પુષ્ટિજીવ બનાવવો? કોને મર્યાદાજીવ બનાવવો? આનો કોઇ માપદંડ પ્રભુએ નક્કી કર્યો હશે? મુસલમાન કોમમાં જન્મેલાને પુષ્ટિજીવ બનાવી દે અને ઉત્તમ કુળમાં જન્મ્યો એને મર્યાદાજીવ બનાવ્યો! આનાં કંઇ કારણ હશે? તો શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આ પ્રશ્નનો જવાબ આપવા પ્રભુ બંધાયેલા નથી.

આ વિષયમાં એક બહુ સુંદર પ્રસંગ શ્રીગુસાંઇજીએ સમજાવ્યો. અકબર બાદશાહે શ્રીગુસાંઇજીને પ્રશ્ન કર્યો : સાહબ (ભગવાન) કૈસે મિલે? તો આપે કહ્યું કેઃ જૈસે આપ હમસે મિલે. રાજાને જે ગમે તે રાણી. શ્રીમહાપ્રભુજી **'અંતઃકરણ-પ્રબોધ'**માં આ વાત બતાવે છે. રાજાઓ તો ગયા, પણ આપણે સૌ પોતપોતાની જાતના રાજા છીએને? આપણે બીજાને નથી કહેતા કે હું તમને કારણો આપવા બંધાયેલો નથી, મને ગમશે એમ કરીશ! જો હું મને ગમે એમ કરી શકતો હોઉં તો પ્રભુ કેમ ન કરી શકે? પ્રભુ કહે છે કે આ તો એક નાટક કર્યું છે. જેમ નાટકમાં રાવણ બનનારો ખરેખર દુષ્ટ નથી અને રામ બનનારો કોઇ દેવ પણ નથી, એમ પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહી જીવો બધા મારા જીવો છે, માટે મને કોઇ વધારે પ્રિય અને કોઇ વધારે અળખામણો છે એવું નથી. માટે જ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આપણે કોઇ જીવની નિંદા ન કરવી. કોઇ જીવના દોષ ન જોવા. કોઇની

અણઆવડતની ટીકા ન કરવી. વગર પૂછયે કોઇને શિખામણ ન આપવી. આ સર્વ પ્રભુની લીલા જાણવી.

આમ, પ્રભુની ઇચ્છાથી જુદા જુદા પ્રકારના જીવો પ્રગટ કર્યા. જીવોને પ્રગટ કરવાની પ્રભુની આ ઇચ્છાને શાસ્ત્રોમાં વરણ શબ્દથી ઓળખવામાં આવી. વરણ એટલે પસંદગી. એના ઉપરથી શબ્દ આવ્યો વર. જેને પસંદ કરવામાં આવે તે વર. પ્રભુએ જયારે આવું વરણ કર્યું ત્યારે કદાચ એવો પ્રશ્ન થાય કે એમાં કોઇ અરાજકતા હશે? તો શ્રીહરિરાયચરણ કહે છે, ના.

આપણને શ્રીહરિરાયચરણને પૂછવાનું મન થશે કે આ જીવોના પ્રકાર અને જીવોનું વરણ અને પ્રભુની ઇચ્છા એ બધું આપ શા માટે અમને કહી રહ્યા છો? તો આપ આજ્ઞા કરે છે કે આપણે આપણી જાતને જાણવી અને ઓળખવી જરૂરી છે. સંસ્કૃતમાં એક સુંદર મજાની વાર્તા છે. એક જંગલમાં સિંહ રાજા હતો. એ મરી ગયો. ત્યાં પણ આપણા દેશ જેવી લોકશાહી હતી, એટલે નવો રાજા પસંદ કરવાનો વખત આવ્યો. ચૂંટણી કરવાની થઇ. બધાં પશુ ભેગાં થયાં. ઉમેદવારી નોંધાવવાનો ઢંઢેરો બહાર પડયો. એક શિયાળને વિચાર થયો કે આ બધા ઉમેદવારી કરે, પેલો હાથી ઉમેદવારી કરે, વાઘ ઉમેદવારી કરે, સિંહ કરે, તો હું કંઇ કમ છું? શિયાળે પણ ઉમેદવારી કરી. શિયાળ સભામાં ગયો તો બધાંએ એની મશ્કરી કરી કે અલ્યા શિયાળવા, તારાથી તે કંઇ રાજા બનાતું હશે? એ ખસિયાણો પડી ગયો. ત્યાંથી જતો રહ્યો. શું કરવું એનો ઉપાય વિચારતાં વિચારતાં એણે જોયું કે ધોબીના ઘર પાસે મોટો પાણીનો હોજ છે. એમાં કપડાં રંગવા માટે ગળી નાખેલી છે. એણે વિચાર કર્યો કે હું મારો વેશ બદલી લઉં તો પછી મને કોઇ શિયાળ નહિ માને. એ હોજમાં પડયો અને એનો રંગ બદલ્યો. ફરીથી ગયો. બધાં પશુઓએ મશ્કરી કરી કે રંગ બદલાયો એટલે તારી જાત બદલાઇ ગઇ? જા જા, તને રાજા ન બનાવાય. આપણે પણ કયારેક શિયાળવા જેવા હોઇએ છીએ અને ગર્જના સિંહની કરતા હોઇએ છીએ. આપણો દોષ જોવાને બદલે પ્રભુના દોષ વિચારતા હોઇએ છીએ કે મેં શ્રીઠાકોરજીની આટલી બધી સેવા કરી અને મને શ્રીઠાકોરજી આવું દુઃખ આપે છે! હું રોજ શિક્ષાપત્રનું શ્રવણ કરું તો મને એનાથી શો લાભ થશે? માટે શ્રીહરિરાયચરણ કહે છે કે આપણે સૌએ પહેલાં આપણી જાતને જાણી લેવાની છે કે આપણામાં આસુરીપણું કેટલું છે? મર્યાદાપણું કેટલું છે? અને પુષ્ટિપણું કેટલું છે?

આ જાણવા માટે, આપણી જાતને-આપણા મૂળ આત્મસ્વરૂપને ઓળખવા માટે શ્રીહરિરાયજીએ વરણનો સિદ્ધાંત આપણી સામે રજૂ કર્યો છે. શ્રીહરિરાયચરણ

આજ્ઞા કરે છે કે આપણું વરણ એ પ્રભુની કૃપાથી સાધ્ય છે, કોઇ સાધનોથી સાધ્ય નથી. માની લો કે એક જીવ પ્રવાહી છે અને કોઇક પુષ્ટિજીવના સંપર્કમાં આવી ગયો અને સેવા કરવા લાગી ગયો. તે માને કે સેવા કરવાથી મને પ્રભુ મળશે, તો એ વાત ખોટી, કારણ કે એ પુષ્ટિજીવ જ નથી. એટલે એની સેવા પ્રભુ અંગીકાર કરશે કે કેમ? એની સેવા નભશે કે કેમ? એ પણ પ્રશ્ન છે.

સેવા અને સ્મરણ જે આપણાથી બને છે એ આપણી શક્તિથી નથી બનતાં. એ પ્રભુની કૃપાથી જ શકય બને છે. ચાર દિવસ પહેલાં અમારા વૈષ્ણવ મહિલા મંડળના કાર્યકર્તાઓની સામે બહુ મોટું પ્રશ્નાર્થ ચિહ્ન હતું કે આ કાર્યક્રમ શરૂ થશે કે કેમ? મહેસાણા ફોન આવતા. અમારાં સ્મિતાબેન પૂછતાં, ભાઇ, તબિયતની શી હાલત છે? તબિયત ના પાડતી હોય તો આવતા વર્ષે... પૂ.જીજીનો પણ છેલ્લે છેલ્લે અમરેલીથી ફોન આવ્યો. તબિયત નરમ છે તો આ વર્ષે માંડી વાળીએ... સૌને એક જ જવાબ આપતો કે મારી શક્તિથી કંઇ થવાનું નથી. અત્યારે તો પથારીમાં પડયો છું, પણ પ્રભુનો મનોરથ છે, આપની કૃપા છે, તો જરૂર મનોરથ સિદ્ધ થશે.

નવ વર્ષના ગોપાલદાસભાઇમાં કયું સામર્થ્ય હતું કે 'વલ્લભાખ્યાન' રચે? કુંભનદાસજી કઇ સ્કૂલમાં જઇને સંસ્કૃત શીખી આવ્યા હતા? સૂરદાસજીને સંસ્કૃત કોણે ભણાવેલું? બ્રજ ભયો મહરકે પૂત - એમ જયારે સૂરદાસજીએ ગાયું ત્યારે એમને પુષ્ટિના પાઠ કોણે શીખવ્યા હતા? ભગવદીયોએ સાચું કહ્યું છેઃ **'જો લોં હરિ આપુનપે ન જનાવે, તો લોં માર્ગ કો સિદ્ધાંત પઢે સુને નહિ આવે.'**

માટે આપણા ત્યાં વિચારનો વિવેક છે, વાણીનો વિવેક છે અને વર્તનનો વિવેક છે. મનમાં એવો વિચાર પણ ન કરવો કે આ મારાથી બને છે, હું કરું છું. વિચારમાં પણ દીનતા લાવવી - પ્રભુ કરાવે છે. કયારેય વાણીથી એમ ન કહેવું કે હું સેવા કરું છું. જયારે ચાચા હરિવંશજી જેવા ભગવદીયોએ કહ્યુંઃ સેવા તો બાપદીકરા કરી ગયા, આપ તો લકીર પીટો છો! ત્યારે શ્રીગોકુલનાથજીએ મહોત્સવ મનાવેલો. ઓહો, લકીર પીટવાની પણ ભગવદ્કૃપા અમને મળી છે! અમારી લકીર પણ પ્રભુ અંગીકાર કરે છે! આ દાસત્વ. આ દીનતા. માટે આપણા ત્યાં વાણીનો વિવેક આવ્યો. અમે હાથ પવિત્ર કરીએ છીએ. અમે ઝારી ભરીએ છીએ. સેવા તો બહુ મોટી વાત છે. 'સિદ્ધાંત મુક્તાવલી'માં સેવાનું હાર્દ સૌ ટીકાકારોએ એવું ખોલી દીધું છે કે વાંચતાં વાંચતાં રોમરોમ ઊભાં થઇ જાય કે ઓહો, આ સેવા? એ જીવ શું કરી શકે? માટે અહીં શ્રીહરિરાયચરણ આપણને બતાવે છે કે ભગવદ્કૃપા એ આ

પુષ્ટિમાર્ગનો પાયો છે. જેને જેટલી કૃપા પ્રાપ્ત થઇ છે, એણે એ કૃપાને પ્રભુનો પ્રસાદ માનીને પોતાનું કર્તવ્ય કરવાનું છે.

શ્રીહરિરાયજી શાસ્ત્રોનો આધાર આપી, વરણનું સ્વરૂપ સ્પષ્ટ કરે છેઃ જીવનાં સાધનોથી પ્રભુ જીવને મળતા નથી. જીવની લાયકાત પ્રભુને મેળવવા માટેની પાત્રતા નથી. જીવ ત્રણ પ્રકારના : (૧) સુસાધન (૨) નિઃસાધન અને (૩) દુષ્ટસાધન. પ્રભુ જીવના સ્વરૂપનો પણ વિચાર કરતા નથી. **'યમેવૈષ વૃણુતે તેન લભ્યઃ'** - પ્રભુ ઇચ્છે તેને પ્રાપ્ત થાય, પછી તે દુષ્ટ સાધન હોય તો પણ. પ્રભુના વરણમાં કાર્યકારણના કે લાયકાતના કોઇ નિયમો નથી. મેઘની વૃષ્ટિ જેવું છે. ખેતરમાં થાય અને સાગરમાંય થાય. જેના પર પ્રભુની આવી અકારણ કૃપા થાય, તેનું નામ વરણ. અંગ્રેજીમાં ઉક્તિ છે : 'લવ હેઝ નો લોજિક.'

વરણ બે પ્રકારનું : સાક્ષાત વરણ અને પરોક્ષ વરણ. સાક્ષાત વરણ એટલે શું? જીવનાં કોઇ સાધનોનો વિચાર કર્યા વિના પ્રભુ જેને પ્રાપ્ત થઇ જાય એ સાક્ષાત વરણ. ન બોલાવ્યા દોડતા આવે એ સાક્ષાત વરણ. માટે જે જીવો પર કૃપા કરી તેમનો સ્વીકાર કરવા, પ્રભુ કૃપાના માર્ગે સામે ચાલીને પધારે તે પુષ્ટિમાર્ગ-જીવના પુષ્ટિવરણનો માર્ગ. સાક્ષાત વરણ એટલે પુષ્ટિવરણ.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે સારસ્વત કલ્પની લીલામાં શ્રીચંદ્રાવલીજીના યૂથનાં જે ભક્તો છે, જેમને શ્રુતિરૂપાઓ કહેવામાં આવે છે, જે વેદની શ્રુતિઓ વ્રજમાં ગોપિકાઓ રૂપે પ્રગટી છે, એમનું ભગવાને સારસ્વત કલ્પની લીલામાં સાક્ષાત વરણ કર્યું. કોઇને વચમાં રાખ્યા વિના, પ્રભુએ તેમને સ્વયં આશીર્વાદ આપ્યા કે સારસ્વત કલ્પમાં હું તમને મારા સ્વરૂપાનંદનો અનુભવ કરાવીશ. સાક્ષાત વરણ સર્વોત્તમ. પ્રભુ સીધે સીધું જ વરણ કરે, તે સાક્ષાત વરણ.

પરોક્ષ વરણ એટલે એમાં વચમાં કોઇક માધ્યમ હોય. બે જણા પોતે જાતે સમજીને લગ્ન કરી લે, મા-બાપને વચ્ચે રાખ્યા વિના લગ્ન કરે એ લૌકિકમાં સાક્ષાત વરણ અને કોઇની મધ્યસ્થીથી ચોકઠું ગોઠવાય તે પરોક્ષ વરણ. ઋષિરૂપા અગ્નિકુમારિકાઓ હતાં. એમનું પરોક્ષ વરણ થયું. રામાવતારમાં શ્રીરામચંદ્રજી દ્વારા એમને પ્રભુએ વરદાન આપ્યું અને સારસ્વત કલ્પમાં શ્રીકાત્યાયનીજીનું તેમણે વ્રત કર્યું. ત્યારે શ્રીકાત્યાયનીજી-શ્રીયમુનાજી દ્વારા તેઓ પ્રભુને પ્રાપ્ત થયાં. તેમનું વરણ પરોક્ષ વરણ.

આમ, નિજલીલાના જીવો પણ બે પ્રકારના. એક, જેમને પ્રભુએ સાક્ષાત સ્વીકારી લીધા અને બીજા, કોઇકના દ્વારા પ્રભુએ જેમનું વરણ કર્યું. અહીં ભૂતળ પર

નિજલીલાના જે જીવો જન્મ્યા, તેમના માટે શ્રીમહાપ્રભુજી અને તેમના વંશજો પ્રગટ થયા અને તેમણે જે જીવોનો અંગીકાર કર્યો તે પરોક્ષ વરણ, કારણ કે શ્રીમહાપ્રભુજી અને તેમના વંશજો દ્વારા એ જીવો શ્રીઠાકોરજીને અંગીકાર થયા. શ્રીઠાકોરજીએ તેમનો સીધો અંગીકાર નથી કર્યો.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે પરોક્ષ વરણના પણ બે પ્રકાર છેઃ (૧) મર્યાદા-પુષ્ટિજીવોનું વરણ અને (૨) પુષ્ટિ-મર્યાદાજીવોનું વરણ. મર્યાદા-પુષ્ટિજીવોને સાધનમાં નિષ્ઠા છે, એટલે સાધન દ્વારા તેમનું વરણ કરે છે. શ્રી દિનકરદાસ શેઠ અને શ્રી માધવભટ્ટ કાશ્મીરી જેવા કેટલાક જીવો એવા હતા, જે શ્રીમહાપ્રભુજીની કથા સાંભળીને શરણે આવ્યા. એમની કથા-શ્રવણમાં આસક્તિ અને નિષ્ઠા હતી. એવા કેટલાક જીવો હતા કે જેમની સ્મરણમાં નિષ્ઠા હતી. આવા જીવોને શ્રીમહાપ્રભુજીએ અંગીકાર કરી, તે તે સાધનો દ્વારા એમને ભગવદ્પ્રાપ્તિ કરાવી. આ બધા સાધનનિષ્ઠ જીવો હતા, તેથી તેમનું પરોક્ષ વરણ સાધન દ્વારા થયું. જયારે કેટલાક જીવો અનુગ્રહનિષ્ઠ હતા. શ્રીમહાપ્રભુજીનાં દર્શન થયાં અને સેવક થઇ ગયા. શ્રીદામોદરદાસ હરસાનીજી અને શ્રીકૃષ્ણદાસ મેઘન, તેઓ પૂછવા પણ ન રહ્યા. જેમની કેવળ પ્રભુની કૃપામાં નિષ્ઠા છે, જેઓ એમ માને છે કે અમને જે પ્રકારે રાખશે એ પ્રકારે રહીને પ્રભુની પ્રસન્નતા માટે ટહેલ કરીશું, એ અનુગ્રહનિષ્ઠ જીવો. તેમનું અનુગ્રહ દ્વારા પરોક્ષ વરણ થાય છે.

આમ, વરણનું વર્ગીકરણ કરતાં કરતાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આ બધાંમાં આપણે કેવા પ્રકારના જીવો? આપણા વરણનો વિચાર પણ શ્રીહરિરાયચરણે કર્યો છે. આપણું વરણ મર્યાદા સહિત પુષ્ટિમાર્ગમાં છે. આપણે શુદ્ધ પુષ્ટિજીવો નથી, કારણ કે આપણામાં હજી સાધન કરવાની રુચિ છે. સાધનમાં નિષ્ઠા છે, એટલા માટે આપણે પૂછીએ છીએ કે શ્રીસર્વોત્તમજીના રોજ કેટલા પાઠ કરીએ? શ્રીયમુનાષ્ટકના રોજ કેટલા પાઠ કરીએ? આ સાધન થયું. સાધન એટલે મર્યાદા. પણ જેના પર કૃપા થાય એને પાઠની સંખ્યાની ગણતરી કરવી નથી પડતી. શ્રીકિશોરીબાઇએ યમુનાષ્ટકના પાઠ કરતાં કયાં ગણતરી કરેલી? એ તો સતત શ્રીયમુનાજીનું સ્મરણ કર્યા જ કરતાં હતાં. તેમની જીભના ટેરવે અનાયાસ યમુનાષ્ટક રમ્યા કરતું હતું. આમ, જેના પર પ્રભુનો અનુગ્રહ થાય અને ભગવદ્નામ જીભ ઉપર રમ્યા જ કરે, એને જપમાળાઓની ગણતરી ન કરવી પડે. એને જપમંત્ર શોધવા ન પડે. એને જપ-સંખ્યા નોંધવી ન પડે. માટે શ્રીમહાપ્રભુજીએ શ્રી સુબોધિનીજીમાં કહ્યુંઃ 'જપે મર્યાદા, ધ્યાને પુષ્ટિઃ'

આપણા માટે તો આ મર્યાદા પણ આવશ્યક છે, કારણ કે આપણું વરણ મર્યાદા પુષ્ટિમાં છે, શુદ્ધ પુષ્ટિમાં નથી. પણ આપણો આદર્શ એવો હોવો જોઇએ કે હૃદયની અંદર ભગવદ્‌નામ સદા વહેતું રહે, રમતું રહે, પ્રગટ થતું રહે. સદૈવ ભગવદ્‌લીલાનું ચિંતન ચાલ્યા જ કરે :'નંદનંદનસખી સુંદર વહાલો, ચિંતન તેનું કરીએ જી'- મન એવી સ્થિતિએ પહોંચે કે નંદનંદનનું ચિંતન કરાવ્યું ન થાય, આપોઆપ થાય. સતત પ્રભુ યાદ આવતા રહે. સતત એમની સેવા માટે મન થયા કરે. સેવા માટે સેવા થાય, સેવા સાધન તરીકે ન થાય. કશું મેળવવા મારે સેવા નથી કરવી, પણ પ્રભુના સુખ માટે મારે સેવા કરવી છે. તે મારા ઘરમાં બિરાજે છે, મારા પરિવારના એ સભ્ય છે, માટે મારે એમને લાડ લડાવવાં છે.

આપણે આગળ શ્રીઉત્તમશ્લોકદાસનો પ્રસંગ વિચાર્યો. એમના ઉપર શ્રીગુસાંઇજીએ પ્રસન્ન થઇને એમને કહ્યું: કંઇક માંગો. ત્યારે એમણે માગ્યું: મહારાજ, આપ આ જીવ ઉપર એના દોષને લઇને કયારેક અપ્રસન્ન થાઓ તેવું બને. ત્યારે પણ મારું મન આપના ઉપર અપ્રસન્ન ન થાય! આટલું માગું છું.

હમણાં એક વૈષ્ણવનો પત્ર આવ્યો. પોતાની કેફિયત લખી હતી કે હું મારા ગામની હવેલીમાં આટલી બધી સેવા કરું છું. હું ન જઉં એ દિવસે હિંડોળાનાં દર્શન મોડાં ખૂલે, કારણ કે ફૂલો ભરનાર બીજું કોઇ નથી અને છતાંય મહારાજશ્રી મારી સાથે દુ:ખદ વર્તન કરે છે. મારે જવાનું બંધ કરી દેવું કે કેમ? આવું કેમ ચલાવી લેવાય? મેં જવાબ ન આપ્યો. ફરી કાગળ આવ્યો, મોંમાં આંગળી નાખીને બોલાવવા માગતા હતા. મેં લખ્યું: ભાઇ, તમે ત્યાં જવાનું બંધ કરશો તો એમાં બગડશે કોનું? તમારો દાસભાવ ખંડિત થશે. પ્રભુના દરબારમાં સેવકનો કદી તોટો નહીં પડે. સેવા એ મારો ધર્મ છે, માટે મારે કરવાની છે. ગુરુદેવ અપ્રસન્ન થાય તો યે આપણો એ ધર્મ છે કે ગુરુદેવ ઉપર આપણા મનની પ્રસન્નતા બની રહેવી જોઇએ. તો દાસધર્મ સાચો. ઘરમાં નોકર ઉપર આપણે દિવસમાં કેટલી વાર ખીજાઇએ છીએ? અને જે નોકર આપણી સામે ખીજાય એને કેટલા દિવસ રાખીએ છીએ? દાસને ખીજાવાનું હોય જ નહીં. દાસ બનીને ગુસ્સો ન થાય, દાસ બનીને દીનતા રખાય.

માટે અહીં શ્રીહરિરાયચરણ સમજાવે છે કે આપણું વરણ મર્યાદા પુષ્ટિમાં છે. જયારે શ્રીમહાપ્રભુજીએ આપણું વરણ મર્યાદા પુષ્ટિમાં કર્યું છે, ત્યારે શ્રીમહાપ્રભુજીની કૃપા પામવા આપણે શું કરવું? શ્રીહરિરાયચરણ બે કાર્ય કરવાનું કહે છે. નોંધી રાખવા જેવાં છે. પહેલું કાર્ય એ છે કે શ્રીમહાપ્રભુજીની આજ્ઞામાં

રહેવું. એમાં જ આપણું હિત છે. બીજું કાર્ય, નિઃસાધનતાનો વિચાર કરીને રહેવું.

આપણી જાતને આપણે પૂછવું પડશે. શ્રીમહાપ્રભુજીની કેટલી આજ્ઞાઓનું આપણાથી પાલન થાય છે અને કેટલીનું નથી થતું? આજ્ઞાપાલન કરતાં નિઃસાધનતાનો વિચાર કેટલો થાય છે? શ્રીહરિરાયચરણ કહે છે કે પ્રભુની કૃપામાં નિષ્ઠા રાખવી એનો અર્થ એવો ન કરશો કે આપણે કંઇ કરવાનું નથી. આજે મોટામાં મોટી ગેરસમજ આપણા વૈષ્ણવોમાં છે. આ તો કૃપાનો માર્ગ છે. શ્રીઠાકોરજી કરાવશે ત્યારે કરીશું! સેવા કરવી છે, શ્રીમહાપ્રભુજી કરાવશે ત્યારે કરીશું. આપણને દોષનો ટોપલો બીજાના માથે નાખી દેતાં આવડે છે, પણ એ વાત બરાબર નથી, કારણ કે શ્રીમહાપ્રભુજી અને શ્રીપ્રભુએ આપણા ઉપર કૃપા કરી જ છે. બ્રહ્મસંબંધ આપ્યું એનું નામ જ કૃપા થઇ. જો કૃપા જ ન થઇ હોત તો કોઇ સેવા કરવાનું કહેત પણ નહિ. પણ બ્રહ્મસંબંધ મળ્યું, પ્રભુ સાથે અલૌકિક લગ્ન થયાં. પછી વાંધા-વચકા પાડીએ, પતિગૃહે જવામાં અને પતિની સેવા કરવામાં આનાકાની કરીએ તો એ બરાબર નથી. દુનિયાદારીની રસમ છે કે લગ્ન થયાં એટલે પતિની સેવા કરવી. એ જ રીતે બ્રહ્મસંબંધ થયું એટલે પ્રભુની સેવા કરવી.

નિઃસાધનતાનો અને કૃપાનો અર્થ એટલો જ કે સર્વ સાધનો વાપર્યા પછી પણ મારાથી કંઇ બનતું નથી એવો સદા ભાવ રાખવો. જે માણસ માયકાંગલો હોય એ તો બિચારો કહે કે હું મરેલો છું, પણ પહેલવાન જયારે એમ કહે કે જા ભાઇ, હું મરેલો છું, તારી સાથે નથી લડવું ત્યારે એની નિઃસાધનતા થઇ જાય. આપણું સર્વ કંઇ પ્રભુના સુખમાં વાપર્યા પછી કહીએ કે મારાથી શું બને? ત્યારે એ નિઃસાધનતા. પણ ઘરની તિજોરીમાં કે બૅન્કના લોકરમાં આપણા સોનાના દાગીના પડયા હોય, અને પ્રભુને ગુંજામાળા અને કાચ-કીડિયાંની માળા ધરીને કહીએ કે મારાથી શું બને? તો એ નિઃસાધનતા નથી, એ શઠતા છે. એ લુચ્ચાઇ છે. એ છેતરપિંડી છે. આપણાથી ઘરમાં બધી રસોઇ બનતી હોય અને પ્રભુને મિસરીની કટોરી ધરીએ અને કહીએ કે મારાથી શું બને? એ તો ભાવના ભૂખ્યા છે! તો એ નિઃસાધનતાનો ભાવ નથી, એ પ્રભુ સાથે છળકપટનો ભાવ છે, આપણા સ્વાર્થનો ભાવ છે. કૃપાના નામે આપણી મર્યાદા, આપણી કમજોરી, આપણી અશક્તિને છુપાવવાનો ભાવ છે.

માટે, શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે ભગવદ્ભાવ કૃપાથી પ્રાપ્ત થાય છે. અને પુષ્ટિમાર્ગમાં ભગવદ્ભાવ જ મુખ્ય છે. સાધન મુખ્ય નથી. પેલાં માજીએ દાતણને ચમચા તરીકે ધર્યું તો એ દાતણને પ્રભુએ ચમચો માની અંગીકાર કર્યું અને આપણા ચમચાને પણ પ્રભુ ચમચો નથી માનતા, કારણ આ માર્ગમાં ભાવ મુખ્ય છે.

સાધન તો ભાવને સિદ્ધ કરવા માટે ઉપયોગી છે. શ્રીમહાપ્રભુજીએ પ્રભુને આપણું સર્વસ્વ સમર્પણ કરાવ્યું. આપણા પર કૃપા કરી, પરોક્ષ રીતે આપણો અંગીકાર કરાવ્યો. પ્રભુએ મર્યાદા-પુષ્ટિજીવ તરીકે આપણું વરણ કર્યું. પ્રભુનાં સેવાસ્મરણ કરવાની અનુકૂળતા કરી આપી. આપણે યથાશકિત સેવા અને સ્મરણ કરીએ પણ છીએ.

છતાંય, ખાટલે સૌથી મોટી ખોડ રહી છે. ખબર છે ને? આપણી ફરિયાદ છે કેઃ મન લાગતું નથી. પાઠમાં મન નથી લાગતું. જપમાં મન નથી લાગતું, સેવામાં મન નથી લાગતું. સત્સંગમાં મન નથી લાગતું. કોઇ દહાડો આપણે આપણા મનને ઢંઢોળીને પૂછયું કે અલ્યા મન, તું કેમ કયાંયે લાગતું નથી? કોઇ દિવસ મનને ઢંઢોળીને પૂછયું કે અલ્યા મન, તું બીજે બધે કેમ લાગે છે? એક પ્રભુમાં જ કેમ નથી લાગતું? પાણીનો સ્વભાવ છે ઢાળ તરફ જવાનો. મનનોય સ્વભાવ છે જયાં રસ પડે ત્યાં લાગે. સેવામાં, સ્મરણમાં, સત્સંગમાં, આપણને રસ પડતો નથી. માથે આવી પડયું છે એટલે કરીએ છીએ, કયારેક આવતા જન્મના ભયથી કરીએ છીએ. કયાંક આ જન્મમાં કરેલાં પાપમાંથી મુકિત મેળવવા કરીએ છીએ. કયાંક સુખસગવડ મેળવવા કરીએ છીએ. પણ પ્રભુમાં રસ પડવાથી, પ્રભુ પ્રત્યે પ્રેમ હોવાથી કરતા નથી. માટે ભગવદ્કાર્યોમાં મન લાગતું નથી.

પ્રભુમાં રસ પડવો એટલે ભગવદ્ભાવ થવો. ભગવદ્ભાવનો સાદોસીધો અર્થ પ્રભુમાં પ્રેમ થવો. આ ભગવંદ્ભાવની વૃદ્ધિ આપણામાં કેવી રીતે થાય? શું કરીએ તો પ્રભુમાં પ્રેમ જાગે? શું કરીએ તો પ્રભુમાં પ્રેમ વધે? ભાવવૃદ્ધિના ઉપાયો શ્રીહરિરાયણચરણે આ શિક્ષાપત્રમાં બતાવ્યા છે.

શ્રીમહાપ્રભુજીના અનુગ્રહના ફળસ્વરૂપે આપણા સૌનું પુષ્ટિમાં વરણ થયું છે એટલે કે આપણને પુષ્ટિજીવ તરીકે સ્વીકાર્યા છે. આપણો અંગીકાર પુષ્ટિમાર્ગમાં થયો છે. જેમ લૌકિકમાં લગ્ન થાય, ત્યારે એ લગ્ન બે યુવાન હૈયાં પોતાની મનમાની રીતે કરે કે વડીલોની સંમતિથી કરે, પણ મેરેજ ઇઝ મેરેઝ. લગ્ન એ લગ્ન છે. લગ્ન થયાં છે તો લગ્ન પછી પરસ્પરને માટે હૃદયમાં ભાવ વધવો જોઇએ. જેમ નવદંપતી પોતાના હૃદયનો ભાવ પરસ્પર વધારવા માટે અનેક માર્ગો અપનાવે છે, તેમ શ્રીહરિરાયચરણ હવે આપણા જેવા પુષ્ટિજીવોને ભગવદ્ભાવ વધારવા એક સોનેરી શિખામણ આપે છે. આપણા પ્રશ્નોનો બહુ સુંદર જવાબ આ એકત્રીસમા શિક્ષાપત્રના ઉત્તરાર્ધમાં છે. મન કેવી રીતે લાગે? પ્રભુમાં પ્રેમ કેવી રીતે થાય?

અનુભવીઓ એમ કહે છે કે પ્રેમ કરાતો નથી, થઇ જાય છે. પણ થઇ ગયેલા

પ્રેમના વૃક્ષની માવજત કરવી પડે. પ્રભુ પ્રત્યેના આપણા પ્રેમના ફૂટેલા અંકૂરોની માવજત કરવાનો માર્ગ શ્રીહરિરાયચરણ હવે બતાવે છે. જેમ ઘરને સુંદર બનાવવા માટે બે પ્રક્રિયાઓ છેઃ પહેલી પ્રક્રિયા ઘરમાંનો કચરો સાફ કરવાની અને બીજી પ્રક્રિયા ઘરને શણગારવાની. એમ આપણા અંતઃકરણને પ્રભુને લાયક બનાવવામાં આવે તો એ અંતઃકરણમાં પ્રભુ પ્રત્યેનો પ્રેમ વિકસે. એટલે શ્રીહરિરાયચરણ પહેલાં અંતકરણની શુદ્ધિની પ્રક્રિયા બતાવે છે.

દિવાળી આવે એટલે પહેલાંના જમાનામાં બહેનો ઘરનાં વાસણો માંજતી, તેમને ચકચકાટ કરતી. આ વાસણ માંજનારાઓએ પોતાનાં મગજને માંજવાનો પ્રયત્ન ન કર્યો. જો આપણે આપણા મગજને માંજીએ, મગજમાં રહેલો કૂડો-કચરો સાફ કરીએ, મગજને ચડેલો કાટ ઘસી-ઘસીને કાઢી નાખીએ તો એ મગજ પ્રભુને બિરાજવા લાયક શુદ્ધ અને સુંદર બને. માટે, સૌ પહેલાં શ્રીહરિરાયચરણ મગજને માંજવાની પ્રક્રિયા બતાવે છે. પ્રભુમાં મન ન લાગવાનું કારણ શું? તમારા મનનું કારણ તપાસો, મનની માંદગી શોધો અને પછી ઈલાજ કરો. આજે આપણે ઈલાજ કરીએ છીએ અને કરાવીએ છીએ. પણ માંદગી શોધ્યા વિના જ દવાઓ ખાઈએ છીએ. શ્રીહરિરાયચરણે મનની માંદગીનો ઈલાજ બતાવ્યો. આપણું મન માંદું છે, માટે નબળું પડયું છે. તેથી એ અશુદ્ધ બન્યું છે, એનું કારણ છે મનમાં સતત ચાલતી ચિંતાની પ્રક્રિયા. ચિંતાને ચિતા સમાન કહી છે અને એનો આપણને સૌને અનુભવ છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે ચિંતા કેમ થાય છે એવો પ્રશ્ન ન કરતા. એ તો થવાની. આંધી કેમ આવે છે એનો વિચાર કરીને દુઃખી ન થતા. આંધી તો આવવાની, પણ આવતી આંધીમાંથી કેમ બચી શકાય, એનો વિચાર બુદ્ધિશાળી માણસે કરવો જોઈએ.

એક માણસ ઘરના માળ ઉપર બારીએ ઊભો ઊભો બૂમો પાડતો હતો કે આ આંધી કેમ આવે છે? મારું ઘર બગાડી નાખે છે. ઘરમાંની ડાહી વ્યક્તિએ કહ્યુંઃ પણ બરાડા શા માટે પાડો છો? બારી બંધ કરી દો મગજની જે બારીમાંથી ચિંતાની આંધી આવે છે, એ મગજની બારીને બંધ કરી દેવાનો ઉપાય શ્રીહરિરાયજી બતાવે છે. આપણા પુષ્ટિપ્રભુ જો દુનિયાભરના લોકોની ચિંતાઓ દૂર કરતા હોય, તો આપણી ચિંતા કેમ દૂર ન કરે? આપણે પૂછીશું કે પુષ્ટિજીવોને ચિંતા શાની? તો શ્રી ગોવિંદ દવે એમ કહેશે કે મને લૌકિકની ચિંતા નથી, પણ મને પારલૌકિકની ચિંતા છે. પ્રભુએ મારું વરણ કર્યં? મારો અંગીકાર કર્યો? આવતા જન્મે મને ભગવત્પ્રાપ્તિ થશે? પ્રભુ મારી સેવા અંગીકાર કરે છે કે નહીં? આ બધી અલૌકિકની ચિંતાઓ છે.

શ્રીમહાપ્રભુજી એમને નવરત્નનો રસ્તો બતાવે છે. લૌકિક ચિંતાઓ માટે નવરત્ન નથી. લૌકિક ચિંતાઓનો ઉપાય પણ લૌકિક સાધનોથી જ થાય.

હવે પ્રશ્ન એ છે કે પુષ્ટિજીવોને લૌકિક ચિંતાઓ કેમ થાય છે? એનું કારણ શું? અહીં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે પ્રભુ પુષ્ટિજીવોને બે હેતુપૂર્વક ચિંતાઓ આપે છે. પહેલું તો આપણે લૌકિકમાં ઘણુંબધું ઠાકોરજી પાસે માગીએ છીએ. મને આ આપો, આ આપો, આ આપો! આપણા મંદિરમાં આવતા દર્શનાર્થીઓ દુનિયાના મોટામાં મોટા ભિખારીઓ છે, કારણ કે બધા કંઇકનું કંઇક માગવા માટે હોઠ ફફડાવતા જ હોય છે અને કહેતા હોય છે કે તમારું નામ શ્રીકલ્યાણરાયજી છે, તો અમારું કલ્યાણ કરો. પણ પ્રભુ વિચાર કરે છે કે આ જીવ, મારા પુત્ર જેવો છે. તે બુદ્ધિમાં બાળક છે. એણે જે માગ્યું છે એ આપવાથી એનું ભલું થશે?

છઠ્ઠા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજીએ ઉદાહરણ આપ્યું કે એક નાનું બાળક રમે છે. ત્યાંથી એક સાપ નીકળ્યો. તે સરરરર કરતો દોડે છે. બાળકને મજા પડી ગઇ કે સરસ મજાનું રમકડું છે. લાવ, પકડી લઉં. પિતા જાણે છે કે આ તો સાપ છે. ઝેરી છે. પિતા એ બાળકને સાપ નથી પકડવા દેતા. જ્યારે બાળક રડે છે, બાળક હઠ કરે છે, ધમપછાડા કરે છે ત્યારે પિતાએ શું કરવું જોઇએ? બાળકનું મનમાન્યું આપવું કે પછી એને રડવા દેવો? એને રડવા દેવાય, પણ એના હાથમાં સાપ તો ન જ સોંપાય. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આપણે પ્રભુ પાસે જે લૌકિક સુખો માગવા જઇએ છીએ એ પેલા સાપ જેવાં છે. મને તો એમ લાગે છે કે લૌકિક સુખ ઉંદર જેવાં છે. સાપ તો બિચારો સારો. એક વાર કરડે એટલે ખેલ પૂરો થઇ જાય. પણ ઉંદર મહાબદમાશ. ફૂંક મારતો જાય અને કરડતો જાય. આપણી ઊંઘમાં ફૂંક મારે ત્યારે સારું લાગે. આ લૌકિક સુખો પણ આમ ફૂંક મારતાં મારતાં આપણને કરડે છે. અંતે આપણને દુઃખી કરે છે. પ્રભુ જાણે છે કે આ જીવને જે ઇચ્છાઓ છે તે પૂરી કરવામાં એનું કલ્યાણ નથી, માટે પ્રભુ આપણી લૌકિક ઇચ્છાઓ પૂરી નથી કરતા, જે પૂરી ન થતાં આપણને ચિંતા થાય છે.

શ્રીગોપેશ્વરજીએ ટીકામાં પુરાણોમાંથી બહુ સુંદર દાખલો આપ્યો. નારદજીની વાત કહી. નારદજી સતત હરિનામનું સ્મરણ કરનારા. તેમને વૈકુંઠમાં જતાં પણ કોઇ રોકી શકતું નહિ. એવા મહન ભગવદ્ભકત નારદજી બ્રહ્મચર્ય પાળનારા. તેમણે સંસાર વસાવ્યો નથી. એમને એક દિવસ મન થયું, સંસારી બનવાનું-લગ્ન કરવાનું. નારદજીને લગ્નની ઇચ્છા કરતા જોઇને જ કદાચ કોઇકે કહ્યું હશે કે લગ્ન એ લાકડાના

લાડુ છે. ચાવે એ ય પસ્તાય અને ન ચાવે એ ય પસ્તાય. નારદજી ભગવાન પાસે ગયા. અમુક રાજાના ત્યાં સ્વયંવર છે અને એની પુત્રી અતિ સૌંદર્યવાન છે. એમાં ઘણા બધા દેવો પણ આવવાના છે. નારદજી પ્રભુને કહે છેઃ મારે એ કન્યાને પરણવું છે. મારા પર કૃપા કરો અને મને આશીર્વાદ આપો કે એ કન્યા મને વરમાળા પહેરાવે. મને એને લાયક બનાવો. પ્રભુ મનમાં હસવા માંડયા. નારદ, હરિસ્મરણ કરવાને બદલે તને કન્યાસ્મરણ કયાંથી થયું? એમાં તારું કલ્યાણ નથી. જે બહુ આત્મીય હોય એ વધારે હઠ કરે. અધિકારથીય હઠ કરે, અને એને નારાજ પણ ના કરાય. એટલે પ્રભુએ કહ્યું કે સારું. જે યોગ્ય હશે તે હું કરીશ.

નારદજી તો ઉપડયા સ્વયંવરમાં. પ્રભુએ એવી લીલા કરી કે એમનું મોઢું વાંદરાનું થઇ ગયું. શરીર મનુષ્યનું, મોં વાંદરાનું, નારદજી ફૂલ્યા સમાતા નથી માને છે કે મારા જેવું કોઇનું રૂપ નહીં હોય. લગ્ન મંડપમાં સૌ એમની હાંસી કરે છે. કન્યાએ વરમાળા ન પહેરાવી ત્યારે નારદજીને ગુસ્સો આવ્યો. કન્યાએ કહ્યું કે દર્પણમાં તમારું મોં જોઇ આવો. મોં જોયું તો બંદરનું. કાળું મેંશ. ભારે ગુસ્સે થઇને નારદજી પહોંચ્યા પ્રભુ પાસે કે તમે આ શું કર્યુ? પ્રભુએ કહ્યું જે જરૂરી હતું તે કર્યું. મારે તારો સંસાર છોડાવવો હતો. તારો સંસાર વધારવો નહોતો. માટે પ્રભુ પોતાના ભકતોનો સંસાર છોડાવવા માટે એને ચિંતાઓ આપે છે. તેથી જ શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરીઃ 'લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ!'

એક વૈષ્ણવ હતા. નાથદ્વારા ગયા. ત્યાં શ્રીનાથજીનાં દર્શન કરતાં જોયું કે પ્રભુ પાસે દુનિયાના બધા લોકો એમનાં દુઃખનાં પોટલાં જમા કરાવવા આવે છે અને પ્રભુને બધાં દુઃખ સાચવવાં પડે છે. તેમણે પ્રભુને વિનંતી કરી, આપણે અડધાં અડધાં સાચવીએ. અડધાં પોટલાં મને સોંપી દો. તેઓ કહે છે કે રોજ હું ઑફિસમાં જઇને બેસું એટલે સારા જ સમાચાર હોય, પરંતુ આવી વિનંતી કરી એ દિવસે ઑફિસમાં જઇને બેઠો એટલે બૂરા સમાચારો શરૂ થઇ ગયા. ચારે બાજુથી ધંધામાં નુકશાનના સમાચાર. મને શ્રદ્ધા બેઠી કે ના, પ્રભુ સાંભળે તો છે! એણે મારી વાત સાંભળી. ચાલો, બહુ મજા આવી કે એનું અડધું દુઃખ તો ઓછું થશે. આ વૈષ્ણવ પુષ્ટિજીવ છે. તેઓ કહેતા, ૨૦ વર્ષ સુધી મેં પ્રભુએ આપેલાં દુઃખની અનામત હસતા મોઢે સાચવી. પછી શરીર થાકયું, મન થાકયું, એટલે એક દિવસ કહ્યું કે ૨૦ વર્ષ સુધી આપણે પાર્ટનરશિપ કરી. પણ હવે આજે પાર્ટનરશિપ ડીડ-કેન્સલ કરવાનું છે. તું જ પ્રભુ છે, માટે દુઃખ સાચવી શકીશ, મારું માણસનું ગજું નથી. હવે હું થાકી ગયો છું. એટલે આજથી આપણી પાર્ટનરશિપ કેન્સલ. તેઓ કહે છે કે તમે નહીં માનો, હું

ઑફિસમાં જઈને બેઠો એટલે સુખના સમાચાર શરૂ. ત્યારે મને કુંતીજી યાદ આવી ગયાં. એ ફોઈબાએ કેટલા પ્રેમથી પ્રભુને કહ્યું હશેઃ ભત્રીજા! તારી પાસેથી મારે બીજું કાંઇ નથી જોઈતું. લોકો તારા ત્યાં દુઃખ મૂકી જાય છે, એમાંથી થોડાં મને આપતો જા! કઇ ફોઇ ભગવાન જેવા ભત્રીજા પાસે દુઃખ માગે?

શ્રીહરિરાયચરણ ૧૦મા શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે, જેને પ્રભુ પોતાના ગણે છે, એને લૌકિકમાં જયાં જયાં મોહ રહ્યો છે એ મોહ છોડાવવા દુઃખ આપે છે. **'લૌકિકક્લેશસંબંધો હર્યંગીકૃતલક્ષણમ્'.** લૌકિકમાં દુઃખ આવે એટલે માનવું કે પ્રભુએ મારો હાથ પકડયો, મારો અંગીકાર કર્યો. મર્યાદા ભકતો દુઃખ આવે ત્યારે ગભરાઇ જઇને પ્રભુને પ્રાર્થના કરે, પોકાર કરે. પુષ્ટિ ભકતો દુઃખ આવે ત્યારે નાચે, કૂદે અને મનોરથ મનાવે. હા, બહારથી વીલું મોઢું કરીને એમ બતાવવું. કે મને બહુ દુઃખ છે! પણ મનને એ દુઃખમાં ડુબાડવું નહિ. આમ, ચિંતા આપવાનું પહેલું કારણ પોતાના નિજજન પર પ્રભુને કૃપા કરવી છે.

શ્રીહરિરાયચરણ બીજું કારણ બતાવે છે કે કયારેક પોતાના ભકતની કસોટી કરવા પણ પ્રભુ ચિંતાઓ આપે છે. પ્રભુ કહે છે કે, તું તારી જાતને મોટો ભકત માનતો ફરે છે અને એમ કહેતો ફરે છે કે મારા જેવો સિદ્ધાંતનો જાણકાર કોઇ નથી, આચરનાર કોઇ નથી. લાવ, જોવા દે. જોઉ તો ખરો કે તું કેટલા પાણીમાં છે? શ્રીગોપેશ્વરજીએ ઉદાહરણ આપ્યું છે. પ્રભુએ આવી કોની કસોટી કરી? તો કહે છે કે પ્રહ્લાદજીની કરી. તેમની ઓછી કસોટી કરી છે? એ નાના બાળકે ઓછાં દુઃખો વેઠ્યાં છે? પણ પુષ્ટિજીવને દુઃખ આવે અને દુઃખનો હરફ પણ ઉચ્ચારે તો સમજવું કે હજી એના પુષ્ટિજીવનમાં કંઇક અધુરપ છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે દુઃખ આવે, ચિંતાઓ આવે, માનસિક ઝંઝાવાતો અને સંઘર્ષો આવે. એ શારીરિક પણ હોય, આર્થિક પણ હોય, માનસિક પણ હોય અને કૌટુંબિક પણ હોય. તો શું થયું? જેટલાં જેટલાં એ વધારે આવતાં જાય એટલી એટલી પ્રભુના ચરણારવિંદમાં નિષ્ઠા અને આશ્રય વધારતા જવું. દુઃખ આવે ત્યારે શું કરવુ? 'વિવેકધૈર્યાશ્રય'માં શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે બે મંત્રોનો પાઠ કરવો. **'સર્વાર્થે શરણં હરિઃ'** અને **'સર્વથા શરણં હરિઃ'** બસ, આ બે મંત્રોનો પાઠ કર્યા કરવો. સર્વ બાબતોમાં અને સર્વદા શ્રીહરિ જ મારું શરણ છે.

ભગવાન જો દુઃખ આપી શકે છે તો દુઃખને જીરવવાની તાકાત પણ આપે છે. માટે આપણા દુઃખને દુઃખ ન ગણવું. દુઃખ કોને લાગે? જેને પોતીકું ગણીએ, એનું દુઃખ લાગે, પણ દુનિયામાં આપણું પોતીકું કોઇ નથી.

સાચા સગા છો શ્રીનાથજી સોહાગી મારે, સાચા સગા છો શ્રીનાથજી,
એ પ્રભુને છોડી બીજે જયાં જયાં ભટકવું, ત્યાં ત્યાં ધુમાડાના બાથજી.

સગપણ શ્રીનાથજીનું. બાકીના બધા સાથે મેળ ખરો, પણ સગપણ નહીં કારણ કે દુઃખ અને ચિંતા સગપણમાંથી જ જન્મે છે. જે શ્રીપ્રભુનો સગો થઇને રહે છે એને કોઇ ચિંતા સતાવતી નથી, માટે ચિંતાની નિવૃત્તિ કરવા માટે શ્રીહરિરાયચરણ અહીં ભગવદાશ્રય વધારવાની આજ્ઞા કરે છે. ભગવદ્‌ચરણારવિંદ એવાં અલૌકિક છે કે એ ચરણારવિંદને સ્પર્શેલી રજ પણ આપણી ચિંતાઓનો નાશ કરનારી છે, તો પછી એ અલૌકિક ચરણારવિંદ શું ન કરે? જે પુષ્ટિજીવ પ્રભુની સેવા કરતાં એમનાં ચરણસ્પર્શ કરીને એ ચરણરજ નેત્રે, મસ્તકે, કંઠે અને હ્રદયે લગાવે છે એને કશી ચિંતાઓ કયારેય ડરાવતી નથી. માટે શ્રીહરિરાયચરણે પહેલી વાત કહી, અંતઃકરણમાંથી ચિંતાઓને દૂર કરવી.

ચિંતાઓને દૂર કર્યા પછી શું કરશો? તો આપ આજ્ઞા કરે છે કે પ્રભુની પ્રાપ્તિ માટે આર્તિ રાખજો. આપણે બધાં દર્શન કરવા જઇએ, ત્યારે આર્તિના આંટા ગણીએ છીએ અને એ વખતે ભારે ભીડ કરીએ છીએ. આરતીની ઝાંખી કરવા ધક્કામુક્કી કરીએ છીએ. એ આરતીનું સ્વરૂપ શું છે તે ધક્કામુક્કીમાં આપણને સમજાતું નથી. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે : **'આર્તિમાત્રમતઃ સ્થાપ્યં, પ્રાર્થના ન વિધીયતામ્.'** મનમાં આર્તિનું સ્થાપન કરજો, પણ દુઃખો દૂર કરવા પ્રાર્થના ન કરશો. ચિંતા અને આર્તિ વચ્ચે મોટો તફાવત. લૌકિક બાબતોની ચિંતા થાય અને અલૌકિક બાબતોની આર્તિ થાય. આર્તિને સમજવા માટે થોડુંક મનોવિજ્ઞાન સમજવું પડશે કે આ આર્તિ એટલે શું? આર્તિ કેવી રીતે જાગે?

મનોવિજ્ઞાન એમ કહે છે કે માણસને કોઇને કોઇ વસ્તુમાં રુચિ હોય છે, જે એને ગમતી હોય. સંન્યાસી પણ એવો નથી કે એને કંઇ રુચિ ન હોય. માણસને રુચિ હોય સારાં કપડાં પહેરવાની, સારું ભોજન કરવાની, ફરવા જવાની, પુસ્તકો વાંચવાની, સંગીતની. એ રુચિ જેમ જેમ વધતી જાય, એમ એમાંથી રસ જન્મે. કપડાં પહેરવાની રુચિ હોય તો કપડાં વિષે રસ જન્મે. પરિણામે શું થાય? બજારમાં નીકળીએ અને કપડાંની દુકાનોમાં કપડાં લટકતાં દેખાય, એટલે આપણને થાય કે આ સારું છે, આ વધારે સારું છે, આ બરોબર નથી. તે ખરીદવાની ઇચ્છા થાય. કપડાંમાં મન લાગે. જેમાં રસ જાગે એમાં મન લાગે. જેમાં મન લાગે એનો પક્ષપાત થાય. એના તરફ વલણ થાય. આ માટે મનોવિજ્ઞાન ત્રણ શબ્દો આપે છે. રુચિ, રસ, વલણ. સારાં કપડાંમાં રસ જાગે. તે પછી ગમે તેવાં કપડાં પહેરવાનું મન નહીં થાય.

આપણું એક સિલેકશન હશે, એક પસંદગી હશે. મનમાં નક્કી થઇ ગયેલી વિચારોની એક ગ્રંથિ હશે. એનું નામ વલણ. આવું વલણ, આવો પક્ષપાત જયારે મનમાં એક આકાર લે, ત્યારે મન શાંત બેસી રહેતું નથી. જેમાં રસ જાગ્યો છે, જેના તરફી વલણ બંધાયું છે, તે મેળવવા માટે મન મથામણ કરે, ઇચ્છા કરે. આ ઇચ્છા ઉત્કટતમ બને, ત્યારે એનું નામ આર્તિ. કોઇપણ વસ્તુ મેળવવાની ઉત્કટતમ ઇચ્છા એટલે આર્તિ.

ભગવદ્દર્શન કરવાની ઉત્કટ ઇચ્છાને કારણે જ સેવામાં વિવિધ સમયે આરતી ઉતારવામાં આવે છે. એનાં તેજવલયોમાં ભગવદ્દર્શન ઉત્તમ રીતે થાય. આવી ઇચ્છા જયારે બહુ ઉત્કટ બને, ત્યારે એ મેળવવા માટે મનમાં તાપ જાગે. એક પ્રકારની એવી પ્રબળ લાગણી જાગે કે આ હું મેળવીને જ જંપીશ. આ મને કેમ મળે? સતત મનમાં એનું ચિંતન રહ્યા કરે. એના માટે શરીરની ઇન્દ્રિયો તૂટવા લાગે, નાડીઓ તૂટે અને એ ન મળે ત્યારે એમાંથી કલેશ થાય, રુદન થાય. આંખમાંથી આંસુ આવે, લૌકિકમાં દુઃખ વધુ છે, કારણ કે જે જોઇએ છે એ નથી મળતું. ત્યારે એ કલેશ કરાવનારું છે, દુઃખ આપનારું છે. મનને હચમચાવી નાંખનારું છે. પડોશીના ઘરમાં જો નવી વસ્તુ આવી અને આપણા ત્યાં નથી આવતી, તો એનો જે તાપ છે અને કલેશ છે તેનો લૌકિકમાં આપણને અનુભવ છે. આપણે રોજ જીવ બાળ્યા કરીએ છીએ. કલેશ એટલે જીવ બાળવો. પણ આ જ વાત જયારે અલૌકિક સાથે જોડાય છે ત્યારે એનું આખું સ્વરૂપ બદલાઇ જાય છે.

શ્રીહરિરાયચરણ અહીં આર્તિનું સ્વરૂપ બતાવે છે. તેનું પ્રથમ લક્ષણ છે, સૌથી પહેલાં આપણને કૃષ્ણનામ અને કૃષ્ણરૂપમાં રુચિ થાય. 'કૃષ્ણનામ જબતેં...સ્રવન સુન્યો રી હૌં તો ભઇરી બાવરી'- આમ, પહેલાં નામનો જાદુ મનમાં વસી જાય અને પછી રૂપનો જાદુ. 'કમળમુખ દેખત તૃપ્તિ ન હોય.'

આ રુચિમાંથી દર્શન કરવા માટેની આતુરતા જાગે. પણ આપણે ત્યાં જ અટકી ગયા અને સંતોષ માની લીધો, તો એમાંથી રસ પ્રકટ ન થયો. જેને જોતાં આટલો આનંદ થાય છે એને માણવાનો મળે તો કેવું રહે? કૃષ્ણરૂપને જોવું એ દર્શન, કૃષ્ણરૂપને માણવું એ સેવા. જેને કૃષ્ણરૂપમાં રસ જાગ્યો એને સેવાનું મન થાય, એનું વલણ સેવા તરફ થાય. સેવા માટે એને પક્ષપાત થયો, પછી એ કૃષ્ણને કહેશે, 'અનત ન જઇયે પિય રહિયે હમારે હિ મહલ'- આ વલણ. તમે બીજે ન જશો. મારા ત્યાં જ રહો, 'જો જોઇ કહોંગે સોઇ સોઇ કરૌંગી ટહલ'. બીજાના ઘેર મને કંઇ સેવા મળે? મારા ત્યાં તમે કહેશો તે સેવા કરીશ, પણ રહો મારા જ ઘેર. આ વલણ.

આવું વલણ જયારે બંધાય, ત્યારે એને સેવવાની ઇચ્છા ઉત્કટ બને, એવે વખતે હાથમાં આવેલો પેલો છટકી જાય.

'આવન કહ ગયે અજહુ ન આયે પિય,
બીતી સબ નિસ મોહે ગિનત હી તારે.'

- આવવાનું કહીને ગયા તે ન આવ્યા. પ્રભુને પામવાની જેની ઇચ્છા સિદ્ધ નથી થઇ, એનો જે તાપ થાય, એને વિરહ કહેવામાં આવે છે. આ વિરહમાંથી કલેશ થાય. 'હા, નાથ! રમણ! પ્રેષ્ઠ! કવાસિ કવાસિ મહાભુજ'. હે પ્રભુ, કયારે દર્શન આપશો? કયારે પધરાશો? કયારે મુજ રંકની સેવા અંગીકાર કરશો? આવો કલેશ થાય. એ કલેશમાં આંખમાંથી આંસુ ઝરવા લાગે, ત્યારે એ તાપ-કલેશ. જેનો અનુભવ ચતુર્ભુજદાસજીએ કર્યો, 'ગોવર્ધનવાસી સાંવરે લાલ તુમ બિન રહ્યો ન જાય હો'- ચતુર્ભુજદાસજી શ્રીજીબાવાનાં દર્શન કરવા મથુરા ન ગયા, મારે તો વ્રજરાજ-કુંવરને વ્રજમાં પામવા છે, માણવા છે. એ તાપકલેશનો અનુભવ રસખાનજીએ પણ કર્યો. કુંભનદાસજીએ પણ કર્યો. તેમણે રાજભોગનાં દર્શન કર્યાં છે અને ઉત્થાપનનાં દર્શન તો હજી હવે થવાનાં છે, છતાં ગાયું : 'કેતેજુ દિન બીતે બિનુ દેખે શ્રીગિરિધરલાલ'.

લૌકિકમાં તાપ-કલેશ જે દુ:ખરૂપ છે, એ અલૌકિકમાં આનંદરૂપ છે. પ્રભુના વિરહમાં આંખમાંથી જે અશ્રુ નીકળે છે, તે અશ્રુધારાઓ પ્રભુનાં ચરણારવિંદમાં સમર્પિત થતાં દૈન્યનું રૂપ લે છે. એમાંથી દીનતા પ્રગટે છે. પ્રભુ નથી મળી શકયા એ નિ:સાધનતાનો અનુભવ ભક્તના તાપકલેશને વધારે છે. એમાંથી પ્રેમ જાગે છે. એ પ્રેમ વધતાં આસક્તિ રૂપ બને છે અને પછી વ્યસન-અવસ્થા પ્રાપ્ત થાય છે. માટે જ શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે પ્રભુમાં પ્રેમ વધારવા માટે પુષ્ટિજીવોએ હૃદયમાં સતત આવી આર્તિ રાખવી પડે. 'ભૈયા ગોકુલ કબ ચલેંગે?'

આર્તિ રાખવા, વિરહ કરવા એકાંતમાં બેસવાની જરૂર નથી. નંદદાસજીએ વિરહના ચાર પ્રકાર બતાવ્યા. એમાં એક પ્રકાર તે પ્રત્યક્ષ વિરહ. પ્રભુ સામે બિરાજયા હોય, આપણે શૃંગાર આપતાં હોઇએ અને પ્રભુનો વિરહ થઇ આવે, હે નાથ! કયાંક આપ અન્યત્ર પધારી તો નહીં જાઓ ને? હે નાથ, આપનાં સાક્ષાત દર્શન મને કયારે થશે? પ્રભુને વેણુ ધરાવતાં હોઇએ ત્યારે વિચાર થાય, હે નાથ, આ વેણુનાદના સુધારસનું પાન મને કયારે થશે? પુષ્ટિજીવોએ ભગવદ્-પ્રાપ્તિ માટેનો સતત વિરહતાપ અને કલેશ સેવવાનો છે. માટે તો બ્રહ્મસંબંધ મંત્રમાં કહેવામાં આવ્યું છે કે હજારો વર્ષોના વિયોગને લઇને હૃદયમાં જે તાપકલેશનો આનંદ રહેવો

જોઈતો હતો તે ચાલ્યો ગયો છે, હું જીવ ફરી એ આનંદને પ્રાપ્ત કરવા માટે મારું આત્મનિવેદન કરું છું. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે પુષ્ટિમાર્ગમાં શીતળ ભાવ કદી નહીં ચાલે. શ્રીઠાકોરજીને સેવા લેવી હોય ત્યારે લેશે. આ વાત પુષ્ટિમાર્ગમાં ન હોય. આપણા શરીરનું રોમરોમ ભગવદ્ દર્શન અને સેવા માટે તરફડતું હોય અને જેટલું મળે એટલામાત્રથી સંતોષ માને, એનું નામ ભગવદ્-આર્તિ. રોજ નવા નવા મનોરથો થવા જોઈએ. શરીરથી એ મનોરથો સિદ્ધ થાય કે ન થાય, પણ મનથી મનોરથ કરવામાં કદાપિ કચાશ ન રાખીએ.

૨૫૨ વૈષ્ણવોમાંના પેલા વૈષ્ણવને યાદ કરો. મનથી કરવાના મનોરથમાં ખીરમાં બુરુ પધરાવવામાં કચાશ કરી, જીવ ચોર્યો. તો શ્રીઠાકોરજીએ એમને ઠપકાર્યા કે આ તારા બાપની ખાંડ વપરાય છે? એક ભગવદીય કહેતા હતા કે પ્રભુને બધું અંગીકાર કરાવવાનું શરીરથી નથી બનતું. પણ જયારે મનથી મનોરથ કરીએ, ત્યારે એમાં જરાયે કચાશ ન રાખીએ. ચુન હોય એનાથી ડબલ બૂરું એમાં મેળવવું, કારણ કે ચુનની ફિકાશ પ્રભુને નથી સોહાતી. આ ભગવદ્-આર્તિ. ભગવદ્ સુખ માટે મન સદા મથામણ અનુભવતું રહે. ભગવદ્ સુખના વિચારે આંખમાંથી આંસુ સરતાં રહે. એ આંસુ એટલાં બધાં કિંમતી છે કે જેની તેની સામે એ પાડવા જેવાં નથી. હૃદયનો તાપકલેશ એ હૃદયમાં બિરાજનાર જ જાણે! આવી ભગવદ્-આર્તિથી ભગવદ્ભાવ વધે છે. આવી ભગવદ્આર્તિ ૮૪-૨૫૨ ભગવદીયોએ સેવી છે.

આપણે આવી ભગવદ્આર્તિ કેવી રીતે કરી શકીએ? શ્રીહરિરાયચરણે ૧૨મા અને ૧૪મા શિક્ષાપત્રમાં ભગવદ્આર્તિનું સુંદર નિરૂપણ કર્યું છે. 'દર્શનમ્ દેહી....ગોકુલાનંદદાયક'. તમે આ શિક્ષાપત્ર બોલો છો, ત્યારે આ શ્લોક બોલતાં હૃદયમાં તાપ-કલેશ થાય છે? 'હા કૃષ્ણ! હા કૃષ્ણ! રસાનંદ હા...!' બોલતાં નિસાસો નીકળે છે?

આમ, પ્રભુની આ સ્વરૂપમાધુરીનું ગાન કરતાં કરતાં હૃદયમાંથી એ દર્શનની એક ઉત્કટતા પ્રગટ થવી જોઈએ, એ કેવી રીતે થાય? શ્રીહરિરાયચરણ એનો રસ્તો પણ બતાવે છે. જેની પાસે જે મૂડી હોય, એની પાસે એ માગવું. એક વૈષ્ણવનો પ્રસંગ યાદ આવે છે. એમની વર્ષગાંઠનો દિવસ હતો. એમના પર જે ગોસ્વામી બાળકની કૃપા હતી. એ આશીર્વાદ આપવા પધાર્યા. વૈષ્ણવે વિચાર કર્યો કે આશીર્વાદમાં શું માગું? એ વૈષ્ણવને લાગ્યું કે આ ગોસ્વામી બાળકમાં ત્યાગ અને વૈરાગ્યની માત્રા બહુ પ્રચુર છે અને મારામાં નથી, એટલે એમણે માગ્યું કે આપનામાં જે ત્યાગ અને વૈરાગ્ય છે તે મને આપો. મેં મારા મનને કહ્યું કે તું આવી

મૂર્ખાઇ ન કરતો. આમાં આપણને શો ફાયદો થાય? એ વૈષ્ણવે માગવું જોઇતું હતું કે આપના હ્રદયમાં જે બિરાજે છે એ મને આપી દો. તો સાક્ષાત શ્રીગોવર્ધનધરણ પ્રાપ્ત થાય. આપનારો આપવા બેસે અને માગનારાને માગતાં ન આવડે, તો એનાં કરમ ફૂટેલાં કહેવાય. માટે અહીં ભગવદાર્તિ પ્રાપ્ત કરવાનો કીમિયો શ્રીહરિરાયચરણ બતાવે છે. ૧૭મા અને ૧૮મા શ્લોકમાં એનું નિરુપણ છે. એનાં પાંચ પગથિયાં છે.

સૌથી **પહેલું પગથિયું** છેઃ શ્રીમહાપ્રભુજીનું સેવન કરો, સેવન કરો એટલે? શ્રીમહાપ્રભુજીના આશ્રિત બનો. એમનાં વચનામૃતોનું ચિંતન કરો. શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથોને વાંચો અને સમજો. એમની પાસે છે એ આપશે. અલૌકિક અગ્નિસ્વરૂપ શ્રીમહાપ્રભુજી જ વિરહ આપશે. બીજું કોઇ નહીં આપી શકે. પરમાનંદદાસજી શ્રીવલ્લભને 'હરિ તે રી લીલાકી સુધિ આવે'- એ પદ સંભળાવે અને ત્રણ ત્રણ દિવસ વિરહતાપમાં શ્રીવલ્લભ બિરાજે. એ શ્રીવલ્લભ તો અલૌકિક વિરહાગ્નિનું સાક્ષાત સ્વરૂપ એ વિરહ શ્રીવલ્લભ પાસેથી મળશે. માટે શ્રીવલ્લભચરણાશ્રિત થઇને એમનાં વચનામૃતોનું ચિંતન કરી, એનું પાલન કરો.

શ્રીહરિરાયચરણ **બીજું પગથિયું** બતાવે છે. આપણે જે નામનિવેદનમંત્ર લીધો છે, એનું ભગવદીયો મળે તો એમની સાથે અને ન મળે તો એકલા ચિંતન અને અનુસંધાન રાખો. આપણે તો ભૂલી જ ગયા છીએ કે બ્રહ્મસંબંધ લીધું છે. બ્રહ્મસંબંધની સેન્સિટીવિટી (ચેતના) આપણે ગુમાવી બેઠાં છીએ. માટે આપણા જીવનમાં પ્રભુથી વિમુખતા આવી છે. હે કૃષ્ણ, હું તમારો છું. એનું સતત અનુસંધાન જે જીવને રહે એને વિરહ-આર્તિનું દાન થાય.

ત્રીજું પગથિયું બતાવ્યુંઃ આ વિરહાર્તિ પ્રાપ્ત કરવા માટે તમે સત્સંગ કરો. ત્રીજા શિક્ષાપત્રમાં સત્સંગનું સ્વરૂપ સમજાવેલું. ભગવદ્ ભાવ અગ્નિ છે, સત્સંગ પાત્ર છે, અને દુઃસંગ જળ છે. દુઃસંગરૂપી જળ આપણા ભગવદ્ભાવરૂપી અગ્નિને હોલવે છે. એ ભગવદ્ભાવને - વિરહતાપને સળગતો રાખવા સત્સંગ એ પાત્ર છે. આથી, શ્રીહરિયચરણે શિક્ષાપત્રમાં ઠેર ઠેર સત્સંગની આજ્ઞા કરી છે. પણ અહીં એક વિશિષ્ટ આજ્ઞા કરે છે. કોનો સત્સંગ કરશો?

જે આપણા ભગવદ્ભાવને દૃઢ બનાવે, એવા ભગવદીયોનો સંગ કરજો. ગયા સત્સંગ કરવા અને ત્યાં વાતો થઇ લૌકિકની, તો એ સત્સંગ શા કામનો? ગયા સત્સંગ કરવા અને ત્યાં કોઇની નિંદા કરી, તો એ સત્સંગ શા કામનો? ગયા સત્સંગ કરવા અને એવું સાંભળીને આવ્યા કે સેવા નહીં કરો તો ચાલશે, પ્રભુનું નામ લો, તો એ સત્સંગ શા કામનો? સેવા ન બને એ વાત જુદી છે. પણ એમ કહેવું કે સેવા

ન કરશો! શ્રીહરિરાયચરણ કહે છે, એ સત્સંગ ન હોય. સત્સંગ થયો કે નહીં એ માપવા માટેની ફુટપટ્ટી છે. સત્સંગનું શ્રવણ કર્યા પછી હૃદયમાં પ્રભુ પ્રત્યે ભાવ વધ્યો? એ ભાવ વધશે સૌ-સૌના અધિકાર પ્રમાણે, પણ વધવો તો જોઈએ જ.

આવા ભગવદીયો ન મળે તો શું કરશો? આવા ભગવદીયો ન મળે તો મૂંગા રહેવું અને બહેરા બની જવું. શ્રીમહાપ્રભુજીનાં વચનો અને સિદ્ધાંતોથી વિરુદ્ધ કહેનારની વાત સાંભળશો નહિ અને એની સાથે બોલશો નહિ, કારણ કે એનો સંગ તમને દૂષિત કરશે, તમારા હૃદયમાં જે ભાવ હશે એનો નાશ કરશે. અહીં બહુ ઉત્તમ વાત કહી છે. આપણે સૌએ સમજવા જેવી વાત કહી છે. આપણે એવો પ્રશ્ન કરીએ કે ભાઇ, બોલનાર ગમે તે હોય, એમાં અમારે શું? શ્રીમહાપ્રભુજીની વાણી તો કહે છે ને? ભગવન્નામ તો લે છે ને? ભાગવતજી જ વાંચે છે ને? તો સાંભળવામાં શો વાંધો? ભગવદ્‌નામ કંઇ અપવિત્ર થાય? ભગવદ્‌નામ છીવાય? ઘેર લૌકિક વાતો કરીએ એના કરતાં ગમે તેના મુખથી કહેવાય, પણ ભગવદ્‌નામ કહેવાય છે ને? અમે સાંભળ્યું, તેમાં શું દુઃસંગ થઇ ગયો? શ્રીહરિરાયમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જેને શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત સાથે લેવોદેવા નથી. એવાના મુખથી કહેવાતી વાણીમાં પ્રભુ બિરાજતા નથી. માટે એનો સંગ એ દુઃસંગ છે. એક દાખલો આપ્યો કે ગાયત્રી મંત્ર જો કોઇ મ્લેચ્છના મુખથી બોલાય, તો એનું ફળ પ્રાપ્ત થશે? નહીં થાય. એના અધિકારી દ્વારા કહેવાશે તો જ એ મંત્રની સિદ્ધિ થશે, માટે ભગવદ્‌નામ લેવા, સત્સંગ કરવા પણ અધિકાર જોઇએ.

આપણા ત્યાં ૮૪ વૈષ્ણવોમાં મુકુંદદાસ નામના વૈષ્ણવની વાર્તા છે. ઉજ્જૈનમાં રહેતા. શ્રીમદ્ ભાગવતના તત્ત્વજ્ઞ. શ્રીસુબોધિનીજીના રસજ્ઞ. ઉજ્જૈનના પંડિતો એમને જાણે કે તેઓ મહા વિદ્વાન છે, એટલે ઉજ્જૈનના પંડિતોને એમ થાય કે આવા વિદ્વાન અમારી કથામાં આવે તો અમારી કથાની કદર કરે. જે દિવસે કથામાં કોઇક વિદ્વાનની ઉપસ્થિતિ હોય, ત્યારે એ કથા કરનારને પણ એક અપૂર્વ આનંદ આવે છે, કારણ કે એને સમજનાર એક ઉત્તમ શ્રોતા મળ્યો છે. મુકુંદદાસને સૌ કહે કે તમે અમારી કથા સાંભળવા તો આવો, અમે કેવું કહીએ છીએ એ વિશે જરા અભિપ્રાય તો આપો! મુકુંદદાસ રોજ કહે કે ભાઇસાબ, વખત નથી. આ બહાનું તો આપણને બધાંને આવડે છે. સેવા નથી થતી. કેમ? વખત નથી. જપપાઠ નથી થતા, કેમ? વખત નથી. મંદિરે જવાતું નથી, કેમ? વખત નથી. બહુ સારું બહાનું છે. મુકુંદદાસ રોજ આ બહાનું બતાવે ને છટકી જાય. એક દિવસ સૂર્યગહણ આવ્યું. હવે તો આપણે ગ્રહણ પાળતા જ નથી, પણ પ્રાચીન સમયમાં સૌ હિંદુઓ ગ્રહણ પાળે.

વેદમર્યાદા પાળે. ગ્રહણ દરમિયાન કોઇ લૌકિક-વૈદિક કાર્યો ન થાય. અશુદ્ધ સ્થિતિ કહેવાય. તો આ વખતે કરવાનું શું? સેવા તો થાય નહિ, એટલે મુકુંદદાસ ચોપાટ રમે. ત્યાં એક કથાકાર આવી પહોંચ્યા. અરે, મુકુંદદાસજી! આજે તો તમને વખત છે એવું દેખાય છે. આ સોગટાં રમો છો. ચાલો, હું કથા કહું. તમે સાંભળો. મુકુંદદાસ કહેઃ તારું ભાગવત જુદું, મારા કામનું નહીં. પેલો કથાકાર કહેઃ ભાગવત જુદું કેવી રીતે હોય? મુકુંદદાસ કહેઃ તારે સાંભળવું છે? ચાલ હું કહું. મુકુંદદાસજીએ એક શ્લોકની કથા હેવા માંડી. ગ્રહણનો સમય પૂરો થઇ ગયો. રાત વીતવા માંડી. પેલો થાકયો, મહારાજ, હવે તો મને આ બધી સમજણ નથી પડતી, તમારું ભાગવત જુદું, સ્વીકારી લીધું.

કહેવાનું તાત્પર્ય એ છે કે ભગવદ્નામ ભલે છે, પણ અધિકારીના મુખથી શ્રવણ થાય તો એનું ફલ પ્રાપ્ત થાય. કારણ કે સંગનો રંગ લાગે છે. ભલે ને કોઇ ભગવદીયની સાથે રહીએ અને તે મૂંગા હોય, આપણી સાથે ન બોલે તો ય વાંધો નથી. પણ એમના હૃદયમાં જે ભગવદ્ભાવનાં વાઇબ્રેશન (મોજાં) છે, એની અસર તો એમની સાથે રહેવાથી, આપણા મનને થવાની જ છે.

માટે તો ગીતાજીમાં ભગવાને કહ્યુંઃ હે અર્જુન, કોઇનો સંગ ન કરતો. અસંગ બનીને રહેજે. સંગ કરવાથી કામ, ક્રોધ, લોભ ઉત્પન્ન થશે. માટે શ્રીમહાપ્રભુજીએ કહ્યુંઃ **'સંગઃ સર્વાત્મના ત્યાજયઃ'** સર્વ પ્રકારથી સંગ છોડવો. **'તત્યેત્ ત્યકતું ન શકયતે'** - એ છોડવો શકય ન હોય, તો **'સંગઃ સદ્ભિઃ સહ કર્તવ્ય'** - ભગવદીયનો સંગ કરવો. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે અવૈષ્ણવના મુખથી સત્સંગ સાંભળવાથી શું થાય? **'અતઃ ફલં ન શ્રવણાદ્.'** શ્રવણનું અલૌકિક ફળ પ્રાપ્ત ન થાય. શ્રીહરિરાયચરણની આજ્ઞા છેઃ જે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોથી જુદી વાત કહે છે એને અવૈષ્ણવ જાણજો. અને એવા અવૈષ્ણવના મુખથી ભલે શિક્ષાપત્ર હોય કે ભગવદીય વાર્તા હોય કે ભાગવતજી હોય કે ષોડશ ગ્રંથ હોય- એ સાંભળવાથી ફળ નથી મળતું. બલકે, હૃદયમાં દોષ ઉત્પન્ન થાય છે. માટે શ્રવણ-કીર્તનમાં સાવધાન બનીને રહેવું અને જવું. તો કોનો સંગ કરવો? શ્રીહરિરાયચરણે સંગ કરવા લાયક ભગવદીયોનાં ચાર લક્ષણો આપ્યાંઃ **નિરપેક્ષાઃ** - જે ભગવદ્ગુણાનુવાદ કરવામાં નિરપેક્ષ છે, જેમને ધનની, પ્રતિષ્ઠાની, મોટાઇની કે માનની કોઇ અપેક્ષા નથી, કેવળ જે નિષ્કામ ભાવે પોતાના હૃદયમાં બિરાજતા પ્રભુની પ્રસન્નતા કાજે જ ભગવદ્ગુણાનુવાદ ગાય છે, એવા નિરપેક્ષ ભગવદીયો પાસેથી સત્સંગનું શ્રવણ કરવું. **કૃષ્ણજનાઃ** - બહુ સુંદર શબ્દ પ્રયોગ છે. જે કૃષ્ણના બની ગયા છે, એટલે કે

જે સેવા અને સ્મરણ બંને કરનારા છે, એમના મુખથી ભગવદ્વાર્તા સાંભળવી. ત્રીજું લક્ષણ કહ્યું: **નિજાચાર્ય પદાશ્રિતાઃ** - કૃષ્ણજન તો ઘણા હોય, તેમાં મર્યાદા ભક્તો પણ હોય, મીરાંબાઇ અને નરસિંહ પણ હતાં, પણ કહે છે કે 'નિજાચાર્યપદાશ્રિતાઃ' શ્રીમહાપ્રભુજીમાં દૃઢ આશ્રયવાળા હોય, એટલે કે સિદ્ધાંતનિષ્ઠ હોય, જે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતો પ્રમાણે ચાલનારા હોય, તેમની પાસે બેસી સત્સંગ કરવો અને ચોથું લક્ષણ **શ્રીભાગવતતત્ત્વજ્ઞાઃ** - શ્રીભાગવતના અલૌકિક તત્ત્વને જાણનારા હોય. ભગવદ્લીલાના અનુભવી હોય, એમનો સત્સંગ કરવો.

આટલું કહેતાં કહેતાં તો શ્રીહરિરાયચરણને સ્મરણ થઇ આવ્યું કે આવા ભગવદીયોને શોધવા કયાં? શ્રીહરિરાયચરણે આપણને કહ્યું કે તમને કદાચ મૂંઝવણ થશે, પણ કહી દઉં કે આ પૃથ્વી પર આવા ભગવદીયો મળવા દુર્લભ છે. ત્યારે શું કરીશું? શ્રીહરિરાયજી એનો પણ માર્ગ બતાવે છે કે શ્રીમહાપ્રભુજીના મૂળ ગ્રંથોને આપણી સામે રાખીને એનો સ્વાધ્યાય કરવો. એકલવ્ય જેવા બનવું. દ્રોણ ગુરુ નથી, તો દ્રોણ ગુરુના સ્વરૂપને સામે પધરાવીને શિક્ષા ગ્રહણ કરવી. શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો સત્સંગ કરવો, પણ જો આપણે ભણેલાં નથી, તો? શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી કે એ સંજોગોમાં અષ્ટાક્ષર મંત્રનું રટણ કરો, પણ જયાં ત્યાં સમજયા વિના શ્રીમહાપ્રભુજીના નામે ચાલતા સત્સંગમાં દોડ્યા ન જવું.

ઘણા વિદ્વાનો એવા છે (એમની વિદ્વતાનું સન્માન કરીને પણ કહેવાનું મન થઇ જાય છે) કે જેઓ ભોળા વૈષ્ણવોને પોતાનો અપસિદ્ધાંત બતાવવા માટે શ્રીમહાપ્રભુજીના નામનો ઉપયોગ કરતા હોય છે. તેઓ એમ કહે છે કે શ્રીમહાપ્રભુજી તો ભક્તિના બેતાજ બાદશાહ છે અને પોતાની વાત એમના ગળે ઉતારવા માટે એ સ્વાધ્યાયમાં મધુરાષ્ટક અને નંદકુમારાષ્ટકની વાત કહે. પણ પછી એમ કહે કે આ જગત મિથ્યા છે, એટલે આપણને એમ લાગે કે શ્રીમહાપ્રભુજી જ આમ કહેતા હશે. પણ યાદ રાખો કે શ્રીમહાપ્રભુજી જગતને મિથ્યા નથી કહેતા, જગતને સત્ય કહે છે. આમ, શ્રીમહાપ્રભુજીનું નામ વટાવવામાં આવતું જોવા મળે છે અને આપણા ભોળપણમાં આપણે છેતરાતાં હોઇએ છીએ. આવા દુઃસંગમાં ન ફસાવા માટે શ્રીહરિરાયચરણે આ ૩૧મા શિક્ષાપત્રના અંતમાં લાલબત્તી બતાવી છે કે હે વૈષ્ણવો! જોઇ - વિચારીને સત્સંગ કરજો. પહેલાંના જમાનામાં તો એક કહેવત હતી- ઘર પૂછીને પાણી પીવું- પણ હવે પાણી તો શું, ભોજન કરતાં ય કોઇને પૂછતા નથી કે શુદ્ધ હાથથી બનાવો છો, ખરાં? જયાં ત્યાં ભટકવાની મનને અને જીભને જે ટેવ પડી છે અને એ ટેવ જયારે ઘરમાં પોષાતી નથી ત્યારે મન અને જીભ બહાર

ભટકે છે. મનને સત્સંગ જોઈએ છે. આવા ભગવદીય મળે ત્યારે આપણું મહાભાગ્ય માનવું, પણ ન મળે ત્યારે ગ્રંથો વાંચવા અને અષ્ટાક્ષરનું રટણ કરવું. આમ કરવાથી શ્રીઠાકોરજીમાં રુચિ જાગશે, કૃષ્ણનામ અને રૂપમાં રસ જાગશે, કૃષ્ણ પ્રત્યે પક્ષપાત જન્મશે અને એમાંથી કૃષ્ણને પામવાની ઉત્કટ આર્તિ, તાપકલેશ થતાં ભગવદ્‌ભાવની વૃદ્ધિ થશે. અહીં શ્રીહરિરાયચરણ ૩૧મા શિક્ષાપત્રના ૨૫ શ્લોકમાં વરણ-વિચાર અને ભગવદ્‌ભાવની વૃદ્ધિના પ્રકારોનું નિરૂપણ કરીને આ શિક્ષાપત્ર પરિપૂર્ણ કરે છે.

ઈતિ શ્રીહરિરાયજી-વિરચિત એકત્રિંશતમં શિક્ષાપત્રં
શ્રીગોપેશ્વરજીકૃતા વ્રજભાષા ટીકાસમેતં સમાપ્તમ્ ॥

એકત્રીસમા શિક્ષાપત્રનો સારાંશ

શ્લોક સંખ્યા : ૩૧
વિષય : ભાવવૃદ્ધિ અને વરણવિચાર

(૧) **વરણ** - વરણ એટલે પસંદગી અને સ્વીકાર. મર્યાદામાર્ગમાં જીવ પ્રભુનું વરણ કરે છે. પુષ્ટિમાર્ગમાં પ્રભુ જીવનું વરણ કરે છે. મર્યાદામાર્ગમાં જીવ તેનાં સાધનોથી પ્રભુને પામવા મથે છે. પુષ્ટિમાર્ગમાં પ્રભુ જીવનાં સાધન, સામર્થ્ય, સદ્‌ગુણોને ધ્યાનમાં લીધા વિના, જે જીવ પર કૃપા કરે, તેનું વરણ કરે.

(૨) **વરણના પ્રકાર :** બે (૧) સાક્ષાત (૨) પરંપરાગત. નિત્યલીલામાં સાક્ષાત વરણ છે. પૃથ્વી ઉપર શ્રીમહાપ્રભુજી દ્વારા અંગીકાર પરંપરાગત વરણ છે.

(૩) **વરણના બીજા બે પ્રકાર :** (૧) આત્મીયતાથી વરણ (૨) દાસપણાથી વરણ. અવતારકાલમાં આત્મીયતાના સંબંધે વરણ છે. અનવતારકાલમાં દાસપણાથી વર્યા છે.

(૪) **દાસભાવના બે પ્રકાર :** (૧) મર્યાદા (૨) પુષ્ટિ. પુષ્ટિમાં દાસભાવ સ્વાભાવિક છે. દાસધર્મથી જીવનો પ્રભુ સાથે સંબંધ છે.

(૫) જેમનું મર્યાદામાં વરણ થાય, તેને પ્રભુ સાધનનિષ્ઠા આપે.

(૬) જેમનું પુષ્ટિમાં વરણ થાય, તેને ભક્તિનિષ્ઠા આપે.

(૭) હાલના પુષ્ટિજીવોનું વરણ પુષ્ટિમર્યાદામાં છે. માટે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાઓની મર્યાદામાં રહેવું.

(૮) પુષ્ટિજીવનું કર્તવ્ય :

(ક) શ્રીહરિની ઈચ્છા સ્વીકારવી.

(ખ) દુઃખનિવૃત્તિ માટે શ્રીપ્રભુને પ્રાર્થના ન કરવી.

(ગ) વિરહતાપની આર્તિપૂર્વક સેવા-સ્મરણ કરવાં.

(ઘ) દુઃસંગથી દૂર રહેવું.

(૯) વિરહતાપની આર્તિ કેવી રીતે થાય?

(ક) શ્રીમહાપ્રભુજીના ચરણકમળ અને વચનામૃતના સેવનથી

(ખ) ભગવદ્‌ભાવ વધારે તેવા ભગવદીયોના સંગથી

(ગ) શ્રીઠાકોરજીનો દૃઢ અને અનન્ય આશ્રય રાખવાથી.

શિક્ષાપત્ર બત્રીસમું

કામાऽવિષ્ટે ક્રોધયુતે સંસારાऽસક્તિસંયુતે ।
લોભાऽભિભૂતે સતતં ધનાऽર્જનપરાયણે ॥૧॥

જેઓ કામના આવેશવાળા છે, ક્રોધાવિષ્ટ છે, સંસારાસક્તિમાં રચ્યાપચ્યા રહે છે, લોભી છે, ધન એકત્ર કરવામાં સતત મચ્યા રહે છે, (૧)

દયાવિરહિતે રૂક્ષે નિત્યં સંતોષવર્જિતે ।
શોકાऽકુલે ભયાऽક્રાંતેર્વિષયધ્યાનતત્પરે ॥૨॥

જેમનામાં દયા નથી, જે સ્નેહ વગરના લૂખા છે, જે સંતોષી નથી, શોકથી આકુળ-વ્યાકુળ બનેલા છે, ભયભીત દશામાં રહે છે અને વિષયનું ચિંતન કર્યા કરે છે (૨),

અહંકારયુતે ક્રૂરે દુષ્ટપક્ષૈકપોષકે ।
જ્ઞાનમાર્ગસ્થિતે સર્વસામ્યચિંતનભાવિતે ॥૩॥

જેઓ અભિમાની છે, દુષ્ટોના પક્ષનું પોષણ કરનારા છે, જ્ઞાનમાર્ગમાં સ્થિતિ કરીને રહેલા છે, પ્રભુને અન્ય સર્વ દેવો સમાન જાણી તેમનું તે પ્રમાણે ચિંતન કરનારા છે (૩)

લૌકિકે સન્મુખે કૃષ્ણજનવૈમુખ્યસંયુતે ।
કૃષ્ણલીલાદોષદૃષ્ટૌ તથા કર્મજડેऽપિ ચ ॥૪॥

જેઓ લૌકિકમાં સન્મુખ રહે છે, શ્રીકૃષ્ણના જનોથી વિમુખ રહે છે, શ્રીકૃષ્ણની લીલામાં દોષદૃષ્ટિવાળા છે અને કર્મમાં જડની પેઠે સદા આસક્ત રહે છે (૪),

આચાર્યવિમુખે નિત્યમસદ્વાદવિભૂષિતે ।
એતાદૃશે તુ હૃદયે હરિર્નાऽવિશતે ક્વચિત્ ॥૫॥

જેઓ શ્રીઆચાર્યચરણથી વિમુખ છે અને ખોટા વાદવિવાદમાં રચ્યાપચ્યા રહે છે, એવા લોકોના હૃદયમાં કદી પણ શ્રીપ્રભુનો આવિર્ભાવ થતો નથી (૫),

દીને શુદ્ધે નિષ્પ્રપંચે લીલાચિંતનતત્પરે ।
સ્વાચાર્યશરણે નિત્યં સર્વકામવિવર્જિતે ॥૬॥

જેઓ દીન છે, શુદ્ધ છે, નિષ્પ્રપંચ છે, શ્રીકૃષ્ણની લીલાનું ચિંતન કરવામાં તત્પર છે, શ્રીઆચાર્યચરણનો આશ્રય કરનારા છે અને સદા કોઇ પણ પ્રકારની કામના વગરના છે (૬),

વ્રજસ્રીચરણાંભોજરેણુપ્રાપ્ત્યભિલાષુકે ।
ગુણગાનપરે કૃષ્ણનામઽર્થપરિભાવુકે ॥૭॥

જેઓ વ્રજભક્તોનાં ચરણારવિંદની રજની પ્રાપ્તિના અભિલાષી છે, પ્રભુના ગુણાનુવાદમાં તત્પર છે, શ્રીકૃષ્ણના નામનો અર્થ સમજવામાં ખરા ભાવુક છે (૭),

અનન્યેઽનન્યસેવૈકનિષ્ઠાતત્પરતાં ગતે ।
ભગવદ્ધર્મનિરતે વિરક્તે ગુણસંગિનિ ॥૮॥

જેઓ અનન્ય ભાવવાળા છે, અનન્ય ભકતોની સેવામાં નિષ્ઠાપૂર્વકની તત્પરતાવાળા છે, ભગવદ્-ધર્મમાં પ્રીતિવાળા, વિરક્ત અને ભગવદ્-ગુણોથી ભૂષિત છે(૮),

કૃષ્ણાઽર્તિભાવસંયુકતે સરસેઽન્યરસાઽતિગે ।
અચંચલે કૃષ્ણલીલાચંચલે દર્શનાઽકુલે ॥૯॥

જેઓ શ્રીકૃષ્ણની આર્તિ તથા ભાવથી ભરેલા છે, ભક્તિરસમાં તરબોળ હોવાથી અન્ય પ્રકારનો રસ જેમનામાંથી જતો રહ્યો છે, જેઓ ભગવદ્-ધર્મમાં સ્થિર, કૃષ્ણલીલામાં ચંચળ તથા પ્રભુનાં દર્શન માટે આકુળ-વ્યાકુળ છે (૯),

મનોરથશતાઽક્રાંતે સર્વૌદાસીન્યસંયુતે ।
એતાદશે તુ હૃદયે હરિરાવિશતે ક્ષણાત્ ॥૧૦॥

જેઓ શ્રીકૃષ્ણની સેવામાં અનેક મનોરથવાળા અને લૌકિક વૈદિકમાં સદા ઉદાસીન છે, એવા ભકતોના હૃદયમાં પ્રભુ ક્ષણમાત્રમાં પધારે છે. (૧૦)

શિક્ષાપત્ર બત્રીસમું

શ્લોક સંખ્યા : ૧૦

વિષય : **પુષ્ટિજીવના હૃદયમાં રહેલી અશુદ્ધિઓ અને શુદ્ધિઓ.**

૩૨મું શિક્ષાપત્ર બહુ સુંદર છે, તેમાં દસ જ શ્લોક છે. આ શિક્ષાપત્રમાં જીવના હૃદયમાં રહેલી અશુદ્ધિઓ અને શુદ્ધિઓનું નિરૂપણ છે. પહેલા પાંચ શ્લોકમાં ૨૨ અશુદ્ધિઓનું નિરૂપણ છે. અને બાકીના પાંચ શ્લોકમાં ૨૨ શુદ્ધિઓનું નિરૂપણ છે. સંખ્યા પણ ગજબની છે હોં! પુષ્ટિમાર્ગમાં બધું અલૌકિક છે. સંખ્યા પણ અલૌકિક! અશુદ્ધિઓનું નિરૂપણ કરવા પાંચ શ્લોક, તો શુદ્ધિઓનું નિરૂપણ કરવા પણ પાંચ શ્લોક. બંનેનું બેલેન્સ સરખું. શ્રીગોપેશ્વરજી ટીકામાં આજ્ઞા કરે છે, પાંચ શ્લોક કેમ? તો પંચપર્વા અવિદ્યા અને પંચપર્વા વિદ્યા. પાંચ અવિદ્યાઓ એવી છે કે જે પ્રભુથી આપણને દૂર લઇ જાય છે. આ ખાસ નોંધી લેવા જેવું છે કે કોણ આપણને પ્રભુથી દૂર લઇ જાય છે? તો કહે છે કે પહેલાં તો દેહાધ્યાસ. આસ્ એટલે બેસવું અને અધિ એટલે ઉપર. જે માથે ચડીને બેસે તે અધ્યાસ. તેમાં પહેલો છે દેહાધ્યાસ-આપણી રોજની ફરિયાદ છે કે શરીર થાકી જાય છે, ઊંઘ આવે છે. ભગવદ્વાર્તામાં બેસીએ, ત્યારે તો તરત જ ઊંઘ આવે છે. દેહાધ્યાસ છે તેથી ભૂખ લાગે છે. દેહાધ્યાસ છે તેથી તરસ લાગે છે, થાક લાગે છે, રોગ થાય છે, ઘડપણ આવે છે. આ બધું એવું છે કે જે પ્રભુથી આપણને દૂર લઇ જાય છે. કારણ કે મન એમાં જ રમ્યા કરે, આ શરીરનું શું થશે? ડૉકટરને રોજ પૂછયા કરીએ, ફોન કરીને કે મને કયારે મટશે? સહેજ પેટમાં ગરબડ થાય ને ડૉકટરને પૂછીએ કે મને કોલાઇટસ તો નહીં હોય? ડૉકટર કહે ના, કશું નથી. આ શરીરની આપણે એટલી બધી આળપંપાળ કરીએ છીએ કે મન શરીરમાં લાગેલું રહે છે. આત્માને ગૌણ અને શરીરને મુખ્ય ગણવાની અવિદ્યા-અજ્ઞાન.

બીજું ઈન્દ્રિયાધ્યાસ. શરીરની સાથે ઈન્દ્રિયો જોડાયેલી છે. એનાં નખરાં તો શરીરથી પણ વધારે. આંખને અમુક જોવું ગમે અને અમુક જોવું ન ગમે. આંખને લૌકિક દશ્યો જોવાં ગમે અને પ્રભુનાં દર્શન ન ગમે. કાનને પ્રભુનું ગુણગાન સાંભળવું ન ગમે અને લૌકિક નિંદારસ સાંભળવો ગમે. હાથને આખા ઘરનું કામ કરવું ગમે. ૭૦ વર્ષની ઉંમરે ઘરકામ હોંશથી થાય, પણ ઠાકોરજીની સેવામાં

નહાવાનું થાય એટલે હાથ ધ્રુજવા લાગે કે હવે કામ નહીં થાય. કેમ ભલા? આ ઈન્દ્રિયાધ્યાસ છે.

ત્રીજો પ્રાણાધ્યાસ. આપણા શરીરમાં જુદા જુદા પાંચ પ્રાણ છે, જેને વાયુ કહીએ છીએ. શરીરને વાયુ બહુ પજવે છે, હોં! કયાંક પગના સાંધામાં વા આવે, તો કયાંક હાથના સાંધામાં વા આવે. આ વાયુઓનો ઉપદ્રવ આપણને પ્રભુથી વિમુખ કરે છે.

ચોથો અંતઃકરણાધ્યાસ તો એનાથીયે તાકાતવાળો છે. અંતઃકરણ એટલે મન, ચિત્ત, બુદ્ધિ, અહંકાર. આ બધાં તો બહુ માથાભારે. કોઈ આવીને કહે કે ભગવદ્‌વાર્તામાં આવવું છે? એટલે મન કહે કે ના રે ના, કોઈ કહે કે સેવા કરવી છે? એટલે અહંકાર કહેશે, હું અને સેવા કરું?

આ બધાને કારણે પાંચમી અવિદ્યા સ્વરૂપવિસ્મૃતિ. આપણે કોણ છીએ, કયાંથી આવ્યા છીએ, આપણું શું કર્તવ્ય છે, કયાં જવું છે એની કંઈ ખબર જ નથી. એમ જ માનીએ છીએ કે અમરપટો લખાવીને આવ્યા છીએ.

આ પાંચ અવિદ્યાઓને કારણે શરીરમાં ૨૨ દોષો છે. આ બધા દોષો આપણને પ્રભુથી દૂર રાખનારા છે. શ્રીહરિરાયજી આ દોષો ગણાવે છે.

પહેલો દોષ ગણાવ્યોઃ **લૌકિક કામનાઓ.** મારે આ જોઈએ અને આ જોઈએ. સવાર પડે ને લીસ્ટ બનવા માંડે. એ લીસ્ટ બનાવવામાં અને મેળવવામાં મન એવું રચ્યુંપચ્યું રહે કે પ્રભુનું સ્મરણ જ ન થાય. સેવા કરતાં પણ આ લૌકિક કામનાઓ બાધક બને છે. મને અને તમને તો બને જ, પણ મોટા મોટા ભગવદીયોને પણ એનો ઉપદ્રવ નડયો છે. દામોદરદાસજી સંભરવાળા. શ્રીદ્વારકાધીશના આવા કૃપાપાત્ર, એમને ઠાકોરજીને શૃંગાર આપતાં આપતાં ઘોડા ખરીદવાનું યાદ આવ્યું. એમને રાજય માટે ઘોડા ખરીદવા જવાનું છે. અરે, પણ સંભરવાળાજી, ઘોડાઓને પછી યાદ કરજો ને, અત્યારે તો જે ઘોડા ઉપર બિરાજમાન છો એને યાદ કરો ને! પણ ન થાય. સેવાનો બહુ જ અહંકાર રાખનારા પેલા શેઠ, એમને જોડા ખરીદવા જવાનું યાદ આવે છે અને આપણને તો કોણ જાણે શું શું યાદ નથી આવતું? મને લાગે છે કે શ્રીઠાકોરજી જ યાદ નથી આવતા, બાકી બધું સેવાના વખતમાં જ યાદ આવે છે.

એક વૈષ્ણવનાં દર્શન કરેલાં. બાજુમાં ટેલિફોન મૂકીને સેવા કરવા અપરસમાં બેસે. વારંવાર ટેલિફોનની ઘંટડી વાગે. એમનો ધંધો એવો કે ટેલિફોન ઉપર ચાલે. આટલો માલ લેવાનો છે અને આટલો માલ વેચવાનો છે! હું એમને કહેતો કે ભાઈ, તમે સેવામાં ન નહાતા હો તો? આ તો બેય બગડે છે. ધંધોય બગડે છે ને ઠાકોરજીને પરિશ્રમ થાય છે. તો આ લૌકિક ઈચ્છાઓ-કામનાઓ, એ પહેલો દોષ છે. એ મૂળ

છે. એમાંથી બીજા ૨૧ દોષોનાં પાંદડાં અને ફૂલ ફૂટે છે. મન એવું બનાવીએ છે કે લૌકિકમાં કોઇ ઇચ્છા રહે નહીં. 'આયે નહીં આનંદ, ગયે નહીં શોચ, ઐસે મારગ રહીયે'- આવ્યું તો ભલે આવ્યું, છે તો ઉપયોગ કરી લો. ગયું, તો જય શ્રીકૃષ્ણ. કોઇ ઇચ્છા જ નહીં. આજે મહાપ્રસાદમાં બુંદી-મોહનથાળ મળ્યાં! લઇ લો. કાલે ઝારીજીનું એકલું જળ છે! લઇ લો. મનમાં કોઇ કામના જ નહીં. સૂવા એ.સી. રૂમ મળ્યો, સૂઇ જાઓ. બહાર ઓટલા ઉપર સૂવાનું છે? તોયે ભલે. આવું મન જો થઇ જાય, તો સંસારમાં રહેવા છતાં સંસારથી વિરક્ત થવાય. શ્રીદયારામભાઇએ બહુ સુંદર વાત કરી : 'જગત જાણે એ છે જંજાળી, રાખે હૃદયે ત્રિકમજી શું તાળી...' બહારથી લોકોને લાગે કે આ બહુ જંજાળી છે, પણ એના મનમાં કોઇ જંજાળ જ ન હોય. ગમે ત્યાં જઇને બેસે. એના મનમાં કેવળ વ્રજ વસેલું હોય.

બીજો દોષ ક્રોધાવેશ-ગુસ્સો. તે ઇચ્છાઓનો સગો મોટો ભાઇ છે. ઇચ્છા જાગીને પૂરી ન થાય એટલે ગુસ્સો આવે. આ ગુસ્સો મહાશક્તિશાળી હોં. મુનિઓને ય નથી છોડયા. દેવોનેય નથી છોડયા. તો આપણને તો શું છોડે? શાસ્ત્રોએ એમ કહ્યું કે ગુસ્સો એ ચાંડાલનું સ્વરૂપ છે. ચાંડાલનો સ્પર્શ કરતાં સ્નાન કરવું પડે, એમ ગુસ્સો આવે ત્યારે સીધા બાથરૂમમાં ચાલ્યા જવું અને શાવર ચાલુ કરી દેવો. જેના હૃદયમાં ગુસ્સો છે એના હૃદયમાં ગોવિંદ બિરાજતા નથી. ઇચ્છા ન સંતોષાય એટલે ગુસ્સો થાય. ગુસ્સાનું એક બીજું લક્ષણ છે : હાર્યો જુગારી બમણું રમે. એને મેળવવા માટેની મથામણ વધે.

સંસારાશક્તિ એ **ત્રીજો દોષ.** સંસારમાં માણસ વધારે ને વધારે ડૂબે. અહંતા-મમતાના કીચડમાં વધારે ખૂપે.

ચોથો દોષ લોભ. લોભ કોને નથી? આપણે બધા ધંધો કરીએ છીએ. નોકરી કરીએ છીએ, કારણ કે લોભ છે. મને એક સ્નેહીએ પૂછયું કે કયારે રીટાયર્ડ થવાના છો? મેં કહ્યું, સરકાર એક યોજના વિચારે છે, રીટાયર્ડ માણસો માટે. એ અમલમાં એટલે. કારણ કે એમાં લોભ હતો. પેન્શન કરતાં વધારે રકમ મળે એવી છે. લોભ કોને નથી? સૌને લોભ છે. આ લોભ આપણને પ્રભુથી વિમુખ કરે છે, લક્ષ્મી તરફ લઇ જાય છે.

પાંચમો દોષ બતાવ્યો **પૈસો.** દ્રવ્ય એકઠું કરવાની તત્પરતા. લોભમાં ને આમાં થોડોક તફાવત છે. પૈસાનો લોભ એક છે, જયારે કેવળ લોભમાં બીજી અનેક વસ્તુઓનો લોભ હોય. માણસ પૈસા પાછળ આજે સૌથી વધારે ગાંડો બન્યો છે. હમણાં જ એક વૈષ્ણવનો પ્રસંગ સાંભળવામાં આવ્યો. પરદેશની વાત છે, એક

ભગવદીય કુટુંબ છે, પતિપત્ની છે, યુવાન છે. ઠાકોરજીની પૂર્ણ પ્રેમથી તન, મન, ધનથી ઘરમાં સેવા કરે છે. સેવામાં રોજ બે-ત્રણ વાગી જાય. ભાઇ ઑફિસે જાય. ઑફિસના ત્યાંના નિયમો જ એવા કે સાંજે છ વાગે એટલે કોઇ ઊભું ન રહે. ઑફિસો ટપોટપ બંધ થઇ જાય. પછી ધંધો નહિ. સવારે નવ વાગે શરૂ થતી ઑફિસ સાંજે છ વાગે બંધ થાય. આ વૈષ્ણવ ત્રણ વાગે ઑફિસે પહોંચે! શું ધંધો થાય? ધંધો ધીમે ધીમે ઓછો થવા માંડયો. આર્થિક સંકડામણ વધતી ગઇ. કોઇકે એમ કહ્યું કે એમને જરા સમજાવોને કે સેવાનો પ્રકાર ઓછો કરે! આમ કેમ નભશે? મેં કહ્યું: નભાવનાર પ્રભુ છે, પૈસો નથી. આવા ભગવદીયોનાં દર્શન જ દુર્લભ છે કે જે પૈસાને ગૌણ કરીને પ્રભુના પ્રેમને માટે સર્વસ્વ ફના કરવા તૈયાર છે. માટે દ્રવ્ય મેળવવાની તત્પરતા એ પાંચમો દોષ.

નિર્દયતા એ છઠ્ઠો દોષ. વિચાર કરજો હોં! આપણા મનમાં નિર્દયતા બહુ ભરી છે, માટે હૃદય કઠોર છે. કોઇનું દુઃખ જોઇને દિલ ન દ્રવે એનું નામ નિર્દયતા. જેનું દિલ બીજાના દુઃખથી ન દ્રવે કોમળ નથી, એવા પાષાણ જેવા કઠોર દિલમાં ભગવદ્પ્રેમનાં ઝરણાં કયાંથી ફૂટે? નિર્દયતા એ હૃદયનો મોટો દોષ છે.

સાતમો દોષ સ્નેહનો અભાવ. લુખ્ખાપણું-રૂક્ષતા. કોઇના પ્રત્યે લાગણી જ ન થાય. જેને દુનિયામાં કોઇકના પ્રત્યે લાગણી થશે, એને પ્રભુ તરફ એ લાગણી અલૌકિકતામાં બદલાશે, પણ જેને લાગણી જ નથી, જે કઠોર છે એનો આ માર્ગમાં અંગીકાર જ નથી.

આઠમો દોષ છે અસંતોષ. નવમો દોષ લૌકિકમાં લાભ કે નુકશાન થાય, તો એને કારણે આકુળવ્યાકુળ બની જવું. દસમો દોષ દુનિયામાં ઘણી વસ્તુઓનો ભય લાગવો. પ્રભુના ભક્તને કોઇનો ભય ન હોય, એ તો અભય હોવો જોઇએ.

અગિયારમો દોષ આપણી વિષયવાસનાઓના ચિંતનમાં તત્પર રહેવું. જીવનને સેકસ સેન્ટર્ડ બનાવી દેવું. જેને કારણે મનમાં લૌકિક વાસનાઓની ગંદકી ઉભરાયા કરે.

બારમો દોષ અભિમાન. તેરમો દોષ ક્રૂરતા-પરપીડન. બીજાઓને દુઃખી કરવાની વૃત્તિ. **ચૌદમો દોષ દુષ્ટ માણસોનો પક્ષ લેવો.** શ્રીહરિરાયજીએ **પંદરમો દોષ** બતાવ્યો **જ્ઞાનમાર્ગી બનીને રહેવું.** પુષ્ટિમાર્ગમાં આ દોષરૂપ છે, એટલું જ જ્ઞાન પુષ્ટિમાર્ગમાં જોઇએ કે જેટલું દાળમાં લૂણ જોઇએ. લૂણનું પ્રમાણ, દાળમાં કરવામાં આવતા ગોળ કે ખાંડ ઉપર આધારિત હોય. ગોળ કે ખાંડ વિનાની દાળમાં એટલું લૂણ ન થાય, જેટલું ગોળ કે ખાંડવાળી દાળમાં થાય, નહીંતર એની ખારાશ

ગળાને ત્રાસ આપે. જ્ઞાન માટે ભકતે બહુ સુંદર કહ્યું. જ્ઞાન થોભે ત્યાંથી પ્રેમ શરૂ થાય. જ્ઞાન ભકિતમાર્ગમાં બાધક છે. સવારે સેવામાં નાહીએ અને જ્ઞાનનો વિચાર કરીએ કે આ તો ત્રિભુવનનાયક! પેલો શ્લોક બોલીએ કે કૌસ્તુભ જેના હૃદય ઉપર બિરાજે, એને કયું આભૂષણ આપું? ગરુડાસન એવા હે નારાયણ! તમને કયું આસન આપું? તો પછી ઠાકોરજીને માટે પેલા ગાદીતકિયા બરાબર નહીં લાગે. જ્ઞાન શરૂ થઇ ગયું. એક વૈષ્ણવ પૂછે: શ્રીનાથજીમાં દર્શન કરીએ ત્યારે વિચાર આવે છે કે શ્રીજીબાવા ચોવીસે કલાક ઊભા રહે છે, તો એમને થાક નહીં લાગતો હોય! એમને બેસાડો તો ખરા! આ તો ઊભાને ઊભા છે વર્ષોથી. આ જ્ઞાન પુષ્ટિમાર્ગમાં બાધક છે. પ્રભુ તમને ઠાડી મુદ્રામાં દર્શન આપે છે, એનો અર્થ એવો નથી કે એ ઊભા છે.

સેવામાં જ્ઞાન એટલું જ જોઇએ કે આ મારા પ્રિયતમ છે. યશોદાજીના લાલ છે. એમને પરિશ્રમ ન થવો જોઇએ. એ જગતનું પોષણ કરનારા છે, એમને હું શું ભોજન કરાવું? તો પછી ઠાકોરજી કહેશે કે તું ય જ્ઞાની અને હું ય જ્ઞાની, થઇ રહ્યું, ઠન્ ઠન્ ગોપાલ! 'ભૂખે ભગતિ ન હોય ભૂઆલુ.' જ્ઞાનથી પેટ ન ભરાય. માટે તો શંકરાચાર્યજી જેવા મહાજ્ઞાની આચાર્યોને પણ એમના અંતરંગ જીવનમાં તો પ્રભુભકિત કરવી પડી છે, કારણ કે કેવળ જ્ઞાનથી જીવાતું નથી. જીવાય છે પ્રેમથી-ભક્તિથી. પ્રેમ અને ભક્તિને સાચવવા માટે જ્ઞાન તો દીવાલનું કામ કરે છે. માટે કેવળ જ્ઞાનમાર્ગી બનીને રહેવું, એ પણ પુષ્ટિમાર્ગમાં દોષ છે.

એક દાખલો આપું. આજે એવાય વૈષ્ણવો છે કે જે શ્રીમહાપ્રભુજીના દૃઢ આશ્રિત છે. એટલા બધા દૃઢ આશ્રિત છે કે શ્રીમહાપ્રભુજીની વાણી સિવાય બીજી વાણીનો પાઠ પણ નથી કરતા, માટે તેઓ શ્રીસર્વોત્તમસ્તોત્રનો પાઠ પણ ન કરે. કારણ કે એ શ્રીમહાપ્રભુજીની વાણી નથી - એ ષોડશગ્રંથનો પાઠ અચૂક કરે. 'કૃષ્ણસેવા સદા કાર્યા' શ્લોકનો પ્રેમથી પાઠ કરે, પણ કૃષ્ણસેવા ન કરે. શ્રીનાથજીનો સ્વીકાર ન કરે. કેવળ શ્રીવલ્લભ સિવાય બીજા કોઇનો સ્વીકાર ન કરે. તો આ જ્ઞાની થયા. જ્ઞાન છે, પણ આચરણ નથી. શ્રીવલ્લભના સિદ્ધાંતોનું આચરણ નથી, શ્રીવલ્લભના સિદ્ધાંતોનું જ્ઞાન છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે પ્રભુ એમના હૃદયમાં બિરાજતા નથી.

સોળમો દોષ છે, પ્રભુને અન્ય દેવ સમાન જાણે. આજે એવું કહેવાની ફેશન છે કે બધા ભગવાન સરખા. આમ માનવું એ ભૂલભરેલું છે. પુષ્ટિ-પુરૂષોત્તમની સમાન બીજું કોઇ નથી. અન્ય સૌ એમના વ્યૂહ, કલા, અંશ અવતાર છે.

સત્તરમો દોષ બતાવ્યો, **લૌકિક કાર્યોમાં તત્પર રહેવું.** બિનજરૂરી લૌકિક

કાર્યો કર્યાં જ કરવાં. મને એક વૈષ્ણવની વાત ગમી. ઘરમાં જે થવાનું હોય તે થાય. સેવા ન પહોંચી લઈએ ત્યાં સુધી ઘરની વાત નહીં. પછી બધી વાત. આજે તો આપણે એમ કહીને છટકીએ છીએ કે ઘરની એટલી જવાબદારી છે કે સેવા નથી નભતી! તો વાત ખોટી. શ્રીમહાપ્રભુજી તો આજ્ઞા કરે છે કે ઘર સેવા માટે છે. જો ઘરમાં રહીને સેવા થતી હોય તો ઘરમાં રહો, નહીં તો એ ઘર પણ છોડી દો.

અઢારમો દોષ બતાવ્યો, **ભગવદીયોથી વિમુખ રહેવું.** ભગવદીયોનો સંગ મળતો હોય તો ય ન કરવો, એ પણ દોષ છે. ભગવદીયોનો સંગ શોધીને પણ કરવો જોઈએ. ધોળે દિવસે પણ ફાનસ લઈને શોધવા જવું જોઈએ. માટે સૂરદાસજીએ કહ્યું 'હરિ મિલે સો દિન નીકો, હરિજન મિલે સો દિન અતિ નીકો'- ભગવદ્-ભકતોનો સંગ છે કયાં?

ઓગણીસમો દોષ બતાવ્યો, **પ્રભુની લીલામાં દોષદૃષ્ટિ રાખવી.** આટલો મોટો છપ્પનભોગ અને ઠાકોરજી તો આટલા નાના. આટલું બધું કેવી રીતે આરોગે? એમને પેટમાં કયાંક અસ્વસ્થતા થશે! શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે પ્રભુના સ્વરૂપમાં આવી વિપરીત ભાવના અને અસંભાવના ન કરવી. ભગવદ્‌લીલાને લૌકિક દૃષ્ટિથી ન માપવી અને સમજવી. શ્રીગુસાંઈજીએ તો ત્યાં સુધી આજ્ઞા કરી કે હે વૈષ્ણવો! તમારામાં જો નિર્દોષ હૃદય નથી, નિષ્કામ મન નથી તો તમે પ્રભુની આ રસરૂપ લીલાઓ વાંચશો-સાંભળશો પણ નહીં. પ્રભુની એ લીલાઓને જો લૌકિક રીતે જોવાનો પ્રયત્ન કરશો, તો એનો દોષ લાગશે.

વીસમો દોષ બતાવ્યો, **કર્મમાં જડરૂપે આસક્તિ રાખવી.** લૌકિક અને વૈદિક કાર્યોમાં આપણે આસકત બનીએ છીએ. કયારેક આચારની જડતા સેવીએ છીએ અને તેના કારણે સેવા છોડવી પડે છે. જેમ કે આખાય ગામમાં કયાંય જળ નથી. તો વૈષ્ણવે શું કરવુ? નળના જળથી સેવા કરવી કે સેવા છોડવી? જળને પકડી રાખવા જઈએ તો કર્મજડતા આવે છે અને સેવા છૂટે છે. સેવાને પકડી રાખીએ તો પ્રભુનું સુખ રહે છે.

એકવીસમો દોષ છે, **શ્રીમહાપ્રભુજીથી વિમુખ થવું** , એટલે શ્રીમહાપ્રભુજીનું સ્મરણ, સેવન, તેમની આજ્ઞાઓનું પાલન ન કરવું.

બાવીસમો દોષ છે, **ખોટા વાદવિવાદમાં રચ્યાપચ્યા રહેવું.** અમારા એક સ્વજનનો સ્વભાવ મને બહુ અનુકરણ કરવા જેવો લાગે છે. તેઓ સૌને હંમેશાં એક જ વાત કહેઃ તમે કહો એ સાચું. આ એવું એક સોનેરી સૂત્ર છે કે સામા માણસને વાદવિવાદ કરવાનો અવકાશ જ ના રહે, કારણ કે મન વાદવિવાદથી વ્યગ્રતા

અનુભવે અને જે મનમાં વ્યગ્રતા આવે એ મનમાં પ્રભુ માટેની પ્રસન્નતાનો અવકાશ ન રહે.

શ્રીહરિરાયચરણ આ ૨૨ દોષો બતાવીને આજ્ઞા કરે છે કે આવા હૃદયમાં પ્રભુ કયારેય પધારતા નથી. તો કેવા હૃદયમાં પ્રભુ પધારે છે? શ્રીહરિરાયચરણ છઠ્ઠા શ્લોકથી દશમા શ્લોક સુધીમાં પુષ્ટિજીવના ૨૨ગુણોનું નિરૂપણ કરે છે. હૈયે કોતરી રાખવા જેવા આ ૨૨ ગુણો છે. એમાંથી એકાદ ગુણ પણ જો શ્રીમહાપ્રભુજીની કૃપાથી આવી જાય, તો આપણું કામ બની જાય. જેમ દોષમાં પહેલો દોષ બધાનું મૂળ હતો, એમ ગુણોમાં પણ **પહેલો ગુણ** આ સર્વ ગુણોનું મૂળ છે. તે છે **દીનતા.**

હૃદયમાં, વાણીમાં, વિચારોમાં અને કાર્યોમાં દીનતા જરૂરી છે. દીનતા એ પુષ્ટિમાર્ગનો પાયો છે. પ્રભુ આ માર્ગમાં જો રીઝતા હોય તો કેવળ દીનતાથી રીઝે છે. છપ્પનભોગની સામગ્રી છે, માટે પ્રભુ નથી આરોગતા, પણ શ્રીમહાપ્રભુજીની કાનિથી આરોગવાની વિનંતીની દીનતા છે, માટે એ આરોગે છે. માટે વૈષ્ણવે દીનતા રાખવી, પણ સાચી દીનતા રાખવી, હૃદયની દીનતા રાખવી. આપણે રાખીયે છીએ એ દેખાડવાની દીનતા છે-હાથીના દાંત જેવી. આ બધું આપનું જ એમ કહીએ છીએ. પણ ઠાકોરજીની સેવામાં એ બધાનો ઉપયોગ નથી થતો. દીનતા તો શેઠ પુરુષોત્તમદાસની. દીનતા પદ્મનાભદાસજીની કે જે વિનંતી કરે, બાવા! આજે મારા ઘેર તો છોલાં છે અને શ્રીવલ્લભના ઘેર તો છપ્પનભોગ છે. અહીં સુખ નથી, ત્યાં સુખ છે. આપ ત્યાં પધારો. આ દીનતા! છપ્પન કરોડ રૂપિયાના આસામી શેઠ પુરુષોત્તમદાસ. એમના ભાટચારણોને કહે કે ગુણગાન ગાવા હોય તો મારા વલ્લભના ગાઓ. હું તો દાસ છું! આ દીનતા. આટલાં બધાં સવા લાખ પદો રચીને સૂરદાસજી તો એમ કહે 'હૌં ઢાઢી યહ ઘરકો!' હું તો આ ઘરનો ઢાઢી છું. વિષ્ણુદાસ છીપાજી જેવા ભગવદીયોને શ્રીવલ્લભના સર્વ ગ્રંથો આત્મસાત્ થયા છે, શ્રીગુસાંઇજી જેમને પૂર્ણ પ્રેમ આપે છે તે વિષ્ણુદાસજી એમ કહે કે 'પર્યો રહૌં નિરંતર દ્વારે, જૂઠન ખાઉં!' આ દીનતા. આવી દીનતા જેના હૃદયમાં છે,એના હૃદયમાં પ્રભુ પ્રવેશ કરે છે.

પુષ્ટિજીવોના સર્વ પુષ્ટિગુણોનો પાયો દીનતા છે. દીનતા કેવળ વૈષ્ણવો સાથે નહીં, સૌની સાથે. આ દીનતાનો અમલ કરવાની પ્રેકટિસ ઘરઆંગણે જ શરૂ કરવી. સાસુ વહુ સાથેના વ્યવહારમાં દીનતા રાખે તો માનવું કે દીનતા આવી. બાપ દીકરા સાથેના વ્યવહારમાં દૈન્યત્વ રાખે, તો માનવું કે દીનતા આવી. ગુરુ શિષ્ય સાથેના સંબંધમાં એવા વાત્સલ્યપૂર્વકનું દૈન્ય બતાવે, તો માનવું કે દીનતા આવી.

બીજો ગુણ બતાવ્યો, **શુદ્ધતા.** હૃદયમાં દંભ ન કરશો. પાખંડ ન સેવશો. 'જૈસે હૌં તૈસો તિહારો શ્રીવલ્લભ. આ હૃદયની શુદ્ધિ.' આપણા વ્યવહારમાં, વાણીમાં આવી શુદ્ધતા જોઇએ. એ શુદ્ધતા આવે છે સત્યમાંથી. શ્રીગુસાંઇજીને સહજપાલ દોશીએ પ્રશ્ન કર્યો હતો, મહારાજ, ધંધાને કારણે અસત્ય બોલવું પડે તો પાપ લાગે? ત્યારે શ્રીગુસાંઇજીએ જવાબ આપ્યો કે અસત્યથી વધારે મોટું કોઇ પાપ નથી. ધંધાને કારણે પણ અસત્ય ન બોલવું. આવી વ્યવહાર-શુદ્ધિ. આવી વાણીની શુદ્ધિ, આવી વિચારની શુદ્ધિ એ વૈષ્ણવો માટે બીજો અનિવાર્ય ગુણ છે.

ત્રીજો ગુણ છે, **નિષ્પ્રપંચતા**-કૂડકપટનો અભાવ. જેનું હૃદય શુદ્ધ છે, સત્યનિષ્ઠ છે, એના હૃદયમાં મલીન પ્રપંચો નથી. વૈષ્ણવે તો કયારેય અન્ય વૈષ્ણવ સાથે કે બીજાઓની સાથે આવા પ્રપંચો આચરવા ન જોઇએ. વૈષ્ણવના જીવનમાં પોલિટિકસ આવે, રાજકારણના નામે ખેલાતા આટાપાટાની રમતો આવે, મોઢેથી એક કહીએ, હૃદયમાં બીજો ભાવ રાખીએ, તો આ સર્વ દોષ આપણા હૃદયને અશુદ્ધ બનાવનારા છે. માટે નિષ્પ્રપંચતા એ ત્રીજો ગુણ છે.

ચોથો ગુણ છે કે જેનું હૃદય દીન, શુદ્ધ અને નિષ્પ્રપંચ બને, એના ચિત્તમાં લીલાચિંતનની તત્પરતા આવે. સેવા દરમ્યાન અને સેવાના અનવસરમાં પ્રભુની લીલાભાવનાઓનું ચિંતન કરતા રહેવું. મનને ચિંતનમાં ડૂબેલું રાખવું. પ્રથમ શિક્ષાપત્રની ટીકામાં શ્રીગોપેશ્વરજી આ ચિંતનનો પ્રકાર પણ બતાવે છે કે શ્રીમહાપ્રભુજીનાં-શ્રીગુસાંઇજીનાં-શ્રીગુરુદેવનાં ચરણકમળોનું ચિંતન કરી, પ્રભુના સ્વરૂપનું ચિંતન કરી, નિત્યની અને ઉત્સવની સર્વ લીલાઓનું ક્રમપૂર્વક મનમાં ચિંતન કરવું. લીલાભાવનાઓનું ચિંતન કરવું. આવું ભગવદ્લીલા-ચિંતન અને એ લીલાના ચિંતનમાં મનની તત્પરતા એ ચોથો ગુણ છે.

પાંચમો ગુણ છે, **શ્રીમહાપ્રભુજીના આશ્રિત** બનીને રહેવું. ૩૧મા શિક્ષાપત્રમાં આપણે જોઇ ગયા કે શ્રીહરિરાયચરણે શ્રીમહાપ્રભુજીનો આશ્રય કરવાનો પ્રકાર બતાવી દીધો. શ્રીમહાપ્રભુજીના ચરણકમલમાં નિષ્ઠા રાખી, એમનાં વચનામૃતોમાં નિષ્ઠા રાખી, એમનાં વચનામૃતોનું ચિંતન-સ્વાધ્યાય કરતાં કરતાં એનું આચરણ કરવું એનું નામ શ્રીવલ્લભાશ્રય.

છઠ્ઠો ગુણ બતાવ્યો, **લૌકિક કામનાઓમાં વિરક્તિ** સેવવી.

સાતમો ગુણ બતાવ્યો, **વ્રજભકતોના ચરણરજની સદા અભિલાષા રાખવી,** કારણ કે જેમને વ્રજરાજકુમાર પ્રાપ્ત થયા છે એવાં એ મહાભાગ્યવાન વ્રજભકતોની કૃપાથી, એમની ચરણરજના સેવનથી, વ્રજરજના આશ્રયથી આપણો દેહ પણ પ્રભુને

લાયક તનુનવત્વ પ્રાપ્ત કરશે. માટે સદાયે વ્રજભક્તોના ચરણરજના અભિલાષી બનીને રહેવું. એ ભાવથી જ આપણે ચરણામૃત લઇએ છીએ.

આઠમો ગુણ બતાવ્યો, **પ્રભુના ગુણગાનમાં તત્પર** રહેવું.

નવમો ગુણ બતાવ્યો, **શ્રીકૃષ્ણના નામના અર્થનું ચિંતન કરવું.** 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' કહીએ છીએ, પણ એમને કેમ શ્રીકૃષ્ણ કહ્યા? શ્રી એટલે કોણ? કૃષ્ણ શબ્દમાં કયું સ્વરૂપ બિરાજે છે? શ્રી એટલે સ્વામિનીજી સહિત કૃષ્ણ અને કૃષ્ણ એટલે જે સર્વ સત્તાધીશ છે, જે પરમાનંદ સ્વરૂપ છે, જે પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ છે એ શ્રીકૃષ્ણ. એમના નામના અર્થની પણ મનમાં સતત ભાવના કરવી.

દસમો ગુણ કહ્યો, **અનન્ય આશ્રય રાખવો.** પ્રભુના જે અનન્ય ભક્તો છે એમની પણ નિષ્ઠાપૂર્વક સેવા કરવી. શ્રીહરિની સેવા કરવી, શ્રીગુરુદેવ સ્વરૂપ શ્રીમહાપ્રભુજી અને શ્રીવલ્લભકુળપરિવારની સેવા કરવી અને સાથે સાથે એમના કૃપાપાત્ર એવા સર્વ વૈષ્ણવજનની સેવા કરવી. વૈષ્ણવોની સેવાનો આગ્રહ શ્રીહરિરાયચરણ શિક્ષાપત્રોમાં વારંવાર બતાવે છે.વૈષ્ણવની સેવા કરતાં એટલો જ ભાવ વિચારવો કે શ્રીમહાપ્રભુજીના સેવક છે. 'વાકે મનકી વે જાને, મેરે મન જગદીશ.' વૈષ્ણવની સેવા કરતાં એમના દોષ તરફ દૃષ્ટિ ન કરવી.

અગિયારમો ગુણ બતાવે છે, **ભગવદ્ધર્મમાં પ્રીતિવાળા** રહેવું, એટલે સેવા, સત્સંગ, સ્મરણ વગેરેમાં પ્રેમ રાખવો.

બારમો ગુણ બતાવ્યો, **અહંતા-મમતામાં વિરક્તિ** રાખવી.

તેરમો ગુણ બતાવ્યો, જે કંઇ વૈષ્ણવના ગુણો છે, **ભગવદ્ગુણો છે એ પૂર્ણરૂપે આપણા હૃદયમાં આવે** એવો પ્રયત્ન કરવો.

ચૌદમો ગુણ છે, **શ્રીકૃષ્ણમાં તાપકલેશની આર્તિ અને ભાવ રાખવાં.**

પંદરમો ગુણ છે, **ભક્તિરસમાં તરબોળ** રહેવું. અને સાથે સાથે **સોળમો ગુણ** છે, **અન્ય લૌકિક રસમાં વિરક્ત** રહેવું.

સત્તરમો ગુણ છે, **સેવા - સ્મરણ - સત્સંગ -કીર્તન આદિ ભગવદ્-ધર્મમાં સ્થિરતા રાખવી.**

અઢારમો ગુણ છે, **મનને સદા કૃષ્ણલીલામાં ચંચળ રાખવું.** મનથી અનેક કૃષ્ણલીલાઓની ભાવનાઓનુ ચિંતન કરવુ.

ઓગણીસમો ગુણ છે, **પ્રભુના દર્શન માટે સદા વ્યાકુળ રહેવું.** આપણે દર્શન કરવા જઇએ છીએ, પણ તે ટેવને કારણે જઇએ છીએ. હૃદયની વ્યાકુળતાને કારણે પગ દર્શન માટે દોડતા નથી. જો હૃદયની વ્યાકુળતાને કારણે પગ દોડતા હોત, તો

રસ્તામાં આજુબાજુ શું છે એનું કંઇ ભાન ન રહેત. મંદિરમાં ગયા પછી પણ આજુબાજુના વાતાવરણનો ખ્યાલ ન રહે. કયારે ભગવદ્ - મુખારવિંદની ઝાંખી થાય, એના તાપકલેશમાં જ હૃદય તરફડતું હોય, પણ વાસ્તવમાં તો કંઇક વાત જુદી જ હોય છે. નીકળ્યા છીએ લૌકિક કામો લઇને, સામાજિક કામો લઇને અને એક આડફળ તરીકે રસ્તામાં મંદિર આવે છે એટલે દર્શન કરતા જઇએ છીએ. એમાંય કયારેક દર્શન ચૂકી જવાય તો હૃદયમાં વિરહનો ચીરો નથી પડતો. બરફની શીતળતા છે- કંઇ વાંધો નહિ, કાલે! જયાં સુધી હૃદયમાં આવી વ્યાકુળતા નથી, દર્શન માટેની આર્તિ નથી, ત્યાં સુધી એ દર્શનમાં દેહ, મન, અને સર્વ ઈન્દ્રિયોની પ્રવણતા થતી નથી. માટે તો પેલા ગોપીજનો સવારના પહોરમાં નંદાલયમાં દર્શન કરવા દોડ્યાં આવ્યાં છે. ત્યારે યશોદામાને કહે છેઃ 'આઇ હૌં ધાય થંભાય સાથકો, મૈયા મોહન દેહોં જગાઇ.' સાથવાળી સહીપણીઓને થંભાવીને, રોકીને એકલી દોડતી આવી છું. જલદી જલદી મારા શ્રીમદનમોહનલાલના મુખારવિંદનાં મને દર્શન કરાવી દો. દર્શનની આવી વ્યાકુળતા એ પુષ્ટિજીવ માટે અતિ આવશ્યક ગુણ છે.

શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી કે **સેવામાં અનેકવિધ મનોરથ કરવા એ વીસમો ગુણ** છે. તન અને ધનથી બધા મનોરથ કદાચ સિદ્ધ ન પણ થાય, પરંતુ મનથી મનોરથ કરવામાં તો કયારેય કંજુસાઇ ન કરવી. ૨૫૨ ભગવદીય પૈકીના પેલા ભગવદીયનું દિવ્ય ચરિત્ર યાદ કરીએ, આ ઉષ્ણકાલના દિવસોમાં. મનોરથ છે કે મારા પ્રભુને આ સખત ગરમીમાં શીતળતા અંગીકાર કરાવવા હું ઉત્તમમાં ઉત્તમ ગુલાબજળ ધરું. પણ જે ચપટી માગી લાવીને જીવનનિર્વાહ કરે, એ વિરક્તની ઝૂંપડીમાં ગુલાબજળ કયાંથી હોય? અનાયાસ એક દિવસ એક ગુલાબનું ફૂલ પ્રાપ્ત થયું. માટીનું કોરું પાત્ર ભર્યું, એમાં શીતલ જલ ભર્યું. એમાં ગુલાબનું ફૂલ ધરીને મનોરથ કર્યોઃ શ્રીમહાપ્રભુજીની-શ્રીગુસાંઇજીની કાનિથી ગુલાબજળ માનીને પ્રભુ આપ અંગીકાર કરજો. જતિપુરામાં ઉત્થાપનના સમયે શ્રીગોવર્ધનધર શ્રીગુસાંઇજીને આજ્ઞા કરે છે દક્ષિણમાં તમારા એક વૈષ્ણવે જે ગુલાબજળ આજે મને અંગીકાર કરાવ્યું છે, એ અહીં પણ મને કદી અંગીકાર થયું નથી!

મનોરથમાં પ્રભુએ આપેલું તન, મન અને ધન જોડવાનું છે, પણ એનો અર્થ એવો નથી કે તન, મન અને ધન અશક્ત છે તો મનોરથ ન થાય. એ તો મનનો રથ છે. રથયાત્રાના દિવસે પ્રભુને બિરાજવા કદાચ ઘરમાં રથ નથી, પણ આપણા હાથરૂપી, હથેળીરૂપી રથમાં પ્રભુને પધરાવીને પ્રભુને ખેલાવાય છે. પેલા વિરક્ત વૈષ્ણવ પાસે વ્રજમાં ડોલ બાંધવાની સામગ્રી નહોતી, તો હાથમાં ડોલ ઝૂલાવ્યા છે.

માટે એક-બે મનોરથ નહીં, નિત્ય નૂતન મનોરથો સદાસર્વદા કરતા રહેવું. પ્રભુકૃપાથી એમાંના જે મનોરથો પ્રત્યક્ષરૂપે સિદ્ધ થાય છે, એ પણ પ્રસન્નતાથી પ્રભુને અંગીકાર કરાવવા.

છેલ્લો ગુણ બતાવ્યો, આ બધું કરવાનો અર્થ એવો ન કરશો કે તમારે તમારો ગૃહસ્થાશ્રમ છોડી દેવો. એનો અર્થ એવો પણ ન કરશો કે તમારો ગૃહસ્થાશ્રમ બગાડી દેવો. એનો અર્થ એવો પણ ન કરશો કે ગૃહસ્થાશ્રમમાં કલેશ કરવો. જે સ્થિતિમાં પ્રભુ તમને ગૃહસ્થાશ્રમમાં રાખે એ સ્થિતિમાં ઉદાસીન બનીને રહેવું. **લૌકિકવૈદિક કાર્યોમાં કાપટ્યભાવ રાખવો એ પુષ્ટિજીવનો બાવીસમો ગુણ છે.** લૌકિકવૈદિક સર્વ કાર્યો પણ પ્રભુના સુખના વિચારથી કરવાં. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે જો એમ નહીં કરીએ તો, સમાજમાં આપણી અપકીર્તિ થશે અને અપકીર્તિની વ્યથા આપણું મન સહન નહીં કરી શકે, તો આપણા ભગવદ્ધર્મોમાં હાનિ પહોંચશે. માટે, અપકીર્તિને ટાળવા માટે લૌકિક-વૈદિક આવશ્યક કાર્યો અનાસક્ત ભાવે કરતા રહેવું અને એ કાર્યો કરતાં કરતાં એમાં પણ પ્રભુના સુખનો વિચાર જોડવો.

આમ, આવા બાવીસ અલૌકિક ગુણો શ્રીમહાપ્રભુજીની કૃપાથી જે વૈષ્ણવના હૃદયમાં ધારણ થાય છે, તેને પ્રભુને પધારવા મોટે લાંબા સમયની પ્રતીક્ષા નહીં કરવી પડે. એક જ ક્ષણમાં પ્રભુ હૃદયની અંદર પધારી જશે. પ્રભુ તો આપણા હૃદયમંદિરના દ્વારે રાહ જોતા કૃપારૂપ બનીને ઠાડા છે. સતત કોલબેલ વગાડે છે. મારા માટે તારા હૃદયમંદિરનાં દ્વાર ખોલ, પણ એ હૃદયમાં પેલા બાવીસ અશુદ્ધ ભાવો પડયા છે, જેને લઇને આપણા હૃદયનાં દ્વાર ખુલતાં નથી.

માટે, આ બત્રીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણે કયા બાવીસ દોષોમાંથી મુક્ત થવું અને કયા બાવીસ ભગવદ્ધર્મોનો સ્વીકાર કરવો એનું સુંદર માર્ગદર્શન આપ્યું. એનું સતત કીર્તન, શ્રવણ, સ્મરણ અને મનન કરતા રહીએ તો કીટભ્રમર ન્યાયે મનમાંથી આ દોષો દૂર થાય અને હૃદય અલૌકિક બાવીસ ભાવોની નિધિથી સંપન્ન બને. આ બત્રીસમું શિક્ષાપત્ર મોઢે કરવા જેવું છે. એનું સતત કીર્તન, શ્રવણ, સ્મરણ કરતા રહેવાનું છે. રોજ રાત્રે આપણે સેલ્ફ ઈવેલ્યુએશન કરતા રહેવા જેવું છે કે આમાંથી કેટલું ઓછું થયું અને કેટલા ભગવદ્ ધર્મો વધ્યા? આમ, આ બત્રીસમું શિક્ષાપત્ર અહીં પરિપૂર્ણ થાય છે.

ઈતિ શ્રીહરિરાયજી વિરચિતં દ્વાત્રિંશતમં શિક્ષાપત્રં
શ્રીગોપેશ્વરજી કૃતા વ્રજભાષા ટીકા સમેતં સમાપ્તમ્.

બત્રીસમા શિક્ષાપત્રનો સારાંશ

શ્લોક સંખ્યા : ૧૦

વિષય : **પુષ્ટિજીવના હૃદયની અશુદ્ધિઓ અને શુદ્ધિઓ.**

(૧) બાવીસ અશુદ્ધિઓ :

(૧) કામવાસના (૨) ક્રોધાવેશ (૩) સંસારાસક્તિ (૪) લોભ (૫) પૈસો (૬) નિર્દયતા (૭) સ્નેહનો અભાવ (૮) અસંતોષ (૯) લાભ-નુકસાનથી વ્યાકુળતા (૧૦) ભય (૧૧) વિષયોનું સતત ચિંતન (૧૨) અભિમાન (૧૩) પરપીડન-ક્રૂરતા (૧૪) દુષ્ટોનો પક્ષ લેવો (૧૫) જ્ઞાનમાર્ગી બનીને રહેવું (૧૬) શ્રીઠાકોરજીને અન્ય દેવસમાન ગણવા (૧૭) લૌકિક કાર્યોમાં તત્પરતા (૧૮) ભગવદીયોથી વિમુખતા (૧૯) ભગવલ્લીલામાં દોષદષ્ટિ (૨૦) કર્મજડતા (૨૧) શ્રીમહાપ્રભુજીથી વિમુખતા (૨૨) વાદવિવાદમાં તત્પરતા

(૨) બાવીસ શુદ્ધિઓ :

(૧) દીનતા (૨) હૃદયની શુદ્ધતા (૩) નિષ્પ્રપંચતા - સત્યનિષ્ઠા (૪) લીલા-ચિંતનમાં તત્પરતા (૫) શ્રીવલ્લભાશ્રય (૬) લૌકિકમાં વિરક્તિ (૭) વ્રજભક્તોની ચરણરજની અભિલાષા (૮) ભગવદ્‌ગુણગાનમાં તત્પરતા (૯) ભગવન્નામના અર્થનું ચિંતન (૧૦) અનન્યાશ્રય (૧૧) ભગવદ્ધર્મ-સેવા, સત્સંગમાં પ્રીતિ (૧૨) અહંતામમતાનો ત્યાગ (૧૩) વૈષ્ણવી ગુણો (૧૪) શ્રીકૃષ્ણ માટે તાપક્લેશ (૧૫) ભક્તિનિષ્ઠા (૧૬) લૌકિક રસમાં વિરક્તિ (૧૭) ભગવદ્‌ધર્મોમાં સ્થિરતા (૧૮) કૃષ્ણલીલા માટે લાલાયિત મન (૧૯) ભગવદ્‌દર્શનની વ્યાકુળતા (૨૦) સેવ્યના સુખનામનોરથ (૨૧) ભગવદીયોની સેવાપરાયણા (૨૨) લૌકિકમાં ઉદાસીનતા

- જ્યાં સુધી હૃદયમાં બાવીસ અશુદ્ધિઓ હોય, ત્યાં સુધી તેમાં શ્રીઠાકોરજી બિરાજતા નથી.
- હૃદયમાં બાવીસે શુદ્ધિઓ આવે, ત્યારે તેમાં શ્રીઠાકોરજી તરત જ પ્રવેશ કરે છે.

શિક્ષાપત્ર તેત્રીસમું

અસ્મિન્માર્ગે પ્રભોરિચ્છામાત્રં સર્વત્ર કારણમ્ ।
સૈવ ચાવરણં યાવત્ પ્રતિકૂલં ફલે નિજે ॥૧॥

આ માર્ગમાં સર્વત્ર કેવળ પ્રભુની ઈચ્છા જ કારણરૂપ છે. જો આપના ફળમાં તે ઈચ્છા પ્રતિકૂળ હોય, તો તે ઈચ્છા જ માત્ર આવરણરૂપ છે. (૧)

તદાવરણનાશસ્તુ દૈન્યાદેવ હરૌ કૃતાત્ ।
સ દીનેષુ નિજામિચ્છામનુકૂલાં કરોતિ હિ ॥૨॥

જો આ આવરણનો નાશ કરવો હોય, તો પ્રભુ પ્રત્યે દીનતા રાખવી એ જ તેનો ખરો ઉપાય છે. આવા દીન ભક્તજનો પ્રત્યે જ પ્રભુ પોતાની ઈચ્છા અનુકૂળ કરે છે.(૨)

તદાનુકૂલ્યે દાસાનાં કિં ફલં દુર્લભં મતમ્ ।
કૃપા ચ જાયતે દીને લોકસિદ્ધનિદર્શનાત્ ॥૩॥

જો પ્રભુની ઈચ્છા અનુકૂળ થાય, તો પછી દાસને કયું ફળ દુર્લભ હોય? દુનિયામાં પણ એવું જોવામાં આવે છે કે જેઓ દીન હોય, એમના પ્રત્યે જ દયા જાગે છે.(૩)

અતો દૈન્યં હિ માર્ગેસ્મિન્ પરમં સાધનં મતમ્ ।
અભિમાનો મદશ્ચાપિ સતતં તદ્વિરોધિનૌ ॥૪॥
તૌ વિજ્ઞાય પ્રયત્નેન પરિત્યાજ્યૌ ફલાર્થિભિઃ ।
દૌષ્ટ્યં સમસ્તેન્દ્રિયાણાં સાધનૈરેવ નાશયેત્ ॥૫॥

માટે આ માર્ગમાં દીનતા જ સાધનરૂપ ગણાય છે. અભિમાન અને મદ એ બંને હમેશાં દીનતાનાં વિરોધી છે. (૪) તેથી પુષ્ટિમાર્ગીય ફળની ઈચ્છાવાળાઓએ તેમને બરાબર ઓળખી, પ્રયત્નપૂર્વક તેમનો ત્યાગ કરવો જોઈએ અને સર્વ ઈન્દ્રિયોનો સાધન તરીકે ઉપયોગ કરી, તેમની દુષ્ટતાનો નાશ કરવો જોઈએ. (૫)

અથવાશ્રયમાત્રેણ નાશયિષ્યતિ મત્પ્રભુઃ ।
નિજાચાર્યાશ્રિતાનાં તુ દોષા વહ્નિસ્વરૂપતઃ ॥૬॥

સંબંધમાત્રતો ભસ્મીભવંતિ ક્ષણમાત્રતઃ ।
અતઃસ્વાચાર્યમાત્રૈકશરણૈસ્તત્પરાશ્રિતૈઃ ॥૭॥

જો જીવ આમ કરવાને શક્તિમાન ન હોય, તો તેણે પોતાના સ્વામીનો કેવળ આશ્રય કરવો. શ્રીઆચાર્યચરણ પોતે અગ્નિસ્વરૂપ હોવાથી (૬) આશ્રિત સેવકના દોષોને સંબંધમાત્રથી બાળીને ભસ્મીભૂત કરશે. આથી આપણા આચાર્યચરણનો અને આપશ્રીને પરાયણ હોય તેમનો આશ્રય કરવો. (૭)

તદ્ગ્રન્થાર્થાવબોધાર્થવિહિતાતિપ્રયત્નકૈઃ ।
દુઃસંગવર્જિતૈઃ સંગસમ્પ્રાપ્ત્યાશાયુતૈરપિ ॥૮॥
સ્થેયં સેવાપરૈરન્યાશ્રયત્યાગવિચક્ષણૈઃ ।
કામલોભાદિદોષૈકપરિત્યાગેચ્છુભિઃ સદા ॥૯॥

આપશ્રીના ગ્રંથોનો અર્થ સમજવા પ્રયત્ન કરવો અને દુઃસંગનો ત્યાગ કરવો. સાથે સાથે ભગવદ્ પ્રાપ્તિની આશાવાળા થઈ સેવામાં રત રહેવું (૮), અને અન્યાશ્રયના ત્યાગમાં વિચક્ષણ એવા કામ, ક્રોધ, લોભ, મદ વગેરે દોષોનો પરિત્યાગ કરવાની ઈચ્છાવાળા થઈને હંમેશ રહેવું. (૯)

શિક્ષાપત્ર તેત્રીસમું

શ્લોક સંખ્યા : ૯

વિષય : દીનતા, નિઃસાધનતા.

એકત્રીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણે આપણને બે વાત શીખવી. પહેલી વાત પુષ્ટિ જીવે પોતાના સ્વરૂપને સમજી લેવું. અર્થાત્ વરણ વિચારી લેવું. પ્રભુએ આપણું પુષ્ટિજીવ તરીકે વરણ કર્યું છે અને તેથી પુષ્ટિજીવ તરીકે આપણા હૃદયમાં ભગવદ્ભાવની વૃદ્ધિ કેવી રીતે થાય એના ઉપાયો સતત વિચારવા અને આચરવા.

ભગવદ્ભાવની વૃદ્ધિનો વિચાર કરવા લાગીએ, એટલે મનમાં પાર વિનાની મૂંઝવણો શરૂ થાય, દુર્યોધનના જેવી મનની સ્થિતિ થાયઃ હું ધર્મ શું છે, એ તો જાણું છું, પણ કોણ જાણે કેમ એનું આચરણ મારાથી બનતું નથી. આપણા સૌની પણ આ હાલત છે! જેને લૌકિકની લત લાગે એની અલૌકિકમાં હાલત બગડે, અને જેની લૌકિકમાં હાલત બગડે, એને અલૌકિકમાં લત લાગે. એટલે બત્રીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણે આપણને કહ્યું, તમારા સ્વરૂપને સમજી લીધા પછી હવે તમે તમારા દોષોનું જરા દર્શન કરી લો. અરીસામાં તમારું મોં દરરોજ જુઓ છો, પણ આ બત્રીસમા શિક્ષાપત્રરૂપી અરીસામાં તમારા દિલનું દર્શન કરો.

આ બાવીસ દોષો પૈકી આપણામાં કેટલા દોષો છે? કોણ જાણે, મને તો એમ લાગે છે કે આપણું દિલ અને દિમાગ દોષોનું એક મોટું ગોડાઉન છે. જથ્થાબંધ દોષોનો માલ ભરેલો છે. એને લઈને આપણને આપણા દોષોય દેખાતા નથી. શ્રીહરિરાયચરણે બત્રીસમા શિક્ષાપત્રમાં આપણા મનને રાહુ અને કેતુની જેમ ગળી જનારા બાવીસ દોષો બતાવ્યા અને આપણે એને નોંધી લીધા. એનાથી ખિન્નતા અનુભવવાની નથી. એને દૂર કરવા માટે પ્રયત્નશીલ બનવાનું છે. એ દુર્ગુણોને દૂર કરીને સદ્ગુણો હૃદયમાં સ્થાપવાના છે. એવા બાવીસ ગુણો, જે ભગવદ્ભાવને વધારનારા છે, એનુંય શ્રીહરિરાયચરણે આપણને દર્શન કરાવ્યું.

તેત્રીસમા શિક્ષાપત્રમાં શ્લોકની કુલ સંખ્યા નવની છે. નવનો આંક પૂર્ણતાનો આંક છે. એટલે જયારે જયારે આ શિક્ષાપત્રનું હૃદયમાં ચિંતન થાય છે ત્યારે ત્યારે મને એમ લાગે છે કે જો શ્રીહરિરાયચરણની કૃપાથી આ શિક્ષાપત્ર હૃદયમાં બરાબર બિરાજી જાય, તો પુષ્ટિજીવની પૂર્ણતા થાય. બાવીસ ગુણો બતાવ્યા પછી એ બાવીસ

ગુણોથી સુશોભિત-સમલંકૃત એવા પુષ્ટિજીવની પૂર્ણતાનું દર્શન આ તેત્રીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ આપણને કરાવે છે. માટે સૌએ આ શિક્ષાપત્ર સાધવાનીપૂર્વક શ્રવણ કરીને હૃદયમાં ધારણ કરવાનું છે.

તેત્રીસમા શિક્ષાપત્રમાં ભગવદ્દકૃપાનું મૂળ દૈન્ય-દીનતા છે, નિઃસાધનતા છે એવું શ્રીહરિરાયજી આપણને હવે સમજાવે છે. પુષ્ટિજીવનની પૂર્ણતા દૈન્યતા છે, નિઃસાધનતાના સાચા અનુભવથી દીનતા આવે છે, માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે દૈન્યને જીવનમાં ઉતારવા માટેનું પહેલું પગથિયું છે વિવેક. જેના જીવનમાં વિવેક જાગે, એના જીવનમાં શાન્તિ આવે. શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિજીવોનો વિવેક 'વિવેકધૈર્યાશ્રય'માં બતાવ્યો. આપણે સૌ લૌકિક વિવેકમાં તો પારંગત છીએ. લૌકિક વિવેકનું એક સરસ મજાનું દૃષ્ટાંત ગુજરાતી સાહિત્યના હાસ્ય-લેખક શ્રીજ્યોતીન્દ્ર દવેએ આપ્યું છે. પ્રસંગ એવો છે કે એક મહોલ્લામાં એક તોફાની છોકરો રસ્તા વચ્ચે રમે છે. મા-બાપનું કહ્યું માનતો નથી. અવિવેકી છે. ત્યાં એક ઘોડાગાડી પૂરજોશથી આવતી હોય છે. છોકરો હડફેટમાં આવે છે. રડતો રડતો ઘરમાં જઈને બાપુજીને ફરિયાદ કરે છે. જેના શરીરનું એકેએક હાડકું ગણી શકાય, એવો સુકલકડી, દમિયલ પિતા ગુસ્સો કરીને બહાર આવે છે- કોણ છે મારા છોકરાને મારનાર? એની ચામડી ઉતારી લઉં! બહાર આવીને જુએ છે તો એક બહુ જ ઊંચો, પહોળો, કદાવર ઘોડાગાડીવાળો ચાબૂક લઈને સામે ઊભો છે. આ દમિયલ સુકલકડી બાપ બધો ગુસ્સો દબાવીને વિવેકથી કહે છેઃ ભાઈસાબ! તમે બહુ સારું કર્યું. આજે આ છોકરાને તમે બોધપાઠ આપ્યો. અમારા કોઈનું કહ્યું માનતો નથી, હવે સીધોદોર થઈ જશે. આ લૌકિક વિવેક છે. આપણે બુદ્ધિશાળી માણસો સમય પારખીને સામી વ્યક્તિ સાથે વાતો કરવામાં પારંગત છીએ. જે આવું કરી શકે છે, એને આપણે વિવેકી કહીએ છીએ. બહુ વિવેકી છે. બહુ ઠાવકો છે. મોટાઓને કેવું માન આપે છે! નાનાઓની કેવી હસીખુશીથી મજાક પણ કરી લે છે! મોટાઓને માન આપવું અને નાનાઓ સાથે હસીખુશીથી વાત કરવી એ લૌકિક વિવેક છે.

શ્રીમહાપ્રભુજીને લૌકિકમાં કોઈ દિલચશ્પી નથી. એટલે એમણે તો અલૌકિક વિવેક બતાવ્યો કે ભાઈ! આ લૌકિકની વાત જવા દો. લોકોને બહુ માન આપ્યું. બહુ હસીખુશી કરી, તમારું કંઈ વળ્યું નથી. આ વર્ષે જેની જન્મશતાબ્દી ઊજવાય છે, એ ચાર્લી ચેપ્લીન, આજ સુધી દુનિયાભરના લોકોને હસાવતો રહ્યો અને પોતે હૃદયમાં રડતો રહ્યો. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે તમારું જીવન દુનિયાને હસાવવા માટે નથી, અંદર ને અંદર રડીને ખાખ થઈ જવા માટે પણ નથી, પુષ્ટિભકત તો એનાથી

ઉલ્ટો હોય. બહારથી ભલે દુઃખી દેખાય, પણ એનું મન સાબૂત હોય. મનની સાબૂતી શીખવાડે છે શ્રીવલ્લભ. **'વિવેકસ્તુ હરિઃ સર્વં, નિજેચ્છાતઃ કરિષ્યતિ!'** કેવી સિંહગર્જના છે? પ્રભુને જે કરવું હોય તે કરે, અમને ડર નથી.

દીકરો જાણે છે પપ્પાનો સ્વભાવ ગુસ્સો કરવાનો છે, તો બે ઘડી કરશે, પણ પછી તો વહાલ જ કરવાના છે! તોફાન કરું તો ગુસ્સેય થાય, એમાં શું થઇ ગયું? દીકરાને આવડે છે, બાપ ગુસ્સે થાય ત્યારે આપણે આડાઅવળા થઇ જવાનું, એટલે વાત પૂરી થાય. શ્રીમહાપ્રભુજી આ જ શીખવાડે છે કે આપણે અપરાધ કરીએ કે ન કરીએ, પણ પ્રભુ ગુસ્સે થાય ત્યારે 'ત્રિદુઃખ સહનં'....- જેટલાં દુઃખ પડે, એને ચુપચાપ સહન કરી લેવાનાં. સામે બાંયો નહીં ચડાવવાની કે તમે મને દુઃખ કેમ આપ્યું?

શ્રીહરિરાયચરણ અહીં એક વાત કહે છે કે પ્રભુની ઇચ્છા જ એક માત્ર કારણ છે. આ સત્ય આપણે સૌએ પ્રેમપૂર્વક સ્વીકારી લેવું જોઇએ. 'પ્રભુ જો કરે સો ભલી કરે.'

૨૫૨ વૈષ્ણવમાં એક વૈષ્ણવ થઇ ગયા. મોટા રાજયના દીવાન હતા. શ્રીગુસાંઇજીના સેવક. એક સિદ્ધાંત એમને હૃદયમાં વસી ગયો. 'પ્રભુ જો કરે સો ભલી કરે'- એવું તેઓ માનતા, એવું સ્વીકારતા અને એવું સૌને કહેતા. એ રાજયનો રાજા મૃત્યુ પથારીએ હતો. ત્યારે દીકરાને બોલાવીને કહ્યું, બેટા, દીવાનજીની આજ્ઞામાં રહેજે, તારા બાપના સ્થાને છે. દીકરાએ વચન આપ્યું. હવે દીકરો રાજા બન્યો. દીવાનજીને બહુ માન આપે. એ રાજાના ત્યાં પાછો નાનો દીકરો. એ નાના દીકરાએ એક દિવસ બાળહઠ લીધી કે શેરડી ખાવી છે. શેરડી આવી. કાપી આપો. રાજાને તલવાર ચલાવતાં આવડે, છરી ચલાવતાં ના આવડે. નોકરને કહ્યું કે શેરડી કાપી આપ. એટલે દીકરો કહે ના, નોકર ના કાપે, તમે કાપી આપો. રાજા શેરડી કાપવા છરી ચલાવવા ગયા અને અંગૂઠો કપાઇ ગયો. ગામમાં ખબર પડી. મોટાની છાશ પોટલીએ વેચાય. સૌ દોડતા દોડતા ખબર કાઢવા આવ્યા, બહુ ખોટું થયું, બહુ ખોટું થયું. રોજની જેમ દીવાનજી પણ ઘરમાં સેવા પહોંચીને રાજદરબારમાં આવ્યા, પણ એમણે તો સ્વભાવ પ્રમાણે કહ્યુંઃ 'પ્રભુ જો કરે લો ભલી કરે, ચિંતા ન કરશો.' રાજા મનમાં સમસમી ગયો કે અંગૂઠો કપાઇ ગયો, એમાં ભલું થયું કહેવાય? આ દીવાન ૬૦ વટાવી ગયા. હવે બુદ્ધિ બગડી છે આ ડોસાની. પણ પિતાએ કહેલું કે બાપની જગાએ ગણજે. એટલે બોલ્યા નહીં. વળી થોડો વખત થયો એને. એક દિવસ એવો આવ્યો કે રાજાનાં પત્ની હરિશરણ થયાં. ગામ ખરખરે આવ્યું.

દીવાનજી પણ આવ્યા. એમણે કહ્યું: 'રાજાજી, શોક ન કરવો, પ્રભુ જો કરે સો ભલી કરે.' રાજાના મનનો ગુસ્સો આસમાને પહોંચ્યો કે આ તો મારો દુશ્મન છે! કોઇ દુશ્મનના ત્યાં જઇને ય આવું ન કહે, મૃત્યુના પ્રસંગે, કે પ્રભુએ સારું કર્યું! રાજાએ વિચાર કર્યો કે આને સીધો કરી દઇએ. મારાઓને મોકલ્યા કે આ દીવાનને પૂરો કરી નાખો. સવારે ચાર વાગે ઊઠીને રોજ દીવાનજી ગામ બહાર આવેલા જલાશયમાં સ્નાન કરવા જાય. મારાઓ ગોઠવાઇ ગયા. સવારે ચાર વાગે દીવાનજી નીકળ્યા ખરા સ્નાન કરવા જવા, પણ અમાસની રાત હતી, ઘોર અંધારું. ઘરઆંગણે એક ખાડો દેખાયો નહીં અને પગ એમાં પડયો. મચકોડ થયો. બેસી ગયા, ચાલી ન શકાયું. જલાશય સુધી ન પહોંચાયું. એટલે ઘેર સ્નાન કરી લીધું. મારાઓ વીલે મોઢે પાછા ફર્યા. કેમ શું થયું? એટલે કહે આજે દીવાનજી સ્નાન કરવા જ નથી આવ્યા. એમનો પગ મચકોડાઇ ગયાના સમાચાર છે. રાજા મળવા આવ્યા, દીવાનજીને કહે છે 'દીવાનજી, બહુ ખોટું થયું. આ ઉંમરે પગ મચકોડાઇ ગયો.' દીવાનજી કહે, 'પ્રભુ જો કરે સો ભલી કરે. દુ:ખ ન કરવું.' રાજાએ વિચાર કર્યો કે એમની વાત સાચી છે કે પગ મચકોડાયો ન હોત તો આ દીવાનજી અહીં ન હોત. માટે શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે, જીવનમાં જે કંઇ બને છે, એ પ્રભુ ઇચ્છાથી જ બને છે.

માટે નરસિંહ મહેતાએ કહ્યું: 'જે ગમે તે જગતગુરુદેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો, આપણો ચિંતવ્યો અર્થ કંઇ નવ સરે ઉગરે એક ઉદ્વેગ ધરવો.' દયારામભાઇએ કહ્યું કે નરસિંહ, તારી વાત લિબકૂલ સાચી છે. 'ચિત્ત તું શીદને ચિંતા ધરે; કૃષ્ણને કરવું હોય તે કરે.' ત્યારે બીજો કવિ તો એમ કહે કે 'ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે, ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું તું ગણી લેજે.' આ પુષ્ટિભક્તિનો સ્વભાવ. પ્રભુ માંદગી આપે ત્યારે એ પુષ્ટિભકત એમ કહે કે હું માંદો પડું, ઊભો ન થઇ શકું એ જોઇને બાલસ્વરૂપે હે પ્રભુ જો તમને આનંદ આવતો હોય મને ખીજવવાનો, તો મને કોઇ વાંધો નથી.

અમારા નાગરદાસકાકા હમેશાં કહેતા કે માંદગી તો પ્રભુના કૃપાપાત્રોને મળે, કારણ કે પ્રભુનું સ્મરણ જ માંદગીમાં થાય છે. બાકી તો કામની ધમાલમાં પ્રભુ યાદ નથી આવતા. જેને પ્રભુ યાદ નથી આવતા, જેને પ્રભુ પોતાનું સ્મરણ કરાવવા માગે છે, એને પ્રભુ વિપત્તિઓ, આપત્તિઓ આપે છે. માટે જગતમાં જે કંઇ બને છે એ સર્વ કંઇ પ્રભુ-ઇચ્છાથી બને છે, એટલું જ નહીં, એની પાછળ પણ ચોક્કસ કારણો હોય છે. જે કારણો કયારેક આપણને તે સમયે સમજાતાં નથી, પણ પાછળથી સમજાય છે.

શ્રીહરિરાયચરણ અહીં પ્રશ્ન કરે છે કે જો બધું પ્રભુની ઇચ્છાથી જ થવાનું હોય અને આપણું ધાર્યું કંઇ થવાનું ન હોય તો આપણે દુનિયામાં કશું પણ શા માટે કરવું જોઇએ? પ્રયત્ન જ શા માટે કરવો? પ્રભુને જો ભોજન કરાવવું હશે તો મુખમાં ભોજન આવી જશે. સવારની રસોઇની ખટપટ કરવી શીદને? બીજો એક પ્રશ્ન મનમાં જાગે છે કે પ્રભુની ઇચ્છા પ્રભુ પૂરશે, એમ જાણીને હાથ જોડીને શું બેસી રહેવું? પુરુષાર્થવાદીઓ ના પાડશે કે ના, ના, પ્રારબ્ધનો અમે સ્વીકાર નથી કરતા, અમે તો મહેનત કરીશું. ત્યારે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આવી વિષમ સ્થિતિમાં જે પ્રભુમાં દીનતા રાખીને પોતાની શક્તિ પ્રમાણે કાર્ય કરતો રહે છે, એને પ્રભુ સર્વ પ્રકારે સાનુકૂળતા પણ કરી આપે છે.

પુષ્ટિમાર્ગમાં જે જીવ દીન બનીને રહે છે, એ જીવને પ્રભુ અનુકૂળ બનીને રહે છે. પ્રભુની પાસે બધું છે, દીનતા નથી. ષડ્-ઐશ્વર્ય છે,પણ દીનતા નથી. આપણી પાસે ન હોય એ પારકા ભાણાનો લાડવો બહુ મોટો લાગતો હોય. પ્રભુમાં જ્ઞાન છે એટલે પ્રભુને બીજાના જ્ઞાનથી પ્રસન્નતા થતી નથી, પ્રભુમાં વીર્ય છે એટલે બીજાના વીર્યથી પ્રસન્નતા થતી નથી. પ્રભુમાં વૈરાગ્ય પણ છે, એટલે આપણા વૈરાગ્યથી પ્રભુ રીઝતા નથી. પ્રભુ રીઝે છે કેવળ પોતાના દાસની દીનતાથી. કારણ કે પ્રભુ પાસે દીનતાનો નિધિ નથી. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે કેવળ પ્રભુના ઘેર જ નહીં, દુનિયામાં પણ જે માણસ દીન બનીને રહે છે એને સૌ મદદ કરે છે.

આપણે જાણીએ છીએ કે દુનિયામાં કોઇની પાસે કંઇ મેળવવું હોય ત્યારે મોં ગરીબડું કરવું પડે, વાણીમાં દીનતા લાવવી પડે. દુનિયામાં પણ માલિક નોકરની દીનતાથી રાજી થાય છે અને એને જોઇતી વસ્તુ આપે છે. દુનિયામાં દીકરા-દીકરીની દીનતા પિતાને પીગળાવે છે અને એનું મોંમાગ્યું આપે છે. દીનતાની એક જબરજસ્ત અસર આપણે કંઇક પ્રાપ્ત કરવું હોય ત્યારે અનુભવીએ છીએ. પણ દુનિયામાં આ જે ગરીબપણાનો ભાવ છે એને દીનતા નહીં કહીએ, કારણ કે દીનતા તો અલૌકિક ભાવ છે. દીન શબ્દ બહુ મજાનો. તમે તેને જરા ઊલટાવી નાખો, નદી બની જશે. નદીનો સ્વભાવ સૌને આપતાં આપતાં નીચાણ તરફ વહેતાં વહેતાં પોતાના અંતિમ લક્ષ્ય-સમુદ્ર સુધી પહોંચવાનો. જે પોતાની પાસે જે કંઇ છે, એ સૌને વહેંચતો વહેંચતો, હૃદયમાં અહંકાર રાખ્યા વિના, ભગવદ્ગામી બને એ દીન. ‘નમતાથી સૌ કોઇ રીઝે, નમતાને બહુ માન.’ કવિએ એમ પણ કહ્યું કે નદી પણ પર્વતને છોડીને સાગરને ભજવા નીકળે છે. માટે શ્રીહરિરાયચરણ અહીં બતાવે છે કે પુષ્ટિભક્તે એના જીવનમાં સૌથી પહેલી સિદ્ધિ પ્રાપ્ત કરવાની હોય તો એ દીનતાની છે.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી. પ્રભુને પ્રસન્ન કરવાનું સાધન એ દીનતા. '**નહિ સાધનસંપત્ત્યા હરિસ્તુષ્યતિ કદાચન**' - ભકતની સાધનસંપત્તિથી પ્રભુ કયારેય રીઝતા નથી. અલૌકિકમાં જે દીનતા છે, એ દુનિયાનું ગરીબડાપણું નથી. ભિખારીપણું નથી. પામરતાનો અનુભવ કરાવનારી નથી, એ તો પ્રભુના દાસત્વનો અનુભવ કરાવનારી છે. જે દાસ હોય એ દીન બની શકે. સ્વામી કદી દીન બનતો નથી. જે સ્વતંત્ર હોય.એનું માથું હમેશાં ઊંચું રહે, જે પરતંત્ર હોય એનું માથું હમેશાં નમેલું રેહે. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આપણે જીવ પરતંત્ર છીએ. સ્વતંત્ર નથી. એકત્રીસમા શિક્ષાપત્રમાં જોઇ ગયા છીએ કે પ્રભુની લીલા માટે આપણો પ્રાદુર્ભાવ છે. પ્રભુ નચાવે એમ નાચવાનું છે. 'જેવો જંત્ર વગાડે જંત્રી તેવો સ્વર નીસરે, ચિત્ત તું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે.' માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી 'ચિંતા કાપિ ન કાર્યા'- કોઇ પ્રકારની ચિંતા મારો સેવક કદી ન કરે.

આ માર્ગમાં પરમ સાધન જો કોઇ હોય તો તે કેવળ દીનતા છે. આવી દીનતાનાં દર્શન અનેક ભગવદીયોએ કરાવ્યાં છે. આવી દીનતાનાં દર્શન શ્રીગુસાંઇજી પ્રભુચરણ આદિ મહાનુભાવોએ પણ કરાવ્યાં છે. શ્રીગુસાંઇજી હરસાનીજીને વિનંતી કરે છે, હરસાનીજી! આપ શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર છો. આપના હૃદયમાં અમારા પિતૃચરણોએ સ્વમાર્ગના સિદ્ધાંત સ્થાપિત કર્યા છે. હું એ જાણવા સમજવા આવ્યો છું, મને સમજાવો. શ્રીગુસાંઇજી હરસાનાજીના ત્યાં સામે પધારે, સ્વમાર્ગના સિદ્ધાંતો જાણવા! આ દૈન્યત્વ છે.

આવું દૈન્યત્વ બતાવ્યું હરસાનીજીએ જયારે શ્રીમહાપ્રભુજીએ પૂછયું કે, દમલા, તેંને કછું સુન્યો? દામોદરદાસજી જેમનું નામ, જેમના પર શ્રીવલ્લભની અઢળક પ્રીતિ. એમણે તો શ્રીકૃષ્ણ અને શ્રીવલ્લભનો સંવાદ સાંભળ્યો છે. છતાંય ગુરુમુખથી શ્રવણ કરવાની અભિલાષાથી દામોદરદાસજી હાથ જોડીને વિનંતી કરે છે, 'મહારાજ, સુન્યો તો સહી, પરી સમજયો નાહીં!' આ દીનતા.

માટે આપણા માર્ગમાં વાણીનો વ્યવહાર પણ દીનતાયુક્ત છે. આપણા સર્વ શબ્દપ્રયોગો દીનતાવાળા છે. દીનતા તો શેઠ પુરુષોત્તમદાસજીએ બતાવી. એ પ્રસંગનું ચિંતન કરતાં રોમ રોમ પ્રસન્ન થઇ જાય છે. એ જમાનાનો ૫૬ કરોડ રૂપિયાનો આસામી! એના ત્યાં નોકરચાકરોની શી ખોટ હશે? પણ પ્રભુને જેમનું દૂધ આરોગવું છે એ ગાયોની સેવા સ્વયં શેઠ પુરુષોત્તમદાસજી કરે છે. આ દીનતા.

આપણા જીવનમાંથી તો દીનતા જ ચાલી ગઇ. માટે ભગવદ્સેવા આ હાથોથી હવે બનતી નથી. આ શરીરથી બનતી નથી. પંખાની સેવા હાથે છોડી દીધી.

ઈલેકટ્રીક ફેનને એ સેવા મળી. પ્રભુની સામગ્રી માટેનો ચૂન પીસવાની સેવા હાથે છોડી દીધી. ઘરમાં એક નવો કીર્તનિયો આવ્યો. એને ગાવાં હોય એ કીર્તન ગાય અને ઠાકોરજીને સાંભળવા હોય એ સાંભળે, આપણે શું?

મને તો ભય લાગે છે કે આવતી કાલે સેવા રોબોટને ન સોંપાય! યંત્રમાનવ આવશે. એ બધી સેવા કરશે અને આપણે ઘરમાંય દર્શનાર્થી બની જઈશું, સેવાર્થી મટી જઈશું! શ્રીમહાપ્રભુજીએ તનુવિત્તજા સેવાની આજ્ઞા કરી એની પાછળનો એ ભાવ હતો કે હૃદયમાં દીનતા આવે. અહંકાર ઓગળી જાય. દીનતા તો આપણા શેઠ દામોદરદાસ સંભરવાળાની. એમની પાસે લૌકિક દૃષ્ટિએ આપણો કોઈ કલાસ નથી. કનોજ રાજયના દીવાન અને પાછા શહેરના નગરશેઠ. પાંત્રીસ કરોડ રૂપિયા એમના ઘરમાં કોથળીઓમાં પડેલા. એવા શેઠજી રોજ ઠાકોરજીનું જળ ભરવા ગાગર લઈને બજાર વચ્ચેથી પગે ચાલીને જાય! આ દીનતા હૃદયમાંથી આવે છે. આ દીનતા દાસત્વમાંથી આવે છે. આ દીનતા શરણાગતિ અને સમર્પણના અનુસંધાનમાંથી જીવનમાં ઉતરે છે. માટે શ્રીમહાપ્રભુજીએ નિવેદન મંત્રનું સ્મરણ કરવાની આજ્ઞા કરી. હે કૃષ્ણ, હું તમારો છુ! હે કૃષ્ણ, હું તમારો છું!

આવી દીનતા આપણા જીવનમાં કેમ નથી આવતી? આપણે દીનતાનું નાટક કરીએ છીએ, સાચી દીનતાનો અનુભવ નથી કરતા. એનું કારણ શું? શ્રીહરિરાયચરણ એનું કારણ બતાવે છે કે દીનતાને રોકનારા બે જ છે - એક અભિમાન અને બીજો મદ. તમે કહેશો આ બંને શબ્દોમાં ફેર શો? આમ તો આ બંને શબ્દોનો દરેક પરિસ્થિતિમાં ઉપયોગ કરીએ છીએ. અભિમાનને મદનો પર્યાય કહીએ છીએ, પણ બંનેમાં સૂક્ષ્મ ફેર છે. શ્રીગોપેશ્વરજી પોતાની ટીકામાં આ ફરક સમજાવે છે. આપણી જે અહંતા છે, એમાંથી અભિમાન જન્મે છે. અહંતા એટલે હું બધું કરુ છું એમ માનવું. ‘હું કરું- હું કરુ એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે.’ માણસ માત્રની મોટામાં મોટી નબળાઈ હોય તો આ અહંતા છે. સૌને આપણે એમ કહીએ છીએ કે આ હું કરું છું. હું નો ફૂફાડો બહુ જ ખતરનાક હોય છે.

હિંદીમાં તમે હું લખો, ત્યારે એનું સ્વરૂપ કોચલું વળીને ફેણ ચડાવીને બેઠેલા નાગ જેવું લાગે છે. હું પદો ફૂંફાડો મારે છે. અંગ્રેજીમાં આઈ લખો તો એ આઈનો ઊભો દાંડો છે, તે મગજમાં ધોકાના જેવો આભાસ ઊભો કરે છે. આ હું-પદ એટલે અભિમાન. અજાણતામાં આપણે બોલીએ છીએ કે હું ન હોઉં તો આ કામ થાય નહીં. ઘરમાં વડીલો યુવાન પેઢીને કહેતા હોય છે : હું નહીં હોઉં-અમે નહીં હોઈએ ત્યારે તમને ખબર પડશે. એમનાં મા-બાપે પણ એવું જ કહેલું અને એ વખતે એમણે

પણ મનમાં એવું જ કહેલું કે તમારા બાપા પણ આવું જ કહેતા હતા. એ ગયા તોયે ઘર ચાલ્યું, તમે જશો તોયે ઘર ચાલશે.

માણસ પોતે કંઇ કરે છે એ વાતમાં માલ નથી, એ વાત પોતે જાણે છે. અનેક વાર એને તમાચા પડી ચૂકયા છે કે એનું ધાર્યું નથી થતું, અને છતાં એમ જ માનતો ફરે છે કે હું આ બધું કરું છું. આ હું કરું છું એ જ અભિમાન-હું-પદ. આ હું-પદ જે લૌકિકમાં છે એ આપણને દીનતા તરફ જતાં રોકે છે. બધાં શાસ્ત્રોએ અને બધા આચાર્યોએ એકમતે એમ કહ્યું કે આ અભિમાનનો નાશ કરો, અહંતાનો નાશ કરો. મીમાંસકોએ એમ કહ્યું કે અહંતા-મમતા નાશ પામે તો જ મોક્ષ મળે, પણ એ બધા પાછા કહે છે કે એનો નાશ થવો મુશ્કેલ છે. પ્રાણીજગતમાં એવું એક પ્રાણી થાય છે. તમે જેમ એને કાપો, ટુકડા કરો એમ એ વધતું જાય, અહંતા પણ આવી છે.

યોગમાર્ગે એમ કહ્યું કે એને કચડી નાખો, એનું દમન કરો. અન્ય ધર્મોએ પણ એનું દમન બતાવ્યું. દમન કરનારાઓનો અનુભવ એવો છે કે જે દહાડે દમનની સ્પ્રીંગ છટકે છે, ત્યારે એ બમણા જોરથી પાછી કામ કરતી થાય છે. દુર્વાસા મુનિનો અહંકાર આપણે જાણીએ છીએ. રાજા અંબરિષ જેવા ભક્ત તરફ અહંકાર કરવા ગયા, તો એનું પરિણામ શું આવ્યું એ પણ આપણે જાણીએ છીએ. જેમણે આવો અહંકાર સેવ્યો છે એની અધોગતિ થઇ છે. એ બ્રહ્માજી હોય કે શિવજી હોય. એ દેવ હોય કે દાનવ હોય. એ મનુષ્ય હોય કે પ્રાણી હોય. જયાં અહંકાર આવ્યો ત્યાં જીવન ભેંકાર બની જાય છે. માટે સૌએ એમ કહ્યું કે આ અહંકાર, આ અભિમાનનો એનો કંઇક રસ્તો કરો, પણ રસ્તો કોઇથી થયો નહીં.

શ્રીમહાપ્રભુજીએ જ એનો રસ્તો કર્યો, ગજબનો રસ્તો કર્યો કે તમારા અહંકારનું તમે ચેનલાઇઝેશન કરો, સબ્લીમેશન કરી નાખો. હું કરું છું એમ કહેવાને બદલે પ્રભુ કરાવે છે એમ કહો... હું છું એમ કહેવાને બદલે હું કૃષ્ણનો છું એમ કહો. તમારું હું-પદ કૃષ્ણને સોંપો. તમે કૃષ્ણના બની જાઓ. તમારા શરીરનું સર્વ સામર્થ્ય કૃષ્ણસેવામાં લગાડી દો. જયાં સુધી બીજાને પૈસા આપીને સેવા કરાવીએ, જાતે ન કરીએ ત્યાં સુધી શરીરનું અભિમાન નમતું નથી, પ્રભુનાં ચરણોમાં સમર્પિત થતું નથી, પણ દુર્ભાગ્ય એ થયું કે આપણે બધાં ઘરમાં શેઠશેઠાણી બની ગયાં, ઘરના કામમાં પણ આપણું શરીર નમવા ન લાગ્યું અને નોકર-ચાકરો પર પરતંત્ર બની ગયા. જેમ લૌકિકમાં નોકર-ચાકર પર પરતંત્ર બન્યા તેમ અલૌકિકમાં પણ શરીરને નમવાની ટેવ ન રહી, એટલે નમ્યા નહીં. નોકર-ચાકર ન મળ્યાં તો સાધનો તો છે ને? એના ઉપર પરતંત્ર બન્યા.

મને યાદ આવે છે મારું બાળપણ. ઘરમાં જ મીઠા જળનો કૂવો હતો, ગરગડીથી જળ ખેંચીને એ જળની જયારે ઝારી ભરાતી, ત્યારે એ ઝારી ભરવાનો અનેરો આનંદ આવતો. મને યાદ આવે છે, કયારેક કયારેક શ્રાવણ માસમાં પાટણમાં સરસ્વતી નદીમાં જળ આવ્યું હોય ત્યારે દોઢ-બે માઇલ અપરસમાં જઇને એ જળની નાની ગાગર ભરી લાવીને, એની ઝારી ભરવાનો અપૂર્વ આનંદ આવતો. જ્યેઠાભિષેક સ્નાન કરાવવા માટે નદીનું જળ લઇ આવીને સ્નાન કરાવતાં રોમરોમમાં પ્રફુલ્લતા થતી. પણ હવે? એ સેવા પેલા નળરાજાએ સ્વીકારી લીધી! ચકલી ખોલો એટલે ટપ જળ આવી ગયું. પરદેશમાં એવી ચકલી જોઇએ કે ખોલવાનું પણ કષ્ટ ન લો, નીચે હાથ ધરો કે વાસણ ધરો એટલે જળ આવવા માંડે, ચકલી ખોલવાની સેવાય ભાગ્યમાંથી ગઇ અને પરિણામે સેવામાં પણ અહંકાર આવ્યો.

એક વૈષ્ણવના ત્યાં જવાનું થયું. પ્રભુએ સમૃદ્ધિ આપેલી. ઉષ્ણકાળમાં પ્રભુના સુખ માટે એમણે ઠાકોરજીના શૈયામંદિરમાં એ. સી. મૂકાવેલું. જે આવે એને બતાવે કે જુઓ. કોઇએ મૂકાવ્યું છે? મેં શૈયામંદિરમાં એ.સી. મૂકાવ્યું! શૈયામંદિર તો જુઓ! મને થયું, આ સંપત્તિમા અહંકારનો નશો છે. પહેલાં તો ઠાકોરજી પોઢે એટલે પોઢાડીને થોડી વાર હાથથી પંખાની સેવા થાય. માનનાં પદ ગવાય. પછી પોઢવાનાં પદ ગવાય, આશ્રયનાં પદ ગવાય, પણ હવે તો કંઇ કરવાનું જ નથી. એ.સી.ની સ્વીચ ચાલુ કરી એટલે પૂરું થઇ ગયું. જયારથી આપણું શરીર સેવા કરતું અટક્યું છે, ત્યારથી જે અહંકાર પ્રભુને સમર્પિત કરવાની વાત કરેલી, એ અહંકાર જ આપણામાં વધવા લાગ્યો છે.

એક દિવસ પ્રયોગ કરવો હોય તો કરી જુઓ. ઇલેકટ્રીક ઘંટીમાં ઘઉં દળવાને બદલે કયાંક ઘરના સ્ટોરરૂમમાં મૂકી હોય તો એ નાની ઘંટીમાં થોડાક ઘઉં પીસીને ઉષ્ણકાલમાં પ્રભુને સત્તુ આરોગાવજો. એટલો આનંદ આવશે કે આ સેવા મારા હાથથી પ્રભુએ અંગીકાર કરી! કેટલી દીનતા તેનામાં હશે! માટે, શ્રીગોપેશ્વરજી આજ્ઞા કરે છે કે આપણા શરીરમાં રહેલી અહંતામાંથી અભિમાન જાગે છે અને એ અભિમાનને દૂર કરવા માટે આપણે આપણા ઘરમાં, આપણા શરીરથી પ્રભુની સેવા કરવી એ ઉત્તમમાં ઉત્તમ ઉપાય છે.

ત્યારે મદ આવ્યો કયાંથી? શ્રીગોપેશ્વરજી આજ્ઞા કરે છે કે મમતામાંથી મદ જાગે છે. માણસને પોતાની વસ્તુઓની મમતા હોય. ધનની મમતા હોય, જ્ઞાનની મમતા હોય, સંપત્તિની મમતા હોય, સ્વજનોની મમતા હોય. જેને પ્રભુએ ધન આપ્યું

એને ધનનો મદ થાય છે, વિદ્યા આપી હોય એને વિદ્યાનો મદ થાય છે, શક્તિ આપી એને શક્તિનો મદ થાય છે, સંપત્તિ આપી હોય એને સંપત્તિનો મદ થાય છે અને સ્વજનો આપ્યાં એને સ્વજનોનો મદ થાય છે. માણસનો આ મદ એને પ્રભુથી વિમુખ કરે છે, દીનતા લાવવા દેતો નથી. જ્ઞાનીને એમ થાય કે હું આટલો મોટો જ્ઞાની ને નીચો નમીને હાથ જોડું? શ્રીમંતને એમ થાય કે બધે હુકમ કરનારો હું બીજાંના હુકમ માનું? માણસને પોતાપણાની લાગણીનો મોટો મદ છે. મને કોઈની પડી નથી. મારી પાસે બધું છે. આ મદ એને પ્રભુથી વિમુખ કરે છે. માટે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે ભાઈ, તમારી મમતા, જે જવાની નથી, એને પ્રભુમાં જોડી દો. કેવી રીતે જોડશો? પ્રભુ મારા છે, હુ પ્રભુનો છું, પ્રભુ મારા છે. આ ભાવ સતત જો મનમાં રહ્યા કરે કે હું પ્રભુનો છું, તેથી મારે પ્રભુની સેવા કરવી છે. પ્રભુ મારા છે તો મારું બધું જ પ્રભુને અંગીકાર કરાવવું છે. વાત પૂરી થઈ ગઈ. મદ ગયો. હું-પદ ગયું. દીનતા આવી ગઈ.

૨૫૨ વૈષ્ણવ પૈકીના પેલા વૈષ્ણવને યાદ કરો. અમારા મહેસાણા જેવા ગામમાં રહેતા હશે કે જયાં તેમને ફૂલ શોધવા જવું પડે! શોધે તોય ન મળે. એક દિવસ અનાયાસ બજારમાં એક ગુલાબનું ફૂલ લઈને માળી વેચવા બેસી ગયો. માળીને ભાવ પૂછયો. એક ગુલાબના ફૂલનો ૫૦૦ વર્ષ પહેલાંનો ભાવ એક રૂપિયો. આજે તો ટપ દઈને રૂપિયો આપી દઈએ. પણ એ જમાનાનો એક રૂપિયો! એટલામાં તો શ્રીમહાપ્રભુજીએ અન્નકૂટ કર્યો હતો.

વૈષ્ણવ આનાકાની કર્યા સિવાય ખિસામાં હાથ નાખવા જાય છે, પ્રભુને લાયક છે. રૂપિયો શું, બે રૂપિયા હોય તોય વાંધો નહીં. ત્યાં પાછળથી એક મુસલમાન સરદારે કહ્યું, મારા બે રૂપિયા. ચડસાચડસી થઈ. વૈષ્ણવે તો અકળાઈને કહી દીધું, સેવામાં વિલંબ થતો હતો એટલે- એક હજાર રૂપિયા. મુસલમાન યુવાન ઠરી ગયો. કારણ કે તેને તો એની પત્નીના વાળમાં ખોસવા માટે જોઈતું હતું. આ વૈષ્ણવને તો પ્રભુને ધરાવવા માટે જોઈતું હતું. લૌકિક પ્રેમ પાછો પડ્યો, અલૌકિક પ્રેમ સર્વોપરિ થઈ ગયો. વૈષ્ણવ એક હજાર રુપિયા આપીને ગુલાબનું ફૂલ લઈ ઘેર આવ્યા. એ દિવસે પ્રભુના મસ્તકે પાઘમાં કલગીની જેમ ગુલાબનું ફૂલ ધરાવ્યું. કેટલી દીનતાથી ધર્યું, કેટલા પ્રેમથી ધર્યું? આ પ્રભુ મારા છે, એમના માટે હું શું ન કરું? ‘તેરે રોમકી છબિ પર, જગત વારી સબ નાખોં’-અરે, આખું જગત સમર્પણ કરી દઉં, જો મારી પાસે હોય તો. એની એ દીનતા પાસે, એના એ પ્રેમ પાસે જતિપુરામાં શ્રીગોવર્ધનનાથજી ઝૂકી ગયા. શ્રીગુસાંઈજી શૃંગાર કરતા હતા. પ્રભુનું મસ્તક ઝૂકી

ગયું. કેમ પ્રભુ આપનું મસ્તક ઝૂકી ગયું? કાકાજી, તમારા સેવકે આજે ખરી કરી. એની સઘળી મમતા મારાં ચરણોમાં દીનતાથી ધરી દીધી છે.

પ્રભુ માટે આપણી સંપત્તિનો આવો વિનિયોગ આપણી મમતાને દૂર કરનારો છે. મારા પ્રભુની પ્રસન્નતા થતી હોય તો આ રૂપિયા શા કામના છે? આવો ભાવ પુષ્ટિપ્રભુને બહુ પ્રિય છે. જેણે આવી આ અહંતા છોડી, જેણે આવી મમતા છોડી, એવા પદ્મનાભદાસજીનું સ્મરણ કરો. અહોહોહો, શું એ મહાભગવદીય થઇ ગયા! ન ભૂતો ન ભવિષ્યતિ. આખું ઉત્તર ભારત જેમના પગમાં પડે, કનોજ રાજયના રાજા ખુલ્લા પગે એમના ઘેર સામા પગે કથા સાંભળવા આવે! એ પદ્મનાભદાસજીને શ્રીમહાપ્રભુજીની આજ્ઞા થઇ: પદ્મનાભ, તારા પ્રાણ કંઠે આવી લાગે, જીવવાની કોઇ આશા બાકી ન રહે એવી સ્થિતિમાંયે ભાગવતજીનો વેપાર કરીને પેટ ન ભરતો, હોં. પદ્મનાભદાસજીએ સંકલ્પ કર્યો કે આજથી ભાગવતજીની કથા નહીં કરું. શું કરવું ત્યારે હવે પેટ ભરવા? સાત માણસનું મોટું કુટુંબ. જે હાથથી કેવળ પોથીનાં પાનાં જ પકડ્યાં છે જિંદગીભર, એવા કોમળ હાથમાં કુહાડી લઇને લાકડાં કાપવા જંગલમાં ગયા. પ્રભુની સેવા માટે પોતાનો અહંકાર, પોતાનું સ્વમાન પ્રભુનાં શ્રીચરણોમાં ધરી દીધું. તેમણે બજાર વચ્ચે ઊભા રહીને લાકડાં વેચ્યાં. એક આનો મળ્યો. એક આનામાં શું આવે? ચણા લઇને ઘેર આવ્યા. ભીંજવીને ચણાના છોલા બનાવી શ્રીમથુરેશજીને ભોગ ધર્યો. બાવા, આજે આના સિવાય બીજું કંઇ મારી પાસે નથી. આને આપ દૂધ માનીને આરોગજો. આને દહીં માનીને આરોગજો, આને મઠડી માનીને આરોગજો, આને સંધાણું માનીને આરોગજો. એ જ છોલાનો મંગળભોગ, એ જ છોલાનો રાજભોગ, એ જ છોલાનો શયનભોગ, અને એ જ છોલાનો મહાપ્રસાદ! આમ કરતાં કરતાં નેત્રોમાંથી સતત વિરહનાં અશ્રુ ચાલ્યાં જાય છે. મારા પ્રભુને કેટલો પરિશ્રમ થાય છે! શ્રીમથુરેશજીએ પણ પદ્મનાભદાસજીના ભાવનો કેવો અંગીકાર કર્યો હશે? છપ્પનભોગ તો પુષ્ટિમાર્ગમાં અનેક વખત થાય છે અને થશે, પણ શ્રીગિરધરજીએ છપ્પનભોગ કર્યો, શ્રીમથુરેશજી ઘેર પધાર્યા ત્યારે. એમ કહેવાય છે કે સામગ્રીનું એક એક નંગ બંગાળી એક એક મણ વજનનું હતું. એટલે આપણા બે મણ વજનનું એક નંગ. એવી અનેક સામગ્રીઓ. ભોગ સરાવીને બીડી આરોગાવતાં પૂછે છે, બાવા, યે ભોગ કૈસો લગ્યો? શ્રીમથુરેશજીને પદ્મનાભદાસજીની યાદ આવી જાય છે. ગોવર્ધન, મેરે પદ્મનાભદાસ કે એક છોલા મેં જો સ્વાદ આયો, વો સ્વાદ યે સારે છપ્પનભોગ મેં નહીં આયો!

વિચાર કરો, એ છોલામાં જે સ્વાદ આવ્યો, એ સ્વાદ શાનો હતો? એ ભક્તની

દીનતાનો સ્વાદ છે. માટે દયારામભાઈએ કહ્યું , કયારેક નિશ્ચયના મહેલમાં જવાનું તમને સૌભાગ્ય સાંપડી જાય, ત્યારે પૈસા નહીં લઇ જાઓ તો ચાલશે. પ્રભુની ગોલખમાં રૂપિયો, બે રૂપિયા, પાંચ રૂપિયા, દશ રૂપિયાની નોટ નહીં મૂકો તો ચાલશે, પણ પ્રભુની સામે ખાલી હાથે ન જશો. શું લઇને જશો? 'દીનતા પાત્રમાં મનમણિ મૂકીને ભેટ ભગવંતજીને કરજો રે..' હૃદયને દીનતાનું પાત્ર બનાવજો. અને એમાં મનરૂપી મણિ મૂકીને પ્રભુનાં ચરણોમાં ધરી દેજોઃ હે પ્રભુ, જે મન લૌકિકમાં અહંકાર-અભિમાન-મદ કરે છે, એ આ મન, આપનાં ચરણોમાં ધરી દઉં છું. હવે મારા મનમાં કેવળ મારા મદનમોહનલાલ રહે. આમ, સેવક બનવાથી, દાસત્વનું સતત અનુસંધાન રાખવાથી મદ અને અભિમાન દૂર થાય છે, દીનતા આવે છે.

આ અભિમાન અને મદને દૂર કરવા માટે શ્રીહરિરાયજીએ બહુ સુંદર વાત કહી. ઇન્દ્રિયોની દુષ્ટતા એટલે અભિમાન અને મદ. એને નાશ કરવાનો એક જ ઉપાય, નવધા ભક્તિનો. નવધા ભક્તિથી અભિમાન અને મદને નાથી શકાશે. દશમ સ્કંધના કાલીયનાગના પ્રસંગનું આ જ રહસ્ય છે. સહસ્રફણાઓવાળો કાલીયનાગ શ્રીયમુનાજીના વિમલ જલને દૂષિત કરે છે. કયો કાલીયનાગ અને કયાં યમુનાજી? જલની કઇ વિમલતા? તો અહંતા-મમતારૂપી હજારો ફેણોવાળું જે મન એ કાલીયનાગ જેવું છે. મન જયાં રહ્યું છે, એ હૃદય ભક્તિનું ધામ છે, શ્રીયમુનાજીને બિરાજવાનું ધામ છે. હૃદયરૂપા શ્રીયમુનાજી ભક્તિસ્વરૂપા છે. ભક્તિ હૃદયમાં રહે, જ્ઞાન બુદ્ધિમાં રહે. તો જે શુદ્ધ-નિષ્કામ ભક્તિ છે, જેને પુષ્ટિભક્તિ કહીએ, તે પુષ્ટિભક્તિને દૂષિત કરનારો અહંતા-મમતાનો કાલીયનાગ છે. અહંતા-મમતાએ આપણી ભક્તિને બગાડી છે. ગંદી કરી નાંખી છે. બીજે કયાંય આવું હશે કે કેમ ખબર નથી. પુષ્ટિમાર્ગમાં તો છે. હર વાતનો ભક્તિમાં સોદો છે. શ્યામ સાથે સોદો કરવા સિવાય આપણને બીજું આવડતું નથી. સોદો રૂપિયાના સંદર્ભમાં કરીએ છીએ. અગિયાર રૂપિયા આપીએ સામગ્રીમાં, તો બદલામાં શું આપશો?

નાથદ્વારામાં એક વૈષ્ણવ મળેલા. મને કહે, તમે સાવ અક્કલ વિનાના છો. મેં કહ્યું હા, વાત તો તદ્દન સાચી. તમે મને ઓળખી લીધો. કયાં અક્કલ વાપરવાની છે? એટલે કહે જુઓ, એક વાત સમજી લેજો. જેટલી સેવા કરવાની હોય એ એક સાથે ન લખાવવી. મેં કહ્યું કેમ? તેઓ કહે, સમજણ નથી પડતી તમને! સો રૂપિયા સાથે લખાવો અને પચીસ-પચીસ રૂપિયા ચાર જણના નામે લખાવો. પ્રયોગ કરી જુઓ, શામાં પ્રસાદ વધારે મળે છે? એક વૈષ્ણવ આવ્યા. સુંદર જરીનો સાજ મંદિરમાં ઠાકોરજીને ભેટ ધર્યો. અંગીકાર થયો. પેલા વૈષ્ણવે દર્શન કર્યાં. બેસી રહ્યા.

મંદિર બંધ થતું હતું. અધિકારીએ પૂછયુંઃ કેમ શેઠ, તમે કેમ બેઠા છો? એટલે કહે કે આ સાજ આપ્યો, એનો પ્રસાદ મળશે કે નહિ મળે? અધિકારી કહે, ભાઇ! સાજનો પ્રસાદ કયાંથી લાવું? સાજ તો અંગીકાર થઇ ગયો. રૂપિયા આપ્યા હોત તો સામગ્રી આરોગત અને પ્રસાદ આપત. એટલે કહે, સાજ પણ રૂપિયાનો બન્યો હતો ને? ઠાકોરજીને મફતમાં કશું આપવા આપણે તૈયાર જ નથી. બીજા કોઇ ધર્મવાળા આપણી ઑફિસે આવે અને કહે કે એકાવન રૂપિયા આપો તો હોંશે કહીએ છીએ કે લઇ જાઓ. એને કોઇ દહાડો પૂછયું કે પ્રસાદ મોકલાવશો?

આપણી પુષ્ટિભક્તિને આપણી આ અહંતા-મમતાના કાલીયનાગે દૂષિત કરી દીધી છે, માટે પ્રભુ પાસેથી દરેક વસ્તુનું બારગેઇનિંગ કરીએ છીએ, બદલાની આશા રાખીએ છીએ. જેમાં બદલો ન મળે એવું કોઇ કામ પુષ્ટિમાર્ગમાં ન કરવું, એવું નક્કી કરીને જાણે બેઠાં છીએ. માટે આપણા હૃદયમાં અભિમાન રહે છે. લોકોને કહેતા ફરીએ છીએ, કોઇને કહેશો નહિ હોં, પણ આજનો મનોરથ આપણો. કોઇને કહેશો નહિ, હોં! પણ હું હોઉં તો જ આ છપ્પનભોગ થાય! આવો અહંકાર અને આવી મમતા, જે પુષ્ટિભક્તિથી વિરોધિની છે, એ આપણી પુષ્ટિભક્તિમાં ઘૂસી ગઇ છે. એને લઇને આપણી ગૃહસેવામાં પણ સ્વાર્થની ગંધ આવે છે.

શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું કે આ તનુવિત્તજા સેવા ઘરમાં રહીને એટલા માટે કરવી જરૂરી છે કે જેને કારણે અહંતા-મમતાનો નાશ થાય. કેમ? અહંતા-મમતાનો નાશ કેવળ ભગવદ્ચરણારવિંદથી જ થશે. કાલીયનાગના મસ્તકે ભગવાનનાં ચરણારવિંદ સ્થાપિત થયાં, તો કાલીયનાગને યમુનાજી છોડવાં પડ્યાં.

આપણું મસ્તક ભગવદ્ ચરણારવિંદમાં નમેલું રહેશે. ભગવદ્ ચરણારવિંદની રજ આપણા મસ્તકે લાગેલી રહેશે, તો એ મસ્તકમાં જન્મતી અહંતા-મમતા દૂર થશે. માટે સેવામાં અનેક વખત દંડવત કરવાનાં વિધાન છે. સેવામાં જઇએ, હાથ ખાસા કરીને મંદિર પાસે પહેલાં દંડવત કરવાં પડે. હવે તો દંડવત કરતાંય શરીર નથી ચાલતું. સાષ્ટાંગ દંડવત કરવાનું ય ભુલાઇ ગયું. પંચાંગ દંડવત કરીએ છીએ. એય નથી આવડતાં. નમાજ પઢતા મુસલમાનની જેમ બેય ઢીંચણ નમાવીને દંડવત કરીએ છીએ. દંડવતમાં કેવળ જમણો ઢીંચણ જમીનનો સ્પર્શ કરે ત્યારે પંચાંગ દંડવત થાય, પણ સેવામાં દંડવત કરવામાંય કેડનો મણકો ખસે છે. એટલે ઊભા ઊભા હાથ જોડીને સંતોષ માની લઇએ છીએ. બાકી તો ઠાકોરજીનાં મંદિર ખોલતાં દંડવત થાય. મંગળા આરતી કરીને દંડવત થાય, શૃંગાર ધરીને દંડવત થાય, રાજભોગ ધરીને દંડવત થાય, અનોસર કરીને બહાર આવતાં દંડવત થાય. કેટલી

બધી વાર દંડવત થાય! જેટલી વાર દંડવત થાય, એટલીવાર દીનતાનો ભાવ હૃદયમાં પ્રગટે-ઉછળે, પણ સેવામાંથી-દર્શનમાંથી આ દંડવત પણ ગયાં.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે મર્યાદામાર્ગમાં શ્રવણથી શરૂ કરીને ભક્તિનો વિકાસ થાય અને આત્મનિવેદન એનું અંતિમ બિંદુ. પુષ્ટિમાર્ગમાં ઊંધું. પહેલાં આત્મનિવેદન અને પછી સેવા-સ્મરણ-સત્સંગ. આ નવધા ભક્તિના વિનિયોગથી દીનતા આવે. કેવી રીતે આવે? શ્રવણ કરવા બેસીએ ત્યારે પ્રાચીન પરંપરા એવી કે જમીન પર આસન પાથરીને સત્સંગ થતો. હવે તો સંખ્યા વધી, સામૂહિક સત્સંગ થયો, એટલે સત્સંગ કરાવનારને થોડાક ઊંચા બેસવાનું જરૂરી બન્યું. કારણ કે એ સૌને જોઇ શકે. પણ સત્સંગ કરાવનારના મનમાં પણ દીનતા હોવી જોઇએ કે આ વ્યાસાસન નથી, આ દાસાસન છે. આ દાસનું આસન છે. વૈષ્ણવોની અનુકૂળતા માટે બેઠો છું, બાકી ઉચ્ચ આસને બેસવું એ મારે મારે હિતકર નથી. બે પગની પલાંઠી વાળીને શ્રવણ કરવા બેસવું જોઇએ એમ પ્રાચીન ભગવદીયો કહે છે. પલાંઠી વાળીને બેસવું એને સુખાસન કહેવાય છે. તેઓ એમ કહેતાં કે પલાંઠી વાળેલી જ રાખવી જોઇએ. પગને આઘાપાછા ન કરવા જોઇએ. એની પાછળ ભાવ છે. આપણા સેવ્ય પ્રભુ આપણી ગોદમાં બિરાજીને ભગવદ્‌વાર્તાનું શ્રવણ કરે છે. એમને પરિશ્રમ ન થાય. જુઓ, એમાં દીનતા આવી.

આપણા પુષ્ટિમાર્ગમાં ઊંધા પગ નાખીને બેસવાનો રિવાજ નથી, કારણ કે એ અભિમાનસૂચક આસન છે. પહેલાં તો સૌ ધોતી પહેરતાં ત્યારે એવો પણ પ્રકાર હતો કે બંને પગનાં તળિયાં વગેરે બધું ઢંકાઇ જાય એવી રીતે બેસવું, જેથી પ્રભુની સન્મુખ આપણા પગ ખુલ્લા ન દેખાય. પણ હવે તો પહેરનારને મારે શું કહેવું? શેનાથી પગ ઢાંકે? આ શ્રવણભક્તિ દીનતા લાવે છે. ટેકો દીધા વિના, બેત્રણ કલાક બેસવું એ સરળ નથી. માટે હું તો હમેશાં ભગવદ્‌વાર્તામાં આવનારા શ્રોતાઓની શ્રવણભક્તિને દંડવત કરું છું.

કીર્તન ભક્તિનો વિચાર કરો. ઠાકોરજીનાં કીર્તન ગાઇએ છીએ. આમ તો બે ગાયન લતા મંગેશકર ગાય છે ને થાકે છે, જયારે આપણા કીર્તનકારો કલાકોના કલાકો સુધી કીર્તન કર્યા જ કરે. એમને થાકની અસર ન આવે. આપણા ત્યાં કીર્તનમાં પણ દીનતા હતી કે મારાં કીર્તન પ્રભુની પ્રસન્નતા માટે, જન-મનોરંજન માટે નહીં. પરિણામે ગોવિંદસ્વામીનું કીર્તન છૂપાઇને અકબરે સાંભળ્યું ને વાહ-વાહ કરી. ત્યારથી એ ભૈરવી રાગ છીવાઇ ગયો. કુંભનદાસજીએ તો મોઢામોઢ કહી દીધું, મારાં કીર્તન મારા પ્રભુ માટે જ. કીર્તન-ભક્તિ કેવળ પ્રભુને રીઝવવા થાય, ત્યારે

એમાં દીનતા આવે. ઘોંઘીએ કેવી રીતે કીર્તન કર્યાં હશે કે શ્રીનવનીતપ્રિયજી પોતાના ચરણ પર પોતાના જમણા હસ્તથી તાલ આપતા હશે? શું દીનતા હશે ઘોંઘીની? મેહા ઢીમર જેવા શૂદ્ર વર્ણમાં જન્મેલા એ ભગવદીયમાં કઇ દીનતા હશે કે જયારે તેઓ ગોવર્ધનલીલાનાં કીર્તન કરે ત્યારે એમને ગોવર્ધનલીલાનાં સાક્ષાત દર્શન થાય! કીર્તનભક્તિ દીનતા લાવે છે, પણ આપણે તો એય સેવા પેલા ટેપરેકર્ડરને સોંપી દીધી. ખરેખર એ દીનતાથી સેવા કરે છે, હોં. તમે જોજો, સ્વીચ નીચી ન હોય ત્યાં સુધી કીર્તન નથી કરતું, સ્વીચ દબાવો, એ નીચી થઇ, એણે દંડવત કર્યાં એટલે એના કંઠમાંથી રાગનો આલાપ નીકળ્યો! આ જડ વસ્તુ પણ ઘણું શીખવે છે. લાઇટની સ્વીચ આપણને દીનતા શીખવે છે. જૂના જમાનાની સ્વીચોને બરાબર જોઇ હશે તો ખ્યાલ આવશે કે એનું માથું ઊંચું હોય, ત્યાં સુધી અંધારું. એનું માથું નીચું નમ્યું એટલે પ્રકાશ, પ્રકાશ ને પ્રકાશ. હૃદયમાં અભિમાન છે ત્યાં સુધી અંધારું. માથું ઊંચું છે. હૃદયમાં દીનતા થઇ એટલે પ્રકાશ, ભગવદ્પ્રકાશ.

સ્મરણ દીનતા લાવે. જબરજસ્ત દીનતા લાવે. જે રીતે થાય તે રીતે સ્મરણ કરવું. સ્મરણના અનેક પ્રકાર. જપ થાય, પાઠ થાય, અનેક રીતે સ્મરણ થાય. પણ સ્મરણ કરતાં કરતાં દીનતા આવે, વિરહતાપ થાય. ગોપીજનોએ 'ગોપીગીત'ના સ્મરણથી દીનતાનો અનુભવ કર્યો. પ્રભુનું કથામૃત દીનતા લાવે.

શ્રવણ, કીર્તન, સ્મરણ, પછી અર્ચન એટલે સેવા. એમાં તો દીનતા છે જ. પાદસેવન-પ્રભુના ચરણની સેવા થાય. ત્યાંય દીનતા છે. દાસ્ય, સખ્ય, આત્મ-નિવેદન. સખ્ય ભક્તિમાં ય દીનતા તો હોવી જ જોઇએ. ગોવિંદ સ્વામીની સખ્યભક્તિ સાચી, પણ શ્રીગુસાંઇજીની આજ્ઞાનું પાલન કરવાની દીનતા પણ સાચી. માટે શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી કે અભિમાન અને મદને દૂર કરવા માટે અલૌકિક નવધા ભક્તિનાં નવ સાધનો છે. એનો તમે બરાબર ઉપયોગ કરશો, તો તમારા મનમાંથી અભિમાન અને મદ ચાલ્યાં જશે અને દીનતા આવશે.

દીનતા માટે શ્રીહરિરાયચરણ એક બીજો પ્રકાર બતાવે છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આપણા પ્રભુ તો એવા દયાળુ છે કે એમના શરણે જનારના અભિમાન અને મદને બહુ સરળતાથી બાળી નાખે છે. કારણ? અગ્નિમાં કોઇ પણ વસ્તુ નાખો તો એ બળી જાય. આપણા શ્રીવલ્લભ તો અલૌકિક અગ્નિસ્વરૂપ છે. જે જીવ પોતાના અભિમાન અને મદને શ્રીવલ્લભનાં ચરણોમાં પધરાવી દે છે, શ્રીવલ્લભ ચરણાશ્રિત બને છે, એને દીનતા પ્રાપ્ત થાય છે. શ્રીમહાપ્રભુજીનો આશ્રય કરવાથી દીનતા મળે, 'દૃઢ ઇન ચરનન કેરો ભરોંસો'- સૂરદાસજીએ ગાયું. 'આશરો

એક દૃઢ શ્રીવલ્લભાધીશકો'- એમ શ્રીદ્વારકેશજી મહારાજે ગાયું. તો આ 'દૃઢ ઇન ચરનન કેરો ભરોસો' એ સત્સંગના અંતે, રાત્રે-દિવસના બધા કામના અંતે કેવળ ગાવા માટેનું છે? દૃઢ ઇન ચરનન ગાઇએ એટલે ભરોંસો થઇ જાય? તે કોઇ દવાની બૉટલ છે? કોઇ ઇંજેકશન છે કે આપતાંની સાથે જ શરીરમાં ગરમી ગરમી થઇ જાય? આપણે શ્રીવલ્લભના ચરણાશ્રિત થયા છીએ કે નથી થયા એનો માપદંડ કયો? શ્રીવલ્લભના સેવક બનીને, એમની કંઠી પહેરી એટલે શ્રીવલ્લભના સેવક બન્યાં ખરા?

શ્રીહરિરાયચરણ, શ્રીમહાપ્રભુજીનો આશ્રય થયો કે નહીં એને માપવા માટેના સાત માપદંડ આપે છે. પહેલો માપદંડ તો એ છે કે જેમને શ્રીમહાપ્રભુજીનો આશ્રય કરવો હોય, એમણે પહેલાં શ્રીમહાપ્રભુજીના ભક્તોનો આશ્રય કરવો પડશે, કારણ કે ભગવાન ભક્તાધીન છે અને શ્રીમહાપ્રભુજી પણ ભક્તાધીન છે. રામાનંદ પંડિતનો શ્રીમહાપ્રભુજીએ ત્યાગ કર્યો, પણ પેલાં ડોકરી લઇ આવ્યાં, હાથ પકડીને. મહારાજ, આપનું બિરુદ રાખો. આટલો બધો દંડ ન હોય. શ્રીમહાપ્રભુજીએ રામાનંદજીને ફરી અપનાવી લીધા. ઠાકોરજીનો અપરાધ થાય તો શ્રીમહાપ્રભુજીની કૃપાથી નિવૃત્ત થાય, શ્રીમહાપ્રભુજીનો અપરાધ થાય તો ભગવદીયોની કૃપાથી નિવૃત્ત થાય, પણ ભગવદીયોનો અપરાધ થાય તો ન ઠાકોરજી નિવૃત્ત કરે, ન શ્રીમહાપ્રભુજી નિવૃત્ત કરે. માટે શ્રીહરિરાયચરણ પ્રથમ શિક્ષાપત્રમાં પણ આજ્ઞા કરતા હતા અને છેલ્લા એકતાલીસમા શિક્ષાપત્રમાં પણ આજ્ઞા કરશે કે જેવો ભાવ ઠાકોરજીમાં રાખો છો, જેવો ભાવ શ્રીમહાપ્રભુજીમાં રાખો છો એવો જ ભાવ ભગવદીયોમાં-વૈષ્ણવોમાં પણ રાખો.

એવા પ્રસંગો છે, એવા વૈષ્ણવો છે કે જેમનાથી ઠાકોરજીની સેવા નથી બની. શ્રીમહાપ્રભુજીની સેવા પણ નથી બની. એમણે કેવળ વૈષ્ણવોની સેવા કરી છે અને વૈષ્ણવોની સેવા દ્વારા એમને ઠાકોરજીનો સાક્ષાત અનુભવ થયો છે. પદ્મનાભદાસજીની નાની દીકરી અને એના વર વૈષ્ણવોની સેવા કરે છે, ઘેર ઠાકોરજી બિરાજતા નથી, ભાવનાથી ભોગ ધરે છે, તો સાક્ષાત મથુરાનાથજી આરોગવા પધારે છે.

૨૫૨ વૈષ્ણવોમાં એક વૈષ્ણવની વાર્તા છે. તે માની મનાઇ છતાં વ્રજયાત્રા કરવા નીકળ્યા હતા. રસ્તામાં બંદીખાનામાં કેદ થયા. પાછા આવતાં માને છેતરવા ગયા કે વ્રજયાત્રા કરી આવ્યો છું, પણ શ્રીમહાપ્રભુજીનાં, શ્રીગુસાંઇજીનાં કૃપાપાત્ર એવાં એ માજીને અનુભવ હતો એટલે પૂછયું કે બેટા, કેદખાનામાં દુઃખ તો નથી

પડયું ને? એ યુવાન દીકરો માની ક્ષમા માગીને પૂછે છે કે મને વ્રજયાત્રા થાય એવો રસ્તો બતાવો. માએ બતાવેલો રસ્તો આપણે પણ યાદ રાખવા જેવો છે. એમણે કહ્યું, બેટા! ત્રણ વાતનું ધ્યાન રાખજે. સત્ય બોલજે, સૌના ઉપર દયા રાખજે, અને તારા આંગણે આવતા વૈષ્ણવોની ભરપૂર સેવા કરજે, પણ કોઇની પાસે કંઇ માગીશ નહીં. એક દિવસ એક વિરક્ત વૈષ્ણવની ખૂબ સેવા કરી. વૈષ્ણવે પ્રસન્ન થઇને કહ્યું, જા બેટા, વ્રજયાત્રાનો તારો મનોરથ પરિપૂર્ણ થશે.

પ્રભુએ ભક્તોને આવી શક્તિ આપી છે, જેને કારણે એ ભકત ભગવદીય કહેવાય છે. આપણે મન સૌ ભગવદીય જ હોય.

વૈષ્ણવોમાં કેવો ભાવ હોય એનું જીવતું-જાગતું ઉદાહરણ છે આપણા જમાનાનું. આજે સૂરતમાં વૈષ્ણવોના વિશ્રામનું-ઉતારાનું સ્થળ એટલે નાનીમાનું ઘર. નાનીમાના ઘેર વૈષ્ણવો એને પોતાનું ઘર સમજીને ઉતરે. એક વિરક્ત વૈષ્ણવ આવ્યા, ઠાકોરજીને પધરાવીને. નાનીમા પોતાની સંપત્તિ પ્રભુને અંગીકાર કરાવે. સાચા મોતી-હીરાનાં આભૂષણો. વૈષ્ણવનું મન ચલિત થયું. જવાના દિવસે ઝાંપીજી કરતાં કેટલાંક આભૂષણો ઝાંપીજીમાં મૂકી દીધાં. નાનીમાની સાથે નહાનારા વૈષ્ણવને ખબર પડી. એમણે નાનીમાના કાનમાં કહ્યું, આ વૈષ્ણવ આભૂષણોની ચોરી કરીને જાય છે. મા કહે કે મારા વૈષ્ણવ કદી ચોરી ન કરે. એને પ્રભુને સુંદર આભૂષણો ધરવાનો ભાવ થયો, માટે લઇ જતા હશે. એમણે પ્રેમથી કહ્યું, વૈષ્ણવ! ઠાકોરજીને આભૂષણો ધરવાનો મનોરથ છે ને? પણ ભાઇ, આટલાં થોડાં આભૂષણોથી પ્રભુને પ્રસન્નતા કેમ થશે? તમે રોકાઇ જાઓ. આ આભૂષણ તો તમારા પ્રભુનાં માપનાં પણ નથી. એક અઠવાડિયું રોકાઓ. તમારા પ્રભુનાં સર્વ આભૂષણ સિદ્ધ કરાવી આપીશ. મારી રંકની આટલી સેવા સ્વીકારો! આ ભાવ છે વૈષ્ણવો પ્રત્યેનો.

આ ભાવ આજે આપણામાંથી ઘસાઇ ગયો છે. ઘેર આવતા વ્રજવાસી વૈષ્ણવ સાથેનો આપણો વ્યવહાર પણ કઠોર થતો ગયો. તમારા વડોદરાનું તો સૌભાગ્ય છે કે અહીંયાં વૈષ્ણવોના મુકામની સુંદર વ્યવસ્થા છે, પણ એવાં અનેક સ્થાનો છે કે જયાં વૈષ્ણવને માટેનાં સ્થાનો, વૈષ્ણવના ઉપયોગમાં નથી આવતાં. મારો લખનૌનો અનુભવ છે. ગંગા દસમીનો દિવસ હતો. લખનૌની ગરમી. બેઠક યાત્રા કરતાં કરતાં સાંજે લખનૌ પહોંચ્યાં, શ્રીનાથજીના મંદિરે. મંદિરના કંપાઉન્ડમાં બે માળનું એક વૈષ્ણવે વૈષ્ણવો માટે ભવન બંધાવ્યું છે, પણ ત્યાંના કેટલાક સ્થાનિક વૈષ્ણવોએ એનો કબજો લઇ લીધેલો. મંદિરના અધિકારીજી કહે હમણાં કથા પૂરી થાય તે પછી તમે

અંદર મુકામ કરો. સાંજે મહાપ્રસાદ લેજો. શરીરમાં મને સખત તાવ. ખુલ્લા ચોકમાં સૂર્યની ગરમી નીચે હમણાં ભગવદ્‌વાર્તા પૂરી થશે, હમણાં ભગવદ્‌વાર્તા પૂરી થશે, હમણાં ભગવદ્‌વાર્તા પૂરી થશે-એની રાહ જોતાં બેસી રહ્યાં. સાંજે ચાર વાગ્યાનાં બેઠેલાં. શયનનાં દર્શન થઇ ગયાં, રાત્રે નવ વાગ્યા, પણ શાસ્ત્રીજી એ જગ્યા છોડવાનું નામ ન લે. હાથ જોડીને વિનંતી કરી, એટલે કહે કે સામાન મૂકવો હોય તો મૂકો, પણ અંદર સૂવાશે નહિ. મને થયું, જે વૈષ્ણવે ભાવથી વૈષ્ણવો માટે આ ભવન બનાવ્યું છે, એની હિફાજત કરવામાં ય આપણે આટલા બધા દોષરૂપ બનીએ છીએ!

બહુ તાજો દાખલો હૃદયને કોરી રહ્યો છે. એક ગામમાં એક મંદિરમાં પ્રસાદની વ્યવસ્થા કરવાની મને ફરજ પડી. પ્રસાદ લેવા ગયેલા વૈષ્ણવો સાથે મંદિરના કાર્યવાહકોએ જે દુર્વ્યવહાર કર્યો તે જોઇને થયું કે હે પ્રભુ! અસમર્પિત છોડનારાની તું આટલી બધી કસોટી કરે છે? એ કોઇ ટ્રસ્ટીના ઘેર નથી ગયા, એ કોઇ વ્યવસ્થાપકની હવેલીમાં નથી ગયા. એ તો તારે દ્વારે આવ્યા છે. જળની એક લોટી માટે આટલા કઠોર શબ્દો સાંભળવાના? આપણો વૈષ્ણવી ભાવ આજે ભુંસાઇ જતો નથી લાગતો?

શ્રીહરિરાયચરણ તો આજ્ઞા કરે છે કે જેને વૈષ્ણવોનો આશ્રય નથી, એને કદી શ્રીમહાપ્રભુજીનો આશ્રય થવાનો નથી. શ્રીહરસાનીજી, શ્રીમેઘનજી, શ્રીસૂરદાસજી જેવા શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલના નિજ અંતરંગ ભગવદીયો આજે પણ ભૂતલ પર આપણા સૌની અંદર અંશરૂપે બિરાજમાન છે. જેના ગળામાં શ્રીવલ્લભનાં બે ચરણકમળ બિરાજે છે-કંઠીના રૂપે, એવા વૈષ્ણવો ઉપર આપણને ખરેખર પ્રેમ છે?

એક ગામથી પત્ર આવ્યો, એક વૈષ્ણવનો. તમે પેલા ભાઇના ત્યાં મારું પુસ્તક મોકલ્યું છે, પણ હું એના ત્યાં લેવા નહિ જઉં. અમારે બોલવાનો વ્યવહાર નથી, જય શ્રીકૃષ્ણ કરવાનો વ્યવહાર નથી. માટે એને કહેજો કે એ આવીને મને આપી જાય! અરે, વૈષ્ણવ સાથે જયશ્રીકૃષ્ણનો ય વ્યવહાર બંધ કરવો પડે, એવી શી આસમાની-સુલતાની થઇ ગઇ?

પણ ખરેખર વૈષ્ણવોના વ્યવહારમાં પણ વિવેક શીખવો પડે. જય શ્રીકૃષ્ણ પણ કયાં થાય અને કયાં ન થાય એનો વિવેક આપણે કયારેક જાણતા નથી. શ્રીઠાકોરજીની અને શ્રીવલ્લભની સન્મુખ જય શ્રીકૃષ્ણ ન થાય. કારણ? પુષ્ટિમાર્ગનો એ પ્રોટોકોલ છે કે શ્રીઠાકોરજી સિવાય શ્રીઠાકોરજી સામે બીજા કોઇને મસ્તક ન નમે. શ્રીવલ્લભકુળ બિરાજતા હોય, ત્યાં નેત્રો નમે. મસ્તક શ્રીઠાકોરજીને જ દંડવત કરે. શ્રીઠાકોરજી ન બિરાજતા હોય અને શ્રીવલ્લભકુળ બિરાજે, ત્યારે મસ્તક

સ્વાધ્યાય કરવાનું કહે છે. એક વાત યાદ રાખજો. સંસ્કૃત નથી આવડતું? ફિકર ના કરશો. ગુજરાતી આવડે છે? ઓછું આવડે છે? ફિકર ના કરશો. જે કંઇ છે તે વાંચો. સંસ્કૃત ન આવડતું હોય તો ય શ્રીમહાપ્રભુજીની વાણી છે. ષોડશગ્રંથનો રોજ પાઠ કરો. શ્રીમહાપ્રભુજીની વાણી ફળીભૂત થશે જ. ગ્રંથ સ્વાધ્યાય દ્વારા શ્રીવલ્લભનાં ચરણોનો આશ્રય એ બીજું પગથિયું.

ત્રીજું પગથિયું, દુ:સંગની નિવૃત્તિ. દુ:સંગરહિત થઇને શ્રીવલ્લભચરણનો આશ્રય કરવો. દુ:સંગ વિષે આપણે ઠીક ઠીક જોયું હતું. દુ:સંગ માણસને કયારે કોનો થઇ જાય એની ખબર નથી પડતી. ભગવદીયો પણ એમાંથી નથી બચી શક્યા. દામોદરદાસ સંભરવાળાનાં પત્નીને પુત્રપ્રાપ્તિની ઇચ્છાનો દુ:સંગ થયો. દુ:સંગના અનેક પ્રકારો છે. જેને વૈષ્ણવ માનીને સત્સંગ કરવા બેઠા હોઇએ એનો દુ:સંગ લાગે, કારણ કે એ લૌકિક વાતો કરતો હોય. માટે પ્રાચીન ભગવદીયો એમ કહેતા કે મહાપ્રસાદ સૌને લેવડાવવો, પણ સંગ ટકોરા મારીને, ખાતરી કર્યા પછી કરવો. શેકસપિયરે કહ્યું, તારી જીભ તું બહુ થોડાને આપજે. ગમે ત્યાં સત્સંગ કરવા ના બેસી જવું. નહીંતર સત્સંગ તો થતાં થશે, પણ દુ:સંગ લાગી જશે. એટલે દુ:સંગનો ત્યાગ કરવો એ ત્રીજું પગથિયું.

ચોથું પગથિયું છે, સત્સંગ માટે આતુરતા સેવવી. જયારે મળે ત્યારે સત્સંગનો લાભ લઇ લેવો. બે વૈષ્ણવો અજાણ્યા હતા. પોતપોતાના કામે જતા હતા. એકબીજાને પરિચય થયો. બપોર થયા. એક વાવ પાસે બંને ભેગા થઇ ગયા. જલ પીતાં પીતાં વાત થઇ અને બંનેને ખબર પડી ગઇ કે બંને શ્રીમહાપ્રભુજીના સેવક છે. તક ઝડપી લીધી. આવો વૈષ્ણવ, થોડીક ભગવદ્વાર્તા કરી લઇએ. કેટલી મિનિટ વાર્તા કરી? બાર-પંદર મિનિટ. અને પાછા પોતપોતાના રસ્તે વળતાં એક વૈષ્ણવે દીવાલ પર લખ્યું, 'અડધી ઘડી જીવ્યા.'

સત્સંગ જયાં મળે ત્યાં કરી લેવો. સત્સંગ જયાં થતો હોય ત્યાં જઇને કરવો. શેઠ પુરુષોત્તમદાસ સત્સંગ કરવા બીજા વૈષ્ણવને ત્યાં જતા. એમ નહોતા કહેતા કે હું ગામનો સૌથી આગેવાન વૈષ્ણવ, મારા ઘેર સત્સંગ કેમ નથી થતો? સત્સંગ શોધવો, અને સત્સંગ મળે ત્યારે એનો લાભ જતો ન કરવો. ભગવદ્નામ લેવાથી શરીરને પરિશ્રમ નથી થતો. હા, ભગવદ્નામ લીધા પછી દેહના ધર્મોનું જે થવાનું હોય તે થાય. સત્સંગ એ તો ભગવદ્સ્વરૂપ છે. ઉજ્જૈનમાં કૃષ્ણ ભટ્ટજીના ત્યાં વ્રજમાંથી એક વૈષ્ણવ આવ્યા છે. સત્સંગ માટેની સોનેરી ક્ષણ આવી. ભટ્ટજીએ પત્નીને કહ્યું કે ત્રણ દિવસ તમે ઠાકોરજીને પહોંચજો. અમે એકાંતમાં બેસીને સત્સંગ

કરીએ. ૨૫૨ વૈષ્ણવોમાં શ્રોતા અને વક્તા વૈષ્ણવોની વાર્તા છે. વ્રજના એકાંતમાં છ મહિના સુધી બેસીને બે જણે સત્સંગ કરતાં કરતાં પ્રાણ છોડી દીધા! સત્સંગની આવી આતુરતા જો રાખીએ તો પ્રભુ આ સમયમાં પણ શ્રીહરિરાયચરણોએ બતાવ્યાં છે એવાં લક્ષણોવાળા ભગવદીયોનો સત્સંગ આપણને જરૂર મેળવી આપે છે. સત્સંગ દ્વારા શ્રીમહાપ્રભુજીનો આશ્રય થાય.

શ્રીવલ્લભાશ્રયનું પાંચમું પગથિયું છે સેવા. જે સેવામાં તત્પર છે એને શ્રીમહાપ્રભુજીનો આશ્રય રહે છે, કારણ કે સેવામાં સતત વિનંતી થાય છે કે શ્રીમહાપ્રભુજીની કાનિથી આરોગજો. આપણે એવો ભાવ રાખીએ છીએ કે સેવા તો શ્રીમહાપ્રભુજી, વ્રજભક્તો વગેરે કરે છે. હું તો એમની પરિચર્યા કરું છું. સેવાથી શ્રીવલ્લભાશ્રય દૃઢ થાય છે.

છઠ્ઠું પગથિયું છે અન્યાશ્રયનો ત્યાગ. જેના જીવનમાં અન્યાશ્રય છે, એને કદી વલ્લભાશ્રય કે કૃષ્ણાશ્રય થતો નથી. અન્યાશ્રય શબ્દનો બહુ સંકુચિત અર્થ આપણે સમજતા રહ્યા છીએ. એને પરિણામે જ આપણે અન્યાશ્રયના ઉચ્ચતમ સિદ્ધાંતની ટીકા કરતા રહ્યા છીએ. આશ્રય એટલે કોઇની અપેક્ષા રાખીને એના બનીને રહેવું. જે આપણને ન મળતું હોય એ મેળવવા બીજાના ઉપર આધાર રાખવો. પ્રભુ સિવાય બીજા કોઇના ઉપર આપણી જરૂરિયાતો માટે આધાર રાખવો એનું નામ અન્યાશ્રય. પ્રભુ સિવાય કોઇની પણ પાસે હાથ લંબાવવો એનું નામ અન્યાશ્રય. પછી એ કોઇ દેવરૂપ હોય, માનવ હોય, જડ પદાર્થ હોય કે પોતાની જાત હોય. આ બધાનો અન્યાશ્રય થાય. બહુ સૂક્ષ્મ રીતે અન્યાશ્રય થઇ જાય છે. ખબર પણ નથી પડતી. રસ્તે જતાં હોઇએ અને કોઇક આપણને કંઇક મદદ કરે, અને આપણે લાગણીના આવેશમાં કહી દઇએ, સારું થયું તમે મદદ કરી, તમે ન હોત તો મારું શું થાત? થઇ ગયો અન્યાશ્રય. એને તો પ્રભુએ મોકલ્યો છે, તમને મદદ કરવા. એ તો નિમિત્ત છે. એમ કહેવું જોઇતું હતું કે પ્રભુકૃપાથી તમે મદદ કરી, તમારો આભાર.

રાત્રિની ગરમીમાં પવન ન આવ્યો. અકળામણ થઇ. અને થોડી વાર પછી શીતળ પવનની લહેરો આવી એટલે કહ્યું કે હાશ, આ પવને જીવાડ્યા! બિચારા જડ પવનનો આશ્રય થઇ ગયો અને થઇ ગયો અન્યાશ્રય. પવનને મોકલનાર કોણ? પવનને મોકલનાર પુરુષોત્તમને ભૂલી ગયા અને પવનને આપણું સર્વસ્વ માની બેઠા. માણસ પોતાની જાતનો આશ્રય કરે છે. શું કરું? મારે કરવું જ પડે, હું ન કરું તો બીજું કોણ કરે? અરે ભાઇ, કરાવશે તો પ્રભુ, તું શું કરવાનો છે? શા માટે તું તારી જાતનો આશ્રય કરે છે? થઇ ગયો અન્યાશ્રય. દેવદેવીના દ્વારે જવું એ અન્યાશ્રય

નથી, પણ દેવ-દેવીના દ્વારે માગવા જવું, સ્વાર્થવશ જવું એ જરૂર અન્યાશ્રય છે. માટે શ્રીમહાપ્રભુજીએ કહ્યું: ‘ન સ્વતો ગમનમેવ ચ.’ તમે સામે ચાલીને, જાણીબૂઝીને જશો નહીં, કારણ કે જશો તો માગવાની ટેવ પડી છે એટલે મંગાઇ જશે.

આપણી સોસાયટીમાં કેટલા બધા બંગલા હોય છે? એમાં કોઇ એવો માણસ હોય છે કે રોજ બધે બંગલે સાલમુબારક કરવા જાય? વર્ષે એક દિવસ મળવા જાય. અનાયાસ સામે મળે તો કેમ છો કહે, પણ રોજ ઘેર ઘેર કેમ છો કરવા કોઇ જાય ખરું? રસ્તામાં જતાં કોઇ દેવરૂપનું સ્થાન આવ્યું અને નજર એ બાજુ વળી, તો જરૂર દીનતાપૂર્વક ભગવદ્‌સ્મરણ કરવાં જોઇએ, એક વૈષ્ણવને જેમ કરીએ તેમ એ પણ પ્રભુના સેવક છે એ ભાવથી, પણ ચાહીને, ચાલો આજે આપણે જઇએ. કેમ જઇએ? તો બસ, મન થયું. ફરવા જઇએ. ભાઇ ફરવા જવું હોય તો બીજે જા, ત્યાં જઇશ તો કંઇક માગવાનું મન થશે. માટે શ્રીમહાપ્રભુજીએ કહ્યું, જાણીબૂઝીને જવાનું કોઇ કારણ નથી. દુનિયાના લોકો પાસે જાણીબૂઝીને જવાનું પુષ્ટિજીવોને કોઇ કારણ નથી. આપણને ટેવ પડી છે, સાંજ પડે એટલે કયાં જવું? તો ચાલો, કોઇકના ઘેર જઇએ. અરે, ઘેર જઇએ એટલે શું થાય? એને માટે બે સારા શબ્દો કહેવા જ પડે, મહેમાન થઇને ગયા છીએ. દુઃસંગ થાય, અન્યાશ્રય થાય. આવા સર્વ પ્રકારના સૂક્ષ્મ અને સ્થૂળ મનથી, વાણીથી અને ક્રિયાથી થતા અન્યાશ્રયનો ત્યાગ કરવાથી વલ્લભાશ્રય દૃઢ બને છે.

સાતમું પગથિયું છે કામ, ક્રોધ અને લોભનો ત્યાગ કરવો. શ્રીમહાપ્રભુજીનો આશ્રય કરવા માટે આ ત્રણ દુર્ગુણો દૂર થવા જરૂરી છે. શ્રીહરસાનીજીની વાર્તામાં પ્રસંગ છેઃ વર્ધા શહેરમાં શ્રીમહાપ્રભુજી પધાર્યા. ગવાક્ષમાંથી શ્રીહરસાનીજીએ દર્શન કર્યાં. સ્વરૂપાનુભવ થયો અને કૂદકો મારીને નીચે ચરણમાં આવીને ચરણાશ્રિત થઇ ચાલવા લાગ્યા. પોતાનો ભાઇ કોઇ માણસની પાછળ ચાલ્યો જાય છે એની ખબર પડી, એટલે એમના ત્રણ મોટા ભાઇઓ પાછળ દોડ્યા. એમને જોઇને હરસાનીજીએ કહ્યું કે મહારાજ, આ મારા ભાઇઓ મને પકડી જશે! શ્રીમહાપ્રભુજીએ પોતાનું અગ્નિસ્વરૂપ બતાવ્યું એટલે ગભરાઇ જઇને પેલા ત્રણ જણ નાસી ગયા.

ભાવપ્રકાશમાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આ ત્રણ ભાઇઓ કોણ હતા? તો કહે છે કે એક કામ હતો, બીજો ક્રોધ હતો, અને ત્રીજો લોભ હતો. દરેકને ઘરમાં ત્રણ ભાઇઓ છે-કામ, ક્રોધ અને લોભ. જે આપણને શ્રીમહાપ્રભુજીના અને શ્રીપ્રભુના ચરણારવિંદમાં જતાં રોકે છે. લૌકિક કામનાઓ જાગી, વિષયવાસના જાગી, એટલે પ્રભુનું નામ, પ્રભુનું ધ્યાન, પ્રભુની સેવા છૂટ્યાં. શ્રીમહાપ્રભુજીએ

'સર્વનિર્ણય' ગ્રંથમાં બહુ સુંદર આજ્ઞા કરી છે કે આજકાલ માણસોની ધર્મમાં રુચિ કેમ જાગતી નથી. કારણ બતાવ્યું: જિહ્વા એટલે જીભ અને ઉપસ્થ એટલે જનનેન્દ્રિય. જીભ અને જનનેન્દ્રિયના ગુલામ બનીને આપણે સૌ જીવીએ છીએ. જીભથી અભક્ષ્ય પદાર્થોનું ભોજન કરીને મનને બગાડીએ છીએ. વિષયસેવનથી બુદ્ધિને બગાડીએ છીએ.

બગડેલી બુદ્ધિ જીવ પાસે લૌકિક વાતો અને નિંદાઓ કરાવે છે. અભક્ષ્ય ભોજનનો પ્રભાવ આપણી કામવાસનાઓ ઉપર પડે છે. સાત્ત્વિક પ્રસાદી ભોજન વિનાનું ભોજન આપણામાં કામવાસનાઓની વિકૃતિઓ લાવે છે અને તેથી જગતની અંદર જેણે ભગવદ્-સમર્પિત લેવાનું છોડ્યું એની જીભ અને જનનેન્દ્રિય બગડ્યાં. એમાંથી ક્રોધ જાગે છે. તે મન અને બુદ્ધિને બગાડે છે. એમાંથી લોભ જાગે છે. તે આપણા જીવનને નષ્ટ કરે છે. માણસ કામ, ક્રોધ અને લોભનો ત્યાગ નથી કરી શકતો. જેમ અહંતા અને મમતાનો ત્યાગ નથી થતો તેમ. તો ત્યાગ શેનો કરવો, ઇચ્છાઓ કઇ કરવી? તો ભગવદ્‌સંબંધી કામનાઓ કરવી. પ્રભુની લીલાના મનોરથો કરવા. કામ અલૌકિક બની જશે. ક્રોધ શાનો કરવો? તો દુ:સંગ, અન્યાશ્રય, અસમર્પિત જેવા મહારાક્ષસોની સામે ક્રોધ કરવો. જેનાથી એ બળીને ભસ્મ થઇ જશે. લોભ શાનો કરવો? ભગવદ્‌સેવાનો, નામસ્મરણનો, સત્સંગનો લોભ કરવો. એનાથી લૌકિક લોભ છૂટી જશે.

આમ, શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી, ઉલટા ક્રમથી. આ સોપાનો જોઇએ તો જે જીવનમાંથી કામ, ક્રોધ અને લોભ છોડે છે, પરિણામે જેનો અન્યાશ્રય છૂટે છે, એને કારણે જેની સેવામાં તત્પરતા થાય છે, સાથે સાથે સત્સંગમાં આતુરતા થતાં જે દુ:સંગરહિત બને છે અને એ ભાવમય સ્થિતિમાં શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો સ્વાધ્યાય કરતાં કરતાં જે શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર વૈષ્ણવોનો આશ્રય કરીને રહે છે, એને શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય થાય છે. આ દૃઢ આશ્રય થયો એનું બેરોમીટર-પારાશીશી કઇ? શ્રીહરિરાયચરણે આગળ બતાવી દીધું કે જેને શ્રીમહાપ્રભુનો દૃઢ આશ્રય થાય એને અભિમાન અને મદ થતાં નથી. એનામાં દીનતા આવે છે. એટલે દીનતા, નિ:સાધનતાનું જે અલૌકિક સ્વરૂપ છે એને પ્રાપ્ત કરવા માટે શ્રીવલ્લભાશ્રયપૂર્વક ભગવદ્-સેવાસ્મરણમાં નવધા ભક્તિનો વિનિયોગ કરવાનો ઉત્તમોત્તમ ઉપદેશ આ શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ આપે છે, અંતમાં આજ્ઞા કરે છે કે આનાથી ફળરૂપ દીનતાની પ્રાપ્તિ થશે.

દીનતા પણ બે પ્રકારની છે - સેવાની જેમ. સાધનરૂપા દીનતા અને ફળરૂપા

દીનતા. સેવાસ્મરણમાં અભિમાન છૂટે અને દૈન્ય બની રહે એ સાધનરૂપા દીનતા. પણ જ્યારે હૃદયમાં એ દીનતા ફળરૂપ બને ત્યારે દીનનાથ, દીનજનોના સ્વામી એવા પ્રભુ સ્વયં ભક્તની સામે પધારે. ત્યારે એ ફળરૂપા દીનતા. સાક્ષાત ભગવદ્ અનુભવ થવા છતાં એનો સૌભાગ્યમદ ન થવો એ ફળરૂપા દીનતા છે.

આવી દીનતા પુષ્ટિમાર્ગ માટે પાયાની સૌ પ્રથમ આવશ્યકતા છે. જે જીવનમાં દીનતા માટે સતત જાગૃતિ સેવે છે અને જે ભગવદ્ કૃપા માટે સતત અભિલાષા સેવે છે, એવા પુષ્ટિજીવને શ્રીમહાપ્રભુજી દીનતાનું દાન કરે છે.

અહીં શ્રીહરિરાયચરણ આ તેત્રીસમા શિક્ષાપત્રના દસ શ્લોકમાં દૈન્યનું, દીનતાનું, નિઃસાધનતાનું સ્વરૂપ આપણને સુંદર રીતે સમજાવે છે અને તે સાથે જ તેત્રીસમું શિક્ષાપત્ર અહીં પરિપૂર્ણ થાય છે.

ઈતિ શ્રીહરિરાયજી વિરચિતં ત્રયોત્રિંશતમં શિક્ષાપત્રં
શ્રીગોપેશ્વરજીકૃતા વ્રજભાષા ટીકા સમેતં સમાપ્તમ્.

તેત્રીસમા શિક્ષાપત્રનો સારાંશ

શ્લોક સંખ્યા : ૯
વિષય : **દીનતા અને નિઃસાધનતા**

(૧) પુષ્ટિમાર્ગમાં ફળ આપવામાં પ્રભુની ઈચ્છા જ માત્ર નિયામક છે.
(૨) પ્રભુ ફળદાન કરવાની ઈચ્છા કરે, માટે વૈષ્ણવે દીનતા રાખવી.
(૩) પ્રભુ જીવની દીનતાથી જ પ્રસન્ન થાય છે. જગતમાં પણ દીન ઉપર બીજાને દયા આવે છે.
(૪) અભિમાન અને મદ દીનતામાં પરમ વિરોધી છે. વૈષ્ણવે તે બંનેનો ત્યાગ કરવો.
(૫) જીવ અભિમાન અને મદ છોડી ન શકે તો, શ્રીમહાપ્રભુજીના શરણાગત થવાથી, અલૌકિક અગ્નિસ્વરૂપ શ્રીમહાપ્રભુજી જીવના અભિમાન અને મદને બાળી નાખશે.
(૬) ભગવદીયો દ્વારા શ્રીમહાપ્રભુજીના ગ્રંથો સમજવાથી શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય થશે અને અન્યાશ્રય છૂટશે.
(૭) દીનતાથી નિઃસાધનતા સિદ્ધ થાય છે.

શિક્ષાપત્ર ચોત્રીસમું

શ્રીકૃષ્ણઃ સર્વદા સેવ્યઃ ફલં પ્રાપ્યં સ્વતસ્તુ સઃ ।
મુખારવિંદભક્ત્યૈવ સાક્ષાત્સેવૈકરૂપયા ॥૧॥

મુખારવિંદની સેવા સાક્ષાત્ સેવારૂપ છે, તેથી શ્રીકૃષ્ણ સદા સેવ્ય છે. તે જ આપોઆપ ફળની પ્રાપ્તિ કરાવે છે. (૧)

ચરણાઽત્મકભક્ત્યા તુ ધર્મસેવાત્મરૂપયા ।
ધર્મદ્વારાતદ્વિશિષ્ટઃ પ્રભુઃ પ્રાપ્યો ન સંશયઃ ॥૨॥

ચરણાત્મક સેવાથી ધર્મવિશિષ્ટ પ્રભુની પ્રાપ્તિ થાય છે, તેમાં ધર્મ દ્વારા પ્રભુ પ્રાપ્ત થાય છે. (૨)

તત્ર સાયુજ્યસંબંધો ન લોભાઽમતસેવનમ્ ।
મુખારવિંદભક્તૌ તુ સાક્ષાત્ તત્સેવનં મતમ્ ॥૩॥

ચરણારવિંદની સેવામાં સાયુજ્ય સંબંધ છે, લોભાત્મક અધરામૃત (ભગવવ-પ્રસાદ)નું સેવન નથી. મુખારવિંદની ભક્તિમાં સાક્ષાત તેનું જ સેવન છે. (૩)

એતાદૃક્ફલિકા ભક્તિર્ભવેત્કેવલપુષ્ટિતઃ ।
તત્રાઽપિ મુખરૂપાઽસ્મદાચાર્યાનુગ્રહાત્ પુનઃ ॥૪॥

આવી લોભાત્મક અધરામૃતના સેવનરૂપી ફળ આપનારી ભક્તિ કેવળ પુષ્ટિ દ્વારા જ સિદ્ધ થાય છે, તેમાં પણ શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણના મુખારવિંદરૂપ છે, તેથી તેવી ભક્તિ તેમના અનુગ્રહથી સિદ્ધ થાય છે. (૪)

અતએતદ્ભક્તિમદ્ભિઃ શ્રીમદાચાર્યસંશ્રયઃ ।
પ્રથમં સર્વથા કાર્યસ્તત એવાઽખિલં ભવેત્ ॥૫॥

માટે જેઓ મુખારવિંદની ભક્તિની ઈચ્છાવાળા હોય, તેમણે શ્રીમહાપ્રભુજીનો આશ્રય કરવો જ રહ્યો. તેમ થયેથી સઘળું સિદ્ધ થશે.(૫)

અતઃ પરં તુ તદ્ભક્તેરવસ્થાસાધનાદિકમ્ ।
નિરૂપ્યતે સ્વતોષાય તત્કૃપાતો હૃદિ સ્થિતમ્ ॥૬॥

હવે, આવી ભક્તિની અવસ્થા તથા તેનાં સાધનો વગેરે કેવાં હોય અને આપશ્રીની કૃપાથી તે શી રીતે સિદ્ધ થઇ શકે તેનું નિરૂપણ મારા સંતોષ માટે કરું છું. (૬)

યથા મર્યાદયા ભક્તૌ બ્રહ્મભાવસ્તુ સાધનમ્ ।
તથા સર્વાઽત્મ સાધનત્વેન બુદ્ધયતામ્ ॥૭॥

જેમ મર્યાદા ભક્તિમાં બ્રહ્મભાવ સાધન છે, તેમ પુષ્ટિ ભક્તિમાં સર્વાત્મભાવ સાધન છે. (૭)

વસ્તુતસ્તુ ફલં ચૈવ ફલં સ્યાત્તત્પ્રવેશતઃ ।
તત્સ્વરૂપં તુ સર્વેષાં દેહાંતઃકરણાત્મનામ્ ॥૮॥
યેન ભાવેન ભગવત્યાત્મભાવો હિ જાયતે ।
યસ્માદ્‌ભાવાત્સ્વદેહાદિ સકલં સ્યાત્તદર્થકમ્ ॥૯॥

ખરેખર તો સર્વાત્મભાવ જ ફળરૂપ છે. સર્વાત્મભાવનો હૃદયમાં પ્રવેશ થાય તો દેહ, અંતઃકરણ, આત્મા સર્વ તદ્રૂપ બને. (૮) તેનાથી ભગવાનમાં આત્મભાવ થાય છે. એવો ભાવ થવાથી આપણાં દેહાદિ સર્વ પ્રભુ માટે જ ઉપયોગી બની જાય છે. (૯)

ન દેહાદ્યર્થસિદ્ધયર્થં ભગવાનપ્યપેક્ષતે ।
યતો દેહાદિરક્ષાઽપિ પ્રભુલીલોપયોગતઃ ॥૧૦॥
ન સ્વાર્થબુદ્ધયા સ્વાર્થોઽપિ ભગવાનેવ યત્ર હિ ।
યેનભાવેનાઽનિમિત્તા પ્રીતિર્ભવતિ વૈ હરૌ ॥૧૧॥

ભગવાન દેહાદિ અર્થની સિદ્ધિની અપેક્ષા રાખતા નથી. દેહાદિની રક્ષા પણ પ્રભુની લીલામાં ઉપયોગી થવા માટે જ છે. (૧૦) આમાં સ્વાર્થ-બુદ્ધિને સ્થાન નથી. અહીં તો ભગવાન જ એના સ્વાર્થરૂપ છે. જયાં સ્વાર્થ પણ ભગવાન હોય, ત્યાં તેવા ભાવને લીધે ભગવાનમાં સાચે જ નિષ્કારણ પ્રીતિ થાય છે. (૧૧)

ન ફલાકાંક્ષણં યત્ર લૌકિકાનાં યથા ધને ।
તદભાવે યથા લોકા દુઃખેનાઽસૂંસ્ત્યજંતિ હિ ॥૧૨॥

અહીં ફળની ઇચ્છાને સ્થાન નથી. લૌકિક વસ્તુઓમાં તો ધન મુખ્ય હોય છે અને તે ન મળે, તો તેના માટે લોકો સુખદુઃખ સહન કરે છે, એટલું જ નહિ, વખંત આવ્યે પ્રાણ સુદ્ધાં તજી દે છે. (૧૨)

સર્વત્યાગસ્તુ સહજો યત્ર લૌકિકવેદયોઃ ।
નૈરપેક્ષ્યં સ ભાવસ્તુ સર્વભાવો નિગદ્યતે ॥૧૩॥

પરંતુ, જેમાં સર્વ લૌકિક-વૈદિકનો ત્યાગ સહજ રહેલો હોય અને જેમાં અપેક્ષા ન હોય, તેવા ભાવને સર્વભાવ કહેવામાં આવે છે. (જો ભગવાનમાં સહજ પ્રીતિ હોય તો જ આવું બને). (૧૩)

તથાઽત્ર દૈન્યમેવૈકં માર્ગે ન શ્રવણાદિકમ્ ।
દૈન્યેનૈવ ચ સંતુષ્ટઃ પ્રાદુર્ભૂતઃ ફલં દદૌ ॥૧૪॥

એ જ રીતે, આ માર્ગમાં દીનતા જ એક મુખ્ય સાધન છે, શ્રવણાદિ નહીં. દીનતાથી જ પ્રભુ પ્રસન્ન થઇ પ્રકટ થયા અને (વ્રજભક્તોને) ફળનું દાન કર્યું હતું. (૧૪)

તદેવાઽત્ર હિ સંસેવ્યં યેન દૈન્યં પ્રસિદ્ધ્યતિ ।
યદ્દૈન્યનાશકં તદ્ધિ વિરોધિ સકલં મતમ્ ॥૧૫॥

માટે દીનતા સિદ્ધ થાય તે પ્રમાણે તેનું સેવન કરવું. દીનતાનો નાશ થાય તેવું જે કંઇ હોય, તે સર્વ વિરોધી કહેવાય. (૧૫)

એતન્માર્ગાંગીકૃતૌ હિ હરિર્દૈન્યં વિવર્દ્ધયેત્ ।
મદાદિજનકં દુષ્ટં નાશયત્યપિ લૌકિકમ્ ॥૧૬॥

ખરું જોતાં આ માર્ગમાં જેમનો અંગીકાર કરવામાં આવ્યો છે, તેમનામાં હરિ દીનતા-બુદ્ધિ કરે જ છે, એટલું જ નહિ, પણ જે કંઇ મદ, લોભ, આદિ ઉત્પન્ન કરે એવા દુષ્ટ લૌકિકનો નાશ કરે છે. (૧૬)

સ્વાંગીકૃતેર્હિ નિર્વાહઃ પ્રભુણૈવ વિધીયતે ।
જીવાઃ સ્વભાવદુષ્ટા હિ પ્રચલેયુઃ કથં તથા ॥૧૭॥
અતો દંડ પ્રદાનેન પિતેવાઽચરતિ પ્રભુઃ ।
દંડોઽપ્યનુગ્રહત્વેન મંતવ્યસ્તુ તદાશ્રિતૈઃ ॥૧૮॥

પ્રભુએ જેમનો અંગીકાર કર્યો છે, તેમનો નિર્વાહ પણ પોતે જ કરે છે, જીવ તો સ્વભાવથી જ દુષ્ટ છે, તેથી તે (ભાવ પ્રમાણે) કેવી રીતે ચાલે? (૧૭) તેથી જેમ કોઇ પિતા દંડ દઇને પણ પોતાના પુત્રાદિનું હિત જ કરે છે, તેમ પ્રભુના આશ્રિતોને જો કશો દંડ થાય તો તે પણ પ્રભુનો આનુગ્રહ જ છે એમ જાણવું. (૧૮)

દંડદાનં સ્વકીયેષુ પરકીયેહ્યુપેક્ષણમ્ ।
આર્તિરેવાઽત્ર સતતં ભાવ્યા કૃષ્ણપરોક્ષતઃ ॥૧૯॥

જે પોતાના હોય તેમને જ દંડ દેવાય છે, જયારે પારકાની ઉપેક્ષા કરાય છે. આમ, અહીં શ્રીકૃષ્ણ પરોક્ષ રહે છે. માટે જીવે હમેશાં આર્તિ કરવી. (૧૯)

અત્ર ભક્તાર્તિદૃષ્ટ્યૈવ મુદિતો હિ હરિર્ભવેત્ ।
સંગો ભાવવતામેવ ભાવવૃદ્ધિર્યતો ભવેત્ ॥૨૦॥

પ્રભુ ભક્તની આર્તિ જોઈને પ્રસન્ન થાય છે, માટે હમેશાં ભાવવાળા ભગવદીયોનો જ સંગ કરવો, જેથી ભાવની વૃદ્ધિ થાય છે. (૨૦)

વ્યાઘ્રસ્યાઽગ્રે યથા દેહી તથા દુસંગતો બિભેત્ ।
દુઃસંગ એવ ભાવસ્ય નાશકઃ સર્વથા મતઃ ॥૨૧॥

જેમ પ્રાણી વાઘથી બીએ, તેમ જીવે દુઃસંગથી બીતા રહેવું જોઈએ. દુઃસંગ જ ભગવદ્-ભાવનો સર્વથા નાશ કરનાર મનાયો છે. (૨૧)

દુઃસંગશ્ચ્યુતતાઃ સર્વે શ્રુતા હિ ભરતાદયઃ ।
દુઃસંગાન્નજદોષાભ્યમભૂદ્ભીષ્મો બહિર્મુખઃ ॥૨૨॥

ભરત આદિ દુઃસંગથી જ બહિર્મુખ થયા એવું આપણે સાંભળ્યું છે. ભીષ્મ દુઃસંગ દોષ તથા અન્ન-દોષને લીધે બહિર્મુખ થયા હતા. (૨૨)

લૌકિકાઽભિનિવેશાત્તુ મનોનિષ્કાસનં સદા ।
અલૌકિકસ્તુ તદ્ભાવસ્તેનાઽપિ ચ વિનશ્યતિ ॥૨૩॥

હમેશાં મનને લૌકિક આવેશથી દૂર રાખવું. અલૌકિક ભાવ તો એવો છે કે જે લૌકિક આવેશને મટાડે. (૨૩)

વૈરાગ્યપરિતાષૌ ચ હૃદિ ભાવ્યૌ નિરંતરમ્ ।
તદભ્યાસાત્તુ મનસઃ કદાચિન્નિર્ગતિસ્તતઃ ॥૨૪॥

ચિત્તમાં હમેશાં સંતોષ અને વૈરાગ્ય રાખવો. તેના સતત અભ્યાસથી મન લૌકિકમાં પ્રવેશતું અટકશે. (૨૪)

કામાઽભાવાય વૈરાગ્યં ચિંત્યં ચેતસિ સર્વથા ।
પરિતોષસ્ત્વલોભાય ભક્તૌ તાવેવ બાધકૌ ॥૨૫॥

કામનાનો અભાવ થાય, તે માટે ચિત્તમાં વૈરાગ્યનું ખાસ ચિંતન કરવું. લોભની નિવૃત્તિ માટે સંતોષને સેવવો. કામ અને લોભ બંને ભક્તિમાં બાધક છે. (૨૫)

કામેનેન્દ્રિયવૈમુખ્યં લોભે પાખંડસંભવઃ ।
ક્રોધસ્તુ મધ્યપાતિત્વાત્ મહાબાધક ઈષ્યતે ॥૨૬॥

કામથી ઈન્દ્રિયો વિમુખ થાય છે, લોભથી પાખંડનો સંભવ છે, જયારે ક્રોધ એ બંનેની વચ્ચે રહેલો છે. આ ત્રણે બાધક છે. (૨૬)

યતો માર્ગીય સર્વસ્વદૈન્યભાવવિનાશકઃ ।
દૈન્યં સર્વેષુ કૃષ્ણસેવાકથાદિષુ ॥૨૭॥
બીજં યથા મંત્રશાસ્ત્ર તદ્યૂક્તમખિલં ભવેત્ ।
તદભાવે ન સેવાદિ સકલં પુષ્ટિસાધકમ્ ॥૨૮॥

ક્રોધ પુષ્ટિમાર્ગના સર્વસ્વ એવી દીનતાનો નાશ કરનાર છે. જયારે દીનતા તો શ્રીકૃષ્ણની સેવા તથા કથા વગેરે કાર્યોમાં બીજરૂપ છે. (૨૭) જેમ મંત્રશાસ્ત્રોમાં મંત્ર બીજરૂપ છે અને ફળદાતા છે, તેમ બીજરૂપ દીનતાના અભાવે સેવાદિ સર્વે પુષ્ટિમાં સિદ્ધિ કરનારાં થતાં નથી (૨૮).

તસ્માદ્રક્ષેત્પ્રયત્નેન દૈન્યં ભક્તિયુતો નરઃ ।
દૈન્યેન ગોપિકાઃ સિદ્ધાઃ કૌંડિન્યોઽપિ પરોક્ષતઃ ॥૨૯॥

માટે ભક્તિમાન જીવે દીનતાનું પ્રયત્નપૂર્વક રક્ષણ કરવું જોઈએ. ગોપીજનો કેવળ દીનતાથી જ સિદ્ધિને પામ્યાં. કૌંડિન્ય ઋષિ પણ પરોક્ષ રીતે સિદ્ધિ પામ્યા. (૨૯)

ફલમત્ર હરેર્ભાવો વિરહાત્મા સદા મતઃ ।
રસાત્મકત્વાત્તદ્રૂપે સર્વલીલાસમન્વિતઃ ॥૩૦॥
સ્વરૂપે તસ્ય સતતં સાક્ષાત્કારો વિશેષતઃ ।
યુગપત્ સર્વલીલાનામનુભૂતિઃ પ્રજાયતે ॥૩૧॥

અહીં હરિ માટે વિરહાત્મક ભાવ ફલરૂપ માનવામાં આવ્યો છે. વિરહાત્મક સ્વરૂપમાં રસાત્મકપણું હોવાથી સર્વ લીલા સાથે તે સમન્વિત થયેલો છે. (૩૦) આવી વિરહાત્મક ભાવનાથી સ્વરૂપમાં વિશેષે કરીને નિરંતર સાક્ષાત્કાર થાય છે. તેનાથી એકી સાથે સર્વ લીલાની અનુભૂતિ થાય છે. (૩૧)

એવં વિજ્ઞાય મનસા પુષ્ટિમાર્ગં વિભાવયેત્ ।
પ્રાપ્તિઃ શ્રીવલ્લભાચાર્યચરણાબ્જપ્રસાદતઃ ॥૩૨॥

અતઃ સ એવ સતતં સર્વભાવેન સર્વથા ।
સુધિભિઃ કૃષ્ણરસિકૈઃ શરણીક્રિયતાં સદા ।।૩૩।।

આવું સમજી, મનથી પુષ્ટિમાર્ગની ભાવના કરવી. શ્રીવલ્લભાચાર્યજીનાં ચરણકમળની કૃપાથી તેની પ્રાપ્તિ થશે. (૩૨) માટે જે શ્રીકૃષ્ણ-રસિકો છે અને જેમની બુદ્ધિ તેમાં નિમગ્ન થયેલી છે, તેમણે સર્વાત્મભાવ વડે સર્વથા શ્રીમહાપ્રભુજી એ જ માંરું આશ્રયસ્થાન છે, એવી શરણભાવના કરવી. (૩૩)

શિક્ષાપત્ર ચોત્રીસમું

શ્લોક સંખ્યા : ૩૩

વિષય : ભક્તિમાં નડતા પ્રતિબંધો અને તેની નિવૃત્તિના ઉપાયો

ચોત્રીસમા શિક્ષાપત્રનો વિષય ભકિત અને તેમાં આવતા પ્રતિબંધો તથા એ પ્રતિબંધોની નિવૃત્તિ કેવી રીતે થાય છે તે છે. શ્રીહરિરાયચરણ તેત્રીસ શ્લોકના આ ચોત્રીસમા શિક્ષાપત્રમાં ભક્તિના બે પ્રકારો આપણને બતાવે છે.

ચોત્રીસમા શિક્ષાપત્રમાં થયેલ ભક્તિના સ્વરૂપનું નિરૂપણ સમજવા માટે આપણે ભક્તિનો મૂળ સિદ્ધાંત જોવો પડશે. ભક્તિ એટલે શું? સામાન્ય રીતે બધા જ લોકો ભક્તિ શબ્દનો પ્રયોગ કરે છે કે અમે ભગવાનની ભક્તિ કરીએ છીએ. સંસ્કૃતમાં ભક્તિ શબ્દ માટે ભજન શબ્દ પણ વપરાય છે. એટલે આપણી ભક્તિની સંકલ્પના ઘણી અધૂરી, ઘણી ગેરસમજવાળી છે. કયાંક તાલીઓ પાડીને ભજન-કીર્તન કરીએ એને ભક્તિ માનીએ છીએ. ક્યાંક થોડી સેવા-પૂજા કરી લઇએ એને ભક્તિ માનીએ છીએ. આ ભક્તિનું સાચું સ્વરૂપ નથી.

ભક્તિને સમજવા માટે શ્રીફળના સ્વરૂપને જાણવા જેવું છે. શ્રીફળમાં ઉપર બહુ જ કર્કશ એવાં છોડાં હોય છે. એની ભીતર કઠણ પડ હોય છે, જેને કાચલી કહીએ છીએ. એની ભીતર ટોપરું હોય છે. એ ટોપરાની વચ્ચે મીઠું જળ હોય છે. આમ, ભક્તિમાં આપણે જે કરીએ છીએ અને માનીએ છીએ એ તો પેલાં છોડાં છે. કલાકો સુધી તાલીઓ પાડીને ભજન-કીર્તન કર્યાં, એ તો કેવળ ભક્તિનો દેખાવ છે. એ ભક્તિ ન હોય. જેને શ્રીફળનો સ્વાદ લેવો છે એ જો ઉપરના છોડાંઓને ચાટે, તો એને શ્રીફળનો સ્વાદ આવવાનો નથી. ત્યારપછી આપણે જો સકામતાથી સેવા-સ્મરણ કરીએ છીએ, સ્વાર્થવશ થઇને જે-કંઇ કરીએ છીએ એ શ્રીફળની કઠણ કાચલી છે. એનાથી કદાચ શ્રીફળ હાથમાં આવ્યાનો સંતોષ થાય, પણ શ્રીફળનો સ્વાદ નથી મળતો. એને પણ ભક્તિ માનવી એ ભૂલ છે. એ કાચલીની અંદર જે મીઠું ટોપરું છે એ ભક્તિ છે. તેની અદ્‌ભૂત મીઠાશ છે. એ ટોપરાની વચ્ચે રહેલું જે જળ છે એ ભક્તિરૂપી રસ છે. તે ભક્તિરૂપી રસને પામવા માટે છોડાંઓને ઉખેડવાં પડે. કઠણ કાચલીને ભેદવી પડે અને એ બંનેથી ટોપરાને અને જળને અલગ કરવાં પડે.

આમ, ભક્તિના વિષયે જે ગેરસમજો છે એનાં છોતરાંને છૂટાં પાડવાં પડશે. પ્રભુની પાસે બદલાની આશા રાખીને જવાની જે સ્વાર્થવૃત્તિ છે, એનું પડ ભેદી નાંખવું પડશે. ત્યારે જ ભક્તિ પ્રાપ્ત થશે અને ત્યારે જ ભક્તિનો રસ આપણે ચાખી શકીશું.

તો આ ભક્તિરૂપી ફળ કેવું છે? શું છે? એને આપણે સમજવું પડે. ભક્તિમાર્ગમાં આચાર્યોએ ભક્તિની સંકલ્પના સમજાવતાં એમ કહ્યું કે સંસ્કૃતમાં ભજ્ ધાતુ છે. **ભજ્ સેવાયામ્** - ભજ્ શબ્દનો અર્થ થાય છે સેવા. લૌકિકમાં પણ આપણે સેવા શબ્દનો પ્રયોગ કરીએ છીએ. જનસેવા, પશુસેવા, પ્રાણીસેવા, જલસેવા આવા અનેક અર્થમાં સેવા શબ્દ વાપરીએ છીએ. ત્યાં સેવાનો અર્થ જરૂરિયાતવાળાઓને મદદ કરવી, ઉપયોગી બનવું એવો આપણે કરીએ છીએ. આવી સેવા બે પ્રકારે થતી જોવામાં આવે છે. એક મનપૂર્વક અને બીજી મન વિના. બાળક માંદું પડે ત્યારે માતા એની સેવા કરે છે. માતા કોઇ કવૉલીફાઇડ ડૉક્ટર કે નર્સ નથી. સેવા કરવાની રીત એને ખબર નથી. પણ એનામાં કુદરતી પ્રેમ છે, એટલે મનપૂર્વક, પ્રેમપૂર્વક બાળકની આવડે એવી સારવાર કરે છે. બાળક સારવારથી નહીં, પણ માતાના સ્નેહથી સાજું થાય છે.

મન વિનાની સેવા હોસ્પિટલોમાં જોવામાં આવે. જ્યાં ડૉક્ટરો અને નર્સો પોતાના વ્યવસાયની ફરજ સમજીને દર્દીઓની ચાકરી કરે છે. એમને રોગ મટાડવાની વૈજ્ઞાનિક રીત ખબર છે અને એનું આચરણ કરે છે. પણ કોઇના પ્રત્યે આત્મીયતાનો ભાવ નથી, કેવળ દર્દી અને ડૉક્ટરનો વ્યાવસાયિક સંબંધ છે. એટલે એ સેવામાં રીત છે, પણ પ્રીત નથી. ભક્તિમાર્ગના આચાર્યોએ વિચાર કર્યો કે મનુષ્યમાં બીજાને મદદ કરવાની, બીજાને માટે ઘસાઇ જવાની આ જન્મજાત વૃત્તિ તો છે જ. એ વૃત્તિનો પ્રભુમાં વિનિયોગ થાય, એ વૃત્તિ અને એ પ્રવૃત્તિ પ્રભુના માટે ઉપયોગમાં લેવાય તો જીવનું કામ થઇ જાય. પરંતુ મન વિનાની સેવાની વૃત્તિ ચાલશે નહિ, એમાં સ્વાર્થ આવશે, કારણ કે ડૉક્ટર અને નર્સને સ્વાર્થ છે વ્યવસાયનો. મા જયારે મનથી બાળકની ચાકરી કરે છે ત્યારે એને સ્વાર્થ નથી, સ્નેહ છે. એટલે ભજ્ ધાતુમાં સેવાની ક્રિયા હતી, પણ સેવાનો પ્રાણ નહોતો. સેવા માટેના સ્નેહનો અભાવ હતો. એટલે આ આચાર્યોએ ભજ્ ધાતુમાં ક્તિન્ પ્રત્યય ઉમેર્યો. આ ક્તિન્ પ્રત્યયનો અર્થ છે સ્નેહપૂર્વક. ભજ્ + ક્તિન્ મળી ભક્તિ શબ્દ બન્યો. અર્થ આવ્યો સ્નેહપૂર્વક સેવા.

સંસ્કૃત ભાષાની ઘણી વિલક્ષણતાઓ છે. એની એક વિલક્ષણતા એવી કે ધાતુને

જયારે પ્રત્યય લાગે ત્યારે પ્રત્યયનો અર્થ મુખ્ય લેવાનો, ધાતુનો અર્થ ગૌણ થાય. તો ભક્તિ શબ્દ બન્યો, તેમાં ક્તિન પ્રત્યયનો અર્થ મુખ્ય - સ્નેહપૂર્વક અને ભજ્ - સેવા એની ગૌણતા. સેવા કરવાની ખરી, પણ સ્નેહપૂર્વક જો થાય તો જ એ ભક્તિ કહેવાય. સ્નેહ વિના થાય તો એ ભક્તિ ન કહેવાય.

ભક્તિમાર્ગના આચાર્યોએ એમ કહ્યું કે ભક્તિમાં સ્નેહની મુખ્યતા છે અને સ્નેહ એ મનનો વ્યાપાર છે, મનનો વિષય છે. કોઇ માણસ એમ કહે કે મને તમારા ઉપર બહુ પ્રેમ છે, તો આપણે કેવી રીતે માની લઇશું કે આપણા ઉપર એને પ્રેમ છે? આપણે એને પૂછીશું કે ભાઇ! તને મારા ઉપર પ્રેમ છે એનો પુરાવો તારી પાસે છે? તારો પ્રેમ દેખાતો નથી. પ્રેમ ક્યાં દેખાય? એ ક્રિયાઓમાં દેખાય, એ વાણીમાં દેખાય. એક માણસ ઉપર આપણને બહુ લાગણી છે, પ્રેમ છે. નજીકનો મિત્ર છે અને કંઇક ખોટું કરીને આવ્યો હોય, તો ય આપણે કહીશું - હશે, કંઇ નહિ. હવે જરા સંભાળજે. જેની સાથે નથી બનતું એવો માણસ, એવો મિત્ર જો ખોટું કરીને આવ્યો તો ઝઘડો કરી બેસીશું. પ્રેમ વર્તનમાં દેખાય.

એક માતા પુત્રને પીરસે, પત્ની પતિને પીરસે અને એક લોજવાળો વેઇટર ભોજન પીરસે એ બંનેમાં કેટલો બધો ફરક છે? કદાચ પત્નીને થાળીમાં કઇ વસ્તુ કયાં મૂકવી એની ખબર નહીં હોય, અને પેલા ટ્રેઇન્ડ વેઇટરને સારી રીતે ડીસ સજાવતાં આવડતી હશે, પણ પીરસવામાં પ્રેમ કયાંથી આવશે? એટલે પ્રેમ જેમ વાણીમાં વ્યકત થાય એમ વર્તનમાં પણ વ્યકત થાય.

પ્રેમ બે રીતે વ્યકત થાય : કયાંક સ્વાર્થવશ વ્યકત થાય, કયાંક નિષ્કામ ભાવે વ્યકત થાય. આમ તો દુનિયામાં એમ કહેવામાં આવે કે માતાનો પ્રેમ સૌથી ઉત્તમ કારણ કે માતાને બાળક પાસેથી કશું મેળવવાની આશા નથી. પણ તમે બધાં જે માતાઓ છે, એ હૈયે હાથ મૂકીને તમારા હૈયાને પૂછજો કે આ વાત સાચી છે? હૈયાના બહુ ઉંડાણમાં તમને પણ કદાચ ખ્યાલ નહીં હોય એવી એક વૃત્તિ પડી છે. બાળક મોટો થશે, એટલે મારું ભરણપોષણ કરશે. એની બાજરી ખાવાનું મારા ભાગ્યમાં છે. અત્યારે એને લાડ લડાવું તો મોટો થઇને એ મને પણ પ્રેમ આપશે. એટલે દુનિયામાં માતાનો સંબંધ પણ સંપૂર્ણ રીતે નિઃસ્વાર્થ ભાવવાળો છે એવું નથી.

લૌકિક સંબંધોમાં નિઃસ્વાર્થતા લગભગ અસંભવિત છે. એમાં આપીને બદલો મેળવવાની ભાવના છે. માટે આપણે જોઇએ છીએ કે લૌકિકના પ્રેમસંબંધો એ માતા અને સંતાનના હોય, ભાઇબહેનના હોય, પતિપત્નીના હોય કે મિત્રોના હોય - એમાં કયારેક કયારેક તિરાડ પડે છે. કયારેક કયારેક ફરિયાદોનો અવાજ આવે છે અને

કયારેક કયારેક પરિસ્થિતિ એટલી હદે વણસી જાય કે બંને એકબીજાનું મોં જોવા પણ તૈયાર ન હોય!

એક અંગ્રેજ ફિલસૂફે તો લવમેરેજ માટે એમ કહ્યું કે પ્રેમ એ રોગ છે અને લગ્ન એની દવા છે. દવા લો એટલે રોગ જતો રહે. લગ્ન પહેલાં પ્રેમની બહુ વાતો થાય અને લગ્ન પછી ફરિયાદો વધે, પ્રેમની વાતો ઘટે અને કયારેક તો છૂટાછેડા સુધીની નોબત પણ વાગે!

એટલે ભક્તિમાર્ગના આચાર્યોએ એમ કહ્યું કે આવો લૌકિકમાં જે સ્વાર્થવશ પ્રેમ થાય છે, એ તો શ્રીફળની કાચલી છે. એને ચાટ્યા કરીએ, તો એનાથી કંઇ શ્રીફળની મીઠાશ આવતી નથી. માટે આવા પ્રેમથી તંગ આવી જઇને કેટલાક લોકો સંસારનો ત્યાગ કરી ગયા. એમને આ પ્રેમ સુખદ ન બન્યો. માટે ભક્તિમાર્ગના આચાર્યોએ કહ્યું કે આ સાચો પ્રેમ નથી. આ મોહ છે. જેમાં સ્વાર્થ હોય એવી પ્રેમની લાગણી માટે શબ્દ આપ્યો મોહ, જે મનને ઘડી ભર મોહી લે, પણ પછી દુઃખ આપે.

આપણો ભોજનમાં પ્રેમ હોય. ભોજન કરીએ ત્યારે બહુ આનંદ આવે, મીઠાશ આવે, પણ પછી? પેટની તકલીફોની ફરિયાદો શરૂ થાય. કારણ? સ્વાદનો મોહ. એમ માણસને રૂપનો મોહ લાગે, ધનનો મોહ લાગે, જ્ઞાનનો મોહ લાગે, પણ એ બધા મોહ છે, કારણ કે એમાં સ્વાર્થ છે. કોઇ ગંદી વસ્તુ પર સરસ મજાનું કવર ચઢાવીને સુગંધી પદાર્થો છાંટીએ એના જેવું છે. આ શરીર જેવું છે. આપણને સૌને આપણા શરીરનો મોહ છે. બીજાના દેહનો પણ , બીજાના રૂપનો પણ મોહ થાય છે. પણ આ શરીરની ઉપરની ચામડી ઉતારીને જો હાડપિંજર બતાવવામાં આવે તો આપણો એ પ્રેમ ઘડીના છઠ્ઠા ભાગમાં ચાલ્યો જશે. શરીરની ચામડીનું રૂપ અને એને વધારે સજાવવાનાં સાધનોથી વધેલુ રૂપ, એને જોઇને શરીરને પ્રેમ કરવો એ મોહ છે, પ્રેમ નથી.

દુનિયામાં સાચો પ્રેમ તો કયારેક કયાંક જોવામાં આવે કે જેમાં કેવળ નિઃસ્વાર્થ પ્રેમભાવ હોય. નિઃસ્વાર્થ પ્રેમભાવ એટલે શું? આપણું સર્વસ્વ પ્રેમીને માટે આપી દેવું, ન્યોછાવર કરી દેવું અને એના બદલામાં કોઇ જ અપેક્ષા ન રાખવી. આવું બને છે ખરું? નથી બનતું હોં. પ્રયોગ કરવો હોય તો કરી જોવા જેવો છે. પતિ જો માંદા પડવાનો ઢોંગ કરીને એમ કહે કે હવે હું કાલથી ધંધા પર નહીં જાઉં, નોકરી પર નહીં જાઉં, તો પત્નીનો પતિભાવ બદલાઈ જશે, કારણ કે પતિ કમાય છે માટે વહાલો લાગે છે. તે પતિ છે માટે વહાલો નથી લાગતો. દીકરો કમાઇને લાવે છે માટે દીકરામાં મીઠાશનો અનુભવ થાય છે, કેવળ દીકરો છે, માટે નહીં. એટલે

ભક્તિમાર્ગના આચાર્યોએ કહ્યું કે આને ભક્તિ નહીં કહેવાય, આ તો મોહ છે. પ્રેમનું બીજું સ્વરૂપ એ નિઃસ્વાર્થ ભાવ. જેને માટે શાસ્ત્રોએ નિરુપાધિક ભાવ એવો શબ્દપ્રયોગ કર્યો.

જેમાં પોતાનું સર્વસ્વ, પોતાના પ્રિયતમને ન્યોછાવર કરી દઈને પ્રિયતમની પ્રસન્નતાથી પ્રસન્ન થવું, જેમાં પ્રિયને કાજે પોતાનું સર્વસ્વ ત્યાગી દેવું એનું નામ નિરુપાધિક ભાવ. આ નિરુપાધિક ભાવની વ્યાખ્યા ઝવેરચંદ મેઘાણીએ બહુ સુંદર કરી. પ્રેમનો લાડુ વાતો કરવાના પોચટ પાણીથી નથી બનતો, એમાં જોઈએ છે ખપી જવાની તાકાતનું પાકી તાવણનું ઘી. આપણો પ્રેમ એ વાતો કરવાનો પ્રેમ છે, ખપી જવાનો પ્રેમ નથી. પેલા કવિ પ્રિતમે કહ્યું : 'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને'- જેને સ્વાર્થ છે એ બધા કાયર છે. જેને નિઃસ્વાર્થ ભાવ છે એ બધા શૂરવીર છે. માગવું બહુ સહેલું છે. કોઈપણ શરત વિના સર્વસ્વ આપી દેવું એ બહુ જ કઠિન છે. તેથી આવા નિષ્કામ ભાવવાળી, નિઃસ્વાર્થ ભાવવાળી જે સેવા, જે ભકિત છે એને ભક્તિમાર્ગના આચાર્યોએ પ્રેમલક્ષણા ભક્તિ કહી અથવા તો મુખ્યા ભક્તિ કહી. એને પરાભક્તિ પણ કહેવામાં આવી.

જેમાં સકામ ભાવ હતો એવી ભક્તિનું વર્ગીકરણ કરતાં કરતાં શાસ્ત્રોએ ભક્તિના ૮૪ પ્રકારો બતાવ્યા છે. આ ભક્તિની વ્યાખ્યા અને ભક્તિની સંકલ્પના ભક્તિમાર્ગના આચાર્યોએ બહુ સુંદર રીતે આપી. એક વ્યાખ્યા શાંડિલ્ય મુનિએ આપી, 'શાંડિલ્ય ભક્તિસૂત્રો'માં. પ્રભુમાં પૂર્ણ પ્રેમ થવો એનું નામ ભક્તિ.

શ્રીમહાપ્રભુજીને આ વ્યાખ્યા અધૂરી લાગી, કારણ કે પ્રભુમાં પ્રેમ થયો એ કેવી રીતે જાણી શકાય? શી રીતે અનુભવી શકાય? પ્રેમ કેવળ મનનો વ્યાપાર બની રહે તો એ ચાલે નહીં. પ્રેમની અભિવ્યકિત થવી જોઈએ. શાંડિલ્ય મુનિએ વ્યાખ્યામાં પ્રેમ કેવી રીતે અંકુરિત થાય એની કોઇ વાત ન કરી. માટે વ્યાખ્યામાં અધુરપ આવી. ભક્તિમાર્ગના બીજા આચાર્ય નારદજી, એમણે જે ભકિતસૂત્રો આપ્યાં, તેમાં એમણે ભક્તિની વ્યાખ્યા વધારે ચોકકસ કરી : માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સુદૃઢ અને સર્વથી અધિક સ્નેહ તે ભક્તિ.

શ્રીમહાપ્રભુજીએ આ વ્યાખ્યા સ્વીકારી, કારણ કે પૂર્ણ વ્યાખ્યા છે. ભક્તિ એટલે પ્રભુ પ્રત્યેનો અલૌકિક નિરુપાધિક પ્રેમ, નિષ્કામ પ્રેમ. એ પ્રેમનાં બીજ તો દરેકના હૃદયમાં છે જ, કારણ કે દરેક આત્મા એ પરમાત્માનો અંશ છે. એટલે આત્માની ભીતર પરમાત્મા પ્રત્યેનો પ્રેમભાવ તો છે જ, પરમાત્મા પ્રત્યેના પ્રેમનું બીજ તો છે જ, પણ જમીનમાં દટાયેલાં બધાં બીજ ઊગતાં નથી. બીજને ઊગવા

માટે યોગ્ય પ્રકારની જમીન જોઇએ, યોગ્ય પ્રકારનું બીજનું વાવેતર થવું જોઇએ અને એની યોગ્ય પ્રકારે માવજત થવી જોઇએ. આ ભક્તિ રૂપી બીજની યોગ્ય માવજત માટે નારદજીએ કહ્યું: 'માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ!' પ્રભુના સ્વરૂપનું, પ્રભુના ગુણોનું અને પ્રભુની લીલાઓનું યોગ્ય જ્ઞાન જરૂરી છે. જેને વહાલ કરવું છે, એ વહાલમ વિષે જરૂરી વાતો સમજવી જરૂરી છે. એનાથી વહાલ વધે છે. મા જયારે જાણે છે કે મારો દીકરો આટલો મોટો થયો, દુનિયામાં આટલું મોટું નામ કમાયો ત્યારે દીકરાને જોતાં માનું વહાલ વધે છે. પતિની સિદ્ધિઓને જાણ્યા પછી પત્નીનો પતિ પ્રત્યેનો પ્રેમ વધે છે. એમ, જીવાત્માએ-આપણે જેને અલૌકિક પ્રેમ આપવાનો છે, એવા પ્રભુના સ્વરૂપને અને ગુણોને જાણવાની જરૂર છે. એનાથી હૃદયની ભૂમિમાં રોપાયેલું પ્રેમનું બીજ અંકુરિત થાય છે.

માટે 'ભક્તિવર્ધિની'માં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે આ ભક્તિનો બીજભાવ હૃદયની ધરતીમાં દૃઢ થાય એ માટે લૌકિક વૃત્તિઓના ત્યાગપૂર્વક ભગવદ્‌ગુણગાનનું શ્રવણ-કીર્તન જરૂરી છે. પણ એ કેટલું જરૂરી? મર્યાદામાં અને પુષ્ટિમાં ભેદ જ અહીં છે. પુષ્ટિમાં શ્રવણ, કીર્તન અને સ્મરણ દ્વારા થતું માહાત્મ્યજ્ઞાન પ્રેમ પ્રભુમાં જગાડવા માટે જરૂરી. દાળને સ્વાદિષ્ટ બનાવવા જેટલું મીઠું જોઇએ એટલું જ જરૂરી. વધારે મીઠું નંખાય તો દાળ ખારી થાય. મીઠાશ ન આવે. એમ કેવળ શ્રવણ, કીર્તન, સ્મરણ જ થયા કરે અને પ્રભુમાં પ્રેમ જ ન જાગે તો ભક્તિના સાચા રસનો અનુભવ ન થાય. માટે માહાત્મ્યજ્ઞાન તો ચાલણગાડી છે. પુષ્ટિભક્તિમાં એક વાર ચાલતાં આવડ્યું, પછી પેલી ચાલણગાડી જોખમરૂપ, હોં. આજે હું અને તમે ચાલણગાડી લઇને નીકળીએ તો? લોકો મશ્કરી કરે. એમ, માહાત્મ્યજ્ઞાન એ પુષ્ટિમાર્ગમાં-પુષ્ટિભક્તિમાં સ્ટેપીંગ સ્ટોન છે, પગથિયું છે. અંતિમ લક્ષ્ય નથી, કારણ? જ્ઞાન ભક્તિમાં બાધક છે, જેમ વધુ પડતું મીઠું દાળમાં બાધક છે. કેવળ જ્ઞાનથી પ્રેમ થતો નથી, કેવળ જ્ઞાનથી શુષ્કતા આવે છે, રસનો અનુભવ થતો નથી. દીકરો બહુ મોટો માણસ છે એમ જાણ્યું તો શું થયું? પછી માતા દીકરાને તમે કહીને બોલાવવા લાગ્યાં. ભાઇ તમને મળવા કોઇ આવ્યું છે! પેલો દીકરો મનમાં અકળામણ અનુભવે કે આખી દુનિયા તમે કહેવા માટે હાજર છે, પણ બા, તું તો મને તું કહીને બોલાવ! બાનું જ્ઞાન પ્રેમમાં બાધક બન્યું. દીકરાને પ્રેમ ન મળ્યો. બાને વિચાર આવ્યો કે આટલા મોટા બનેલા દીકરાને હવે ગોદમાં કેમ સુવાડાય? પેલો દીકરો તરફડતો હોય કે ગમે તેટલો મોટો થયો, પણ તારી આગળ તો હું તારો બાળક છું. મને તારો પ્રેમ જોઇએ છે, તારું જ્ઞાન નથી જોઇતું.

માટે ભક્તિમાર્ગના આચાર્યોએ, શ્રીમહાપ્રભુજીએ-સૌએ એમ કહ્યું કે જ્ઞાન તો પ્રેમ જગાડવાની શરૂઆત માટેનું એક સાધન છે. એને તમે મુખ્ય ન ગણશો. બીજી રીતે આ વાત સમજીએ. ડૉકટર પાસે દવા લેવા ગયા. કંપાઉન્ડરે એક પડીકામાં દવા બાંધીને આપી. મહત્ત્વ કોનું? પડીકાનું કે ગોળીઓનું? આમ તો બંને જરૂરી છે, કારણ કે પડીકાના કાગળ વિના ગોળીઓ સચવાય નહિ. ગોળીઓ સાચવવા પડીકું જોઇએ. પણ કયાં સુધી જોઇએ? ગોળી મુખમાં મૂકવાની હોય ત્યાં સુધી. ગોળી મુખમાં જ ન મૂકીએ અને પડીકાને પંપાળ્યા કરીએ, તો એનાથી રોગ મટશે? રોગ કાગળ નથી મટાડતો, રોગ મટાડવામાં તો દવા નિમિત્ત બને છે. પણ દવાને સાચવવા કાગળ જરૂરી છે. એમ ભક્તિ તથા સેવા દ્વારા પ્રભુનો અનુભવ થવાનો છે. પણ ભક્તિ અને સેવાને સાચવવા માટે, એમાં પ્રેમ જગાડવા માટે માહાત્મ્યજ્ઞાન જરૂરી છે.

આપણા ત્યાં છેલ્લાં થોડાંક વર્ષોમાં એક વિચારધારા ખોટી ઊભી થઇ ગઇ. સર્વોત્તમજીનાં પદોનો આપણે ખોટો અર્થ કરી બેઠા અને કહી બેઠા : 'પંડિતદૃષ્ટિ તિમિરભરી જી.' પરિણામે પુષ્ટિમાર્ગના વિદ્વાનોનું સન્માન અને માન આપણે ન સાચવ્યું. એમ માની બેઠા કે અમને તો હવે પહેલેથી પ્રેમ મળી ગયો છે, પ્રભુ જ મળી ગયા છે, એટલે અમારે જ્ઞાનની કોઇ જરૂર જ નથી. માટે સ્વ-ગ્રંથોનો સ્વાધ્યાય છૂટી ગયો. સ્વ-ગ્રંથોનો સ્વાધ્યાય છૂટવાથી આપણી સેવા, આપણી ભક્તિમાં અગડમ્-બગડમ્ ગોટાળા શરૂ થઇ ગયા. સાચો પ્રેમ ન રહ્યો. ભક્તિનો અલૌકિક પ્રેમ પણ લૌકિક વિકારોથી દૂષિત થઇ ગયો. માટે શ્રીમહાપ્રભુજીએ આગ્રહ રાખ્યો કે માહાત્મ્ય જ્ઞાન તો પહેલાં જોઇશે. પ્રમાણની વાડ બનાવવી પડશે.

'વૃત્રાસુર ચતુઃશ્લોકી'માં પણ વૃત્રાસુરે પહેલાં એ જ કહ્યું કે ભગવાનની કથાઓનું પહેલાં મને શ્રવણ પ્રાપ્ત થાય, પછી કીર્તન પ્રાપ્ત થાય, અને પછી કાયા દ્વારા સેવા પ્રાપ્ત થાય. માટે માહાત્મ્યજ્ઞાન ભક્તિ માટે આવશ્યક છે, પણ સાથે સાથે સાવધાની રાખવાની છે કે એકલા માહાત્મ્યજ્ઞાનને પકડીને એવા ન બેસી રહીએ કે ભક્તિ છૂટી જાય. પુષ્ટિમાર્ગનો ભેદ જ આ. માહાત્મ્યજ્ઞાનનો ઉપયોગ પ્રભુમાં પ્રેમ વધારવા માટે છે, પણ પ્રેમ વધ્યો, જાગ્યો એટલે માહાત્મ્યજ્ઞાનને જ વળગીને ન બેસાય. જેમ જેમ પ્રેમ વધતો જાય તેમ તેમ ભાન ભુલાતું જાય. આ ભાન ભુલાવાની પ્રક્રિયા પણ કુદરતી રીતે થવી જોઇએ. જાણી-સમજીને બેભાન થવાનો ઢોંગ કરીએ તો તે ન ચાલે. આજે આપણી ભક્તિનું જે મીઠું ટોપરું અને જળ છે, એનો આસ્વાદ આપણને ભક્તિમાંથી આવતો નથી.

માટે સેવામાં થાક લાગે છે, માટે સેવા ઝડપથી પતાવવાની વૃત્તિ જન્મી છે. એક શહેરમાં તો કેટલાક વૈષ્ણવોએ પૂછયું કે હવે તો ઈન્સ્ટન્ટનો જમાનો આવ્યો છે. હવે તો બધું જ તૈયાર મળે છે, રેડીમેડ! ફાસ્ટ ફૂડના જમાનામાં સેવાનો પણ કોઇ ઈન્સ્ટન્ટ પ્રકાર બતાવોને! એક ક્ષણમાં સેવા પતી જાય-ઈન્સ્ટન્ટ સેવા મેં એમને કહ્યું કે ઈન્સ્ટન્ટ સેવા કરવી હોય તો વીડીયોમાં સેવાનાં દર્શન કરી લો! થઇ જશે ઈન્સ્ટન્ટ સેવા. હવે તો આપણા ત્યાં એવાં મંદિરો પણ બનવા માંડ્યાં છે અને કદાચ પુષ્ટિમાર્ગમાં પણ આવશે. એક શહેરમાં તો એનો પ્રયોગ કેવી રીતે કરવો તે વિચારાય છે. ગાડીમાંથી નીચે જ નહીં ઊતરવાનું. ગાડી અંદર ચક્કર મારે અને ઠાકોરજી બિરાજતા હોય, ત્યાં હાથ જોડી લેવાના અને ગાડી નીકળી જાય આગળ. મેં હસતાં હસતાં એમ કહ્યું કે એના પણ ભાવ રાખો કે ઠાકોરજી દૂર હોય અને આંખોને દર્શન કરવાની તકલીફ પડે એવું પણ શું કરવા? મુખિયાજી ગાદી જ લઇને મોટરની પાસે જાય અને સૌને દર્શન કરાવે કે લો, દર્શન કરી લો! આ વધારે ઈન્સ્ટન્ટ દર્શન! આવી રીતે આપણી ભક્તિને આપણે દૂષિત કરી નાખી છે. માટે જ શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે એકલું માહાત્મ્યજ્ઞાન પણ નહીં ચાલે. જો સેવામાં કેવળ માહાત્મ્યજ્ઞાન રહી જાય તો ગરબડ ઊભી કરી દે. 'કિમ્ આસનમ્ ગરુડાસનાય'- એ પંક્તિ જો મગજમાં રમે તો સવારના પહોરમાં આપણી તો દશા જ બગડી જાય. આ ગાદીતકિયા ઉપર ઠાકોરજીને કેમ પધરાવાય? શું કામ ગાદીતકિયા જોઇએ? ગરુડાસનવાળાને આપણા ઘરના ગાદીતકિયા ફાવશે? નહીં ફાવે તો ગરુડજી કયાંથી આવશે આપણા ઘરમાં? અને પછી વળી આગળ વધતાં વિચાર આવે કે જગતને ભોજન કરાવનારને આપણે શું ભોજન કરાવીએ? થઇ ગઇ સેવાની વ્યવસ્થા ચોપટ. મંગળભોગ નહીં ધરવાનો, રાજભોગ નહીં ધરવાનો!

આમ, અધિક જ્ઞાન, વધારે પડતું જ્ઞાન સ્નેહાત્મિકા સેવામાં બાધક બને. જ્ઞાનની જરૂર પ્રેમ જગાડવા માટે છે અને જાગેલા પ્રેમનો સેવામાં વિનિયોગ કરવાનો છે. વિનિયોગ સેવામાં એવી રીતે કરવાનો છે કે દિનપ્રતિદિન પ્રેમ વધતો જાય અને એક દિવસ એ પ્રેમ સર્વતોધિક સુદઢ બને, ત્યારે એને ભક્તિ કહેવાય. ત્યારે એને સેવા કહેવાય.

પૂ.ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીએ બહુ સુંદર વ્યાખ્યા કરી.. ભગવાન ભક્તની દિશામાં પોતાનો અનુગ્રહ, પોતાની કૃપાને મોકલે છે. એટલે ભગવાનની કૃપા ભક્તની દિશા તરફ જાય અને ભક્તના હૃદય સુધી ભગવાની કૃપા પહોંચે. ભગવાનની કૃપા, ભગવાનનો અનુગ્રહ ભક્તનાં હૃદય સુધી પહોંચે એ પૂરતું નથી.

તમે ટેનિસની રમત જોઇ હોય તો સ્ટેફી ગ્રાફનો દડો સામેના-પ્રતિસ્પર્ધીના કોર્ટ સુધી પહોંચે એ પૂરતું નથી. એનો પ્રતિસ્પર્ધી એ દડાને રીબાઉન્ડ કરે અને સ્ટેફી ગ્રાફના કોર્ટમાં પાછો મોકલે તો ટેનિસની રમત જામે. આમ, પ્રભુની કૃપા ભક્તના હૃદય સુધી પહોંચે, ત્યારે ભક્તના હૃદયમાં પ્રેમની પ્રતિક્રિયા જન્મે અને એ પ્રતિક્રિયા રીબાઉન્ડ થઇને જયારે પ્રભુગામી બને ત્યારે એને ભક્તિ-પુષ્ટિભક્તિ કહેવાય.

ભગવાનની ભક્ત તરફની કૃપા એ પુષ્ટિ, અને એ પુષ્ટિને ઝીલીને ભક્તના હૃદયમાંથી વહેતા પ્રેમની નદી પ્રભુ તરફ પાછી ફરે એ પુષ્ટિભકિત. આ વાત સમજવા માટે મેઘનું ઉદાહરણ આપ્યું. મેઘ વરસાદ વરસાવે એ મેઘની કૃપા. મેઘ કોઇ નિયમ કરીને વરસાદ વરસાવતો નથી, અકારણ વરસાવે છે, સર્વત્ર વરસાવે છે, પણ એ વરસાદનું જળ ધરતી ઉપર આવ્યા પછી કયાંક એ નદીનું રૂપ લે છે, સમુદ્ર સુધી જાય છે અને સમુદ્રનું જળ વળી પાછું વરાળ બની મેઘને પહોંચે છે. આમ, શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે પ્રભુએ આપણા પુષ્ટિજીવો ઉપર કૃપાનો વરસાદ વરસાવ્યો, બ્રહ્મસંબંધનું દાન થયું. બ્રહ્મસંબંધ-પ્રાપ્તિ એ પ્રભુની કૃપાની પ્રાપ્તિ છે. કૃપાનો વરસાદ છે. પ્રભુએ આપણો સ્વીકાર કર્યો, આપણો હાથ ઝાલ્યો અને કહ્યું કે હા, હું તારો છું, તું મારો છે, તો હું પણ તારો છું. પ્રભુએ પોતાના કૃપારૂપી બૉલને આપણા કોર્ટમાં નાખ્યો. હવે આપણી ફરજ છે એને રીબાઉન્ડ કરવાની. કેવી રીતે રીબાઉન્ડ થાય? તો જેણે કૃપાનું દાન કર્યું એને પ્રેમથી ભીંજવી દઇએ, એની ઉપર નિષ્કામ પ્રેમ વરસાવી દઇએ. આ નિષ્કામ પ્રેમ વરસાવવો એ પુષ્ટિભક્તિ છે, એ સેવા છે.

શ્રીમહાપ્રભુજીએ 'સિદ્ધાંતમુક્તાવલિ'માં સેવાનું સ્વરૂપ બતાવ્યું : ચિત્ત પ્રભુમાં પરોવાય એનું નામ સેવા. જેટલી ક્ષણો આપણું ચિત્ત પ્રભુમાં પરોવાયેલું રહ્યું એટલી ક્ષણ સેવા થઇ. બાકી તો સેવાની ક્રિયા થઇ. પણ આનો અર્થ એવો ન કરશો કે સેવાની ક્રિયા છોડી દેવી! સેવાની ક્રિયા કરતાં કરતાં મન પ્રભુમાં વધારે પરોવાતું જાય એ માટે કહ્યું : ચિત્તને પ્રભુમાં પરોવવું હોય તો તમારા તન અને તમારા ધનથી પ્રભુની સેવા કરો. એકલા તનથી પણ નહીં અને એકલા ધનથી પણ નહીં. દાળભાતનો સ્વાદ જુદો, પણ એ જ દાળ અને ચોખા ભેગા થઇને રંધાય અને ખીચડી બને એટલે એનો સ્વાદ વિલક્ષણ. આપણે તન અને ધનની ખીચડી નથી કરવાની, પણ તન અને ધનનો સાથે સેવામાં વિનિયોગ કરવાનો છે. એટલે એવું ન કરીએ કે શરીર આપણું અને પૈસો બીજાનો અથવા શરીર બીજાનું અને પૈસો આપણો. તો એ સેવા નહીં બને, બાકી બીજું જે કંઇ થવાનું હશે તે થશે.

શ્રીમહાપ્રભુજીએ બીજી વાત સમજાવી-'ભક્તિવર્ધિનીમાં.' સેવા કરવાનું ઉત્તમમાં ઉત્તમ સ્થળ ઘર છે; બીજું કોઇ નહિ. શા માટે? બરાબર સમજવાની કોશિશ કરજો. ઘરના એકાંતમાં પ્રેમ થાય, સાર્વજનિક સ્થાનોમાં નહીં. માતાને એના બાળકને વહાલથી ભોજન કરાવવું છે, તો માતા ઓટલે આવીને નહીં કરાવે. કરાવશો તમે? એ તો એવા ઓરડામાં લઇ જશે કે જયાં બાળક ભોજન કરતો હશે ત્યારે મા સિવાય બીજા કોઈની દૃષ્ટિ ન પડે. મારા દીકરાને નજર લાગી જશે! માતા બાળકને સ્નાન કરાવતી હશે ત્યારે પણ એવી રીતે કરાવશે કે એના ખુલ્લા શરીર પર બીજા કોઈની દૃષ્ટિ ન પડે. દીકરાને નજર લાગશે. માતા એકલી ઘરમાં હશે અને એના બાળકને વહાલ કરતી હશે, રમાડતી હશે અને ત્યાં કોઇક અજાણી વ્યક્તિ મળવા આવશે, એટલે પેલી વહાલ કરવાની ક્રિયા થંભી જશે.

વહાલ કરવાનો આનંદ એકાંતમાં છે, જાહેરમાં વહાલ ન થાય. તો જાહેરમાં શું થાય? આદર અપાય. માટે સેવાને શ્રીમહાપ્રભુજીએ 'બેડ-રૂમ અફેર' કહી છે. ડ્રોઇંગ-રૂમ અફેર નથી કહી. સેવા પણ એકાંતમાં થાય. આપણે જેને વહાલ કરવાનું છે એવા આપણા પ્રિયતમ પ્રભુને જાહેરમાં ન લવાય. એમનું એક્ઝીબીશન ન થાય. તમે જોજો, એક દિવસ તમે એકાંતમાં ઠાકોરજીને શૃંગાર આપો અને એક દિવસ ઓટલે બેસીને શૃંગાર આપો - બધાની વચ્ચે મહોલ્લામાં. શું અનુભવ થાય છે એ કહેજો. એકાંતમાં શૃંગાર આપતી વખતે જે આનંદ થશે એ અનુભૂતિ જાહેરમાં નહીં થાય.

કલકત્તાનો એક પ્રસંગ છે. ત્યાં એક વિદ્વાન બંગાળી સાહિત્યકાર થઇ ગયા. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હતા. ઘેર ઠાકોરજીની સેવા કરે. એમના ગુરુદેવ કલકત્તા પધાર્યા, એટલે વાતવાતમાં એ વૈષ્ણવે પૂછયું કે હું ઠાકોરજીને શૃંગાર ધરાવું છું તે પછી મને ઠાકોરજી ઉપર બહુ જ પ્રેમ અંદરથી જાગે છે. કયારેક કયારેક તો મન એવું તોફાને ચડી જાય છે અને થાય છે કે હું એમને ચુંબન કરી દઉં! કૃપાનાથ, આવું થાય? બધા વૈષ્ણવો બેઠેલા, એટલે આપશ્રીએ કહ્યું કે ન થાય, આવી ભૂલ ન થાય, કારણ કે આપણા લૌકિક મુખનો પ્રભુને સ્પર્શ થાય તો પ્રભુ છોવાય, પંચામૃત કરાવવું પડે. એટલે પેલા વૈષ્ણવ તો ચૂપ રહ્યા. બધા ઊઠીને ગયા. એ પણ ઊઠતા હતા, ત્યારે આપે કહ્યું કે બેસ. એ એકલા રહ્યા ત્યારે આપે એમને પૂછયું કે તારાં લગ્ન તેં જાતે કરેલાં કે ગોરે કરાવેલાં? ત્યારે કહ્યું કે ગોરે કરાવેલાં. લગ્ન કર્યા પછી ગોરને કશું પૂછવા ઊભો રહ્યો હતો? એટલે કહ્યું કે ના મહારાજ. પછી મને શું કરવા પૂછવા ઊભો રહ્યો છે? તને જે વખતે ભાવ આવે તે તું જાણે અને તારા પ્રભુ જાણે!

તારા પ્રભુને વાંધો ન હોય તો ગોરને શો વાંધો છે? પણ આ વાંધો કયારે પ્રભુને ન હોય? એકાંત હોય તો. જાહેરમાં તો વાંધો પડે. માટે સર્વતોધિક સ્નેહ અને સુદૃઢ સ્નેહ જાહેરમાં કદી પણ વિકાસ ન પામે, એ તો એકાંતમાં જ વિકાસ પામે. માટે જ શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી- 'ગૃહે સ્થિત્વા.' તમે તમારા ઘરના એકાંતમાં પ્રભુની સેવા કરજો. આજ સુધી એ પ્રકાર આપણા પુષ્ટિમાર્ગમાં સ્વીકારાયેલો છે.

જાહેર મંદિરોમાં તો પ્રભુનો આદર થાય, પ્રભુને પ્રેમ ન થાય. એક બીજી રીતે આ વાતનો વિચાર કરીએ તો એક યુવાન વ્યક્તિને રસ્તામાં બીજી કોઇ યુવાન વ્યક્તિ દેખાઇ, ગમી ગઇ. થોડા દિવસ સુધી અરસપરસનાં દર્શનનો ક્રમ ચાલ્યો. પણ એકલા દર્શનથી એ બંનેને સંતોષ થતો હશે? એ દર્શનથી એમના મનની વૃત્તિઓ કંઇ શાંત રહેલી હશે ખરી? એ દર્શનથી એકત્વ પામવાની ભાવના વધતી હશે ખરી? મળવાનું ચોકકસ થાય ત્યારે એ બંને યુવાન વ્યક્તિઓ એકાંત શોધે. લગ્ન વિચારે. પછી એ યુવતી પોતાના પ્રિયપાત્ર યુવકના ત્યાં એની પત્ની બનીને જાય ત્યારે પતિની સેવા એના ઘરમાં કરે. બહાર ઓટલે આવીને નહીં. પતિ ઘરમાં છે ત્યારે પતિની સેવા થાય છે, પતિ ઘરમાંથી બહાર ગયા ત્યારે પતિનું સ્મરણ છે. પણ કોઇ અવળચંડી બાઇ પતિની છાતી ઉપર બેસીને પતિનું સ્મરણ કરે તો? પેલા બિચારાના શા હાલ થાય? માટે શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું કે સવાર-સાંજ પ્રભુની સેવા કરો અને જયારે બપોર અને રાતનો અનોસરનો સમય છે ત્યારે પ્રભુનું સ્મરણ કરો. સેવાનો અનુકલ્પ સ્મરણ છે, સેવાનો વિકલ્પ સ્મરણ નથી. કંઇ નહીં, સેવા નથી બનતી તો આપણે તો એકલું સ્મરણ કરીશું, તો એ ન ચાલે. જેને સ્મરણ જ કરવું હોય, જેને કેવળ દર્શન જ કરવાં હોય તો એણે બ્રહ્મસંબંધ લેવાની જરૂર જ નથી.

શ્રીગુસાંઇજી 'નવરત્ન'ની વ્યાખ્યામાં બહુ સુંદર કહે છે કે જેને સેવા નથી કરવી એના માટે કેવળ તુલસીમાળા અને અષ્ટાક્ષર મંત્ર માટે પૂરતાં છે, પણ બ્રહ્મસંબંધ લીધું, એટલે પ્રભુ સાથે લગ્ન થયાં. પછી તે બાળલગ્ન થયું કે સમજૂપર્વક થયું, ઊંઘતાં થયું કે જાગતાં થયું, પણ લગ્ન થયું એ હકીકત છે. તો લગ્નના સંબંધો, લગ્નની ફરજો, લગ્નની જવાબદારીઓ નિભાવવી જ પડે.

બ્રહ્મસંબંધ પ્રભુ સાથેનું અલૌકિક લગ્ન છે. જેમાં સપ્તપદીની પ્રતિજ્ઞારૂપે બ્રહ્મસંબંધનો મંત્ર બોલ્યા છીએ. અગ્નિ-અલૌકિક અગ્નિ શ્રીમહાપ્રભુજીનું સાન્નિધ્ય છે અને તુલસીજી જેવા ગોર છે કે જે આપણો હાથ પ્રભુનાં ચરણોમાં ધરે છે. આ અલૌકિક લગ્ન થયા પછી સેવાની આનાકાની કરવી, સેવામાં સરળતા અને સુગમતા

આપણા સ્વાર્થવશ શોધવાં, સેવાના શોર્ટ-કટ અપનાવવા એ બધામાં મનની મલિનતા છે, સ્વાર્થની બદબૂ છે, ચિત્તની ચોરી છે. માટે અહીં શ્રીહરિરાયચરણ આ ચોત્રીસમા શિક્ષાપત્રમાં પુષ્ટિભક્તિનું સ્વરૂપ આપણને સમજાવવાના છે.

આગળ ઉપર પણ આપે આજ્ઞા કરી લીધી હતી કે સેવા કલ્પિત પ્રકારે ન કરશો. મનમાં દુર્ભાવ લાવીને, લૌકિક ભાવો લાવીને સેવા ન કરશો. જિંદગીના છેલ્લા શ્વાસ સુધી સેવા ચાલે. સ્વધર્મ સમજીને ચાલે, પણ કોઇ ફળ મેળવવા નહીં. સેવાનું ફળ જ સેવા. સેવા મળી એ જ ફળ. લૌકિક ફળ મેળવવા માટે જે જે સેવા કરે છે એને શ્રીમહાપ્રભુજી કહે છે કે તેથી કલેશ થાય છે. જે ભોગ માટે, દુનિયા માટે, સ્વાર્થ માટે પ્રભુની સેવા કરે છે, લોકાર્થી બનીને સેવા કરે છે, એના લોકનો પ્રભુ નાશ કરે છે. પ્રભુને એટલા ચીપ ન બનાવી દઇએ કે આપણા ક્ષુલ્લક સ્વાર્થ માટે પ્રભુનો દુરુપયોગ થાય, પ્રભુનો વેપાર થાય. ભગવદ્સેવાનો વેપાર થાય.

શ્રીમહાપ્રભુજી શ્રીમદ્ ભાગવતજી (જે પ્રભુનું નામ-સ્વરૂપ છે) - એનો પણ વેપાર ન કરવાની આજ્ઞા કરતા હોય ત્યારે સાક્ષાત ભગવદ્ સ્વરૂપનો વેપાર કરવાની વૃત્તિ તો કેટલી અધમ કહેવાય? પ્રભુ સાથે બારગેઇનિંગ ન હોય. ભક્ત તો એનું નામ કે જે એમ કહે છે કે હે ભગવાન! તમે દુનિયાને-સૌને જે જોઇએ તે આપનારા છો અને બધું આપી દીધું. હવે તમારી પાસે તમારું કશું બચ્યું નથી. પરિણામે, તમારી પાસે તમારું હૃદય પણ નથી રહ્યું. એય આપી દીધું. ખરેખર તમારે એક હૃદયની જરૂર છે. હૃદય વિના તમે થોડા નિષ્ઠુર થાઓ છો. મારી પાસે એક ધબકતું હૃદય છે, જે કદાચ નહીં હોય તો ચાલશે. મારું હૃદય હું તમને આપું છું. આ ભાવથી ભક્ત પ્રભુ કરતાં એક વેંત ઊંચો બને. ભક્તના આવા ભાવને કારણે જે સર્વ વ્યાપક રૂપે હતા, જે બ્રહ્મ હતા, હૃદયમાં આત્માની સાથે રહીને જે પરમાત્મા હતા એને ભક્તને અનુકૂળ, ભક્તની ઇચ્છા પ્રમાણેનું સ્વરૂપ ધારણ કરી ભક્તના ઘેર પધારવું પડ્યું. ત્યારે એ ભગવાન બને છે. ભક્તની ઇચ્છાને અનુરૂપ, રૂપ ધારણ કરે એ ભગવાન. પુંડરિકના ત્યાં ભગવાન વિઠ્ઠલનાથજીને પણ ઊભા રહેવું પડ્યું-કલાકો સુધી. પ્રભુને પણ ભક્તની ઇચ્છા નિયામક બને છે.

ગોપીજનોએ કૃષ્ણને કહ્યુંઃ લાલા, થોડીક છાશ પીવી હોય તો નાચ. અને વ્રજભક્તોને ખાતર પ્રભુ નાચ્યા. જેનાં ચરણારવિંદની સેવા લક્ષ્મીજી કરે છે, એવા પ્રભુ રાધિકાજીનાં ચરણારવિંદ દબાવે. જેની સેવા કરવા માટે આપણે સૌ તરફડીએ એવાં કૃપાસાગર શ્રીયમુનાજી લૌકિક સ્ત્રીનું રૂપ લઇને એમનાં કૃપાપાત્ર કિશોરીબાઇની શુશ્રુષા કરવા પધારે! કોણ મોટું? ભક્ત મોટો કે ભગવાન મોટા?

જયારે જયારે ભક્તનો સાચો ભક્તિભાવ ઊછળવા લાગે છે, ત્યારે પ્રભુ નાના બની જાય છે. ભક્તિની પાછળ પાછળ ભકતખાતર ભગવાન ડોલે છે. ભક્ત વિના ભગવાનને ચેન પડતું નથી. મારો ધવન આવશે ત્યારે હું રાજભોગ આરોગીશ. ગજન ધવન વિના શ્રીનવનીતપ્રિયજી રાજભોગ ન આરોગ્યા. ભક્તના દ્વારે ભગવાનને રાહ જોતા ઊભા રહેવું પડે, એવી ભક્તની મહાનતા કયારે? શાના કારણે? એની આ શુદ્ધ નિષ્કામ પ્રેમપૂર્ણ ભક્તિને કારણે જ. વેદની શ્રુતિઓએ બોધ કર્યો. પ્રભુ પ્રવચનો કરવાથી નથી મળતા. અમારા જેવા પ્રવચનકારોના ભાગ્યમાં ભગવદ્પ્રાપ્તિ દુર્લભ. તમે બહુ બુદ્ધિવાન છો, તમે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. ભલે કર્યો, એનાથી ય પ્રભુ રીઝી જશે નહીં.

બહુ સાંભળવાથી ય પ્રભુ નથી મળતા. ત્યારે શાનાથી મળે? હે વેદની શ્રુતિઓ! તમે કહો તો ખરાં કે ભગવાન શાનાથી મળે? વેદની શ્રુતિઓ કહે છે, એની અમને ખબર નથી, અમને નથી મળ્યા. મળશે પછી અમે કહીશું. જયાં વેદની શ્રુતિઓ કહેવાની ના પાડે છે, ત્યાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીના કૃપાપાત્ર ભગવદીયો કહે છે કે અમે કહીએ. અમને અનુભવ છે, અમને મળ્યા છે. એમને પૂછવાનું મન થાય કે તમે ભગવાન કૃષ્ણને જોયા છે? એ કહે છે કે હા, એમને જોયા છે. એવા જોયા છે કે 'આગે કૃષ્ણ, પાછે કૃષ્ણ, ઇત કૃષ્ણ, ઉત કૃષ્ણ, હૌં તો ભઇ રી કૃષ્ણમયી રી.' જોયા છે શું, આ રહ્યા. મારી આગળ છે, મારી ગોદમાં છે, મારી જમણી બાજુ છે. મારી ડાબી બાજુ છે. મારા ખભા પર બિરાજ્યા છે, મારા મસ્તકે બિરાજ્યા છે! હું કૃષ્ણમય છું.

રામદાસજીએ શ્રીમહાપ્રભુજીનાં અલૌકિક દર્શન કર્યાં. 'જાકે રોમ રોમ વસત કોટિ કોટિ શ્રીગોવર્ધનરાય.' જેમના રોમરોમમાં શ્રીગોવર્ધનનાથજી બિરાજે છે. આવા શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીના કૃપાપાત્ર ભગવદીયોઓએ કહ્યું કે તમે અમને તો પૂછો. અમે તો તમારા છીએ. અમે તમને રસ્તો બતાવીશું. પ્રભુને મેળવવા છે? અમને જરાય અઘરું નથી લાગ્યું. અમે તો એવા નિઃસાધન હતા કે અમારી પાસે તો સારું-ટાઇલ્સો ચોડેલું, આરસ મઢેલું, ઇલેકટ્રીક પંખા ફરતા હોય એવું ઘર પણ નહોતું. ઘાસની ઝૂંપડીઓમાં રહ્યા છીએ. અરે, તમારાં જેવાં વસ્ત્રો યે નથી. સોળ ટૂકડાઓને ગોઠવી ગોઠવીને આ પાઘ બાંધી છે. પણ છતાં ય પ્રભુ અમને મળ્યા છે. આપણે એમને પૂછીએ હે ગોવિંદસ્વામીજી! બતાવો તો ખરા, કેવી રીતે મળ્યા?

ગોવિંદસ્વામીજી કહે છે કે 'પ્રીતમ પ્રીત હી તે જાય પૈયે'- બસ, સાદી સીધી વાત. એની પાસે બધું છે, પણ એ ભૂખ્યો છે પ્રેમનો. તમે એને પ્રેમ આપો, બદલામાં

એ પ્રેમાત્મા તમને એનો અનેકગણો પ્રેમ વરસાવી દેશે. તમારા રૂપથી, તમારા ગુણથી, તમારા ઊંચા ચારિત્ર્યથી, તમારા ઘરની સુઘડતાથી એ નહીં રીઝે.

આવા પ્રભુને ભરપૂર પ્રેમ કરતાં શીખવાનું છે અને પ્રેમ આપ્યા જ કરવાનો છે, હોં. બદલામાં પ્રેમ પણ માગવાનો નહીં. બહુ કઠણ છે. દુનિયામાં તો આપણું મોઢું ચઢી જાય. આપણે કોઇક સ્વજન તરફ હસતા રહીએ અને એક દહાડો એ મોઢું હસતું ન રાખે, તો આપણાં ભવાં ચઢી જાય કે હસવાના ય પૈસા બેસે છે? કોણ બોલે તમારી જોડે! અહીં તો એ હસે કે ન હસે, એ બોલે કે ન બોલે, તે માગે કે ન માગે, એ દર્શન આપે કે ન આપે - અમારે તો એને વહાલ કર્યા જ કરવું છે, કર્યા જ કરવું છે, કર્યા જ કરવું છે. રાતદિવસ એનામય થઇ જવું છે. સતત એના સુખના જ વિચાર કરવા છે, સતત એના સુખ માટે જ સેવા કરવી છે. આવી 'સ્વામીસંતોષજનિતા સેવા-સેવ્યસંતોષજનિતા સેવા.' જેનાથી પ્રભુને સંતોષ થાય, જેનાથી પ્રભુને પ્રસન્નતા થાય એવી સેવા, એનું નામ પુષ્ટિભક્તિ.

જેનાથી ભગવાનને સંતોષ થાય, ભક્તનું સુખ થાય, ભક્તિનો સ્વાર્થ સધાય એવી સેવા એટલે મર્યાદાભક્તિ. પોતાના સુખ માટે મર્યાદા ભક્તોએ પ્રભુને પરિશ્રમ કરાવ્યો. કુંવરબાઇનું મામેરું કરવું હતું અને શામળશાનો વિવાહ કરવો હતો. નરસિંહ મહેતા જેવા અનન્ય કૃષ્ણભક્ત, ભલે બીજા કોઈની સામે હાથ ન લંબાવીને અનન્યતા જાળવે, પણ પ્રભુની પાસે તો માગીને એમણે પ્રભુને શ્રમ કરાવ્યો ને! પ્રભુને સાદ પાડ્યો કે મારું આટલું કામ કરી આપો. એમણે કહી દેવું જોઇતું હતું. દીકરા-દીકરીને કે બેટા! લગ્ન ન થાય કે મામેરું ન થાય તો પ્રભુની ઇચ્છા! પણ તમારા લગ્ન અને મામેરા માટે મારા પ્રભુને હું પરિશ્રમ નહીં આપું. જો નરસિંહ મહેતાએ આ કર્યું હોત તો એ પુષ્ટિભક્ત થાત, પણ નરસિંહ મહેતાએ સમાજમાં પોતાની આબરુ બચાવવા, દીકરા-દીકરીનાં મન રાખવા પ્રભુને પરિશ્રમ કરાવ્યો, પ્રભુને સાદ પાડવા માટે જીભનો ઉપયોગ કર્યો કે જે જીભ પ્રભુની પ્રસન્નતા માટે, પ્રભુના ગુણગાન ગાવા માટે છે, એ જીભનો સ્વાર્થ માટે ઉપયોગ કર્યો. એ અપરાધનું ફળ બીજા જન્મમાં આવ્યું-ગોપાલદાસ સ્વરૂપે. મૂંગા જન્મ્યા.

જે વૈષ્ણવ પોતાના સ્વાર્થ માટે પ્રભુ પાસે માગે છે, ઇચ્છા રાખે છે, વાણીનો દુરુપયોગ કરે છે એ સૌએ આ પ્રસંગને ધ્યાનથી હૈયામાં કોતરી લેવા જેવો છે. ભલે આ જન્મમાં આપણી ઇચ્છાઓ પ્રભુ પૂરી કરશે, કારણ કે કોઇનું દેવું તે માથે રાખતો નથી. આપણી સેવાનો લૌકિક બદલો આપશે, પણ પ્રભુના કરેલા અપરાધનો ભોગ ભોગવવા બીજો જન્મ લેવો પડશે અને દંડ સહન કરવો પડશે. મીરાંબાઇને ઝેરનો

પ્યાલો રાણાએ મોકલ્યો, તો શું થયું? ભક્તને ઝેર શું, પાણી શું? બેય સરખાં હોય. પી જવાનાં. મીરાંબાઇ મા હોત તો એને ખબર પડી હોત કે એણે એના દીકરાને ઝેરનો પ્યાલો પાયો હોત? મીરાંબાઇને લૌકિકમાં એના પતિ ઉપર પ્રેમ હોત તો એ વિચાર કરતી હોત કે આ પ્યાલો એના મોઢે મૂકી શકીશ ખરી? પણ મીરાંબાઇનું લૌકિક તો બગડેલું હતું. એણે કેવળ વાણીથી ‘મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરો ન કોઇ’ ગાયું એટલું જ. હૃદયમાં મેરે તો ગિરિધર ગોપાલ ન વસ્યો, એટલે કૃષ્ણની આગળ ઝેરનો પ્યાલો ભોગ ધરી દીધો! પરિણામ શું આવ્યું? જે મીરાંબાઇને કૃષ્ણનો સાક્ષાત જન્મોજન્મ અનુભવ થવો જોઇતો હતો, એ મીરાંબાઇને માત્ર શુષ્ક મોક્ષ મળ્યો.

પ્રભુદાસ જલોટાને શ્રીમહાપ્રભુજીએ ટકોર કરી, આવું ઠાકોરજીને લાયક સુંદર દહીં આપનાર ભરવાડણને તેં શું આપ્યું?ત્યારે કહે કે મહારાજ મોક્ષ આપ્યો. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, ભક્તિ આપવી હતી ને? પ્રભુદાસે કહ્યુંઃ મહારાજ! એણે માગી હોત તો ભક્તિ શું, ભગવાન આપી દેત. પણ માગતાં ન આવડે તો શું કરીએ? મીરાંબાઇ ગમે તેવાં મહાન મર્યાદાભકત હશે, પણ પુષ્ટિભક્તોની ચરણરજ બનવા પણ લાયક નથી, કારણ કે આપણા શ્યામસુંદરને મીરાંબાઇએ સૌથી વધારે પરિશ્રમ આપ્યો. ભક્તિની કોર્ટમાં એમનો કેસ માંડવો જોઇએ કે અમારા મોહનનાગરને, અમારા ગિરધરનાગરને ઝેરનો પ્યાલો ધરતાં જરાય તમારો હાથ ધ્રુજ્યો નહિ?

મીરાંબાઇએ તો અનાવરણ ઝેર ધર્યું. આપણે મીરાંબાઇના પગલે જ ચાલનારાં છીએ. ઠાકોરજીને રોજ આપણાં લૌકિક દુઃખના ઝેરના પ્યાલા ધરતાં જ જઇએ છીએ. મહારાજ, આજે મારે આ દુઃખ છે, અને મહારાજ, આજે મારે આ દુઃખ છે. મંગળભોગ ધરતાં ય દુઃખ રડ્યાં ને રાજભોગ ધરતાંય દુઃખ રડ્યાં. આપણે જમવા બેસીએ અને કોઇ દુઃખ રડતા આવે તો? માટે મર્યાદાભક્તોની તુલના પુષ્ટિભક્તોની સરખામણીમાં કયાંય નથી. પુષ્ટિભક્ત તો અલગારી છે, એવો સ્વતંત્ર છે, એવો પ્રેમથી ભરેલો છે કે એક બાજુ એનું હૃદય ફૂલ જેવું કોમળ છે અને બીજી બાજુએ એનું બહારનું કલેવર લૌકિક જીવન જીવવામાં વજ્ર જેવું કઠોર છે. ‘ઉત્તરરામચરિત’માં બહુ સુંદર વાત કહી. જે બહારથી વજ્ર જેવો કઠોર દેખાતો હોય, ગમે તેટલી લૌકિક આફતો આવે તો ય એમ કહેતો હોય ‘અમને ખબર નથી. અમારે પંથ શી આફત ખડી છે.’ અમારે એ જાણવાની જરૂર પણ નથી, આવવી હોય એટલી આફતો-આપત્તિઓ આવો, અમે એ બધી સહન કરી લઇશું, પણ હે આફતો, હે

આપત્તિઓ! અમારો ઊંહકાર અમારા સ્વામીના કર્ણ સુધી ન પહોંચે એમ કરજો. અમારા આપત્તિઓના નિ:સાસા અમે હૃદયની અંદર દબાવી દઈને અમારા સ્વામીની પાસે એના સુખ માટે હસતા મુખે પહોંચી જઈએ. આ કઠોરતા અને કોમળતાનો અદ્‌ભુત સમન્વય એટલે પુષ્ટિભકત.

માટે તો શ્રીમહાપ્રભુજીએ 'વિવેકધૈર્યાશ્રય'માં કહ્યું છે કે મારો સેવક તો સિંહનું બચ્ચું હોય, શિયાળ ન હોય. સૂરદાસજીને એમણે કહ્યું, 'સુર વ્હૈ કે કાહે કો ઘિઘિયાત હૈ? કછુ ભગવદ્‌યશ ગા.' શૂરવીર થઈને આ શું રોદણાં રડવા બેઠો છે? ભગવદ્ યશ ગાને ભાઈ! તો તને આનંદ આવે. પ્રભુને આનંદ આવે અને અમને ય આનંદ આવે. જયારે એમણે ગાયું 'વ્રજ ભયો મહર કે પૂત'- ત્યારે એ પદની છેલ્લી પંક્તિ શ્રીમહાપ્રભુજીએ પૂરી કરી હતી. 'સુન સૂર સબન કી હી યહ ગતિ જો હરિચરન ભજે'. સૂરદાસજીએ આગલી પંક્તિમાં કહ્યું: જયારથી પ્રભુ વ્રજમાં પ્રગટ્યા, ત્યારથી વ્રજભકતોના ઘરમાં નવનિધિ અને અષ્ટ સિદ્ધિ છે. ત્યારે શ્રીમહાપ્રભુજીએ વચન આપ્યું, સુન સૂર સબન કી યહ ગતિ- જે પ્રભુના ચરણારવિંદની સેવા કરશે, જેના ઘરમાં પ્રભુનાં ચરણારવિંદ બિરાજશે તે સૌને આ નવનિધિ અને અષ્ટસિદ્ધિ મળશે. આવી પુષ્ટિભક્તિ છે.

જે લાયક નહોતા એવા આપણા જેવા જીવોને શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને સેવા આપી છે, જેના દ્વારા, શ્રીમહાપ્રભુજીનું વચન છે, પ્રોમિસ છે કે હૃદયમાં રહેલા પ્રભુ તમારી હથેળીમાં આવીને બિરાજશે. તમારે એકલાં દર્શનનો શું કામ મોહ રાખવો પડે? દર્શન સેવામાં થશે જ. સેવા કરો તો દર્શન થશે. માટે પુષ્ટિભક્તોએ કેવળ દર્શનાર્થી ન બનવું. સેવાર્થી બનવું, એકલાં દર્શન કર્યે કોનું પેટ ભરાય? પડોશમાં એક નાનું બાળક બહુ સુંદર છે. રોજ સવારે જોતાં રાજી થઈ જવાય. પણ એથી કેટલું પેટ ભરાય? ઘરમાં પોતાનો દીકરો રમતો હોય, ભલેને, કદાચ રૂપમાં થોડો ઓછો હોય, પણ એને લાડ લડાવીએ તો પેટ ભરાય. માટે કેવળ દર્શન એ ભક્તિ નથી. કેવળ સત્સંગ એ ભક્તિ નથી. કેવળ કીર્તન એ ભક્તિ નથી. કેવળ તનુજા સેવા એ ભક્તિ નથી. કેવળ વિત્તજા સેવા એ પણ ભક્તિ નથી. અને કેવળ એકાંત ખૂણામાં બેસીને મનમાં પ્રભુનું ચિંતન કરવું એ પણ ભક્તિ નથી. ભક્તિમાં આ સર્વનું સુંદર સંમિલન છે. સેવાના સમયમાં સ્વરૂપભાવના, ભાવભાવના અને લીલાભાવનાના ચિંતન સાથે સેવા દ્વારા સ્નેહની અભિવ્યક્તિ થાય છે. સેવાના અનોસરમાં ભગવલ્લીલાના ચિંતન માટે જપ-પાઠ-કીર્તન-સત્સંગ આ સર્વ કંઈ ભગવદ્ સુખાર્થે થાય ત્યારે એ ભક્તિ કહેવાય છે. જીવના સ્વાર્થે થાય ત્યારે સાધન

કહેવાય છે. આપણાં આનંદ માટે કીર્તન કરતા હોઇએ તો કીર્તન એ સાધન છે, પ્રભુને રીઝવવા કીર્તન કરીએ ત્યારે એ ભક્તિ છે.

કૃષ્ણ ભટ્ટનો એક પ્રસંગ યાદ આવે છે. કૃષ્ટ ભટ્ટજીને એકવાર ગિરિરાજ જતિપુરામાં શ્રીનાથજીના બડે મુખિયાજી-રામદાસજીએ કહ્યું કે આવ્યા છો તો થોડાક દિવસ સેવામાં રોકાઇ જાઓ, કારણ કે બીજા કેટલાકને સૂતક આવ્યું છે, સેવામાં સેવકો ઓછા છે. કૃષ્ણ ભટ્ટજી સેવામાં રોકાયા. રોજ પ્રેમથી સેવા કરે, પણ શ્રીનાથજીનાં ચરણસ્પર્શ ન કરે. ચાર-છ દિવસ ગયા, ત્યારે પ્રભુએ સાક્ષાત દર્શન આપીને પૂછયુંઃ કૃષ્ણભટ્ટ, મારાં ચરણસ્પર્શ કેમ કરતો નથી? બીજા બધા તો ચરણસ્પર્શ માટે વલખાં મારે છે અને તને મળ્યાં છે તો કેમ કરતો નથી? કૃષ્ણ ભટ્ટ કહે છેઃ મહારાજ, ચરણસ્પર્શ કરું તો એમાં મારું સુખ છે. મને સંતોષ થાય, આનંદ થાય, પણ એમાં તમારું શું સુખ? એટલે હું તો તમારા સુખ માટે તમારો સેવક છું. મારા સુખનો મને વિચાર નથી. શ્રીગોવર્ધનનાથજીએ બહુ પ્રસન્ન થઇને આજ્ઞા કરીઃ પણ તું ચરણસ્પર્શ કરે અને મને આનંદ થતો હોય તો? કૃષ્ણ ભટ્ટજી કહે છે કે તો તો હું આપનાં ચરણારવિંદ હંમેશ પકડી લઉં! જો આપને આનંદ થતો હોય તો બધું કરવાની તૈયારી છે, પણ જેનાથી આપને આનંદ થતો ન હોય તેવું કશું કરવાની મારી તૈયારી નથી.

ચતુર્ભુજદાસજીનો વિચાર કરો. એમનાં પત્ની હરિશરણ થયાં. વિધુર થયા. પ્રભુએ આજ્ઞા કરી, ચતુર્ભુજ! ફરીથી લગ્ન કર. ચતુર્ભુજદાસજીનું લૌકિકમાં તો મન જ નહોતું. ભલું થયું ભાગી જંજાળ, એમ માનતા. એટલે એમણે કહ્યુંઃ મહારાજ, મને ફરી લૌકિકમાં શું કામ નાખો છો? હું લગ્ન નહીં કરું. ચતુર્ભુજદાસજીએ આમ કહીને સમજાવ્યું કે પ્રભુ કયારેક લૌકિક માટેની આપણી કસોટી કરવા આજ્ઞા કરે છે. પણ પ્રભુની આજ્ઞા પણ જો પ્રભુસુખથી વિરોધી હોય તો તેને ન માનવી. ભક્ત આટલો સ્વતંત્ર. એ તો દરેક આજ્ઞાને ચકાસે-તપાસે કે આમાં મારા પ્રભુનું સુખ છે? તો સ્વીકારું. પ્રભુનું સુખ નથી તો ન સ્વીકારું. ચતુર્ભુજદાસે ના પાડી. ત્યારે ઠાકોરજીએ કહ્યું કે ના, એટલા માટે લગ્ન કર કે તારી જાનમાં અમારે જાનૈયા બનીને મહાલવું છે. આનંદ લેવો છે. તો ભલે હું લૌકિક પણ વેઠી લઇશ. આ તત્સુખનો ભાવ. તમને પ્રસન્નતા થતી હોય તો દુનિયાનાં બધાં દુઃખોના ડુંગર મારા મસ્તકે તૂટી પડે અને ખાતરી રાખજો પ્રભુ કે હું એક ઊંહકારો પણ નહીં દઉં! આ પુષ્ટિભક્ત.

માટે જ આવા પુષ્ટિભક્તો ઉપર શ્રીહરિરાયચરણ વારિ ગયા. 'હૌં વારી ઇન વલ્લભીયન પર.'

આપણી પુષ્ટિભક્તિનો અને પુષ્ટિભક્તનો આ આદર્શ છે. પ્રિય વૈષ્ણવો, આ આદર્શને નજર સામે રાખીને આપણા જીવનને પુષ્ટિભક્તિમય બનાવવાનું છે. અનેકવાર કહેવાયું છે, છતાં ફરી ફરીને કહેવાનું મન થાય છે - આપણી સેવાને પાર્ટટાઇમ જૉબ ન બનાવી દેશો. આખું જીવન સેવામય બનાવજો. સવારે ઉઠવાથી લઇને જિંદગીની જે જે ક્રિયાઓ કરીએ, તે પ્રભુસુખના વિચારથી કરીએ. પ્રભુના સુખ માટે પ્રસાદ લેવાય. જેટલો પ્રસાદ શરીરને પ્રભુની સેવામાં તત્પર રાખે એટલો તનક તનક લેવો. જો તબક તબક લેવાથી પ્રભુની સેવા સારી થતી હોય તોય સૂરદાસજીને કોઇ વાંધો નથી, પણ મહાપ્રસાદ લીધા પછી મહાપ્રમાદ ન થવો જોઇએ. પ્રભુની સેવા સારી રીતે, સ્ફૂર્તિથી થવી જોઇએ. જો ભારે મહાપ્રસાદ લેવાથી શરીરને અકળામણ અને પ્રમાદ થતો હોય તો જે રુચે તે ફલાહાર કે દુગ્ધાહાર કે અન્નાહાર પણ, પ્રભુના સુખમાં વિક્ષેપ ન કરે તેટલો જ પ્રસાદ લેવો.

નોકરી એ પણ ભગવદ્‌સુખાર્થે. પેલા વૈષ્ણવની વાર્તા છે, મુકુંદદાસજીની. શેઠ સાથે શરત કરી. બપોરે બારથી ચાર તમારી નોકરી કરીશ. ચાર જ કલાક, આઠ કલાક નહીં આવું. પગાર અડધો આપજો. પણ ચાર કલાકમાં તમારું આઠ કલાકનું કામ કરી આપીશ, એની ખાતરી. સાંજે ચાર વાગશે એટલે ઊભો થઇ જઇશ, રોકાઇશ નહીં. તમારે પૂછવાનું ય નહીં કે કેમ ચાર જ કલાક નોકરી કરી? સવારે બાર વાગ્યા સુધી ભગવદ્‌સેવા અને સાંજે ચાર વાગ્યે ઘેર જઇને પણ ભગવદ્‌સેવા. નોકરી પણ ભગવદ્‌સેવાના અર્થે, વ્યાપાર પણ ભગવદ્‌સેવાના અર્થે.

સંતદાસજીની વાર્તા સૂચવે છે, સેવા પહોંચીને બજારમાં કોડીઓ વેચવા જઇને બેસતા. સાંજે ઉત્થાપનનો સમય થતાં ઊઠીને ચાલ્યા આવતા. જે વેપાર થવાનો હોય તે થાય! આવું જીવન પુષ્ટિભક્ત આગ્રહપૂર્વક ગોઠવે છે. જીવનમાં અલૌકિકતાને પ્રાધાન્ય આપે છે અને અલૌકિકતાને જાળવવા માટે જરૂરી લૌકિકતા સ્વીકારે છે. પછી એ કરોડપતિ શેઠ **પુરુષોત્તમદાસ** હોય કે **મજૂ**રી કરીને પૈસો કમાઇને ઠાકોરજીને ઉત્થાપનમાં બાજરીના દાણા **ધરના**રાં મા-દીકરી હોય! કોઇએ અલૌકિક સુખના ભોગે લૌકિક સુખને સ્વીકાર્યું નથી. અલૌકિકતાના ભોગે લૌકિકતાને પંપાળી નથી. આ પુષ્ટિભક્તિ છે. આવા પુષ્ટિભક્તો છે. આપણું સૌભાગ્ય છે કે તેઓ આપણા પૂર્વજો છે! પૂર્વજોની અસ્મિતાનું દરેક વંશજ ગૌરવ કરે. મારા બાપદાદા આવા થઇ ગયા! એને એવું બાળપણથી શીખવવામાં આવે. બેટા, આપણા બાપદાદા આવા થઇ ગયા, એમના પગલે પગલે તું ચાલજે અને એમનાથી સવાયો થજે. 'પુત્રાત શિષ્યાત્ ઇચ્છેત્ પરાજયમ્' - સાચો પિતા કોણ? જે પુત્રની પાસે હાર

સ્વીકારે. એમનાથી સવાયા બનીએ. આ મહાભાગ્યવાન તાદશી ભગવદીયો આપણને સતત એવા આશિષ આપતા રહ્યા છે, પ્રેમથી-વાત્સલ્યથી કહેતા રહ્યા છે, બેટા, જે ભાગ્ય અને ભાવ અમને મળ્યાં એનો આ અકબંધ વારસો તમે સાચવજો. પણ, આપણું દુર્ભાગ્ય છે કે આ અલૌકિક નિધિ-વારસો આપણે ગુમાવતા જઇએ છીએ.

મને તો એવું સમજાય છે કે આ શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરતાં કરતાં સચિંત છે, આ સિદ્ધાંતો, જે તેઓ બતાવી રહ્યા છે, એને જીવનમાં ઉતારનારા જીવો મળશે ખરા? શ્રીહરિરાયચરણ આ શિક્ષાપત્રમાં આટલી મોટી ભૂમિકા બતાવતા નથી. એ માને છે કે વૈષ્ણવોને એની ખબર છે, એટલે એમણે તો મૂળ મુદ્દાની વાત કરી છે. તેથી ચોત્રીસમા શિક્ષાપત્રનો પ્રારંભ જ અહીંથી થાય છે. અત્યાર સુધી આપણે જોઇ એ તો પુષ્ટિભક્તિની ભૂમિકા જોઇ છે. હવે ચોત્રીસમા શિક્ષાપત્રનો પ્રારંભ થશે.

પુષ્ટિભક્તિનાં બે રૂપ. એક ચરણારવિંદની ભકિત અને બીજી મુખારવિંદની ભક્તિ. આજે મોટા ભાગે વૈષ્ણવો ચરણારવિંદની ભક્તિ કરનારા છે. મુખારવિંદની ભક્તિ કરનારાઓની સંખ્યા બહુ અલ્પ છે. જે ભક્તો પ્રભુનાં કીર્તન કરે, પ્રભુનાં ગુણગાનનું સ્મરણ અને શ્રવણ કરે, એ શ્રવણ-કીર્તન-સ્મરણ ચરણારવિંદની ભક્તિ છે. મર્યાદાભક્તોએ પ્રભુનાં ચરણારવિંદ સેવ્યાં. ગંગાજીએ, તુલસીજીએ અને લક્ષ્મીજીએ પ્રભુનાં ચરણારવિંદ સેવ્યાં. એમણે પ્રભુનાં ગુણગાન ગાયાં, પ્રભુનાં ગુણગાન સાંભળ્યાં, પ્રભુનાં ગુણગાનનું સ્મરણ કર્યું. એનાથી જે સંતૃપ્ત રહ્યાં એ મર્યાદાભક્તો કહેવાયાં.

પણ પુષ્ટિભકતોને વૈકુંઠ નથી જોઇતું. માટે એમણે કહ્યું: 'વૈકુંઠ નહીં આવું.' વૈકુંઠ-અક્ષરબ્રહ્મમાં વિલીન થવા નથી આવવું. અમને તો 'વ્રજ વહાલું રે', અને માટે, 'પાઓ પ્રેમરસ પ્રાણજીવન, દીન થઇ જાચું રે.' અમારે તો તમારો પ્રેમરસ પીવો છે. આ પ્રેમરસ મોક્ષથી નથી મળતો. માટે શ્રીહરિરાયચરણ ચરણારવિંદની ભક્તિને મર્યાદાભક્તિ કહે છે, અને આજ્ઞા કરે છે કે પ્રભુના અધરામૃતનું સેવન એમાં નથી. અરે! એમાં પ્રભુનાં દર્શન પણ નથી. જે ચરણારવિંદની ભક્તિ કરે છે એને પ્રભુ કેવળ ચરણારવિંદનાં દર્શનનો જ અનુભવ કરાવે છે. મુખારવિંદનો પણ નહીં.

કહેવાય કે નહીં, મને ખબર નથી. પણ હૃદયમાં ભાવ જાગ્યો છે એટલે કહેવાઇ જાય છે. મારા જ અનુભવનો એક પ્રસંગ છે. કદાચ બાવીસેક વર્ષ પહેલાંનો. જ્યારે સૌ પ્રથમ જાહેરમાં ભગવદ્‌કથા કહેવાની શરૂઆત કરી અને તે

સૌરાષ્ટ્રમાં માણાવદરમાં. આ જ દિવસોમાં શ્રીમહાપ્રભુજીના ઉત્સવના પૂર્વ-દિવસોમાં. જે વૈષ્ણવને ત્યાં મુકામ હતો એ વૈષ્ણવ બહુ જ ભાવ અને પ્રેમવાળા, પણ સૌરાષ્ટ્રના વૈષ્ણવોની મેંડ-અપરસ કડક. એટલે બહુ જ દીનતાપૂર્વક અને વિવેકપૂર્વક કહ્યું કે તમને અમારી અપરસમાં સ્નાન નહીં કરાવી શકું. જો કે કોઇના દિલને દુઃખ થાય એવા હઠાગ્રહથી સેવામાં જવાની મારી તત્પરતા પણ ન્હોતી. એટલે સેવા વિનાના દિવસો પસાર કરતો હતો. એમાં શ્રીમહાપ્રભુજીના ઉત્સવનો દિવસ આવ્યો. સવારે ચારેક વાગે આંખ ઊઘડી ગઈ. હૃદયમાં બહુ કલેશ થયો, અકળામણ થઈ. હે જીવ કેવો દુર્ભાગી કે આજ ઉત્સવના દિવસે સેવામાં હાથ પવિત્ર નહીં થાય? પ્રભુનાં ચરણારવિંદનો સ્પર્શ પણ નહીં થાય? અંદરને અંદર, ભીતરને ભીતર આંસુ સારતો પડ્યો રહ્યો. એ વૈષ્ણવે સવારે નવ વાગ્યા ત્યારે પૂછયું કે આજ ઊઠવું નથી? તબિયત સારી નથી? મેં કહ્યું : એવું જ કાંઈક છે. શું કરવાનું ઊઠીને? ફરી આંખો મીંચીને ભગવન્નામ લેતો પડયો રહ્યો. ત્યારે અનાયાસ અંતઃકરણની આંખ ખૂલી અને અમારા ઘેર બિરાજતા પ્રભુનાં કટિથી ચરણારવિંદ સુધીનાં દર્શન થયાં-કાછની સૂથન સહિત, પોતે પોતાનો ડાબો ચરણારવિંદ લંબાવીને આજ્ઞા કરી, લે ચરણસ્પર્શ કર અને મેં કર્યા. એ અંતર્ધાન થઇ ગયા. હજી તો એ અનુભવમાંથી હું બહાર આવું, તે પહેલાં તો બીજા ઘેરથી એક વૈષ્ણવ આવ્યા. થોડે દૂર રહેતા હતા. એમના દીકરાને મોકલ્યો કે મારા બાપા બોલાવે છે. કેમ? દીકરો કહે, ખબર નથી, હમણાં જ ચાલો, એક મિનિટનો વિલંબ ન કરશો. ત્યાં ગયો, એ વૈષ્ણવે એટલું જ કહ્યું કે જલ્દી અપરસમાં સ્નાન કરો અને. ઠાકોરજીને શૃંગાર કરો. ઠાકોરજી રાહ જુએ છે. મેં કહ્યું, પણ તમારી મેંડ-અપરસ? મને કહે, ભગવદાજ્ઞા પાસે મારી મેંડ-અપરસની કોઇ કિંમત નથી. શી આજ્ઞા થઇ હશે, એ તો એ જાણે. પણ શ્રીમહાપ્રભુજીની કૃપાથી એ દિવસે હાથ પવિત્ર થયા. ઘણા દિવસ સુધી હું વિચારતો રહ્યો કે મારા પ્રભુએ અંતઃકરણમાં કટિથી ચરણારવિંદ સુધીનો અનુભવ કેમ કરાવ્યો? મુખારવિંદનો કેમ ન કરાવ્યો? મુખારવિંદનાં દર્શન કેમ ન આપ્યાં? જયારે આ ચોત્રીસમું શિક્ષાપત્ર વાંચવામાં આવ્યું ત્યારે સમજાયું કે મારો મનોરથ જ ચરણારવિંદનો હતો, સેવાનો કયાં હતો? મારી શીતલ ભકિત હતી, માટે ચરણારવિંદની ભક્તિ આપી. ઉગ્ર ભકિત હોત તો મુખારવિંદની ભક્તિ આપી દીધી હોત, જે પાછળથી કૃપા કરીને આપી. માટે શ્રીહરિરાયચરણે અહીં પુષ્ટિભક્તિનો પહેલો પ્રકાર બતાવ્યો ચરણારવિંદની ભક્તિ-શ્રવણ. કીર્તન, ગુણગાન, સ્મરણ આદિથી થતી ભક્તિ.

જેમ પ્રભુનાં બે ચરણારવિંદ, એમ પુષ્ટિભક્તિનાં પણ બે ચરણારવિંદ. પ્રભુનનાં ચરણારવિંદ ભક્તિ - સ્વરૂપ છે. એમ સુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. એમાં પણ એવી જ આજ્ઞા થઇ કે પુષ્ટિ પુરુષોત્તમનું ડાબું ચરણકમળ પુષ્ટિભક્તિનું સ્વરૂપ છે. જમણું ચરણકમળ મર્યાદાભક્તિનું સ્વરૂપ છે. આ પુષ્ટિભક્તિરૂપી ભગવદ્ - ચરણારવિંદ બે પ્રકારે બિરાજમાન અને પ્રકાશમાન છે. શ્રીહરિરાયચરણે ચોત્રીસમા શિક્ષાપત્રમાં પુષ્ટિભક્તિનાં બે ચરણારવિંદોનું નિરૂપણ કર્યું. એક ચરણારવિંદની ભક્તિ અને બીજી મુખારવિંદની ભક્તિ. હવે મુખારવિંદની ભક્તિનું સ્વરૂપ જોવાનું છે. મુખારવિંદની ભકિત એ શુદ્ધ પુષ્ટિભક્તિનું સ્વરૂપ છે. મુખારવિંદની ભકિતને આપણે સેવાના નામથી જાણીએ છીએ. પ્રભુના સાક્ષાત શ્રીઅંગની સેવા કરવી એ મુખારવિંદની ભક્તિ છે. પ્રભુને જગાવવાથી લઇને શયન કરાવવા સુધીનો સેવાનો સમગ્ર પ્રકાર એ મુખારવિંદની ભક્તિ છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે ચરણારવિંદની ભક્તિમાં શીતલ ભાવ હોય છે, જયારે મુખારવિંદની ભક્તિમાં ઉગ્ર ભાવ હોય છે. ઉગ્ર ભાવ એટલે તાપકલેશપૂર્વકનો ભાવ. જેમાં પ્રભુના સુખ માટે પ્રતિ પળ હૃદયમાં તાપ-કલેશ અને તેના પરિણામે ઉગ્રતા અને તત્પરતા બની રહે એનું નામ મુખારવિંદ ભક્તિ. પ્રભુને વિલંબ ન થાય એનું સતત ધ્યાન રહે એ ઉગ્ર ભક્તિમાં આવશ્યક છે.

વૃત્રાસુરે ચાર શ્લોકોથી પ્રભુની સ્તુતિ કરી. એના પ્રથમ શ્લોકમાં એણે માગ્યું કે આપના દાસાનુદાસનો દાસ બનાવજો. મને કર્ણથી ભગવદ્ગુણગાન સાંભળવાની, મુખથી ગુણગાન કરવાની અને કાયાથી સેવા કરવાની કૃપા કરવાની કૃપા પ્રદાન કરજો.

શ્રીગુસાંઇજી એ શ્લોકની વિવૃત્તિમાં બહુ સુંદર વાત બતાવે છે કે કાનથી ભગવદ્ગુણગાન સાંભળવાની જે વાત કરી એને માટેનું ક્રિયાપદ આત્મનેપદમાં વાપર્યું. મુખથી કીર્તન કરવાની વાત કરી એ ક્રિયાપદ પણ આત્મનેપદી છે, પરંતુ સેવા કરવાની જયાં વાત કરી ત્યાં પરસ્મૈપદનો ઉપયોગ કર્યો. એનું કારણ શું? સંસ્કૃત વ્યાકરણના નિયમોના આધારે આપે બતાવ્યું કે ભગવદ્ - ગુણગાનના શ્રવણમાં ભક્તનો પોતાનો સ્વાર્થ, સંતોષ અને સુખ છે. માટે આત્મનેપદ. મુખથી કીર્તનમાં બંને બાબતો છે. પ્રભુને રીઝવવા માટે કીર્તન થાય અને લીલાના ચિંતન માટે કીર્તન થાય. ત્યાં સ્વાર્થ અને પરાર્થ બંને છે. માટે આત્મનેપદ અને કાયાથી સેવામાં કેવળ પરાર્થ છે, તત્સુખનો જ વિચાર છે. પ્રભુ પરત્વેની વાત છે, માટે પરસ્મૈપદ. એટલે મુખારવિંદની ભક્તિ છે. આથી શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગમાં

કેવળ ભગવદ્‌નામ લેવાથી જીવને ભગવદ્‌પ્રાપ્તિ થશે એવું વિધાન કરતાં 'સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્' એવું વિધાન કર્યું. સ્મરણ અને સેવા બંને કરવાં, એમાંથી એક પણ ન છોડવું.

કુંભનદાસજીનો પ્રસંગ બહુ જ પ્રસિદ્ધ છે. તેમણે શ્રીગુસાંઇજીને કહ્યું: મારે દોઢ પુત્ર છે. જે સેવા અને સત્સંગ અથવા સેવા અને સ્મરણ બંને કરે, એ આખો પુત્ર, પૂર્ણ વૈષ્ણવ. જે બંનેમાંથી એક જ કરે એ અડધો પુત્ર, અપૂર્ણ વૈષ્ણવ. માટે ચરણારવિંદની ભક્તિ સાથે મુખારવિંદની ભક્તિ પણ આવશ્યક છે.

મુખારવિંદની ભક્તિથી આપણી અહંતા અને મમતાનો પ્રભુમાં વિનિયોગ થાય છે. પરિણામે પ્રભુ પ્રત્યે દૈન્ય જાગે છે. દૈન્યમાંથી પ્રેમ પ્રગટે છે અને એ પ્રેમને કારણે પ્રભુના સુખનો વિચાર કરતાં કરતાં ભક્તનો ભગવાનમાં નિરોધ થાય છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આ પુષ્ટિભક્તિ-મુખારવિંદની ભક્તિને પ્રાપ્ત કરવા માટેનું સાધન કયું? શ્રીમહાપ્રભુજીએ 'ચતુઃશ્લોકી'માં પુષ્ટિભક્તિનું સાધન બતાવ્યું : 'સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ' સર્વભાવ એવો પદપ્રયોગ શ્રીમહાપ્રભુજીએ 'ચતુઃશ્લોકી'માં કર્યો કે સર્વ ભાવથી વ્રજરાજકુંવરની સેવા કરજો. અહીં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે પુષ્ટિભક્તિમાં સર્વાત્મભાવને સાધન ગણવું. આ સર્વાત્મભાવ એટલે શું? સર્વભાવ એટલે શું? 'ચતુઃશ્લોકી'ના મહાનુભાવ ટીકાકારોએ સર્વભાવ શબ્દના છ વિવિધ અર્થો કર્યા. શ્રીહરિરાયચરણ પણ અહીં સર્વાત્મભાવનાં લક્ષણો બતાવશે. સર્વાત્મભાવ અથવા સર્વભાવ એ બે શબ્દનો બનેલો છે. એક સર્વ અને બીજો ભાવ. ભાવ શબ્દનો અર્થ થાય પ્રેમ. સર્વ શબ્દનો સામાન્ય અર્થ આપણે જાણીએ છીએ. સર્વ એટલો બધો. આ પ્રેમ કેવી રીતે થાય? આ પ્રેમનું સ્વરૂપ કયું? કારણ કે ભાવ શબ્દ તો લૌકિકમાં પણ વાપરીએ છીએ-મને ભાવે છે, મને ગમશે. શ્રીમહાપ્રભુજીએ ભાવ શબ્દની વ્યાખ્યા કરી કે પ્રભુમાં જે પ્રેમ હોય એને ભાવ કહેવાય. લૌકિક પ્રેમની અહીં વાત જ નથી. પ્રભુમાં પ્રેમનું સ્વરૂપ આપણે જોઇ ગયા. પ્રભુમાં પ્રેમ એટલે નિષ્કામ પ્રેમ, નિરુપાધિક પ્રેમ, નિર્દોષ પ્રેમ. આ ત્રણ શબ્દો ધ્યાનમાં રાખજો: નિર્દોષ, નિષ્કામ અને નિરુપાધિક. નિર્દોષ એટલે જેમાં લૌકિકના દોષોની ગંધ નથી, લૌકિકના વિચારો નથી એ નિર્દોષ પ્રેમ. નિષ્કામ એટલે જેમાં સ્વાર્થની જરા પણ ગંધ નથી. આપણા માટે કોઇ અપેક્ષા નથી એ નિષ્કામ પ્રેમ. નિરુપાધિક પ્રેમ એટલે અહેતુક સેવા જેનો અન્ય કોઇ જ હેતુ નથી.

આચાર્ય મહાનુભાવોએ તો ત્યાં સુધી કહ્યું કે સેવામાં ભગવદ્દર્શન ઇત્યાદિનો વિચાર પણ નહીં, કારણ કે એમાં સ્વસુખની વાત આવે છે. આપણું કર્તવ્ય કેવળ

પ્રભુને રીઝવવાનું છે. પ્રભુને રીઝવવા સિવાયનો કોઇ જ હેતુ નહીં એનું નામ નિરુપાધિક પ્રેમ. આવો જે નિર્દોષ, નિષ્કામ અને નિરુપાધિક પ્રેમ છે, એને શ્રીમહાપ્રભુજી 'ભાવ' શબ્દથી ઓળખાવે છે. પ્રભુમાં આવો ભાવ રાખવો.

આવો ભાવ કેવી રીતે જાગૃત થાય? શ્રીમહાપ્રભુજીએ રસ્તો બતાવ્યો. 'ભાવો ભાવનયા સિદ્ધઃ' ભાવના કરવાથી ભાવ જાગૃત થાય. ભાવનાના ત્રણ પ્રકારો, ત્રણ રૂપ બતાવ્યાં. સ્વરૂપભાવના, ભાવભાવના અને લીલાભાવના. ત્રણ પ્રકારે ભાવન કરવું. ભાવન કરવું એટલે કલ્પના કરવી એવો અર્થ ના કરશો. કલ્પના અને ભાવનામાં બહુ મોટો તફાવત છે. જે ન હોય એની કલ્પના થાય. માની લો કે આપણને પૂંછડું નથી ઊગ્યું. પણ પૂછડું ઊગ્યું છે એવી કલ્પના કરાય, પણ એવી ભાવના ન કરાય. કારણ કે જે હોય, સત્ય હોય એનું ચિંતન એટલે ભાવન. જે છે જ નહિ અથવા છે કે નથી એની ખબર જ નથી, એનો વિચાર એટલે કલ્પના. જે કંઇ ભગવદ્લીલા થઇ છે એની ભાવના થાય. સ્વરૂપની ભાવના, સેવામાં વપરાતા ભગવદ્યોગ્ય પદાર્થોની ભાવના અને લીલાની ભાવના. ત્રણે સાથે સાથે ચાલે. જેમ કે સ્વરૂપનું સેવન કરીએ છીએ એ સ્વરૂપની ભાવના થાય. શ્રીબાલકૃષ્ણલાલજી બિરાજે છે, તો એ છ દિવસના બાળક છે. શ્રીયશોદાજીની ગોદમાં બિરાજનારા છે. શકટભંજનલીલા કરનારા છે. એમના સ્વરૂપની આવી ભાવના કરવી. એ સ્વરૂપની સેવા કરતાં કરતાં ઝારી ભરીએ ત્યારે ઝારીજીનો નેવડો, ઝારી અને જળજેવાસેવામાં વપરાતા પદાર્થોના અલૌકિક સ્વરૂપોની ભાવના કરવી મંગળભોગમાં ઝારીજી ભરતાં હોઇએ ત્યારે એ મંગળાના સમયની લીલાભાવના વિચારવી. આ ત્રણેય ભાવનાઓનું હૃદયમાં સાથે સાથે ચિંતન ચાલવું જોઇએ.

શ્રીહરિરાયચરણે લીલાભાવનાનું નિરૂપણ કરવા 'સહસ્રીભાવના' નામનો બહુ સુંદર ગ્રંથ રચ્યો. એમાં વિવિધ સમયની ભાવનાઓનું વર્ણન કર્યું કે ઠાકોરજી યશોદાજીના ગૃહે જાગે, ઠાકોરજી નિકુંજમાં જાગે, નંદાલયમાં ઠાકોરજીને યશોદામા જગાવે. કયારેક કુમારિકાઓ જગાવે, કયારેક રાધિકાજી પધાર્યા છે એ જગાવે. કયારેક ગાયો અને એમના સખાઓ આવીને જગાવે. આમ, વિવિધ પ્રકારે પ્રભુ જાગે છે. રાજભોગ પણ વિવિધ પ્રકારે, વિવિધ સ્થળે આરોગે છે. નંદાલયમાં નંદબાવાની ગોદમાં બિરાજીને આરોગે છે. નિકુંજમાં આરોગે છે. ઉષ્ણકાલમાં વનમાં છાકલીલા કરે છે. કયારેક કોઇક ગોપીના ગૃહે પધારીને આરોગે છે. આમ, વિવિધ પ્રકારે પ્રભુ રાજભોગ આરોગે. તો દરરોજ વિવિધ પ્રકારની આ ભાવનાઓ જે તે સમયે મનમાં વિચારવી જોઇએ. એક દિવસ પ્રભુને ઉષ્ણકાલમાં શ્યામઢાક ઉપર

જઇને છાક આરોગાવીએ. એક દિવસ શ્રીયમુનાજીના પુલિન ઉપર બિરાજતા પ્રભુને છાક આરોગાવીએ, એક દિવસ ગિરિકંદરામાં બિરાજતા પ્રભુને છાક આરોગાવીએ. એક દિવસ મધુવનમાં એકલા પ્રભુને છાક આરોગાવીએ. છાક પણ વિવિધ સ્થળે, વિવિધ પ્રકારે આરોગે. આ સર્વભાવન જે તે સમયની સેવાની સાથે સાથે થવું જોઇએ. એ લીલાનું ભાવના કરતાં કરતાં સેવામાં વપરાતા પદાર્થોના સ્વરૂપનું પણ ભાવન કરવું. સેવામાં વપરાતા પદાર્થ આપણી લૌકિક નજરે જડ દેખાય છે. પણ વાસ્તવમાં એમનું આધિદૈવિક સ્વરૂપ છે, હોં! એ સર્વ વ્રજભક્તોનાં વિવિધ સ્વરૂપો છે. પ્રભુને બિરાજવાના ગાદીતકિયા યશોદામાની ગોદ છે અથવા શ્રીવૃષભાનકિશોરીજીની ગોદ છે. આ ભાવથી જો ગાદીતકિયાને સવારે સમારીએ તો આપણો હાથ તેના ઉપર બહુ જ કોમળતાથી ફરશે, જેથી શ્રીયેશોદાજીને કે શ્રીવૃષભાનકિશોરીજીને શ્રમ ન થાય. જો એને ભૌતિક પદાર્થ માનીશું તો? જેમ આપણી પથારીને લાકડીથી ઝાટકીએ છીએ તેમ હાથની જોરદાર થપ્પડોથી એ ગાદીજીને સમારવાનો પ્રયત્ન કરીએ.

પ્રભુ શૈયામંદિરમાં પોઢે છે. એ શય્યામંદિર પણ અલૌકિક છે. શ્રીગોકુલેશ પ્રભુએ 'ભાવભાવના'ગ્રંથમાં બતાવ્યું કે પ્રભુનું શય્યામંદિર શ્રીસ્વામિનીજીનાં નેત્રો છે. શ્રીસ્વામિનીજીનાં નેત્રોમાં પ્રભુ પોઢ્યા છે. એટલે પાંપણ એ શૈયામંદિરની તાળકૂંચી છે. પોપચાં એ શૈયામંદિરનાં દ્વાર છે. નેત્ર એ શય્યા છે. આ ભાવ રાખીને પ્રભુના શય્યામંદિરને ખોલવું હોય તો આંગળીઓમાં કેટલી કોમળતા રાખવી પડે? પણ આપણે મોડું થયું હોય, એટલે ધડાધડ શય્યામંદિરનાં દ્વાર ખુલવા લાગે. તમે કાલે પ્રભુને જગાવતાં આ ભાવ હૃદયમાં રાખીને શય્યામંદિર ખોલજો, તો હૃદયની અંદર પ્રભુને જગાડવાની સેવાની એક અપૂર્વ અલૌકિક તન્મયતાનો અનુભવ થશે. પ્રભુને શૃંગાર કરીએ ત્યારે એકેએક વસ્ત્ર, એકેએક શૃંગારનું આધિદૈવિક સ્વરૂપ સમજી-વિચારીને શૃંગાર ધરીએ. કેવળ ગુંજામાળાનો જ અહીં વિચાર કરીએ.

એવું કેમ કહ્યું કે ગુંજામાળા ધરી એટલે શૃંગાર પૂર્ણ થયો? તો ગુંજામાળામાં ચાર વર્ણ છે, લાલ વર્ણના ગુંજા છે અને એના ઉપર શ્યામ ટપકું છે. બીજા સફેદ વર્ણના ગુંજા છે. એટલે શ્યામ, લાલ અને સફેદ-ત્રણ વર્ણના ગુંજા થયા. એને પરોવવાનો દોરો એ પીત વર્ણનો-પીળા રંગનો જોઇએ. હવે સફેદ દોરામાં ગુંજા પરોવાય છે, પણ વાસ્તવમાં એનો રંગ પીળો જોઇએ. આ ચાર રંગ, ચાર સ્વામિનીજીઓની ભાવનાના છે. શ્યામ વર્ણ શ્રીયમુનાજીનો, લાલ વર્ણ શ્રીકુમારિકાજીનો, શ્વેત વર્ણ શ્રીચંદ્રાવલીજીનો અને પીત વર્ણ શ્રી સ્વામિનીજીનો.

ચારેય સ્વામિનીજીઓ પ્રભુના શ્રીઅંગને પ્રગાઢ આલિંગન આપે છે. એ ભાવથી પ્રભુ ગુંજામાળાને પોતાના વક્ષઃસ્થળ પર ધારણ કરે છે. હવે વિચાર કરો, આ ભાવથી જયારે ગુંજામાળા ધરતાં હોઈએ ત્યારે ચારેય સ્વામિનીઓને આપણે પ્રભુ પાસે પધરાવીએ છીએ એ કંઇ ઓછી સેવા છે? ત્યારે એ ગુંજામાળાના દોરાને હાથમાં ધરતાં શ્રીસ્વામિનીજીનું જે સ્વરૂપ છે, તેનો વિચાર કરતાં, હાથમાં કોમળતા રહેવી જોઈએ. પણ બન્યું એવું કે આ ભાવભાવના વીસરાઇ ગઇ અને એના પરિણામે શુદ્ધ ગુંજામાળા ધરવાને બદલે સિન્થેટિક મણકાઓની નકલી ગુંજામાળા ધરાવા લાગી. ગુંજાને પ્રભુએ કેમ અંગીકાર કર્યાં? તો પ્રભુ નિઃસાધનના આત્મા છે. જેનું કોઇ જ નથી એના પ્રભુ છે. પ્રભુએ વિચાર કર્યો કે મણિ, મુક્તા, માણેક તો સૌ સ્વીકારશે, આ કાંટાઓમાં ઊગનાર ચણોઠીઓને કોણ સ્વીકારશે? પ્રભુએ કહ્યું તમે ચિંતા ન કરશો, તમારો અંગીકાર હું કરીશ. ગુંજામાળા નિઃસાધનતાનું પ્રતીક છે. ગમે તેટલા મણિમુક્તાના શૃંગાર ધર્યા પછી પણ આપણો નિઃસાધનતાનો ભાવ ત્યાં પ્રગટ થાય છે કે મહારાજ! મારાથી શું બને, હું તો આ ગુંજામાળા ધરું છું! આવા ભાવભાવનપૂર્વક પ્રભુની મુખારવિંદની ભક્તિ કરવાથી, શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, ભગવદ્‌ભાવ હૃદયમાં સિદ્ધ થાય છે.

આ ભાવ એટલે ભગવદ્‌પ્રેમ. સર્વાત્મભાવમાં સર્વ અને આત્મ એટલે શું? સર્વાત્મભાવનો એક અર્થ એવો કર્યો કે સર્વ એટલે વિવિધ, જુદા જુદા. ઠાકોરજીની જુદા જુદા ભાવથી સેવા થાય. તમે પૂછશો કે આમાંથી અમારે કયો ભાવ ધારણ કરવો? ઘણા વૈષ્ણવો પૂછે છે, બાલભાવથી સેવા કરવી કે કિશોરભાવથી? ભાવ પસંદ કરવાનો આપણને કોઇ અધિકાર પ્રભુએ નથી આપ્યો, હોં. એમને જે ભાવ માણવો છે એ ભાવ ભક્તના હૃદયની અંદર મૂકે છે. બહુસમજવા જેવું છે, કે પ્રભુ સ્ત્રીભાવ ધારણ કરીને આપણા ઘરમાં બિરાજે છે. ભોગ્ય સ્વરૂપ બનીને બિરાજે છે. પોતાને ભકતનો ભાવ માણવો છે, માટે ભક્તમાં પુંભાવ મૂકે છે.

શ્રીમહાપ્રભુજીએ ચીરહરણના સુબોધિનીજીમાં આ વાત બહુ સુંદર રીતે સમજાવી કે વ્રજભક્તોનાં ચીરનું હરણ કર્યું ને પાછાં આપ્યાં. એમાં પ્રભુએ એમનો સ્ત્રીભાવ અંગીકાર કર્યો અને વ્રજભક્તોને પોતાના પુંભાવનું દાન કર્યુ. ભક્ત ભોક્તા બને અને ભગવાન ભોગ્ય બને ત્યારે પ્રભુ ભક્તાના ભક્તિરસનો આસ્વાદ માણી શકે. આપણે શું કરીએ છીએ? ભગવાનને ભોકતા બનાવ્યા અને આપણી જાતને ભોગ્ય બનાવવા જઇએ છીએ કે સેવામાં ઠાકોરજી અમને આનંદ આપે. ના, ભક્ત ભોક્તા છે, ભગવાન ભોગ્ય છે. ભક્ત આનંદ આપે છે, ભગવાન આનંદ પામે છે.

એટલે બાલભાવ હોય, માધુર્ય ભાવ હોય, સખ્ય ભાવ હોય, શિષ્ય ભાવ હોય કે શત્રુતાનો ભાવ હોય- આમાંથી કયો ભાવ આપણે ધારણ કરવો એ આપણા હાથની વાત નથી. પ્રભુ વિવિધ રસને માણવા માટે વિવિધ જીવોને વિવિધ રસનું દાન કરે છે. બધાને બાલ ભાવનું જ દાન કરી દે તો? ઠાકોરજી કહે છે, મને શી મજા આવે? બધાં યશોદાજી બની જાય તો? બધાંને માધુર્યભાવ આપી દે તો બધાં રાધિકાજી બની જાય. ઠાકોરજી કહે, તો તો મારું આવી બને, કારણ કે 'હમારે માઇ સ્યામાજુકો રાજ' બધાં ઠાકોરજી ઉપર રાજ કરવા લાગી જાય! એટલે કોઇકને બાલ ભાવનું દાન કરે છે, કોઇકને માધુર્યનું દાન કરે છે તો કોઇકને સખ્યનું દાન કરે છે અને કયારેક તો સેવામાં એવું પણ થાય કે કયારેક બાલભાવ પ્રગટ થાય. કયારેક માધુર્ય ભાવ પણ પ્રગટ થાય, કયારેક સખ્ય ભાવ પણ પ્રગટ થાય અને કયારેક ગુરુ ભાવ પણ આવે. જેમ કે મંગળામાં જગાવતી વખતે બાલભાવ આવે. ખંડિતાનાં પદ બોલાય ત્યારે માધુર્ય ભાવ જાગે અને કયારેક રાજભોગ વખતે પ્રભુને ખેલાવતાં સખ્ય ભાવ પણ જાગે. કયારેક દંડવત્ કરતી વખતે ગુરુભાવ પણ જાગે. એટલે ભાવ આપણા હાથની વાત નથી, ભાવ તો પ્રભુ જ આપે છે. આવા સર્વ ભાવોથી અથવા આ સર્વ ભાવ પૈકી જે ભાવનું પ્રભુએ આપણને દાન કર્યુ હોય એ ભાવથી પ્રભુની સેવા કરવી અને એનું નામ સર્વ ભાવ અથવા સર્વાત્મભાવ. આ એક અર્થ. એવો સર્વ ભાવનો બીજો અર્થ એ કે આપણા સર્વ દેહ, ઈન્દ્રિયો જે લૌકિક સુખ માટે લાલાયિત છે એમને પ્રભુના પ્રત્યે વાળવાં અને સર્વ દેહ ઈન્દ્રિયોથી પ્રભુને પ્રેમ કરવો એનું નામ સર્વ ભાવ. આ બીજો સર્વ ભાવનો અર્થ. આંખોથી પ્રભુનાં દર્શન થાય, નાકથી પ્રભુનાં પ્રસાદી પુષ્પોની સુગંધ લેવાય, કાનથી પ્રભુના ગુણગાન સંભળાય, મોંથી પ્રુભના ગુણગાન ગવાય, અને હાથ-પગથી પ્રભુની સેવા થાય. આ સર્વ ભાવ.

સર્વભાવનો એક ત્રીજો અર્થ કર્યો. સર્વ એટલે શક્તિ. શક્તિ-સ્વરૂપા આપણા માર્ગમાં શ્રીસ્વામિનીજી છે, એટલે જે પ્રકારે શ્રીસ્વામિનીજી નિકુંજલીલામાં પ્રભુનાં દાસી બનીને પ્રભુની સેવા કરે છે એ પ્રકારે દાસીભાવ રાખીને પ્રભુની સેવા કરવી એનું નામ સર્વભાવ.

સર્વભાવનો ચોથો અર્થ કરવામાં આવ્યો, દુનિયામાં ભલે માણસ બીજાઓને કહેતો હોય કે તમે મને બહુ વહાલાં છો. આવું આપણને ગમે તે કહે, આપણાં સ્વજન કહે તોયે બહુ સાચું ન માનવું હોં. ખરાખરીનો ખેલ થાય ત્યારે ખબર પડે. માણસ પહેલાં પોતાની જાતને જ બચાવે, પછી બીજાને. માણસ પોતાની જાતને જેટલો ચાહે છે એટલો બીજા કોઇને ચાહતો નથી. આવો જે આત્મભાવ છે-

પોતાનાપણાનો ભાવ, એના કરતાં ય પ્રભુને અધિક વહાલ કરવું એનું નામ સર્વભાવ અથવા સર્વાત્મભાવ.

સર્વભાવનો છેલ્લો અર્થ કર્યો, સર્વ કંઇ પ્રભુનું છે, માટે સર્વનું પ્રભુના સુખમાં સમર્પણ કરવું. એનું નામ સર્વભાવ.

આમ, 'ચતુઃશ્લોકી'ના ટીકાકારોએ સર્વભાવની વિવિધ વ્યાખ્યાઓ આપી. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે, સર્વાત્મભાવમાં પાછા બે ભાવ સમાય છે. એક કામ ભાવ અને બીજો પ્રેમ ભાવ. પ્રભુનાં દર્શન, પ્રભુ સાથે વાર્તાલાપ, પ્રભુ સાથે રાસ આદિ લીલાઓ એ અલૌકિક કામભાવ છે. જયારે અલૌકિક પ્રેમભાવમાં હું પ્રભુનો છું, મારે કેવળ પ્રભુનું સુખ થાય એમ જ કરવું છે એવી તત્સુખની ભાવના રાખવી એ અલૌકિક પ્રેમભાવ છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે સર્વાત્મભાવનું લક્ષણ - આ દેહ, ઈન્દ્રિયો સર્વ પ્રભુનાં છે, પ્રભુના સુખ માટે છે એમ સતત વિચારીને પ્રભુની સેવા માટે શરીરની રક્ષા કરવી. મર્યાદા અને પુષ્ટિમાં આ તફાવત. જ્ઞાનમાર્ગીય અને કર્મમાર્ગી એમ કહેશે કે આ શરીર નિરર્થક છે, એનું દમન કરો. તપ દ્વારા એને સૂકવી દો, શરીરનાં હાડ ગાળી નાખો. પુષ્ટિભક્તિ એમ કહેશે, આ શરીરને સ્વસ્થ-નીરોગી રાખો, કારણ કે આ શરીરથી પ્રભુની સેવા કરવાની છે. શરીરની સ્વસ્થતા નહીં હોય તો ભગવદ્‌સેવામાં પ્રભુને શ્રમ થશે. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી-સર્વ પ્રકારે હઠ છોડવી. પ્રભુની સેવામાં પ્રભુને સુખ થાય એનું ચિંતન કરીને સર્વ પ્રકારો યોજવા. દેહ બગડે તો ઔષધિ વગેરેનો તાત્કાલિક ઉપચાર કરાવશો. પ્રભુને કૃપા કરવી હોય તો શરીર સારું રાખશે એવું ન માનવું. શરીર સારું હશે તો પ્રભુની સેવા થશે એવું વિચારવું. માટે સેવા અર્થે શરીરનું રક્ષણ કરવું. આવશ્યક ઉપચારો કરવા. શરીરને તંદુરસ્ત રાખવા માટે સતત સાવધાની રાખવી. જે જે ઉપચારોથી શરીર સ્વસ્થ, નિરામય અને તંદુરસ્ત રહે એ સર્વ ઉપચારો કરવા. માટે આપણા ત્યાં એકાદશી વગેરેનાં વ્રત બતાવ્યાં. પણ એનો હઠાગ્રહ ન રાખવો. એકાદશી આદિનું વ્રત કરવું એ વૈષ્ણવોની ફરજ, પણ એકાદશીનું વ્રત કરતાં જો શરીર અસ્વસ્થ થતું હોય અને એ દિવસે ભગવદ્‌સેવામાં પ્રભુને પરિશ્રમ થતો હોય તો, એવી એકાદશીને પણ હાથ જોડી દંડવત કરવાં.

શ્રીહરિરાયચરણની વાત મને એવી સ્ફૂરાયમાન થાય છે કે જિંદગીનાં બધાં જ કાર્યો પ્રભુના સુખને ધ્યાનમાં રાખીને ગોઠવવાં. સ્વસુખાર્થે રાત્રે ઉજાગરો પણ ન કરવો. મોડી રાત સુધી જાગવું અને સવારે મોડા ઊઠીને પછી સેવા કરવી એ બરાબર

નથી. પ્રભુ તો વહેલા પોઢ્યા છે અને બાળક છે. વહેલા જાગવાના, ભૂખ લાગવાની. તો ભગવદ્ સુખાર્થે વહેલા સૂવું અને વહેલા ઊઠીને સેવામાં તત્પર થવું. આ સર્વાત્મભાવનું લક્ષણ શ્રીહરિરાયચરણે બતાવ્યું.

એક વિવાદ છે આપણા ત્યાં. અત્યારના ઘણા વૈષ્ણવો પૂછે છે, ઠાકોરજીને મંગળભોગ ન ધર્યાં હોય ત્યાં સુધી ચા પીવાય કે નહીં? મારી વાત કરું, તો હું તો પીઉં છું. એક ઠેકાણે જવાનું થયું. ત્યારે મને આ જ તકલીફ નડી. ત્યાંનો ક્રમ એવો કે મંગળભોગ સર્યા પછી તે દૂધની ચા બને. મેં કહ્યું ભાઇ! આ રીતે જો ચાલશે તો મને મંગળભોગ સરે એટલે જગાડજો. ઊઠ્યા પછી ચા મળશે ત્યારે મારા પગ જમીન પર ટેકાશે. શરીરની હાલત આવી ખરાબ છે. ચા પહેલાં પીવી કે પછી, એનો વિચાર પણ ભગવદ્સુખથી જ કરવો. જો શરીર એવું અસ્વસ્થ છે કે ચા પીધા સિવાય આગળ વધતું નથી, તો પ્રભુને વિલંબ ન થાય માટે ચા પી લેવી-દવા તરીકે. પણ જો શરીરને કંઇ વાંધો નથી આવતો તો વિચારવું કે મારા પ્રભુ નથી આરોગ્યા, તો મારાથી કેમ લેવાય? આ બંને વિચાર સર્વાત્મભાવમાં કરવા પડે.

શ્રીગુસાંઇજીનો એક બહુ જ સુંદર પ્રસંગ છે. શ્રીગુસાંઇજી જ્યારે પરદેશ પધારતા ત્યારે બહુ અલ્પ ભોજન કરે. પ્રભુના વિરહમાં ભોજનની રુચિ ન થાય અને એમાં પણ બહુ સાત્ત્વિક ભોજન કરે. મિષ્ટાન્ન વગેરે ભોજનમાં ન લે, દૂધ વગેરે ન લે. કેવળ શરીરને ટકાવવા પૂરતું જ ભોજન કરે, પણ ગિરિરાજ પાછા પધારવાનું થાય એના અઠવાડિયા પહેલાં પાછા પોતે સર્વ કંઇ પદાર્થો ભોજનમાં આરોગવા લાગે. દૂધ વગેરે લેવા લાગે, પૌષ્ટિક મહાપ્રસાદ લે કે જેથી શ્રીગિરિરાજધરણની પાસે પધારે ત્યારે તેમનું સુકાયેલું શ્રીઅંગ જોઇને પ્રભુને કલેશ ન થાય.

સર્વાત્મભાવમાં શ્રીહરિરાયચરણે બતાવ્યું કે પ્રભુની સામે તમે બહુ સુંદર રીતે રજૂ થાઓ. આ સર્વાત્મભાવનું બીજું લક્ષણ. તમને જોઇને તમારા પ્રિયતમ પ્રાણનાથને પ્રસન્નતા થાય. આપણે શું કરીએ છીએ? બહાર જતાં બહુ સુંદર વસ્ત્ર પહેરીએ છીએ, પણ અપરસમાં જૂનામાં જૂનાં, મેલાંમાં મેલાં અને ફાટેલાં હોય તોય ચાલે એવાં વસ્ત્રો પહેરીએ. કેમ? સેવામાં કપડાં બગડે ને? ભીના વાળ હોય તો એમને બાંધી દઇએ. કંકુનો ઝડપથી ચાંલ્લો કરી લઇએ. આપણા એ સ્વરૂપનાં દર્શન અરીસામાં કરવા જેવાં હોય છે. આપણે દાસીભાવથી પ્રભુની પાસે જઇએ છીએ. એ આપણા સ્વામી છે, પ્રિયતમ છે. લૌકિકમાં પણ સ્ત્રી પોતાના પતિ સામે આવા લઘરવઘર વેશમાં જાય, તો એના પતિને આનંદ ન આવે. પતિને એ ન ગમે. પતિને અપેક્ષા હોય કે પત્ની સુંદર સ્વરૂપે મારી સામે આવે. એમ પ્રભુ પણ આવી અપેક્ષા

રાખે છે. માટે સેવામાં પણ શરીરની સુંદરતા, શરીરની સ્વચ્છતા, સુંદર વસ્ત્રો, વ્યવસ્થિત કેશભૂષા- આ બધું આવશ્યક છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આવી સજાગતા સાથે પ્રભુની સેવામાં જવું એ સર્વાત્મભાવનું એક બીજું લક્ષણ છે. પ્રભુમાં જો સાચો પ્રેમ જાગ્યો હશે, તો આપણને આ રીતે જવાનું ગમશે.

બેઠકયાત્રા કરવા જઇએ છીએ તો આનાથીયે બદતર હાલત. એ જ ભીનાં વસ્ત્રો સાથે શ્રીમહાપ્રભુજી પાસે પહોંચી જઇએ છીએ. વાળમાંથી પાણી ટપકતું હોય, શરીરનાં અંગોમાંથી ટપકતું હોય! અથવા તો એવાં વસ્ત્રો પહેર્યાં હોય કે જે વસ્ત્રો રેશમી છે એટલે ચાલે એમ માનીને કદી ધોયાં જ ન હોય! એમાં પરસેવાની વાસ પણ હોય, મેલ પણ હોય! માથું ઓળવાની તો બેઠકજીમાં જરૂર લાગે જ નહીં. ત્યાં અરીસો અને કાંસકો શોધવાં ય અઘરાં પડે. પુરુષોને તિલક કરવાનું ય કોઇ સાધન ન હોય, એટલે ગમે તેવું તિલક કપાળમાં કરી લીધું અને ગમે તેવા વેશે શ્રીમહાપ્રભુજી પાસે ગયા. બેઠકયાત્રા કરવા જાઓ તો આ સર્વ સેવાનાં સાધનો સાથે લઇને જશો, સુંદર રીતે શ્રીમહાપ્રભુજીની સામે સન્મુખ થવું. ખુલ્લા શરીરે સેવામાં ન જવાય. કેવળ અધોવસ્ત્ર ધારણ કરીને સેવામાં ન જવાય. ઉપવસ્ત્ર ધારણ કરવું પડે કારણ કે પુષ્ટિમાં ભાવ મુખ્ય છે. ઠાકોરજી તો અમારા રોજના વરરાજા છે. રોજ એમની બરાત બરસાના જાય છે. અને ઠાકોરજી ઇચ્છે કે મારી બરાતમાં મારા જાનૈયાઓ રૂપાળા બનીને, શોભાયમાન બનીને આવે તો મારો કેટલો વટ પડે? વૃષભાનજી અમારી આ મોટા ઘરની જાનને જોઇને આશ્ચર્યમાં પડવા જોઇએ. એટલે પ્રભુની સેવામાં જવું એ પ્રભુની જાનમાં જવા જેવું છે. માટે વસ્ત્રાભૂષણથી સજ્જ થઇને પ્રભુની સેવા કરવી. સુંદરતા સ્વીકારીને પ્રભુને સેવવા.

શ્રીહરિરાયચરણે સર્વાત્મભાવનું ત્રીજું લક્ષણ બતાવ્યું. જે ભાવથી પ્રભુમાં અનિમિત્ત, નિષ્કામ, અહેતુક પ્રેમ થાય એવો ભાવ રાખીને સેવામાં જવું. આપણે આગળ જોઇ ગયા પ્રભુના સુખનો વિચાર. અમ્મા ક્ષત્રાણીએ આવો વિચાર કર્યો. રોજ લૂખી રોટી પ્રભુ આરોગે છે. ઘી લાવવાની શક્તિ નથી. મોદીના ત્યાંથી ચાર આનાનું દેવું કરીને ઘી-ખાંડ લઇ આવ્યાં. સુંદર સામગ્રી સિદ્ધ કરીને પ્રભુને ધરી. રોજ લૂખી રોટી ધરતાં હતાં ને પ્રભુ શ્રીહસ્ત લંબાવીને લઇ લેતા. આજે આ સુંદર સામગ્રીની સામે પણ પ્રભુ જોતા નથી. માને દુઃખ થયું. મારો શો અપરાધ છે? પ્રભુ કહે છે, આ ચાર આનાનું દેવું ચૂકવવા તું હવે રોજ વધારે રેંટિયો કાંતવાની. અત્યારે તો તું થોડો સમય મને ગોદમાં બેસાડીને ખેલાવતી, વહાલ કરતી, વાતો કરતી. હવે તો તારું મન પેલું દેવું ચૂકવવામાં રહેશે. મારામાંથી તારું મન હટશે, મને તારું

વહાલ ઓછું મળશે. જેને કારણે તારું વહાલ ઓછું થાય એમાં મને શો સ્વાદ આવે? મા યશોદામાના ઘેર તો રોજ છપ્પનભોગ છે, પણ એ યશોદામા કયારેક આંખ કરડી કરે એટલે ડરીને-ભાગીને તારા ત્યાં આવ્યો છું. તારાં બે ચક્ષુઓમાંથી વહેતો સતત પ્રેમ પામવા. હવે તારો પ્રેમ મને નહિ મળે. માએ કહ્યું પ્રભુ, મને શી ખબર કે આપ આવા ભાવના ભૂખ્યા છો? આ વખતે આરોગી લો, હવે પછી આપને હું માગશો એ જ આપીશ. મારા પ્રભુ છે માટે મારા પ્રભુને લાડ લડાવવાં છે. યશોદામાના લાલ છે, અધિક સુખ માટે લાલાયિત થયા છે. એમને શ્રમ ન થાય. અરે, શ્રીમહાપ્રભુજીએ એમ કહીને સોંપ્યા છે કે આ મારું સર્વસ્વ હું તને આપું છું. શ્રીમહાપ્રભુજીનું એ સર્વસ્વ છે. એમને શ્રમ થશે, તો શ્રીમહાપ્રભુજીને શો જવાબ આપીશું? આવો ભાવ હૃદયમાં રાખીને જે કંઇ સાધન છે, જે કંઇ સંપત્તિ છે, જે કંઇ સંજોગો છે એ સર્વની અંદર રહીને પ્રભુની સેવા કરવી. આવી અહેતુક સેવાને સર્વાત્મભાવનું ત્રીજું લક્ષણ કહ્યું.

સર્વાત્મભાવનું ચોથું લક્ષણ બતાવે છે. 'સર્વ ત્યાગસ્તુ સહજઃ' સર્વ લૌકિકનો સહજ ત્યાગ. સર્વ વૈદિકનો સહજ રીતે ત્યાગ. આનો અર્થ એવો ન કરશો કે ગૃહસ્થાશ્રમ છોડીને-ઘર છોડીને ભાગી જવું. ઘરનાં કામ ન કરવાં, નોકરીધંધો છોડી દેવાં, કુટુંબીઓને છોડી દેવાં આવશ્યક એવા વૈદિક ષોડશ સંસ્કારો ન કરવા. આ સર્વ કંઇ દેખાવ માટે કરતા રહેવાનું અને છતાં મનથી એનો ત્યાગ કરવાનો. કેવી રીતે થાય? ઘણીવાર આપણે ભોજન કરીએ છીએ ત્યારે એટલા ચિંતામાં હોઇએ છીએ કે ખાઇ લીધું, પણ શું ખાઇ લીધું એની ખબર રહેતી નથી. એનો સ્વાદ આપણને આવતો નથી. પેટ ભરાય. સ્વાદ ન આવે. બહારથી બત્રીસ ભોજન કરવા છતાં ય એ ભોજન સ્વાદ માટે ન હોય, શ્યામ માટે હોય. એનું નામ ત્યાગ. સુંદરમાં સુંદર વસ્ત્રાભૂષણ પહેરવા છતાંય એ વસ્ત્રાભૂષણ લૌકિક માટે ન હોય. લોકનાયક માટે હોય. એનું નામ ત્યાગ. બહારથી જંજાળી દેખાતો માણસ હૃદયથી નિર્લેપ હોય એનું નામ ત્યાગ. બહુ અઘરું છે. પણ ફાવી ગયા પછી બહુ ઉત્તમ છે. બહારથી જંજાળી દેખાતું એ લૌકિકનું એક કવચ છે, જે આપણને લૌકિક લોકો તરફથી પરેશાન થતા અટકાવે છે. પણ મનમાં લૌકિકનો ત્યાગ અને અલૌકિકનો સ્વીકાર, લૌકિકમાં રાગનો ત્યાગ અને અલૌકિકમાં રાગનો સ્વીકાર એનું નામ સર્વાત્મભાવ. શ્રીહરિરાયજીએ આ ચોથું લક્ષણ આપ્યું.

આપણે સુંદર વસ્ત્રો પહેરીને નીકળ્યાં, આપણે ફરવા જવા નીકળ્યાં. દુનિયા એમ કહેશે કે સેવા કરવા છતાંય જોયું, લૌકિકમાં કેવું મન ડૂબેલું છે. મોહ છૂટતો

નથી, પણ કેવળ એ ભક્ત જાણે છે કે એણે આ વસ્ત્રો કેમ પહેર્યાં છે? એ કાશ્મીર કેમ ગયો છે? એ દક્ષિણમાં કેમ ગયો છે? એ તો પોતાના પ્રભુને પધારવું છે, પ્રભુને પ્રસન્નતા છે માટે ગયો છે, ભૌતિક સૌંદર્યના પ્રદેશમાં કે ભૌતિક કુદરતી સૌંદર્યથી એને પોતાને કોઇ અસર થતી નથી. એ તો હનુમાનજી જેવો છે, સીતાજીએ આપેલી મુક્તામાળાનું એકએક મોતી તોડીને જુએ છે કે આમાં મારા રામજી છે? હોય તો એ કામનું, ન હોય તો ફેંકી દેવું. બહારથી એની લૌકિક ક્રિયા જો અલૌકિક સુખાર્થે હોય તો એ ત્યાગ સાચો. માટે કોઇ દિવસ ભગવદીયના વર્તન પરથી એની સ્તુતિ કે નિંદા ન કરવી. ભગવદીયને ક્યારેય પરીક્ષાથી માપી શકાતા નથી. એમનું મૂલ્યાંકન થઇ શકતું નથી. સમજાય નહીં ત્યારે એમને વિનંતી કરીને પૂછવું. એમને કૃપા કરવાનું મન થશે તો જવાબ આપશે, નહીંતર એ જવાબને ગળી જશે. પણ ભગવદીયનાં વસ્ત્રોથી, એમની બહારની રહેણીકરણીથી, એમની વાતોથી એમના વિષે દોષદૃષ્ટિ કરી ન કરવી.

આપણા ત્યાં આવું એક સુંદર નમૂનારૂપ ઉદાહરણ શ્રીગુસાંઇજીના સેવક ગુલાબદાસજીનું છે. ગુલાબદાસજી શ્રીગુસાંઇજીના શરણે આવ્યા અને શરણે આવતાંની સાથે પાછા ફરી ગયા. વિચાર કર્યો કે હું પુષ્ટિ સિદ્ધાંતોથી વિરુદ્ધ વર્તન કરું અને જોઉં કે શ્રીગુસાંઇજી કેવી રીતે મારો ઉદ્ધાર કરે છે? એમનું બાહ્ય વર્તન બદલાઇ ગયું. ગણિકાના મહોલ્લામાં પડ્યા રહેવા લાગ્યા. અશુદ્ધ ભોજન કરવા લાગ્યા. એમનો વેશ બદલાઇ ગયો. મુસલમાન વેશ ધારણ કરી લીધો. દાઢી વધારી દીધી. એમની વાણી બદલાઇ ગઇ. ઉર્દૂ જબાનમાં એ બોલવા લાગ્યા. માત્ર મનમાં એમના વિચાર નથી બદલાયા. સતત શ્રીવિઠ્ઠલેશપ્રભુનું સ્મરણ છે, અનુસંધાન છે. પણ બાહ્ય રીતે સૌને એમ લાગે છે કે આ વૈષ્ણવ મટી ગયો છે. ગુલાબદાસ નામ પણ બદલાઇ ગયું અને ગુલાબખાન બની ગયા! સૌ એમને તિરસ્કારે છે, ધુત્કારે છે. એમની અંતિમ ક્ષણો આવી. અંતર્યામી શ્રીગુસાંઇજીએ જાણ્યું. એક વૈષ્ણવને આજ્ઞા કરી. એક કપરું કામ કરવાનું છે. મારો સેવક ગુલાબદાસ આગ્રામાં છે. ગણિકાઓના મહોલ્લામાં ક્યાંક અંતિમ ક્ષણમાં છે. એને જોઇને તારા મનમાં અભાવ ન લાવતો, નહીં તો તારું બગડશે. જઇને તું એટલું કહે કે શ્રીગુસાંઇજી તને યાદ કરે છે. આ વૈષ્ણવ પહોંચ્યા. ગુલાબદાસ, ગુલાબદાસની બૂમ પાડે છે. જે ખૂણામાં ગુલાબદાસ છેલ્લા શ્વાસ લેતા હતા ત્યાં પહોંચ્યા. ગુલાબદાસે એમને ઇશારાથી બોલાવ્યા. કોણ છો? ક્યાંથી આવો છો? કેમ આવ્યા છો? વૈષ્ણવ સમજી ગયા. કહ્યું કે મને શ્રીગુસાંઇજીએ મોકલ્યો છે. ગુલાબદાસજી, જય શ્રીકૃષ્ણ. ગુલાબદાસજી કહે છે કે ન

હોય આ ગુલાબદાસ, આ તો ગુલાબખાન છે! વૈષ્ણવ કહે છે કે મને શ્રીગુસાંઇજીની આજ્ઞા છે. તમને સંદેશો આપવાનો છે. શ્રીગુસાંઇજી તમને બહુ યાદ કરે છે. ગુલાબદાસજીના હૃદયમાં જે તાપકલેશ હતો તે અધિક વધી ગયો. હેં, મારા ગુરુદેવ મને યાદ કરે છે? ફરીથી કહેજો. બીજીવાર કહ્યું. તાપકલેશ ચરમસીમાએ પહોંચ્યો. આવા દુષ્ટ પાપીને પણ આપે સંભાળ્યો. મારી અંતિમ ક્ષણે મને યાદ કર્યો? નેત્રો મીંચાઇ ગયાં. શ્રીવિઠ્ઠલેશ પ્રભુનાં અલૌકિક દર્શન થયાં. ફરીથી નેત્ર ખોલીને કહે છે ત્રીજી વાર કહેજો. ત્રીજીવાર સાંભળતાં તો હા હા વિઠ્ઠલેશ! કહેતાં કહેતાં એમના પ્રાણ છૂટી ગયા અને લીલામાં શ્રીગુસાંઇજીએ એમનો અંગીકાર કર્યો. લૌકિકનો બહારથી દેખાવ અને અંતઃકરણથી અલૌકિકનો સ્વીકાર.

શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી, લૌકિક-વૈદિકનાં કાર્યો તો કરવાં, પણ એમાં મન ન રાખવું. ક્રિયા મહત્ત્વની નથી, ક્રિયા પાછળનો હેતુ મહત્વનો છે. તમે શું કરો છો એ મહત્ત્વનું નથી, એ વખતે તમારા મનમાં કયો ભાવ છે તે મહત્ત્વનું છે. શૃંગાર કરતાં ઘોડા ખરીદવામાં મન ગયું! તો સેવા ગઇ. લૌકિકમાં રહેવા છતાં મન અલૌકિકમાં રહે તો સેવા થઇ. પેલા વૈષ્ણવને યાદ કરો. શ્રીનવનીતપ્રિયજી માટે વસંતોત્સવની સામગ્રી ખરીદીને બે ગાડાં ભરીને પાછા આવે છે. રસ્તો બહુ ઊંચાણમાં છે. બળદ ગાડાં ચઢાવી શકતા નથી. ત્યાં ભૈરવની દેરી છે, પુજારી છે. પુજારીએ કહ્યું બે નાળિયેર ભૈરવને આપો તો ગાડાં ચડી જશે. વૈષ્ણવે શ્રીનવનીતપ્રિયજીની સામગ્રીમાંથી બે નાળિયેર ભૈરવને ત્યાં મૂકયાં. ગાડાં ચડી ગયાં. સાથે એક બીજા વૈષ્ણવ પણ હતા. એમણે જઇને શ્રીગુસાંઇજીને ફરિયાદ કરી કે મહારાજ, ઠાકોરજીની સામગ્રી ભૈરવને ચડાવવામાં આવી. બહુ મોટો અન્યાશ્રય થયો. શ્રીગુસાંઇજી એ વૈષ્ણવને બોલાવીને પૂછે છે, સાચું છે? વૈષ્ણવ કહે છે મહારાજ, આપની આજ્ઞા છે કે કોઇનું મફતમાં કંઇ લેવું નહીં. ઠાકોરજી આપણું અંગીકાર ન કરે, એનું મફતમાં લઇએ તો. હવે ભૈરવ બિચારો મજૂરી કરે, બળદ બનીને ગાડાં ખેંચીને ચડાવે તો એની મજૂરી તો ચૂકવવી પડે ને? મજૂરીના બદલામાં એણે શ્રીફળ માગ્યું તો મેં શ્રીફળ આપ્યું છે. મજૂરને મજૂરી ચૂકવીને આવ્યો છું. મારા મનમાં એ સિવાય કોઇ ભાવ નથી. શ્રીગુસાંઇજી બહુ પ્રસન્ન થયા કે જો આવો ભાવ છે તો અન્યાશ્રય નથી. માટે જ શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છે કે લૌકિક-વૈદિક સર્વ કાપટ્ય ભાવથી કરવાં. કેવી રીતે કાપટ્ય ભાવ રહે? લગ્ન વખતે ગણેશસ્થાપન અને ગ્રહશાંતિ થાય. ત્યારે કયો ભાવ રાખીને પુષ્ટિભક્તોએ એ વૈદિક કાર્યો કરવાં? જો એવો ભાવ રાખીએ કે વિઘ્નહર્તા ગણેશજી લગ્નમાં આવનારાં

વિઘ્નોને દૂર રાખશે તો તો અન્યાશ્રય થયો જ થયો. પણ જો એવો ભાવ રાખીએ કે 'વૈષ્ણવાનામ્ યથા શંભોઃ' એવા પરમ ભાગવત, કૃષ્ણ-ભક્ત મહાદેવજીના પુત્ર પણ પરમ ભાગવત વૈષ્ણવરૂપ છે. સૌથી પહેલાં અમારા ઘેર પધાર્યા છે, તો સુસ્વાગતમ્. હે વૈષ્ણવરાજ, આપ ભલે પધારો, આપનું સ્વાગત છે. મારા લૌકિક સંબંધીઓ આવ્યા છે, એમ આપ પણ પ્રભુના અલૌકિક સંબંધી છો, માટે આપનું સ્વાગત છે. બહારથી દેખાયું કે તમે ગણેશપૂજન કર્યું, તમારું મન એમ કહે છે કે તમે વૈષ્ણવરાજ ગણેશને આવકાર આપ્યો. બસ, આ કાપટ્ય ભાવ.

થોડા વખત પહેલાં કોલ્હાપૂર જવાનું થયેલું. કોલેજના કામે જવું પડેલું. જવાનું તો રત્નાગીરી હતું. ચાર દિવસ રત્નાગીરીમાં રોકાવાની મુશ્કેલી. કોઇ વૈષ્ણવ જ નહિ, એટલે કોલ્હાપુરમાં એક વૈષ્ણવના ત્યાં રોકાવાનું થયેલું. રોજ સવારે પાંચ વાગે નીકળું, સાંજે ચાર વાગે પાછો આવું. છેલ્લે દિવસે એ વૈષ્ણવે કહ્યું કે કોલ્હાપુરમાં જોવાલાયક જગ્યાઓ હોય એ જોવા જવું છે? મેં કહ્યું જઇએ. કયાં જવાનું? એટલે કહે અહીંનું મહાલક્ષ્મીજીનું મંદિર બહુ પ્રસિદ્ધ છે. ભારતમાં લક્ષ્મીજીનું મુખ્ય મંદિર અહીં છે. તેમની ગાડીમાં અમે ગયા. ત્યાં એક બીજા વૈષ્ણવ પણ આવ્યા હશે, મળી ગયા. એ જોવાલાયક સ્થળ જોઇને સાંજે ભગવદ્વાર્તાનો કાર્યક્રમ રાખેલો ત્યાં જવાનું થયું. પ્રશ્નોત્તરીમાં પેલા વૈષ્ણવે પૂછયું કે વૈષ્ણવથી મહાલક્ષ્મીજીનાં દર્શન કરવા જવાય? મેં તો બેધડક કહ્યું કે ના જવાય. એટલે એ વૈષ્ણવે વિવેકપૂર્વક કહ્યું કે મેં આજ સાંજે ત્યાં આપને જ જોયેલા કે મારી કંઇ ભૂલ થાય છે? મેં કહ્યું, ના હું જ હતો. મને જ જોયેલો. પણ હું મહાલક્ષ્મીજીનાં દર્શન કરવા ન્હોતો ગયો. તો? મેં કહ્યું, મહાલક્ષ્મીજી પ્રભુનાં બહેન છે. યોગમાયાનું સ્વરૂપ છે. ગોકુલમાં યોગમાયાએ પ્રગટ થતાં પહેલાં પ્રભુ પાસેથી વરદાન મેળવી ચૂકયાં છે કે તમારી બેન થઇને અવતરું તો વીરપસલીમાં શું આપશો? પ્રભુ કહે, શું જોઇએ? યોગમાયાએ માગ્યું કે જેમ જગતમાં તમારો યશ છે, એમ મારો યશ અને મારું પૂજન-અર્ચન થાય. પ્રભુએ આજ્ઞા કરેલી છે કે વિવિધ દેવીરૂપો લઇને તમે વિવિધ સ્થળોમાં રહો અને પ્રવાહી જીવો મારાથી પણ અધિક તમને માનશે.

હવે આપણે કોઇક ગામમાં કંઇક કારણસર જઇએ અને આપણા કોઇક સ્વજનના ખાસ સ્વજન ત્યાં રહેતા હોય તો આપણી ફરજ થઇ પડે છે કે એમને મળી આવવું. એમના ખબરઅંતર પૂછી આવવા. નહીંતર ઘેર આવીને પેલા સ્વજનને જવાબ શું આપીએ? એ પૂછે કે મળ્યા હતા, તમે ગયા હતા? એટલે શું કહીએ? એટલે મેં તો કહ્યું કે હું તો મારા પ્રભુનાં બહેનના ક્ષેમકુશળ પૂછવા ગયો

હતો કે યોગમાયા તમે પ્રસન્ન છો ને? તમારા ભાઇને કંઇ સંદેશો કહેવો છે? તમારી કુશળતા પૂછવા આવ્યો છું. હું દર્શન કરવા નહોતો ગયો. કુશળતા પૂછવા ગયો હતો. બાહ્ય કૃતિથી હૃદયનો ભાવ નક્કી નહીં થાય.

શ્રીમહાપ્રભુજીનાં જીવનમાં પણ આવો પ્રસંગ આવેલો. અયોધ્યા પધાર્યા. અયોધ્યા તો રામભૂમિ, રામદરબાર, રામભક્તોનું સ્થાન. એક રામભક્તે શ્રીમહાપ્રભુજીને પૂછયું કે તમે તો કૃષ્ણભક્ત છો, અને ભક્તિ તો એક જ સ્વરૂપની થાય. તમે કેમ રામદરબારમાં આવ્યા છો? શ્રીમહાપ્રભુજીએ બહુ યુક્તિપૂર્વક જવાબ આપ્યો. હું રામદારબારમાં નથી આવ્યો, હું તો અમારા કૃષ્ણપ્રભુના સાસરે આવ્યો છું. જેમ અયોધ્યા રામદરબાર છે તેમ અયોધ્યા સત્યજિતરાજાની પાટનગરી છે. સત્યભામાજીનું પિયર છે. આવ્યો છું તો અમારા પ્રભુના સસરાના ક્ષેમકુશળ પૂછી લઉં. સત્યજિતને મળવા આવ્યો છું કે કુશળ તો છો ને? પેલા રામભક્ત મૌન થઇ ગયા. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે કોઇ અપેક્ષા રાખીને ન જવું. હૃદયમાં નિરપેક્ષતાનો ભાવ રાખીને લૌકિક-વૈદિક કાર્યો કરવાં.

તમારી સાથે વડોદરામાં નીકળું અને તમે મને કોઇક દેવમંદિરે લઇ જાઓ તો આવીશ, એ દેવરૂપ છે, ભગવદ્ અંશાવતાર છે, પ્રભુના કૃપાપાત્ર ભક્ત છે એ ભાવથી એમને ભગવદ્સ્મરણ કરીશ. પણ ચાહીને રોજ એ દેવરૂપને ભગવદ્સ્મરણ કરવા માટે મારી ગાડીને અહીંથી ત્રણ કિલોમીટર ફેરવીને લઇ જવાની જરૂર નથી. નોકરી થતી હોય ત્યારે આપણે નોકરી કરતાં કરતાં આપણી વૈષ્ણવતાને છુપાવી રાખવી. ધંધો કરતાં કરતાં વૈષ્ણવતાને છુપાવી રાખવી. વૈષ્ણવ છીએ એમ જાણીને જો કોઇ મદદ કરતું હોય તો વૈષ્ણવતા વેચાય છે. ત્યાં વૈષ્ણવતાને પ્રગટ ન કરવી.

આપણા ત્યાં એવા ભગવદીયોનો પ્રસંગ છે, બે ભાઇઓનો. ગોકુલમાં રહે ને રોજ મથુરા મજૂરી કરવા જાય. એમનાં માળાતિલક જોઇને એમનો જે મુકાદમ વૈષ્ણવ હતો, એ એમને હળવું કામ આપે અને પૈસા વધારે આપે. વૈષ્ણવ છે એટલે આપો. પહેલે જ દિવસે એમણે જોયું કે આપણને વૈષ્ણવ જાણીને એ વધારે પૈસા આપે છે! બીજા દિવસે કહ્યું કે હવે અહીં ન અવાય. ચાલો, બીજે મજૂરી શોધો. માળાને સંતાડી દો. કંકુનું તિલક પોંછીને જલનું પ્રસાદી તિલક કરીને જવા લાગ્યા. કોઇ જાણે નહીં કે અમે વૈષ્ણવ છીએ. આપણી વૈષ્ણવતા દુનિયાને જણાવવા માટે નથી. ભગવદ્કાર્યો કરીએ, ઘરમાં હોઇએ, સેવા થતી હોય, સ્મરણ થતું હોય, સત્સંગ થતો હોય, ત્યારે વૈષ્ણવતાનાં સર્વ ચિહ્નો આગ્રહપૂર્વક ધારણ કરવાં જઇએ, વેપાર

કરવા જઇએ ત્યારે ધોતી બંડી પહેરીને ન જવાય. એ તો લૌકિક વેશમાં જ જવાય. અને જરૂર પડે તો તિલક પણ પ્રસાદી જળનું જ કરીને જવાય. કોઇ જાણે નહીં કે આપણા હૃદયમાં વૈષ્ણવતાનો રસ છે.

મને યાદ છે, અમારી કૉલેજમાં અમારા એક ટ્રસ્ટી આવેલા. તે વૈષ્ણવ હતા. અમદાવાદથી કામ લઇને આવેલા. ઓફિસના એક જ સોફા ઉપર બેસીને અમે બંને જણા એક પ્રોબ્લેમની ચર્ચા કરીએ. લગભગ દોઢ કલાક સુધી વાતો થઇ. કામ પૂરું થયું એટલે એ ટ્રસ્ટી અમારા પ્રિન્સિપાલને કહે કે તમારી કૉલેજમાં રમેશભાઇ પરીખ છે, મારે એમને મળવું છે. કયારે ભેગા થશે? અમારા પ્રિન્સિપાલ ખડખડાટ હસવા લાગ્યા. એમણે કહ્યું કે તમારી બાજુમાં જ બેઠા છે એ જ રમેશભાઇ! મને કહે, અમદાવાદમાં તમને જોયા છે. ત્યાં ધોતીબંડીમાં જોયેલા એટલે ઓળખાયા નહીં તમે! તેઓ ઊભા થઇ ગયા. મેં કહ્યું, મહેરબાની કરો. અહીં વૈષ્ણવતાને પ્રગટ ન કરો. અહીં આપણે લૌકિક કામે બેઠા છીએ, આપણી લૌકિકતા બહાર દેખાવી જોઇએ. એટલે કહેવાનું તાત્પર્ય એ છે કે વૈષ્ણવતાનો વેપાર ન કરીએ, વૈષ્ણવતાનો દુરુપયોગ ન કરીએ. લૌકિક સ્વાર્થ માટે વૈષ્ણવતાને વેચીએ નહીં. વૈષ્ણવતા તો એક અલૌકિક મધુર રસ છે. જે કેવળ પ્રભુને આસ્વાદલાયક છે, એ મધુર રસને જયાં ત્યાં ખુલ્લો ન કરીએ.

શ્રીહરિરાયચરણે એ જ બતાવ્યું કે આવો સર્વાત્મભાવ વૈષ્ણવના હૃદયમાં હોવો જોઇએ.

હવે શ્રીહરિરાયચરણ સર્વાત્મભાવની પ્રાપ્તિનાં આધારસ્થાન બતાવે છે કે આવો સર્વાત્મભાવ શાના શાના દ્વારા પ્રાપ્ત થાય? શ્રીહરિરાયચરણે સૌથી પહેલી વાત કરી. શ્રીમહાપ્રભુજી પ્રભુના મુખારવિંદ સ્વરૂપ છે. માટે પ્રભુની મુખારવિંદ ભક્તિ શ્રીમહાપ્રભુજી વિના બીજું કોઇ આપી શકવાનું નથી. જેને શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય છે એને જ શ્રીમહાપ્રભુજી સર્વાત્મભાવનું દાન કરે છે. શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય કેવી રીતે થાય? આગળનાં શિક્ષાપત્રોમાં શ્રીહીરરાયજીએ એનો પ્રકાર બતાવ્યો કે આશ્રયની વાતો કરવાથી આશ્રય ન થાય, પણ શ્રીમહાપ્રભુજીના ગ્રંથોમાં દૃઢ નિષ્ઠા રાખીને એમનું પરિશીલન કરવાથી, એમનો અભ્યાસ અને અધ્યયન કરવાથી, એમનો સ્વાધ્યાય કરવાથી દૃઢ આશ્રય થાય. એમનો અભ્યાસ પણ સ્વબુદ્ધિથી ન કરતાં મહાનુભાવ આચાર્યચરણોએ ટીકામાં બતાવેલી રીતે જ કરવાથી દૃઢ નિષ્ઠા અને આશ્રય બને છે.

શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય થયો, એમ કયારે જાણવું? કૃષ્ણ ભટ્ટે જવાબ

આપ્યો કે જેમ જેમ સેવામાં આપણી રુચિ વધતી જાય તેમ તેમ માનવું કે શ્રીમહાપ્રભુજીનો આશ્રય વધુને વધુ દૃઢ થઇ રહ્યો છે.

સર્વાત્મભાવની પ્રાપ્તિનું બીજું સાધન છે દૈન્ય. શ્રીહરિરાયજીએ તો ત્યાં સુધી કહ્યું કે શ્રવણ વગેરે સાધનોથી પણ સર્વાત્મભાવ નથી થવાનો. કેવળ સાંભળવાથી સર્વાત્મભાવ નહીં જાગે. પણ દૈન્યમ્-દીનતા હશે તો સર્વાત્મભાવ આવશે. હે શ્રીવલ્લભ! મને આપની કૃપાથી એવો સર્વાત્મભાવ કયારે મળે? એવો તાપકલેશ જોઈએ. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે દૈન્યનો નાશ કરનાર જે જે બાબતો હોય, જે જે વાતો અને વિચારો હોય એ બધાંનો જાણી-જાણીને નાશ કરતા જવું. કોઇ આપણી ખુશામત કરતું હોય તો એનાથી દૂર રહેવું, કારણ દૈન્ય જતું રહે છે. માટે વૈષ્ણવની હાજરીમાં કદી વૈષ્ણવનાં ગુણગાન ન ગાવાં. એમની પ્રશંસા ન કરવી. નહીં તો એમના દૈન્યનો નાશ કરવાના અપરાધમાં આપણે નિમિત્ત બનીશું. વૈષ્ણવની પરોક્ષતામાં એમનાં ખૂબ ગુણગાન કરવાં. કારણ? ભગવદીયોના ગુણગાનમાં ભગવાનના અને શ્રીવલ્લભના બંનેના ગુણગાન આવી જાય છે. માટે નવમ સ્કંધમાં શુકદેવજી મહારાજે પહેલાં ભગવદીયોનાં ગુણગાન ગાયાં અને ભગવદીયોની કૃપાથી પછી દશમ સ્કંધમાં નિરોધલીલા પ્રગટ થઇ. ભગવદીયોનાં ગુણગાન એમની પરોક્ષ સ્થિતિમાં ગાવાં, પ્રત્યક્ષ સ્થિતિમાં ગુણગાન કરવાની આવશ્યકતા નથી, તેથી ન કરવાં. કેવળ ભગવદ્સ્મરણ કરવું અને સિદ્ધાંત વિષેના પ્રશ્નો પૂછવા. ન સમજાય એ પૂછવું.

શ્રીહરિરાયચરણે સર્વાત્મભાવનું ત્રીજું સાધન બતાવ્યું કે શ્રીમહાપ્રભુજી અને શ્રીપ્રભુ જેનો અંગીકાર કરવા માટે તત્પર છે, એને જરૂર પડે લૌકિકમાં દંડ આપે છે. શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી, જેમ પિતા દીકરાના લાભાર્થે એને કયારેક શિક્ષા કરે, એમ આપણા હૃદયમાં દૈન્ય લાવવા માટે પ્રભુ લૌકિકમાં દંડ આપે છે. બહુ અભિમાન આવ્યું હોય, ત્યારે એવો એક ફટકો મારે કે બધું અભિમાન ચૂરચૂર થઇને જતું રહે, દીનતા આવે. બહુ મદ થયો હોય તો પ્રભુ એ મમતાના લક્ષણને જ એવું નિર્મૂળ કરે કે આપણો મદ જતો રહે. દશમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજીએ આ વાત બતાવી. જેને સ્વજનોનો મોહ છે એનાં સ્વજનોને પ્રભુ પોતાની પાસે બોલાવી લે છે.

૮૪-૨૫૨ ભગવદીયોમાં મોટા ભાગનાં માતાપિતા નાનપણમાં હરિશરણ થયાં છે. જેમનાં પત્ની, પુત્રો વગેરે લૌકિક સ્વભાવનાં છે. ભગવદ્સેવામાં વિરોધી છે, એમને પ્રભુએ બોલાવી દીધાં છે. એમની સાથે કલેશ કરાવ્યો છે. જેને ધનનો મદ છે, એનું ધન હરી લીધું છે. જેને જ્ઞાનનું અભિમાન હતું એવા રાણા વ્યાસજીને

કાશીની શાસ્ત્રસભામાં એવા અપમાનિત કર્યા કે જ્ઞાનનું અભિમાન કરવું ભૂલી ગયા. જેનો જેને મદ હોય એનો મદ પ્રભુ છોડાવે ત્યારે માનવું કે પ્રભુએ આપણો અંગીકાર કર્યો. એનાથી દૈન્ય આવે છે. ત્યારે આપણને પ્રશ્ન થાય કે જે લોકો સેવા-સ્મરણ કરતા નથી એને તો પ્રભુ બહુ સુખ આપે છે. આપણે ઘણીવાર અજ્ઞાનવશાત્ કહીએ છીએ કે આ વૈષ્ણવ કેટલી સેવા કરતા હતા? બિચારા કેટલા દુઃખી થયા? આવું ન માનવું. જે પોતાના હોય એને શિક્ષા થાય. એને તમાચો મરાય. એને બે કઠોર શબ્દ પણ જરૂર પડે કહેવાય. પારકાની ઉપેક્ષા થાય. એની વાત એ જાણે, આપણે શું? એટલે પારકી પંચાતમાં આપણે પડતા નથી. એમ પ્રભુ પણ કેવળ પુષ્ટિજીવોની જ પંચાત કરે છે, મર્યાદા અને પ્રવાહી જીવોની પંચાતમાં પડતા નથી. માટે મર્યાદા જીવોને અને પ્રવાહી જીવોને કર્મનો સિદ્ધાંત લાગુ પડે છે.

કર્મનો સિદ્ધાંત બહુ પ્રચલિત થયો છે. આપણા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો પણ એની અંદર બહુ ઘસડાઇ ગયા છે. પરંતુ આપણે સમજવું જોઇએ કે એ કર્મનો સિદ્ધાંત અધૂરો છે, એમાં અધૂરી વાત કહેવાઇ છે. કેવળ કર્મથી સારાં કે નરસાં ફળ પ્રાપ્ત થતાં નથી. શાસ્ત્રોએ કહ્યુંઃ આપણને જે કંઇ પ્રાપ્ત થાય છે, એમાં કર્મની સાથે કાળ-પ્રકૃતિ-સ્વભાવ વગેરે સર્વ કંઇ નિયામક છે. કેવળ કર્મથી જ સારા-નરસાની પ્રાપ્તિ નથી.

કર્મ સારાં હોય, પણ સ્વભાવ સારો ન હોય. દાન આપતાં આપતાં ય મનમાં બડબડાટ હોય તો એ દાનના કર્મનું સારું ફળ દુનિયામાં આપણને નહીં મળે. શ્રીમહાપ્રભુજી કહે છે કે પુષ્ટિભક્તોને આ સિદ્ધાંત લાગુ પડતો નથી, એમને કૃપાનો સિદ્ધાંત લાગુ પડે છે. દંડનું દાન એ કૃપાનું કારણ છે. કૃપા છે તો દંડ છે. કૃપા નથી તો દંડ કરવાની જરૂર નથી. શિક્ષકને વિદ્યાર્થી વહાલો છે, શિક્ષકને સમજાયું છે કે આનામાં તેજસ્વીપણું છે, એને બહાર લાવવા જેવું છે, તો એ પોતાના વહાલા વિદ્યાર્થીને પુત્ર માનીને બે કઠોર શબ્દ કહેશે, પણ જે પોતાનો વિદ્યાર્થી નથી એવા બીજા વિદ્યાર્થીઓને પેલો શિક્ષક કંઇ નહીં કહે. પ્રભુ પોતાના સ્વ-જીવોને એમના અપરાધ નિવૃત્ત કરવા, એમના અભિમાનને નિવૃત્ત કરવા, એમને દયાનું દાન કરવા, એમને કૃપાનું દાન કરવા દંડ આપે છે. માટે પુષ્ટિમાર્ગમાં દંડ એ બીજા અર્થમાં લેવા જેવો છે. એક તો દંડ એટલે શિક્ષા, અને દંડ એટલે લાકડી. પ્રભુના અનુગ્રહરૂપી લાકડી આપણા ચાલવા માટે હાથમાં આવી ગઇ. એ લાકડીના ટેકે હવે આપણે આ સંસાર-સાગરને પાર કરી જઇશું. માટે દંડ એ તો દયાનું દાન છે.

શ્રીહરિરાયચરણે સર્વાત્મભાવની પ્રાપ્તિ માટે ચોથું સાધન બતાવ્યું, દુઃસંગનો

ત્યાગ. આપણે અહીં બેઠાં છીએ, કેટલાં સ્વસ્થ છીએ! કયાંકથી ઝૂમાંથી છૂટો પડેલો એક વાઘ અહીં આવી પહોંચે તો? કેવી ગભરામરણ થાય? કેવી દોડાદોડ, કેટલી અરાજકતા-અવ્યવસ્થા થઇ જાય? ગભરાઇ જઇએ ને? એવો ભાવ આવશે ખરો કે શ્રીગિરિરાજબાવા જુદા જુદા સ્વરૂપે દર્શન આપે છે. માટે વાઘ સ્વરૂપે પધાર્યા છે? દંડવત કરો. ના, ગભરાઇ જઇશું. અહીં એકદમ સાપ આવે તો? સર્પ સ્વરૂપે શ્રીગિરિરાજબાવા પધાર્યા છે એવો ભાવ જાગશે? ના, આપણે એકદમ દોડાદોડ કરીશું. તેમ જેણે દેહ ધારણ કર્યો એ તમામને ભય લાગે છે કે મારા આ શરીરનું શું થશે? વાઘની આગળ ગભરાઇ જઇએ છીએ, તે રીતે દુ:સંગનો પણ ભય રાખવો, દુ:સંગ વાઘ જેવો છે.

આપણા ભગવદ્‌ભાવનો નાશ કરનાર જો કોઇ હોય તો દુ:સંગ છે. શ્રીગોપેશ્વરજીએ દુ:સંગથી જેનો ભગવદ્‌ભાવ નાશ પામ્યો એવા બે ભક્તોનાં ઉદાહરણ આપ્યાં. એક તો ભરત મુનિ. આમ તો વનમાં જઇને ભગવદ્‌ધ્યાન કરતા હતા. સામાન્ય દયાવશ હરિણીને બચાવી. એ હરિણીના બચ્ચાનું પાલન કર્યું. પણ એના પરિણામરૂપે પ્રભુમાંથી ચિત્ત ખસ્યું અને હરિણીના બચ્ચામાં લાગ્યું. દુ:સંગ એટલે દુષ્ટ માણસનો સંગ એવો અર્થ નથી. દુ:સંગ એટલે ભગવદ્‌ભાવમાં બાધા કરનારનો સંગ. પછી એ વૈષ્ણવ હોય કે પશુ હોય કે કોઇ પદાર્થ હોય. ટી.વી. જોવાનો અત્યંત મોહ એ પણ દુ:સંગ છે. આજે તો એનો જબરજસ્ત દુ:સંગ છે. પશ્ચિમના દેશોએ તેને ઇડિયટ બોક્ષ કહ્યું છે. એ ઇડિયટ બોક્ષમાં આપણે એવા પાગલ બન્યા કે આપણે બધા ઇડિયટ બની ગયા! જયાં જવાનું થાય ત્યાં સૌ એમ કહે કે સત્સંગનો સમય એવો ગોઠવો કે પેલા ટી.વી.ના પ્રોગ્રામ જોવાય. એક ગામમાં તો એમ કહેવામાં આવ્યું કે રોજ ભલે આપણે રાત્રે આઠ વાગે સત્સંગમાં બેસીશું, પણ બુધવાર અને શુક્રવારે આઠ વાગે નહીં. પૂછયું, કેમ? એટલે કહે કે ચિત્રહારના દિવસ છે. આવું કહેનારા હતા, પાંસઠ વટાવી ગયેલા! એમને હજી ચિત્રહારનો મોહ જતો નથી. આ પદાર્થનો સંગ થયો. ભરત મુનિને હરિણીનો સંગ થયો. એમાં એ એવા મોહિત થયા કે પ્રભુને ચૂકી ગયા, માટે દુ:સંગ થયો. શું પરિણામ આવ્યું? ભગવદ્‌પ્રાપ્તિમાં અંતરાય આવ્યો. તો આપણને કેટલા ભવે ભગવદ્‌પ્રાપ્તિ થશે, કોણ જાણે!

શ્રીગોપેશ્વરજીએ બીજું ઉદાહરણ આપ્યું. જેમને તમે દરેક રવિવારે સવારમાં જુઓ છો - મહાભારતમાં. તે ભીષ્મ પિતામહનું. ભીષ્મ પિતામહ કૌરવની સાથે રહેવાથી દુષિત બુદ્ધિવાળા થયા. પરમ ભગવદ્‌ભક્ત હોવા છતાં, પરમ જ્ઞાની હોવા

છતાં, ગંગાજીના પુત્ર હોવા છતાં, કૌરવનું દુષ્ટ અન્ન એમના પેટમાં ગયું, એના પરિણામે ભીષ્મ પિતામહ જે પરમ ભગવદ્ભક્ત છે, ભાગવત છે, એ પ્રભુની સામે લડવા તૈયાર થઈને આવ્યા, બહિર્મુખ થયા.

દુષ્ટ અન્નનો સંગ પણ બુદ્ધિના ભાવને દુષિત કરે છે. માટે જેનું તેનું ન ખાવું, જેનું-તેનું પાણી ન પીવું. આપણા ઘરમાં આપણા પ્રભુને ભોગ ધરેલ મહાપ્રસાદથી જીવનનો નિર્વાહ કરવો, કારણ કે અન્ન જેણે રાંધ્યું છે, એના હૃદયનો ભાવ ગ્રહણ કરે છે. માટે પ્રાચીન સમયમાં તો એવા ભગવદીયો હતા કે જાતે રસોઈ કરીને પોતાના પ્રભુને ભોગ ધરેલું જ લેતા. શ્રીમહાપ્રભુજીની સાથે ઘણા વૈષ્ણવો ભારતપરિક્રમામાં રહેતા, પણ સૌ પોતપોતાની રસોઈ જાતે બનાવે, પોતપોતાના ઠાકોરજીને જાતે ભોગ ધરે અને એ જ મહાપ્રસાદ લઈને રહે, કારણ કે અન્નમાં બનાવનારના હૃદયના વિચારો આવે છે. એનાથી જે પ્રાણ-કોષ બને છે એ પ્રાણ-કોષ આપણી બુદ્ધિને, હૃદયને દુષિત કરે છે. માટે ઉત્તમ પ્રકાર એ છે કે સ્વગૃહમાં, સમાન ભાવવાળા આપણા સ્વજનો દ્વારા બનેલ સામગ્રી આપણા પુષ્ટિ પ્રભુને ભોગ ધરીને એ સમર્પિત પદાર્થોથી જ આપણું પોષણ કરવું.

શ્રીહરિરાયચરણે સર્વાત્મભાવ માટે છેલ્લું સાધન બતાવ્યું, વૈરાગ્ય અને પરિતોષ. આ બંને જીવનમાં પ્રયત્નપૂર્વક આણવાં. વૈરાગ્ય કામવૃત્તિ છૂટતાં આવે છે એમ શ્રીહરિરાયચરણની આજ્ઞા છે. શ્રીગોપેશ્વરજી ટીકામાં સમજાવે છે કે જેની વિષયવાસનાઓ નિર્મૂળ થાય એના મનમાં વૈરાગ્ય આવે. વિષયવાસનાઓથી ઈન્દ્રિયો વિમુખ બને છે. વૈરાગ્ય એટલે ભગવાં કપડાં નહીં. વૈરાગ્ય એટલે ગૃહત્યાગ નહીં. વૈરાગ્ય એટલે વિષયવાસનાઓનો ત્યાગ. વિષયવાસનાઓ તજીને સર્વ ઈન્દ્રિય, શરીર, અંતઃકરણ અને હૃદયને શુદ્ધ રાખવું એનું નામ વૈરાગ્ય. લૌકિક રાગ ચાલ્યો ગયો એ વૈરાગ્ય. કુટુંબીજનો લૌકિક સગાં છે. માટે એમને પ્રેમ નહીં. એમ કરતાં વિષયવાસના જાગે. પણ એ પ્રભુના સેવકો છે, વૈષ્ણવો છે એવો ભાવ એમનામાં રાખીને એમની સાથે વ્યવહાર કરવો એ વૈરાગ્ય. આમ, કુટુંબમાંથી, મનુષ્યોમાંથી, સંપત્તિમાંથી, પદાર્થોમાંથી મનને ખેંચી લેવું અને એ મનને પ્રભુમાં જોડવું એનું નામ વૈરાગ્ય.

જયારે પરિતોષ માટે શ્રીગોપેશ્વરજી આજ્ઞા કરે છે કે પરિતોષ એટલે સંતોષ. સંતોષ કયારે આવે? લોભનો નાશ થાય તો સંતોષ આવે. લોભ દ્વારા પાખંડ વધે છે અને પાખંડના પરિણામે કદી સંતોષ થતો નથી. માટે લૌકિકમાંથી લોભ કાઢી નાખવો. જયારે જે મળે ત્યારે એનાથી પ્રસન્નચિત્ત રહીને જીવન જીવવું. મિષ્ટાન્ન મળે

તો મિષ્ટાન્ન લેવું અને જળ મળે તો જળ લેવું. આવો પરિતોષ જો જીવનમાં આવી જાય તો લોભનો નાશ થાય છે. જેના જીવનમાંથી લોભ જતો રહે એના જીવનમાંથી પાખંડ જાય.

કામ અને લોભ એ બંનેને વધારનાર ક્રોધ છે, જે એ બેની વચ્ચે બેઠો છે. આપણે બે જણ બેઠા હોઇએ, ત્યારે કોઇક આપણું વધારે સ્વજન છે એવો દાવો કરવા આપણા બેની વચ્ચે આવે ત્યારે સાવધાન રહેવું. કારણ કે તે ઉત્પાત મચાવશે. બેય જણને ધકેલશે અને વચમાં પોતે ગોઠવાઇ જશે. ક્રોધ કામને ઉશ્કેરે છે. ક્રોધ લોભને ઉશ્કેરે છે. ક્રોધ કામને વધારે છે, ક્રોધ લોભને વધારે છે. માટે કામ અને લોભનો ત્યાગ કરવાની વાત થઇ, ત્યારે એનો અર્થ એ કે સૌ પહેલાં ક્રોધનો નાશ કરવો પડશે. જેના સ્વભાવમાંથી ક્રોધ જાય એના જ સ્વભાવમાંથી કામ અને લોભ જાય. જયાં સુધી સ્વભાવમાં ક્રોધ હશે ત્યાં સુધી કામ અને લોભ રહેશે. કોઇ એવી વ્યક્તિ નહીં મળે કે શાન્ત હોય, કદી ગુસ્સો આવતો જ ન હોય અને એ લોભી હોય, એકામી હોય! આ એક માપદંડ છે. જેટલો માણસ વધારે ક્રોધી એટલો એ વધારે કામી અને લોભી. માટે શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી કે હૃદયમાંથી કામભાવ અને લોભભાવ દૂર કરવા ક્રોધને દૂર કરો, વૈરાગ્ય અને પરિતોષ ધારણ કરો. તો એનાથી સર્વાત્મ-ભાવ સિદ્ધ થશે.

હવે છેલ્લે શ્રીહરિરાયચરણ સર્વાત્મભાવ સિદ્ધ થવાથી શું ફળ મળે એ બતાવે છે. સર્વાત્મભાવની સિદ્ધિ એ પુષ્ટિમાર્ગનું પરમ ફળ છે. સર્વાત્મભાવ સિદ્ધ થાય ત્યારે હૃદયમાં-અંતઃકરણમાં-વિપ્રયોગધર્મી સ્વરૂપનો રસાનુભવ થાય. સર્વાત્મભાવ સિદ્ધ થયો ત્યારે જ જાણવો કે જયારે અંતઃકરણમાં સાક્ષાત ભગવદ્લીલારસનો અનુભવ થાય. ઘણા એમ કહેતા હોય છે કે મને પ્રભુનાં દર્શન થયાં, પ્રભુની લીલાઓનો અનુભવ થયો. પણ ભગવદીયોનાં ચરિત્રો એમ બતાવે છે કે જેમને હૃદયમાં આવો અનુભવ થાય છે એની બાહ્ય સ્થિતિ બહુ વિકળ હોય છે. બેભાન જેવી હાલત હોય. શરીરનું કોઇ ભાન ન હોય, દેહના ધર્મોની કંઇ ખબર ન રહે. કેવળ મન પ્રભુના આ અનુભવમાં ડૂબેલું રહે. એને એવો અનુભવ થાય કે જેને કારણે વાણી પણ અટકી જાય. કશું કહેવાની ઇચ્છા જ ન જાગે. હૃદયમાં સતત એનો રસાસ્વાદ થયા કરે. શબ્દોમાં સમજાવવા જઇશું તો શબ્દો અપૂરતા થશે. એ તો જેને અનુભવ થયો હોય એ જ એને માણી શકશે, કહી નહીં શકે. જયાં સુધી કોઇ કહેતું હોય ત્યાં સુધી માનવું કે એનો અનુભવ સાચો નથી, કાચો છે.

આંખોથી દર્શન કરીએ ત્યારે એક સમયમાં એક જ લીલાનો અનુભવ થાય.

ફૂલમંડલીનો મનોરથ હોય તો ફૂલમંડલીનાં જ દર્શન થાય. દાનનો મનોરથ હોય તો દાનનાં થાય, પણ આ વિપ્રયોગધર્મી સ્વરૂપનો હૃદયમાં જયારે અનુભવ થાય, ત્યારે એક ક્ષણમાં અનેક લીલાઓનો એક સાથે અનુભવ થાય. ત્યારે માનવું કે વિપ્રયોગધર્મી સ્વરૂપનો અનુભવ થયો. ત્યારે માનવું કે આ પુષ્ટિભક્તિના પરમ ફળનું દાન થયું. શ્રીમહાપ્રભુજીએ 'ભક્તિવર્ધિની'માં બતાવ્યું કે આવું ફળ, આવી ભાવસ્થિતિ કેવળ વ્યસન અવસ્થામાં જ શક્ય છે, અન્યથા નહીં. જયાં સુધી આ શરીર ભૌતિક છે, લૌકિક કામવિકારોથી ભરેલું છે, ત્યાં સુધી આવો અનુભવ આ શરીરથી થતો નથી. જયારે આ શરીરને તનુનવત્વની પ્રાપ્તિ થાય, શરીરના બાહ્ય અનુભવો એના એ હોવા છતાં અંદરથી લૌકિક મટીને અલૌકિક બની જાય, વિષયવાસનાથી પર બની જાય, ત્યારે હૃદયથી આ અલૌકિક અનુભવ શક્ય છે.

આવો અનુભવ પ્રાપ્ત કરવા શ્રીહરિરાયચરણ છેલ્લા બે શ્લોકમાં શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય કરવાની ફરીને આજ્ઞા કરે છે. આપ આજ્ઞા કરે છે કે મેં આ ૩૧ શ્લોકોમાં તમને પુષ્ટિમાર્ગ સમજાવ્યો, પુષ્ટિભક્તિ સમજાવી, એનું મનમાં સતત ચિંતન કરવું. એની પ્રાપ્તિ તો શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળોની કૃપાથી જ થશે. સાધનોથી નહીં થાય. આ અધિકાર પુષ્ટિમાર્ગની સમજ જેને મળી ચૂકી છે, તેવા કૃષ્ણરસિક ભક્તનો છે. વૈષ્ણવમાં કેવળ પુષ્ટિમાર્ગનું જ્ઞાન હોય એટલું જ પૂરતું નથી. પણ સાથે તે કૃષ્ણરસિક હોવા જોઇએ, કૃષ્ણરસથી ભરેલા જોઇએ, સેવાના અનુરાગી જોઇએ. જેનામાં સમજણ અને સેવા બંને છે એવાઓને જો સર્વભાવથી સતત શ્રીમહાપ્રભુજીની શરણાગતિ બની રહે તો શ્રીમહાપ્રભુજીની કૃપાથી પુષ્ટિપ્રભુમાં સર્વાત્મભાવ થાય. આવી શરણાગતિ શ્રીવલ્લભની કૃપા વિના, આશ્રય વિના શક્ય જ નથી. માટે જ શ્રીહરિરાયચરણે શ્રીવલ્લભાષ્ટકમ્‌માં કહ્યું: શ્રીવલ્લભઃ શરણં મમ - અને શ્રીવલ્લભ તવાસ્મિ. આ બંને, વલ્લભ અષ્ટાક્ષર અને પંચાક્ષર મંત્રો છે. એનો સતત જપ કરવાથી, એના દ્વારા શ્રીવલ્લભનું સતત ધ્યાન-ચિંતન કરવાથી, શ્રીવલ્લભ-ચરણકમળોનું ભાવન કરવાથી શ્રીવલ્લભના સ્વરૂપમાં દૃઢ શરણાગતિ સિદ્ધ થાય છે, જેનો શ્રીવલ્લભ હાથ પકડે છે, એનો બેડો પાર થાય છે.

આ સમયમાં શ્રીવલ્લભની દૃઢ શરણાગતિ શ્રીવલ્લભની વાણીના અધ્યયન અને પરિશીલનથી જ છે, શ્રીવલ્લભની આજ્ઞાઓના પાલનથી છે, શ્રીવલ્લભના સ્વરૂપના ભાવનથી છે. આવું અલૌકિક, કોઇ આપી ન શકે એવું અદેય દાન આપનાર, પરમ ઉદાર શ્રીવલ્લભ આપણા સૌના મસ્તકે બિરાજમાન છે. ત્યારે શ્રીહરિરાયચરણ આ ૩૪મા શિક્ષાપત્ર દ્વારા, ફરી ફરીને અંતમાં આજ્ઞા કરે છે, હે

વૈષ્ણવો! આપણે સૌ એમના દૃઢ આશ્રિત બની, એમના સર્વાત્મભાવના સિદ્ધાંતને સમજી, એ સર્વાત્મભાવ જીવનમાં લાવી, આપણું જીવન પ્રભુસેવામય બનાવીએ. પુષ્ટિભક્તિનાં બંને પાસાં-મુખારવિંદ ભક્તિ અને ચરણારવિંદ ભક્તિમાં તત્પર બનીએ, તો શ્રીવલ્લભની કૃપાથી પુષ્ટિમાર્ગનું પરમ ફળ-એક કાલમાં હૃદયમાં અનેક ભગવદ્‌લીલાઓનો સતત અનુભવ અને એ લીલાઓનો રસ અવશ્ય પ્રાપ્ત થશે. જેને એ પ્રાપ્ત થયો છે, એને તો શ્રીમહાપ્રભુજી પૂછે છે. જો તમે હૃદયમાં શ્રીગોકુલાધીશને ધારણ કર્યા છે, તો હવે તમારે બીજું કંઇ બનવાનું બાકી રહે છે? આ પુષ્ટિમાર્ગનો પરમ સિદ્ધાંત - સર્વાત્મભાવનો સિદ્ધાંત શ્રીહરિરાયચરણે કૃપા કરીને આપણને સમજાવ્યો.

આપણે શ્રીહરિરાયચરણોનાં યુગલ ચરણારવિંદમાં સદૈન્ય એવી વિનંતી કરીએઃ હે શ્રીમહાપ્રભુ! આપ અમને એવી શક્તિ, મતિ, રતિ અને ગતિનું દાન કરો કે આપે શ્રમ લઇને સમજાવેલા સિદ્ધાંતનું અમે સતત મનન-ચિંતન કરતાં એને હૃદયારૂઢ કરવા માટે પાત્ર બનીએ અને એ સિદ્ધાંતોને અમારા જીવનની અંદર આપની કૃપાથી આચરતાં આચરતાં આપના કૃપાપ્રસાદરૂપ ભગવદ્‌લીલાઅનુભવને માણવા માટે પણ અમે સક્ષમ બનીએ.

ઇતિ શ્રીહરિરાયજી વિરચિતં ચતુર્ત્રિશતમં શિક્ષાપત્રં
શ્રીગોપેશ્વરજીકૃતા વ્રજભાષાટીકા સમેતં સમાપ્તમ્.

ચોત્રીસમા શિક્ષાપત્રનો સારાંશ

શ્લોક સંખ્યા : ૩૩
વિષય : **ભક્તિમાં નડતા પ્રતિબંધો અને દૂર કરવાના ઉપાયો.**

(૧) **ભક્તિના પ્રકાર :** પુષ્ટિભક્તિ બે પ્રકારની (૧) મુખારવિંદની (૨) ચરણારવિંદની.

(૨) **મુખારવિંદની ભક્તિ** - સેવા. તેમાં આર્તિ-તાપ જરૂરી, તેથી તે ઉગ્રભક્તિ. તેમાં સર્વસમર્પણ થાય. તેમાં પ્રભુના અધરામૃતની પ્રાપ્તિ દ્વારા સાક્ષાત સંબંધ છે. તે શ્રીમહાપ્રભુજીની કૃપાથી સિદ્ધ થાય. તેમાં સર્વાત્મભાવ મુખ્ય સાધન છે. તે જ ફળરૂપ છે. બીજું સાધન દીનતા છે.

(૩) **ચરણારવિંદની ભક્તિ** - કથાશ્રવણ, કીર્તન, સ્મરણ ચરણારવિંદની ભક્તિ છે. તેમાં ધર્મ દ્વારા ધર્મવિશિષ્ટ પ્રભુની પ્રાપ્તિ થાય છે. સાયુજ્યનું ફળ મળે છે. તેમાં વિરહતાપ ઓછો હોવાથી, તે શીતળ ભક્તિ કહેવાય છે. તેમાં શરણાગતિ મુખ્ય છે.

(૪) **ભક્તિમાં નડતા પ્રતિબંધો :**

(૧) મદ (૨) લોભ (૩) લૌકિક કામનાઓ (૪) દુઃસંગ

(૫) **પ્રતિબંધો દૂર કરવાના ઉપાય :**

(૧) ભગવદીયોનો સંગ (૨) દૃઢ ભગવદાશ્રય (૩) દંડને પ્રભુની દયાનું દાન ગણવું (૪) અન્નદોષથી બચવા સમર્પિત લેવું. (૫) સંતોષ અને વૈરાગ્ય (૬) કામ, ક્રોધ, લોભનો ત્યાગ.

શિક્ષાપત્ર પાંત્રીસમું

તદીયાનાં મહદ્દુઃખં વિજાતીયેન સંગમઃ ।
સંભાષણં સજાતીયૈરસંગો ભાષણં ચ ન ।
તદેતદુભયં જાતં મમૈવાઽદ્ય સ્વભાગ્યતઃ ॥૧॥

વિજાતીયોઓનો સંગ થાય, પરંતુ ભગવદીયો સાથે ન તો સંગ થાય કે ન તો સંભાષણ થાય, એ વૈષ્ણવોને મહાદુઃખનું કારણ છે. ભાગ્યયોગથી મને આ બંને હાલત પ્રાપ્ત થઇ છે. (૧)

દુઃખાંતરં તુ જ્ઞાનેન ભક્ત્યાવાઽપિ નિવર્તતે ।
લૌકિકં વિષય પ્રાપ્ત્યા ન હિ દુઃસંગજં ક્વચિત્ ॥૨॥

જો દુઃખ કોઇ બીજા પ્રકારનું હોય, તો જ્ઞાન કે ભક્તિ દ્વારા તેનું નિરાકરણ થઇ શકે. જો લૌકિક વિષયોને લગતું દુઃખ હોય, તો તે વિષયોની પ્રાપ્તિથી તે નિવૃત્ત થાય. પરંતુ દુઃસંગથી ઉત્પન્ન થતું દુઃખ કયારેય નિવૃત્ત થતું નથી. (૨)

દુષ્ટાનાં દુર્વચોબાણૈર્ભિન્નં મર્મણિ મદ્વપુઃ ।
ન ક્વાઽપિ લભતે સ્વાસ્થ્યં સમાહિતમપિ સ્વતઃ ॥૩॥

દુષ્ટ જનોનાં દુર્વચનોરૂપી બાણથી મારા શરીરનું મર્મસ્થાન ભેદાઇ ગયું છે. તેનાથી મને સહેજ પણ સ્વાસ્થ્ય મળતું નથી અને હું આપબળે ધીરજ રાખી શકતો નથી. (૩)

ઇદાનીં તુ જનાઃ પ્રાયો દુઃસંગપદવીં ગતાઃ ।
શુદ્ધં મનઃ કલુષિતં ક્ષણેનાઽતિવિચક્ષણાઃ ॥૪॥

મોટે ભાગે, હાલ લોકો દુઃસંગની સામાન્ય સ્થિતિએ પહોંચ્યા છે, તેથી મન સિદ્ધ હોવા છતાં, તેઓ તેને એક ક્ષણમાં મલીન કરવાને ઘણા ચતુર હોય છે. (૪)

ગૃહસ્થિતસ્ય વ્યાવૃત્તિયુતસ્ય ન હિ તાદશામ્ ।
સંગો વારયિતું શક્યો વ્યાવૃત્તેર્વિનિરોધતઃ ।
અવ્યાવૃત્તૌ ન વિશ્વાસદાઢર્યં યેન તથા કૃતિઃ ॥૫॥

જેઓ ગૃહસ્થ છે, તેમને ધંધાદારી જીવોનો સંગ થાય છે. ધંધાને લીધે તેઓ તેવાઓનો સંગ છોડી શકતા નથી. અવ્યાવૃત્તિમાં દૃઢ વિશ્વાસ હોતો નથી, તેથી જ એવી કૃતિ થાય છે (૫)

ભગવદ્દ્વેષિતાં યાતઃ સ તુ તક્ષક એવ હિ ।
યથા વિપ્રાડર્ભકવચઃ પ્રેરિતઃ ક્રોધમૂર્ચ્છિતઃ ॥૬॥
અદશત્સ સમાગત્ય મહાભક્તં પરીક્ષિતમ્ ।
તથા દુર્જનવાક્યૈકપ્રેરિતો હ્યતિતામસઃ ॥૭॥
અવજ્ઞયા દુર્વચનૈરધિક્ષેપેણ મામયમ્ ।
દુષ્કર્મા ભૌતિકો દુષ્ટઃ સંસાધ્યઃ સત્ક્રિયોક્તિભિઃ ॥૮॥

જે કોઇ ભગવાનનો દ્વેષ કરનારા હોય, તેને તક્ષક જેવા જાણવા. બ્રાહ્મણબાળક (શૃંગી ઋષિ) દ્વારા મોકલાયેલો તક્ષક નાગ આવીને મહાભક્ત પરીક્ષિત રાજાને કરડ્યો, તેવી જ રીતે દુર્જનનાં વચનથી મોકલાયેલો અતિ તમોગુણી અને દુષ્ટ કર્મ કરનારો સર્મ જેવો દુર્જન મને નિંદા, દુર્વચન અને તિરસ્કાર વડે ડસે છે. આવો ભૌતિક દુષ્ટ જન, દુષ્ટ કર્મ કરનાર હોય છે. તે સત્ક્રિયા અને વાણીથી સુધારી શકાય છે. (૬-૮)

આધ્યાત્મિકો જ્ઞાનશૂન્યો હ્યન્યથાજ્ઞાનવાનપિ ।
કષ્ટસાધ્યઃ કદાચિત્સ તત્ત્વબોધેન શુદ્ધ્યતિ ॥૯॥

આધ્યાત્મિક દુષ્ટો જ્ઞાનશૂન્ય અથવા અન્યથા જ્ઞાનવાળા હોય છે. તેઓ કષ્ટસાધ્ય છે. તે કદીક તત્ત્વબોધથી શુદ્ધ થઇ શકે. (૯)

પ્રીતિશૂન્યો મહાદુષ્ટઃ સ ન સાધ્યઃ કથંચન ।
યથા નપુંસકો નૈવ હ્યૌષધૈઃ પુરુષો ભવેત્ ॥૧૦॥
યથા ત્રિદોષગ્રસ્તો ન કથંચિદપિ જીવતિ ।
પ્રીતિશૂન્યો નીરસશ્ચ ન તથા શ્રવણાદિભિઃ ॥૧૧॥

પરંતુ મહાદુષ્ટો (આધિદૈવિક) પ્રીતિશૂન્ય હોય છે, તેમને સુધારવાનો કોઇ પણ ઉપાય નથી. જેમ કોઇ નપુંસક ગમે તેટલી દવા કરવાથી પુરુષત્વ પામી શકતો નથી અથવા ત્રિદોષનો રોગી કોઇ પણ ઉપાયે બચી શકતો નથી, તેમ પ્રીતિશૂન્ય નીરસ શ્રવણાદિથી પણ સુધરી શકતો નથી. (૧૦-૧૧)

પ્રાયઃ આસુરો જીવો યસ્મિન્ પ્રીતેરસંભવઃ ।
તાદૃશૈર્નિત્યસંગેન ભવેદાસુરભાવવાન્ ॥૧૨॥

જેમનામાં પ્રીતિનો છાંટો પણ હોતો નથી, તેઓ ઘણુંખરું આસુરી જીવો હોય છે. જો દરરોજ તેમનો સંગ કરવામાં આવે, તો આસુરી ભાવવાળા થઇ જવાય. (૧૨)

દુષ્કર્મા કર્મદુષ્ટઃ સ્યાત્ જ્ઞાનદુષ્ટોડન્યથાદૃશિઃ ।
પ્રીતિશૂન્યો ભક્તિંદુષ્ટસ્તત્તન્માર્ગગતસ્ત્યજેત્ ॥૧૩॥

દુષ્ટ કર્મ કરનાર કર્મદુષ્ટ કહેવાય. વિપરીત દૃષ્ટિવાળો જ્ઞાનદુષ્ટ કહેવાય અને પ્રીતિશૂન્ય ભક્તિદુષ્ટ કહેવાય. જે તે માર્ગના અનુયાયીઓએ તે તે માર્ગના એવા દુષ્ટોને ત્યજી દેવા. (૧૩)

શિક્ષાપત્ર પાંત્રીસમું

શ્લોક સંખ્યા : ૧૪

વિષય : દુષ્ટ જીવોનો સંગ- દુઃસંગ.

ચોત્રીસમા શિક્ષાપત્રમાં ભક્તિ, પુષ્ટિભક્તિ, પુષ્ટિભક્તિનાં બે ચરણો - ચરણારવિંદની ભક્તિ અને મુખારવિંદની ભક્તિ - તથા પુષ્ટિભક્તિનું એકમાત્ર સાધન અને ફળ સર્વાત્મભાવ વિશે શ્રીહરિરાયચરણે આપણને બહુ સુંદર સમજ આપી.

પાંત્રીસમા શિક્ષાપત્રમાં શ્લોકોની સંખ્યા કુલ ૧૪ છે. પાંત્રીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી દુઃસંગ અને જેનાથી દુઃસંગ લાગે છે એવા દુષ્ટજીવોના સ્વરૂપનું નિરૂપણ કરે છે.

આપણે જાણીએ છીએ કે આજ સુધીનાં શિક્ષાપત્રો શ્રીહરિરાયચરણે શ્રીગોપેશ્વરજીને સંબોધીને લખ્યા છે. શ્રીગોપેશ્વરજીનાં વહુજીનાં નિત્યલીલાગમનથી સેવામાં સહાયકના અભાવનું અને તેના પરિણામરૂપે પ્રભુને થનાર પરિશ્રમનું શ્રીગોપેશ્વરજીને જે દુઃખ છે એ દુઃખમાં આશ્વાસન આપવા માટે શ્રીહરિરાયજીએ શિક્ષાપત્રો રચ્યાં. આશ્વાસન આપનાર વ્યક્તિ પોતે જ પોતાના દુઃખને રડવા બેસે ત્યારે શું થાય? લૌકિકમાં કુટુંબમાં દુઃખનો પ્રસંગ આવે, ત્યારે ઘરના વડીલ દુઃખને હૃદયમાં પી જાય, અને ધીરજ રાખી સૌને આશ્વાસન આપતાં મનને કાબૂમાં રાખે. પોતાનું દુઃખ પ્રગટ ન કરે. આજ સુધી શ્રીહરિરાયચરણે સ્વદુઃખને કયારેય પ્રગટ ન કર્યું. એમ લાગે છે કે શ્રીગોપેશ્વરજી તરફથી સામે પત્રો જતા હશે, જેમાં શ્રીગોપેશ્વરજીએ એમ સૂચવ્યું હશે કે હવે મારું મન સ્વસ્થ બન્યું છે. ત્યારે શ્રીહરિરાયચરણ શ્રીગોપેશ્વરજી પાસે હવે પોતાના મનનું દુઃખ વ્યકત કરે છે.

આપણને વિચાર થાય કે દુઃખ તો આપણને લૌકિક મનુષ્યોને હોય. જેમને શ્રીમહાપ્રભુજીના નામથી સંબોધીએ એવા શ્રીહરિરાયચરણને શાનું દુઃખ? શ્રીહરિરાયચરણને લૌકિકમાં કોઇ દુઃખ નથી, કારણ કે એમના મનમાં કોઇ લૌકિક ઇચ્છાઓ જ નથી, પણ શ્રીહરિરાયચરણને જે દુઃખ છે એ આધિદૈવિક છે. ફેર આટલો જ છે કે આપણને લૌકિકનું દુઃખ હોય છે, અલૌકિકનો વિચાર નથી હોતો. શ્રીહરિરાયચરણને લૌકિકનો વિચાર નથી, પણ અલૌકિક દુઃખ છે. આ દુઃખ પ્રગટ

કરવાનો હેતુ પણ આપણને શીખવવાનો જ છે કે પુષ્ટિજીવે લૌકિકનાં દુઃખોને ઘોળીને પી જવાં, પણ અલૌકિકનાં દુઃખોનું ચિંતન કરી, એમાંથી મુક્ત થવાના ઉપાય કરવા.

શ્રીહરિરાયચરણ શ્રીગોપેશ્વરજીને આજ્ઞા કરે છે કે ભાઇ, હું તમારાથી ઘણો દૂર છું, મરુભૂમિમાં બેઠો છું. આપ જેસલમેરમાં બિરાજતા હતા. પરદેશમાં પોતાની સ્થિતિ કેવી છે, એનું શરૂઆતમાં નિરૂપણ કરતાં કહ્યું કે સજાતીય ભગવદીયોનો મને સંગ નથી. આ એક દુઃખ છે. વિજાતીય મનુષ્યોનો સંગ છે. એ બીજું દુઃખ છે.

સજાતીય અને વિજાતીય આ બે શબ્દોને આપણે સમજવા પડશે. બાયોલોજીની (જીવશાસ્ત્રની) ભાષામાં એનો અર્થ જુદો થાય, પુષ્ટિની પરિભાષામાં એનો અર્થ જુદો થાય, એકસમાન ભાવવાળા એટલે સજાતીય અને વિરુદ્ધ ભાવવાળા એટલે વિજાતીય. જેમનો શ્રીમહાપ્રભુજીમાં અને શ્રીઠાકોરજીમાં એક જ પ્રકારનો સમાન ભાવ હોય એ સજાતીય વૈષ્ણવો કહેવાય. જેમનો જુદા જુદા પ્રકારનો ભાવ હોય એ વિજાતીય વૈષ્ણવ કહેવાય. અથવા આપણા ભાવ જેવો જ જેમનો ભાવ હોય તે સજાતીય. આપણાથી જુદો ભાવ હોય તે વિજાતીય.

આગળના શિક્ષાપત્રોમાં સત્સંગના સિદ્ધાંતનું નિરૂપણ કરતાં શ્રીહરિરાયજીએ બતાવ્યું કે કોનો સંગ કરશો? ત્યાં આજ્ઞા કરી કે સજાતીય વૈષ્ણવોનો સંગ કરજો. વિજાતીય વૈષ્ણવોનો સંગ ન કરશો. અહીં વૈષ્ણવો ચડિયાતા છે કે ઉતરતા છે એવો ભાવ નથી. અગાઉ આપણે જોઇ ગયા કે દરેકને જુદા જુદા ભાવનું દાન કરનારા પ્રભુ છે. દરેકના હૃદયમાં જે ભાવ છે તે સાચો છે. પણ માનો કે બે વૈષ્ણવ એવા છે કે એકને પ્રભુમાં બાલભાવ છે અને બીજાને પ્રભુમાં માધુર્યભાવ છે. તો આ બંને વિજાતીય ભાવવાળા વૈષ્ણવ કહેવાય. બંને પરસ્પર પોતાના ભાવની ચર્ચા કરે, ત્યારે બાલભાવવાળા વૈષ્ણવ કહે કે બાલભાવ જ રાખવો, એ ઉત્તમ છે. માધુર્ય ભાવવાળા કહે કે ના ના, માધુર્યભાવથી સેવા કરવી. પરિણામે એમનો સંગ કયાંક વાદવિવાદમાં અટવાઇ જાય. એથી એમના ભાવનું પોષણ ન થાય, ભાવની દઢતા ન થાય. જુદી જુદી વાતો સાંભળ્યા પછી મનમાં ગડમથલ જાગે કે આ સાચું કે આ સાચું? આવી ગડમથલમાં પડતાં આપણી સ્થિતિ તો ધોબીના કૂતરા જેવી થાય છે. બાવાનાં બેય બગડે છે. માટે આજ્ઞા કરી કે તમારા હૃદયમાં જેવો ભાવ છે તેવો જ ભાવ ધરાવતા વૈષ્ણવનો સંગ કરશો તો એમના સંગથી પરસ્પરના ભાવની દઢતા થશે, પણ જુદા જુદા ભાવ ધરાવતા વૈષ્ણવનો સંગ કરશો, તો મનમાં ગૂંચવણો વધશે કે આ સાચું કે આ સાચું?

આજે સવારે જ એક વૈષ્ણવ આવેલા. એમણે પ્રશ્ન કર્યા કે શ્રીજીબાવા ગિરિરાજ ઉપર પાછા કયારે પધારશે? પધારશે તો કયાં પધારશે? કેવી રીતે પધારશે? મેં એમને કહ્યું કે આની ચિંતા હું અને તમે શું કામ કરીએ? એ શ્રીજીબાવા ઉપર છોડી દો ને! ચિંતા કરવાનો વિષય તો એ છે કે શ્રીજીબાવા આપણા ઘરમાં કયારે બિરાજશે? કેવી રીતે બિરાજશે? એમને આપણે કેવી રીતે સેવીશું? બાકી તો શ્રીજીબાવાની જયાં ઈચ્છા હોય ત્યાં પધારે. એ સ્વતંત્ર છે. આમ, બે જાુદા જાુદા ભાવવાળા વૈષ્ણવ ભેગા થાય એટલે હોંસાતુંસી થાય. માટે શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી કે સત્સંગમાં વિવેક જરૂરી છે. કોનો સંગ કરવો? તો આપણા ભાવની સાથે જેના ભાવની સમાનતા હોય, જેમનાં વાક્યોથી, જેમના સત્સંગથી આપણો ભાવ દૃઢ થતો હોય એમનો જ સંગ કરવો.

શ્રીહરિરાયજીને સત્સંગમાં ભારે પ્રીતિ હતી. વૈષ્ણવોની વચ્ચે બિરાજીને આપ રાત-દિવસ સત્સંગ કર્યા કરતા. આવો સત્સંગનો જેમને આગ્રહ હોય, સત્સંગ એ જેમનો સ્વભાવ બની ગયો હોય, એમને સત્સંગ ન મળે ત્યારે કલેશ થાય. આપણને રોજ ભોજનમાં જે વસ્તુઓ જોઈતી હોય એ ન મળે, ત્યારે આપણને કલેશ થાય. એને લઈને તો હવે વ્રજયાત્રામાં જઈએ છીએ ત્યાં તપ અને ત્યાગ એ બંનેની બાદબાકી કરીએ છીએ! ત્યાં પણ ઘરના જેવી વાનગીઓ મળે એવી ગોઠવણ કરીએ છીએ. ત્યાં વ્રજભૂમિમાં લોટવાને બદલે સૂવા માટે ગાદીતકિયા સાથેના પલંગો મળે એવી વ્યવસ્થા કરીએ છીએ, કારણ કે આપણો સ્વભાવ થઈ ગયો છે કે આ બધી વસ્તુઓ વિના અમારે ચાલશે નહિ. જેને ચાની ટેવ હોય એને ચા વિના ન ચાલે. એમ શ્રીહરિરાયજીને સત્સંગ વિના સૂનું લાગે. આથી શ્રીહરિરાયજી પોતાને સત્સંગ નથી પ્રાપ્ત થતો એનો કલેશ જેસલમેરથી પત્ર દ્વારા શ્રીગોપેશ્વરજીને વ્યક્ત કરે છે કે મને અહીં સજાતીયના સંગનો અભાવ છે. મારી પાસે જે વૈષ્ણવો હતા એમાં શ્યામદાસ જેવા શ્રીગુસાંઈજીના સેવક હતા, પ્રેમજીભાઈ જેવા ઉત્તમ ભગવદીય હતા, ભગવદ્દાસ નામના એક વૈષ્ણવ હતા, મહાદાસ હતા - આ બધાનાં નામ શિક્ષાપત્રોમાં છે - એ બધા વૈષ્ણવો કોઈને કોઈ કાર્યાર્થે અહીંથી ગયા છે. હું એકલો છું.

ગ્રંથ વાંચવાનો આનંદ જાુદો છે. પણ સામેના વૈષ્ણવના મુખથી સાંભળવું એ એનાથીયે ઉત્તમ, કારણ કે ભગવદીયની વાણીમાં શ્રીમહાપ્રભુજીની વાણી બિરાજમાન થાય છે. જયારે ભગવદીયની સામે બેસીને ભગવદ્વાર્તા સાંભળીએ ત્યારે ભગવદીયનાં નેત્રોમાં બિરાજતા પ્રભુનો પણ સાથેસાથે અનુભવ થાય છે. પેલા

શ્રોતા અને વક્તા વૈષ્ણવને યાદ કરીએ. છ મહિના ભગવદ્‌વાર્તા કર્યા પછી એમના દેહ પડી ગયા, બંનેનાં પત્ની શોધવા નીકળ્યાં. બંનેનાં હાડકાંનો ઢગલો જોયો. વિચાર કર્યો કે આમાંથી પોતાના પતિનાં હાડકાં કેવી રીતે શોધવાં? અગ્નિ સંસ્કાર તો કરવા પડે ને? શ્રોતા વૈષ્ણવનાં પત્નીએ કહ્યું કે ઊભાં રહો બહેન, પહેલાં હું મારા પતિના હાડકાં વીણી લઉં. હું ઓળખી લઈશ. એમણે વીણીને એક જુદો ઢગલો કર્યો. વક્તા વૈષ્ણવનાં પત્ની હતાં. એમણે પૂછયું કે બહેન! ખાતરી શી કે આ તારા પતિનાં હાડકાં છે? હાડકાં તો સરખાં છે. એમણે કહ્યું કે બારીકાઈથી જુઓ, મારા પતિનાં હાડકાંમાં આરપાર છિદ્રો થઈ ગયાં છે. તમારા પતિનાં હાડકાંમાં એ છિદ્રો નથી. વક્તા વૈષ્ણવનાં પત્નીએ પૂછયું કે બેન, આનું કારણ શું? તેઓ કહે કે મારા પતિ શ્રોતા હતા. કર્ણ દ્વારા ભગવદ્‌વાર્તાનો રસ તેમણે હૃદયમાં ઉતાર્યો, એ એમના રોમરોમમાં ફેલાઈ ગયો. હાડકાં પણ કોરાઈને રસ અંદર ઊતરી ગયો. માટે એમાં છિદ્રો પડયાં. તમારા પતિ વક્તા હતા. ભગવદ્‌વાર્તા કરી ખરી, પણ એનો રસાનુભવ એમને ન થયો. ભગવદ્‌વાર્તા સાંભળવી સહેલી છે, ભગવદ્‌વાર્તા કરવી એનાથીયે સહેલી છે, પણ ભગવદ્‌વાર્તાના રસનો અનુભવ કરવો દોહ્યલો છે. એ અનુભવ આવા કોઈ ભગવદીય વૈષ્ણવ મળી જાય તો જ થાય. અન્યથા ન થાય. આજે પણ આવો અનુભવ થાય, જે ૮૪-૨૫૨ ભગવદીયોને થયો છે. કલાકોના કલાકો વીતી જાય તો પણ ખબર ન પડે. શરીરના ધર્મો બાધા ન કરે. પણ એ કયારે બને? જયારે સમાન ભાવવાળા ભગવદીયો ભેગા થાય ત્યારે. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે અહીં પરદેશમાં મને ભારે વિપત્તિ છે. ઘેર હોઉં ત્યારે તો સેવામાં વિશેષ સમય જાય, અને પરદેશમાં સત્સંગમાં સમય જાય, પણ અહીં મને સત્સંગ દુર્લભ થયો છે.

શ્રીહરિરાયચરણને એક બીજું દુ:ખ છે. સત્સંગ મળતો નથી અને સાથે દુ:સંગ મળે છે. વિજાતીયોનો સંગ છે. શ્રીહરિરાયચરણને એવો વિચાર આવ્યો કે કદાચ મને નાનાભાઈ એમ કહેશે કો જો પરદેશમાં આવું દુ:ખ છે તો શું કરવા જેસલમેરમાં બિરાજયા છો? અહીં પધારો ને! તો આપ આજ્ઞા કરે છે કે ભગવદ્‌સેવાર્થે પરદેશ કરવો આવશ્યક છે. વ્યાવૃત્તિ કરવા માટે પરદેશ જવું જરૂરી છે. પરદેશમાં દૈવી જીવો છે, એમનો ઉદ્ધાર કરવો જરૂરી છે. આ તો કૃપાનો માર્ગ છે. જીવ ભગવાન પાસે આવે એમાં પ્રભુની કૃપા ખરી, પણ પ્રભુ જીવ પાસે પહોંચે ત્યારે પ્રભુની પરમ કૃપા છે. માણસ પર્વત સુધી જાય, એમાં નવાઈ નથી, પણ પર્વતને પાંખો ફૂટે અને પર્વત માણસ પાસે આવે તો એ પર્વતની કૃપા કહેવાય. આપણે ગિરિરાજજી જઈએ એ સારું છે, પણ શ્રીગિરિરાજબાવા સ્વયં પધારે તો એ એમની કૃપા છે.

આપ આજ્ઞા કરે છે કે પરદેશમાં સાથે રહેનારા યોગ્ય વૈષ્ણવો મળતા નથી. બીજું, પરદેશમાં અનેક લોકો મળવા માટે આવે છે. અમારું નામ સાંભળીને આવનારાઓમાંના કેટલાક વૈષ્ણવ પણ નથી. તેમને વૈષ્ણવ થવાની રુચિ પણ નથી. કેવળ વાદવિવાદ કરવા આવે છે, પણ અમારી પાસે જે આવે તેમના મનનું સમાધાન કરવું એ અમારી ફરજ છે. આવા લોકો સાથે ભગવદ્વાર્તા કરવાને બદલે વાદવિવાદ કરવાથી એમનો દુઃસંગ મને લાગે છે. શ્રીહરિરાયચરણ કહે છે કે આ દુઃસંગનું મને ઘણું દુઃખ છે.

પોતાનું દુઃખ વ્યકત કરીને શ્રીહરિરાયચરણ અંતે તો આપણને શિક્ષા આપે છે કે વૈષ્ણવોએ આવા દુઃસંગને દુઃખ ગણી, એનાથી બચવાનો પ્રયત્ન કરવો અને સત્સંગ શોધવો.

શ્રીહરિરાયજીએ તો ત્યાં સુધી આજ્ઞા કરી કે સત્સંગ ન મળે તો એ સંજોગોમાં મૌન ધારણ કરવું, પરંતુ કોઇ પણ સંજોગોમાં આ જીભનો ઉપયોગ લૌકિક વાતો કરવા માટે, લૌકિક વિચારો કરવા માટે ન કરવો. પહેલા જ શિક્ષાપત્રમાં આજ્ઞા કરી કે વાણી ઉપર સંયમ રાખવો. બોલવાનું ઓછું કરી દો. 'વાકયં આવશ્યકં ઉદાહરન્'- બહુ જરૂરી હોય એટલું જ બોલો. બોલતાં પહેલાં નક્કી કરી લો કે આ બોલ્યા વિના ચાલશે જ નહિ, તો બોલો. પણ આપણને તો એમ જ લાગે છે કે આ બધું જ જરૂરી છે. સાંભળેલી વાત કયારે કોઇને કહી આવીએ? છાતીનો ડૂમો હેઠો બેસાડી આવીએ? વાતોનો વિસામો કયાં? દૂર દૂર રહેતા હોઇએ, એટલે વાતોનો વિસામો આપણાં મંદિરો. દર્શન કરતા આવીશું, શાક લેતા આવીશું અને વાતો કરતા આવીશું, સાંભળતા આવીશું!

હું તો હમેશાં હસતાં હસતાં કહું છુ કે જેને મંદિરે જવાનો સમય મળતો હોય, એણે ઘેર છાપું ખરીદવું નહીં. દુનિયાભરના સમાચાર ત્યાં એને મળી રહે. પ્રભુના ધામમાં જઇને પણ કયારેય મનમાં પ્રભુનાં દર્શન કયારે થશે એનો તાપકલેશ થાય છે? ભગવન્નામ લેવાય છે? બાજુમાં કોઇ વાત કરવા આવીને બેસે, એને ઇશારો કરીને ન બોલવા કહેવાય છે? અરે, સેવામાં હાથ પવિત્ર કરતા હોઇએ ત્યારેય લૌકિક વાતો ચાલે છે. દર્શન કરતાં પ્રભુની સામેય લૌકિક વાતો ચાલે છે. માટે શ્રીહરિરાયજી સમજાવે છે કે સત્સંગ તો હમેશાં મળવાનો જ નથી. એ સંજોગોમાં દુઃસંગથી બચવાનો સૌથી પહેલો ઉપાય એક જ કે મૌન ધારણ કરતાં શીખો. ઓછામાં ઓછું બોલતાં શીખો. એકાદશી થાય તો ઉત્તમ, ન થાય તો કમસેકમ એકાદશીના દિવસે મૌન રાખતાં શીખો, પણ મૌન રાખીએ ત્યારે શું થાય છે?

ઈશારાથી વાતો થાય છે. ક્યાંક કાગળમાં લખીને વાતો કરીએ છીએ. કયાંક વાતો ન કરીએ તો મનમાં તો વિચારો ચાલતા જ રહે. આ બધામાંથી બચવાનો રસ્તો બતાવ્યો-મનથી પ્રભુની સર્વ લીલાઓનું મનન-ચિંતન કરતા રહો. આનંદ આવશે. મન પ્રભુમાં લાગેલું રહેશે, લૌકિક વિચારો આવશે નહીં અને દુ:સંગ થશે નહીં, અત્યારે અહીં બેઠાં છીએ પણ મનથી ચંપારણ્ય ધામમાં પહોંચી જઈએ. ચંપારણ્યમાં બિરાજમાન શ્રીમહાપ્રભુજીનું ધ્યાન ધરીએ, તો આપણું મન ચંપારણ્યમાં દોડવા લાગશે. પણ અહીં બેસીને પડોશી સાથે લૌકિકની વાતો કે ગડમથલ શરૂ કરીશું તો મન લૌકિકમાં જશે.

એક બહુ જાણીતો પ્રસંગ છે. બે મિત્રો સાથે કાશી જવા નીકળ્યા. રસ્તામાં એક શહેરમાંથી પસાર થતાં ગણિકાઓનો મહોલ્લો જોયો. નૃત્યગાન ચાલે. ગામડેથી આવેલા. ત્યાં પહોંચી ગયા. એકને એ બધું બહુ પસંદ આવ્યું. રોકાઇ ગયો. બીજો મિત્ર કાશી ગયો. ત્યાં સૌનો સત્સંગ કરે. ગણિકાનું ગાન સાંભળનારના મનમાં કાશીનું ધ્યાન અને કાશીમાં સત્સંગ કરનારના મનમાં ગણિકાનું ધ્યાન. બંનેનું આકસ્મિક એક સમયે મૃત્યુ થયું. કાશીમાં મર્યો એને યમદૂતો લેવા આવ્યા. ગણિકાના ગૃહે મર્યો એને લેવા વિષ્ણુદૂતો આવ્યા. કેમ? દૂતોએ કહ્યું અંતિમ સમયે તમારું ધ્યાન કયાં હતું? માટે શ્રીહરિરાયચરણ દુ:સંગથી બચવાનો ઉપાય બતાવે છે કે તમે સત્સંગ ન મળે ત્યારે મૌન ધારણ કરી, મનમાં અષ્ટાક્ષરનો જપ કરો અથવા તો પ્રભુની લીલાનું ચિંતન કરો. અતિ આવશ્યક હોય એટલા જ શબ્દો બોલો. એક શબ્દથી ચાલતું હોય તો બે શબ્દ ઉચ્ચારશો નહિ.

શ્રીહરિરાયચરણ આ શિક્ષાપત્રમાં દુષ્ટ જીવનું સ્વરૂપ સમજાવે છે. જેના સંગથી આપણું ચિત્ત પ્રભુમાંથી નીકળી જાય અને લૌકિકમાં લાગી જાય એ દુષ્ટ. શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી, આવા દુષ્ટ જીવો બે પ્રકારના છે. પ્રથમ પ્રકારના જીવ એવા છે કે જે ભગવાનનો દ્વેષ કરનારા છે. ભગવાનનો દ્વેષ એટલે શું? એવું બોલતા હોય કે આ બધું કરવાથી શું? મન શુદ્ધ રાખો. મન શુદ્ધ હોય એટલે બધું આવી ગયું. ભગવાન ભગવાન શું કરો છો? આપણે જ આપણા ભગવાન છીએ. ભગવાન શું કરવાના છે? આપણે જાતે મહેનત કરીશું તો કમાઇશું. આમ, પ્રભુનો વિરોધ કરનાર, પ્રભુની શક્તિઓને નહીં સમજનારા, પ્રભુના સ્વરૂપથી વિમુખ બનેલા, જેમને બહિર્મુખ કહેવાય એવા સૌ શ્રીહરિરાયજીના મતે દુષ્ટ જીવ છે. બીજા પ્રકારના દુષ્ટ એટલે દોષવાળા. દુષ્ટ માણસ હમેશાં બીજાનું કંઇક બગાડે. આપણું જે બગાડે એ દુષ્ટ. પ્રભુમાંથી આપણા ચિત્તને જે દુષિત કરે એ દુષ્ટ. વળી, એવા પણ

દુષ્ટ જીવો છે કે જે ભકતોનો દ્વેષ કરનારા છે. ભક્તોની નિંદા કરનારા છે. ભક્તોનું અહિત કરનારા છે. જેમ કે ૨૫૨ વૈષ્ણવોમાં પેલા ખંડન ભટ્ટની વાત છે કે જે હંમેશા વૈષ્ણવોના દ્વેષી હતા. વૈષ્ણવોને દુઃખ આપનારા હતા. આપણને સેવામાં અટકાવ કરે. સત્સંગમાં આપણને રોકે એ સૌ ભક્તના દ્વેષી જાણવા. જે પ્રભુની સેવામાં આપણું ચિત્ત ન લાગવા દે, જે આપણા મનને સત્સંગમાંથી દુ:સંગ તરફ લઇ જાય એ બધાને ભકતના દ્વેષી જાણવા.

શ્રી હરિરાયચરણે સમજાવ્યું કે આપણા મનને ભગવાનમાંથી અને ભકતમાંથી દૂર રાખનારા એ દુષ્ટ જીવો છે. શ્રીહરિરાયચરણે એમનું સ્વરૂપ સમજાવતાં એમ પણ કહ્યું કે આ દુષ્ટ જીવો તક્ષક નાગ જેવા છે. નાગ ડંખ મારે એટલે જીવન પૂરું. ભયંકર ઝેરી નાગનો એક ડંખ આપણા છ ફૂટના આ શરીરને નિર્જીવ બનાવી દે. એમાંય તક્ષક નાગે પરમ ભગવદ્ભક્ત, મહાભાગવત એવા પરીક્ષિતને પણ ડંખ માર્યો. આ તક્ષક નાગના જેટલું ઝેર પ્રાણ હરી લેવા માટે બીજા કોઈની પાસે નથી. જેમ તક્ષક નાગ ડંખ મારીને આપણા પ્રાણ હરી લે છે, એમ આ દુષ્ટ જીવો લૌકિક વિચારોયુકત એમની વાણીના ડંખ મારી મારીને આપણા હૃદયને દુષિત કરે છે, હૃદયને અને મનને મારી નાખે છે. પ્રભુથી આપણને બહિર્મુખ બનાવે છે. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે તમારી આજુબાજુ જે કોઇ વ્યક્તિઓ છે એમનો આવો દુષ્ટ સ્વભાવ નથી, એની ખાત્રી કરજો.

આવા દુષ્ટ સ્વભાવવાળી વ્યક્તિઓના ત્રણ પ્રકાર શ્રીહરિરાયજી બતાવે છે: આધિભૌતિક દુષ્ટ, આધ્યાત્મિક દુષ્ટ અને આધિદૈવિક દુષ્ટ. આધિભૌતિક દુષ્ટ કોણ? તો કહે છે કે જે દુષ્કર્મો-દુનિયામાં ખરાબ કામ કરનારો છે, દુષ્ટ કામ કરનારો છે, જેવાં કે ચોરી કરે, અસત્ય બોલે, નિંદા કરે, કોઈની હિંસા કરે, ધર્મશાસ્ત્રોએ જેને પાપ કહ્યાં છે, એવાં પાપ કરનારો, જે જીવ, એ આધિભૌતિક રીતે દુષ્ટ છે.

શ્રીહરિરાયજી એમ સમજાવે છે કે આવા માણસો મૂળભૂત રીતે ખરાબ નથી હોતા, પણ સંગથી ખરાબ બન્યા હોય છે. જેના સંગમાં આવ્યા એની અસર એમના વર્તનમાં થાય અને એને એવી ટેવ પડી જાય. આવો પાપી માણસ સુધરી શકે. એને જો સારો સંગ મળે, સત્પુરુષનો સંગ મળે તો એ પાપીમાંથી પુણ્યશાળી બને. દુષ્ટમાંથી ભક્ત બને. એવા અનેક દાખલા છે, જેમાં બહુ જાણીતો દાખલો મહર્ષિ વાલ્મિકીનો છે. નારદજીના સંગથી વાલિયામાંથી વાલ્મિકી બન્યા.

આપણા ૨૫૨ વૈષ્ણવોમાં તો આવા અનેક વૈષ્ણવો છે, જે પૂર્વ જીવનમાં શિકારી હતા, પારધિ હતા, માછીમાર હતા, ચોર હતા, લૂંટારા હતા, ગણિકાઓ

હતાં. એ સૌ ભગવદીયના સંગથી અને શ્રીગુસાંઇજીની અને શ્રીમહાપ્રભુજીની કૃપાથી ઉત્તમમાં ઉત્તમ વૈષ્ણવો બન્યાં, અને ૮૪-૨૫૨ ભગવદીયોમાં સ્થાન પામ્યા છે. માટે જ શ્રીહરિરાયજી આપણને સમજાવે છે કે આપણે આવા હોઇએ તો એની ચિંતા કરવાનું કારણ નથી. આપણને સુધરવાનો અવકાશ છે. આવી વ્યક્તિઓને જો સાચો સત્સંગ મળે તો એમનું જીવન બદલાઈ જાય.

યાદ કરો વાસુદેવ છકડાને. સરસ્વતીજીમાં સ્નાન કરવા આવ્યા હતા. બળમાં એમને કોઇ પહોંચે નહીં. ભક્તોને રંજાડવાનો એમનો સ્વભાવ. દુષ્ટકર્મા હતા. સ્નાન કરતાં શ્રીકૃષ્ણદાસ મેઘને એમનો હાથ પકડી લીધો. ભૌતિક રીતે કૃષ્ણદાસ મેઘન તો બહુ જ મુઠ્ઠી હાડકાંના અને વાસુદેવદાસ છકડા તો બહુ મોટા શક્તિશાળી, પણ ભગવદીયની અલૌકિક શક્તિ હતી કૃષ્ણદાસમાં. વાસુદેવદાસ એમનો હાથ ન છોડાવી શક્યા. પરિણામ શું આવ્યું? વાસુદેવદાસ શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર થયા. દેહાભિમાન ચાલ્યું ગયું. દીનતા આવી ગઇ. માટે આપણામાં કહેવાયું કે ભગવદીય જેનો હાથ પકડે એનો બેડો પાર. દુષ્ટકર્મા જીવ પણ જો ભગવદીયનો સંગ કરે, તો ભગવદીયના સંગથી એ પણ ઉત્તમ ભગવદીય બને. માટે દયારામભાઇએ કહ્યું 'તુજ સંગે કોઇ વૈષ્ણવ થાયે, તો તું વૈષ્ણવ સાચો, વૈષ્ણવ નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે!' ભગવદીય એનું નામ કે જેના સંગથી બીજા પણ ભગવદ્માર્ગે ચાલતા થાય. માટે જ શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે આપણી આજુબાજુ આવું પાપાચરણ કરનાર કોઇ વ્યક્તિઓ છે, એમનો સંગ છે, તો એમની આગળ ભગવદ્વાર્તા કરી કરીને એમને એમના સ્વભાવમાંથી છોડાવવાનો પ્રયત્ન કરવો. એમને સત્સંગ આપવો. સત્સંગના બળથી એ દુષ્ટ પણ ભગવદ્-અનુરાગી બનશે.

માટે આપણા ઘરમાં ૫૦૦ વર્ષોની પરંપરા રહી છે કે રોજ રાત્રે ભગવદ્વાર્તા કરવી. સૌ સાંભળવા બેસે, કારણ કે સત્સંગથી મનમાં જે કંઇ પાપ હોય એ બધું નાશ પામે. દયારામભાઇએ ભક્તિપોષણમાં બહુ સુંદર વાત કહી કે ચંદ્ર ગરમીને હણે. ગંગાજી પાપને હણે, ચંદન તાપને હણે, પણ ભગવદ્ભકત આ સર્વને હણે. માટે દયારામભાઇએ કહ્યું કે 'સત્સંગનું સુખ કહ્યું નવ જાય.'

આવો સત્સંગ જયાં સુધી આપણા ઘરમાં સૌ સાથે બેસીને કરતાં રહ્યાં, ત્યાં સુધી આપણા ઘરમાં પુષ્ટિમાર્ગ રહ્યો. ઘરમાં સૌ સેવામાં સામેલ થતાં રહ્યાં. ઘરમાં સૌ પ્રભુનું નામ લેતાં રહ્યાં. ઘરમાં પ્રભુનું સ્મરણ થતું રહ્યું, પણ જયારથી આપણા ઘરમાંથી સત્સંગ ગયો ત્યારથી સેવા ગઇ, પ્રભુનું નામ લેવાતું ઓછું થઇ ગયું અને લૌકિક વધી ગયું.

આજે આપણે કહીએ છીએ કે સત્સંગ કરવો જોઇએ. એને માટે સત્સંગ મંડળ બનાવીએ છીએ. એકાદશી કે રવિવારના સત્સંગનાં આયોજન કરીએ છીએ અથવા વર્ષમાં અનુકૂળતા પ્રમાણે સામૂહિક સત્સંગનાં આયોજન કરીએ છીએ. પણ શ્રીહરિરાયજી તો કહે છે કે સત્સંગ એ મનનો મહાપ્રસાદ છે. પ્રભુનું પ્રસાદી ભોજન એ તનનો મહાપ્રસાદ છે. મહાપ્રસાદ તનને પોષણ આપે છે. સત્સંગ મનને પોષણ આપે છે. મહાપ્રસાદ વધુમાં વધુ કેટલો સમય પેટમાં રહે? બે ટંક કે ત્રણ ટંક. પણ પછી તો ખાવું પડે ને? એવું બની શકે કે મહિનાનું સામટું ખાઇ લઇએ તો ચાલે? ભૂખ તો દિવસમાં બે વખત લાગે છે, તો મનને પણ સત્સંગની ભૂખ છે, અને એ ભૂખનું પોષણ દરરોજ થવું જોઇએ. મનને જો રોજ સત્સંગ આપીએ, તો મન પ્રભુના ભાવમાં બંધાયેલું રહે છે.

આજે આપણા ઘરમાંથી સત્સંગ સમૂળગો જવા બેઠો છે. તેમાંય ટી.વી. આવતાં તો વાત વણસી ગઇ, જે જોઇને, જે સાંભળીને સૂઇ જઇએ તેના જ રાતમાં વિચાર અને સ્વપ્ન આવે. દિવસે પણ મન એમાં જ રચ્યુંપચ્યું રહે. માટે આપણા પૂર્વજોએ રાત્રે સત્સંગ કરવાનો કાર્યક્રમ આપેલો કે સત્સંગ કર્યા પછી જે સાંભળ્યું છે એનું ચિંતન કરતાં કરતાં સૂઇ જાઓ, મન પ્રભુમાં લગાડી સૂઇ જાઓ. ભલે રવિવારનો સત્સંગ કરીએ, એકાદશીનો સત્સંગ કરીએ, સત્સંગના કાર્યક્રમો યોજીએ, પણ સાથે સાથે નિયમપૂર્વક ઘરમાં રોજ સત્સંગ કરવા જેવો છે. ઘરનાં સૌને સાથે બેસાડીને, પ્રેમથી બેસાડીને, અડધો કલાક સત્સંગ કરવા જેવો છે. સૌને પ્રેમથી કહો, નાનાં બાળકોને પણ, કે તમારા જીવનનો અડધો કલાક અમને આપો. બાળકોને સમજાય એવી ભાષામાં એમની સાથે વાત કરો. વાંધો ત્યાં જ આવે છે કે આપણને જ કશી ખબર નથી. પરિણામે, બાળકો પ્રશ્ન પૂછે ત્યારે અકળાઇએ છીએ અને એના કારણે આપણે ઇચ્છીએ કે આ બાળકો આપણી સામે પ્રશ્નો લઇને ન આવે તો સારું. બાળકો આપણને પૂછે છે કે તમે શું કરો છો? કયારેક તો બાળકો એમ પણ પૂછે છે કે તમે સેવા કરો છો અને પછી બહાર જઇને તો ખોટું બોલો છો! તમે સેવા કરો છો અને પછી બીજાની તો નિંદા કરો છો! આવું આપણાં બાળકો આપણને કહે છે, કારણ કે આપણામાં એ દોષ છે, માટે આપણે ડરીએ છીએ કે બાળકો સાથે લમણાકૂટ કરવાનું રહેવા દો. આપણું માન નથી સચવાતું. તેથી સત્સંગ માટે અહીં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે સર્વની સાથે બેસીને સત્સંગ થવો જોઇએ. એનું જીવનમાં પાલન કરીશું, તો આપણાં બાળકો પણ જરૂર સત્સંગમાં સામેલ થશે.

મને મારું જ બાળપણનું જીવન યાદ આવે છે. સત્સંગમાં મારી રુચિ કરી મારાં

દાદીમાએ. જન્મથી એક ટેવ પાડી હતી. રાત્રે ભગવદ્વાર્તા સાંભળીને તેઓ આવે એટલે મને સુવાડવા માટે હીંચકામાં બેસે. માથે હાથ ફેરવતાં જાય અને જેટલું સાંભળીને આવ્યાં હોય એટલું બધું એ બોલતાં જાય. મને સમજણ પડે કે ન પડે, પણ જન્મથી દસ-બાર વર્ષનો થયો ત્યાં સુધી આ ક્રમ ચાલ્યો.

શ્રીગુસાંઇજીનો પ્રસંગ છે. પંચમકુમાર શ્રીરઘુનાથજીના સૌથી મોટા પુત્ર શ્રીદેવકીનંદનજીનું પ્રાકટ્ય થયું ત્યારે એમને ગોદમાં લઇને ખેલાવે. એમના મસ્તકે હાથ ફેરવતાં પોતે અષ્ટાક્ષરનો જપ કર્યા કરે. એના પરિણામે શ્રીદેવકીનંદનજીને પણ અષ્ટાક્ષરરટણની ટેવ પડી.

કિશોરીબાઇની વાર્તા જુઓ. એમના પિતાએ કિશોરીબાઇને જન્મથી ગોદમાં લઇને રમાડતાં રમાડતાં યમુનાષ્ટકના પાઠ કર્યા. ફળસ્વરૂપે કિશોરીબાઇને યમુનાષ્ટકની ટેવ પડી. આમ, આપણાં બાળકોને સત્સંગની ટેવ પાડવી પડશે. નાની નાની વાર્તાઓ, પ્રસંગો કહી કહીને બાળકોની પ્રભુ પ્રત્યે રુચિ જાગૃત કરવી પડશે. એ અશક્ય નથી. માટે અહીં શ્રીહરિરાયચરણે આજ્ઞા કરીઃ આ દુષ્ટકર્મા જીવને સુધારવાનું સહેલું છે, મુશ્કેલ નથી. શાનાથી સુધારી શકાય? તો સારી ક્રિયા અને સારાં વચનથી. આપણું આચરણ જોઇને એ શીખશે. આપણાં વચનો સાંભળીને એ શીખશે. ઘરમાં માતાપિતાનું આચરણ જો સેવામય હશે, અસમર્પિત છોડનારું હશે અને અન્યાશ્રય નહીં કરનારું હશે, તો બાળકોમાં એ સંસ્કાર આવશે જ આવશે. માતાપિતા જો સત્સંગ કરશે તો બાળકોમાં પણ સત્સંગની રુચિ જાગશે.

શ્રીહરિરાયચરણ બીજા પ્રકારના દુષ્ટ જીવનું હવે નિરૂપણ કરે છે. બીજો દુષ્ટ જીવ એ આધ્યાત્મિક દુષ્ટ છે. આધ્યાત્મિક દુષ્ટ એટલે જ્ઞાનદુષ્ટ. જ્ઞાનદુષ્ટ જીવનાં લક્ષણ બતાવતાં કહ્યું કે જે અજ્ઞાની છે, એ જ્ઞાનદુષ્ટ કહેવાય, અથવા તો જે અન્યથા જ્ઞાની છે, એ પણ જ્ઞાનદુષ્ટ કહેવાય. અજ્ઞાની એ જ્ઞાનદુષ્ટ છે, કારણ કે એને સદ્ધર્મોનું-સદ્સિદ્ધાંતોનું જ્ઞાન નથી. જ્ઞાન નહીં હોવાથી એ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથી વિપરીત જીવન જીવે છે. જેમ કે કોઇ જીવને અનન્ય આશ્રય એટલે શું, એનું જ્ઞાન નથી. માટે અન્યાશ્રય કરે, કોઇ જીવને સેવાના સાચા સ્વરૂપનું જ્ઞાન નથી, માટે ઘરમાં ગૃહસેવા કરતો નથી. કોઇને સેવા કરતાં ભાવભાવના આદિનું જ્ઞાન નથી, માટે એની સેવા ક્રિયાવત થાય છે. આવો અજ્ઞાની જે જીવ છે એને જ્ઞાનદુષ્ટ જીવ કહ્યો છે. જગતનો એક નિયમ છે કે કયાંય શૂન્યાવકાશ તો થતો નથી. અજ્ઞાન છે એનો અર્થ એટલો કે સાચું જ્ઞાન નથી. પણ કંઇક ખોટું જ્ઞાન તો છે. સાચું જ્ઞાન ન હોવાથી ખોટું કરી રહ્યો છે. માણસનો એક સ્વભાવ છે કે એને પોતાના અજ્ઞાનનો

પત્તો લાગતો જ નથી. જો માણસને પોતાનું અજ્ઞાન સમજાય તો તો એનો બેડો પાર થાય. આપણને તો એમ લાગે છે કે આપણે મહાજ્ઞાની છીએ. પુષ્ટિમાર્ગની બધી સમજ આપણી પાસે છે, એના કારણે શું કરીએ છીએ? આપણે જે માનીએ છીએ એ સાચું છે એમ સમજીને ક્રિયા કરીએ છીએ. એની પકડ પછી એવી મજબૂત થાય છે કે એ છૂટતી જ નથી.

કેળવણીશાસ્ત્રમાં એમ કહ્યું કે જેને કંઇ નથી આવડતું એને શીખવવું સહેલું. પણ જે ખોટું શીખીને બેઠો છે એને સુધારવો એટલે માથાનો દુઃખાવો. તમને અંગ્રેજી ન આવડતું હોય તો છ મહિનામાં શુદ્ધ અંગ્રેજી બોલતાં અને લખતાં આવડી જાય, પણ તમે ખોટું અંગ્રેજી શીખીને બેઠા છો, તો છ વર્ષેય સાચું નહીં આવડે. આવું આપણા જીવનમાં બને છે. આપણા અજ્ઞાનને સાચું જ્ઞાન માનીને ચાલવાથી આપણે સાચી વાત સાંભળવા તૈયાર નથી. કેટલીયવાર આપણે સાંભળ્યું હશે કે આપણે સૌએ તનુવિત્તજા સેવા કરવી જોઇએ, પણ આચરણ કરવાનું આવે ત્યારે? આપણે કહીએ છીએ કે શ્રીમહાપ્રભુજી તો કહે, આપણે જે કરીએ છીએ તે બરોબર! અમારા બાપદાદા મૂર્ખા હતા? એ જે કરતા હતા તે અમે પણ ચાલુ રાખ્યું છે. સેવામાં અમે કોઇ ફેરફાર કર્યો નથી. આવું કહેનારને પ્રેમથી કયારેક હું પૂછું કે બાપદાદા કરતા હતા એ બધું તમે ચાલુ નથી રાખ્યું, ભાઇસાબ. બાપદાદા રહેતા હતા તે ઘર તમે પાડી નાખ્યું છે અને સોસાયટીમાં બંગલો બનાવ્યો. બાપદાદા પહેરતા હતા તે કપડાં પહેરવાનાં છોડી દીધાં. બાપદાદા જમીન પર બેસીને જમતા હતા, હવે તો તમે ડાઇનિંગ ટેબલ પર બેસીને જમો છો! ત્યારે બાપદાદાનું શું ચાલુ રાખ્યું છે? એકલી ઠાકોરજીની સેવા કરવાની રીત! જો બીજા બધામાં બાપદાદાએ પાળેલું જીવન સમજણ પડતાં બદલી શકાય, તો સેવાની સાચી સમજણ આવે ત્યારે એમાં સુધારો ન કરવો જોઇએ? પણ નથી થતો, કારણ? જીવ જ્ઞાનદુષ્ટ છે. આપણને શું જોઇએ છે, ખબર છે? અમે જે કરીએ છીએ તે સાચું છે, એવી કાઉન્ટર સિગ્નેચર કરી આપો. જો તમે આવું કરી આપો, તો અમે તમારી ભરપૂર પ્રશંસા કરીએ, તમે કહો તેટલું માન આપીએ. તમારે જોઇએ તો રૂપિયા પણ આપીએ. તમારી કથાને સફળ બનાવીએ. પણ અમે કરીએ છીએ એ ખોટું છે એમ તમારે કહેવાનું હોય તો પછી અમે તે સમજવા તૈયાર નથી!

એક ગામમાં એક ધર્મના બહુ મોટા પ્રચારક ગયા. એમને રૂપિયા જોઇતા હતા. એમના ધર્મનું મંદિર બનાવવા. ઘેર ઘેર ફરવા લાગ્યા. દરેક ઘેર જાય ત્યાં પેલા લોકો કહે કે કંઇક ઉપદેશ આપો. એટલે એક જ વાત કહે કે તમો જે કરો છો તે બરોબર!

પેલા કહે, અમે કંઇ કરતા નથી! તો કહે તે બરાબર છે, આ જમાનામાં તો કંઇ થાય એવું છે જ નહિ. વાંધો નહિ. ચિંતા ના કરશો. પેલા કહે અમે તો આ તમારો ધર્મ જ નથી પાળતા, બદલી નાખ્યો! તો કહે બરાબર છે, બદલી નાખવા જેવો જ છે! હવે આ ધર્મમાં કંઇ રહ્યું નથી. કેમ આવું કહેતા? કારણ કે એમને ખબર હતી કે સામા માણસને રાજી કરીશું તો પૈસા મળશે. ધર્મનું મંદિર બનાવવા માટે ધર્મનો આવો દુરુપયોગ કરનાર પણ જ્ઞાનદુષ્ટ છે. એણે એમ કહેવું જોઇએ કે ભાઇ, સિદ્ધાંત આ છે. હું તમને સિદ્ધાંત કહું. પાળવો, ન પાળવો, કેટલો પાળવો એ તમારી મરજીની વાત. પૈસા આપો કે ન આપો, પૈસા ખાતર સિદ્ધાંત બગાડાય નહિ.

માટે જ શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે ભગવદ્વાર્તા, સત્સંગ કેવળ ભગવદ્વાર્તા માટે જ કરવો, સેવાની જેમ કોઇપણ ફળ મેળવવા, કોઇપણ લાભ કે દ્રવ્ય મેળવવા, પ્રતિષ્ઠા મેળવવા ભગવદ્વાર્તા ન કરવી. જેને કંઇ લેવાનો લોભ નથી એ સાચું કહેશે. માટે ભગવદ્શાસ્ત્રમાં રસ લેનારા ભગવદીયો એમ પૂછે કે તમારે સારું લાગે એવું સાંભળવું છે કે સાચું છે એ સાંભળવું છે? સારું લાગે એવું સાંભળવાનો આગ્રહ ન રાખશો. સાચું હોય એ સાંભળવાનો આગ્રહ રાખો.

જ્ઞાનદુષ્ટનો એક બીજો પ્રકાર કહ્યો. જે અન્યથા જ્ઞાની છે તે. અન્યથા જ્ઞાની એટલે શું? ઊલટું જ્ઞાન ધરાવનાર. સંપ્રદાયના સિદ્ધાંતને જાણવા છતાં એનાથી ઊલટું જ્ઞાન જે પોતાને માટે પણ ઉપયોગમાં લે છે ને બીજાને બતાવે છે તે. અન્યથા જ્ઞાની ગૃહસેવા કરવી જોઇએ એવું જાણવા છતાં ગૃહસેવા ન કરે અને ગૃહસેવાથી વિરુદ્ધ વાત કરે.

એક ગામમાં એક વૈષ્ણવ આવ્યા. મારા જેવા કોઇકે પૂછ્યું કે આપ કેમ પધાર્યા? એટલે કહે કે હું સત્સંગ કરાવવા આવ્યો છું. બહુ સારું. આજે સત્સંગ દુર્લભ છે, આપના જેવા વૈષ્ણવનો અમને સત્સંગ મળશે. પેલા વૈષ્ણવે પૂછ્યું કે આપની સાથે આપના ઠાકોરજી બિરાજે છે? એટલે કહે કે ના, હું સખડીભોગ ધરતો હતો, પણ હવે સેવા છોડી દીધી. કેમ? સત્સંગ કરાવવા ગામેગામ ફરવામાં ઠાકોરજીનું સચવાતું નથી! આ અન્યથા જ્ઞાન. બીજાને સત્સંગ કરાવવા જે જાતે સેવા છોડી દે એ બીજાને શો બોધ આપશે? માટે આવા અન્યથા જ્ઞાની પણ જ્ઞાન દુષ્ટ છે.

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે આવા જ્ઞાનદુષ્ટ જીવોને સુધારવા કષ્ટસાધ્ય, એમને સુધારવાનું બહુ અઘરું. સંગથી પાપી બનેલો સુધરે, પણ જ્ઞાનથી, જાણી સમજીને પાપી બનેલો ન સુધરે. આપણામાં કહેવત છે ઊંઘતો બોલે, પણ જાગતો ન બોલે. કર્મદુષ્ટ જીવ ઊંઘતો જીવ છે. બિચારો સંગદોષથી પાપમાં ફસાઇ ગયો હતો,

એટલે સત્સંગથી સુધરે, પણ જ્ઞાનદુષ્ટ જાગતો દુષ્ટ છે. સમજીને પાપ કરનારો છે, ખોટું કરનારો છે. એ ન સુધરે.

શ્રોતાઓના પ્રકાર બતાવ્યા. ઉત્તમ શ્રોતા કોણ? તો કહે છે જે માખણ જેવો છે તે. માખણને તમે સહેજ ગરમ કરો એટલે ઘી બની જાય. ઘીને આપણા રેફ્રીજરેટરના ડીપ ફ્રીઝમાં મૂકી દઇએ. બહુ ઠંડું કરીએ તો માખણ બને ખરું? ન બને. માખણામાંથી ઘી બન્યું તે બન્યું. પાછું એનું માખણ ન બને. એકવાર સત્સંગથી જેનું જીવન સુધરી ગયું તે સુધરી ગયું. એ ઉત્તમ શ્રોતા ભલે આઠ દિવસ નથી આવ્યો, આઠ મિનિટ કથામાં બેઠો, પણ આઠ મિનિટમાં જે સાંભળ્યું તે જીવનમાં ઉતારી દીધું.

આપ સૌએ તો શ્રીમદ્‌ભાગવતની કથા કેટલી બધી વખત સાંભળી હશે, કદાચ ગણતરી પણ નહીં રહી હોય. પણ એવું સદ્‌ભાગ્ય મને હજી પ્રાપ્ત નથી થયું કે આઠ દિવસ બેસીને આખું ભાગવત સાંભળવા મળે. એક જ વખત સાંભળ્યું છે. આ બાવન વર્ષની ઉંમરમાં અને તે પણ પાંચ મિનિટ અને એ પણ બહુ અક્કલ નહોતી એવી ઉંમરે પૂ. નરહરિ શાસ્ત્રીજીના મુખારવિંદથી, અમારા પાટણમાં સાંજે નોકરીથી પાછા આવતાં શયનનાં દર્શન કરવા મંદિરે ગયો હતો. ત્યાં એમની કથા ચાલે. કથામાં કોઇ રસ નહીં, બહાર બાંકડે બેઠેલો. હજી એમના શબ્દો કાનમાં ગૂંજે છે કે કલિયુગ મહાદુષ્ટ છે. આપણા શરીરમાં કલિયુગને પ્રવેશવાના પાંચ માર્ગ. જુગાર રમવો, પરસ્ત્રીગમન કરવું, અભક્ષ્ય લેવું અને મદિરાપાન કરવું, પારકાનું દ્રવ્ય લેવું અને સોનું પહેરવું. સોનું એ પણ કલિયુગનું દ્વાર છે. માટે આ પાંચેય દ્વારથી કલિયુગ આપણા શરીરમાં ન પેસે એની સાવધાની રાખવી. બીજાં અપલક્ષણ તો હતાં નહીં, પણ એ ઉંમરે આંગળી ઉપર સોનાની વીંટી પહેરવાનો જબરો શોખ હતો. બે આંગળી પર બે વીંટી પહેરવાની. આટલું સાંભળતાં તો દર્શન ખુલ્યાં અને દર્શન કરી ઘેર ગયો. ઘેર જઇને પહેલું કામ એ કર્યું કે આંગળીઓ પરની વીંટીઓ ઉતારીને બાના હાથમાં મૂકી દીધી. લો, જયાં મૂકવી હોય ત્યાં મૂકજો, આજથી સોનું નહીં પહેરું. મને કહે કેમ? મેં કહ્યું, કથામાં સાંભળી આવ્યો છું. એ વાતને ત્રીસ વર્ષ થયાં. ઠાકોરજીના સુવર્ણના શૃંગાર સિવાયના સોનાને હાથ પણ નથી લગાડ્યો.

અજ્ઞાન હતું તો બાપજી જેવા ભગવદીયની કૃપાથી દૂર થયું. જાણી સમજીને અનેક વાર આ પ્રસંગ આપ સૌ ભાગવતકથામાં સાંભળી ચૂકયા હશો, છતાંય સોનું આપણા શરીરથી અળગું થતું નથી. આ જ્ઞાનદુષ્ટતા. બહુ કષ્ટસાધ્ય. અરે, સાયકોલોજી પણ એમ કહે છે કે માણસનું બ્રેઇન વોશિંગ કરવું એ બહુ અઘરું.

શ્રીહરિરાયજી એ જ વાત બતાવી રહ્યા છે કે જ્ઞાનદુષ્ટને સુધારવો એ બહુ અઘરો. માટે આવા આવા જે જ્ઞાનદુષ્ટ જીવો આપણી આજુબાજુમાં હોય એના સંગથી સદા સાવચેત રહેવું. એ તો નહીં સુધરે. આપણે બગડી જઇશું.

આ જ્ઞાનદુષ્ટોને સુધારવાનો કોઇ ઉપાય નહીં? તો કહે, છે ઉપાય ખરો. પ્રભુની કૃપા થઇ જાય તો એને સાચું જ્ઞાન મળવાથી સુધરે. જેમ ૮૪-૨૫૨ વૈષ્ણવ પૈકીના એવા અનેક વિદ્વાનો હતા, જે મહાદેવજીના ઉપાસક હતા, જે ગણેશજીના ઉપાસક હતા, એ બધાને શ્રીમહાપ્રભુજીના મુખારવિંદથી સાચું જ્ઞાન મળવાથી એમનું જીવન બદલાયું. એટલે આવા જીવોને પણ જો સાચો સત્સંગ મળ્યા કરે અથવા આપ્યા કરીએ, તો પ્રભુકૃપાથી કદાચ એમનામાં પણ સાચું જ્ઞાન આવે.

શ્રીહરિરાયચરણ હવે ત્રીજા પ્રકારના દુષ્ટ જીવને સમજાવે છે. એ આધિદૈવિક દુષ્ટ છે, જેને પ્રેમદુષ્ટ અથવા ભક્તિદુષ્ટ કહેવામાં આવે છે. શ્રીહરિરાયજીએ વ્યાખ્યા આપીઃ જે પ્રેમથી દુષ્ટ છે એ મહાદુષ્ટ છે. એ કદી સુધરતો નથી. એને માટે પ્રયત્ન ન કરવો. પ્રેમદુષ્ટ એટલે શું? પ્રેમદુષ્ટ એટલે પ્રેમશૂન્ય. જેના હૃદયમાં પ્રેમ જેવું કોઇ તત્ત્વ જ નથી. જેને ખરેખર પ્રભુ ઉપર પ્રેમ જ નથી, પ્રભુ માટે કોઇ લાગણી નથી. આવો લાગણીશૂન્ય જે માણસ હોય એ મહાદુષ્ટ જાણવો, કારણ કે પુષ્ટિમાર્ગમાં એ તો ચાલે જ નહીં, જેને પ્રભુ ઉપર પ્રેમ જ ન હોય, એ પ્રભુની શું સેવા કરે? અમારા એક સંબંધી છે. એમનાં બા પહોંચી ગયા એટલે સેવાની જવાબદારી એમના ઉપર આવી. નોકરીની પણ મોટી જવાબદારી. બહારગામ જવું પડે. એમનાં પત્ની એમ કહે કે હું તો સેવા નહીં કરું મને નથી ફાવતું. તમારાં બાનો જીવ નહોતો જતો એટલે તમે વચન આપ્યું છે કે હું ઠાકોરજીની સેવા કરીશ. તમે વચન આપ્યું છે તો તમે સંભાળો, મને ન કહો. પેલા ભાઇ પૂછેઃ મારે શું કરવું? મેં કહ્યું, ભાઇ! એ તમારે જોવાનું છે. જેને પ્રભુ પ્રત્યે લાગણી જ નથી, જે તમારા ઘરમાં તમારાં પત્ની તરીકે રહેવા છતાં ઠાકોરજીનાં દર્શન કરવા પણ તૈયાર નથી, એને સેવાનું કહેવાથી શું વળશે? કલેશ થશે. તમારાથી થાય તો તમે કરો, ન થાય તો પ્રભુની ઇચ્છા. તમારા ગુરુદેવને પૂછો કે શું કરવું?

આપણે આજે હૃદયની લાગણી ગુમાવી દીધી છે. ઠાકોરજી માટે આપણા હૃદયમાં પ્રેમ છે? તપાસ કરજો. જેટલો પ્રેમ આપણને આપણા બાળક માટે છે, જેટલો પ્રેમ આપણને આપણાં કુટુંબીજનો માટે છે, જેટલો પ્રેમ આપણને આપણી સંપત્તિ માટે છે, એના દશમા ભાગનો પણ આપણા ઠાકોરજી માટે પ્રેમ છે? જો ઠાકોરજી માટે પ્રેમ હોય તો શું થાય, ખબર છે? મુંબઇમાં એક વૈષ્ણવને હું જાણું છું.

એમને સેવાની રુચિ જાગી. કુટુંબીજનોએ કહ્યું કે મિસરીભોગ ધરવો હોય તો ધરો, અમને વાંધો નથી. પણ સખડીભોગની સેવા તો આ ઘરમાં નહિ, કારણ કે તમારો આખો દિવસ એમાં જાય તો ઘરનું ધ્યાન કેમ રહે? પેલાં બહેને કહ્યું કે ભલે, તમારી સાથે મારે કલેશ કરવો નથી. દૂધઘર, લીલામેવા આદિની આજ્ઞા લઇને સેવાનો પ્રારંભ કર્યો. ઠાકોરજીને જેટલો ભોગ ધર્યો, એટલું જ લઇને રહેવાનો નિશ્ચય કર્યો. બપોરે પ્રસાદનો સમય થયો, તો કહે હું તો મારા પ્રભુનો પ્રસાદ લઇને રહીશ. પ્રભુ નથી આરોગ્યા એ હું લેવાની નથી. ઘરનાં સૌએ સમજાવ્યાં, ન માન્યાં. બધાંએ એમ વિચાર કર્યો કે થાકીને લેશે, કહેશો જ નહિ. જવા દો. છ મહિના થયા, પણ આ બહેને આગ્રહ સાચવ્યો. ઘરનાં સૌ થાકી ગયાં અને હાથ જોડીને કહ્યું: તમે જરૂર સખડીભોગ ધરો. અમે વાંધો નહિ લઇએ.

હૃદયમાં પ્રેમ હતો કે મારા પ્રભુનું સુખ એ મારું સુખ, મારા પ્રભુને જે પરિશ્રમ એ મારું દુ:ખ. આ પ્રીતિ, આ લાગણી આપણા માથે બિરાજતા આપણા પ્રભુમાં હોવી જોઇએ, તે આપણામાં કયાં છે?

એક વૈષ્ણવને જાણું છું. ઘેર આવેલા. મહાપ્રસાદ લેવાનો હતો. બરોબર ઉનાળો થયેલો નહિ. પણ કયાંકથી પ્રભુને લાયક પાકી કેરી આવેલી. પ્રભુ આરોગેલા. વૈષ્ણવની પાતળમાં એ રસ પીરસાયો. તેમણે હાથ જોડીને દીનતાથી કહ્યું કે આ રસ હું નહીં લઉં, બાકીનું લઇશ. કેમ? તો કહે, હજી મારા ઘેર મારા પ્રભુને આ સીઝનમાં રસ ધરાવ્યો નથી. આ પ્રેમ. મારા પ્રભુ જે આરોગે એ જ હું લઉં. ઘરમાં આવો આગ્રહ રાખે, દીકરાને પહેલાં આપું અને પછી વધે તો હું લઉં, પણ દીકરાને પડતો મૂકીને તો હું નહીં ખાઉં. આવો પ્રેમ જેના હૃદયમાં છે એ વૈષ્ણવને તો સહજ છે કે પોતાના પ્રભુ આરોગે તે જ લેવું. પણ ઘરમાં પ્રભુને ભોગ નથી આવતો એટલે આપણને પ્રોબ્લેમ થાય છે. પ્રસાદ વિષેના પ્રશ્નો જાગે છે, જો ઘરમાં પ્રભુ આરોગતા હોય તો એ સિવાયનો કોઇપણ વિચાર આપણને આવશે જ નહિ.

એકવાર કલ્યાણ ભટ્ટજીએ શ્રીગોકુલેશપ્રભુને પ્રશ્ન કર્યો, કૃપાનાથ! આપ તાદશી ભગવદીયની આટલી સરાહના કરો છો, તો એ તાદશી કેવા હોય? એમનાં દર્શન તો કરાવો. શ્રીગોકુલેશપ્રભુએ કહ્યું કે કયારેક કરાવીશ. માગસર સુદ સાતમનો જન્મદિવસ આવ્યો. આખા ગોકુલ ગામને મહાપ્રસાદનું આમંત્રણ થયું. સૌ વૈષ્ણવો મહાપ્રસાદ લેવા આવ્યા. પોતે વૈષ્ણવોની વચ્ચે ફરી રહ્યા છે. ત્યારે એક વૈષ્ણવે વિનંતી કરી મહારાજ, આ મારી બાજુમાં બેઠેલા વૈષ્ણવ પાતળમાંથી કશું જ લેતા નથી, હાથ જોડીને બેસી રહ્યા છે, રડ્યા કરે છે. આપના જન્મદિવસે આંસુ પાડે છે.

શ્રીગોકુલેશપ્રભુ થોભી ગયા. પૂછયું, કેમ રે વૈષ્ણવ! કેમ રડો છો? વૈષ્ણવ બોલી ન શક્યા. ઊભા થઈને હાથ જોડી રહ્યા. શું દુઃખ છે તમને? મહારાજ, કંઇ દુઃખ નથી. તો કેમ મહાપ્રસાદ નથી લેતા? કૃપાનાથ, ગેરસમજ ન કરશો. મારો અવિવેક થતો હોય તો ક્ષમા કરજો. પણ હું તો વિરક્ત છું. મારા પ્રભુને આજ સવારે જારનો રોટલો અને તાંદળજાની ભાજીનું શાક આરોગાવ્યું છે, આપના ઘેર તો રાજભોગ હોય. એમાં ય જન્મદિવસ! આટલી બધી સામગ્રી આપના પ્રભુ આરોગ્યા, પણ મારા પ્રભુ તો જારનો રોટલો અને ભાજીની ટોકરી આરોગ્યા છે. એટલે આ બધી મહાપ્રસાદની વાનગીઓ મારા ગળે ઊતરતી નથી. મારા પ્રભુ નથી આરોગ્યા માટે મારું મન ના પાડે છે. આપનો કે મહાપ્રસાદનો અવિવેક નથી કરતો. શ્રીગોકુલેશ-પ્રભુ એ વૈષ્ણવને ભેટી પડ્યા, છાતી સરસા ચાંપી દીધા. ધન્ય છે વૈષ્ણવ, ધન્ય છે. કલ્યાણ ભટ્ટ બાજુમાં ઊભા હતા. એમને આજ્ઞા કરી, કલ્યાણ ભટ્ટ આ તાદશી વૈષ્ણવ. પોતાના પ્રભુ આરોગે તે જ મારું ભોજન. આ પતિવ્રતા ધર્મ છે.

શ્રીહરિરાયજી શિક્ષાપત્રમાં બતાવે છે કે પતિવ્રતા ધર્મ તો તલવારની ધાર પર ચાલવા જેવો ધર્મ છે. એ સહેલો નથી. સતત પ્રભુનું સુખ જ વિચારવું એ બહુ મુશ્કેલ છે. તો જેને પ્રભુ ઉપર પ્રેમ નથી, હૃદયમાં ભાવ નથી, અને દેખાદેખીથી સેવા-સત્સંગ વગેરે ક્રિયાઓ કરે છે એવા સ્નેહ વિનાના જીવને શ્રીહરિરાયચરણે ભક્તિદુષ્ટ જીવ કહ્યો.

ભક્તિદુષ્ટ જીવનું બીજું લક્ષણ પણ ધ્યાનમાં રાખવા જેવું છે. જે પોતાના સ્વાર્થ ખાતર પ્રભુ પાસે વારંવાર માગણીઓ કર્યા કરે છે અને પ્રભુને પરેશાન કરે એને પણ પ્રીતિદુષ્ટ અથવા ભક્તિદુષ્ટ ગણવો.

૨૫૨ વૈષ્ણવની વાર્તામાં પ્રસંગ છે. એક વૈષ્ણવને કોઢ નીકળ્યો હતો, એ રોજ શ્રીજીબાવાને વિનંતી કરે, હે પ્રભુ! મારો કોઢ મટાડો. શ્રીજીબાવાની અપ્રસન્નતા થઈ. એમણે શ્રીગુસાંઇજીને ફરિયાદ કરી, કાકાજી, પેલો તમારો સેવક મને રોજ પરેશાન કર્યા કરે છે. કહે છે કે મારો કોઢ મટાડો. હું તે કંઈ વૈદ્ય છુ જે એનો કોઢ મટાડું. રોગ થયો હોય તો વૈદ્ય પાસે જઈને દવા કરાવે. મને શું કરવા પજવે છે? આપણા પ્રભુ પૂર્ણાનંદ છે, આનંદઘન છે, રસાત્મક છે. અલૌકિક લીલારસના આનંદ સિવાય એમને બીજું કશું ખપતું નથી. એમને બીજું કંઈ પ્રિય નથી. પોતાના આવા આનંદનો ભક્ત પાસેથી અનુભવ કરવા એ ભગવાન બનીને પધાર્યા છે. ગોપીજનો દ્વારા આનંદનો અનુભવ કરવા વ્રજમાં પ્રગટ્યા છે. માટે પ્રભુએ પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે વ્રજમાં કેવળ રસાત્મક લીલાઓ જ કરી છે. આવા પ્રભુ, જે પોતાના

નિજાનંદમાં મગ્ન હોય, તેમને પ્રસન્ન કરવા માટે ભક્ત પોતાનાથી બનતું બધું જ કરે, કારણ કે ભક્તના હૃદયમાં પ્રભુ પ્રત્યે પ્રેમ છે.

માના હૃદયમાં બાળક પ્રત્યે લાગણી છે, માટે મા નાના બાળકને ઉછેરવામાં કેટલાં બધાં દુઃખ વેઠે છે! અને છતાંય એને દુઃખ નથી લાગતાં. પણ કોઇક આયા કે નર્સને રાખી હોય તો? એ બાળકને પ્રેમથી ઉછેરશે ખરી? મનમાં કંટાળશે. લૌકિકમાં પણ આવા પ્રસંગો બને છે. બે સગા ભાઇ. એક બાર-તેર વર્ષની ઉંમરનો, બીજો નવ-દશ વર્ષની ઉંમરનો. નવ-દશ વર્ષની ઉંમરનો નાનો ભાઇ થોડો હૃષ્ટપુષ્ટ. એક ઠેકાણે બધા ગરીબોને મિષ્ટાન્ન અપાતું હતું. આ ગરીબ કુટુંબના બંને ભાઇઓ પણ મિષ્ટાન્ન લેવા લાઇનમાં ઊભા હતા. નાના ભાઇએ કહ્યું કે મોટાભાઇ મારા તો હવે પગ દુઃખવા લાગ્યા. મોટો ભાઇ સુકલકડી હતો, પણ એણે નાના ભાઇને વહાલથી તેડી લીધો. તેડીને ઊભો રહ્યો. એમનો વારો આવ્યો એટલે મિષ્ટાન્ન આપનાર વ્યક્તિએ પૂછયું કે આવા સરસ તંદુરસ્ત છોકરાને કેમ તેડ્યો છે? તો કહે કે મારો ભાઇ છે. એને થાક લાગ્યો છે. એને તેડવામાં તને થાક નથી લાગતો? તેણે શેઠને જવાબ આપ્યો, શેઠ! કદી ભાઇને તેડવાનો થાક કોઇને લાગ્યો જાણ્યો છે? આ પ્રેમ. જયાં પ્રેમ છે ત્યાં થાક નથી, જયાં પ્રેમ છે ત્યાં ફરિયાદ નથી. જયાં પ્રેમ છે ત્યાં કોઇ બહાનાં નથી. જયાં પ્રેમ છે ત્યાં કોઇ પાખંડ નથી, જયાં પ્રેમ છે ત્યાં સમર્પણ છે. પ્રિયતમને માટે સર્વ કંઇ ઘસાઇ છૂટવાની તૈયારી છે. તેથી શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છે કે જેની પાસે પ્રભુ માટે આવો શુદ્ધ પ્રેમ નથી એવા શુદ્ધ પ્રેમ વિનાના, સ્વાર્થી મનુષ્યો આધિદૈવિક દુષ્ટ છે. એ કદી સુધરે નહીં.

આવો માણસ શ્રીનાથજી જાય કે બીજે જાય, જેને માગવાની ટેવ પડી છે એ માગવા માટે જ જશે. એ કદી પ્રભુના માટે નહીં જાય. એ જયાં જશે ત્યાં ભિખારી જ બની રહેશે. દાતા નહીં બની શકે. કારણ કે એના હૃદયમાં પ્રેમ જેવી કોઇ ચીજવસ્તુ જ નથી, જેનામાં પ્રેમ હોય એ બીજાને આપે. જયારે બીજાને પ્રેમથી આપે ત્યારે પોતાનું દુઃખ ભૂલી જાય. ઘરમાં પત્ની પતિને પ્રેમથી પીરસે ત્યારે રસોઇ કરતાં લાગેલી ગરમી અને થાક વીસરાઇ જાય. જયારે માતા બાળકને જમાડે ત્યારે બાળકની ગમે તેટલી કચકચ હોય તો પણ માતાને એનો વાંધો નથી આવતો. માટે ઠાકોરજીને કેવી રીતે ભોગ ધરવા એ શ્રીમહાપ્રભુજીએ પોતે બતાવ્યું. મનુહાર કરી કરીને પ્રભુને ભોગ ધરાય. લાલા, આ તો બહુ ભાવે. થોડું આરોગશો? આ સામગ્રી તો આજે ખાસ તમારા માટે જ બનાવી છે. આરોગો ને? ભોગ ધરતી વખતે અને સામગ્રી સજાવતી વખતે પ્રભુને આવો મનુહાર કરીએ છીએ? ના. ત્યારે શું કરીએ

છીએ? ભોગ ધરવાની ક્રિયા-વિધિ! સામગ્રીનાં પાત્રો મૂકી દીધાં. તુલસીજી પધરાવી દીધાં. હાથ જોડીને, યંત્રની જેમ કહી દીધું, શ્રીમહાપ્રભુજીની આડીથી આરોગજો. ટેરો લીધો. હવે તમે જાણો. તમારી ઈચ્છા હોય તો આરોગો, ન હોય તો કંઇ નહીં. છૂટ્યાં અમે. હાશ, રાજભોગ આવ્યા, હવે પોણો કલાક આરામ કરો.

ભોગ ધર્યા પછી મનમાં કયારેય એવો ભાવ થયો કે આ સામગ્રી પ્રભુને રુચિકર થઇ હશે? શું કરું તો પ્રભુને વધારે પ્રસન્નતા થાય? મારાથી તો કંઇ થતું નથી. યશોદાજીના ઘેર નવ લાખ ગાયોનાં દૂધ, દહીં-માખણ આરોગનારને અહીં હું ઉત્તમ ગાયનું દૂધ પણ ધરી શકતો નથી. આવું કદી થાય છે? થાય તો માનવું કે પ્રભુ માટે હૃદયમાં પ્રેમ છે. કેવળ સામગ્રીનાં પાત્રો ધરી દેવાની ક્રિયા થતી હોય તો માનવું કે આ જીવ પ્રેમદુષ્ટ છે, ભક્તિદુષ્ટ છે.

ઘણા વૈષ્ણવોને એમ કહેતાં સાંભળ્યા છે કે શું સેવામાં આટલો બધો સમય આપો છો? ઝટપટ પતાવી દો, અમારા જેવી સ્ફૂર્તિ રાખો. આવું કહેનારનો સંગ પ્રભુ સ્વપ્નમાંય ન આપે, કારણ કે આ બધા પ્રીતિદુષ્ટ છે. પ્રભુમાં પ્રેમ હોય તો સમય અને ઘડિયાળ પ્રમાણે ચલાતું નથી, હોં!

એક ભાઈએ બહુ આક્રોશ કર્યો. એ કહે કે પુષ્ટિમાર્ગનાં મંદિરોમાં ટાઇમ નથી સચવાતો. ત્યારે મેં કહ્યું કે ગામમાં બીજાં મંદિરો નથી? ત્યાં જઇ આવો, ટાઇમ સાચવવો હોય તો. તમારા ઘરમાં તમારો ટાઇમ રોજ સચવાય છે? તમારી વાત તમે જાણો, હું મારી વાત જાણું છું. દરરોજ સવારે એક જ સમયે ઉઠાતું નથી. રવિવાર હોય તો થોડું મોડુંય થાય છે. સવારની કૉલેજ હોય તો કમને વહેલુંય ઊઠવું પડે છે. આપણો ભોજનનો રોજનો ટાઇમ સચવાય છે? આપણો સૂવાનો રોજનો ટાઇમ સચવાય છે? તો ઠાકોરજીનો ટાઇમ ક્યાંથી સચવાય? સેવા કરે, એને ખબર પડે કે નટખટ કેવાં નખરાં કરે છે, પરસેવો પડાવે છે! ઘણા એમ કહે છે કે આજ તો શૃંગારમાં ચાર માળા ધરેલી છે. તે આટલી માળા ધરતાં મુખિયાજીને કલાક થઇ ગયો? પણ એ ચાર માળા પેલો રાખતો ન હોય એના શ્રીઅંગ પર, તો મુખિયાજી બિચારા શું કરે? એ તો જેને અનુભવ છે એ જ જાણે. પ્રસૂતિની પીડા માતા જાણે, વંધ્યા નારી શું જાણે? ઘરમાં સેવા કરો તો ખબર પડે કે સેવામાં ટાઇમ સાચવવો કેટલો મુશ્કેલ છે, જો પ્રેમ છે તો. જો પ્રેમ નથી તો તો બધું યંત્રવત્ થશે. માટે અહીં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે જેનામાં કદાચ પુણ્યો હશે, પાપ નહીં કરતો હોય, દુનિયાની નજરે જે વધારે પવિત્ર હશે, કદાચ એનામાં પ્રભુના સિદ્ધાંતોનું સાચું જ્ઞાન હશે, પરંતુ આ બધું હોવા છતાં જે સેવા ન કરતો હોય તે પ્રીતિદુષ્ટ છે. એનો સંગ

સર્વથા ન કરવો, કારણ કે એના સંગથી આપણો પ્રેમ પણ ધીમે ધીમે ઓછો થશે.

એવા ઘણા વૈષ્ણવો જોવા મળશે કે જેમને સેવાનું ભરપૂર જ્ઞાન છે, પણ એમનાથી સેવા થતી નથી, તો એમને પ્રીતિદુષ્ટ જાણવા. શ્રીહરિરાયજી કહે છે કે એ લોકો કદાપિ સુધરે નહિ. એમના ન સુધરવાનાં બે ઉદાહરણ શ્રીહરિરાયજીએ આપ્યાં. એક નપુંસક વ્યક્તિનું ઉદાહરણ આપ્યું. જે જન્મજાત નપુંસક છે, એને ગમે તેવાં ઉત્તમ ઔષધો આપવામાં આવે તો પણ એનામાં પુરુષાતન ન આવે, કોઇ ફેર ન પડે. શ્રીહરિરાયજી સમજાવે છે કે જો નપુંસકમાં દવાઓથી પુરુષાતન આવે, તો આ પ્રીતિદુષ્ટ જીવ પ્રભુમાં પ્રેમવાળો થાય. બીજું ઉદાહરણ આપ્યું કે જે મનુષ્યને શરીરમાં ત્રિદોષ થયો છે તે કદી બચે નહીં.

આપણી આયુર્વેદની આ થિયરી છે. આયુર્વેદ માને છે કે શરીરમાં જે કંઇ રોગ થાય છે એ વાત, પિત્ત કે કફને કારણે થાય છે. એટલે જે પ્રકારના રોગ હોય એના મૂળને નાબૂદ કરવું જોઇએ. વાતપ્રકોપ હોય તો વાતપ્રકોપ દૂર કરવો જોઇએ, પિત્તપ્રકોપ હોય તો પિત્તપ્રકોપ દૂર કરવો જોઇએ. કફનો પ્રકોપ હોય તો એનેય દૂર કરવો જોઇએ. આમાંથી એકાદ કે બે પ્રકોપ હોય તો દવાથી બચી શકાય, પણ જેને વાત, પિત્ત અને કફ ત્રણેયનાં એક સાથે પ્રકોપ થયા એને દવા પણ અસર ન કરે, એ તો હરિશરણ જ થાય. એમ જે પ્રીતિદુષ્ટ બન્યો, એને કોઇ સત્સંગની અસર પણ થતી નથી. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આવા પ્રીતિદુષ્ટ જીવનો સંગ કરવાથી તાદશી કક્ષાએ પહોંચેલો વૈષ્ણવ પણ આસુરી બની જાય છે.

આપણે વૈષ્ણવના જીવનની ચાર કક્ષાઓ જોઇ. દાસ, સેવક, ભગવદીય અને તાદશી. જેને વ્યસન અવસ્થા પ્રાપ્ત થઇ છે, જેને સર્વાત્મભાવની સિદ્ધિ થઇ છે, જેને સતત હૃદયમાં પ્રભુની અનેક લીલાઓનો અનુભવ થયા કરે છે એ તાદશી. આવો તાદશી ભગવદીય પણ જો આવા પ્રીતિદુષ્ટ જીવનો સંગ કરે તો એ પણ અધોપતિત થાય. 'વિવેકભ્રષ્ટાનામ્ શતમુખઃ વિનિપાતઃ' - માટે સત્સંગનો વિવેક બતાવ્યો. પ્રીતિદુષ્ટ જીવોનો સંગ કદી ન કરવો. એને સુધારવા માટે પણ પ્રયત્ન ન કરવો. જ્ઞાનદુષ્ટનો પણ સંગ ન કરવો. એને સુધારવાના પ્રયત્ન કદાચ પ્રભુકૃપાથી સિદ્ધ થાય, પણ જે કર્મદુષ્ટ છે એને સત્સંગ કરાવવો. સત્સંગથી એની કર્મદુષ્ટતા જશે. એનાં પાપ નાશ પામશે અને હૃદય શુદ્ધ અને પવિત્ર બનતાં એ હૃદયમાં ભગવદ્‌ભાવ જાગશે.

આમ, દુષ્ટતા સંગથી આવે છે. જેમ ભીના કપડાં સાથે સૂકું કપડું મૂકીએ તો સૂકું કપડું પણ ભીનું બને છે, કોલસાની વખારમાં સફેદ કપડાં પહેરીને જઇએ તો

એને પણ ડાઘ લાગે છે, એમ આ ત્રણે પ્રકારના દુષ્ટ જીવોનો સંગ કરવાથી આપણો ભગવદ્ભાવ નાશ પામે છે. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આવા દુષ્ટોનો સંગ છોડવો. જેમને પ્રભુમાં સાચો પ્રેમ છે, જેમને સિદ્ધાંતોનું સાચું જ્ઞાન છે અને જેમનું જીવન પવિત્ર છે એવા વૈષ્ણવોનો, એવા ભગવદીયોનો સંગ શોધી શોધીને કરવો. તેનાથી આપણા હૃદયમાં શુદ્ધિ અને પવિત્રતાપૂર્વક સાચો ભગવદ્ભાવ સ્થિર થાય છે.

આમ, શ્રીહરિરાયચરણે અહીં પાંત્રીસમા શિક્ષાપત્રના ૧૪ શ્લોકોમાં દુઃસંગથી અને દુષ્ટોના સંગથી કેવી રીતે બચવું, એ દુષ્ટ સ્વભાવવાળી વ્યક્તિઓને કેવી રીતે ઓળખવી એનો પ્રકાર આપણને બતાવ્યો. સાથે આ પાંત્રીસમું શિક્ષાપત્ર અહીં પરિપૂર્ણ થાય છે.

ઈતિ શ્રીહરિરાયજી વિરચિત પંચત્રિંશતમં શિક્ષાપત્રં
શ્રીગોપેશ્વરજીકૃતા વ્રજભાષાટીકા સમેતં સમાપ્તમ્ ॥

પાંત્રીસમા શિક્ષાપત્રનો સારાંશ

શ્લોક સંખ્યા : ૧૪
વિષય : દુઃસંગ

(૧) વિજાતીય ભાવવાળા વૈષ્ણવોનો સંગ દુઃખદાયક બને છે. તેનાથી બચવું.

(૨) દુઃસંગથી ઉત્પન્ન થતું દુઃખ નિવૃત્ત થતું નથી, માટે દુઃસંગથી દૂર રહેવું.

(૩) ધંધામાં અને ઘરબારમાં રચ્યાપચ્યા જીવોનો સંગ દુઃસંગ છે.

(૪) દુષ્ટ જીવો ત્રણ પ્રકારના : (૧) આધિભૌતિક (૨) આધ્યાત્મિક (૩) આધિદૈવિક
    (૧) આધિભૌતિક - કર્મદુષ્ટ - સત્સંગથી સુધરે.
    (૨) આધ્યાત્મિક - જ્ઞાનદુષ્ટ - મહાપ્રયત્નો પછી કદાચ સુધરે.
    (૩) આધિદૈવિક - ભક્તિદુષ્ટ - કદાપિ ન સુધરે. તેમનો સંગ કરવાથી ભક્ત પણ આસુરી બની જાય.

શિક્ષાપત્ર છત્રીસમું

નૈવ ચિંતા પ્રકર્તવ્યા લૌકિકી ભક્તિમાર્ગગૈઃ ।
ચિત્તે ચિંતાતુરે કૃષ્ણઃ કથમાવિશતે ગુણૈઃ ॥૧॥

લૌકિકમાં રહેનાર ભક્તિમાર્ગીય વૈષ્ણવે કદી પણ ચિંતા કરવી નહીં. જો ચિત્ત ચિંતાતુર હોય, તો તેમાં કૃષ્ણ શી રીતે પ્રવેશ કરે? (૧)

યથા ગૃહે ગૃહપતિઃ શુદ્ધે સંમાર્જનાદિભિઃ ।
સ્વસ્થસ્તિષ્ઠત્યન્યથા તુ પરાવર્તેત સર્વથા ॥૨॥

જેમ ઘર વાળી-ઝૂડી-લીંપીને સાફ રાખ્યું હોય, તો તેમાં રહેનાર સ્વસ્થ થઈને રહે, નહીંતર સર્વથા પાછો ફરે. (તેમ પ્રભુ પણ તેવા ચિંતાતુર હ્રદયમાંથી પાછા ફરે છે.) (૨)

ઉક્તં ચ પ્રભુભિસ્તસ્માત્ નવરત્ને કૃપાલુભિઃ ।
અતોઽન્યવિનિયોગેઽપિ ચિંતા કા સ્વસ્ય સોપિ ચેત્ ॥૩॥

આથી જ નવરત્નમાં શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે કે જો અન્ય પણ આપનું (પ્રભુનું) હોય તો, અન્યના વિનિયોગમાં ચિંતા શા માટે કરવી? (૩)

ધર્મમાર્ગવિચારેઽપિ કલૌ કર્તૈવ લિપ્યતે ।
ન સંસર્ગકૃતો દોષસ્તથા કલિયુગે ભવેત્ ॥૪॥

ધર્મમાર્ગની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે, તો કર્તા એકલો પિત્ત થાય છે. કળિયુગમાં સંસર્ગદોષ લાગતો નથી. (૪)

યુગાન્તરે તથૈવાઽયં પંચમત્વેન ગણ્યતે ।
યદ્યપ્યુક્તં નિજાઽચાર્યૈસ્થેયં નાઽવૈષ્ણવૈઃ સહ ॥૫॥

તે જ પ્રમાણે અન્ય યુગોની સરખામણીમાં આ યુગ પાંચમો (એટલે ઉત્તમોત્તમ) યુગ ગણાય છે, પરંતુ આપણા આચાર્યશ્રીએ કહ્યુ છે કે અવૈષ્ણવોની સાથે કદી રહેવું નહિ. (૫)

તથાઽપિ લોકસંકોચઃ કર્તવ્યસ્ત્વગ્રદર્શનૈઃ ।
મનઃ સ્થાપ્યં તન્નિવૃત્તૌ સમયે તન્નિવર્તનમ્ ॥૬॥

આમ છતાં, આગળનો વિચાર કરી લોકસંકોચ પણ રાખવો. (અવૈષ્ણવનો અસંગ તરત ન બને તેમ હોય તો પણ) તેની નિવૃત્તિમાં મન રાખવું અને સમય આવે ત્યારે તેનાથી નિવૃત્ત થવું. (૬)

તત્કાલં તત્પ્રયત્ને તુ રોગસ્યેવોદ્ભવો ભવેત્ ।
અતઃ કાર્યં શનૈરેવ પ્રતિબંધનિવર્તનમ્ ॥૭॥

જો દર્દ થાય કે તરત જ (તેનું મૂળ શોધ્યા વિના) પ્રયત્ન કરીને તેને દબાવી દેવામાં આવે, તો તત્કાળ તે દબાઇ જાય છે. પણ ફરી પાછું ઊથલો મારે છે. માટે પ્રતિબંધો આવી પડે, તો ધીમે ધીમે તેમનું નિવારણ કરવું. (૭)

વૃથા ચિંતા ન કર્તવ્યા સ્વમનોમોહકારણમ્ ।
યથા સચ્છિદ્રકલશાત્ જલં સ્રવતિ સર્વશઃ ॥૮॥
તથાઽયુઃ સતતં યાતિ જ્ઞાયતે ન ગૃહસ્થિતૈઃ ।
એવં હિ ગચ્છત્યાયુષ્યે ક્ષણં નૈવ વિલંબયેત્ ॥૯॥
ભગવચ્ચરણે ચેતઃ સ્થાપનેઽતિવિચક્ષણઃ ।

ચિંતા મોહના કારણરૂપ છે, માટે નકામી ચિંતા કરવી નહિ. જેમ કોઇ કાણાવાળા પાત્રમાંથી ધીમે ધીમે બધું પાણી ઝરી જાય છે, (૮) તેમ ગૃહસ્થાશ્રમીનું આયુષ્ય ચાલ્યું જવા છતાં તેને ખબર પડતી નથી. માટે જો ભક્તે પોતાના ચિત્તને ભગવદ્-ચરણારવિંદમાં સ્થાપવું હોય અને પોતે ચતુર હોય તો, તો ક્ષણમાત્રનો પણ વિલંબ કરવો નહિ. (૯-૯.૧.૨)

શરીરં પ્રાકૃતં તદ્ધિ હ્યનિત્યં સર્વથા મતમ્ ॥૧૦॥
તત્સંબંધોપ્યવિદ્યાતસ્તતોઽહંમમતાઽત્મકઃ ।
સંસારસ્તત્કૃતઃ સર્વસંબંધોઽપિ મૃષા મતઃ ॥૧૧॥
તત્સંબંધકૃતં દુઃખં ન હિ મંતવ્યમુત્તમૈઃ ।
પ્રતિબંધનિવૃત્યર્થં હરિં શરણમાવ્રજેત્ ॥૧૨॥

શરીર પ્રાકૃત છે. તેને સર્વથા અનિત્ય માનવમાં આવ્યું છે. (૧૦) એની સાથે અવિદ્યાને કારણે સંબંધ થયો છે. અહંતા-મમતારૂપી સંસાર તેનાથી જ ઉત્પન્ન થયેલો હોઈ, તેનાથી થયેલો સંબંધ પણ ખોટો માનવામાં આવ્યો છે. (૧૧) ઉત્તમ વૈષ્ણવો એવા સંબંધથી થયેલા દુઃખને કશા લેખામાં લેતા નથી. તેઓ (અહંતા-મમતારૂપ) પ્રતિબંધની નિવૃત્તિ માટે હરિને શરણે જાય છે. (૧૨)

ભક્તદુઃખાસહિષ્ણુસ્તં તદૈવ નિવર્ત્તયેત્ ।
અશક્યે હરિરેવાસ્તીત્યેવમેવ પ્રભોર્વચઃ ॥૧૩॥

પ્રભુ ભક્તનું દુઃખ સહન કરી શકતા નથી, તેથી તેવા પ્રતિબંધને તત્કાળ દૂર કરે છે. શ્રીમહાપ્રભુજી કહે છે, આપણાથી કશું જ ન બને ત્યાં પ્રભુ આપણા રક્ષક છે. (૧૩)

યાવચ્છક્તિઃ પ્રકર્તવ્યો હ્યુપાયસ્તન્નિવર્તને ।
પ્રતિકૂલે ચ તત્ત્યાગપર્યન્તં વિહિતં પુનઃ ॥૧૪॥

આપણે પ્રતિબંધની નિવૃત્તિ અર્થે યથાશક્તિ ઉપાય કરવો. જો (સ્ત્રીપુત્રાદિ) પ્રતિકૂળ હોય, તો તેમનો ત્યાગ કરવો એમ નિબંધમાં કહ્યું છે. (૧૪)

સર્વથા સ્વસ્ય ચાશક્તૌ હરિરેવ હિ રક્ષકઃ ।
સ્વકીયચિંતાં કુરુતે કર્તા સ ચ કરિષ્યતિ ॥૧૫॥

પોતાની આસક્તિમાં સર્વથા હરિ જ આપણા રક્ષક છે. પ્રભુ પોતાના ભક્તની ચિંતા કરે છે અને કરશે.(૧૫)

સ્વયં કિમર્થં કર્તવ્યા પિતરીવ શિરઃસ્થિતે ।
ન ત્યક્ષ્યતિ કૃપાપૂર્ણઃ સેવકં સર્વદાશ્રિતમ્ ॥૧૬॥

જેમ આપણે માથે પિતા છે, તેમ શ્રીઠાકોરજી પણ આપણે માથે બિરાજે છે તો પછી ચિંતા શા માટે કરવી? પ્રભુ કૃપાળુ છે, તે પોતાના આશ્રિત સેવકને કદીયે તજી દેશે નહિ. (૧૬)

આચાર્યશરણં તસ્ય ચિંતાલેશોપિ નૈવ હિ ।
તસ્માત્ શ્રીવલ્લભાચરણાબ્જદ્વયાશ્રિતૈઃ ॥૧૭॥

ન કાપિ ચિંતા કર્તવ્યા કૃષ્ણસેવા વિના પુનઃ ।
નિવેદનાનુસંધાનચિંતામાત્રં વિધીયતામ્ ॥૧૮॥

જેમણે શ્રીઆચાર્યચરણનો દૃઢ આશ્રય કરેલો છે, તેમને લેશમાત્ર પણ ચિંતાનું કારણ નથી. શ્રીવલ્લભનાં ચરણકમળના આશ્રિતે (૧૭) કૃષ્ણસેવા વિના અન્ય ચિંતા કરવી ઘટે નહિ. ચિંતા કરવી તો તે કેવળ નિવેદનના અનુસંધાન પરત્વે કરવી. (૧૮)

લોકે સ્વાસ્થ્યં તથા વેદે ઈતિ શ્રીમત્પ્રભોર્વચઃ ।
સ્મૃત્વા શીઘ્રં હૃદિસ્થા સા નિવર્ત્યા સેવનાર્થિભિઃ ॥૧૯॥

શ્રીમહાપ્રભુજી નવરત્નમાં કહે છે કે હરિ લોકવેદમાં સ્વસ્થતા કરશે નહિ. જેઓ પ્રભુમાં સ્થિતિ કરીને રહેલા છે, તેમણે ઉપરોક્ત વચનામૃત યાદ કરી, ચિંતાનો તરત જ ત્યાગ કરવો. (૧૯)

શિક્ષાપત્ર છત્રીસમું

શ્લોક સંખ્યા : ૧૯

વિષય : ચિંતા-નિરૂપણ અને વૃથા ચિંતાનો ત્યાગ.

પાંત્રીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજીએ દુષ્ટ જીવ અને એ દુષ્ટ જીવોના દ્વારા થતા દુઃસંગના સ્વરૂપનું નિરૂપણ કર્યું હતું. માણસને જેનો સંસર્ગ થાય એની અસર આવે. લૌકિક સંસર્ગનું પરિણામ માણસને ચિંતાતુર બનાવે છે અને તેથી છત્રીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ દુઃસંગના પરિણામે ચિત્તને કોરી ખાતી ચિંતાનું નિરૂપણ કરે છે. શ્રીહરિરાયચરણ છત્રીસમા શિક્ષાપત્રમાં વૃથા એટલે નકામી, બિનજરૂરી ચિંતાઓનો ત્યાગ કરવાની આજ્ઞા કરે છે.

શ્રીહરિરાયચરણ આ છત્રીસમા શિક્ષાપત્રમાં શ્રીમહાપ્રભુજીના 'નવરત્ન' ગ્રંથનું જ ભાષ્ય કરે છે. 'નવરત્ન' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ ગોવિંદ દવેના માધ્યમથી આપણને સૌને બોધ કરાવ્યો કે 'ચિંતા કાપિ ન કાર્યા.' જેમણે જેમણે પ્રભુને આત્મનિવેદન કર્યું છે, પોતાનું સર્વસ્વ પ્રભુને સમર્પણ કર્યું છે એવા જીવોએ કદાપિ, કોઈપણ સમયે, કોઈ પણ પ્રકારે ચિંતા કરવાની જરૂર નથી. પણ આપણને એવો અનુભવ છે કે કોઈના કહેવાથી ચિંતા રોકાતી પણ નથી. ચિંતા ન કરવાની આજ્ઞા શ્રીમહાપ્રભુજીની પૂર્વે થઇ ગયેલા ઋષિઓએ અને આચાર્યોએ પણ કરી છે અને એ આજ્ઞા વેદકાળથી લઈને સૌ ધર્માચરણ કરનારા સાંભળતા આવ્યા છે. પરંતુ આજ સુધી આપણા સૌનો અનુભવ છે કે ચિંતાઓ થયા જ કરે છે.

શ્રીહરિરાયજી પણ અહીં શ્રીમહાપ્રભુજીની એ જ આજ્ઞાનો પડઘો પાડે છે, પ્રતિઘોષ કરે છે. કોઇ પણ પ્રકારે ચિંતા ન જ કરવી.

આ ચિંતા કેમ થાય છે? એનું ઉત્પન્ન થવાનું કારણ સમજવા જેવું છે. મનોવિજ્ઞાને ચિંતા થવાનું કારણ બતાવ્યું છે. આપણા શરીરમાં એક મન છે. આદિકાળથી શરીર અને મનનો ઝઘડો ચાલ્યો આવે છે. શરીરને અને મનને બનતું નથી. કહેવત છે કે કૂતરું ખેંચે ગામ ભણી અને શિયાળ ખેંચે સીમ ભણી. એમ શરીર એક દિશામાં દોડે, ત્યારે મન ઊલટી દિશામાં દોડે. બંનેની ગતિ પણ જુદી જુદી. આપણામાં એક બીજી પણ કહેવત છે કે લાંબા જોડે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય. કોઈ ઝડપથી ચાલનારની સાથે આપણે ચાલવાનું હોય તો આપણો દમ નીકળી

જાય. વ્રજયાત્રામાં તમે જોયું હશે. કેટલાક એવી ઝડપથી ચાલતા હોય છે કે આપણે તો એમની સાથે દોડીએ તો ય ન પહોંચાય થાકી જવાય. કેટલાક એવા ધીમા ચાલતા હોય કે એમની સાથે જો ચાલવાનું રાખીએ, તો પગ ભરાઇ જાય. શું કરવું? બે સરખી ઝડપે ચાલનારા હોય તો જ ચાલવામાં આનંદ આવે.

શરીરની ગતિ બહુ ધીમી અને મનની ગતિ બહુ ઝડપી. મન પ્રકાશની ગતિએ દોડે અને શરીર કીડીની ગતિએ દોડે. મન આગળ દોડે. એની સાથે શરીર પાછળ ઘસડાય. આપણે મનથી વિચાર કરીએ કે મારે પરદેશ જવું છે. તો મન જે ગતિએ પરદેશ પહોંચે તે ગતિએ શરીર ન પહોંચે. પરિણામે, જલદી જલદી જવા માટે શરીર જયારે મથામણ કરે, ત્યારે એનું ટેન્શન થઇ જાય. પેલું નાનું છોકરું આપણી ઝડપે ન ચાલે ત્યારે આપણું મન કેવું ટેન્શન અનુભવે છે કે ચાલ ને ભાઇ જલદી! આમ, મનને ટેન્શન થાય કે મારી ઝડપે શરીર કેમ નથી ચાલતું? અને શરીરને ટેન્શન થાય કે મારી સાથે ધીમે ધીમે મન કેમ નથી ચાલતું? પરિણામે, શરીર અને મન વચ્ચે એક સંઘર્ષ જાગે. શરીર અને મન વચ્ચે ચાલતો સંઘર્ષ એટલે ચિંતા.

તમે તમારી કોઇ પણ ચિંતાનું પૃથ્થકરણ કરજો. મન જે કરવા તૈયાર છે તે શરીરથી નથી બનતું, ત્યારે ચિંતા થાય. દા.ત. આપણે લૌકિકની જ વાત કરો ને. મનથી વિચાર થયો શ્રીસર્વોત્તમજીના એકાવન પાઠ કરીશું. મન તૈયાર થઇ ગયું. હા કરીશું, પણ શરીર માંદું છે, અસ્વસ્થ છે. એટલો સમય બેસી શકતું નથી. પાઠ કરવા માંડ્યા, ત્યાં શરીરની તકલીફ શરૂ થઇ. શું થયું? મનમાં ટેન્શન વધી ગયું કે આ પાઠ કેમ પૂરા થશે? ચિંતા આવી ગઇ. ઠાકોરજીની સેવા કરવા મન તૈયાર થઇ ગયું. પણ શરીર અનેક વાંધાઓ પાડવા લાગ્યું. પરિણામે સેવા શરૂ ન થઇ, તો એની ચિંતા પેઠી. માનો કે શરૂ થઇ તોય એને પૂરી કરવાની ફિકર પેઠી. આમ, શરીર અને મન એ બંનેનો જે સંઘર્ષ ચાલે છે, એમાંથી ચિંતા જન્મે છે.

શ્રીહરિરાયચરણ છત્રીસમા શિક્ષાપત્રમાં શરીર અને મનનો સંઘર્ષ કયારે કયારે થાય એ પરિસ્થિતિઓનું નિરૂપણ કરે છે. એમણે પાંચ પ્રકારો બતાવ્યા. આવી પાંચ સ્થિતિમાં શરીર અને મન વચ્ચે સંઘર્ષ થવાથી ચિંતાઓ થાય છે. પહેલો પ્રકાર શરીરના રોગો સંબંધી ચિંતા. કોઇ માણસ એવો નહીં હોય કે એને જીવનભર સંપૂર્ણ તંદુરસ્તી રહે. નાનામોટા રોગો થયા કરે, આપણો નાનોસરખો રોગ પણ બહુ ભયંકર લાગતો હોય છે. પરિણામે, શરીરના રોગોની આપણને સૌથી વધારે ચિંતા થાય. મનમાં અનેક કલ્પિત વિચારો આવતા જાય. એક નાની ફોલ્લી થાય. એટલે મન શંકા કરે કે કૅન્સર હશે? એમાં કોઇ આવીને કહે કે આવી ફોલ્લી અમારા

સંબંધીને થઇ હતી અને બિચારાને કૅન્સર થયું. આવું સાંભળીને હ્રદયના ધબકારા ઑર વધી જાય. શરીર સંબંધી રોગોની ચિંતા માણસને બહુ મૂંઝવે છે.

બીજો પ્રકાર છે લૌકિક સંકોચની ચિંતા. આપણે આપણા લૌકિક જીવનમાં જે જે જરૂરિયાતો લાગતી હોય, એને પૂરતા પ્રમાણમાં ન મેળવી શકીએ, તો એમાંથી ચિંતાઓ જાગે છે. પેટને ભોજન જોઇએ, શરીર એ ભોજનની વ્યવસ્થા ન કરી શકે, તો એની ચિંતા થાય. મનને પુત્ર જોઇએ. પુત્રની પ્રાપ્તિ શરીર દ્વારા ન થાય તો એની ચિંતા થાય. શરીરને સુખસગવડનાં સાધનો જોઇએ. જે સાધનો છે એનાથી મનને સંતોષ ન થાય તો એમાંથી ચિંતા જાગે. આમ, લૌકિકમાં જે જે મુસીબતો આવે, સાધનોની ઉણપો આવે, એ બધાને કારણે શરીર અને મન વચ્ચે સંઘર્ષ જાગે છે. ઘણીવાર મન ત્યાગ કરવા મથતું હોય કે આ છોડી દેવું જોઇએ, કારણ કે આપણને અનુકૂળ નથી આવતું. ડાયાબીટિસના દર્દીનું શરીર એમ કહેતું હોય કે ખાંડ છોડી દો, પણ ખાંડ ખાવાની મનની ટેવ હોય તો મન છોડવા તૈયાર ન થાય. આ લૌકિક સંકોચની ચિંતાઓ છે.

ત્રીજો પ્રકાર સંબંધીઓ-સ્વજનોના સંસર્ગમાંથી જન્મતી ચિંતાઓ. પુત્રની ચિંતા, પુત્રીની ચિંતા, કુટુંબીઓની ચિંતા. આ ચિંતાઓનો બોજો લઇને પણ માણસને ફરવું પડતું હોય છે.

ચોથી ચિંતા વિના કારણે થતી હોય. જેને માટે દેખીતું કોઇ કારણ હોતું નથી, પણ મનના મોહને કારણે નકામી નકામી ચિંતાઓ આપણે કરતા ફરીએ. ચિંતાઓની કલ્પના કરીને પણ માણસ દુ:ખી થતો હોય છે. માની લો કે અહીં બેઠા છીએ, બહુ સ્વસ્થ ચિત્તે ભગવદ્ સિદ્ધાંત સમજીએ છીએ અને મગજમાં એવો તરંગ આવે કે છાપાંમાં વાંચીએ છીએ કે શોર્ટસરકીટ થાય છે. એને લીધે આગ લાગે છે. અત્યારે શોર્ટસરકીટ થઇને જો અહીં પણ કંઇ ન બનવા જેવું બની જશે તો? આપણું શું થશે? તો આ મનના મોહમાંથી જન્મેલી ચિંતા છે, વૃથા ચિંતા છે. આગ લાગે અને ચિંતા કરો તો બરોબર છે. પણ આગી લાગી નથી અને ચિંતા શું કરવા કરો છો? ઘણા વૈષ્ણવો આવો પ્રશ્ન કરે છે કે અમે આજે તો માનો કે ઠાકોરજીની સેવા શરૂ કરીએ, પણ કાલે અમારો દેહ નહીં હોય, તો ઠાકોરજીનું શું થશે? આવાં એક બેનને મેં કહેલું કે તમારા પ્રશ્નનો જવાબ આપું તે પહેલાં તમને એક પ્રશ્ન કરું. તમે લગ્ન કરેલાં એ સમજીને કરેલાં કે અણસમજમાં કરેલાં? તેઓ કહે સમજીને કરેલાં. તો એ વખતે વિચાર નહીં આવેલો કે મારા પતિ નહીં હોય તો મારું શું થશે? એટલે કહે ના, આવું અશુભ વિચારાય? તો મેં કહ્યું, તમે પણ આવું અશુભ શું કરવા

વિચારો છો કે હું નહીં હોઉં ત્યારે ઠાકોરજીનું શું થશે? તમે નહીં હો ત્યારે ઠાકોરજી પોતાની ફિકર કરી લેશે, પણ છો ત્યારે શું કરવા ચિંતામાં દુઃખી થાઓ છો? ‘આજનો લ્હાવો લીજિયે રે, કાલ કોણે દીઠી છે?’ છો ત્યાં સુધી તો આનંદથી પ્રભુની સેવા કરો. પણ ના, મનનો મોહ એવો છે કે નકામી નકામી ચિંતાઓ કરાવે છે.

પાંચમો પ્રકાર સમજદાર વૈષ્ણવોને થતી ચિંતા, અલૌકિકની ચિંતા. અન્ય વિનિયોગની ચિંતા. પ્રભુએ મને જે દ્રવ્ય આપ્યું છે એ પ્રભુની સેવા માટે આપ્યું છે. મારો દીકરો મોજશોખમાં તે પૈસા વાપરે છે. પ્રભુનું આપેલું દ્રવ્ય એને ઉડાવવા માટે કેવી રીતે અપાય? જે સમય મને મળ્યો છે તે પ્રભુની સેવા માટે મળ્યો છે, પણ લૌકિક સંબંધીઓ આવે છે અને એમની સાથે મારે બેસવું પડે છે. અનિચ્છાએ એમની સાથે મારે વાતો કરવી પડે છે, મારો સમય લૌકિકમાં બગડે છે. મારું શું થશે? આવી પ્રભુને લાયક સંપત્તિ, પ્રભુને લાયક સમય, અને પ્રભુની સેવામાં ઉપયોગી બને એવાં સ્વજનો પ્રભુથી વિમુખ બનતાં હોય, ત્યારે એને લઈને જે ચિંતા થાય એને શ્રીહરિરાયજી અન્ય વિનિયોગની ચિંતા કહે છે.

આમ, શ્રીહરિરાયચરણ સમર્પિત બનેલા વૈષ્ણવના મનમાં જાગતી પાંચ પ્રકારની ચિંતાઓનું નિરૂપણ કરે છે અને પૂછે છેઃ આપણું ચિત્ત જો આવું ચિંતાતુર રહેશે, આ પાંચમાંથી એક જ પ્રકારની નહીં, પણ પાંચેપાંચ પ્રકારની ચિંતાઓમાં મન વ્યસ્ત રહેશે, તો એમાં નિર્દોષ પ્રભુ કેવી રીતે પધારશે? જ્યાં એક ચિંતા પણ પ્રભુને પધારવામાં પ્રતિબંધરૂપ બનતી હોય, ત્યાં પાંચે પ્રકારની ચિંતાઓનો ઢગલો થાય તો આપણી સ્થિતિ કેવી થાય?

એક વખત શ્રીકૃષ્ણદાસ મેઘને શ્રીમહાપ્રભુજીને પ્રશ્ન કરેલો. કૃપાનાથ, ઠાકોરજીને સૌથી વધારે પ્રિય શું અને સૌથી વધારે અપ્રિય શું? શ્રીમહાપ્રભુજીએ બે વસ્તુઓ અપ્રિય બતાવી. આપે આજ્ઞા કરી, ઠાકોરજીને માખણ બહુ પ્રિય છે, માટે નવનીતપ્રિય કહેવાયા અને ઠાકોરજીને માખણ જેવો સ્નિગ્ધ સ્નેહ બહુ પ્રિય છે. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, ઠાકોરજીને અપ્રિયમાં અપ્રિય ધુમાડો છે. આપણને ય ધુમાડો અપ્રિય લાગે. ધુમાડા જેવો જે કલેશ છે, એ પ્રભુને સૌથી વધારે અપ્રિય છે. જ્યાં કલેશ છે, કલેશના કારણે ચિંતાઓ છે. ત્યાં પ્રભુ નથી બિરાજતા. જ્યાં સ્નેહ છે ત્યાં સદા પ્રભુ બિરાજે છે. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી ‘ચિંતા કાપિ ન કાર્યા.’ કદાપિ ચિંતા ન કરવી. પણ શ્રીહરિરાયજી જાણે છે કે આ આજ્ઞાનું પાલન કરવું સહેલું નથી, એટલે આપશ્રી ચિંતાની નિવૃત્તિના કેટલાક ઉપાયો બતાવે છે. ચિંતાને રોકી શકતા નથી, પણ ચિંતાનો નિકાલ તો જરૂર કરી શકાય છે.

શ્રીહરિરાયચરણે ચિંતાઓનું બે રીતે વર્ગીકરણ કર્યું. લૌકિક ચિંતા અને અલૌકિક ચિંતા. લૌકિક બાબતોની જે ચિંતાઓ છે એને દૂર કરવાના ઉપાયો જુદા છે. અલૌકિક બાબતની જે ચિંતાઓ છે એની નિવૃત્તિના ઉપાયો પણ જુદા છે. સૌથી પહેલાં શ્રીહરિરાયજી લૌકિક ચિંતાઓ દૂર કરવાના ઉપાય બતાવે છે. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે જેમાં આ ચિંતા જાગે છે એ મન ઉપર આપણે કાબૂ કરવો પડશે.

કેટલાક માણસોને તમે જોયા હશે કે નબળા મનના હોય છે. મન દોરે એ પ્રમાણે તેઓ દોરાય. વાતવાતમાં એમના વિચાર બદલાયા કરે, જેને વિવરિંગ માઈન્ડ કહીએ. એક માણસ આવીને એમ કહે તો એ સાચું, બીજો આવીને બીજી વાત કહે, તો પેલી વાત ભૂલાઇ જાય અને બીજું સાચું, ત્રીજો આવે ત્યાં આગલા બંનેને વાત ભૂલાઇ જાય અને ત્રીજું સાચું. શ્રીહરિરાયજી કહે છે કે આવું ભટકતું-નબળું મન ન ચાલે. તમે તમારા મનને પ્રયત્નપૂર્વક તમારા પોંતાના કાબૂમાં રાખતું કરો. તમે જાતે જ નિર્ણય લેતા થાઓ. સારાનરસાનો વિચાર કરીને તમારા માટે શું સારું છે એ નક્કી કરો અને કડક મનથી એને અનુસરો. આવા મનને શ્રીહરિરાયજી સ્વતંત્ર મન કહે છે. તમારું મન સ્વતંત્ર હોય, કોઇનું દોરવાયું ન દોરાય. આવું મન જેને પ્રાપ્ત થયું છે એ માણસ દુનિયામાં ય આગળ આવે છે. એને આપણે લોખંડી પુરુષ કહીએ છીએ. કઠણ મનવાળા કહીએ છીએ. વ્રજ જેવું મન માણસની સફળતા માટેની પહેલી જરૂરિયાત છે.

લૌકિકમાં અને અલૌકિકમાં આપણા મનને પકડમાં રાખવું પડશે. એને પકડમાં રાખવા માટે જે કંઇ લૌકિક ઉપાયો કરવા પડે એ ઉપાયો કરવા. જેમ કે આપણને રોગ થાય, ત્યારે બે પ્રકારે દવાઓ કરીએ છીએ. શરૂઆતમાં રોગની તાકાત નબળી પાડવા તત્કાળ કેટલીક દવાઓ લઇએ છીએ. અને એકવાર રોગ કાબૂમાં આવે, પછી સદંતર નાબૂદ કરવા માટે લાંબા ગાળા સુધીની દવાઓ લઇએ. એમ, ચિંતાને નાબૂદ કરવા માટે પણ બે પ્રકારના ઉપાયો કરવા. તત્કાલ ચિંતાની નિવૃત્તિ અને લાંબા ગાળા માટેના પ્રયત્નો.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે જેવો રોગ હોય એવી એની દવા હોય. એમ જે પ્રકારની ચિંતા હોય એ પ્રકારના એના ઉપાયો પણ હોવા જોઇએ. જેમ કે લૌકિક ચિંતાઓને દૂર કરવા માટે બુદ્ધિપૂર્વક લૌકિક ઉપાયો કરવા, અલૌકિક ચિંતાઓને દૂર કરવા માટે સમજપૂર્વક અલૌકિક પ્રયત્ન કરવા. પણ આપણે આ બંનેનો ગોટાળો કરી દઇએ છીએ.

આપણી મોટાભાગની ચિંતાઓ લૌકિક છે. અલૌકિકની ચિંતા તો થતી જ

નથી. ક્યાંક એવું સાંભળી લીધું કે 'નવરત્ન'નો પાઠ કરવાથી બધી ચિંતા દૂર થાય, એટલે લૌકિક ચિંતાઓ દૂર કરવા આપણે નવરત્નનો પાઠ કરવા લાગ્યા. નવરત્નનો પાઠ કરવો બહુ ઉત્તમ, પણ લૌકિક ચિંતા દૂર કરવા એ સાધન ન વપરાય.

એ બાબતમાં પૂ. શ્યામુબાવા બહુ સુંદર આજ્ઞા કરે છે કે મચ્છરને જો ફ્લીટથી મારી શકાતા હોય, તો મશીનગન વાપરવાનું ગાંડપણ ન થાય. એમ લૌકિક ચિંતાઓનો બહુ સામાન્ય લૌકિક ઉપાયોથી ઉકેલ આવતો હોય, તો શ્રીમહાપ્રભુજીની અલૌકિક વાણીનો પ્રયોગ એને માટે ન કરાય. 'ચિંતા કાપિ ન કાર્યા' એમ શ્રીમહાપ્રભુજીએ કહ્યું, ત્યારે પ્રશ્ન પૂછનાર ગોવિંદ દૂબે જેવા ભગવદીય હતા. શ્રીમહાપ્રભુજીએ એમને જવાબ આપ્યો છે. મને અને તમને જવાબ નથી આપ્યો. ગોવિંદ દૂબેને કોઇ લૌકિક ચિંતા હતી જ નહિ. એમને તો અલૌકિકની ચિંતાઓ હતી કે પ્રભુએ બ્રહ્મસંબંધ થતાં મારો અંગીકાર કર્યો હશે કે નહીં કર્યો હોય? મારી સેવા અંગીકાર કરશે કે નહિ કરે? મારો અન્ય વિનિયોગ તો નહીં થાય ને? એમને તો આવી અલૌકિક ફિકર હતી, માટે શ્રી મહાપ્રભુજીએ એ અલૌકિક ચિંતાઓના જવાબમાં કહ્યું કે 'ચિંતા કાપિ ન કાર્યા'- કોઇ પ્રકારની ચિંતા કરવી નહિ.

લૌકિક ચિંતાઓ બાબતે તો શ્રીમહાપ્રભુજી માથાકૂટ કરતા નથી, કારણ કે આપશ્રી માને છે કે મારા સેવકો તો સિંહનાં બચ્ચાં છે. એ આ લૌકિક ચિંતાઓને તો ગણકારે જ નહીં. માટે શ્રીહરિરાયજી સમજાવે છે કે લૌકિક ચિંતાઓને દૂર કરવા લૌકિક ઉપાયો યોજવા. જેમ કે પુત્રપ્રાપ્તિ નથી થતી, તો એવું નહીં કહેવું કે હે પ્રભુ, જો મને પુત્ર મળશે તો હું તમારું પલનું કરાવીશ. પુત્ર મેળવવા માટે ઠાકોરજીને પલનાનો મનોરથ કરાવવો એ ચિંતાનિવૃત્તિનો કોઇ પ્રકાર નથી, પણ પુત્રપ્રાપ્તિ થતી નથી તો એને અંગે ડૉક્ટર વગેરેની સલાહ લઇને આવશ્યક ઉપાય કરવા. પ્રભુની ઇચ્છા હશે તો પુત્ર મળશે. પણ એને માટે પ્રભુને પરિશ્રમ કરાવવો એ પુષ્ટિભક્તનું કર્તવ્ય નથી. હા, કોઇ ભગવદીય કૃપા કરી દે તો વાત જુદી છે. પ્રભુ સ્વયં કૃપા કરી દે તો વાત જુદી છે. પણ આપણી પુત્રપ્રાપ્તિની ચિંતા માટે આવા અલૌકિક ઉપાયો કરવા એ યોગ્ય નથી. જેમ કે ધંધામાં ખોટ જાય છે, લૌકિક ફિકર છે. તો શ્રીજીબાવાને એમ ન કહેવાય કે આ વર્ષે ધંધામાં નફો થશે તો હું તમને રાજભોગ કરાવીશ. એ બરાબર નથી. ધંધામાં એવું શું ગોઠવીએ તો આપણી ખોટ ઓછી થાય? એના લૌકિક ઉપાયો વિચારવા જોઇએ.

વિચક્ષણતા એટલે હોંશિયારી, સમજદારી, અતિ વિચક્ષણતા એટલે અતિ સમજદારી. 'ભગવત્ચરણે ચેતઃ સ્થાપને'. ભગવદ્‌ચરણારવિંદમાં અતિસમજદારીથી

ચિત્તને જોડવું. અલૌકિક ચિંતાઓની નિવૃત્તિ ભગવદ્ ચરણારવિંદના આશ્રયથી થાય છે. માટે ગોવિંદ દૂબેને પણ શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરીઃ 'શ્રીકૃષ્ણઃ શરણં મમ'નું સતત ચિંતન કરો. એના દ્વારા પ્રભુના ચરણારવિંદમાં આપણું ચિત્ત રહે, દૃઢ થાય. શ્રીમહાપ્રભુજી ભગવદ્‌ચરણારવિંદમાં ચિત્તનું સ્થાપન કરવા માટે સુબોધિનીજીમાં પણ સમજાવે છે કે પ્રભુનાં ચરણારવિંદ બહુ અલૌકિક છે. ષોડશ ચિહ્નયુકત છે. પ્રભુનાં ચરણારવિંદ આપણા હૃદય અને મસ્તક પર સદાય બિરાજે એવી ભાવના રાખવી. જેમ પ્રભુનાં ચરણારવિંદ ભક્તને અભયનું દાન કરનારાં છે, એમ શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળો પણ ભક્તોને અભયનું દાન કરનારાં છે. માટે જ શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળમાં રહેલી રજ પણ ભક્તોના ચિંતાઓના સમૂહનો નાશ કરવા સક્ષમ છે. જો ચરણરજમાં આ શક્તિ હોય, તો એ ચરણારવિંદની શક્તિ કેટલી? માટે આપણે ભગવદ્‌ચરણરજ લેવા ચરણામૃતનો ઉપયોગ રોજ કરીએ છીએ. એ ચરણામૃત મુખમાં મૂકવાથી હૃદય શુદ્ધ બને, તેમ આંખે લગાડતાં દૃષ્ટિ શુદ્ધ બને, મસ્તકે લગાડતાં બુદ્ધિ શુદ્ધ બને અને હૃદય પર લગાડતાં હૃદય શુદ્ધ બને.

આ ચરણારવિંદની રજ, આ ચરણામૃત એ ભકતજનોની મોટામાં મોટી ઔષધિ છે. અલબત્ત, એમાં આપણી દૃઢ શ્રદ્ધા હોવી જોઇએ. માટે આપણા ત્યાં સેવામાં એવો પ્રકાર બતાવ્યો કે ઠાકોરજીનાં ચરણસ્પર્શ કરીને, એ ટેરવાં પર પ્રસાદી જળ લઇને મુખમાં મૂકવું, જેથી ભગવદ્‌ચરણારવિંદની રજ જલ સાથે મિશ્રિત થઇને હૃદયમાં પધારે અને આપણા આંતરિક શરીરને શુદ્ધ રાખે. માટે આપણે શ્રીવલ્લભકુળને કેસરસ્નાન કરાવી, એ ચરણામૃતનું પાન કરીએ છીએ. આ ભગવદ્-ચરણામૃતથી અનેક ભગવદીયોએ અનેક જીવોનાં લૌકિક દુઃખો પણ દૂર કર્યાં છે. ભગવદ્‌ચરણરજમાં આવી દિવ્ય, અવર્ણનીય શક્તિ છે, તેથી જેમની ચરણરજમાં આવી શક્તિ હોય એમના ચરણારવિંદની તો વાત શી કરવી? માટે શ્રીમહાપ્રભુજી પછીના સૌ સમર્થ આચાર્યચરણોએ પણ શ્રીમહાપ્રભુજીની સ્તુતિ કરતાં હમેશાં શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળોની પ્રાપ્તિ માગી છે કે આપનાં ચરણારવિંદ અમને પ્રાપ્ત થાઓ.

એક ક્ષત્રાણી થઇ ગયાં. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, ઠાકોરજી પધરાવી સેવા કર. એમણે કહ્યું, મહારાજ, હું તો તમને ઓળખું, બીજાને નહિ. મારી પાસે સેવા જ કરાવવી હોય તો આપનાં ચરણારવિંદ મને પધરાવી આપો. હું એમની સેવા કરીશ. એ ક્ષત્રાણીએ એવા ભાવપૂર્વક શ્રીમહાપ્રભુજીની સેવા કરી કે એમને રોજ શ્રીમહાપ્રભુજીનાં સાક્ષાત દર્શનનો અનુભવ થતો.

શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છે કે આપણા ચિત્તને શ્રીપ્રભુ અને

શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળોમાં રાખજો. કેવી રીતે રાખીશું? સમય મળે ત્યારે શ્રીકૃષ્ણઃ શરણં મમ અને 'શ્રીવલ્લભઃ શરણં મમ'નો મનમાં જપ કરતાં કરતાં, શ્રીપ્રભુનાં અને શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદોનું ધ્યાન કરવું. કેવાં કોમળ, કમળ જેવાં ચરણારવિંદ છે! કેવો ગુલાબી વર્ણ છે! એ બંને ચરણારવિંદના દશ નખચંદ્રોની શોભા કેવી અલૌકિક છે! એ ચરણકમળોમાંથી કેવી અલૌકિક સૌરૂભ પ્રસરે છે! એ ચરણકમળોનું દિવ્ય તેજ કેવું છે! એ ચરણકમળોમાં વજ્ર, અંકુશ, યવ, ધજા આદિ કયાં કયાં ષોડશ ચિહ્ન બિરાજે છે! આ સર્વનું ધ્યાન 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' અને 'શ્રીવલ્લભઃ શરણં મમ' મનમાં જપતાં જપતાં કરવું. એમ કરતાં શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુજીનાં ચરણકમળોમાં આપણું મન સ્થિર થશે.

શ્રીહરિરાયચરણ આવી રીતે મનને સ્થિર કર્યા પછી મનની વધુ દઢતા માટે આજ્ઞા કરે છે કે 'વિવેકધૈર્યાશ્રય'માં શ્રીમહાપ્રભુજીએ કહેલાં વચનોનું ચિંતન કરો.

શ્રીમહાપ્રભુજીએ આશ્રયની સિદ્ધિ માટે બે મંત્રો આપ્યા. નોંધી લેવા જેવા બે મંત્રો છે. 'સર્વાર્થે શરણં હરિઃ' અને બીજો મંત્ર આપ્યો 'સર્વથા શરણં હરિઃ' શ્રીહરિભગવાન જ મારું શરણ છે. મારા પર ત્રિવિધ દુઃખ આવે, એમાં પ્રભુ જેમ રાખશે એમ હું રહીશ. પ્રભુ મારું શરણ. આવું મન કેળવવા માટે 'સર્વાર્થે શરણં હરિઃ' એ મંત્ર સતત એના અર્થના વિચારપૂર્વક જપ્યા કરવો. જ્યારે જ્યારે મુશ્કેલીઓ, ચિંતાઓ આવે ત્યારે ત્યારે પ્રભુ પાસે કે શ્રીમહાપ્રભુજી પાસે કશું માગવા દોડી ન જતાં. સર્વ બાબતોમાં શ્રીહરિ મારું શરણ છે એ મંત્ર દ્વારા મનન-ચિંતન કર્યા કરવું. એનાથી મનની દઢતા આવશે. દુઃખ જીરવવાની શક્તિ આવશે.

બીજો મંત્ર આપ્યો, 'સર્વથા શરણં હરિઃ' સર્વથા એટલે સર્વ પ્રકારે, સર્વ સમયે. અશક્ય પરિસ્થિતિ હોય કે સુશક્ય પરિસ્થિતિ હોય, દુઃખ હોય કે સુખ હોય- જીવનની બધી જ પરિસ્થિતિમાં, સર્વ સમયમાં કેવળ શ્રીહરિ જ મારું શરણ છે. શ્રીહરિ મારું જે કંઇ કરશે તે હિતકર કરશે, એવો પ્રભુના કાર્યમાં દઢ વિશ્વાસ રાખીને પ્રભુનાં ચરણકમળોમાં મનને આશ્રિત કરવું.

શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી કે જેણે આવી રીતે મનને આશ્રિત કર્યું છે, એનાં સર્વ વિઘ્નોને પરમ કારુણિક શ્રીમહાપ્રભુજી બહુ સહજ રીતે દૂર કરે છે. ૨૫૨ વૈષ્ણવમાં એક ભગવદીય વૈષ્ણવની વાર્તા છે. એમનાં પત્ની સાથે ઝૂંપડી બાંધીને રહેતા, ભિક્ષા માગી લાવે, પ્રભુ જે આરોગે એ લઇને બંને જણ પરમ સંતોષથી જીવે અને પ્રભુનું રાતદિવસ ચિંતન કરે. એક દિવસ યુવાન અતિથિ એમના ઘેર આવી ચડ્યા. એ યુવાન જિંદગીનાં મહામૂલાં વર્ષો સુધી કાશીમાં રહી, જ્યોતિષ શીખ્યા

હતા અને તેઓ માનતા કે મારા જેવું બીજા કોઇને જ્યોતિષ આવડતું નથી. તેમણે આ સાત્ત્વિક ભક્તના ત્યાં મુકામ કર્યો. થાક ઉતારતાં એ બેઠા હતા. ત્યાં તેમને વિચાર થયો કે હું જેમનો મહેમાન બન્યો છું, તે સ્થિતિના ગરીબ છે. થોડીક મદદ કરવા લાવ, જરા જ્યોતિષશાસ્ત્રનો પહેલવહેલો ઉપયોગ કરી જોઉં. આમના ભાગ્યમાં સુખ લખાયેલું છે કે નહિ? પ્રશ્નકુંડળી મૂકાઇ. જવાબ આવ્યો કે આજે બરાબર મધ્યાહ્ન સમયે રાજાના સિપાઇઓ આવશે અને એમના ઉપર એક મનુષ્યની હત્યાનો આરોપ મૂકી, એમને પકડીને લઇ જશે અને આજે જ સાંજે રાજદરબારમાં એમને ફાંસી આપવામાં આવશે. આ જ્યોતિષીને તો બહુ દુઃખ થયું કે અરેરે, જેમનો હું મહેમાન બન્યો, એવા આ સાત્ત્વિક ભક્ત ઉપર આવું દોષરોપણ અને એનું આવું પરિણામ આવશે? કલેશ થયો. બેસી રહ્યા. કંઇ ઉપાય સૂઝયો નહિ. બપોરે બાર વાગી ગયા. સાડા બાર થયા, એક થયો. પેલા વૈષ્ણવ ઝૂંપડીમાંથી બહાર આવ્યા. ગંગાસ્નાન કરવા જતા હતા. એમને જોઇને જ્યોતિષી પણ પોતાની સાથે જ્યોતિષશાસ્ત્રના જે ગ્રંથો લઇ આવેલા એનું પોટલું ઊંચકીને ચાલ્યા. ગંગાજીમાં જઇને પોટલું અંદર પધરાવવા ગયા. પેલા વૈષ્ણવે હાથ પકડી લીધો, આ શું કરો છો? ગ્રંથો ગંગાજીમાં પધરાવો છો? એટલે કહે, હા મારાં વીસ વર્ષ પાણીમાં ગયાં. આ શાસ્ત્ર જ ખોટું. પણ શું થયું? એટલે કહે, આજે પહેલવહેલું જ્યોતિષ જોયું અને ...બધી વાત કરી. આજે નિશ્ચિત તમારો વધ હતો, પણ તમને લેવા રાજ્યના સૈનિકો જ નથી આવ્યા. વૈષ્ણવ હસ્યા. કહે ભાઇ! તમારી વાત ખોટી નથી, સાચી છે. શાસ્ત્રો પણ પ્રભુએ રચેલાં છે તેથી સાચાં છે. પણ શાસ્ત્ર રચનારને શાસ્ત્રનાં બંધન નથી. એ બંધનોથી પર છે. એટલે જેણે શાસ્ત્ર રચ્યાં એણે મારા પર કૃપા કરી. હું રાજભોગ ધરીને જપ કરવા બેઠેલો. કોઇ દિવસ ઝોકું ન આવે. આજે જપ કરતાં કરતાં મધ્યાહ્ન સમયે મને ઝોકું આવી ગયું. ઊંઘમાં સ્વપ્ન આવ્યું. તમે કહો છો એ બધો અનુભવ સ્વપ્નમાં થયો. મારી જાતને ફાંસીના ગાળિયામાં મેં લટકતી જોઇ. ફાંસીનો ગાળિયો ખેંચાયો પણ ખરો, આ બધો અનુભવ મેં કર્યો. ત્યાં મારી આંખ ઊઘડી ગઇ. સ્વપ્નમાં મારા મૃતદેહને જોયો. પરિણામે હું અશુદ્ધ બન્યો એટલે સ્નાન કરવા ગયો. જ્યોતિષી વિચાર કરતા રહ્યા. વૈષ્ણવે કહ્યું કે તમારો કર્મનો સિદ્ધાંત ખરો, પણ એનાથી ઉપર કૃપાનો સિદ્ધાંત છે. જ્યોતિષી પૂછે છે, આવી કૃપા કેમ થાય? વૈષ્ણવ કહે છે, કૃપા ભગવદ્-ચરણકમળનો આશ્રય કરવાથી થાય.

ઠાકોરજી માટે તો કહેવાય છે કે તે કૃપા કરીને ભકતના હૃદયમાં આવી બિરાજે છે, પણ શ્રીમહાપ્રભુજી માટે તો એમ કહેવાય છે કે એ તો ઘડી ઘડીમાં કૃપા કરી દે.

એ કૃપા કરીને ભક્તના હૃદયમાં આવીને બિરાજતા નથી, પણ ભક્તને પોતાના બંને બાહુની ભીંસમાં ભેટી લે છે. હૃદય સરસા દબાવી દે છે. ‘રસિક ચરણ શરણ સદા રહત હૈ બડભાગી જન, અપનો કરિ ગોકુલપતિ ભરત તાહિ બાથે.’ જે આવા શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદનો આશ્રય સ્વીકારે, એને તેઓ પોતાના ગણીને પોતાની બાથમાં ભીડી લે છે. માટે શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી કે તમારા જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ આવે, તો પણ કયારેય પ્રભુને શ્રમ ન કરાવશો. આપણા પ્રભુ અકિલષ્ટકર્મા છે. તેમને કલેશ પ્રિય નથી અને પોતાનો ભકત કલેશ કરે એ પણ તેમને પ્રિય નથી. ભકત અને ભગવાન બંને આનંદમાં રહે એ પ્રભુને પ્રિય છે. માટે ‘સર્વથા શરણં હરિઃ’ અને ‘સર્વાર્થે શરણં હરિઃ’નું મનમાં ચિંતન-મનન કરતા રહેજો. એનાથી સર્વ લૌકિક અલૌકિક પ્રતિબંધો નિવૃત્ત થશે.

શ્રીમહાપ્રભુજીએ શ્રીહરિરાયચરણના સ્વરૂપે વૈષ્ણવો પર વિશેષ કૃપા કરી. પ્રભુ પાસે જેવું પાત્ર આવે એને અનુરૂપ ભગવાન પણ પોતાનું સ્વરૂપ બદલે. સેવક નબળો આવે ત્યારે પ્રભુ વધારે કૃપા વરસાવે. શ્રીમહાપ્રભુજી કડકાઇ રાખે છે, કારણ કે એમના સેવકો પણ ૮૪-૨૫૨ વૈષ્ણવ. શ્રીહરિરાયજીના સ્વરૂપે જયારે ફરી ભૂતળ પર પ્રગટ થયા ત્યારે શ્રીમહાપ્રભુજીએ સેવકોની અશક્તિ વિચારી બહુ કૃપા કરી. આપે આજ્ઞા કરી હતી કે અષ્ટાક્ષરનો સતત જપ કરવો, પણ તે રીતે જપ કરવો ન બને તો? શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે તેની ચિંતા ન કરવી. તારી શક્તિ હોય એટલું કરજે. તને કોઇ બંધન નથી. એકવાર બોલાય તો એકવાર બોલજે અને સવા લાખ વખત બોલાય તો સવા લાખ વખત બોલજે. બસ, શક્તિ પ્રમાણે પ્રયત્ન કરવો. પણ શ્રીમહાપ્રભુજી અને શ્રીહરિરાયજી કહે છે કે પલાંઠી વાળીને, અદબ વાળીને બેસી રહીએ એ ન ચાલે. તારે કરવું તો પડશે.

પેલા શેઠ ઘેર જમવા આવે. શેઠાણી બિચારાં બહુ સારાં કે શેઠ માટે સુંદર રસોઇ તો બનાવે, ઓરડામાં ખસની ટટ્ટીઓ લગાવે અને પાછાં પાસે બેસીને પંખો પણ નાખતાં જાય. પ્રેમભર્યાં વચનો સાથે ભોજન કરવા પ્રેરતાં જાય. શેઠ ખુલ્લા શરીરે ભોજન કરવા બેસે. શેઠના શરીરે પરસેવાની ધારાઓ છૂટે. શેઠાણી બહુ અકળાય. શું થતું હશે? હું ઠંડક આપવાના આટઆટલા ઉપચાર કરું તોય આટલો પરસેવો વળે છે? પણ તેઓ બોલી શકતાં નહિ. એક દિવસે ડરી ડરીને પૂછેલું. આટલું આટલું હું કરું છું અને તમને પરસેવો કેમ થાય છે? ભારે મિજાજવાળા શેઠે કહ્યું કે મને પરસેવો જ થાય ને, ચાવે છે કોણ, તારો બાપ? મારે ચાવવું પડે છે એનો પરસેવો થાય છે!

આપણી પણ આ જ સ્થિતિ છે. શ્રીમહાપ્રભુજી આટલી સરસ શિખામણ આપે છે. ભાઇ, સતત ન બોલો તો રોજ એક માળા કરશો? તોય આપણે કહીએ છીએ, સમય કયાં છે? શ્રીમહાપ્રભુજી કહે છે કે એક માળા ન થાય તો કંઇ નહિ. એકાગ્ર મનથી અષ્ટાક્ષર બોલશો? આપણે કહીએ છીએ, એટલો ય સમય કયાં છે? શ્રીમહાપ્રભુજી કહે છે કે એક વાર તો બોલીશને? આપણે બહુ ઉપકાર કરતા હોઇએ તેમ કહીએ કે જાઓ, તમે કહો છો તો બોલીશ. શ્રીમહાપ્રભુજી વિચારે છે કે ભલે, મારું કહ્યું માન્યું. એક વાર તો બોલશે. એક વાર બોલશે એટલે એને દિલમાં હું દ્રઢતા આપીશ. પણ હે વૈષ્ણવ, હે સેવક, તું તારું બધું મન-હૃદય લગાવીને, તાપકલેશ કરીને એક વાર તો કહે કે શ્રીકૃષ્ણઃ શરણં મમ. રોજની અનેક માળાઓ ફર્યા કરતી હોય છે. પણ એ અવાજ હૈયામાંથી નથી આવતો કે હે કૃષ્ણ! હું તમારા શરણે છું. હે કૃષ્ણ, મારે તમારું શરણ જોઇએ છે.

શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજીએ વિરહ કરતાં આ શબ્દનો પ્રયોગ કર્યો છે. હા, નાથ! હા નાથ! જયારે વિરહની માત્રા વધી છે ત્યારે પુનરાવૃત્તિ કરી છે હાહા દયાનાથ.

શ્રીગોપેશ્વરજીએ આજ્ઞા કરી કે વિરહનો તાપકલેશ વધતો જાય, એમ હૃદયમાંથી તાપકલેશની જ્વાળાઓ વધતી જવી જોઇએ. માટે અહીં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે શક્તિ પ્રમાણે 'સર્વથા શરણં હરિઃ' અને 'સર્વાર્થે શરણં હરિઃ'નું તમે મનન-ચિંતન કરતા રહો. તમારી શક્તિ પ્રમાણે પ્રભુનાં ચરણારવિંદમાં ચિત્ત લગાવતા રહો અને તમારી શક્તિ પ્રમાણે લૌકિક ઉપાય કરીને તમારા મનને દ્રઢ રાખતા જાઓ. બાકીનું શ્રીમહાપ્રભુજી સંભાળી લેશે. જેમ પેલો ફોટોગ્રાફર કહે કે તમારે સહેજ હસવું પડશે, બાકીનું બધું હું સંભાળી લઇશ. એમ અહીં શ્રીમહાપ્રભુજી કહે છે, તમે માત્ર મારા ચરણમાં આવી જાઓ, બાકીનું બધું હું સંભાળીશ. પણ મન બહુ અવળચંડું છે.

ગીતામાં અર્જુનનું મન પણ આવું જ અવળચંડું. નથી લડવું, નથી લડવું કરતો રહ્યો અને પછી ઠાકોરજીને પ્રશ્નો પૂછતો રહ્યો કે આનું શું છે? આનું શું છે? આનું શું છે? અઢાર અઢાર અધ્યાયો સુધી પ્રશ્નો પૂછયા અને પ્રભુ પણ એવા ધીરજવાળા કે શાંતિથી બધા જવાબ આપતા રહ્યા, આપતા જ રહ્યા. છેવટે પ્રભુની ધીરજ ખૂટી. આપે આજ્ઞા કરી દીધી કે ચાલ, પ્રશ્નો પૂછવાનું બંધ કરી દે. ઘણા પ્રશ્નો પૂછયા અને ઘણા જવાબો આપ્યા. ડૉકટરના દવાખાને આપણે જઇએ, શરીરમાં બહુ જ દુઃખાવો થતો હોય, ન રહેવાતું હોય અને ડૉકટર પૂછે, શું થયું છે? એટલે આપણે ડૉકટરને

સામે પૂછીએ કે આ તમારા કબાટમાં છે એ ઠેઠ ઉપલા ખાનામાં મૂકી છે એ કઇ દવા છે? ડૉકટર સ્વજન હોય એટલે એ દવાનું નામ લઇ એના ગુણ બતાવે. આપણે પૂછીએ બીજીમાં શું છે? ત્રીજીમાં શું છે? ચોથીમાં શું છે?

અઢાર પ્રશ્નો સુધી તો ડૉકટર ધીરજ રાખે, અઢાર બાટલીઓના ઉપયોગ તો ડૉકટર કહે. પણ પછી ડૉકટર કહેશે કે ભાઇ, એમાં ઝેર છે. પણ તારે એનું શું કરવું છે? તને શું થયું છે એ કહે ને? તારો રોગ કહે. તને દવા કઇ આપવી એ મારા ઉપર છોડી દે. પણ આપણે શું કરીએ છીએ? રોગ નથી કહેતા, દવાઓનાં લેબલ શોધીએ છીએ. અને પરિણામે રોગ જતો નથી, જયારે ભગવાને સહેજ ગુસ્સે થઇને કહ્યું, ત્યારે અર્જુનની બુદ્ધિ ખુલી, ઠેઠ નિશાળિયાને અક્કલ આવી. પછી હાથ જોડીને ઊભો રહ્યો, તમે કહેશો તેમ કરીશ. આપણે પણ હજી ચાર દિવસ સુધી શિક્ષાપત્ર સાંભળ્યા પછી કહીશું કે તમે હવે જે કહેશો તે હું કરીશ. મારે હવે કંઇ જ વધુ સાંભળવું નથી. માટે શ્રીહરિરાયજી અહીં આજ્ઞા કરે છે કે શક્તિ પ્રમાણે પ્રયત્ન કરો. મડદાલ બનીને બેસી ન રહેશો.

પ્રયત્ન કરવા છતાંય ચિંતા ન જાય, ચિંતા ઓછી ન થાય તો તમે પ્રભુઇચ્છા માનીને રહેજો. પ્રતિકૂળ વસ્તુઓનો ત્યાગ કરજો. જે વસ્તુ તમને પ્રતિકૂળ છે, માફક નથી આવતી. એનો સદંતર ત્યાગ કરવો. લૌકિકમાં અને અલૌકિકમાં માણસનું મન એવું રહે છે કે જે માફક ન આવે એ ભોગવવા જોઇએ. ખાંડ માફક નથી આવતી તો વધારે ખાંડ ખાવાનું મન થાય છે. ફરસાણ માફક નથી આવતું, તો કહે છે કે દવાની ટીકડીઓ ગળીશ, પણ ફરસાણ નહીં છોડું.

પુષ્ટિજીવને લૌકિક માફક નથી આવતું. આપણે બધા પુષ્ટિજીવ છીએ. એક દિવસ નિરાંતે એકાંતમાં બેસીને વિચારજો. લૌકિક માફક નથી આવતું, પણ લૌકિક છૂટતું નથી. લૌકિકનો મોહ છૂટતો નથી. પ્રભુની પ્રાપ્તિમાં જે પ્રતિકૂળ હોય એનો એક ટુકડે ઘા કરી નાખે તો એનાથી છૂટી જશે. કોઇ માણસને પાનનું વ્યસન હોય અને એ માણસ એમ કહે કે હું ધીમે ધીમે ઓછું કરીશ, તો એ ઓછું નહિ થાય. પણ એના હાથમાંનું પડીકું ફેંકી દે, કે હવે છોડી દીધું અને જો મન દૃઢ રાખે તો એ છૂટી જાય.

આમ, લૌકિકની ચિંતાઓના, લૌકિકની ખોટી ગડમથલોના, લૌકિકના મોહના આપણે એક ઝાટકે ટુકડા કરી ફેંકી દેવા પડશે.

છેલ્લે, શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે જેને શ્રીમહાપ્રભુજીનું શરણ છે એને લેશમાત્ર ચિંતા થતી નથી. અભયવચન આપી દીધું હોં! ચિંતા થાય છે, તો એનો

અર્થ એ કે શ્રીમહાપ્રભુજીનું શરણ દૃઢ નથી. જેમ જેમ શ્રીમહાપ્રભુજીનું શરણ દૃઢ થાય તેમ તેમ ચિંતાનું પ્રમાણ ઘટતું જાય, ચિંતાઓ વધે તો માનવું કે શરણ ઓછું થાય છે, ચિંતાઓ ઘટે તો માનવું કે શરણ મજબૂત થાય છે, કારણ? શ્રીમહાપ્રભુજી સદા પોતાના સેવકોની સાથે જ બિરાજમાન છે, જયાં આનંદસ્વરૂપ સ્વયં બિરાજતા હોય ત્યાં કલેશ કદી ટકે નહીં.

ત્યારે આપણને પ્રશ્ન થાય કે શ્રીમહાપ્રભુજી આવા કૃપાળુ છે, છતાં આપણા જીવનમાં ચિંતાના પ્રસંગો કેમ આવે છે? શ્રીમહાપ્રભુજીએ સુબોધિનીજીમાં એનો જવાબ આપી દીધો, અંતર્ગૃહગતા ગોપીજનોના પ્રસંગમાં. જે ગોપીજનોને તેમનાં કુટુંબીજનોનો પ્રતિબંધ હતો અને રાસમાં ન જઇ શકયાં, એવાં ગોપીજનોને પ્રભુનો એટલો ઉત્કટ વિરહ થયો કે વિરહના અગ્નિમાં એમનાં જન્મજન્માંતરનાં સર્વ પાપો બળી ગયાં. પાપ ક્ષીણ થતાં હૃદયમાં પ્રભુનો અનુભવ થયો, એટલે સર્વ પુણ્ય ભોગવાઇ ગયાં. પાપ અને પુણ્ય બંનેનું બેલેન્સ શૂન્ય થતાં એમને સાયુજ્ય મુક્તિ મળી.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જયાં સુધી પાપ અને પુણ્ય બંને રહેશે ત્યાં સુધી તે ભોગવવા બીજો જન્મ લેવો પડશે. પાપ લોખંડની બેડી છે, તો પુણ્ય સોનાની બેડી છે. પણ બેડી એટલે બેડી. માટે વૈષ્ણવે પાપ ન કરવાં અને કોઈપણ કાર્યો પુણ્ય મેળવવા ન કરવાં, ફરજ સમજીને કરવાં. ગરીબને દાન કરવું એ ફરજ છે, એનાથી પુણ્ય મળશે માટે દાન નથી કરવાનું, પણ ફરજ છે માટે દાન કરવું. આમ, ફરજ સમજીને દાન કરવાથી પુણ્ય થતું નથી. ધ્યાનપૂર્વક પાપથી દૂર રહેવાથી પાપ થતું નથી. બાકી જન્મજન્માંતરનાં જે પાપ અને પુણ્ય ભેગાં થયેલાં છે, એ બધાં શ્રીમહાપ્રભુજી કૃપા કરી, એને અનુરૂપ દુઃખો આપી, આપણને ભોગવાવી લે છે કે જેથી હવે બીજો જન્મ લેવો ન પડે. માટે ચિંતા આપનારા પણ એ જ અને મનની ચિંતાનું હરણ કરનારા પણ એ જ છે.

શ્રીમહાપ્રભુજીમાં એવો વિશ્વાસ રાખી, એમની દૃઢ શરણાગતિ સ્વીકારશો તો પછી જન્મમરણના ફેરા ન રહેતાં પ્રભુની સાક્ષાત સેવા માટે આપના નિજધામમાં પ્રવેશ સુલભ બનશે. આમ, ચિંતા અને ચિંતાનિવૃત્તિના પ્રકાર બતાવી શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુની દૃઢ શરણાગતિનું સ્વરૂપ સમજાવ્યું. શ્રીહરિરાયજીકૃત આ છત્રીસમું શિક્ષાપત્ર અહીં પરિપૂર્ણ થાય છે.

ઇતિ શ્રીહરિરાયજીવિરચિતં ષડ્‌ત્રિંશતમં શિક્ષાપત્રં
શ્રીગોપેશ્વરજીકૃતા વ્રજભાષાટીકાસમેતં સમાપ્તમ્ ॥

છત્રીસમા શિક્ષાપત્રનો સારાંશ

શ્લોક સંખ્યા : ૩૬

વિષય : ચિંતાઓ અને તેમનો ત્યાગ

(૧) ભક્તિમાર્ગીય જીવે ચિંતા કદાપિ ન કરવી, કારણ ચિંતાતુર હૃદયમાં પ્રભુ પ્રવેશતા નથી.

(૨) અવૈષ્ણવના સંગમાં રહેવાથી ચિંતા કરવાની ટેવ પડે છે, માટે અવૈષ્ણવથી દૂર રહેવું.

(૩) લૌકિક મુશ્કેલીઓનું નિવારણ લૌકિક રીતે કરવું.

(૪) સર્વ લૌકિક મોહને લઈને ચિંતા થાય છે. લૌકિક મોહથી છૂટવા ચિત્ત પ્રભુમાં જોડવું.

(૫) શરીરના દુઃખને સહન કરવું. યથાશક્તિ ઉપાય કરવા.

(૬) સ્ત્રીપુત્રો પ્રતિકૂળ હોય તો તેમનો ત્યાગ કરવો.

(૭) અશક્તિમાન હોઈએ તો પ્રભુમાં વિશ્વાસ રાખીને, પ્રભુના ભરોસે રહેવું.

(૮) સેવા-સત્સંગ-સ્મરણ ન બને, તો તેની ચિંતા અવશ્ય કરવી.

(૯) બ્રહ્મસંબંધની પ્રતિજ્ઞાનું પાલન ન થવાની ચિંતા કરવી.

શિક્ષાપત્ર સાડત્રીસમું

ન શુદ્ધભાવો નૈવાસ્તિ સર્વભાવો ન દીનતા ।
નાજ્ઞાપરત્વં ન વિશ્વાસો ન ચાસ્તિ પરમાદરઃ ॥૧॥

(હૃદયમાં) શુદ્ધ ભાવ નથી, સર્વાત્મભાવ નથી, દીનતા નથી, શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન કરવામાં તત્પરતા નથી, વિશ્વાસ નથી, પ્રભુમાં આદર નથી. (૧)

ન સત્સંગો નૈવ સેવા ન નિવેદનસંસ્મૃતિઃ ।
નાશ્રયો ન વિવેકો હિ ધૈર્યં ન શરણસ્થિતિઃ ॥૨॥

સત્સંગ નથી, સેવા નથી, નિવેદનની સ્મૃતિ નથી, આશ્રય નથી, વિવેક નથી, ધૈર્ય નથી, શરણ-સ્થિતિ નથી.(૨)

ન માહાત્મ્યપરિસ્ફૂર્તિઃ સ્નેહસ્તુ ન હિ કુત્રચિત્।
આસક્તિવ્યસનાદીનાં કથાપિ ખલુ દુર્લભા ॥૩॥
ભક્તિમાર્ગપ્રવેશો ન ધર્મમાર્ગે ન ચ સ્થિતિઃ ।
દેશાદિશુદ્ધભાવો ન કાલદોષાન્ન વૈદિકમ્ ॥૪॥

શ્રીકૃષ્ણના માહાત્મ્યની સ્ફૂર્તિ નથી, કોઇ ઠેકાણે સ્નેહ નથી, આસક્તિ અને વ્યસનાદિની વાત તો દુર્લભ છે (૩), ભક્તિમાર્ગમાં પ્રવેશ નથી, વળી ધર્મમાર્ગમાં સ્થિતિ નથી, દેશાદિ પણ શુદ્ધ ભાવવાળાં નથી, કાળદોષથી વૈદિક ધર્મ પણ નથી. (૪)

ન ચ વ્યાવૃત્તિરાહિત્યં વ્યાવૃત્તો ન હરૌ મનઃ ।
ન ત્યાગશ્ચાપિ સેવાર્થે સ્વતંત્રસ્ય તુ કા કથા ॥૫॥

વ્યાવૃત્તિ વગર ચાલતું નથી, અને વ્યાવૃત્તિને લીધે હરિમાં મન લાગતું નથી. વળી, સેવાર્થે ત્યાગ પણ નથી, તો પછી મનને પોતાને વશ કરી સ્વતંત્ર થવાની તો વાત જ શી કરવી? (૫)

ન કૃષ્ણવિરહસ્ફૂર્તિઃ સંયમો ન ચ વાગ્દશોઃ ।
નૌદાસીન્યમભક્તેષુ નાનાસક્તિર્ગૃહાદિષુ ॥૬॥

શ્રીકૃષ્ણના વિરહની સ્ફૂર્તિ નથી, વાણી અને મનનો સંયમ નથી, અભક્તોમાં ઉદાસીન વૃત્તિ નથી, ગૃહાદિકમાં અનાસક્તિ નથી. (૬)

નાડહંકારાદિરાહિત્યં ન સ્વધર્મપરિગ્રહઃ ।
નાડન્યધર્મનિવૃત્તિશ્ચ કિં કરિષ્યતિ મત્પ્રભુઃ ॥૭॥
મયિ દોષનિધાને તુ સર્વસદ્‌ગુણવર્જિતે ।
નિઃસાધનત્વમેવં હિ સ્વસ્ય નિત્યં વિભાવયેત્ ॥૮॥

અહંકારાદિનો અભાવ નથી, સ્વધર્મનો પરિગ્રહ નથી. વળી, અન્ય ધર્મની નિવૃત્તિ નથી (૭); આવી રીતે હું દોષોના ભંડારરૂપ છું, અને સર્વ સદ્‌ગુણોથી રહિત છું, તો પછી પ્રભુ મારી શી ગતિ કરશે? આ પ્રમાણે જીવે નિઃસાધનપણાની ભાવના કરવી. (૮)

શિક્ષાપત્ર સાડત્રીસમું

શ્લોક સંખ્યા : ૮

વિષય : **નિ:સાધનતાના સ્વરૂપનો વિચાર**

છત્રીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણે શ્રીમહાપ્રભુજી વિરચિત 'નવરત્ન' ગ્રંથનો વિશેષ પ્રકાશ પ્રગટ કર્યો. ચિંતા, ચિંતા થવાનાં કારણો, ચિંતાની નિવૃત્તિના ઉપાયો વગેરે સર્વ કંઇ આપણને સમજાવ્યું.

સાડત્રીસમા શિક્ષાપત્રમાં શ્લોકોની સંખ્યા માત્ર આઠ છે, પરંતુ આ આઠ શ્લોકો આધુનિક સમયના વૈષ્ણવની બાહ્ય અને આંતરિક સ્થિતિનું આબેહૂબ દર્શન કરાવનારા છે અને તેથી આ આઠ શ્લોકોને વિચારતાં એમ લાગે છે કે જાણે શ્રીહરિરાયચરણ આપણા શરીરનાં સર્વ અંગોમાં આપેલા દોષોનું નિદાન કરી રહ્યા છે, સાડત્રીસમા શિક્ષાપત્રમાં નિ:સાધનતાના સ્વરૂપનો વિચાર છે. આ નિ:સાધનતા એટલે શું, એના વિષે આપણા મનમાં કાં તો ગેરસમજ છે, કાં તો અધૂરી સમજ છે.

આપણે એમ માનીએ છીએ કે કંઇ ન કરવું, શક્તિ હોવા છતાં ન કરવું અને એમ કહેવું કે મારાથી શું બને? એનું નામ નિ:સાધનતા. આપણે સસાધન હોવા છતાં એ સર્વ સાધનોનો લૌકિકમાં ઉપયોગ કરવાની મનમાં આસક્તિ રાખીએ અને એ સર્વ સાધનો પ્રભુને માટે ન વપરાય, એની લેશમાત્ર સંવેદના આપણા મનમાં ન થાય, એ તો ભાવના ભૂખ્યા છે! આવું વલણ, એને આપણે નિ:સાધનતા માનીએ છીએ.

એક બેઠકજીનું પ્રવેશદ્વાર ખૂબ ભવ્ય. એમાંથી અંદરના ચૉકમાં જઇએ એટલે દીવાલ પર આરસની બહુ મોટી તકતીઓ લાગેલી છે. આ બેઠકજીના નવનિર્માણ કાર્યમાં જેમણે જેમણે પોતાનું દૈવી દ્રવ્ય વિનિયોગ કરાવ્યું એમની એમાં યાદી છે. આપણને એની સામે કંઇ વાંધો નથી. એ યાદી સાથે શિક્ષાપત્રનો એક શ્લોક કોતરવામાં આવ્યો છે. 'ન હિ સાધનસંપત્યા હરિસ્તુષ્યતિ કદાચન, ભક્તાનામ્ દૈન્યમેવૈકં હરિતોષણસાધનમ્.'

પછી નીચે અર્થ કોતર્યો છે કે આપણા પ્રભુ ભૌતિક સાધનસંપત્તિથી કદી પ્રસન્ન થતા નથી. ભકતોનું દૈન્ય જ કેવળ પ્રભુની પ્રસન્નતાનું કારણ છે. આવો સુંદર સિદ્ધાંત મૂકયા પછી નીચે લખ્યું છે કે આ બેઠકજીના જીર્ણોદ્ધારમાં સેવા આપનારાઓની

યાદી શેઠ ફલાણા...ફલાણા...ફલાણા! જયાં દાસ બનીને જવાનું હોય, એ શ્રીવલ્લભગૃહે આપણે શેઠ બનીને ગયા? અને પાછા એમ કહીએ કે સાધનસંપત્તિથી પ્રભુ રીઝતા નથી, દીનતાથી પ્રભુ રીઝે છે. આ વદતોવ્યાઘાત જેવી વિચિત્ર સ્થિતિ છે!

૮૪ વૈષ્ણવોમાં શ્રીમહાપ્રભુજીએ એક જ વૈષ્ણવને શેઠ કહીને બોલાવ્યા છે અને તે દિનકરદાસને. કથાશ્રવણમાં આસક્ત દિનકરદાસ જયારે અડેલ આવ્યા છે અને શ્રીમહાપ્રભુજીની કથાનું શ્રવણ કરીને શરણે આવવાની વિનંતી કરે છે, ત્યારે શ્રીમહાપ્રભુજીએ એમને કહ્યું કે આવો, દિનકરદાસ શેઠ.

બીજા કથાકારો તો દિનકરદાસને શેઠ કહેતા, કારણ કે દિનકરદાસ ઘરમાંથી ચોરી કરીને પણ ઘરેણાં અને રૂપિયા એ કથાકારોની પોથી પર પધરાવી આવતા. આજે દિનકરદાસને ભારે ગ્લાનિ છે કે જેમનો મને સાક્ષાત કૃષ્ણસ્વરૂપે અનુભવ થાય છે એવા શ્રીવલ્લભ મને શેઠ કહીને બોલાવે છે? હું તો એમનો સેવક બનવા આવ્યો છું! કોઈને શેઠ કહીએ ત્યારે શેઠને અનુરૂપ એની પાસેથી રકમ મેળવવાની અપેક્ષા હોય ને? આજે મને શેઠ કહ્યો તો મારું શેઠપદ સાર્થક કરવું જોઈએ. હું આપનાં ચરણમાં શું ધરું? ભાઈ-ભાભી સાથે કલેશ કરીને પહેરેલા કપડે નીકળી ગયો છું! યાદ આવ્યું કે આંગળી પર એક સોનાની વીંટી રહી છે. આટલી જ મૂડી છે, ખીસામાં એક કોડીય નથી. ઝટ વીંટી ઉતારી, શ્રીવલ્લભનાં ચરણમાં ધરી, શેઠપદ સાર્થક કર્યું.

શ્રીગોકુલનાથજીએ ૮૪ વૈષ્ણવોમાં બે વૈષ્ણવોને શેઠ કહ્યા. એક કાશીવાળા પુરુષોત્તમદાસજીને અને બીજા કનોજવાળા દામોદરદાસજીને. કારણ કે લૌકિક દૃષ્ટિએ એ નગરશેઠ હતા, પણ ભગવદ્સેવામાં એમની લૌકિક શેઠાઈ કયારેય પ્રતિબંધક એવા અભિમાનરૂપ બની ન હતી. માટે નિઃસાધનતાનો સાચો અર્થ શીખવો હોય તો શેઠ પુરુષોત્તમદાસજી અને શેઠ દામોદરદાસજી પાસેથી શિખાય.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે જગતમાં ત્રણ પ્રકારના ભકતો છે, જીવો છે. સૌને પ્રભુએ કંઈક ને કંઈક સાધન-સંપત્તિ આપેલી જ છે. કોઈકને કેવળ પહેરવાનાં એક જોડ કપડાનું સાધન છે, તો કોઈકની પાસે આખા દેશના ગરીબ લોકોને પહેરાવી શકાય એટલાં કપડાં ખરીદવા જેટલા રૂપિયા છે. સૌની પાસે આવી સાધન સંપત્તિ તો છે જ. આ સાધન સંપત્તિનો જે ભાવથી ઉપયોગ કરવામાં આવે એ ભાવને અનુરૂપ તે જીવ કહેવાય. જે પોતાની સાધન સંપત્તિનો ઉપયોગ પોતાનો ધર્મ સમજીને કરે છે, પરોપકારાર્થે કરે છે, એનો થોડો થોડો અહંકાર રહે છે. એ બધા

સસાધન જીવો છે - સાધન દ્વારા ભકિત કરનારા જીવો. સાધનથી ભક્તિનું ફળ પ્રાપ્ત કરવાની અભિલાષા રાખનારા જીવો એ સસાધન જીવ. સાધનમાં કેવળ ભૌતિક સાધનો જ નહીં, પારલૌકિક સાધનો પણ આવી જાય. જેમ કે કોઇ જીવ એવો વિચાર કરે કે હું આટલા જપ કરીશ, આટલા પાઠ કરીશ તો એનાથી મને આ ફળપ્રાપ્તિ થશે. તો એ પણ સસાધન જીવ કહેવાય.

જીવોનો બીજો પ્રકાર બતાવ્યો : દુષ્ટસાધન જીવ. જે પોતાનાં સાધનો, પ્રભુએ આપેલાં સાધનોનો ઉપયોગ સત્કાર્યોમાં નથી કરતો, દુષ્ટ કાર્યોમાં કરે છે એ દુષ્ટ સાધન જીવ. શરીરની શક્તિ પ્રભુએ આપી, એ શક્તિનો ઉપયોગ નબળાના રક્ષણ માટે થાય, તો એ સસાધન જીવ પણ પ્રભુએ આપેલી શક્તિનો ઉપયોગ કોઇને રંજાડવા, પીડા આપવા માટે થાય, ડર આપવા માટે થાય તો એ દુષ્ટ સાધન જીવ.

આપણે આપેલી સંપત્તિ જરુરિયાતમંદોના ઉપયોગમાં આવે તો એ સસાધનતા. પણ એ સંપત્તિ આપણા મોજશોખમાં વેડફાઇ જાય તો એ દુષ્ટસાધનતા.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આ બંને પ્રકારના જીવોને પુષ્ટિભક્તિનું ફળ કયારેય મળતું નથી, પુષ્ટિભકિતનું ફળ એટલે આંખોથી અને અંતઃકરણથી બંને રીતે-સંયોગમાં અને વિપ્રયોગમાં ઉભય પ્રકારે-રસરૂપ પ્રભુ અને એમની રસરૂપ લીલાઓનો અનુભવ કરવો. આવું ફળ, જેને વ્રજભકતોએ શ્રીમદ્ભાગવતમાં 'અક્ષણવતામ્ ઈદં ફલમ્' કહીને બતાવ્યું કે અમારી આંખોનું, આંખો હોવાનું એક જ ફળ છે અને તે આપનાં સાક્ષાત દર્શનનો અનુભવ થાય. અમારા કાન હોવાનું એક જ ફળ, આપના અલૌકિક વેણુનાદનો કલરવ અમારા કાન ઝીલે. અમારી જીભ હોવાનું એક જ ફળ કે આપની પ્રસન્નતા માટે આપનાં યશોગાન ગાઇએ. અમારા હાથ અને પગ હોવાનું એક જ ફળ કે એના દ્વારા આપની સાક્ષાત સેવા થાય. અમારું હૈયું હોવાનું એક જ ફળ, એ હૈયું આપના ચરણોમાં સમર્પિત થાય. આવું પુષ્ટિમાર્ગીય પરમ ફળ, જેને શાસ્ત્રોએ ઉત્તમોત્તમ ફળ કહ્યું, જેનો અનુભવ વેદનાં શ્રુતિઓને પણ નથી થયો, શ્રુતિથી પ્રભુના સ્વરૂપનું પૂર્ણ રીતે નિરૂપણ પણ કરી શકાયું નહીં અને એમણે કહી દીધું કે અમારી પણ શક્તિ નથી કે પ્રભુનું સ્વરૂપ અમે પૂર્ણ રીતે સમજાવીએ, કારણ કે અમને પણ એનો અનુભવ કયાં છે?

એક અમેરિકન ભારતમાં આવ્યો. ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારો જાણવાની અદમ્ય ઇચ્છા. પરિણામે એણે ભારતીય સંસ્કૃતિને અને સંસ્કાર પ્રમાણે જીવતા એક કુટુંબના મહેમાન બનવાનું નકકી કર્યું. ભારતની ફાઇવસ્ટાર હોટેલમાં રહેવાનું નહીં. એક સામાન્ય કુટુંબમાં એ મહેમાન બન્યો. યજમાન કુટુંબે વિચાર કર્યો કે એમને

ભારતીય વાનગીઓનો સ્વાદ રોજ ચખાડવો-શુદ્ધ ભારતીય વાનગીઓ. રાત્રે બધાં બેઠાં હતાં, કાલે શું બનાવવું એનો વિચાર થતો હતો. ત્યાં ઘરના વડીલે એમનાં પત્નીને કહ્યું કે કાલે લાડુ બનાવો. લાડુથી એમના ભોજનની શરૂઆત કરીએ. સંસ્કૃતમાં લાડુને મોદક કહે. મોદ એટલે પ્રસન્નતા. જે મનને પ્રસન્ન કરે એ મોદક. પેલો અમેરિકન પૂછે છે, આ તમારો મોદક-લાડુ શું છે? જરા એની રેસપી તો આપો! ગૃહિણી સમજાવે છે કે ઘઉંનો લોટ હોય, ખાંડ હોય, ઘી હોય એ બધાની પ્રોસેસ થાય. એમાં સાકર નંખાય, દ્રાક્ષ નંખાય. એ બધું નાખીને એના ઉપર ખસખસ ભભરાવીએ એટલે ગોળ આકારના જે બને એ લાડુ કહેવાય. આ સાંભળતાં સાંભળતાં ઘરના જે વડીલ છે કે જેમણે લાડુ બનાવવાનું સૂચન કર્યું હતું, એમના મોંમાં તો પાણી આવી ગયું, કારણ કે એમને લાડુ બહુ પ્રિય હતા. એ વડીલે પેલા અમેરિકનને પૂછયું કે લાડુનું પ્રોસેસિંગ સાંભળીને તને કંઇ થાય છે? પેલો કહે છે ના, મને કંઇ થતું નથી. કેમ? કારણ કે એણે તો કેવળ પ્રોસેસ સાંભળ્યો છે, એનો જે પ્રોડકટ છે એનો રસાસ્વાદ એણે કર્યો જ નથી!

કેળવણીમાં એવો એક મત આવેલો કે પ્રોસેસ ઇઝ મોર ઇમ્પોર્ટન્ટ ધેન પ્રોડકટ. જે કંઇ તૈયાર થાય, પરિણામ આવે એના કરતાં એની પ્રક્રિયા મહત્ત્વની છે, પણ એ મત ચાલ્યો નહિ. એકલી પ્રક્રિયાને શું કરવાની? જો એના પરિણામનો અનુભવ થવાનો ન હોય તો? સેવાનો રસાસ્વાદ જો ન મળવાનો હોય તો જિંદગીભર એવી સેવા શા માટે કરવાની? પ્રોડકટ ઇઝ મોસ્ટ ઇમ્પોર્ટન્ટ ધેન પ્રોસેસ. પ્રોસેસ કેન નોટ બી મોર ઇમ્પોર્ટન્ટ ધેન પ્રોડકટ. માટે પેલા અમેરિકનને સ્વાદ ન આવ્યો. ઘરધણીને સ્વાદ આવ્યો.

પુષ્ટિમાર્ગના પરમ ફળનું વર્ણન શ્રુતિઓ ન કરી શકયાં, કારણ કે એમને એવો અનુભવ જ નહોતો. માટે શ્રુતિઓએ પ્રભુને વિનંતી કરી કે અમને પણ તમારા એ પરમ ફલાત્મક રસાત્મક સ્વરૂપનો અનુભવ કરાવો. પ્રભુએ એમને વરદાન આપ્યું કે સારસ્વત કલ્પમાં તમે વ્રજસિમંતિનીઓ બનીને, ગોપીજનો બનીને પ્રગટ થાઓ, ત્યારે મારા રસાત્મક સ્વરૂપનો હું તમને અનુભવ કરાવીશ. યાદ રાખજો, તમારી પાસે જગતનું જે સર્વોત્તમ જ્ઞાન છે, એ જ્ઞાન લઇને વ્રજમાં ન આવશો, કારણ કે હું નિ:સાધન ફલાત્મા છું. નિ:સાધન ભક્તોનો સ્વામી છું. તમે નિ:સાધન બનીને આવજો. આ શ્રુતિરૂપા ગોપીજનોમાં નિ:સાધનતાનો ભાવ પ્રગટાવવા માટે પ્રભુએ એમને વ્રજમાં લૌકિક ગૃહસ્થાશ્રમ આપ્યો. લૌકિક પરિવાર આપ્યો. લૌકિકમાં આસક્તિ જન્મે એવી સ્થિતિ અને સંજોગો આપ્યા. પણ સાથે સાથે કૃપા કરીને એવું

હૈયું આપ્યું કે સર્વ લૌકિક જવાબદારીઓ બજાવવા છતાં એમનું ચિત્ત લૌકિકમાં, લૌકિક સાધનોમાં આસક્ત ન બન્યું. લૌકિક વ્યવહારોને જળકમલવત્ નભાવતાં રહ્યાં. એમણે એમના લૌકિક વ્યવહારો અલૌકિક બનાવી દીધા.

વ્રજભકતોના લૌકિક વ્યવહારો કેવી રીતે અલૌકિક બન્યા એનું સુંદર નિરૂપણ શ્રીહરિરાયચરણે નિત્યલીલામાં કર્યુ 'પ્રાત સમે ઊઠી વ્રજબાલા, ગાવત મંગલ ગીત રસાલા.' એમનું ઉઠવાનું પણ પ્રભુને માટે. ઉઠતાંની સાથે જ પ્રભુના મંગલ ગીતનું ગાન શરૂ થાય. આપણું ઉઠવાનું? આપણા માટે. સસાધન હોઈએ તો ઉઠતાંની સાથે પહેલી બૂમ પાડીએ ચા બની? ચાના ગાનથી આપણી સવાર શરૂ થાય. નહીંતર ટેપરેકર્ડર કે રેડિયોની સ્વીચ ચાલુ થાય. અને ફિલ્મી ગીતોથી શરૂ થાય. 'પ્રાત સમે ઊઠી વ્રજબાલા, ગાવત મંગલ ગીત રસાલા, કર સિંગાર મથનિયાં ધોવે.' કેટલો બધો ફરક છે, આપણા જીવનમાં અને એમનાં જીવનમાં. હવે તો એવું સાંભળવામાં આવે છે કે ભણેલી શિક્ષિત બહેનો ઘરનું બધું કામ પરવાર્યા પછી છેલ્લે સ્નાન કરે છે, જેથી સ્નાન કર્યા પછી શરીરને પરસેવો ન થાય! પીવાનું પાણી ભરવાથી માંડીને રસોડાનું બધું કામ પરવારીને છેલ્લે સ્નાન કરવાનું! ત્યારે આ વ્રજભકતો ઉઠતાંની સાથે સજ્જ થાય છે. શૃંગાર કરીને સરસ રીતે તૈયાર થાય છે. પછી દધિની મથની ધુએ છે, જળ ભરે છે. કેમ? અમારો પ્રિયતમ ગમે ત્યારે એ આરોગવા પધારે. એને માટે ઉત્તમ જમુનાજળ ભરી રાખો. એને આરોગવાનું જળ ભરવા માટે શરીરની અને મનની પણ ઉત્તમ સ્થિતિ રાખો. પછી, મથન કરે અને મોહન જશ ગાવે. દધિમંથન કરતાં પ્રભુનાં યશોગાન ગાય છે. કારણ? કામ કરતાં કરતાં કેટલાક લોકોને ગણગણવાની-ગાવાની ટેવ હોય છે. એ લોકો એમ કહેશે કે ગાતાં ગાતાં કામ કરીએ તો કામનો થાક લાગતો નથી. કામનો આનંદ આવે છે. દધિમંથન સામાન્ય રીતે ત્રાસરૂપ છે. એ ત્રાસદાયક લૌકિક કાર્ય કરતાં જયારે પ્રભુનાં ગુણગાન ગાય છે. ત્યારે ચિત્ત ગુણગાનથી પ્રસન્નતા અનુભવે છે. લૌકિકમાં રોકાતું નથી, માટે દધિમંથનનો થાક નથી લાગતો. સ્થિતિ કેવી થાય છે? 'સુમર સુમર હરિ ગુન સચુ પાવે.' પ્રભુનું જેમ જેમ સ્મરણ વધે છે, તેમ તેમ હૃદયમાં આનંદ વધતો જાય છે. વ્રજભકતોને પ્રભુએ આવા જીવનનું દાન કર્યું.

શ્રુતિરૂપા વ્રજભકતો વ્રજમાં પ્રગટ થઈને, લૌકિક પ્રવૃત્તિઓ કરતાં કરતાં એ સર્વ પ્રવૃત્તિઓ પ્રભુના સુખાર્થે જોડી દઈને ચિત્તથી પ્રભુમય બનીને રહ્યાં. આને પરિણામે એમના મનમાં સાધનતાનો ભાવ કદી ન જાગ્યો કે આ સાધનોથી પ્રભુ રીઝશે. મારા ઘરમાં દધિ-માખણની ગોળીઓ ભરેલી છે, માટે પ્રભુ પધારશે. હું

વૃષભાન રાજાની દીકરી છું. મારા આંગણે પ્રભુ આવશે. આવું સાધનનું અભિમાન, આવો સાધનનો આશ્રય આ વ્રજભક્તોને ન થયો. પરિણામે, પોતાનાં સર્વ સાધનો પ્રભુના સુખાર્થે વાપરતાં એમના હૃદયમાં એક જ ભાવ રહ્યો કે મારાથી પ્રભુનું કંઇ બનતું નથી!

સૂરદાસજીએ એક પદમાં આ ભાવ બહુ સુંદર રીતે વર્ણવ્યો છે. એક ગોપીજનના ત્યાં પ્રભુ પધાર્યા. 'ગોપી' શબ્દ પણ સમજવા જેવો છે. ગો એટલે ઇંદ્રિયો અને પી એટલે પાન કરે છે તે. જેમની સમગ્ર ઇંદ્રિયો કેવળ ભગવદ્રસનું પાન કરે એ ગોપી. આવાં એક ગોપીજનના ત્યાં પ્રભુ ભોજન કરવા પધાર્યા. હરખઘેલાં થયેલાં ગોપીજન મૂંઝાવા લાગ્યાં. શું કરું અને શું ન કરું? આંખો દર્શન કરવા દોડે, હાથ ભોજન બનાવવા દોડે આંખો અને હાથ વચ્ચે રસ્સીખેંચ શરૂ થઇ. 'આજ ગોપાલ પાહુને આયે.' પાહુના મહેમાન બનીને ગોપાલ પધાર્યા.

ગોપાલ એટલે ઇંદ્રિયોનું પાલન કરનારા. ભગવદ્રસનું દાન કરનારા. આવા ગોપાલ ગોપીનાં ત્યાં પધાર્યા. પાહુના બનીને પધાર્યા. 'આજ ગોપાલ પાહુનેં આયે, નીરખ નયન ન અઘાય રી.' નેત્રોને સંતોષ નથી. રોજ તો ચોરીછૂપીથી નંદાલયમાં જઇને પ્રભુના દર્શન કરવાં પડતાં. ગૌચારણ કરીને પધારે ત્યારે ઝરુખામાંથી અલપઝલપ ઝાંખી થતી. પણ આજ તો એકદમ નજીક, સામે આવી ગયા. સુંદર પીળું પીતાંબર ધારણ કર્યુ છે. શ્રીકંઠમાં લાલ ઉપરણો ફરફરે છે. પિતાંબર ઉપર લીલા કટિ વસ્ત્રની ફેંટ બાંધી છે. ચરણારવિંદથી મુખારવિંદ સુધી નખશિખ ષોડશ શૃંગાર ધારણ કર્યાં છે. મસ્તકે કેસરી પાઘ છે. મોતીની લર પાઘની ઉપર ઝૂમે છે. હીરાજડિત શિરપેચ સાથે મોરચંદ્રિકા છે. શ્રીકંઠમાં પાંચ પ્રકારનાં પુષ્પની વૈજયંતિમાલા છે. શ્રીહસ્તમાં વેણું અને લાલ લકુટી છે. આવા શ્યામમનોહર નંદકુંવર આજે ઘેર પધાર્યા છે, ત્યારે હાથ નેત્રોની સાથે ઝઘડો કરે છે. ત્યાં તું જોયા જ કરીશ? તો મને દોષ લાગશે હોં! સામગ્રી સિદ્ધ નહીં થાય તો મહેમાન બનેલાને શું આરોગાવીશ? 'કે નીરખોં કે ટહલ કરૌ.' શું કરું? ગોપીને મીઠી મૂંઝવણ છે. નીરખ્યા કરું કે એમની ટહેલ કરું? નીરખ્યા કરું છું તો એમની ટહેલ નથી થતી. ટહેલ કરું છું તો એમને નીરખવાનું નથી બનતું. સંયોગમાં વિપ્રયોગ. રસોઇઘરમાં રસોઇ કરીએ ત્યારે પ્રભુનાં દર્શન ન થાય. વિપ્રયોગ થાય કે ક્યારે દર્શન થશે? એકલા એકલા શું કરતા હશે? દર્શન કરીએ ત્યારે એમ થાય કે હજી તો ઘણી સેવા કરવાની છે. 'કે નીરખોં કે ટહલ કરૌ, એકો નહીં બનત ઉપાય રી.' બેમાંથી કંઇ નથી થતું.

કેવી સ્થિતિ છે? 'જૈસે-પવન લતા બસ દ્રુમસોં છૂટત ફિરત લપટાય રી.' એક વૃક્ષની પાસે વેલ ઊગે. બે વચ્ચે થોડું અંતર હોય. પવનના સુસવાટા આવે ત્યારે શું થાય? પેલી વેલ વૃક્ષ સાથે લપટાઇ જાય અને પવન બંધ થાય ત્યારે પાછી અલગ થઇ જાય. સમીરરૂપી શ્યામ પધાર્યા એટલે ગોપીના મનરૂપી જે લતા છે, એ શ્યામરૂપી વૃક્ષ સાથે લપટાઇ જવા માંગે છે. પણ પાછી સેવા કરવાની યાદ આવે છે એટલે શ્યામથી છૂટા પડવું પડે છે.

એમ કરતાં કરતાં 'મધુમેવા પકવાન મિઠાઇ, વ્યંજન બહોત બનાય રી.' મીઠા મધ જેવા મેવા સિદ્ધ કર્યા છે. ગોપીજનના ઘરમાં શું હોય? વનની અંદરથી લાવેલાં સુંદર ફળ પ્રભુને માટે સિદ્ધ કર્યાં. 'વ્યંજન બહોત બનાય રી.' જેના ઘરમાં ગાયોની જ સંપત્તિ છે. એના ઘરમાં વ્યંજન એટલે સામગ્રી પણ એની જ હોય ને? દૂધ, દહી, માખણ, બેજરની રોટી બનાવી હશે. ટેંટીનું શાક-સંધાણું હશે. જમાવેલું મીઠું દધિ હશે અને એકદમ સુંદર કોમળ માખણ હશે. 'મધુમેવા પકવાન મીઠાઇ.' આ એમનાં પકવાન છે. આ એમની મીઠાઇ છે. 'વ્યંજન બહોત બનાય રી.' સૂરદાસજી કહે છે આવા ચતુર પ્રભુને પેલી ગોપી પૂછે છે 'કહો કૈસે સુખ ઉપજાય રીં?' હે મહારાજ, તમે કહો તો ખરા કે તમને શાનાથી સુખ થશે? હું શું કરું તો તમને સુખ થશે? મને તો સમજણ નથી. કંઇ આવડત નથી. મારી કોઇ શકિત નથી. બહુ ઘરોબો હોય તો મહેમાનને પૂછીએ છીએ ને, કે શું ભાવશે? મહેમાન એમ કહે કે ખીચડી ખાવી છે, તો આપણે પ્રેમથી કહીએ છીએ : અરે ભાઇ, તમને ખીચડી તો પીરસાતી હશે? કંઇ મિષ્ટાન્નનું નામ આપો.

ગોપી પણ જાણે પ્રભુને કહી રહી છે કે કંઇક તો કહો કે તમને શું પ્રિય છે? તો હું તમેને એ અંગીકાર કરાવું છે. 'કહો કૈસે સુખ ઉપજાય રી?' સૂરદાસજી ત્યાં અટકી ગયા. પ્રભુએ શું આજ્ઞા કરી તે સૂરદાસજીએ ન કહ્યું. પણ જયાં ભકત અટકી જાય, ભકતની વાણી અટકી જાય ત્યાં ગુરુદેવની વાણી પ્રગટ થાય. એનો જવાબ શ્રીગુરુદેવ આપે. શ્રીમહાપ્રભુજીઓ એનો જવાબ આપ્યો. 'ભકતનામ્ દૈન્યમ્ હરિતોષણસાધનમ્'

પ્રભુને પ્રિય છે ભકતોનું દૈન્ય. માટે તો કુંભનદાસજીના ત્યાં એમના ખેતરમાં શ્રીજીબાવા સવારે પધાર્યા. બહુ જ લાડ કરીને કુંભનદાસજીની ગોદમાં બિરાજી ગયા. એ પ્રસંગનું સ્મરણ કરતાં કરતાં બહુ રોમાંચ થઇ આવે છે. નાનકડા શ્રીજીબાવા ગોદમાં બિરાજી ગયા. કુંભનદાસજીની દાઢી પકડીને, એમનાં નેત્રોમાં પોતાનાં નેત્રો મેળવીને વહાલથી વાત કરી. કુંભના, આજે એક અનોખો છાકલીલાનો મનોરથ કર્યો

છે. મનોરથ બંને કરે. ભકત પણ કરે અને ભગવાન પણ કરે. પણ ભગવાન સ્વયં જયારે મનોરથ કરે ત્યાર એ મનોરથનું કહેવું શું! આજે છાકલીલાનો મનોરથ છે. બધા સખાઓને કહી આવ્યો. સુબલ, શ્રીદામા, તોક, કૃષ્ણ, અર્જુન-સૌને કહ્યું. ભૈયા હો, તમારા ઘેરથી ઉત્તમમાં ઉત્તમ સામગ્રી લઇને આવજો. આજે શ્યામઢાક ઉપર દાબડા ઉજાણી કરવાની છે. જોઉં, તમારી ઘરવાળીઓને બનાવતાં આવડે છે કે નહીં? કેવું આવડે છે? મારા માટે શું લઇને આવો છો? જેની સામગ્રી મને અતિ ઉત્તમ લાગશે, તેને હું પહેલું ઈનામ આપીશ. એ જમાનામાં ય વાનગી હરિફાઇ પ્રભુ કરતા હોં? મને તો એવું લાગે છે કે પ્રભુએ જે કોઇ લીલા કરી છે એ જ લૌકિકમાં આવી છે. પ્રભુએ નથી કર્યું એવું લૌકિકમાં નથી. આજે આપણે વટ મારીએ છીએ કે અમે ડાઇનિંગ ટેબલ પર બેસીને જમીએ છીએ! પણ અમારા શ્રીજીબાવા તો પ્રગટ થયા ત્યારથી પાંચસો વર્ષથી ડાઇનિંગ ટેબલ ઉપર જ જમે છે, ભોજન કરે છે! આજે અમારા જુવાનિયાઓ કાનમાં લટકણિયાં પહેરતા થયા છે. શ્રીજીબાવા તો પાંચસો વર્ષથી કર્ણફૂલ અને કુંડલ ધારણ કરે છે! આવા પ્રભુ કુંભનદાસજીને કહે છે કુંભના, છેલ્લે તારા ત્યાં આવ્યો છું. બોલ, તું શું લઇને આવીશ, મારા માટે?

કુંભનદાસજી વિચારમાં પડી ગયા. મુખ થોડું ઓઝવાઇ ગયું. આંખોમાં આંસુ આવી જવાની તૈયારી થંઇ ગઇ. માંડ રોકી રાખ્યાં. મનમાં વિચાર કરે છે, હું આપને પ્રિય શું લાવું? આ ખેતરમાં મકાઇ પાકે છે, થોડા ચણા પાકે છે, એક નાની ગાય છે, એનું થોડું દૂધ આવે છે અને ખેતરના સીમાડે ટેંટીના ઝાડ છે, એનાં જે ફળ આવે તેનું શાક-સંધાણું થાય. કોઇક દિવસ ચોખાની કણકી મળી જાય તો એની ઘેંસ-મહેરી બની જાય છે. આવું તો કંઇ લઇને અવાય? પેલો સુબલ સુંદર મૈસૂર લાવશે. શ્રીદામા મોહનથાળ લાવશે, કૃષ્ણ સખો બુંદી લાવશે! પ્રભુ, મારી આ નિષ્કિંચનની સામગ્રીમાં તમને શું સ્વાદ આવશે? કુંભનદાસજીનું મન વલોવાઇ ગયું છે. નાથ, બધાની વચ્ચે મારી હાંસી ઉડાવશો? દ્વારકાલીલામાં જે સ્થિતિ સુદામાજીના મનની હતી, એ સ્થિતિ કુંભનદાસજીના મનની છે. છતાંય ભકતને લાયક ધૈર્ય ધરીને વિનંતી કરી, નાથ, એ તો કહો કે આપને કઇ સામગ્રી પ્રિય છે? શ્રીજીબાવા હસતાં હસતાં કહે છે, આંખ મીચકારીને કહે છે, તું કોઇને ન કહે તો બતાવી દઉં, કારણ કે આજે પહેલો નંબર મારે તને આપી દેવો છે. જો મારી મનમાની સામગ્રી તું લઇને આવે, તો પહેલો નંબર તારો કહો તો ખરા, આપને શું આરોગવું છે? શ્રીજીબાવા કહે છે કુંભના, ગોકુલમાં મારાં યશોદામા છે. એના જેવી મા દુનિયામાં નથી, હોં. રોજ મને નવી નવી સામગ્રીઓ કરી કરીને આરોગાવે છે. એક સામગ્રી એવી નથી કે જે મેં ન

ચાખી હોય, મને ન ભાવી હોય. અહીં શ્રીવલ્લભગૃહે તો એનાથી યે અધિક સામગ્રીઓનો મને ભોગ આવે છે. મારો રાજભોગ પણ કેટલી બધી સામગ્રીઓવાળો હોય છે? પણ કુંભના, યશોદાગૃહે અને વલ્લભગૃહે મને બહુ પ્રિય એવી સામગ્રી કોઇ આરોગાવતું નથી. શું પ્રિય છે, આપને પ્રભુ? કુંભના, સાચું કહુ છું, ગંભીરતાથી કહું છું. જરાય મજાક નથી કરતો. મને પ્રિય છે બેજરની રોટી, જેમાં ઘઉં, મકાઇ, ચણા - આ બધાનો ચુન ભેગો થઇને બને છે તે બેજરની રોટી અને ટેંટીનું શાક અને સંધાણું, કુંભના, બેજરની રોટી અને ટેંટીના શાક-સંધાણા સાથે જો તાજું જમાવેલું ગોરસ મળી જાય તો વાહ ભાઇ વાહ. મને આવી સામગ્રી કયાંય નથી મળતી. યશોદાગૃહે પણ નહીં અને વલ્લભગૃહે પણ નહીં. અનસખડી અને દૂધઘર આરોગી આરોગીને એનો સ્વાદ હવે મને ઓછો પ્રિય થઇ ગયો છે.

કુંભનદાસજીએ પોતાની નિષ્કિંચનતાથી વિવશ બનીને ખાળી રાખેલાં દુઃખનાં અશ્રુ, પ્રભુની આવી પરમ કરુણા જોઇને આનંદનાં અશ્રુ બનીને આંખમાં ઝળકયાં. નેત્રોની પાંપણ પર તોરણ બનીને ચમકયાં, વાહ પ્રભુ! આપે જે સામગ્રી કહી એ તો શકય છે, હોં. જરૂર આપની આજ્ઞાનું પાલન કરીને લઇ આવીશ. બપોર થતાં પહેલાં માથે સામગ્રીની છાબ લઇને કુંભનદાસજી શ્યામઢાક ગયા.

શ્યામઢાક ગયા હોવ તો તે અલૌકિક સ્થળની ઝાંખી કરવા જેવી છે. ઢાકનાં વૃક્ષો અને એ પણ શ્યામ રંગનાં. આવા શ્યામઢાકનાં વૃક્ષોની નિકુંજો બની ગઇ છે. નંદનંદન ત્યાં રોજ બપોરા કરે, છાક આરોગે. શ્યામતલૈયાનું જલ આરોગે. આજે શ્યામઢાક પર શ્રીજીબાવાનાં બેઠકજી બિરાજે છે.

આ શ્યામઢાક પર કુંભનદાસજી પહોંચ્યા, ત્યારે સખા મંડળી પણ સામગ્રી લઇને હાજર. વર્તુળાકારમાં સૌ ગોઠવાઇ ગયા છે. સૌએ સામગ્રી ઢાંકીને રાખી છે. કોઇ એકબીજાને કહેતું નથી કે પોતે શું લાવ્યા છે! પ્રભુ દરેક જણની છાબ ખોલે છે. એમાંથી સામગ્રી આરોગે છે, પણ મુખારવિંદ પર પ્રસન્નતાનો ભાવ આવતો નથી. સૌનું મોઢું પડી જાય છે. આવો સુંદર મૈસૂર, આવી સુંદર પપચી, આવો સુંદર મદનદીપક, આવા સુંદર ઢેબર અને બાબર કેમ પ્રભુને પ્રિય નહીં લાગતાં હોય? એક સખાએ તો બીજાના કાનમાં કહ્યું કે ભાઇ, આ તો 'સૂર ખચૈયો ઘીકો.' એને સામગ્રીમાં જેટલો ચૂન આવે એટલી ફિકાસ લાગે. એટલે ખાંડનાં ચોસલાં જ આરોગવા ટેવાયેલા છે. આજે ય શ્રીજીબાવાના બંટામાં ખાંડનાં ચોસલાં અને લાડવા ધરાય છે. એટલે આપણી સામગ્રી ફીક્કી લાગી, તો કુંભનદાસજી તો શું લાવ્યા હશે ત્યારે? હમણાં એમની રેવડી દાણાદાણ થઇ સમજો. છેલ્લો વારો આવ્યો

કુંભનદાસજીનો. પ્રભુએ છાબ ખોલી. સૌ સખાઓ મૂછમાં મલકાય છે. બેજરની રોટી અને ટેંટીનું શાક-સંધાણું? દાબાડા ઉજાણીમાં આવું તે કંઇ લવાય? ભાખરી ને છુંદો લઈને દાબડા ઉજાણી કરવા જવાય? હમણાં પ્રભુ મશ્કરી કરશે. પણ આ નંદનંદને તો બેજરની રોટી હાથમાં લીધી, એના ઉપર સદ્ય જમ્યું જે ગાઢ હતું તે દહીં લગાવી દીધું, એની વચ્ચે ટેંટીનું શાક સંધાણું ભર્યું અને બનાવી દીધું સરસ મજાનું સેન્ડવીચ. પોતે મુખારવિંદમાં એક એક બટકું આરોગવા લાગ્યા. અરે, સખાઓની વચ્ચે નાચવા લાગ્યા, વાહ ભાઇ વાહ! શું સુંદર સ્વાદ છે? શું સુંદર સ્વાદ છે? કુંભનદાસ, તારી સામગ્રીનો પહેલો નંબર!

એક સખાએ પ્રભુની આ પ્રસન્નતાનો અનુભવ કરીને ગાયું : ‘આજ દધિ મીઠો મદનગોપાલ.’ બીજો પૂછે છે, આવું કેમ કહો છો? રોજ દહીં તો મીઠું હોય છે! આજ દધિ મીઠો કેમ કહો છો? એટલે કહે કે આજના દહીંની વાત જાુદી છે! આજે આ દહીં એ દહીં નથી, આજે આ દહીં એ કુંભનદાસજીના હૃદયની પરમ દીનતાનો-નિઃસાધનતાનો મધુર ભાવ છે.

ભકત જયારે આવો નિઃસાધન બનીને પોતાનું સર્વસ્વ દીનતાથી, પ્રેમથી પ્રભુને અંગીકાર કરાવી દે ત્યારે એની બેજરની રોટી અને દહીં પ્રભુને મીઠાં લાગે. માટે બધા સખાઓએ કહ્યું કે શ્યામ, તમે પક્ષપાત નથી કરતા એની ખાતરી શું? એની સામગ્રીમાં અધિક મીઠાશ છે એનો અમને પણ અનુભવ કરાવો. આવા નિઃસાધન ભકતની સામગ્રી આરોગીને અધરામૃત એ સખાઓને વાંટયું. પ્રભુ જયારે કહી રહ્યા છે કે જો સ્વાદ મેરે પદ્મનાભ કે છોલા મેં આયો વો યે સારે છપ્પનભોગમેં નહીં આયો!

આ મહાપ્રસાદ પણ બધાને ન પહોંચ્યો, ત્યારે છેલ્લે પ્રભુએ કહ્યું ‘જિન નહીં પાયો સુનો રે ભૈયા...મેરી હથેળી ચાટ’- ન મળ્યું તને? શું કરવા આમ છોભીલો પડી ગયો છે? તને આ બધાથી ય અધિક આપી દઉં. જે હથેળીથી હું આ દહીં આરોગ્યો છું એ મારું સાક્ષાત અધરામૃત છેલ્લે ચાખી લે. શું ભાગ્ય હશે એ સખાનાં, જેને સ્વયં પ્રભુની હથેળી ચાટવા મળી હશે! પરમાનંદદાસજીનો આ અનુભવ. આ નિઃસાધનતાનો અનુભવ.

બધું હોય અથવા, જેટલું પ્રભુએ આપ્યું હોય એ બધું પ્રભુના સુખાર્થે અંગીકાર કરાવીએ, ભાગ્ય સમજીને પ્રેમથી અંગીકાર કરાવીએ, જીવ બાળ્યા વિના અંગીકાર કરાવીએ. આનંદ અને ઉત્સાહથી અંગીકાર કરાવીએ અને અંગીકાર કરાવતાં કરાવતાં મનમાં એવો ભાવ રહે કે મારાથી કંઇ બનતું નથી. તો એને નિઃસાધનતાનો ભાવ કહે છે.

શ્રીહરિરાયચરણ આ સાડત્રીસમા શિક્ષાપત્રમાં આ નિ:સાધનતાના ભાવની સમજ આપે છે. નિ:સાધનતા બે પ્રકારની છે. સાધનોનો અભાવ હોવો, કુંભનદાસજીની જેમ, એ પણ નિ:સાધનતા છે. આવા સાધનના અભાવમાં પ્રભુની સેવા ન કરવી તેવો વિચાર ન કરવો. પ્રભુ સાધનના ભૂખ્યા કદી નથી.

શ્રીગોકુલનાથજીના કૃપાપાત્ર સેવક થઇ ગયા વજેદાસભાઇ. મોટાભાઇજીના નામે બહુ જાણીતા. એમણે ગુજરાતીમાં એક બહુ સુંદર વિસ્તૃત પદ લખ્યું છે. 'પુષ્ટિ શિક્ષાનું ધોળ.' એમાં એમણે બહુ સુંદર વાત કહી : તમારી પાસે સાધન સંપત્તિ છે. મોટાં ઘર છે, હીરા-માણેક છે, તો ઠાકોરજીને બધું અંગીકાર કરાવો. પહેલાં ઠાકોરજીની સગવડનો વિચાર કરો, પછી આપણી સગવડ. પણ આપણે એનાથી ઊલટું કરીએ છીએ. ઘર બનાવીએ ત્યારે આપણી સગવડનો પ્લાન પહેલાં બને. બેડરૂમ કઇ દિશામાં રહે તો દક્ષિણનો પવન આપણને આવે. એ કયાં રહેશે તો વધારે ઠંડક રહેશે? રસોડું કેટલું મોટું રાખીશું? ફર્નિચર કેવું બનાવીશું? એનો વિચાર પહેલાં કરીએ છીએ. એ બધું કર્યા પછી ઠાકોરજી માટે એક નાનકડા બાથરૂમની સાઇઝનો નાનકડો રૂમ ચાલશે! કેટલી જગ્યા જોઇએ સેવામાં?

કનોજવાળા દામોદરદાસજીને પણ આવું થયેલું, હોં. ઘરમાં ગરમી લાગી એટલે બહાર જઇને સૂઇ ગયા અને પ્રભુ નાના મંદિરમાં પોઢે! પ્રભુને અપ્રસન્નતા થઇ કે તારા સુખનો તેં વિચાર કર્યો. તે જ વખતે તને મારા પરિશ્રમનો વિચાર કેમ ન આવ્યો? કેમ એવો વિચાર ન થયો કે લાવ સ્નાન કરી, શૈયામંદિર ખોલી, પ્રભુને પંખો કરું? મને આટલો તાપ લાગે છે, તો મારા પ્રભુને કેટલો શ્રમ હશે? પણ દામોદરદાસજીને પ્રભુએ આ જતાવ્યું એમની દાસી મારફત, ત્યારે દામોદરદાસજીને પોતાની ભૂલ સમજાઇ. પ્રતિજ્ઞા કરી કે મારા પ્રભુને બિરાજવા લાયક જગ્યા બનશે, તે પછી જ હું ભોજન કરીશ. તેમણે પ્રભુને લાયક સુંદર સ્થાન સિદ્ધ કરાવ્યું.

આપણે સૌએ આ વિચાર કરવાનો છે. આપણું ઘર મહેલ જેવું હોય કે નાનકડા ખોબા જેવડું હોય, એમાં સૌથી પહેલાં મારા પ્રભુને લાયક સ્થાન કયાં છે? પેલાં વિરક્ત પતિ-પત્ની હતાં. બે માણસ અંદર સૂઇ રહે, તો પાસું ફેરવવાની જગ્યા ન થાય એવી ઝૂંપડીમાં રહેતાં હતાં. વૈષ્ણવ બનીને સેવક થયાં. ઠાકોરજી ઘરમાં પધાર્યા. અલૌકિક પ્રભુની પાસે લૌકિક શરીરથી કેમ સૂવાય? ઝૂંપડીમાં પ્રભુને પધરાવ્યા અને બંને પતિપત્ની શિયાળામાં, ઉનાળામાં, ચોમાસામાં ખુલ્લા આકાશ નીચે બહાર સૂવા લાગ્યાં. મુશળધાર વરસાદ આવ્યો. ભીંજાઇ ગયાં. થર થર ધ્રુજી રહ્યાં છે. પ્રભુથી આ સહન ન થયું. અકિલષ્ટકર્મા પ્રભુએ અંદરથી બૂમ પાડી કે વૈષ્ણવ! તમે અંદર આવી

જાઓ! મને જરાય અપ્રસન્નતા નહિ થાય. હું પ્રસન્ન થઇશ. વૈષ્ણવો હાથ જોડીને કહે છે કે ના, પ્રભુ! આપના સન્મુખ સૂઇ રહેવા માટે અમે લાયક નથી. આપ અમારી ચિંતા ન કરશો, અમને અહીં આનંદ છે. આવી ઝૂંપડી મળી તો પ્રભુને ઝૂંપડીમાં જે સગવડ હતી તે સગવડ અંગીકાર કરાવી દીધી અને દામોદરદાસ શેઠને સુંદર ભવ્ય મહેલ કરવાની અનુકૂળતા થઇ તો રાજમહેલ જેવું સુંદર ભવન પ્રભુને માટે નિર્માણ કરી દીધું. મોટાભાઇજી સમજાવે છે કે મહેલ હોય કે ઝૂંપડી, તમારા માટે એ ચિંતાનો વિષય નથી. ચિંતાનો વિષય તો એ છે કે એમાં ઠાકોરજીને પધરાવ્યા છે કે નહીં? જેમાં તમે રહો એમાં તમારા પ્રભુ બિરાજશે. જે સ્થિતિમાં તમે રહેશો એ સ્થિતિ તમારા પ્રભુ અંગીકાર કરશે.

રાજસ્થાનના એક રાજાનો પ્રસંગ છે. રાજા એટલે યુદ્ધ કરવા તો જવું પડે. યુદ્ધ કરવા જાય ત્યારે ઠાકોરજીને માટે સર્વ સગવડ કરીને કેમ જવાય? એટલે રાજા શું કરે? માથે પાઘ બાંધે. પાઘ બાંધતાં પહેલાં માથે કોરું વસ્ત્ર બાંધી દે, જાડું ગાદી જેવું. એમાં એમના ઠાકોરજીને પધરાવી દે. એ એમનાં ઝાંપીજી! ઠાકોરજી એમાં જ બિરાજે. યુદ્ધમાં પણ ઠાકોરજી સાથે. જયારે પોતે ભોજન કરવા જવાના હોય, ત્યારે પાઘ ઉતારી, ઠાકોરજીને બહાર પધરાવી, જે સામગ્રી થઇ હોય તે ભોગ ધરે. ભોગ આરોગાવીને પાછા યુદ્ધમાં જાય અને ઠાકોરજી પોતાના માથાના ફેંટામાં! રાજાએ એવો વિચાર નથી કર્યો કે બહાર મારી સગવડ નહીં સચવાય, તો મારે મારા ઠાકોરજીને સાથે નથી રાખવા. જે સગવડ મને મળશે એ સૌથી પહેલાં પ્રભુ માટે હશે, પણ મારા પ્રભુ મારી સાથે રહેશે!

શેઠ પુરુષોત્તમદાસજીને મણિમુક્તા મળ્યાં, તો મદનલાલજીને એનાં આભૂષણો ધર્યાં અને પેલા વિરક્ત વૈષ્ણવને ગુંજા મળ્યાં તો એમણે ગુંજામાળા ધરી. ઘરમાં મણિમુક્તા છે. શરીર માટે સુવર્ણ છે અને પ્રભુને જો આપણે કાચકીડિયાનાં ખોટાં આભૂષણ ધરાવીએ છીએ અને કહીએ છીએ કે પ્રભુ ભાવના ભૂખ્યા છે, તો એ આપણા મનની શઠતા છે, એ નિઃસાધનતા નથી. એ દુષ્ટ સાધનતા છે.

કેવળ કંઠી પહેરવાથી અને તિલક કરવાથી, કેવળ વાતો કરવાથી, કેવળ દોડી દોડીને દર્શન કરવા જવાથી વૈષ્ણવ નથી બનાતું. એ તો વૈષ્ણવતાનાં બાહ્ય ચિહ્નો છે. કેવળ વૈષ્ણવતાનો દેખાવ એ વૈષ્ણવતા નથી. છતાંય વૈષ્ણવતાનો દેખાવ પણ કેટલો અદ્‌ભૂત શક્તિમાન છે કે પ્રપંચથી પણ આવો દેખાવ કરવાથી દયા ભવૈયાના દોષો દૂર ભાગ્યા છે! પેટ માટે કમાવા નીકળેલો ભવૈયો, વૈષ્ણવ રાજાને રીઝવવા વૈષ્ણવનો વેશ કાઢીને ગયો અને રાજા ભેટી પડયા. માગ્યું તેટલું આપ્યું. માલામાલ

થઇને દયા ભવૈયા પાછા જઇ રહ્યા છે. ત્યાં અણસાર આવ્યો કે કોઇક એમનું પગલું દબાવતાં ચાલી રહ્યું છે. ઊભા રહી ગયા. પાછળ ફરીને નજર કરી. ચાર સ્ત્રીઓ હતી. દયા ભવૈયા વિચાર કરે છે. આ બાઇઓ મારી પાછળ શું કરવા આવે છે? એ ઊભા રહી ગયા એટલે બાઇઓ પણ ઊભી રહી ગઇ! દયા ભવૈયાએ બૂમ પાડીને પૂછયું, કેમ રે, તમે મારી પાછળ કેમ આવો છો? શું કામ છે? ચાર સ્ત્રીઓ કહે છે, અમે ચાર હત્યાઓ છીએ. તેં પૂર્વજન્મમાં જે હત્યાઓ કરી છે એનું અમે સ્વરૂપ છીએ. તારા શરીરમાં રહેલાં છીએ, પરંતુ તેં આ વૈષ્ણવનો વેશ પહેર્યો-ધોતી બંડી, માળા, તિલક...એ વેશની અલૌકિક અસરથી અમે સળગવા લાગ્યાં, દાઝવા લાગ્યાં. માટે ભય પામીને તારા શરીરમાંથી બહાર નીકળી ગયાં છીએ અને પાછળ પાછળ ચાલીએ છીએ. તું મુકામ ઉપર જઇને આ વૈષ્ણવનો વેશ ઉતારી નાખવાનો, કારણ કે એ તો પેટ ભરવા પહેર્યો છે. એની અમે રાહ જોઇશું. તું તારો અસલી વેશ પહેરીશ એટલે અમે પાછાં તારા શરીરમાં આવી જઇશું. દયા ભવૈયાની અંતઃકરણની આંખ ખૂલી ગઇ. ઓહ, કેવળ આ વેશમાં આટલી શક્તિ? તો આ વેશને જો સાચો બનાવી દઉં, સાચો વૈષ્ણવ બની જાઉં તો મને શું ન મળે? ત્યાંથી જ પાછા ફર્યા. રાજા પાસે જઇને વિનંતી કરી કે મેં તો તમને છેતરવા, રાજી કરવા વેશ પહેર્યો હતો, પણ હવે એવું કરો કે આ વેશ ઊતરે જ નહીં! મને વૈષ્ણવ બનાવી દો. રાજાનો પત્ર લઇને દયા ભવૈયા ત્યાંથી બારોબાર ગોકુલ ચાલ્યા ગયા અને શ્રીગુસાંઇજીના સેવક થયા. એમના સેવેલા શ્રીમદનમોહનજી આજે ય જૂનાગઢમાં બિરાજે છે.

તો આપણે સાચા દયા ભવૈયા બનવાનું છે. વેશ પહેરવાથી વૈષ્ણવ નથી બનાતું, વૈષ્ણવપુત્ર ભલે બનાતું હોય. વેશ અધૂરો છે, વેશની પૂર્ણતા ટેકથી થાય છે. વેશની શોભા ટેકથી વધે છે. વેશની સાર્થકતા ટેકમાં છે. વેશ અનુસાર જો ટેક હૃદયમાં આવે તો આપણી વૈષ્ણવતા સાચી. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે તમારી પાસે સાધનોનો અભાવ હોય કે ભરપૂર સાધન હોય, સાધનોને કદી મહત્ત્વ ન આપશો. સાધન એ કેવળ સાધન છે. ફળ કાપવા માટેની છરી લોખંડની હોય કે સોનાની હોય, બંને ફળ જ કાપશે. કટારી લોખંડની હોય કે સોનાની હોય, યથાસ્થાને જ શોભશે. માટે સાધન એ સાધન છે. સાધન હોય કે સાધન ન હોય, આપણા શ્યામસુંદરને મન બંને વાત સરખી છે. સાધન હોય તો એનો અંગીકાર કરવા તૈયાર છે, સાધન ન હોય તો એના વિના એ ભાગી જતા પણ નથી. શ્યામસુંદરને સાધન નથી જોઇતાં, શ્યામસુંદરને સ્નેહ જોઇએ છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે, નિઃસાધનતાની અંદર બે ભાવનું સંમિશ્રણ છે-

દીનતા અને સ્નેહ. દીનતા અને સ્નેહ બે સાથે જોડાય ત્યોરે હૃદયમાં જે સ્પંદનો જાગે, એ સ્પંદનોનું બીજું નામ નિ:સાધનતા. પ્રભુને સર્વસ્વ અંગીકાર કરાવી દઇને દંડવત કરતાં આંખમાં આંસુ આવી જાય, મારાથી કંઇ નથી બનતું. મારા ઘરમાં તો તમને પરિશ્રમ જ છે, ત્યારે માનવું કે સાચી નિ:સાધનતા પ્રગટ થઇ છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે, આવી નિ:સાધનતા ફલાત્મક છે, પુષ્ટિપ્રભુને બહુ પ્રિય છે. આવી નિ:સાધનતાનું નિરૂપણ કર્યા પછી, બાકીના શ્લોકોમાં શ્રીહરિરાયચરણ અલૌકિક સાધનોથી શૂન્ય એવા આપણા આધુનિક વૈષ્ણવી જીવનનું નિરૂપણ કરે છે કે આપણે ખરેખર નિ:સાધન છીએ? ભગવદ્‌સુખાર્થે ઉપયોગમાં લઇ શકાય એવાં અલૌકિક સાધનોની સગવડ અને શક્તિ હોવા છતાં આપણે એનો ઉપયોગ ન કરી શકીએ, એવાં પામર બની ગયાં છીએ! એમણે ત્રીસ બાબતો જણાવી કે આ ત્રીસ બાબતો જે અલૌકિક ભક્તિરસ પ્રગટ કરનાર છે, એનો આપણા જીવનમાં અભાવ છે. એક એક બાબત સમજશો અને આપણું પોતાનું મૂલ્યાંકન મનમાં કરતા રહેજો. કોઇને કહેવાની જરુર નથી કે આપણામાં આ બાબત છે કે નથી આ ત્રીસ બાબતોનું માર્કીંગ કરજો, કેટલા ટકા માર્કસ મળે છે?

પહેલી વાત કહી શુદ્ધ ભાવો...ખાટલે પહેલી ખોડ મનમાં પ્રભુ માટેનો શુદ્ધ ભાવ જ નથી! મનમાં છળ, કપટ, ઈર્ષા વગેરે બુરાઇઓ છે.

શ્રીહરિરાયજીએ અન્યત્ર શિક્ષાપત્રમાં આજ્ઞા કરી, પ્રભુ સાથે ચતુરાઇ ન કરવી. 'અંતર્યામી સમસ્તાનામ ભાવમ્ જાનાતિ માનસમ્'. દુનિયાના લોકોને છેતરી શકાય, દામોદરલાલને છેતરી ન શકાય. એ તો અંતર્યામી છે. આપણા હૃદયના સાચા ભાવોને જાણનારા છે. ન હોય તો હાથ જોડીને ના કહી દો કે મારાથી તમારી સેવા નહીં બને. એને ખોટું નહીં લાગે, પણ સેવાના નામે છેતરશો નહીં. સંપૂર્ણ સેવા નથી બનતી તો કહી દો કે પ્રભુ મારાથી નથી બનતી. પણ મારા જેવી સેવા કોઇ કરતું નથી એવું અભિમાન રાખીને એ ભાવાત્મા પ્રભુની સાથે જરાય પાખંડ ન કરશો. ભાવ એટલે પ્રેમ. આપણો એ પ્રેમ શુદ્ધ છે? આપણો એ પ્રેમ સ્વાર્થના રંગે રંગાયેલો દુષિત તો નથી ને? કંઇક મેળવવાની, બદલાની ભાવનાથી તો સેવા નથી કરતા ને? દુનિયામાં લોકો એમ કહે છે કે અનાજ-પાણીનો દુષ્કાળ તો જીરવી શકાય. દુકાળ એ આજના જમાનાની બહુ મોટી વિષમતા છે. દુનિયાના કેળવણીકારોએ હમણાં સર્વ દેશોના માનવજીવનનો અભ્યાસ કરીને એવું તારણ કાઢ્યું કે આજે દુનિયામાં મોટામાં મોટો કોઇ દુકાળ હોય તો એ મૂલ્યોનો દુકાળ છે. આપણાં મૂલ્યો નાશ પામતાં જાય છે. મૂલ્યોથી આપણે માણસ કહેવાઇએ છીએ.

માનવજીવનમાં જે કેટલાંક મૂલ્યો છે એમ ભગવદ્જીવનનાં પણ મૂલ્યો છે. એ વૈષ્ણવનો સાચો શણગાર છે. આપણા વૈષ્ણવી જીવનનાં આ મૂલ્યોનાં બે પ્રતીક આપણી પાસે છે. બાહ્ય પ્રતીકો-તુલસીની માળા અને તિલક. એ બે જે ધારણ કરે, તે વૈષ્ણવી જીવનનાં મૂલ્યો સ્વીકારવા માટે તૈયાર હોય. કાળો ડગલો એ જ પહેરી શકે, જેને ન્યાયની અદાલતમાં વકીલાત કરવા માટેનો અધિકાર મળ્યો હોય. મિલિટરીનો પોશાક એને જ મળે જે દેશ માટે લડવા તૈયાર થયો હોય. તુલસીની માળા અને તિલક વૈષ્ણવી જીવનનાં સ્વીકારેલાં મૂલ્યોની પ્રતિજ્ઞાનું પ્રગટ સ્વરૂપ છે. એ ત્યારે જ શોભે કે જયારે જીવનમાં વૈષ્ણવી મૂલ્યો આવ્યાં હોય. મને બરોબર યાદ છે કે પ.પૂ. શ્રીદાદાજી મહારાજે એક વખત આજ્ઞા કરેલી કે આપણો વૈષ્ણવતાનો વ્યાપ વધ્યો છે, પણ વૈષ્ણવતાનું ઊંડાણ ઘટયું છે. વૈષ્ણવતા દેખાવમાં છે, વૈષ્ણવતા વર્તનમાં નથી.

શ્રીહરિરાયચરણે વૈષ્ણવતાનાં ત્રીસ મૂલ્યો બતાવ્યાં, તેમાં પહેલું મૂલ્ય શુદ્ધ ભાવ, જેમાં કોઇ સ્વાર્થની ગંધ પણ ન હોય.

બીજું મૂલ્ય સર્વભાવ. આપણામાં સર્વભાવ નથી આવ્યો. સર્વભાવની વ્યાખ્યા આપણે જોઇ ગયા- સર્વાત્મભાવ. શુદ્ધ ભાવ નથી, પરિણામે સર્વભાવ પણ નથી.

શ્રીગોપેશ્વરજીએ સર્વભાવ માટે ટીકામાં કહ્યું, આપણો દેહ અને આપણી બધી ઇન્દ્રિયો પ્રભુની સેવામાં તત્પર બને એ સર્વભાવ. આપણો દેહ અને આપણી બધી ઇન્દ્રિયો પ્રભુની સેવામાં એકાગ્ર થઇ નથી, તત્પર નથી થઇ. સર્વભાવનું બીજું મૂલ્ય આપણે ગુમાવી બેઠા છીએ.

ત્રીજું મૂલ્ય કહ્યું દીનતા. આપણામાં દીનતા નથી. અહંકાર છે. ડગલે ને પગલે આપણો અહંકાર પ્રગટ થઇ જાય છે. આવા કાર્યક્રમોમાં જઇએ, મોડું થયું હોય તો પણ, આગળ જઇને બેસવાનો આગ્રહ, એ આવો એક અહંકાર છે. બીજા અનેકને આપણે વિક્ષેપ કરીને પણ એમની વચમાં જઇને ગોઠવાઇ જતા હોઇએ છીએ. દર્શન કરવા જઇએ ત્યાં દર્શન કરવાના લોભથી-સ્વાર્થથી આગળ ઊભેલા વૈષ્ણવોને ધક્કા મારીને, શારીરિક ઇજા પણ પહોંચાડતા હોઇએ છીએ. આપણો આ અહંકાર છે. હું અને પાછળ ઊભો રહીને દર્શન કરું?

જીવનમાં ડગલેને પગલે દીનતા ચાલી ગઇ. જે કોઇ કુટુંબીજનો છે એ બધાં વૈષ્ણવ છે એવો ભાવ ભૂલાઇ ગયો. પરિણામે કુટુંબીજનો સાથે લૌકિકના સંબંધથી કલેશ થયો. ઘણીવાર ઘણા ઘરમાં જોઉં કે વડીલો બાળકોને આગ્રહ કરે કે જયશ્રીકૃષ્ણ બોલો, પણ એવું જોવામાં બહુ ઓછી જગ્યાએ આવે કે જયાં બાળક

ઊઠીને આવે એટલે વડીલ એને જયશ્રીકૃષ્ણ કરતા હોય. વડીલ એમ માને કે અમે હાથ જોડીએ? આ અહંકાર છે, સંબંધનો અહંકાર છે. એ વૈષ્ણવ છે એવો જો ભાવ જાગે તો પછી કોણ મોટું અને કોણ નાનું એ પ્રશ્ન જ ન રહે. આપણામાં દીનતા નથી.

ચોથું લક્ષણ બતાવ્યું 'ન આજ્ઞા પરત્વમ્ વિશ્વાસો.' શ્રીમહાપ્રભુજીની આજ્ઞામાં આપણને વિશ્વાસ નથી. આપણા મૂલ્યની આ મોટામાં મોટી કટોકટી છે. 'સુન્યો તો સહી પરિ સમજ્યો નહિ.' સાંભળવું છે. સમજવું અને જીવનમાં ઉતારવું નથી. ઘણીવાર મને મનમાં એવી નિરાશા જાગે છે કે આ બધા કાર્યક્રમોની ફલશ્રુતિ શું? કયાંક મનમાં એવો જવાબ મળે છે કે જીભને પવિત્ર કરવાની, ભગવદ્ગુણગાન કરવાની. બીજાઓની ફિકર તું શું કરવા કરે છે?

પેલો અખો ખોટો છે એમ તો નથી લાગતું, 'કથા સૂણી સૂણી ફૂટ્યા કાન, તોય ન આવ્યું બ્રહ્મનું જ્ઞાન!' જ્ઞાન આવ્યું એમ કયારે કહેવાય? જયારે જીવનમાં ઊતરે. મગજમાં રહે એ જ્ઞાન કામનું નથી. મગજમાંથી હૃદય સુધી પહોંચે ત્યારે એ કામનું છે. મગજમાં રહેલું જ્ઞાન હાથમાં આવે, આંગળીઓ દ્વારા જીવનનાં કાર્યોમાં આવે ત્યારે એ જ્ઞાન કામનું છે. આપણામાં એવું કોઇ હશે કે જે દરરોજ ચતુઃશ્લોકીનો પાઠ ન કરતું હોય? બધાં કરીએ છીએ. સહેલામાં સહેલો પાઠ છે. ચતુઃશ્લોકીનો પાઠ કર્યો, પણ એ આજ્ઞાનું પાલન કર્યું? 'સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ'- શ્રીમહાપ્રભુજી પણ સંકોચાઇ ગયા, કે ના, મારે આજ્ઞા નથી કરવી. ઘણીવાર આપણને ઘરમાં અનુભવ છે કે નાનપણમાં છોકરાંને લાડ કર્યાં હોય, થોડાં મોઢે ચઢાવ્યાં હોય, સ્વતંત્ર મગજનાં બન્યાં હોય, તો આપણે ય વિચાર કરીએ છીએ કે એને કહીશું કે તું આમ કર, અને આમ ન કર, પણ એ આપણું કહ્યું નહિ માને તો? મર્યાદા તૂટશે, તેથી સમસમીને બેસી રહીએ છીએ. શ્રીમહાપ્રભુજીએ પણ વિચાર કર્યો કે હું આજ્ઞા કરીશ અને આ જીવો નહીં માને તો? ગુરુઆજ્ઞાના ઉલ્લંઘનનો દોષ લાગશે. માટે મહાકારુણિકે આજ્ઞા ન કરી. કેવળ અભિપ્રાય આપ્યો. ભજનીયો વ્રજાધિપઃ - વ્રજાધિપતિ પ્રભુ સેવા કરવા લાયક છે. પરોક્ષમાં આજ્ઞા થઇ સેવા કરવા લાયક છે. આપણો એ જ ધર્મ છે. માટે ધર્મ પાળો, સેવા કરો, આ આજ્ઞાને સાંભળી, રોજ એનો પાઠ કર્યો. પણ આજ્ઞા જીવનમાં કેટલી ઊતરી? હવે એક વાત યાદ રાખવા જેવી છે. જે ઘરમાં શ્રીમહાપ્રભુજીની આજ્ઞા મુજબની ભગવદ્સેવા બિરાજશે, એ ઘરમાં પુષ્ટિમાર્ગ રહેશે, કારણ કે પુષ્ટિનો માર્ગ જ ભગવદ્સેવાનો માર્ગ છે. જયાં ભગવદ્સેવા જ નથી, જયાં શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનો સ્વીકાર જ નથી, ત્યાં

પુષ્ટિમાર્ગ કેવો? ત્યાં તો પુષ્ટિમાર્ગનું પોતનું થઇ ચૂક્યું છે. માટે શ્રીહરિરાયજી બહુ દુઃખપૂર્વક બતાવી રહ્યા છે : 'ન આજ્ઞા પરત્વં વિશ્વાસો.' શ્રીમહાપ્રભુજીની આજ્ઞામાંથી આપણે વિશ્વાસ ગુમાવી દીધો. વિશ્વાસ રાખ્યો નહિ, આ ચોથો દોષ.

પાંચમો દોષ શ્રીપ્રભુમાં અને શ્રીમહાપ્રભુજીમાં આપણને પરમ આદર નથી. એમની મહાનતાનો સ્વીકાર નથી. આદર ત્યારે જ જન્મે કે જયારે એમની મહાનતા સ્વીકારીએ. કોઇને હાથ ત્યારે જ જોડીએ કે જયારે આપણા કરતાં કોઇક બાબતમ વધારો મોટા છે એવું સ્વીકારીએ. 'અતિ પરિચયાત્ અવજ્ઞા.' બહુ કૃપા કરે એની કયારેક અવજ્ઞા થઇ જાય હોં! જે પોતાના લાગે એની કયારેક અવજ્ઞા થઇ જાય. એટલે શિક્ષણશાસ્ત્રમાં પણ એમ કહ્યું કે વિદ્યાર્થીઓ ઉપર વહાલ રાખવાનું, પણ કીપ ધેમ એટ એ ડિસ્ટન્સ. એમની અને તમારી વચ્ચે અમુક અંતર રાખવું. વિવેકનું અંતર. એ તમારા ખભે હાથ મૂકીને એવું પૂછવાની હિંમત ન કરે કે કેમ સાહેબ, આપણે અડધો અડધો કપ ચા પીશું? આવી અંતરંગતા ન ચાલે. પિતા અને પુત્ર વચ્ચે મર્યાદાનું અંતર હોય, તો પુત્રના હૃદયમાં પિતા પ્રત્યેનો આદર રહે. અંતર તૂટી જાય અને પિતા દીકરાને કહે કે ચાલ બેટા, આપણે પત્તાંની બે ગેઇમ રમી નાખીએ, તો વાત પૂરી થઇ ગઇ.

શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીએ આપણા ઉપર એટલી બધી કૃપા કરીને આપણને પોતાના બનાવી દીધા કે આપણામાંથી એમના પ્રત્યેનો આદર ઘટી ગયો. પ્રભુ માટે પ્રેમ કરવાનો એની ના નથી, પણ પ્રભુ માટે અને શ્રીમહાપ્રભુજી માટે આપણા હૃદયમાં પૂર્ણ આદર પણ હોવો જોઇએ. એવો ભાવ રહેવો જોઇએ કે એ જ મારું સર્વસ્વ છે. એ જ સાચું છે. એ કહે તે જ મારે કરવાનું છે. આવો પરમ આદર આપણે ગુમાવી દીધો.

છઠ્ઠું લક્ષણ કહ્યું : 'ન સત્સંગો.' આ બધું કેમ થયું? કેમ શુદ્ધ ભાવ ન રહ્યો? કેમ સર્વાત્મભાવ ન આવ્યો? કેમ દીનતા ન આવી? કેમ શ્રીમહાપ્રભુજીની આજ્ઞામાં વિશ્વાસ ન આવ્યો? કેમ શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુજીમાં આદર ન આવ્યો? એનું કારણ આ છઠ્ઠું લક્ષણ. 'ન સત્સંગો.' સત્સંગ નથી. સત્સંગ માટે પ્રયત્ન નથી. સત્સંગની શોધ નથી. સત્સંગ છે એ પણ દુઃસંગ જેવો છે. એના અભાવમાં બીજું શું થયું?

'નૈવ સેવા.' સેવા છૂટી ગઇ. આ સાતમું લક્ષણ. સત્સંગ રહ્યો હોત તો સેવા થાત. આપણા પ્રાચીન સમયના વૈષ્ણવો, જે સેવારસિક છે, સેવાતત્પર છે, એમને આજે પણ તમે પૂછજો કે આ સેવા કેવી રીતે આટલી બધી જીવનમાં વણાઇ ગઇ?

તો એ કહેશે કે અમે સત્સંગમાં જતા હતા. એ ભગવદ્મંડળીમાંથી આ સેવાનો રસ જાગ્યો. એ સમયમાં સેવા કરનારાં બધાં વૈષ્ણવો રાત્રે ભેગાં બેસીને અચૂક સત્સંગ કરે. એનાથી એમનો સેવાનો ભાવ દૃઢ રહ્યો. આજે આપણો સત્સંગ જ જુદો થઇ ગયો. આપણે સ્તોત્રપાઠો બોલીને, થોડીક વાતો કરીને સત્સંગ કરી લીધો. સ્તોત્રપાઠના અર્થ જાણતા જ નથી અને બોલી ગયા! એવા સત્સંગને કારણે આપણી નવી પેઢી સત્સંગમાં આવતી બંધ થઇ ગઇ. સત્સંગ એવો કરીએ કે જેમાંથી આ સર્વ ભાવ, જે હૃદયમાં મુરઝાઇ ગયા છે, એ પાછા પાંગરે.

આઠમો દોષ બતાવ્યો - 'ન નિવેદને સંસ્મૃતિઃ' - નિવેદનનું સ્મરણ નથી. દિવસમાં એક વાર ઠાકોરજીની સેવામાં તુલસી સમર્પતાં ગદ્યમંત્ર બોલો છો, ત્યારે એનું સ્મરણ - અનુસંધાન વિચારો છો કે આમાં શું કહેવાયું? આપણે ઠાકોરજી પાસે શું નિવેદન કર્યું? શું પ્રોમિસ કર્યું? રાત્રે સૂઇ જતાં કોઇ દિવસ આ નિવેદન મંત્રના અર્થનો મનમાં વિચાર કર્યો કે મેં આવું પ્રોમિસ કર્યું છે, પણ મારાથી પળાતું નથી? તમને એમ નથી લાગતું કે આપણા હૃદયની અને આપણી બુદ્ધિની બધી સંવેદનાઓ અને બધાં સ્પંદનો જડ બની ગયાં હોય? ભગવદ્ભાવ અનુભવવામાં આપણું હૃદય અને આપણી બુદ્ધિને પેરાલિટિક એટેક આવ્યો હોય એવું નથી લાગતું? આપણી બધી સંવેદનાઓ કેટલી બુઠ્ઠી થઇ ગઇ, કે આવું મહા મહા-મૂલ્યવાન બ્રહ્મસંબંધ પ્રાપ્ત થયું, એનું કોઇ સેન્સેશન જ આપણને નથી? એવું કોઇ ગૌરવ જ આપણને નથી? એનાથી આવતી લાયેબિલિટી માટે પણ આપણી તત્પરતા નથી?

શ્રીહરિરાયજીને એનું ભારે દુઃખ છે. પિતા દીકરાને પોતાની પેઢીનો વહીવટ સોંપી દે, એમ માનીને કે દીકરો હવે ઉંમરલાયક, જવાબદારી વહન કરે એવો લાયક બન્યો છે. એ દીકરો બેજવાબદાર બને, પેઢી પર જાય જ નહિ, પેઢીના વહીવટમાં જરાય રસ ન લે તો પિતાને કેટલું દુઃખ થાય? મેં તને આટલા માટે જ ઉછેર્યો હતો?

ઇતિહાસની એક કથા છે. ગુજરાતમાં જયારે રજપૂત યુગ હતો ત્યારે વસ્તુપાળ-તેજપાળ નામના બે પ્રધાનો થઇ ગયા. જૈન હતા, પણ એમને એમના ધર્મનું અનુસંધાન હતું. એકવાર યાત્રાર્થે જઇ રહ્યા હતા. ઉનાળાના દિવસ. રસ્તામાં એક વાવ આવી. જલ પીવા માટે ઊતર્યા. વાવના પહેલા પગથિયે વણઝારો બેઠો હતો. કહે કે આ વાવનું તમારે પાણી પીવું હોય તો એકેક પૈસો તમારે બંનેએ આપવો પડશે. એ જમાનામાં ધર્મનિષ્ઠ લોકો પરોપકાર માટે આવા વાવ-કૂવા બનાવે અને સદ્ભાગ્ય માને કે એનો લોકો ઉપયોગ કરશે. કોઇ એમાંથી કમાણી ન કરે. વસ્તુપાળ-તેજપાળ પૂછે છે કે ભાઇ, તારે આ વાવ સાથે શું લાગેવળગે કે તું એના

પૈસા માગે છે? ત્યારે પેલો કહે કે મારા પૂર્વજોએ બનાવી છે. આજે મારી સ્થિતિ ખરાબ થઇ છે. પૈસા નથી. એટલે હું મારા પૂર્વજોની આ વાવમાંથી પાણી પીનાર પાસેથી પૈસો લઇને જીવન ગુજારું છું. વસ્તુપાળના મનમાં થયું, આવો જુવાનજોધ માણસ, પૈસા ગયા તો મહેનત-મજૂરી કરે. પણ એના વડવાઓએ જે ધર્મભાવથી આ વાવ બનાવી, એમના ધર્મભાવનો વેપાર કરવા માંડ્યો! આવા દીકરા પાકે કે જે આપણો ધર્મ વેચે અને પેટ ભરે તો એવા દીકરાઓથી શો લાભ? એમને ધર્મશાસ્ત્ર યાદ આવ્યાં. પુત્ર શબ્દ આવ્યો કે પું નામના નરકમાંથી તારે એ પુત્ર. પું નામના નર્કમાં કોણ જાય? જે ધર્માચરણ ન કરે એ. ધર્માચરણ નથી કર્યું એવા પિતૃઓને પણ પોતાના ધર્માચરણથી નરકમાંથી બહાર લઇ જાય એ પુત્ર. પુત્રના માટે અને પુત્રના માથે ધર્માચરણની બહુ મોટી જવાબદારી મૂકવામાં આવી છે. માટે તો નરસિંહ મહેતાએ કહ્યું કે એવો વૈષ્ણવ કુળ ઈકોતેર તારે. જો કુળમાં આવો એક વૈષ્ણવ થઇ જાય તો એની આગલી ઈકોતેર પેઢીઓ તરી જાય. એને બદલે બાપદાદાઓએ કરેલા ધર્મને વેચવા નીકળ્યો છે? મનમાં બહુ ખેદ થયો. એમને કોઇ સંતાન નહોતું. અંબાજીની યાત્રાએ જતા હતા, મનમાં ભાવ હતો કે અંબાજી પાસે માગીશું કે અમને એક દીકરો આપો, પણ વિચાર બદલાઇ ગયો. આ વણઝારા જેવો દીકરો પાકશે તો? જઇને એમનાં કુળદેવીને કહ્યું, મા, અમારા ધર્મકાર્યથી તમે પ્રસન્ન થયાં હો તો એટલું માગીએ છીએ કે અમારું નખ્ખોદ જજો. અમારા ત્યાં કોઇ પુત્ર-પુત્રી ન પાકશો, જે અમારી ધર્મભાવનાને વેચનારાં નીકળે.

આજે શ્રીહરિરાયચરણને આવો કલેશ છે કે શ્રીમહાપ્રભુજીની કૃપાથી જે જીવોને મેં બ્રહ્મસંબંધ કરાવ્યો, ઉત્તમમાં ઉત્તમ ભગવદ્પ્રાપ્તિનો પારસમણિ આપ્યો એ કેવો એનો દુરુપયોગ કરે છે! બ્રહ્મસંબંધ કર્યું છે એની યાદ પણ ગુમાવી બેઠા છે. આટલા બેજવાબદાર, આટલા રેઢિયાળ બની ગયા છે.

એને કારણે શું થયું? ‘નાશ્રયો’. આશ્રય જતો રહ્યો. ‘ન વિવેકો હિ ધૈર્યમ્ ન’ વિવેક ગયો, ધૈર્ય ગયું. ‘ન શરણસ્થિતિઃ’ - શરણાગતિ ગઇ. નવમો દોષ - આશ્રયનો દોષ. દસમો દોષ વિવેકશૂન્યતા. અગિયારમો દોષ ધૈર્યની ખામી, બારમો દોષ શરણાગતિનો અભાવ. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે કે આ બધાનું મૂળ ‘ન સત્સંગઃ’. અહીં દેહલી-દીપક ન્યાય આપ્યો. સત્સંગની પહેલાંનાં પાંચ લક્ષણો અને સત્સંગ-પછીનાં આ છ લક્ષણો આપણા જીવનમાં હોવાનું કારણ સત્સંગનો અભાવ. સત્સંગનો અભાવ કેટલું મોટું નુકશાન કરી દે? આપણે વડોદરા શહેરથી થોડેક દૂર બંગલો બાંધીએ, એટલે એ બંગલાના રક્ષણની વ્યવસ્થા કરીએ. સિક્યોરિટીની

વ્યવસ્થા કરીએ. માણસ રાખીએ. કૂતરાને પાળીએ. ઘરની અંદર છૂપી જગ્યાઓ બનાવીએ કે જેમાં કિંમતી અલંકારો વગેરે રહી શકે. કેટકેટલી સિક્યોરિટી આપણે કરીએ. કારણ કે આપણને આપણો બંગલો, આપણી સંપત્તિ એ બધું બહુ પ્રિય છે. એનું રક્ષણ કરવું છે, એની સભાનતા છે. આપણે ભૌતિક સંપત્તિના રક્ષણ માટે સભાન છીએ, એટલા અલૌકિક સંપત્તિના રક્ષણ માટે સભાન નથી. માટે શ્રીહરિરાયચરણને એનું ભારે દુઃખ છે. આ સર્વ અલૌકિક સંપત્તિનું રક્ષણ, એની સિક્યોરિટી સત્સંગથી થશે. સત્સંગના અભાવમાં બધો ભાવ, બધા અલૌકિક વિચારો, બધી અલૌકિક સંપત્તિ લૂંટાઇ જશે.

તેરમું લક્ષણ કહ્યુંઃ 'ન માહાત્મ્ય.' પ્રભુના સ્વરૂપનું માહાત્મ્ય આપણે જાણે જાણતા જ નથી. શ્રીમહાપ્રભુજીએ પણ આસુરવ્યામોહલીલા પહેલાં 'શિક્ષાશ્લોકાઃ' ગ્રંથમાં આજ્ઞા કરી 'ન લૌકિકઃ' પ્રભુ કૃષ્ણો આપણા પ્રભુ લૌકિક નથી. એમને લૌકિક માનવાની ભૂલ ન કરશો. દુનિયામાં લૌકિક માણસો સાથે જેવો વ્યવહાર કરો છો એવો વહેવાર પ્રભુ સાથે ન કરશો, પણ આપણને પ્રભુની અલૌકિકતાની સ્ફૂર્તિ જ નથી, માહાત્મ્યજ્ઞાન નથી. માટે આપણે લોકાર્થી બનીને પ્રભુને પણ લૌકિક માનીને લૌકિક રીતે તેમની સેવા કરવા લાગ્યા.

ચૌદમું લક્ષણ કહ્યું, માહાત્મ્યજ્ઞાન નથી એટલે પ્રેમ નથી. કયાંય પ્રભુમાં પ્રેમ નથી. અને જયાં પ્રેમ જ ન હોય, બીજ જ ન વાવ્યું હોય ત્યાં પછી ઝાડ કેવી રીતે ઊગે? આસક્તિ, વ્યસનની તો વાત જ કયાં?

શ્રીહરિરાયજીનું હૃદય કેટલું બળી રહ્યું છે! હવે કહે છે કે આસક્તિ અને વ્યસનની તો કથા ય દુર્લભ. એનો વિચાર પણ નથી આપણા મનમાં. આશકરણજીની યાદ આવે છે? રાજયની જવાબદારી બજાવતાં બજાવતાં પ્રભુમાં કેવી આસક્તિ થઇ? યુદ્ધના મેદાનમાં કેવી માનસી સિદ્ધ થઇ? પછી બીજી જ ક્ષણે પ્રભુને લઇને રાજય છોડીને વિરક્ત બનીને નીકળી પડ્યા. કેવી વ્યસન અવસ્થા સિદ્ધ થઇ! મને તો એમ લાગે છે કે આધુનિક વૈષ્ણવોને માટે વૈષ્ણવી જિંદગી કેમ જીવાય એનો પરમ આદર્શ જો કોઇ હોય - ૮૪-૨૫૨ વાર્તાઓમાં, તો આશકરણજીનું જીવન. લૌકિકમાં આવતાં યુદ્ધોનો સંઘર્ષ કરતાં કરતાં પ્રભુમાં મન કેમ રખાય તે આશકરણજી શીખવે છે. લૌકિકની જવાબદારી જે મિનિટે પૂરી થઇ જાય એ જ મિનિટે શરીર પરથી જળ ખંખેરી નાખીએ, એમ લૌકિકની જવાબદારી ખંખેરી નાખીને ઘર છોડી ગોકુળ કેમ જતા રહેવાય એ આશકરણજી શીખવે છે. આપણી તો મરતાં મરતાં ય લૌકિકની આસક્તિ છૂટતી જ નથી!

સોળમું લક્ષણ છે 'ભક્તિમાર્ગે પ્રવેશો ન.' આપણે સૌં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો છીએ એમ કહેવડાવીએ છીએ. પણ પુષ્ટિમાર્ગની વાત તો બાજુએ રહી, પણ શાસ્ત્રોએ જે ભક્તિમાર્ગ બતાવ્યો છે એમાં પણ આપણો પ્રવેશ નથી, કારણ કે પુષ્ટિમાર્ગ તો પ્રભુ માટેનો માર્ગ છે. જે માર્ગ પર ચાલીને પ્રભુ નિઃસાધન ભક્તો માટે સામા પધારે એનું નામ પુષ્ટિમાર્ગ કારણ કે પુષ્ટિ એટલે કૃપા. કૃપા કરવી એ પ્રભુનો ધર્મ છે. કૃપા પામવી એ જીવનું લક્ષ છે. માટે કૃપા કરવા માટે પ્રભુ જે માર્ગથી જીવની પાસે પધારે એ કૃપા માર્ગ-પુષ્ટિમાર્ગ, પરંતુ જીવને પણ પ્રભુએ આપેલી શક્તિ પ્રમાણે પ્રયત્ન તો કરવાનો જ છે. પ્રભુને પામવા માટે જીવ જે માર્ગ ઉપર ચાલે એ ભકિતમાર્ગ. જીવે ભક્તિ કરવાની છે. જીવ ભક્તિ કરતો કરતો આગળ વધે ત્યારે એ ભક્તિપરાયણ જીવને પોતાના સ્વરૂપનું દાન કરવા પ્રભુ સામે પધારે છે. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે ભક્તિની વાત તો પછી, પણ હજી આપણો ભક્તિમાર્ગમાં ય પ્રવેશ થયો નથી. ભક્તિના માર્ગ સુધી જ પહોંચ્યા નથી, ત્યાં ભગવદ્પ્રાપ્તિ તો કયાંથી થશે?

સત્તરમું લક્ષણ બતાવ્યું 'ધર્મમાર્ગે ન ચ સ્થિતિઃ' ભક્તિની કયાં વાત કરીએ, વેદાદિ શાસ્ત્રોએ બતાવ્યા છે તે ધર્મોનું પણ આપણાથી આચરણ નથી થતું. વર્ણ અને આશ્રમના ધર્મો છે. બ્રાહ્મણના ધર્મ જુદા, વૈશ્યના ધર્મ જુદા. ગૃહસ્થના ધર્મ જુદા, બ્રહ્મચારીના ધર્મ જુદા આપણે ગૃહસ્થ છીએ, તો શાસ્ત્રોએ વૈશ્યના અને ગૃહસ્થના જે ધર્મો બતાવ્યા છે એનું પણ આપણે હજી પાલન કરી શકતા નથી.

શ્રીઆચાર્યચરણોનો દૃઢ મત છે કે ભક્તિના માર્ગે ચાલવા માટે આ વર્ણ અને આશ્રમના સર્વ ધર્મોનું પાલન કરવું આવશ્યક છે. જયાં આપણને એવું ભાન છે કે આ શરીર છે, આ ઈન્દ્રિયો છે ત્યાં સુધી આ શરીરના જે કંઇ ધર્મો છે એનું પાલન કરવું જ જોઇએ. આજે આપણામાંથી દેહ-ધર્મ ચાલ્યા ગયા. મનુષ્યરૂપે જન્મવા છતાં આપણામાં માનવતા નથી અનુભવાતી. કયાંક પશુતાનાં દર્શન થાય છે, કયાંક દાનવતાનાં દર્શન થાય છે. આજના સમયમાં વિચારકોમાં બોલવાની એક ફેશન આવી છે કે માનવધર્મનું પાલન કરો. માનવધર્મ હોય જ નહીં, કારણ કે માનવને જે ફરજો બજાવવાની છે, એ એનાં કર્તવ્યો છે. ધર્મ તો કેવળ આત્માનો હોય. મનુષ્યરૂપે, મનુષ્ય-શરીરથી આપણે જે કામ કરીએ, જે કરવાં જોઇએ એ તો શરીર સાથે જોડાયેલી બાબતો છે. જેમ દાંત છે તો દાંતથી ચાવીએ છીએ, એમાં કંઇ નવાઇ કરીએ છીએ ખરા? એમ મનુષ્યનું જે શરીર છે, તેનાથી બીજાઓને મદદ કરવી, બીજાઓ પર દયા રાખવી, બીજાઓ માટે જાત ઘસવી, એ તો બહુ સ્વાભાવિક

બાબતો છે. એમાં આપણે કંઇ વિશેષ કરતા નથી. મનુષ્ય છીએ માટે આ બધું કરવાનું છે. વાઘ કે સિંહની યોનિમાં જન્મ્યા હોત તો અહિંસા આચરવાનો સવાલ જ નહોતો.

શ્રીહરિરાયચરણ બતાવે છે કે આવા મનુષ્યની જે ફરજો ધર્મશાસ્ત્રોએ બતાવી છે, એનું પાલન પણ આપણાથી થતું નથી. આપણામાં સંયમ નથી, સંતોષ નથી. આપણામાં પરોપકાર નથી, ત્યાગ નથી, બીજાને મદદ કરવાની વૃત્તિ નથી, દયા નથી.

અઢારમું લક્ષણ બતાવ્યું - 'દેશાદિ શુદ્ધ ભાવો ન.' દેશ, કર્મ, મંત્ર આદિ જો શુદ્ધ હોય તો એ શુદ્ધ સ્થિતિમાં કરેલાં ધર્મકાર્યોનું ફળ મળે છે. પણ આપણે જયાં જીવીએ છીએ એ દેશ, એ કાલ, એ દ્રવ્ય - જે કંઇ આપણું છે એ પણ શુદ્ધ નથી.

અહીં દેશનો એક બીજો પણ અર્થ લેવાનો છે. આપણા રહેવાની જગ્યા અને આપણું શરીર. આ બંને અશુદ્ધ હોવાને કારણે એમાં પ્રભુ બિરાજતા નથી. ઘરમાં લૌકિક સુખ માટેની સગવડો છે, પ્રભુના સુખની સગવડો નથી, માટે આપણું ઘર અશુદ્ધ છે. શરીરમાં લૌકિક વિચારો છે, પ્રભુના વિચારો નથી, માટે શરીર અ શુદ્ધ છે.

ઓગણીસમું લક્ષણ કહ્યું: 'કાલદોષાઃ ન વૈદિકમ્' - સમય દૂષિત છે, કલિયુગ છે, કલિયુગમાં વૈદિક ધર્મો યજ્ઞયાગાદિએ જે ફળ આપવું જોઇએ, એવું ફળ આપી શકતા નથી. પરિણામે, યજ્ઞયાગાદિનાં ફળ આપણને પ્રાપ્ત થતાં નથી. માટે કહેવામાં આવ્યું કે કલિયુગમાં બીજા કોઇપણ ધર્મોનું આચરણ કરવું શક્ય નથી. 'કલૌ કેશવ કીર્તનાત્' - કલિયુગમાં કેવળ પ્રભુનાં કીર્તન, પ્રભુનાં ગુણગાન એ જ ઉત્તમમાં ઉત્તમ સાધન છે, પણ આ આપણાથી બનતું નથી.

વીસમું લક્ષણ કહ્યું : 'ન ચ વ્યાવૃત્તિ'... વ્યાવૃત્તિ શબ્દના બે અર્થ થાય. સીધો અર્થ વ્યાવૃત્તિ એટલે કમાવા માટેની આપણી પ્રવૃત્તિ. નોકરી હોય કે ધંધો હોય, એ વ્યાવૃત્તિ કહેવાય. આપણને પ્રભુમાં દૃઢ વિશ્વાસ થવો મુશ્કેલ છે. પરિણામે દ્રવ્ય પ્રાપ્ત કરવા માટેનાં નોકરી ધંધો વગેરે લૌકિક કાર્યો આપણે છોડી શકતા નથી. એમાં જરૂર કરતાં પણ વધારે ગૂંથાયેલા રહીએ છીએ. રાતદિવસ એનું જ ચિંતન ચાલતું રહે છે અને પરિણામે, પ્રભુને માટે જેટલો સમય આપવો જોઇએ એટલો સમય આપણે આપી શકતા નથી.

વ્યાવૃત્તિનો બીજો અર્થ છે, વૃત્તિ એટલે વિચાર. એને બે ઉપસર્ગ લાગ્યા. વિ અને આ. આવૃત્તિ એટલે ચારેય બાજુના વિચાર, અને વિ - આવૃત્તિ એટલે

વિશેષતાપૂર્વક ચારેય બાજુના વિચાર એ વ્યાવૃત્તિ. આમ, વ્યાવૃત્તિનો અર્થ થયો સંપૂર્ણ રીતે લૌકિક વિચારો. લૌકિક વિચારોમાં ડૂબી જવું, ડૂબેલા રહેવું એનું નામ વ્યાવૃત્તિ. આપણું મન, આ લૌકિક વિચારોમાં પૂર્ણ રીતે ડૂબેલું રહે છે. લૌકિક વિચારો મનમાંથી ખસતા જ નથી. સેવામાં હોઈએ કે સ્મરણ કરતાં હોઈએ, જપમાળાના મણકા ફરે, પણ મનમાં જપ ન થાય. મનના તરંગો કંઈક લૌકિકમાં ભટકતા હોય. ઘણીવાર તો મારા-તમારા જેવાના જીવનમાં એવું ય જોવામાં આવે કે ટેવ પ્રમાણે મણકા ફરે અને આપણે સામા માણસ સાથે વાત કરતાં હોઈએ. સેવા દરમ્યાન ઘરમાં ફોનની ઘંટડી વાગે અને કોઈ સ્વજન ફોન ઉપાડે એટલે આપણા કાન અને મન ત્યાં દોડી જાય. કોનો ફોન હશે? શી વાત થતી હશે? આપણું મન લૌકિકમાં ભટકવા ટેવાઈ ગયું છે. દયારામભાઈએ મનને હરાયા ઢોર સાથે સરખાવ્યું છે. આવા મનમાં સતત લૌકિક વિચારોની ગડમથલ ચાલ્યા કરે છે અને એમાંથી આપણે છૂટી શકતા નથી. માટે સેવા કે સ્મરણમાં આપણું મન લાગતું નથી. આ વીસમો દોષ થયો.

એકવીસમું લક્ષણ શ્રીહરિરાયજીએ બતાવ્યું, મન પ્રભુમાં એકાગ્ર ન થાય. અહીં વ્યાવૃત્તિનો અર્થ નોકરી કે વેપાર લીધો. આપણે નોકરી કરીએ કે વેપાર કરીએ અને માતા-બહેનો ઘરકામ કરે. આ બધાં જ લૌકિક કાર્યો કરતી વખતે આગળ જોયું તેમ મન પ્રભુમાં રહેવું જોઈએ. આપણામાં એક કહેવત આવી - હાથથી કામ અને મુખથી નામ - પણ આપણા હાથ લૌકિક કામ કરે ત્યારે મોઢું પ્રભુનું નામ લેતું નથી. નારાયણદાસ દીવાન પાસેથી આ વીત શીખવા જેવી છે. ભૈયા ગોકુલ કબ ચલેંગે? એમને તો આપણા કરતાં ઘણી બધી વધારે જવાબદારીઓ, પણ નારાયણદાસજીએ એનો રસ્તો કાઢ્યો. એક વ્રજવાસીને બેસાડ્યા, કે દર પાંચ મિનિટે તારે મને આ પ્રશ્ન પૂછવો. હું જવાબ ન આપું તોયે પૂછવો. વ્રજવાસી પૂછે છે : ભૈયા ગોકુલ કબ ચલેંગે? અતિ વ્યસ્ત હોય, પણ એક ક્ષણ પ્રભુનું ધ્યાન ધરતાં ચપટી વગાડે અને કહે કે અબ ચલેંગે અને પાછા પોતાના લૌકિક કાર્યોમાં ડૂબી જાય. દીવાનગીરી સંભાળતાં સંભાળતાં, લૌકિક જવાબદારી અદા કરતાં કરતાં પણ એમણે ભગવદ્‌લીલાઓનું ધ્યાન કરવાનો માર્ગ શોધી કાઢ્યો.

આપણા ભાગ્યમાં તો એવા વ્રજવાસી કયાંથી હોય! કે જે દર પાંચ મિનિટે પૂછે કે ભૈયા, ગોકુલ કબ ચલેંગે? ત્યારે શું કરીશું? આપણા પ્રાચીન વડીલોએ એનો રસ્તો શોધ્યો છે. ઘરના બધા જ ઓરડાઓમાં ચારેય દીવાલ પર લીલાનાં ચિત્રજી પધરાવવામાં આવતાં. વૈષ્ણવ વેપારી પોતાની દુકાનમાં પોતાની બેસવાની જગ્યાની

સામેની દીવાલ પર ઠાકોરજીનાં ચિત્રજી પધરાવે. આ એક સામાન્ય વ્યવસ્થા હતી. જેથી કરીને હરતાં-ફરતાં અને કામ કરતાં કરતાં અનાયાસ નજર ત્યાં જાય, ત્યારે પ્રભુનાં દર્શન, ચિંતન, મનન થઇ જાય. પણ આ વ્યવસ્થા આપણી નવી ફેશનને માફક ન આવી. દીવાલો ઉપર આવાં ચિત્રો ન લગાડાય, પેલા ઇન્ટીરિયર ડેકોરેટરે ના પાડી. પરિણામે, આપણા ઘરમાંથી આ બધાં ચિત્રજી ઉઠાવી લીધાં. કયાંક પેલા ભંગાર ,વેચનારાઓને આપી દીધાં, કયાંક માળિયે મૂકી દીધાં અને કયાંક જમુનાજીમાં પધરાવી દીધાં. એટલે ઘરમાં હરીએ-ફરીએ, પણ કયાંય ચિત્રજીનાં દર્શન ન થાય અને દર્શન ન થાય એટલે મન પ્રભુમાં લાગે નહિ. માટે શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી, એવો કંઇક રસ્તો જે તમને માફક હોય, એવો ઉપાય શોધી કાઢો કે જેને કારણે ઘરકામ કરતાં, નોકરી કરતાં, ધંધો કરતાં પ્રભુની યાદ વારંવાર આવ્યા કરે, મન પ્રભુમાં રોકાયેલું રહે.

બાવીસમું લક્ષણ બતાવ્યું, સેવામાં મન લાગતું નથી. બહુ મોટી મૂંઝવણ છે આજે. હું નથી માનતો કે કોઇ વૈષ્ણવ એવા છે કે એને સેવા નથી જ કરવી. સેવા સૌને કરવી છે, પણ શરીરને તકલીફ ન પડે, તો સેવા કરવી છે. શરીરને જરાયે તકલીફ ન થવી જોઇએ. લૌકિક મોજશોખમાં જરાયે રૂકાવટ ન આવવી જોઇએ. લૌકિકમાં જરાયે બાધા ન પડવી જોઇએ. હરવા-ફરવાનું, બહારનું ખાવાનું, આ બધું બંધ ન થવું જોઇએ અને જો સેવા થઇ શકતી હોય, તો સેવા કર્યાનો સંતોષ લેવો છે. સેવાને માટે સેવા થતી જ નથી.

સેવા માટે ત્યાગ નથી, માટે સેવામાં મન નથી. એક લૌકિક ઉદાહરણથી આ વાત સમજજો. જયારે સ્ત્રી માતા બનવાની હોય છે, ગર્ભવતી બને છે, ત્યારે પોતાના ભાવિ બાળકના સુખ માટે એને ઘણી ગમતી વસ્તુઓનો એ ત્યાગ કરે છે અને ડૉકટરની સલાહ પ્રમાણેનું ભોજન લે છે. પોતે ન ભાવતાં શાકભાજી પણ ખાય છે, કારણ કે એને બાળકનું પોષણ કરવાનું છે. બાળકના સ્વાસ્થ્યને અનુકૂળ ન હોય એવા ભોજનના પદાર્થોનો બહુ સહજ રીતે ત્યાગ કરી દે છે. બાળકના સુખ માટે હરવા-ફરવાનું ઓછું કરી નાખે છે. બાળકને તંદુરસ્તી પ્રાપ્ત થાય એ માટે પોતાને જે કંઇ ત્યાગ કરવો પડે એ બધો જ ત્યાગ કરે છે, કારણ કે એના હ્રદયમાં માતૃત્વનું વાત્સલ્ય-ઝરણું પ્રગટ થયું છે. કોઇને કહેવું નથી પડતું, કોઇને બળજબરી કરવી નથી પડતી, તે પોતાની ફરજ સ્વીકારી લે છે. મોં મચકોડીને નહિ પણ આનંદથી આ બધો ત્યાગ જીવનમાં અપનાવે છે. એ જ માતા પ્રભુને બાળક તરીકે સ્વીકારવા તૈયાર થતી નથી. આપણે પણ જો આપણા પ્રભુને બાળક તરીકે સ્વીકારવા તૈયાર થઇએ તો

આ જ માતૃત્વનું ઝરણું આપણા હૃદયમાં પણ ફૂટે. વૈદિક ધર્મોથી-કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ કે ઉપાસનામાર્ગથી-પ્રભુએ પુરુષોને મોક્ષપ્રાપ્તિ સુલભ કરી આપી, પણ ભક્તિમાર્ગથી ભગવદ્પ્રાપ્તિ સ્ત્રીઓ અને શૂદ્રોને સુલભ કરી આપી. શ્રીમહાપ્રભુજી 'સર્વનિર્ણયગ્રંથ'માં આજ્ઞા કરે છે કે ભક્તિમાર્ગને અનુસરવા માટે ઉત્તમમાં ઉત્તમ શૂદ્રો છે અને પછી સ્ત્રીઓ છે, કારણ કે બંને જન્મજાત સ્વભાવથી દાસભાવવાળાં છે. શૂદ્રો બિચારા કયારે કોઇના માલિક બને? નોકરને કયારે હુકમ કરવાનો વખત આવે? સ્ત્રી પણ આજ સુધીમાં ભારતીય કુટુંબોમાં આજ્ઞાકારિણી બનીને રહી છે. આજ્ઞા કરનારી નથી રહી, પણ આજ્ઞા સ્વીકારનારી રહી છે. આ દાસભાવ લૌકિકમાં એને સહજ રીતે પ્રાપ્ત હોવાથી એ દાસભાવ પ્રભુમાં વાળવો એમનામાં સહજ છે. જયારે હુકમ કરવા ટેવાયેલો પુરુષ સેવામાં જલદી દાસભાવ લાવી શકતો નથી. માટે માતાઓ અને સ્ત્રીઓને કે જેમને માતૃત્વ વારસામાં મળેલ છે, એમને પ્રભુની સેવામાં પોતાનાં સુખોનો ત્યાગ કરવો જરાયે મુશ્કેલ નથી. પ્રભુને બાળક તરીકે સ્વીકારી લઇએ, આપણા પુત્ર બનાવી લઇએ તો મને લાગે છે કે એ અલૌકિક પુત્રના સુખ માટે આપણે આપણો સર્વ ત્યાગ આનંદપૂર્વક કરીએ.

૨૩મું લક્ષણ બતાવ્યું. મનની સ્વતંત્રતા નથી. મનની સ્વતંત્રતાની તો વાત જ શું કરીએ? એમ શ્રીહરિરાયચરણ કહે છે. તમે કહેશો કે કેમ? તો આપણું મન આપણા વશમાં જ નથી. આપણા મનને તો બીજાંઓએ પોતાના વશમાં કરી લીધું છે. આપણે સૌ એમ કહીએ છીએ કે હું મારું ધાર્યું કરું છું. પણ વાત ખોટી છે. આપણે આપણું ધાર્યું કરી શકતા નથી. આપણે બીજાનું જ ધાર્યું હંમેશને માટે કરતા હોઇએ છીએ. વેપાર કરવો હોય તો હમેશાં કહેવું પડે કે ઘરાક સાચો. સારો વેપારી હમેશાં ગ્રાહક પાસે નમે કે સારું ભાઇ! તું કહે તે સાચું. હું મારા ઘરનો માલિક છું, કારણ કે મને મારી પત્નીએ એમ કરવાની છૂટ આપી છે. એટલે પત્નીની કૃપા છે, તેથી હું ઘરનો માલિક છું. પત્ની જો ધારે તો મારી બકરી બેં કરી દે. પહેલાં એમ કહેવાતું હતું કે ગુરુદેવો ભવ- આજે એમ કહીએ છીએ કે -શિષ્ય દેવો ભવ - નબળા શિક્ષકોએ હાથ જોડીને વિદ્યાર્થીઓને કહેવું પડે કે ભાઇ! તમે ગુસ્સે ન થશો, તમે કહેશો તેમ હું ભણાવીશ અને નહીં ભણવુંહોય તો નહીં ભણાવીએ, પણ અમારી આબરૂ રાખો. પરિસ્થિતિ કેટલી ખરાબ છે! કથાકારને પણ એમ કહેવામાં આવે, અમને ગમે એવું કહો. અમારું મનોરંજન કરો. આજે આપણે જોઇએ છીએ કે આપણો મનોરંજનનો સ્વભાવ જાણીને મોટા મોટા મહાનુભાવ કથાકારોને કથામાં મૂળ કથા કહેવાને બદલે બીજું ઘણું બધું કહેવુ પડે છે. જે લોકોને રાજી રાખે, એની

સંખ્યા વધે. કયાંય મનને સ્વતંત્રતા જ નહિ. ડગલે ને પગલે કોઇ આપણને રોકતું હોય, ટોકતું હોય - આમ નહિ, પણ આમ કરો. અરે! કપડાંનો રંગ પસંદ કરવો હોય તો કોઇની રુચિને ધ્યાનમાં રાખીને કરવાનો. એમ કહે કે મને પીળો રંગ ગમે છે, માટે પીળા રંગનું કાપડ પસંદ કરો એમ થાય કે બધાનું ગમતું કરીએ, પણ અમને અમારું ગમતું તો થોડુંક તો કરવા દો.

વૈષ્ણવને ગમતું શું હોય? પ્રભુની સેવા અને સ્મરણ. એ મન નથી કરી શકતું, કારણ કે એના પર બહારથી ચારેય બાજુથી પ્રેસર છે. એક ૩૦ વર્ષના યુવાન ભાઇ તેમનો પ્રોબ્લેમ લઇને મને મળવા આવ્યા. કહે કે ભાઇ, હું ઘરમાં ઠાકોરજીની સેવા કરું છું. પણ પત્ની અનુકૂળ નથી. એ એમ કહે છે કે યુવાવયમાં શું ધતિંગ કરો છો? હરવા-ફરવાની, ખાવા-પીવાની ઉંમરમાં, બહારનું ખાવું નહિ અને ઘરની સેવાની ઓરડીમાં ઘૂસી રહેવું! આ તે કંઇ જીવન છે? હવે મારો વ્યવસાય એવો છે કે મારે વારંવાર બહારગામ જવું પડે છે. પત્ની તો બિલકુલ સેવાની ઓરડી તરફ નજર કરવાની પણ ના પાડે છે. દર વખતે હું ઠાકોરજી કયાં પધરાવું? પુરુષો ના પાડતા હોય તેવા પ્રસંગો તો ઘણા સાંભળ્યા છે, પણ માતાઓ અને બહેનો ના પાડતાં હોય એવું ય હવે બનવા લાગ્યું છે. ચારેય બાજુના પ્રેસરની વચ્ચે આપણા મનનું સેન્ડવીચ થાય છે. મનમાં જયારે કોઇ પણ મૂંઝવણ થઇ જાય કે મન સ્વતંત્ર જ ન નહિ. ઠાકોરજીનું સ્મરણ પણ આપણી ઇચ્છા પ્રમાણે ન કરી શકીએ અને ઠાકોરજીની સેવામાં પણ આપણા મનને બહારના પ્રતિબંધો નડે! શ્રીહરિરાયજી કહે છે કે આપણી પણ આ સ્થિતિ છે.

ચોવીસમું લક્ષણ બતાવ્યું, વિરહનો અભાવ. સેવા કરનારાઓને ઘણી વાર પૂછવાનું મન થાય. ઠાકોરજીની સેવામાંથી બહાર આવીએ પછી ઠાકોરજીનો વિરહ થાય છે? ઠાકોરજીનો વિરહ તો એક જ ભગવદીયને થયો. એવો બીજા કોઇને ન થયો. શ્રીમહાપ્રભુજીના સેવક થઇ ગયા શ્રીજીયદાસસૂરિ. એક જ સમયની સેવા કરી એમણે, મંગળાથી રાજભોગની. અનોસર થતાં બહાર આવીને દંડવત્ કર્યા અને એટલો વિરહ થયો કે હા નાથ! હવે તમારા વિના એક પણ ક્ષણ કેમ જશે? વિરહનો અગ્નિ એટલો પ્રજવલિત થઇ ગયો કે તેઓ ત્યાં જ ઢળી પડયા. દેહ છૂટી ગયો. આપણને પ્રભુની સેવા ન હોય એવા સમયમાં પ્રભુનો આવો વિરહ થાય છે ખરો? સૂતક આવે, વરધી આવે, બહારગામ જવાનું થાય, શરીરને રોગનો પ્રતિબંધ નડે અને સેવામાં ન પહોંચાય ત્યારે કોઇ દિવસ આ હાલતમાં વિરહમાં આંખમાંથી આંસુ ટપકે છે ખરાં? બપોરે અને રાત્રે ઊંઘમાંથી પડખું ફરતાં હા નાથ, આપ કયાં

બિરાજતા હશો, એવો નિઃશ્વાસ મનમાંથી નીકળે છે ખરો? જયાં સુધી પ્રભુનો વિરહ ન પ્રગટે ત્યાં સુધી પ્રભુમાં પ્રેમ દૃઢ ન થાય. વિરહ નથી જાગતો, કારણ કે આપણો સેવામાં સ્નેહ નથી, કેવળ ક્રિયા જ છે.

૨૫મું લક્ષણ બતાવ્યું, વાણીનો અને દૃષ્ટિનો સંયમ નથી. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે, તમારી ત્રણ વસ્તુ બીજા કોઇનેય આપશો નહિ. એક જીભ, બીજા કાન, ત્રીજી આંખો. જીભ વાણી બોલે છે અને કાન વાણી સાંભળે છે. ત્રીજું અંગ આંખો. આંખો જુએ છે. વાણી અને દૃષ્ટિ ઉપર આપણો સંયમ નથી. આંખોને ભગવદ્દર્શનમાં અનુરાગ નથી, આંખોને અનુરાગ છે, લૌકિક દૃષ્ટિમાં. વાણીને ભગવદ્ ગુણગાનમાં પ્રીતિ નથી. વાણીને ગમે છે લૌકિક નિંદા. કાનને કીર્તન-શ્રવણમાં રસ નથી, કાનને સાંભળવો છે નિંદારસ. આવી સ્થિતિમાં અંતઃકરણમાં પ્રભુને પધરાવવા આંખ અને કાનનાં જે દ્વાર છે એ દ્વાર બિડાઇ ગયાં. ખરેખર તો દૃષ્ટિ સદા શ્યામને શોધતી હોય. પેલા કવિએ કહ્યું એમ, ‘જયાં જયાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની.’ આકાશ તરફ દૃષ્ટિ થાય તો મેઘશ્યામ એવા શ્યામસુંદરનું સ્મરણ થાય. વૃક્ષો તરફ દૃષ્ટિ જાય તો વૃક્ષે-વૃક્ષે વેણુર્ધારીનું સ્મરણ થાય. કોઇ પર્વત તરફ નજર જાય તો શ્રીગિરિરાજ બાવાનું સ્મરણ થાય. કોઇ જલાશય નજરે પડે તો શ્રીયમુના મહારાણી યાદ આવે. સર્વત્ર ભગવદ્દર્શનની અભિલાષા આંખને રહેવી જોઇએ. ‘અખિયાં હરિદર્શનકી પ્યાસીઃ’ એ આંખોને પ્રભુનાં દર્શન કરવાં ગમતાં નથી. આપણા મંદિરમાં દર્શનાર્થીઓની ભીડ જામે છે ખરી, પણ પ્રશ્ન એ છે કે કોણ કોનાં દર્શન કરે છે? ભગવદ્-સ્વરૂપનાં દર્શન કેટલાં થયાં? દર્શન કરીને બહાર આવનારને પૂછો, ઠાકોરજીનાં વસ્ત્રનો કયો રંગ હતો? શૃંગારની કદાચ સમજ ન પડે તો કાંઇ વાંધો નહિ, પણ શ્રીકંઠમાં માળાઓ કેટલી હતી? એમાંયે મહા વિચિત્રતા તો એ કે સામાન્ય દિવસોએ હજુ ભગવદ્-મુખારવિંદ પર દૃષ્ટિ જાય, પણ જે દિવસે મનોરથો હોય, સજાવટ હોય, ત્યારે જેટલી સજાવટ ઉત્તમ અને વધારે, એટલાં દર્શન ઓછાં. કેવળ સજાવટ જોઇ રાજી થઇને ઘેર આવવાનું. એ દિવસે ઠાકોરજી પર નજર સ્થિર થઇ જ ન હોય. આપણી આ વિચિત્રતા. દૃષ્ટિને દર્શન કરવાં નથી ગમતાં. કાનને ભગવદ્-રસ પીવો નથી ગમતો. વાણીને ભગવદ્ ગુણગાન ગાવાં નથી ગમતા. શ્રીહરિરાયજી કહે છે, આવા દોષોને કારણે અંતઃકરણમાં ભગવદ્-આવિર્ભાવ થતો નથી.

૨૬મું લક્ષણ છે, અભક્તો તરફ આત્મીયતા. જે પ્રભુના ભક્ત નથી, જે પ્રભુનાં સેવાસ્મરણ-પરાયણ નથી, એવા મનુષ્યો પ્રત્યે આપણી ઉદાસીનતા નથી. એવા સાથે

બહુ ગાઢ સંબંધો બાંધીને બેઠા છીએ. એમને રોજ મળ્યા વિના નથી ચાલતું અને એમની સાથે રોજ લૌકિકમાં ગપ્પાં માર્યા સિવાય નથી ચાલતું. હવે મોટાં શહેરોમાં રાત પડે કલબમાં ગયા વિના ચાલતું નથી. ઘરમાં હોઇએ તો ટીવી જોયા વિના નથી ચાલતું. આ બધા અભક્તો છે. પ્રભુથી વિમુખ કરાવનારા છે. એમના પ્રત્યે આપણી કોઇ ઉદાસીનતા નથી. એમનામાં આપણને બહુ જ સ્નેહ છે અને એને કારણે આપણને દુઃસંગ મળે છે.

૨૭મું લક્ષણ કહ્યું : લૌકિકાસક્તિ. ઘર વગેરેમાં રહેવાનું, પણ આસક્તિ નહિ રાખવાની. ઘર વગેરેમાંથી આસક્તિ જાય તો પ્રભુમાં આસક્તિ જાગે. 'ભક્તિવર્ધિની'માં શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું, પ્રભુમાં સ્નેહ થયો ત્યારે જાણવો, જયારે જગતમાંથી રાગ ઘટવા લાગે, દુન્યવી ચીજોમાંથી આકર્ષણ અને મોહ ઘટે, તો દામોદરલાલમાં પ્રેમ વધે. આસક્તિનું લક્ષણ બતાવ્યું, ઘર અને ઘરના સૌમાંથી લૌકિક આસક્તિ ઘટે, ત્યારે પ્રભુમાં આસક્તિ વધે અને પ્રભુમાં આસક્તિ વધે ત્યારે ઘરમાં રહેવાની ઇચ્છા ન થાય. ઘર અકારું લાગે. આપણને પણ કયારેક-કયારેક ઘર અકારું તો લાગે જ છે, પણ જે દિવસે ઘરમાં ઝઘડો થાય એ દિવસે, પણ એ ઘરનો મોહ છૂટતો નથી. ઘરનાં માણસોનો મોહ છૂટતો નથી. જેને ઘરમાં મોહ છે એને ઘનશ્યામમાં આસક્તિ થતી નથી. પ્રભુ તો કહે છે કે કાં તો તું મને સ્વીકાર, કાં તો તારાં સગાંઓને સ્વીકાર. દૂધ અને દહીંમાં પગ રાખવાનું પાખંડ ન કરીશ.

૨૮મું લક્ષણ બતાવ્યું, અભિમાન. અભિમાન જતું નથી, લોભ જતો નથી, ક્રોધ જતો નથી.

૨૯મું લક્ષણ છે, સ્વધર્મ નથી. શ્રીમહાપ્રભુજીએ સ્વધર્મ બતાવ્યો, ભગવદ્સેવા. એનો પરિગ્રહ એટલે એને વળગીને રહેવું ગમતું નથી.

૩૦મું લક્ષણ, જે કરવાની જરુર નથી એવી બાબતો છૂટતી નથી.

આવા ૩૦ દોષોથી આપણે સૌ ભરેલાં છીએ. શ્રીહરિરાયચરણ તો કોઇનેય માટે કયારેય આંગળી ચીંધતા જ નથી, કે તું આવો છે. એ તો હમેશાં દીનતાના સાગર હોવાથી પોતાના હૃદય તરફ જ આંગળી કરે છે, હે હૃદય! હે જીવાત્મા! તું આવા ત્રીસ દોષોથી ભરેલો છે. મારી આવી સ્થિતિ હોય તો મારા પ્રભુ શું કરે? મારા પ્રભુને ઘણી કૃપા કરવી છે, પણ મારે કૃપાને પાત્ર તો બનવું જોઇએ ને! પ્રભુને કૃપા કરવી છે, એમનો એ સ્વભાવ છે, પણ કૃપાને પાત્ર બનવા માટે જીવે પણ તત્પરતા દાખવવી જોઇએ. દયારામભાઇએ બહુ સુંદર વાત કરી છે.

'જે કોઇ પ્રેમઅંશ અવતરે, પ્રેમ રસ તેના ઉરમાં ઠરે,
સિંહણ કેરું દૂધ હોય, તે સિંહણ સુતને જરે.'

આપણે જરા સરખો પ્રેમ પ્રભુ પ્રત્યે કરીએ તો પ્રભુ પ્રેમનો પહાડ લઇને પધારવા તૈયાર છે, કારણ તેમનો સ્વભાવ.

'રાઈ જિતની સેવા કો ફલ માનત મેરુ સમાન.' પણ આપણે કશું જ ન કરીએ તો પ્રભુ ઉદાસીન બની જાય છે. શ્રીહરિરાયજી કહે છે, મારા પ્રભુનો કોઇ વાંક નથી. મને પ્રભુનો અનુભવ નથી થતો, એમાં મારા પ્રભુનો કોઇ દોષ નથી, દોષ તો ત્રીસ ત્રીસ મારા હૃદયમાં પડ્યા છે! મારા પ્રભુ શું કરે? હું મારી ફરજ ન બજાવું તો પ્રભુ શું કરે? વિદ્યાર્થી ચોપડી જ ન ખોલે અને પેપર કોરો મૂકીને આવે તો પરીક્ષક શું કરે? પ્રભુને કૃપાના માર્ક આપવા છે, પણ આપણે ભક્તિનો પેપર લખવો જ નથી, પછી પ્રભુ શું કરે? શ્રીહરિરાયચરણ પોતાને માટે કેટલી દીનતા પ્રગટ કરે છે? અરે! કાંઇ ન થાય તો આવી દીનતા તો કરીએ! હું દોષોના મહેલ જેવો છું. 'સર્વસદ્ગુણવર્જિતે.' મારામાં એક પણ સદ્ગુણ નથી. બધા સદ્ગુણ વિનાનો છું. હું નિઃસાધન છું. મારી પાસે જે કંઇ સાધનો છે, એ પ્રભુની સેવાના ઉપયોગમાં લઇ શકતો નથી. આવી પોતાની જાતનો હમેશાં વિચાર કરવો. આમ વિચાર કરતા રહેવાથી, દોષદર્શન કરવાથી, પોતાની મર્યાદાઓને સમજવાથી, જીવ એ મર્યાદાઓને ઓળંગવા તૈયાર બને છે. જેને એવો સ્વભાવ છે કે મારે શીખવું છે અને મને કંઇ નથી આવડતું એ જ્ઞાન મેળવી શકે છે, પણ જેના મનમાં એવો અહંકાર છે કે મને તો બધું આવડે છે, એ કંઇ શીખી શકતો નથી.

માટે આધુનિક વૈષ્ણવોને શ્રી હરિરાયચરણે આ ૩૭મા શિક્ષાપત્રમાં દોષો બતાવીને એમ આજ્ઞા કરી કે હે વૈષ્ણવો! આપણે આપણા દોષોનો વિચાર કરી, એમાંથી મુક્ત થવા માટે મથામણ કરીશું તો પ્રભુકૃપા આપણને એમાંથી મુક્ત કરશે. કદાચ ત્રીસેત્રીસ દોષ દૂર નહિ થાય તો ત્રીસમાંથી ત્રણ દોષ તો દૂર થશે. બાકી રહ્યા છે ૨૭. દર જન્મે ત્રણ દોષ છોડીએ, તો દશ જન્મ પછી અગિયારમે જન્મે તો પ્રભુની પ્રાપ્તિ થશે ને! કેટલી સહેલી વાત છે! શ્રીમહાપ્રભુજીએ તો આપણા પર કૃપા કરવા શ્રીહરસાનીજીને પણ ૧૦ જન્મના અંતરાયની આજ્ઞા કરી તો શ્રીહરસાનીજીની કૃપાથી ૧૦ જન્મે તો પ્રભુ આપણને સ્વીકારશે ને? હૃદયમાં એક વિશ્વાસ રહેશે કે મારો અગિયારમો જન્મ નહિ હોય. આ જન્મમાં ત્રીસેત્રીસ દોષ છૂટી જાય તો બેડો પાર. દસ જન્મ સુધી રાહ જોવી છે એ આપણે નક્કી કરવાનું. પણ આ ત્રીસ દોષ ગયા નથી કે હૃદયમાં ભગવદ્-પ્રાકટ્ય થયું નથી! અંતઃકરણમાં સાક્ષાત

પ્રભુનો અનુભવ થશે. શ્રીહરિરાયજીની વાણીથી પ્રાપ્ત વચનો છે. આપણે સૌ આજથી સજાગ થઈ જઈએ, તો આ ત્રીસ દોષ છોડવા શ્રીમહાપ્રભુજીની કૃપાથી બહુ સરળ છે.

ઈતિ શ્રીહરિરાયજી વિરચિતં સપ્તત્રિંશતમં શિક્ષાપત્રં
શ્રીગોપેશ્વરજી કૃતા વ્રજભાષા ટીકા સમેતં સમાપ્તમ્

સાડત્રીસમા શિક્ષાપત્રનો સારાંશ

શ્લોક સંખ્યા : ૮
વિષય : **નિઃસાધનતાનું સ્વરૂપ**

(૧) નિઃસાધનતા વિચારવા પોતાના દોષો વિચારવા.
(૨) સામાન્ય રીતે આપણામાં નીચેના જેવા દોષો હોય છે.

(૧) હૃદયમાં શુદ્ધ ભાવનો અભાવ (૨) સર્વાત્મભાવનો અભાવ (૩) દીનતાનો અભાવ (૪) શ્રીમહાપ્રભુજીની આજ્ઞાઓના પાલનમાં તત્પરતાનો અભાવ. (૫) અવિશ્વાસ (૬) પ્રભુ માટે અનાદર (૭) સત્સંગનો અભાવ (૮) સેવાનો અભાવ (૯) નિવેદનની વિસ્મૃતિ (૧૦) આશ્રયહીનતા (૧૧) વિવેક, ધૈર્ય, શરણાગતિનો અભાવ (૧૨) શ્રીકૃષ્ણના માહાત્મ્યનું અજ્ઞાન (૧૩) સ્નેહનો અભાવ (૧૪) આસક્તિ અને વ્યસનની દુર્લભતા (૧૫) ભક્તિમાર્ગમાં પ્રવેશ ન હોવો (૧૬) ધર્મમાર્ગમાં સ્થિતિ ન હોવી (૧૭) અશુદ્ધ દેશાદિ (૧૮) કાલદોષથી વૈદિક ધર્મોનો અભાવ (૧૯) વ્યાવૃત્તિની અતિશયતા (૨૦) પ્રભુમાં ચિત્ત ન લાગવું (૨૧) સેવાર્થે ત્યાગ ન હોવો (૨૨) મન વશમાં ન હોવું (૨૩) શ્રીકૃષ્ણના વિરહનો અભાવ (૨૪) મન અને વાણીના સંયમનો અભાવ (૨૫) અભક્તોમાં પ્રીતિ (૨૬) ગૃહ, ધન, કુટુંબ, ધંધામાં આસક્તિ (૨૭) અભિમાન અને મદ (૨૮) સ્વધર્મપાલનનો આગ્રહ નહીં (૨૯) અન્ય ધર્મોમાં પ્રવૃત્તિ

શિક્ષાપત્ર આડત્રીસમું

કૃષ્ણે રસાત્મકે નિત્યં ગોપિકામંડલસ્થિતે ।
યમુનાપુલિનાંતસ્થવૃન્દાવનવિરાજિતે ॥૧॥
નિત્યગાનરસાવિષ્ટે વિશિષ્ટડક્ષરતઃ ક્ષરાત્ ।
ભાવૈકગમ્યે સર્વત્ર પ્રસિદ્ધે પુરુષોત્તમે ॥૨॥
યસ્યાવતારઃ પુરુષ આદ્યો બ્રહ્માંડવિગ્રહઃ ।
તસ્યાંશા એવ યે ભૂમૌ મત્સ્યાદ્યા ઈતિ બુધ્યતામ્ ॥૩॥

શ્રીકૃષ્ણ રસાત્મક છે, ગોપિકાઓના મંડળ મધ્યે નિત્ય સ્થિતિ કરીને રહેલા છે, શ્રીયમુનાજીના તટ પાસે આવેલા વૃન્દાવનમાં બિરાજી રહ્યા છે, (૧) નિત્ય ગાનરસમાં આવિષ્ટ રહે છે, ક્ષર અને અક્ષરબ્રહ્મથી વિશિષ્ટ છે, ભાવથી જ અનુભવી શકાય તેવા છે અને સર્વત્ર પુરુષોત્તમ સ્વરૂપ છે. (૨) તેમનો આદ્ય અવતાર બ્રહ્માંડરૂપ પુરુષ (વિરાટ સ્વરૂપ) છે. મત્સ્ય આદિ અવતારો આ પુરુષના અંશરૂપ છે એમ જાણવું. (૩)

અક્ષરં ધામ વૈકુંઠં વ્યાપિવૈકુંઠસંજ્ઞકમ્ ।
બ્રહ્માનન્દસ્તત્ર લક્ષ્મીઃ પૂર્ણાનન્દો હરિઃ સ્વયમ્ ॥૪॥
રમાવૈકુંઠવાસી તુ વિભૂતિર્યસ્ય વૈષ્ણવી ।
રમા તુ પાલિકા તત્ર શક્તિરત્યવગમ્યતામ્ ॥૫॥

અક્ષરધામ જ વૈકુંઠ કહેવાય છે, જે વ્યાપિ વૈકુંઠના નામે પણ ઓળખાય છે. ત્યાં તે બ્રહ્માનંદરૂપે લક્ષ્મીજી સાથે બિરાજે છે. પરંતુ હરિ સ્વયં તો પૂર્ણાનંદ જ છે, (૪) વળી, રમા-વૈકુંઠવાસી એવા વિષ્ણુ વિભૂતિરૂપે બિરાજે છે. વૈષ્ણવી રમા (લક્ષ્મી) તેમાં પાલન કરનારી શક્તિરૂપે છે. (૫)

મૂલભૂતસ્યાવતારે મૂર્તિવ્યૂહોડભિધીયતે ।
પ્રદ્યુમ્નો વાસુદેવશ્ચાનિરુદ્ધડનંત એવ ચ ॥૬॥
વ્યૂહં વિરચ્ય યસ્તત્ર પ્રાપ્યતે ન સઃ ।
તથૈતૈરાવૃત્તઃ કૃષ્ણો નાવતારેડવગમ્યતે ॥૭॥

મૂળભૂત (શ્રીકૃષ્ણ) અવતારમાં અવતારરૂપ મૂર્તિવ્યૂહ કહેવાય છે. જે પ્રદ્યુમ્ન, વાસુદેવ, અનિરુદ્ધ અને સંકર્ષણરૂપે સ્થિતિ કરે છે, (૬) આ વ્યૂહને રચી, પછી તેમાં' જે સ્થાપન કરવામાં આવે છે તે પોતે નથી. આ પ્રમાણે આવૃત્ત થયેલા શ્રીકૃષ્ણ અવતારમાં ગમ્ય નથી. (૭)

અત એવ જના ભ્રાંતાઃ પ્રાકૃતં તં વદન્તિ હિ ।
અંશકાર્યં મૂલરૂપે કલ્પયંત્યજ્ઞતાં ગતાઃ ॥૮॥

પરિણામે જીવો ભ્રાન્તિમાં પડી જાય છે. તેથી તેઓ શ્રીકૃષ્ણને પ્રાકૃત કહે છે અને તેથી અજ્ઞાનવશ તેઓ અંશના કાર્યને ફળરૂપ કલ્પે છે. (૮)

કૃષ્ણસ્તુ કેવલં લીલાં કરોતિ રસરૂપિણીમ્ ।
ભૂભારહરણં ચક્રે કલાભ્યામેવ સર્વથા ॥૯॥

શ્રીકૃષ્ણ તો કેવળ રસરૂપ લીલા કરે છે. તેમણે પૃથ્વીના ભારનું હરણ તો સર્વથા કલા વડે જ કર્યું છે. (૯)

પરમાનંદદાનં તુ સ્વરૂપેણેતિ નિશ્ચયઃ ।
વ્રજસ્થ એવ સતતં પુરુસ્થો વા કૃપાપરઃ ॥૧૦॥
તત્રાપિ રૂપભેદેન ક્રીડતિ સ્મ તથા રસઃ ।
ધર્મીમાત્રં સ્વમર્યાદારહિતં કેવલં વ્રજે ॥૧૧॥

પોતે નિત્ય વ્રજમાં બિરાજે છે. તે જ સ્વરૂપ પરમાનંદનું દાન કરે છે. જે મથુરામાં બિરાજે છે તે કૃપા કરે ત્યારે ફળસ્વરૂપથી પરમાનંદનું દાન કરે છે. (૧૦) તેમાં પણ રસરૂપ પ્રભુ તો રૂપભેદ કરીને ક્રીડા કરે છે. પોતાની મર્યાદા સહિત કેવળ ધર્મીરૂપ જ વ્રજમાં છે. (૧૧)

સ્વધર્મવિશિષ્ટં તુ સમર્યાદં પુરે મતમ્ ।
ઉચ્છ્રૃંખલા તુ યા લીલા કેવલેન વ્રજે કૃતા ॥૧૨॥
પરમાનન્દરૂપા સા બાલલીલાદિભેદતઃ ।
સર્વત્ર રસલીલાત્વં ગૂઢભાવેન વર્ણિતમ્ ॥૧૩॥

મથુરામાં તથા દ્વારકામાં જે સ્વરૂપ બિરાજે છે તે સર્વ ધર્મયુક્ત છે. જે લીલાઓ સ્વતંત્ર અને મર્યાદારહિત છે તે કેવળ વ્રજમાં કરવામાં આવેલી. (૧૨) તે લીલાઓ બાળલીલા વગેરેના ભેદથી પરમાનંદરૂપ છે. સર્વત્ર ગૂઢ ભાવથી તેવી રસલીલાનું વર્ણન કરવામાં આવેલું છે. (૧૩)

કામરૂપતયા કૃષ્ણે વયો ન હિ નિયામકમ્ ।
એતાદૃશે મૂલરૂપે મૂલલીલાસમન્વિતે ॥૧૪॥
ચિત્તં નિરંતરં સ્થાપ્યં સૈવ સેવા સ્વમાર્ગગા ।
તત્સિદ્ધ્યર્થં શરીરેણ વિત્તેનાપિ વિધીયતામ્ ॥૧૫॥

શ્રીકૃષ્ણમાં કામરૂપતાની દૃષ્ટિએ તેમની વય નિયામક નથી. એવા મૂળ લીલાયુકત કૃષ્ણના મૂળ સ્વરૂપમાં ચિત્તને નિરંતર સ્થાપવું. આનું જ નામ આપણી માર્ગીય સેવા. તેવી સેવા સિદ્ધ કરવા માટે તનુજા તથા વિત્તજા સેવા કરવી. (૧૪-૧૫).

નિવેદનાનુસંધાનં વિધેયં તાદૃશૈઃ સહ ।
સત્સંગ એવ કર્તવ્યો વિશ્વાસઃ સ્થાપ્યતાં દૃઢઃ ॥૧૬॥

વળી, નિવેદનનું અનુસંધાન તાદૃશી ભગવદીય સાથે કરવું, સત્સંગ પણ કરવો અને દૃઢ વિશ્વાસ રાખવો. (૧૬)

કૃષ્ણ કૃપાપરાધીનો દીનાનામનુપેક્ષકઃ ।
સ્વકીયાનામનન્યભાવાત્ કરિષ્યત્યવનં સ્વતઃ ॥૧૭॥

પોતાના કૃપાગુણને લીધે શ્રીકૃષ્ણ પરાધીન છે, તે દીનજનોની ઉપેક્ષા કરતા નથી. પોતાના ભકતોના અનન્ય ભાવને લીધે તે પોતે જ તેમની રક્ષા કરે છે. (૧૭)

ધર્મમાર્ગપ્રવૃત્તિસ્તુ ચિત્તશુદ્ધ્યા યથા હરૌ ।
મતિઃ સ્યાન્નૈવ પાખંડે તદર્થં સર્વથેષ્યતે ॥૧૮॥

ધર્મમાર્ગની પ્રવૃત્તિ તો ચિત્તશુદ્ધિ માટે છે, જેથી હરિમાં ગતિ થાય અને પાખંડમાં ગતિ ન રહે. (૧૮)

માર્ગપ્રવર્તકાચાર્યચરણેષુ નિરંતરમ્ ।
વિશ્વાસઃ સુદૃઢઃ કાર્યસ્તતઃ સર્વં ફલિષ્યતિ ॥૧૯॥
વિશેષો ગોવર્ધનદાસપત્રાજ્જ્ઞેયઃ કિમધિકમ્ ।

આ પુષ્ટિમાર્ગના પ્રવર્તક શ્રીઆચાર્યજીના ચરણકમળમાં દૃઢ વિશ્વાસ રાખવો. એનાથી સઘળું સિદ્ધ થશે. (૧૯) વધુ ગોવર્ધનદાસના પત્રથી જાણશો. વધારે શું લખું?

શિક્ષાપત્ર આડત્રીસમું

શ્લોક સંખ્યા : ૧૯

વિષય : પ્રભુનાં વિવિધ સ્વરૂપોનો વિચાર

હવે ૩૮મા શિક્ષાપત્રનું શ્રીહરિરાયજી આપણને રસપાન કરાવશે. બહુ સુંદર શિક્ષાપત્ર છે. અત્યાર સુધી આપણા દોષોનો વિચાર કર્યો એટલે મનમાં થોડી ગ્લાનિ થઇ, થોડો નિર્વેદતાનો ખ્યાલ આવ્યો કે આપણે આવા ખરાબ છીએ. આપણું શું થશે? હજુ ૧૦ જન્મ લેવા પડશે! શ્રીહરિરાયચરણ એવી કૃપા કરે છે કે ૩૮મા શિક્ષાપત્રમાં મનમાં આવેલો આ નિર્વેદતાનો ભાવ દૂર કરી દે છે. આ શિક્ષાપત્રમાં ભગવદ્સ્વરૂપનું સુંદર નિરૂપણ કરે છે. ભગવદ્લીલાઓનું સુંદર ચિંતન કરાવશે કે આપણું મન પાછું રાજી રાજી થઇ જશે. ૩૮મા શિક્ષાપત્રમાં શ્લોકની સંખ્યા ૧૯ છે.

૩૮મા શિક્ષાપત્રમાં પ્રભુનાં વિવિધ સ્વરૂપોનો વિચાર કરવામાં આવ્યો છે. તમે કહેશો કે પ્રભુનાં વિવિધ સ્વરૂપો હોય? પ્રભુ તો એક જ છે. એક પ્રભુ અનેક સ્વરૂપે આ જગતમાં પ્રગટે. માટે ભગવદ્સ્વરૂપને જાણવું, સમજવું બહુ જરુરી છે. શ્રીમહાપ્રભુજીએ 'સિદ્ધાંતમુકતાવલી'માં ભગવદ્સ્વરૂપનો વિચાર કર્યો. પુષ્ટિમાર્ગની દૃષ્ટિએ શ્રીમહાપ્રભુજીનો જે અનુભવ છે, એના આધારે આપણા સ્વામી એવા સ્વરૂપને આપણે સમજવાનું છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પ્રભુ ત્રણ સ્વરૂપે બિરાજમાન છે. આપણને જેનો અનુભવ છે ત્યાંથી શરૂઆત કરીએ તો આ જે જગત છે તે જડ અને ચેતન પદાર્થોવાળું, જુદાં જુદાં નામ અને જુદાં જુદાં રૂપવાળું છે, એ જગત પ્રભુનું આધિભૌતિક સ્વરૂપ છે. પ્રભુ સચ્ચિદાનંદ છે. પ્રભુમાં ત્રણ ધર્મ: સત્, ચિત્ત, આનંદ છે. સત્ધર્મ એટલે જડત્વ. ચિત્ધર્મ એટલે ચૈતન્ય અને આનંદ ધર્મ એટલે આનંદ. જગતની અંદર પ્રભુ બે ધર્મોથી પ્રગટ છે. જડ પદાર્થોમાં સત્ધર્મ છે અને ચેતન પદાર્થોમાં ચિત્ધર્મ છે. આપણા શરીરમાં જે સ્થૂળ શરીર છે એ સત્ધર્મનું છે, એમાં જે આત્મા છે એ ચિત્ધર્મ છે. આ થાંભલામાં પ્રભુનો સત્ધર્મ છે, માટે નરસિંહ મહેતાએ કહ્યું કે :

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે,
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, વેદમાં વાણી થઇ વિસ્તરે.

શ્રીમહાપ્રભુજીએ આ જ દર્શન ‘તત્વાર્થદીપનિબંધ’ના મંગલાચરણમાં કર્યું.

શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે જેમ પ્રભુ સત્ય છે, એમ પ્રભુનું સ્વરૂપ એવું આ જગત સત્ય છે. કોઇ તમને એમ કહે કે આ જગત મિથ્યા છે, માયા છે, નાશવંત છે, તો માનજો કે આ શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત નથી, એ માયાવાદનો સિદ્ધાંત છે. જગત સત્ય છે, સપનું નથી. જગત પ્રભુનું અંશાત્મક સ્વરૂપ છે, મિથ્યા નથી. માટે જગત જીવવા જેવું છે. જગતના સર્વ પદાર્થમાં ભગવદ્-અંશ અનુભવવા જેવો છે. જગતના સર્વ પદાર્થો સાથે એમનામાં રહેલા ભગવદ્-અંશનો વિચાર કરીને કોમળતાપૂર્વક વ્યવહાર કરવા જેવો છે. એટલે તો શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે તમને કોઇ કઠોર વચનો કહે, ત્યારે તમે હાથ જોડીને સ્વીકારી લેજો, સામે કઠોર વચન કહેશો નહિ. એમ માનજો કે એમના હૃદયમાં બિરાજતા પ્રભુ તમને કહી રહ્યા છે. એને પ્રભુની શિક્ષા માનજો, પ્રભુની શિખામણ માનજો. પણ તમે કોઇને કઠોર વચન કહો તો એટલું યાદ રાખજો કે એના હૃદયમાં બિરાજેલા પ્રભુને તમે કઠોર વચન કહી રહ્યા છો. માટે કોઇને કઠોર શબ્દ કહેશો નહિ. ધરતી પર ચાલો ત્યારે પગ કોમળતાથી મૂકજો, કારણ કે ધરતીનાં રજકણોમાં પણ પ્રભુનું સત્ધર્માત્મક અંશસ્વરૂપ બિરાજમાન છે. જગતમાં આનંદપૂર્વક જીવવાનો આનાથી સારો બીજો કોઇ અભિગમ હોય ખરો? સર્વત્ર પ્રભુનું ધ્યાન થાય, સ્મરણ થાય, એવું આ જગત પ્રભુનું આધિભૌતિક સ્વરૂપ છે.

શ્રીમહાપ્રભુજીએ આ વાત સમજાવવા માટે ગંગાજીનું ઉદાહરણ આપ્યું છે. હરદ્વારમાં કે પ્રયાગમાં ગંગાજીનું જળ વહે છે. એ ગંગાજીનું આધિભૌતિક સ્વરૂપ છે. આમ તો બીજી નદીઓના જળ જેવું એ જળ છે, પણ એ જળરૂપે ગંગાજી એમાં બિરાજમાન છે એવા ભાવથી આપણે ગંગાસ્નાન કરીએ છીએ. ગંગાજળ પીએ છીએ, એમ આ જગતમાં નાના મોટા સર્વ જડ-ચેતન પદાર્થમાં પ્રભુ બિરાજમાન છે, એવા ભાવથી જગતમાં આપણે વ્યવહાર કરવાનો છે.

પ્રભુનું બીજું સ્વરૂપ એ એમનું આધ્યાત્મિક સ્વરૂપ છે. જે આંખે દેખાય નહિ, પણ જેનો અનુભવ થાય. તમે કહેશો કે આંખોથી ન દેખાય એનો અનુભવ કેવી રીતે થાય? બહુ સાદી વાત છે. આપણા અનુભવની વાત છે. પંખા ચાલે છે, હવા આવે છે. છતાં આપણને હવા દેખાતી નથી. પણ આ પંખા બંધ થઇ જાય તો હવા આવે છે કે નથી આવતી એનો અનુભવ તો થાય છે ને? તો પ્રભુનું આવું બીજું સ્વરૂપ છે, જે કોઇને આંખોથી દેખાતું નથી, પણ પ્રભુકૃપાથી તેનો અનુભવ થાય છે, એનું નામ અક્ષરબ્રહ્મ. પ્રભુનું તે આધ્યાત્મિક સ્વરૂપ છે.

અક્ષરબ્રહ્મ શબ્દ આપણને અઘરો લાગશે, પણ આપણી સમજમાં એનું બીજું નામ છે, જેને વ્યાપિવૈકુંઠ ધામ અથવા ગોલોક કહેવામાં આવે છે. ગોલોક ધામની તો આપણને સૌને સમજણ છે. અક્ષરબ્રહ્મ કહો કે વ્યાપિવૈકુંઠ કહો કે ગોલોક ધામ કહો, એ એક જ છે અને તે પ્રભુને બિરાજવાનું ધામ છે. પ્રભુ કોઇ ભૌતિક વસ્તુમાં કે ભૌતિક સ્થાનમાં બિરાજતા નથી. પોતે પોતાનામાં જ બિરાજે. ઉનાળામાં કેરીનો રસ કાઢીએ, તો રસ જુદો હોય, ભરવાનું વાસણ પણ જુદું હોય. પણ અહીં તો રસાત્મક પ્રભુ પોતે જ પોતાનામાં બિરાજવાનું એક સ્વરૂપ-એક સ્થાન-પ્રગટ કરે છે. સ્થાન, પ્રભુ અને એના અધિષ્ઠાતા પણ પ્રભુ. પ્રભુનું આ અક્ષરબ્રહ્મ સ્થાન છે, જે આપણને દેખાતુ નથી, અનુભવાય છે.

ઉદાહરણરૂપે શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું કે ગંગાજીમાં જે દોષપાપનિવારણની શક્તિ છે, એનો અનુભવ થાય. ગંગાસ્નાન કરવાથી આપણાં સર્વ પાપ નાશ પામે, એનો અનુભવ થાય. ગંગાજીમાં તમે સ્નાન કર્યું હોય તો તમારો અનુભવ હશે કે વગર સાબુએ શરીર શુદ્ધ થઇ જાય અને કપડાં ચોખ્ખાં થઇ જાય. જે જળ આવી ભૌતિક વસ્તુઓને શુદ્ધ કરે એ જળનું અલૌકિક સામર્થ્ય હૃદયના અલૌકિક મેલને કેમ ન ધોવે? તો ગંગાજીની પાપ નાશ કરવાની શક્તિરૂપે એમનું જે તીર્થ સ્વરૂપ છે તે દેખાતું નથી, પણ અનુભવાય છે. એ આધ્યાત્મિક સ્વરૂપ છે, તેમ પ્રભુને બિરાજવાનું સ્થાન દેખાતું નથી. પણ કર્મ કે જ્ઞાનના માર્ગે ચાલનારાઓને એનો અનુભવ થાય છે. અતિ દૈદીપ્યમાન કે અતિ પ્રકાશમાન સ્વરૂપે એનો અનુભવ થાય છે. એમાં એમનો મોક્ષલય થઇ જાય છે.

બીજી રીતે આવાત સમજીએ. તમે કહેશો કે પ્રભુ બિરાજે એ સ્થાન કેમ ન દેખાય, તો આપણે આપણી જાતને પ્રશ્ન પૂછીએ કે જે પૃથ્વી પર આપણે રહીએ છીએ એ આખી પૃથ્વી આપણને દેખાય છે? નથી દેખાતી, એ તો પેલાં અવકાશયાનોએ જઇને પૃથ્વીનાં ચિત્ર લીધાં, ત્યારે આપણને ખબર પડી કે પૃથ્વી આવી હોય છે. એમ ભગવદ્ધામનાં દર્શન થતાં નથી, પણ ભગવદ્ધામની અંદર આપણો મોક્ષ થાય છે.

ત્રીજું પ્રભુનું સ્વરૂપ, તે આધિદૈવિક સ્વરૂપ. સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપ. જેમ ગંગાજીનું એક દેવી તરીકેનું સ્વરૂપ, જે ગંગાજીનું સેવન કરનારને દર્શન આપે છે, એમ પ્રભુની ભક્તિ કરનાર ભક્તોને પ્રભુના અલૌકિક સાકાર સ્વરૂપનાં દર્શન થાય છે, અનુભવ થાય છે. પ્રભુનું આધિદૈવિક સ્વરૂપ એ પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપ.

શાસ્ત્રોએ સમજાવવા માટે ખાંડની પૂતળીનું ઉદાહરણ આપ્યું છે. ખાંડની બનાવેલી પૂતળીનાં બધાં જ અંગોમાં ખાંડ જ હોય, એમ પ્રભુ આપણા જેવું લૌકિક સ્વરૂપ ધારણ કરનારા નથી. એમનાં સર્વે અંગો કેવળ આનંદમય છે. એમાં ભૌતિક હાડકાં, માંસ, ચામડી કે લોહી જેવા કોઇ પદાર્થો નથી, માટે પ્રભુ પ્રાકૃત સ્વરૂપ નથી, અપ્રાકૃત સ્વરૂપ છે. આ સ્વરૂપને વેદમાં બ્રહ્મ કહેવામાં આવ્યું, કારણ કે શ્રુતિઓને આ સ્વરૂપનાં દર્શન થયાં નથી, માટે આવો અનુભવ કરનારી શ્રુતિઓએ એમ કહ્યું કે પ્રભુ નિરાકાર છે. નિરાકાર છે એટલે આપણા મનુષ્યો જેવો ભૌતિક આકાર નથી. બીજો અર્થ, પ્રભુ પોતે સર્વમાં વ્યાપક બનીને હવાની જેમ કે સૂર્યના પ્રકાશની જેમ રહી શકે છે, માટે એમને બ્રહ્મ કહેવામાં આવ્યા. ઉપનિષદોએ એમને પરમાત્મા કહ્યા. આવા સર્વમાં રહેનારા, સચરાચરમાં બિરાજનારા પ્રભુ પોતાના અંશ એવા આત્માની સાથે અંતર્યામી બનીને આપણા હૃદયમાં બિરાજે ત્યારે એ પરમાત્મા-પરમ આત્મા- કહેવાય. હૃદયમાં અંતર્યામી સ્વરૂપે બિરાજનારા પ્રભુનો પણ આપણને અનુભવ થાય છે. તમે જોજો, ઘણીવાર આપણને અંતઃકરણ કહે છે કે આમ કર, અને આમ ન કર. આવો આદેશ આપનારા અંતર્યામી છે, જે હૃદયમાં બિરાજ્યા છે. ગીતામાં અને ભાગવતમાં એમને ભગવાન કહેવામાં આવ્યા.

ભગ એટલે ઐશ્વર્ય. જેમનામાં ષડ્ ધર્મયુક્ત ઐશ્વર્ય છે એ ભગવાન. ભગનો બીજો અર્થ દશ્યમાન છે, જે સાકાર છે, જે આપણી આંખોનો વિષય બની શકે છે એ ભગવાન. હૃદયમાં રહેલા પરમાત્માથી ભક્તને સંતોષ ન થયો, જ્ઞાનીઓને થયો, કર્મમાર્ગીઓને થયો, પણ ભક્તોને ન થયો. ભક્તોએ કહ્યું, અમારી સાથે સંતાકૂકડી રમો, એ અમને પસંદ નથી, અમને તો તમારાં સાક્ષાત્ દર્શન જોઇએ, તમારી સાક્ષાત્ અમારી સામે ઉપસ્થિતિ જોઇએ અને તે પણ તમે ગમે તે સ્વરૂપ ધારણ કરીને પધારો એ નહિ ચાલે. અમારા ભાવનું સ્વરૂપ ધારણ કરીને પધારવું પડશે. પ્રભુ નૃસિંહજી બનીને પધાર્યા, કારણ કે પ્રહલાદજીના મનમાં એવો ભાવ હતો કે મારા પિતાને જરા રૌદ્ર સ્વરૂપ બતાવી દો. મારી સામે જે તમારી અપશબ્દો કહે છે એનું મોં બંધ કરી દો. તો પ્રભુ નૃસિંહજી બનીને પધાર્યા, ત્યારે પ્રહલાદ્જી ડર્યા નથી. લક્ષ્મીજી ડરી ગયાં, દેવો ડરી ગયા. પણ પ્રહલાદજી એમની ગોદમાં જઇને બેસી ગયા. માટે પુષ્ટિભક્તોએ કહ્યું, અમારે તમારું બિહામણું રૌદ્ર સ્વરૂપ નથી જોવું. અમારે વહાલ કરવાનું મન થાય, પ્યારું પ્યારું અને મધુરું મધુરું લાગે એવું તમારું સુંદર મધુરાધિપતિ સ્વરૂપ જોવું છે.

માટે વ્રજમાં એ નંદનંદન બનીને પધાર્યા છે, યશોદોત્સંગલાલિત બનીને

બિરાજ્યા છે, ગોપીજનવલ્લભ બનીને વિચર્યા છે, ગિરિરાજધરણ બનીને ભક્તોનો નિરોધ કર્યો, વૃંદાવનવિહારી બનીને ભક્તોને રસાનંદ કરાવ્યો. બીક સાગે એવા સ્વરૂપને પ્રેમ ન થાય. ઘેર પપ્પા આવે અને કંઇક કરડો ચહેરો લઇને આવ્યા હોય, તો છોકરાં આઘાંપાછાં થઈ જશે. મમ્મીને ભારે ગુસ્સામાં જોશે એટલે છોકરાં ખસી જશે કે હમણાં પાસે જવામાં સારપ નથી, પણ જે દિવસે પપ્પા હસતા હસતા આવશે તે દિવસ છોકરાં દોડીને એમને વળગી પડશે. સૌને મધુરપ વહાલી છે. સૌને કઠોરતા કઠે છે. માટે પુષ્ટિભક્તોએ કહ્યું, તમને વહાલ કરવાનું મન થાય એવા મુરલીમનોહર બનીને પધારો. તમારો ભય લાગે એવા, સુદર્શન ચક્ર ધારણ કરીને અમારા ઘરમાં ન આવશો, અમારા ઘરમાં નાના-નાના બાલકનૈયા બની, મધુરી-મધુરી મોરલી વગાડતા વગાડતા, એક હસ્તમાં માખણનો પેંડો લઇને ઠુમક ઠુમક નાચતા આવજો.

ભક્તોને માટે ધારણ કરેલ સ્વરૂપ તે ભગવાન. આત્માને ઉપદેશ આપવા માટે ધારણ કરેલ સ્વરૂપ તે પરમાત્મા અને જગતમાં વ્યાપક બન્યા એ બ્રહ્મ.

માટે શ્રીહરિરાયચરણ અહીં બતાવે છે કે આવા પ્રભુ પૂર્ણ પુરુષોત્તમે પોતાના આનંદ માટે વિચાર કર્યો કે મારામાંથી હું જગત પ્રગટ કરું. તમે કરોળિયાને જોયો હશે. એનું જાળું ગૂંથે ત્યારે જોવા જેવું હોય છે. એના મોંમાંથી લાળ કાઢે છે. એ લાળમાંથી સરસ મજાનું જાળું બનાવે અને એમાં રહે. પછી મન થાય ત્યારે એ બધી લાળ મોંમાં સમેટી લે. પ્રભુએ પોતાની ક્રીડા માટે પોતાનામાંથી જગત પ્રગટ કર્યું. હવે આ જગતને ચલાવવું તો પડે. એક મોટો કરોડપતિ, અબજોપતિ માણસ હોય, ફેકટરી નાંખવાનું નક્કી કર્યું હોય કે ચાલો, મોટી ફેકટરી બનાવી દો. તો કંઈ જાતે મજૂરી કરવાનો છે? એ તો પગારદાર અને જુદા જુદા કામના નિષ્ણાત માણસો રોકી દેશે અને સૌને એમનું કામ સોંપી દે. પછી તે શું કરશે? એની એરકન્ડીશન્ડ ઑફિસમાં બેઠો બેઠો જરૂર પડે સહી કરી આપતો જશે. જાતે મહેનત ન કરે. જયારે પ્રભુએ પણ પોતાનામાંથી જેમ જગત પ્રગટ કર્યું એમ જગતનું સંચાલન કરવા માટે વ્યૂહ, કલા, અંશ એવાં જુદાં જુદાં દેવરૂપોને પ્રગટ કર્યાં.

વ્યૂહ, કલા, અંશ એટલે શું? હવે તો પરચૂરણનો જમાનો ગયો એટલે સમજાવવું અઘરું. પણ એક રૂપિયાનું પરચૂરણ હોય તો એમાં આઠ આની હોય, અને ચાર આની પણ હોય. એમાં દશ પૈસા અને પાંચ પૈસા હોય. આ બધા રૂપિયાના ભાગ. વ્યૂહ એટલે રૂપિયામાંની આઠ આની, ચાર આની એટલે કલા અને દશ પૈસા એટલે અંશ. દશ પૈસા એટલે રૂપિયાનો દશમો ભાગ. ચાર આના એટલે

રૂપિયાનો ચોથો ભાગ. અને આઠ આના એટલે રૂપિયાનો અડધો ભાગ. પણ રૂપિયો તો નહિ જ. એમ આ વ્યૂહ. ચાર વ્યૂહ પ્રગટ કર્યા. વાસુદેવ, અનિરુદ્ધ, શંકર અને પ્રદ્યુમ્ન. આ બધા પ્રભુ કરતાં શક્તિમાં ઓછા, ન્યૂન. પછી કલા-અવતારો પ્રગટ કર્યા અને પછી અંશાવતારો પ્રગટ કર્યા, જગત ચલાવવા માટે.

એમાં મુખ્ય ત્રણ મેનેજિંગ ડિરેક્ટરો પ્રભુએ ગોઠવ્યા, જગતનું મેનેજમેન્ટ કરવા માટે. એ ત્રિદેવ કહેવાયા. એક બ્રહ્માજી, બીજા વિષ્ણુ અને ત્રીજા મહાદેવજી. ત્રણેને ત્રણ જવાબદારીઓ સોંપી. બ્રહ્માજીને પ્રોડકશન મેનેજર બનાવ્યા. જગતનું પ્રોડકશન તમારા હાથમાં. વિષ્ણુને બનાવ્યા જગતના વ્યવસ્થાપક-એડમિનિસ્ટ્રેટર. તમે એડમિનિસ્ટ્રેટીવ ડિરેકટર, એકઝીકયુટિવ ડિરેકટર અને મહાદેવજીને કહ્યું, આમાં જે કંઇ ખોટું હોય, સડી જાય, મારા આનંદમાં વિઘ્નરૂપ બને એવું બધું તમારે નાશ કરવાનું છે, તો બેલેન્સ સચવાય. પ્રોડકશન થાય, ગોડાઉનો ભરાયા જ કરે, ભરાયા જ કરે અને જૂનો માલ નાશ ન કરીએ તો ગોડાઉનમાં માલ રહેશે કયાંથી? એટલે મહાદેવજીને કામ સોંપ્યું કવૉલીટી કન્ટ્રોલનું, જગતની કવૉલિટીનો કન્ટ્રોલ તમારે કરવાનો. ત્રણ મેનેજિંગ ડિરેકટર. પ્રોડકશન, એડમિનિસ્ટ્રેશન અને કવૉલિટી કન્ટ્રોલ. પ્રોડકશનનું કામ કરનારને અંગ્રેજીમાં જનરેટર કહેવાય. મેનેજમેન્ટ કરે એને ઑર્ગેનાઇઝર કહેવાય અને નાશ કરવાની જવાબદારી અદા કરે એને ડિસ્ટ્રીકટર કહેવાય. ત્રણેના પ્રથમ અક્ષર લેતાં શબ્દ બનશે ગૉડ. ગૉડ એટલે ઈશ્વર. આ ત્રણે જેના નિયંત્રણમાં રહીને, જેના સુખ માટે જગતની વ્યવસ્થા સાચવે, એવા બ્રહ્માજી, એવા વિષ્ણુજી અને એવા મહાદેવજીથી જે ઉપર છે એ ગૉડ, ઈશ્વર, પરમાત્મા, એ પૂર્ણ બ્રહ્મ, પૂર્ણાનંદ.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : આ સૃષ્ટિની રચના માટે આ બધા દેવ પ્રગટ કરી દીધા, જવાબદારી સોંપી, અધિકાર સોંપી દીધા. સૌને થોડી થોડી સત્તાઓ આપી દીધી કે આટલા સુધીનો ખર્ચ કરવાની કે કોઇને આપવાની સત્તા. એટલું માંગવા આવે ત્યારે તમારે પતાવી દેવું. પ્રભુએ કહ્યું કે તમને દુનિયાના માણસોની માગણી સંતોષવાની સત્તા, પણ સાથે સાથે આ સર્વ દેવોને ચેતવ્યા. આ દુનિયામાં થોડાક માથાભારે માણસો છે, એ તમારી પાસે નહિ આવે. તમારી સામે નહિ જુએ અને તમારી પાસે કંઇ માગશે નહિ. તમો સો કટકા કરી નાખશો તો ચૂં નહિ બોલે, પણ માગવા માટે તમારી સામે હાથ જોડીને ઊભા નહિ રહે. દેવો પૂછે છેઃ મહારાજ, એવા કોણ છે? ભગવાન કહે છે કે મારા પુષ્ટિભક્તો, મારા શ્રીઅંગમાંથી પ્રગટ થયેલી સૃષ્ટિ છે. એ તમને કોઇને ય ગાંઠ્યા સિવાય બારોબાર સીધેસીધા મારી

ચૅમ્બરમાં જ આવશે. મારી પાસે આવીને પણ એ કંઇ માગશે નહિ અને ઊલટાના મને પૂછશે, મે આઇ હેલ્પ યુ? હું કંઇ આપની સેવા કરી શકું? આપને કંઇ મારી સેવા જોઇએ? આ માથાના ફરેલા જીવો છે. એવા જીવો મારા પોતાના છે. માટે હું એમના ઉપર પ્રસન્ન રહીશ અને હું રાહ જોઇશ કે તેઓ કયારેક મારી પાસે કંઇક માગે. આ સિવાયના જીવોને તમે નીપટી લેજો. મારી પાસે મોકલશો નહિ.

આમ, સર્વ દેવરૂપોને પ્રભુએ પોતાના અધિકારો આપ્યા અને આવા પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ વ્યાપિવૈકુંઠ લીલાધામ, જેને આપણે નિત્યલીલાધામ કહીએ છીએ, એમાં કેવળ રસરૂપ લીલાઓ કરવા, આવા માથાના ફરેલા પોતાના પુષ્ટિજીવોની સાથે બિરાજયા. પ્રભુના આ સ્વરૂપને શ્રીમહાપ્રભુજીએ ધર્મીસ્વરૂપ કહ્યું. જયારે પ્રભુની વિભૂતિરૂપ રમા વૈકુંઠમાં જે સ્વરૂપ બિરાજયું, શેષસાગરમાં શેષજીનાં શૈયા ઉપર જે સ્વરૂપ બિરાજયું એ નારાયણ સ્વરૂપ. એ પ્રભુનું ધર્મસ્વરૂપ, વિભૂતિ સ્વરૂપ. આ ભેદ સમજજો. ગોલોક ધામમાં બિરાજનાર સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપ, ધર્મી સ્વરૂપ - જે કેવળ રસરૂપ લીલાઓમાં જ તત્પર છે અને રમાવૈકુંઠમાં જે બિરાજે છે એ નારાયણ સ્વરૂપ. એ આ જગતના સંચાલનની જવાબદારી સર્વ દેવો દ્વારા પોતે જોઇ રહ્યા છે. તપાસી રહ્યા છે. એમને શ્રીમહાપ્રુભજીએ ધર્મસ્વરૂપ કહ્યું છે. જે સ્વરૂપનું નિરૂપણ ભગવાને ગીતામાં કર્યું : યુગે યુગે જે અવતારો પ્રગટ થાય એ ધર્મસ્વરૂપના છે. ધર્મીસ્વરૂપ એક જ વાર પધાર્યું અને તે સારસ્વત કલ્પમાં. ત્યાર પછીના સર્વ કલ્પમાં ધર્મસ્વરૂપનું પ્રાગટય છે. જગતનું રક્ષણ કરનાર સ્વરૂપનું પ્રાગટ્ય છે. જગતને ચલાવનાર સ્વરૂપનું પ્રાગટ્ય છે. અલૌકિક રસલીલા-પ્રચુર એવા ધર્મી-સ્વરૂપનું પ્રાગટ્ય નથી. માટે શ્રીમહાપ્રભુજીએ આપણને આજ્ઞા કરી કે પુષ્ટિમાર્ગમાં સારસ્વત કલ્પની લીલાનો અનુભવ કરવાનો છે. અન્ય કોઇ કલ્પોની લીલાનો નહિ.

અત્યારે શ્વેતવારાહ કલ્પ ચાલે છે. ઇતિહાસ પ્રસિદ્ધ મત પ્રમાણે પાંચ હજાર વર્ષ પૂર્વે શ્રીકૃષ્ણ ભગવાન પ્રગટ થયા તે શ્વેતવારાહ કલ્પમાં ધર્મસ્વરૂપે પ્રગટ થયા. ધર્મીસ્વરૂપે નહિ. ભલે લીલાઓ બધી જ કરી. પણ એ ધર્મસ્વરૂપની લીલાઓ છે. ધર્મીસ્વરૂપની લીલાઓ તો સારસ્વત કલ્પમાં પ્રગટ થયેલા રસાત્મક પૂર્ણ પુરુષોત્તમે જ કરી. માટે આપણું વ્રજમંડળ એ સારસ્વત કલ્પનું વ્રજમંડળ, શ્વેતવારાહ કલ્પનું વ્રજમંડળ નહિ. અત્યારનું વૃંદાવન એ શ્વેતવારાહ કલ્પનું વૃંદાવન. સારસ્વતકલ્પનું વૃંદાવન એટલે ચંદ્ર સરોવર, પરાસોલી. ત્યાં પુષ્ટિ પુરુષોત્તમ આજે પણ રાસ કરી રહ્યા છે.

આ ભેદ બહુ સૂક્ષ્મ છે. પણ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ લીલાભેદે પ્રગટ થયેલા આ સ્વરૂપનો ભેદ સમજવા જેવો છે. શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી કે જયારે

સારસ્વત કલ્પમાં પ્રભુ ધર્મીસ્વરૂપે પ્રગટ થયા, ત્યારે એમણે સર્વ મર્યાદાઓનો ત્યાગ કર્યો. રામાવતારમાં ધર્મસ્વરૂપનું પ્રાગટ્ય હોવાથી સર્વ મર્યાદાઓને સ્વીકારી. સારસ્વત કલ્પમાં યશોદોત્સંગલાલિત સ્વરૂપે ધર્મીસ્વરૂપનું પ્રાગટ્ય હોવાથી સર્વ મર્યાદાઓનો ત્યાગ છે. આ સ્વરૂપ કેવળ ભક્તોના જ અનુભવમાં આવે છે. અન્ય દેવોના પણ અનુભવમાં આવતું નથી. બ્રહ્માજીને એમનો અનુભવ ન થયો. મહાદેવજીને ય ન થયો.

જે ધર્મ સ્વરૂપ છે એ ત્રણ કાર્યો માટે પ્રગટ થાય : ધર્મનું સ્થાપન કરવા, દુષ્ટોનો નાશ કરવા અને પૃથ્વીનો ભાર ઉતારવા, ઓછો કરવા. કર્મમાર્ગી અને જ્ઞાનમાર્ગીઓને એમનો અનુભવ થાય. સારસ્વત કલ્પની જે કૃષ્ણલીલા છે એને શ્રીહરિરાયચરણ સમજાવે છે કે મથુરામાં વસુદેવ અને દેવકીજીને ત્યાં ચતુર્ભુજ સ્વરૂપે શ્રાવણ વદ અષ્ટમીની મધ્યરાત્રિએ પ્રગટ થયા એ ધર્મસ્વરૂપ-પુરુષોત્તમ સ્વરૂપ ત્રણ કાર્યો માટે પ્રગટ થયા- પૃથ્વીનો ભાર હરવા, રાક્ષસોનો સંહાર કરવા અને ધર્મનું સ્થાપન કરવા. એ પુરુષોત્તમસ્વરૂપ છે. એ પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપ નથી. ધર્મસ્વરૂપ છે, ધર્મીસ્વરૂપ નથી. મથુરામાં પ્રાગટ્ય થયાની સાથે જ ગોકુલમાં નંદભવનમાં યશોદાજીને ત્યાં પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપ, ધર્મી-સ્વરૂપનું પ્રાગટ્ય થયું. એમ ન માનશો કે મથુરાથી સ્વરૂપ પધાર્યું એ જ એક માત્ર સ્વરૂપ. જયારે મથુરામાં પ્રાગટ્ય છે ત્યારે એની સાથે જ ગોકુલમાં પણ પ્રાગટ્ય છે-ધર્મીસ્વરૂપનું, રસઘન સ્વરૂપનું, મર્યાદાઓ છોડીને રસલીલાનું દાન કરનાર પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનું પ્રાગટ્ય છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીસુબોધિનીજીમાં સમજાવે છે કે દશમ સ્કંધના પાંચમા અધ્યાયમાં 'નંદસ્વાત્મજ ઉત્પન્નો' એમ શુકદેવજીએ કહ્યું. નંદસ્વાત્મજ શબ્દનો સ્પષ્ટ અર્થ છે, નંદરાયજીના પોતાના પુત્ર. મથુરાથી વસુદેવજી ધર્મ સ્વરૂપને પધરાવી આવ્યા છે. ધર્મ એટલે પાત્ર, ધર્મી એટલે એમાં બિરાજનારો રસ. તો એ ધર્મ-સ્વરૂપરૂપી પાત્રમાં ગોકુલમાં પ્રગટ થયેલા યશોદોત્સંગલાલિત રસ-સ્વરૂપે બિરાજી ગયા. પરિણામે, ગોકુલમાં સૌને સવારે એક જ સ્વરૂપનાં દર્શન થયાં. બે સ્વરૂપ એક થઇને બિરાજયાં. નંદ મહોત્સવ અલૌકિક પૂર્ણ પુરુષોત્તમના પ્રાગટ્યનો છે, ધર્મ સ્વરૂપના પ્રગટ્યનો નથી. માટે ગોકુલમાં થયો, મથુરામાં નથી થયો. આ રીતે સાથે બંને સ્વરૂપ બિરાજ્યાં અને ૧૧ વર્ષ અને ૫૨ દિવસ વ્રજમાં લીલા કરી. એમાં રાસલીલા, માખણચોરી લીલા, બાળલીલા કે જે કેવળ રસલીલાઓ છે એ પૂર્ણ પુરુષોત્તમ, રસાત્મક ધર્મીસ્વરૂપે કરી, ભક્તોને રસનો અનુભવ કરાવવા. ત્યાં આવેલા અસુરોનો સંહાર કરવા, ધર્મનું સ્થાપન કરવા, ભૂ-ભાર હરણ કરવા.

વ્રજમાં, મથુરામાં અને દ્વારિકામાં જે લીલાઓ કરી એ મથુરામાં પ્રગટેલા ધર્મ-સ્વરૂપે કરી. પૂતનાવધ ધર્મ-સ્વરૂપની લીલા. માખણચોરી ધર્મી સ્વરૂપની લીલા. માટે આપણા ત્યાં દાનલીલાનો મનોરથ થાય, પૂતના વધનો મનોરથ ન થાય, કારણ કે એ પુષ્ટિ પુરુષોત્તમની લીલા નથી. એ પુરુષોત્તમની લીલા છે. અક્રુરજી આવ્યા ત્યારે પ્રભુ ૧૧ વર્ષ અને બાવનમા દિવસે પાછા પધાર્યા. ગણતરી કરતાં એ દિવસ આવશે શરદપૂર્ણિમાનો. શરદ પૂનમે પ્રભુ મથુરા પાછા પધાર્યા, ત્યારે મથુરાથી વસુદેવજી પધરાવી લાવ્યા હતા તે ધર્મ-સ્વરૂપ પાછું પધાર્યું. ધર્મી-સ્વરૂપ, જે યશોદાજીને ત્યાં પ્રગટ થયું હતું. એ સ્વરૂપ મથુરા નથી પધાર્યું. તો એ સ્વરૂપ ક્યાં પધાર્યું? વ્રજભક્તોના હૃદયમાં બિરાજી ગયું. જે આજ સુધી નેત્રોથી અનુભવ આપતા હતા, એ હવે અંતઃકરણમાં અનુભવ આપવા લાગ્યા, અને પરિણામે વ્રજભક્તોને મથુરા જવાની જરૂર જ ન પડી. કારણ કે એમના પ્રભુ હવે તો એમની વધારે નિકટમાં છે, અંતઃકરણમાં. જો આમ ન થયું હોત અને ધર્મી-સ્વરૂપ મથુરા પધાર્યું હોત, તો વ્રજભક્તોના પ્રાણ છૂટી ગયા હોત. એટલે મથુરાની અને દ્વારિકાની જે લીલા છે, એ ધર્મ-સ્વરૂપની લીલાઓ છે, ધર્મી-સ્વરૂપની લીલાઓ નથી. માટે સેવન ધર્મી-સ્વરૂપનું થાય, શ્રવણ, કીર્તન અને સ્મરણ એ બંને સ્વરૂપોનુ - ધર્મ સ્વરૂપનું અને ધર્મી સ્વરૂપનું. માટે દશમ સ્કંધમાં ધર્મી-સ્વરૂપ અને ધર્મ-સ્વરૂપ ઉભય સ્વરૂપની લીલાઓનું નિરૂપણ છે. શ્રીહરિરાયજી સમજાવે છે કે આ ઉભય સ્વરૂપની લીલાઓનું સ્મરણ, શ્રવણ અને કીર્તન કરવાથી નિરોધ સિદ્ધ થાય છે.

પ્રભુનું આ સ્વરૂપ સમજાવતાં શ્રીહરિરાયચરણે આ ૩૮મા શિક્ષાપત્રમાં પુષ્ટિ ધર્મીસ્વરૂપના છ ગુણોનું નિરૂપણ કર્યુ. આપણા પ્રભુ અલૌકિક ષડ્ ગુણાત્મક-ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્યયુક્ત છે. અહીં પ્રભુનો ઐશ્વર્ય ગુણ બતાવ્યો 'રસાત્મકે.' રસરૂપી સમૃદ્ધિ-ઐશ્વર્ય જેની પાસે છે, જે અલૌકિક સ્વરૂપ પૂર્ણ પુરુષોત્તમ સિવાય બીજા કોઈને પ્રાપ્ત નથી એવા. નિત્ય ગોપવધૂઓ સાથે રસરૂપ લીલાઓ કરવા છતાં તે જરાયે પરિશ્રમી નથી થતા. આ એમનો વીર્યગુણ. સતત રસલીલાપરાયણ છે, યમુનાજીના પુલિન ઉપર ભક્તોની મધ્યમાં જે બિરાજમાન છે, સદાય યશોગાન કરે છે એ એમનો યશગુણ, યશધર્મ છે. પ્રભુની સમૃદ્ધિ કઇ, શ્રી કઇ, તો પોતાના ગુણગાનના રસની અંદર જે સદામગ્ન રહેલા છે. આ પ્રભુનો શ્રીગુણ. પ્રભુનું જ્ઞાન સ્વરૂપ બતાવ્યું કે તેઓ જગત અને અક્ષર એટલે બ્રહ્મ અર્થાત વ્યાપિવૈકુંઠ, ગોલોકધામ એ બંનેથી વિલક્ષણ છે, જુદા છે. પ્રભુનું વૈરાગ્ય સ્વરૂપ કહ્યું, તમે જરાક સરખો એમના માટે ભાવ કરો, કોઇ પણ સમયે, એટલે તરત જ

પ્રાપ્ત થઇ જાય. જરાસરખી પ્રેમથી બૂમ પાડો એટલે દોડ્યા આવે. બીજું બધું છોડીને આવે. આવું પ્રભુનું વૈરાગ્ય સ્વરૂપ છે.

શ્રીહરિરાયજી આવા ભગવદ્સ્વરૂપનું નિરૂપણ કરીને હવે આજ્ઞા કરે છે કે આવા પ્રભુએ બે પ્રકારે લીલા કરી છે. હવે પ્રભુની લીલાનું નિરૂપણ છે. સ્વરૂપ નિરૂપણ પછી લીલા નિરૂપણ. એક મૂળ લીલા, જે ગોલોક ધામમાં કરી- જે નિત્ય લીલા છે અને બીજી અવતાર લીલા, જે સારસ્વત કલ્પમાં વ્રજમંડળમાં પ્રગટ થઇને કરી-સારસ્વત કલ્પની વ્રજમંડળની લીલા. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે પ્રભુએ આ લીલા પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળના ક્રમમાં કરી છે. પુષ્ટિભક્તોને સનાથ કરવા પ્રભુએ પહેલાં પ્રમાણ લીલા કરી. જન્મ મહોત્સવ પર્યન્તની જન્મ પ્રકરણની જે લીલા તે પ્રમાણલીલા છે. પ્રભુએ પોતાનાં પ્રાગટ્યના પ્રમાણ આપ્યાં કે હું શા માટે પ્રગટ થયો? ભક્તોને વરદાન આપ્યાં હતાં-ફળ આપવા માટે. વસુદેવ-દેવકીને આપેલું વરદાન સિદ્ધ કરવા માટે, નંદ-યશોદાના પૂર્ણ મનોરથ પૂરા કરવા માટે પ્રભુ પ્રગટ થયા.

પ્રમાણથી હૃદયને શુદ્ધ કરીને, વ્રજભક્તોનો વિશ્વાસ પોતાના ચરણમાં દઢ કરીને પ્રભુએ પ્રમેય લીલાનો આરંભ કર્યો. નંદગૃહે બાલલીલાથી લઇને વેણુગીત પર્યંતની જે લીલા તે પ્રભુની પ્રમેય લીલા છે. પ્રમેય એટલે સ્વ ઇચ્છાથી કરેલી લીલા. જેનું કોઇ કાર્ય-કારણ નથી, કેવળ પોતાના પુષ્ટિભક્તોને પુષ્ટિરસનો અનુભવ કરાવવા માટે જ કરી છે. શાસ્ત્ર-વચનોથી વિરુદ્ધ, એની મર્યાદાઓ તોડીને કરી, સ્વતંત્રરૂપે કરી તે પ્રમેય લીલા. બાકી છ દિવસનો બાળક દહીં-દૂધનાં વજનદાર પાત્રો ભરેલા ગાડાને જરી સરખો ચરણ અડકાવીને ઉથલાવી દે ખરો? આ વાત બુદ્ધિમાં ઊતરે? જે બુદ્ધિમાં ન ઊતરે તેવું પ્રભુ કરે એનું નામ પ્રમેય લીલા. પ્રભુએ આ પ્રમેય લીલા કરી. આવી અનેકવિધ વેણુગીત પર્યન્તની લીલાઓ. પ્રભુ વેણુરવ કરે અને નાદસંવલિત ભગવદ્ભોગ્યા સુધાનું પાન કરવા યમુનાજી થંભી જાય, ગિરિરાજજી દ્રવી જાય, દેવોનાં વિમાન આકાશમાં સ્થિર થઇ જાય, પક્ષીઓ કલરવ છોડી દે, સૌ પોતાનો સ્વભાવ છોડી દે, સૃષ્ટિના નિયમોનું સર્વત્ર ઉલ્લંઘન થઇ જાય, એ પ્રમેય લીલા. આ લીલાઓના શ્રવણ, કીર્તન, સ્મરણ દ્વારા પ્રભુનો નિરોધ આજે પણ આપણને સિદ્ધ થાય છે. માટે આ લીલાઓને સમજીને લીલાઓનું મનન, શ્રવણ, ચિંતન કરવું. સેવામાં પ્રભુની નિત્ય લીલાનું ભાવન કરવું.

આવું પ્રભુનું અદ્ભૂત સ્વરૂપ, અદ્ભૂત ચરિત્ર અને અદ્ભૂત લીલાઓ હોવા છતાં આપણે પ્રાકૃત અજ્ઞાની મનુષ્યો પ્રભુના સ્વરૂપને ન સમજતાં એમ જ કહીએ

છીએ કે ભગવાન એક જ છે, બધા દેવ એક જ છે. ભગવાનના જે અંશાવતાર છે, એને પણ પૂર્ણ પુરુષોત્તમ સમાન ગણીને આપણે ખોટી ભ્રાંતિમાં જીવીએ છીએ અને અન્યાશ્રય કરીએ છીએ. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આગળના શિક્ષાપત્રમાં તમે તમારા પોતાના સ્વરૂપને સમજયા, તમારી ભૂલોને સમજયા અને તમારા દોષોને સમજયા, હવે તમે ભગવદ્-સ્વરૂપ અને લીલાઓને સમજી લો કે જેથી કરીને પ્રાકૃત અજ્ઞાની મનુષ્યોની ભ્રાંત વાતોમાં આવીને તમે પુષ્ટિ પુરુષોત્તમથી વિમુખ ન થાઓ. સર્વ અંશાવતારો પ્રભુના છે, એટલે બધું પરચુરણ ભેગું ભલે થાય, પણ રૂપિયાની તોલે તો નહિ આવે.

દયારામભાઈએ બહુ સુંદર વાત કહી, 'ભક્તિપોષણ'માં. એક ઝાડ ઉગાડ્યું. સરસ આંબો છે, ઉછેરવો છે. આપણે એમ કહીએ છીએ કે મૂળ, થડ, ડાળીઓ વગેરે તો આંબાનાં છે ને? તો લાવો, રોજ તેના પર પાણી રેડ્યા કરીએ. ફળ ઉપર પાણી રેડીએ અને ડાળીઓ ઉપર પાણી રેડીએ. દયારામભાઈ કહે છે કે આંબો નહિ ઉછરે, ડાળીઓય નહિ ઉછરે. ખોટી મહેનત કરો છો. મૂળને જળ સિંચો, તો ડાળીઓ, થડ સૌમાં પાણી પહોંચશે. જગતના મૂળ પૂર્ણ પુરુષોત્તમ છે. એની સેવા કરશો, એકને સેવશો તો સર્વને પહોંચશો, પણ એકને મૂકીને બાકીનાને સેવશો તો તમારો ચેક કેવો બનશે એ ખબર છે? મીંડાઓનો પાર નહિ હોય, રાજી થઈ જઈશું કે અહોહો! આટલાં બધાં મીંડાંની રકમ! પણ આગળ એકડો નથી. લઈ જાઓ એ ચેક કોઈપણ બેંકમાં, તો એનો અધેલો પણ કોઈ આપે છે?

પણ એક જ મૂળને પકડ્યું એટલે આખું ઝાડ તમારા કબજામાં. દયારામભાઈએ બીજું પણ સુંદર ઉદાહરણ આપ્યું છે. ભૂખ લાગી છે. ભોજન તૈયાર છે, પૂછવામાં આવ્યું કે ભૂખ કયાં લાગી છે? એટલે આપણે કહ્યું કે પેટમાં લાગી છે. તો કહેવામાં આવ્યું કે લો, પેટ ઉપર આ બધું ભોજન ચોપડી દો. પટ્ટો બાંધી દો. પેટને ભૂખ લાગી છે ને? પેટ ઉપર ભોજન મૂકવાથી પેટની ભૂખ શમતી નથી, પણ પેટમાં ભોજન મૂકવાથી-ઉતારવાથી, એ પોષણરૂપે આખા શરીરમાં પહોંચે છે. મુખમાં મૂકેલું ભોજન આખા શરીરમાં પહોંચે છે. એમ પુષ્ટિ પુરુષોત્તમની સેવા સર્વને પહોંચે છે.

માટે અહીં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે પ્રભુની આ લીલા અને સ્વરૂપને ધ્યાનમાં રાખી, સારસ્વત કલ્પમાં ભૂતળ પર પધારેલા પૂર્ણ પુરુષોત્તમ, રસઘન, આનંદકરપાદમુખોદરાદિ એવા યશોદોત્સંગલાલિતને-એવા ધર્મીસ્વરૂપને તમે સેવજો. એમનું શ્રવણ, કીર્તન અને સ્મરણ કરજો. એમની પ્રેમલક્ષણા સહિત નવધા ભક્તિ કરજો.

શ્રીહરિરાયચરણ આ શિક્ષાપત્રના અંત ભાગમાં વૈષ્ણવોનાં કર્તવ્યો બતાવે છે. ફરીથી અહીં પાંચ કર્તવ્યોનો ઉલ્લેખ કરે છે કે આવા પૂર્ણ પુરુષોત્તમનો રસાનુભવ કરવો હોય તો શું કરશો? પહેલું કર્તવ્ય બતાવ્યું ચિત્તને પ્રભુમાં જોડી દો. સ્વમાર્ગની પ્રીત અને રીતથી શરીર અને દ્રવ્ય બંને સાથે સાથે વાપરીને ભગવદ્સેવા કરો. એનાથી તમારે જે ફળ જોઈએ તે સિદ્ધ થશે, પ્રાપ્ત થશે, પણ શરત છે 'નિરંતરમ્,' બે-પાંચ મિનિટ નહી, પણ સેવામાં હો એટલીવાર - બધો સમય ચિત્ત એકાગ્ર કરી તથુજા સેવા નહીં, કેવળ વિત્તજા સેવા પણ નહીં. તનુવિત્તજા સેવા, જેમાં શરીર અને સંપત્તિ બંનેનો સાથે વિનિયોગ છે તે કરો. એ પ્રકારે ગૃહમાં, ઘરમાં પ્રભુની સેવા, તે પણ માર્ગની રીત પ્રમાણે, મર્યાદાની રીતે નહિ. વ્રજભક્તોએ જેમ પોતાના ઘરમાં પ્રભુને લાડ લડાવ્યાં છે, એમ શ્રીમહાપ્રભુજીની 'ગૃહે સ્થિત્વા' આજ્ઞા પ્રમાણે જો તમે ચિત્તને પ્રભુમાં નિરંતર સ્થાપીને, તનુવિત્તજા સેવા કરશો તો તમને એનું ફળ મળશે.

બીજું કર્તવ્ય, જે બ્રહ્મસંબંધ લીધું છે એ બ્રહ્મસંબંધના ભાવનું-એમાં કરેલી પ્રતિજ્ઞાનું ચિંતન અનવસરમાં ભગવદીયો સાથે બેસીને કરજો, સ્મરણ કરજો.

ત્રીજું કર્તવ્ય છે હૃદયમાં પ્રભુના ચરણારવિંદનો દૃઢ વિશ્વાસ રાખી, સત્સંગ કરજો.

ચોથું કર્તવ્ય છે, તમારા ચિત્તને શુદ્ધ કરે એવી ધર્મમાર્ગની પ્રવૃત્તિ કરજો. જપ, શ્રવણ, કીર્તન આદિ જેનાથી તમારા ચિત્તની શુદ્ધિ થાય. ચિત્તમાં લૌકિક કામનાઓનાં, વિચારોનાં જાળાં (કચરો) બાઝી ન જાય.

પાંચમું કર્તવ્ય છે, શ્રીવલ્લભનાં ચરણકમળોમાં નિરંતર, દૃઢ વિશ્વાસ રાખીને આ બધાં કાર્યો કરશો, તો તમારા સર્વ મનોરથો ફળીભૂત થશે.

આપણો મનોરથ એક જ. 'બસો મેરે નયનનમેં'-મારા હૃદયમાં આવીને બિરાજો. એ નેત્રોથી અને અંતઃકરણથી ભગવદ્ રસાત્મક સર્વ લીલા સહિતના અનુભવમાં સંમિલિત થવું એ પુષ્ટિમાર્ગનું પરમ ફળ છે, જે દેવોને દુર્લભ છે, જ્ઞાનીઓને દુર્લભ છે, તપસ્વીઓને દુર્લભ છે, કર્મીઓને દુર્લભ છે, ધર્મીઓને દુર્લભ છે, એ પુષ્ટિભક્તોને સુલભ છે. પણ એના માટે આ પાંચ પગથિયાં જે ચઢે તે નિશ્ચયના મહેલમાં પહોંચી જાય છે. અને ત્યાં શું છે? 'નિશ્ચયના મહેલમાં વસે મારો વ્હાલમો, વસે વ્રજ લાડીલો રે.' નિશ્ચયના મહેલનાં પાંચ પગથિયાં ચઢવા માટે આપણે શુભ સંકલ્પ કરીએ. અહીં શ્રીહરિરાયચરણ ૩૮મા શિક્ષાપત્રની પરિસમાપ્તિ કરે છે.

ઇતિ શ્રીહરિરાયજી વિરચિતં અષ્ટત્રિંશતમં શિક્ષાપત્રં
શ્રીગોપેશ્વરજીકૃતા વ્રજભાષાટીકાસમેતં સમાપ્તમ્.

આડત્રીસમા શિક્ષાપત્રનો સારાંશ

શ્લોક સંખ્યા : ૧૯

વિષય : પ્રભુનાં વિવિધ સ્વરૂપોનો વિચાર

(૧) શ્રીકૃષ્ણ રસાત્મક છે. ક્ષર અને અક્ષરથી વિશિષ્ટ, પુરુષોત્તમ સ્વરૂપ છે. તેમનો આદ્ય અવતાર બ્રહ્માંડ રૂપ વિરાટ સ્વરૂપ છે. તેઓ ભાવાત્મા હોવાથી ભાવથી જ અનુભવી શકાય છે. મત્સ્યાદિ અવતારો તેમના અંશાવતાર છે.

(૨) અક્ષરધામ એ જ વૈકુંઠ-વ્યાપિ વૈકુંઠ. ત્યાં તેઓ બ્રહ્માનંદ રૂપે લક્ષ્મીજી સાથે બિરાજે છે.

(૩) શ્રીકૃષ્ણ સ્વયં પૂર્ણપુરુષોત્તમ -પૂર્ણાનંદ છે. ગોલોકમાં અને વ્રજમાં નિત્ય સ્થિતિ છે.

(૪) રમા-વૈકુંઠવાસી વિષ્ણુ શ્રીહરિનું વિભૂતિ સ્વરૂપ છે.

(૫) પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, સંકર્ષણ, વાસુદેવ તેમના વ્યૂહાવતાર છે.

(૬) શ્રીકૃષ્ણ પ્રાકૃત નથી. તેઓ કેવળ રસરૂપ લીલાઓ જ કરે છે. અન્ય લીલાઓ વ્યૂહો દ્વારા કરે છે.

(૭) વ્રજમાં મર્યાદા સહિત કેવળ ધર્મીસ્વરૂપે બિરાજે છે.

(૮) મથુરા અને દ્વારકામાં સર્વધર્મયુક્ત સ્વરૂપે બિરાજે છે.

(૯) કૃપાગુણથી શ્રીકૃષ્ણ પરાધીન છે.

- શ્રીકૃષ્ણના પરમાનંદરસની પ્રાપ્તિ માટે શું કરવું?
  (૧) તેમની સ્વમાર્ગીય રીતે તનુવિત્તજા સેવા
  (૨) ભગવદીયો સાથે નિવેદનનું અનુસંધાન-સત્સંગ
  (૩) પ્રભુમાં દૃઢ વિશ્વાસ
  (૪) ચિત્તશુદ્ધિ માટે ધર્મીમાર્ગની પ્રવૃત્તિ
  (૫) શ્રીમહાપ્રભુજીમાં દૃઢ વિશ્વાસ

શિક્ષાપત્ર ઓગણચાલીસમું

સત્સંગેન પ્રભૌ ચિત્તં સ્થાપનીયં નિરંતરમ્ ।
પૂર્વં શ્રુતાનામર્થામનુસંધાનમાદરાત્ ॥૧॥

ચિત્તને નિરંતર સત્સંગ દ્વારા સ્થિર કરવું અને પૂર્વે સાંભળેલા અર્થનું આદરપૂર્વક અનુસંધાન કરવું. (૧)

ભગવત્સેવનં સમ્યક્ વિધેયમિતિ નિશ્ચયઃ ।
વૈષ્ણવાદિસમાધાનં કૃષ્ણસેવૈવ સર્વથા ॥૨॥

ભગવાનની સેવા સારી અને સુંદર રીતે કરવાનો નિશ્ચય રાખવો. વૈષ્ણવોનું સમાધાન કરવું એ જ સર્વથા કૃષ્ણસેવા છે. (૨)

યતઃ પ્રભૌ પ્રપત્તિર્હિ વર્ધતે કાર્યકારણાત્ ।
સેવયૈવ હિ સંતુષ્ટઃ સુખસેવ્યઃ પ્રભુર્ભવેત્ ॥૩॥

કાર્યકારણભાવથી પ્રભુમાં પ્રપત્તિ (શરણભાવના) વધે છે. માત્ર સેવાથી જ પ્રભુ સંતુષ્ટ થાય છે અને સુખસેવ્ય થાય છે. (૩)

દુરારાધ્યસ્ય સેવૈવ વશીકરણસાધનમ્ ।
કૃષ્ણસેવાં પ્રકુર્વંતો ભાગ્યવંતો જના મતાઃ ॥૪॥

પ્રભુ દુરારાધ્ય છે, સેવા એ જ શ્રીકૃષ્ણને વશ કરવાનું સાધન છે. જેઓ તેમની સેવા કરે છે, તેઓ જ ભાગ્યવાન છે. (૪)

તસ્માદ્ મનઃ દૃઢં કૃત્વા કૃષ્ણ એવ હિ સેવ્યતામ્ ।
અત્રત્યં વૃત્તમખિલં વદિષ્યતિ વિશેષતઃ ॥૫॥
શ્રીવિઠ્ઠલેશપ્રભોર્દાસઃ શ્યામદાસ સહસ્થિતઃ ।
તત્રત્યવૃતાંતોડખિલો વિવિચ્ય લેખ્યઃ કિમધિકમ્ ॥૫$^{૧}/_{૨}$॥

માટે મનને દૃઢ કરી શ્રીકૃષ્ણની સેવા કરવી. અહીંનો તમામ વૃત્તાંત શ્યામદાસની સાથે રહેલા એવા શ્રીવિઠ્ઠલનાથજીના દાસ શ્યામદાસ વિશેષરૂપે કહેશે. ત્યાંના સર્વ વૃત્તાંત વિસ્તારથી લખશો. વિશેષ શું લખું? (૫-૫$^{૧}/_{૨}$)

શિક્ષાપત્ર ઓગણચાલીસમું

શ્લોક સંખ્યા : **સાડા પાંચ.**
વિષય : **વૈષ્ણવનું પરમ કર્તવ્ય - ભગવદ્‌સેવા.**

આજે આપણે ૩૯મા શિક્ષાપત્રનું શ્રવણ કરવાનું છે. ૪૧ શિક્ષાપત્રોમાં જે બે ઓછામાં ઓછા શ્લોકવાળાં શિક્ષાપત્રો છે, એમાંનું આ એક છે. આમાં કેવળ સાડા પાંચ શ્લોક છે. શ્રીહરિરાયચરણે ૩૮મા શિક્ષાપત્રમાં વૈષ્ણવોનાં જે પાંચ કર્તવ્યો બતાવ્યાં હતાં, એ કર્તવ્યોનું અહીં ફરીથી પુનરાવર્તન છે. ૩૯મા શિક્ષાપત્રમાં નિવેદનના અનુસંધાનપૂર્વક ભગવદ્‌સેવા કરવાના કર્તવ્યનું નિરૂપણ છે. આપણને પ્રશ્ન થશે કે હજી ૩૮મા શિક્ષાપત્રમાં આ જ સિદ્ધાંત બતાવ્યો. ફરીથી એ જ સિદ્ધાંત કેમ બતાવી રહ્યા છે? એનું કારણ એવું સમજાય છે કે કોઇ પણ વસ્તુને પાકા પાયે હૃદયારૂઢ કરવી હોય તો એકવાર સાંભળવાથી થતી નથી. એને વારંવાર સાંભળવી પડે છે, વિચારવી પડે છે, એનું ચિંતન કરવું પડે છે. શ્રીહરિરાયચરણ અહીં કોઇ પુસ્તક લખી રહ્યા નથી. પુસ્તકનો નિયમ જુદો અને પત્રનો નિયમ જુદો. પુસ્તકની શૈલી એવી કે એમાં એકની એક વાતનું પુનરાવર્તન ન થવું જોઇએ. વિચારોનો વેગ આગળ ને આગળ ગંગાજીના પ્રવાહની જેમ વહેવો જોઇએ. પત્રોમાં એવી વિલક્ષણતા છે કે જેને સંબોધીને પત્ર લખતા હોઇએ, એમાં જે વાત કહેવી છે એ બરાબર વાંચનાર મનમાં ઠસી જાય એ માટે એનું પુનરાવર્તન કરવું પડે. શિક્ષણ-શાસ્ત્રનો આ એક સિદ્ધાંત છે. શીખવેલી વસ્તુનું દઢીકરણ અનિવાર્ય છે. ડ્રીલીંગ બરાબર થવું જોઇએ. હવે શ્રીહરિરાયચરણ પોતોને જે કહેવું છે તે કહેવાની પૂર્ણાહૂતિ ઉપર છે, એટલે છેલ્લે છેલ્લે સમગ્ર શિક્ષાપત્રોનો સાર એ ફરીથી બતાવી રહ્યા છે.

કેવળ ૩૯મું શિક્ષાપત્ર જો જીવનમાં ઊતરી જાય તો પુષ્ટિજીવન બની જાય. વૈષ્ણવી જીવન સુંદર સિદ્ધાંતોથી મહેકતું થાય. માટે શ્રીહરિરાયચરણે ભગવદ્‌સેવાનો પુષ્ટિનો પાયારૂપ સિદ્ધાંત ફરીથી આપણને ઘૂંટાવ્યો છે. આપ આજ્ઞા કરે છે કે પ્રભુ દુરારાધ્ય છે. એમને રીઝવવાનું કામ સરળ નથી. ગોવિંદસ્વામીએ કહ્યું: ‘રૂપ, ગુણ, શીલ, સુઘરતા ઇન બાતન ન રીઝૈયે.’ આપણા રૂપથી, ગુણોથી, ચારિત્ર્યથી અને સુઘડતાથી આ પુષ્ટિ પુરુષોત્તમ કદી પ્રસન્ન થતા નથી. કારણ કે જે થોડું ઘણું રૂપ

આપણી પાસે છે એ રૂપ આપનારા એ છે. સંપૂર્ણ રૂપના ભંડાર તો એ છે, ગુણોના ભંડાર છે, ચારિત્ર્યના ભંડાર છે, સુઘડતાના ભંડાર છે, જેની પાસે કરોડ રૂપિયા, રોકડા ખડખડતા હોય એને તમે સોની નોટ બતાવો કે જો મારી પાસે સો રૂપિયા છે તો એ રાજી થાય? આપણે એમ કહીએ કે હું ઉત્તમ વંશમાં જન્મ્યો છું. મારામાં જીવન જીવવાનાં સારાં સારાં લક્ષણો છે, હું ચાર વેદ અને અઢાર પુરાણો ભણેલો છું. તો પ્રભુ કહે છે : તેનાથી અહીં મારી ઉપર કોઇ પ્રભાવ નહિ પડે. માટે ગોવિંદસ્વામીએ કહ્યું, ભલે ને તમારી પાસે આ બધું જ છે, પણ સ્નેહ નથી, તો પોપટની જેમ જીભથી બોલ્યા કરીએ તો શો ફાયદો થાય? આ બધું કહેવાથી પ્રભુ મળવાના નથી.

શ્રીમદ્ ભાગવતજીમાં તમે સાંભળ્યું હશે કે અનેક ઋષિમુનિઓએ હજારો વર્ષોની તપશ્ચર્યા કરી. કેવી આકરી તપશ્ચર્યા! વાયુનું ભક્ષણ કરીને રહ્યા, તો યે ભગવદ્દર્શન નથી થયાં. અનેક લોકોએ યજ્ઞ કર્યા, શ્રીમહાપ્રભુજીના પૂર્વપુરુષોની જ વાત લો ને! કેટલા બધા સોમયજ્ઞ સૌએ કર્યા, પણ શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય તો લક્ષ્મણ ભટ્ટજીના ત્યાં જ થયું. એટલે યજ્ઞથી, તપથી, અનેક પ્રકારના કઠણ યમ-નિયમ-સંયમ જાળવવાથી પ્રભુ મળતા નથી, એ દુરારાધ્ય છે. તો એ શાનાથી મળે છે? એમનું વશીકરણ કેવી રીતે કરાય?

કેટલાંક એવાં શાસ્ત્રો છે કે જે લૌકિક ઇચ્છાઓને પૂર્ણ કરવાના રસ્તાઓ બતાવે છે અને એમાં વશીકરણના પણ મંત્ર હોય. એ મંત્રનું તમે અનુષ્ઠાન કરો, એટલે જે વ્યક્તિને તમે વશ કરવા માંગો એ તમારે વશ થઇ જાય, એનું નામ વશીકરણ મંત્ર. તો પ્રભુને શાનાથી વશ કરાય, કયા મંત્રના અનુષ્ઠાનથી પ્રભુ આપણા વશ થાય? ગોપીજનોએ કયો મંત્ર જપેલો કે જેનાથી પ્રભુ એમને વશ થયા? શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે, સેવારૂપી મંત્ર એક જ એવો છે, સેવા એ જ એકમાત્ર સાધન છે. જેનાથી આવા દુરારાધ્ય દામોદર પ્રભુ ભક્તને આધીન બને. આવી ભગવદ્સેવા માટે શ્રીહરિરાયચરણ પાયાની કેટલીક વાતો સમજાવે છે. આપણા પ્રોબ્લેમના-પ્રશ્નના જવાબ આપે છે.

'જાનામિ ધર્મમ્ ન ચ મે પ્રવૃત્તિમ્' - એમ સેવા કરવાની વાત અમે જાણીએ છીએ. પણ કોણ જાણે શું થાય છે કે તે અમારાથી બનતી નથી. 'સેવાફલ' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી બતાવે છે કે સેવામાં ત્રણ જાતના અંતરાયો ઓવે છે, એને કારણે સેવા થતી નથી. પહેલો અંતરાય છે ઉદ્વેગ, બીજો ભોગ અને ત્રીજો પ્રતિબંધ. લૌકિકમાં ઉદ્વેગ થાય, કલેશ થાય. કુટુંબીજનો સેવા કરવા માટે સહાયક બને નહિ

અને વાંધા પાડે, તો એને કારણે સેવા છૂટી જાય છે. આપણે ડરીએ છીએ કે આવા બધા કલેશના વાતાવરણમાં સેવા કેમ કરીશું? ઘરના બધા સહકાર નહિ આપે તો એકલાંથી શું થશે?

સેવામાં અંતરાયરૂપ બીજી બાબત છે ભોગ. લૌકિકાના અનેક વિષયોમાં ભોગ ભોગવવાની જે વૃત્તિ છે એ આપણને સેવા કરતાં રોકે છે, રૂકાવટ લાવે છે. સેવા કરનારે ગરમાગરમ રસોઇ ખાવાની વૃત્તિ છોડવી પડે. આવા અનેક લૌકિક ભોગ જો છોડીએ, તો સેવામાં તત્પરતા થાય. આ લૌકિક ભોગ ભોગવવાની વૃત્તિ આપણને સેવાથી દૂર રાખે છે. રહેવા દો, સેવા નહિ બને. લૌકિકમાં રહ્યા છીએ એટલે સગાવહાલે તો જવું પડે. સાજા-માંદાના પ્રસંગે જવું પડે, લગ્ન વગેરેમાં જવું પડે, સૌને મળવું પડે. આમ કરવું પડે, તેમ કરવું પડે. એ બધાંને પ્રાયોરિટિ અને આ બધું કરતાં કરતાં આપણે કહીએ છીએ કે સેવા નહિ બને. લૌકિક ભોગ ભોગવવાની વૃત્તિ ભગવદ્‌સેવામાં કાં તો અંતરાય લાવે છે અથવા તો સરખી રીતે સેવા થવા દેતી નથી.

ત્રીજું, પ્રતિબંધ. બે પ્રકારના પ્રતિબંધઃ મનુષ્યકૃત અને ભગવદ્‌કૃત. કુટુંબીજનો પ્રતિબંધ કરે. યુવાન દીકરો સેવા કરતો હોય અને મા-બાપ કહે, હજુ તારે ઘણી વાર છે. અત્યારે વેપારમાં ધ્યાન આપ, અમારી ઉંમરનો થાય ત્યારે સેવા કરજે. ઘરમાં પત્ની પતિને પ્રતિબંધ કરેઃ સવારથી સેવામાં બેસી ગયા, હવે અમારું કોણ ધ્યાન રાખશે? આ બધાષ મનુષ્યકૃત પ્રતિબંધો છે. જેને કારણે આપણી સેવા થતી નથી અને છૂટી જાય છે અથવા શ્રીમહાપ્રભુજી કહે છે ઠાકોરજી આપણી સેવા લેવા જ તત્પર નથી. રાજી નથી. ઠાકોરજીને એવું પૂછી નહિ શકાય કે અમારો શો વાંક છે? શા માટે અમારી સેવા નથી લેવી? એમને નથી લેવી તો નથી લેવી. જયારે પ્રભુને સેવા નથી લેવી ત્યારે બીજું કંઇ કારણ ન હોય તોય અક્કર-ચક્કરમાંથી એવી પરિસ્થિતિ આવે કે તમારી સેવા છૂટી જાય. તમે સાચા દિલથી લાખ પ્રયત્નો કરો તોય સેવા ન થાય.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ઉદ્વેગને આપણી બુદ્ધિથી દૂર કરી શકાય, ભોગમાંથી આપણા મનને વાળી શકાય, આપણા સ્વજનો કોઇ રૂકાવટ ઊભી કરી તો એમાંથી રસ્તો કાઢી શકાય, પણ પ્રભુને સેવાની લેવાની ઇચ્છા ન હોય ત્યારે આપણો કોઇ પ્રયત્ન ચાલતો નથી. ત્યાં પ્રભુની ઇચ્છાને આધીન બની જવું પડે. પણ આ તો છેલ્લો તબક્કો છે. બાકી તો ઉદ્વેગ આવે, ભોગ આવે કે સ્વજનોના અંતરાય આવે એ પરિસ્થિતિમાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે તમારી બુદ્ધિને નિશ્ચલ

એટલે કે મક્કમ રાખવી પડશે. કમ વોટ મે- જે આવવાનું હોય તે આવે. એક કવિએ બહુ સુંદર વાત કરી: 'અડગ દિલના માનવીને હિમાલય નડતો નથી.' આપણે નેપોલિયન બનવું પડે. નેપોલિયન હમેશાં એમ કહેતો કે મારા શબ્દકોશમાં અશક્ય જેવો કોઇ શબ્દ જ નથી. નિષ્ફળતાને હું સમજતો જ નથી. હું જે ઇચ્છું, વિચારું એ કરીને જ જંપું છું. આવું દઢ મનોબળ વૈષ્ણવોએ સેવાની બાબતમાં રાખવું પડશે - જો સેવાને સારી રીતે કરવી હશે તો. આપણી બહાનાંબાજી ખોટી છે કે શ્રીમહાપ્રભુજી કૃપા કરશે ત્યારે અમે સેવા કરવા લાયક બનીશું. પ્રભુને અમારી સેવા લેવી હશે ત્યારે અમને સેવાની અનુકૂળતા કરી આપશે. આ વિતર્ક છે. અંગ્રેજીમાં એને લૉજીકલ ફેલેસી કહે છે, કારણ કે પ્રભુને આપણી સેવા લેવી છે, માટે તો શ્રીમહાપ્રભુજી દ્વારા આપણું બ્રહ્મસંબંધ થયું છે.

શ્રીલાલુ ભટ્ટજી 'સિદ્ધાંતરહસ્ય'ની ટીકામાં બહુ સુંદર વાત કહે છે. તેઓ પ્રશ્ન કરે છે: માનો કે કોઇ જીવ બ્રહ્મસંબંધ લે અને પછી એ સેવા ન કરે તો? એમનો મત એવો છે કે જીવ જીદ્દી બને, તો પ્રભુ એનાથી વધુ જીદ્દી બને છે. જેણે બ્રહ્મસંબંધ લીધું છે એવા જીવાત્માને ભગવદ્સેવા કરવા માટે આ પૃથ્વી ઉપર ફરીથી જન્મ લેવો જ પડશે. જો આ જન્મે સેવા નહિ કરે તો બીજો જન્મ લેવો પડશે. બીજા જન્મે સેવા નહિ કરે તો ત્રીજો જન્મ લેવો પડશે. પણ એકવાર પૃથ્વી ઉપર જન્મીને બ્રહ્મસંબંધ પછીની એની જવાબદારી એણે પૂરી કરવી પડશે. પછી જ એને ભગવદ્લીલામાં પ્રાપ્તિ થશે. આપણે વિચાર્યું હતું કે દોષોને નિવૃત્ત કરવા દશ જન્મ લેવાની તૈયારી રાખવી, પણ સેવાની રાહ જોવા દશ જન્મની તૈયારી ન રાખશો.

આ જન્મે બ્રહ્મસંબંધનું દાન થયું છે, ત્યારે સેવાની એ જવાબદારીને બુદ્ધિની દઢતા સાથે સ્વીકારી લો. જેમ જિંદગીની બીજી જવાબદારીઓ આપણે સ્વીકારીએ છીએ એમ ઘણી જવાબદારી જીવનમાં માથે આવે છે, ત્યારે આપણે બીજી ગમતી ઘણી બાબતો છોડી દઇને પણ પેલી જવાબદારીને સ્વીકારી લઇએ છીએ. એક વિવેચકે બહુ સુંદર વાત કરી કે જીવનની સફળતાની જડીબુટ્ટી કઇ? તો એણે કહ્યું કે માણસ પોતાનાં કાર્યોની પ્રાયોરિટી નક્કી કરે એ સફળતાની જડીબુટ્ટી. કામ તો આપણી સામે ઘણાં આવશે, પણ એમાંથી પહેલું કામ કયું કરવાનું? એની પ્રાયોરિટી નક્કી કરવી પડે અને જેને પ્રાયોરિટી આપી એ સિવાયનાં બધાં કાર્યોમાંથી ચિત્તને ખેંચી લેવું પડે. દુનિયામાં એક કહેવત છે કે કોઇનીયે પાછળ ન પડશો. જેને કોઇની પાછળ પડતાં આવડી જાય એ મેળવીને જ જંપે. વૈષ્ણવ ભલે કોઇ વ્યક્તિની પાછળ ન પડે, પણ એને સેવાની પાછળ તો પડી જવા જેવું છે. પોતાના કર્તવ્યની નિષ્ઠાની

બાબતમાં એક કવિએ બહુ સુંદર કહ્યું, 'અમને ખબર નથી અમારે પંથ શી આફત ખડી છે, ખબર છે એટલી કે માતની હાકલ પડી છે.' આપણી આઝાદીના સંઘર્ષકાળમાં દેશવાસીઓએ આવી ભાવના સેવીને દેશ માટે કુરબાની આપી છે. એવી જ કુરબાની ભક્તિ માટે પણ આવશ્યક છે. માટે પ્રીતમે કહ્યું :

હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જોને,
પરથમ પહેલું મસ્તક મૂકી વળતી લેવું નામ જોને,
સુત વિત દારા શીશ સમર્પે, એ પામે રસ પીવા જોને.

તો બીજા કવિએ કહ્યું : 'રે શિર સાટે નટવરને વરીએ.'

દુનિયાની બાબતોને એક હાથે પંપાળ્યા કરીએ, અને બીજી બાજુ કહીએ કે સેવા થતી નથી, તો આ સંજોગોમાં સેવા ન થાય. સેવા કરવા માટે જિંદગીની કાયરતા નહિ ચાલે, નમાલાપણું નહિ ચાલે. રોદણાં નહિ ચાલે. સેવા માટે મરજીવા બનવું પડે, સૈનિક બનવું પડે, ક્ષત્રિય બનવું પડે. સેવા કરવાનું થશે કે નહિ થશે, છોડી દો એ બધી ભાંજગડો. એક વાર ઝંપલાવી દો પાણીમાં. જેને તરતાં ન આવડતું હોય અને કિનારે બેઠાં બેઠાં વિચાર કરે કે તરવાનું કેમ આવડે? તો ન આવડે. એને તરતો કરવો હોય તો પાછળથી ધક્કો મારીને પાણીમાં પાડી દેવો પડે. દયા ન કરાય. થોડાં ડૂબકાં ખવડાવી દેવાનાં અને પાણી પીવડાવી દેવાનું, એટલે આપોઆપ હાથ-પગ પછાડતો થાય અને તરતાં આવડી જાય. સેવાનું પણ આવું છે. સેવાના સાગરમાં ભૂસકો જ મારવો પડે, પગથિયાં ન ઉતરાય. સ્વીમીંગ પુલનાં પગથિયાં ઊતરીને તરતાં ન શિખાય, સ્વીમિંગ પુલના ડાઇબોર્ડ પરથી ડાઇ મારીને અંદર પડતાં જ શિખાય, તો તરતાં આવડે.

માટે અહીં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે ભગવ્સેવાનો સ્વીકાર કરવા માટે, જીવનમાં અપનાવવા માટે તમારી બુદ્ધિની મક્કમતા બહુ જરૂરી છે, જેની બુદ્ધિ દઢ થઇ એને સેવા સ્વીકાર્ય બને. પેલા અર્જુનને આપણે યાદ કરી લઇએ. સેવામાં અર્જુન જેવા બનવા જેવું છે. ગુરુજીએ પૂછયું કે બેટા, તને શું શું દેખાય છે? તો કહે કે ગુરુદેવ, મને કાંઇ દેખાતું નથી, આ પક્ષીની જમણી લાલ આંખ જ દેખાય છે. અર્જુનની જેમ બ્રહ્મસંબંધ લીધા પછી સેવા જ દેખાય, સેવા સિવાય બીજું કંઇ ન દેખાય, એ જ સેવાના રસસાગરમાં તરી શકે અને રસસાગરનો અનુભવ કરી શકે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે બુદ્ધિની મક્કમતા અને નિશ્ચલતા માટે બે સાધનો છેઃ પહેલું સાધન છે સત્સંગ. જે સેવા કરતા હોય એનો સંગ થાય, તો એના સંગથી આપણને પણ સેવામાં રસ જાગે ને પ્રભુમાં ચિત્તનું સ્થાપન થાય. જે સેવા કરે

છે એને પણ જો સાથે સાથે સત્સંગનું પોષણ નથી મળતું અને કયાંક દુઃસંગ મળી ગયો તો એની સેવાય છૂટી જાય છે.

પરદેશમાં રહેતાં એક વૈષ્ણવ બહેનનો પરિચય છે. આ માર્ગમાં એમનો પ્રવેશ થયો અને બ્રહ્મસંબંધ લીધું. એમની કુટુંબ-પરંપરા વૈષ્ણવતાની નહોતી, પણ દૈવી જીવ એટલે આ માર્ગમાં આવ્યાં અને એમના ગુરુદેવની એમની ઉપર કૃપા પણ થઇ કે પરદેશમાં રહેવા છતાં એ વૈષ્ણવ ઠાકોરજીને સખડી ધરીને પ્રભુની સેવામાં બહુ પ્રેમથી તત્પર બન્યાં. પરદેશમાં ભારતના લોકો જાય, લૌકિક સંબંધો હોય એટલે સૌની મહેમાનગીરી કરવી પડે. સત્સંગનો તો અભાવ જ હોય, એ સંજોગોમાં એમના પરિવારમાં એક સંન્યાસી આવ્યા. શાંકરમતના અનુયાયી અને બહુ આશ્ચર્યની વાત તો એવી કે આ સંન્યાસી પૂર્વજીવનમાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કુટુંબમાં જન્મેલા, પણ અધિકાર નહિ એટલે શાંકરમત તરફ વળી ગયા, જ્ઞાનમાર્ગ તરફ વળી ગયા. માયાવાદમાં રુચિ થઇ. વાક્છટા બહુ સુંદર. ૧૫ દિવસ એમનાં ત્યાં પ્રવચનો થયાં. આ વૈષ્ણવના ઘેર એમનો મુકામ, એટલે વાતવાતમાં પેલા સંન્યાસી એમને કહે કે આ બધો સેવાનો ખેલ શું કરો છો? નાનાં છોકરાં ઘરઘરની રમત રમે એવી શું આ રમત રમો છો? આમ કરવાથી કંઇ પ્રભુનો અનુભવ થતો હશે? એમની વાણીનો જાદુ આ વૈષ્ણવ પર થઇ ગયો અને એમણે એમના પતિને કહી દીધું કે આ સંન્યાસી કહે છે તે વાત જ સાચી છે. કાલથી હું શ્રીબાલકૃષ્ણલાલજીની સેવા નથી કરવાની, તમારે કરવી હોય તો તમે જાણો. છોડી દીધી સેવા. દુઃસંગથી સેવા છૂટી ગઇ. મહિનાઓ સુધી એની અસર રહી.

પણ પ્રભુ જેનો હાથ પકડે એને હંમેશ માટે છોડતા નથી. મનુષ્યકૃત જે પ્રતિબંધ એમના જીવનમાં આવ્યો એ પ્રભુએ દૂર કરવાની લીલા કરી. મુંબઇથી એક ગોસ્વામી બાળકને ત્યાં પધારવાનું થયું. જે વૈષ્ણવના ત્યાં જવાનુ હતું એ વૈષ્ણવને કંઇક કામ આવ્યું, એટલે ત્યાંથી જતા રહેલા. બીજા કોઇનું સરનામું નહિ. શોધતા શોધતા આમના ઘેર એ ગોસ્વામી બાળક પધાર્યા. એમનો સ્વભાવ કે ઘેર આવેલા મહેમાનની પૂરી રીતે મહેમાનગીરી કરવી અને એમાંયે વૈષ્ણવ આચાર્ય પધાર્યા એથી સર્વ વ્યવસ્થા કરી આપી. એમનો પાછો સંગ લાગ્યો, એટલે મગજમાં જે પેલું ધુમ્મસ થઇ ગયું હતું, એ ધીમે ધીમે સત્સંગ રૂપી સૂર્યના પ્રકાશથી દૂર થયું અને ભૂલ સમજાઈ ગઇ કે અરેરે! મેં આ શું કર્યું? હું ખોટી રીતે ફસાઇ ગઇ. ગોસ્વામી બાળકે ફરી એવી કૃપા કરી કે એમનો ભાવ પાછો જાગૃત થયો, સેવામાં ફરી તત્પર થયાં અને નક્કી કર્યું કે કોઇની વાણી સાંભળવી નહિ અને કોઇનો સંગ કરવો નહિ.

આ દુ:સંગ જો આટલો પ્રબળ હોય તો સત્સંગની પ્રબળતા પણ ઓછી નથી, હાં. એનાથીયે વધારે છે. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે બે હેતુપૂર્વક સત્સંગ કરવો. પહેલો હેતુ સેવામાં મન વાળવા માટે સત્સંગ કરવો. તો કોનો સંગ કરવો? જે સેવા કરતા હોય એનો. કોની વાણીની અસર થાય? જે એવું જીવન જીવતા હોય એની. રામકૃષ્ણ પરમહંસનો દાખલો તમે જાણી લો. મા દીકરાને લઇને સ્વામીજીની પાસે ગઇ. ગરીબ બાઇ. દીકરાને ખૂબ ગોળ ખાવા જોઇએ. સ્વામીજી, એને સમજાવો કે ગોળ ન ખાય, હું નથી આપી શકતી. સ્વામીજીએ કહ્યું કે મા અઠવાડિયા પછી આવજે. અઠવાડિયા પછી ફરી ગયાં. બાળકના માથે વહાલથી હાથ ફેરવીને કહ્યું કે બેટા! આજથી ગોળ ન ખાતો હં. પેલી મા પૂછે છે, બાપજી! આટલું કહેવા એક અઠવાડિયું લગાડયું? એ દિવસે કહી દીધું હોત તો? રામકૃષ્ણ પરમહંસ કહે છે, મા, તારા દીકરાને ગોળ ભાવે છે, એમ મને પણ ગોળ બહુ ભાવે છે. હું પણ ભોજનમાં રોજ ગોળ બહુ ખાઉં છું. ગોળ ખાનારો હું કોઇને કઇ રીતે કહું કે ગોળ ન ખાઇશ? મેં અઠવાડિયાથી ગોળ છોડી દીધો છે. હવે હું જીવનભર નહિ ખાઉં, એવો સંકલ્પ કર્યો છે. માટે તારા દીકરાને કહ્યું કે બેટા, ગોળ ન ખાઇશ. હવે મારી વાત, મારા શબ્દો એને અસર કરશે.

શબ્દો એ બાણ જેવા છે. શબ્દોમાં એક શક્તિ છે. એક વાર શબ્દના બાણથી હૈયુ વિંધાય તો એ સદાયને માટે વીંધાયેલું રહે છે. માટે આ શબ્દનાં બાણ એ જ વાપરી શકે કે જે જીવનમાં એ શબ્દનું પાલન કરે છે. એક કથાકારનો પ્રસંગ પ્રસિદ્ધ છે. ચાતુર્માસની કથા ચાલે છે. એમણે સૌને કથામાં કહ્યું, કારણ કે શાસ્ત્રમાં લખેલું હતું કે ચાતુર્માસમાં રિંગણ ન ખવાય. એમણે ઉપદેશ આપ્યો. આ ચોમાસામાં રિંગણ નહિ ખાવાનાં. હવે એ જ દિવસે, કોઇ ખેડૂતના ખેતરમાં રિંગણ પાકયાં હશે, એટલે કહ્યું કે આ મહારાજ કથા કરે છે અને આપવા પૈસા તો નથી. તો લાવ એમને રિંગણ આપીએ. પોથી ઉપર રિંગણ મૂકી ગયો. કથા પૂરી થઇ. આવેલા પાઇ-પૈસા બધું સમેટયું, ગોરાણી પણ હાજર હતાં. એમને કહ્યું કે તારી સાડીના છેડામાં રિંગણ ભરી લે. કાનમાં કહ્યું કે ઘેર જલદી જઇને એનું શાક બનાવી દે. ગોરાણી પણ સમજદાર છે, એટલે કાનમાં પૂછયું કે તમે હમણાં તો કથામાં કહ્યું કે ચોમાસામાં રિંગણાં ન ખવાય. પંડિતજી કહે કે મૂર્ખી! તારામાં અક્કલ નથી. એ તો શાસ્ત્રમાં લખ્યું છે. પોથીમાં લખ્યું છે એટલે બોલવું પડે. પણ આવાં મફતનાં રિંગણાં મળતાં હોય તો છોડાય! આપણી આ દશા છે પોથીમાં લખ્યું છે. એટલે મારે બોલવું પડે કે સેવા કરવાની. પણ હું સેવામાં તત્પર ન થઇ શકતો હોઉં, સેવાની વાતો જ કરતાં મને

આવડતી હોય તો મને કહેવાનો કયો અધિકાર છે કે સેવા કરો. કહેવાનો અધિકાર એને જ છે, જે આચરણ કરે.

શ્રીમહાપ્રભુજીનો આ માર્ગ બહુ વિરલ છે. બીજા માર્ગોમાં ગુરુ શિષ્યોને ઉપદેશ આપે, આજ્ઞા કરે. એ આજ્ઞા શિષ્યો માટે હોય, સેવકો માટે હોય, ગુરુને માટે ન હોય. પણ શ્રીમહાપ્રભુજી તો અહીં એમ બતાવે છે કે જે આજ્ઞા હું કરીશ એનું પાલન હું અને મારો પરિવાર કરીશું. હું એવી કોઇ આજ્ઞા નહિ કરું કે જેનું પાલન મારે અને મારા પરિવારે કરવાનું ન હોય. માટે છેલ્લે છેલ્લે પણ 'શિક્ષાશ્લોકી'માં શ્રીમહાપ્રભુજીએ પોતાના પરિવારને અને વૈષ્ણવોને અર્થાત્ બિંદુસૃષ્ટિને અને નાદસૃષ્ટિને જાહેરમાં એક જ શિખામણ આપી, એક જ આજ્ઞા આપી કે તમે ભવિષ્યમાં કયારેય પ્રભુથી બહિર્મુખ ન થશો, પ્રભુનાં સેવાસ્મરણ છોડી ન દેશો. એમ કરશો તો, યાદ રાખજો કે કાળનો પ્રવાહ તમને ખેંચી જશે. ખાઇ જશે. તમારું અસ્તિત્વ મટી જશે. સેવાસ્મરણની આજ્ઞા શ્રીમહાપ્રભુજીએ પોતાના પરિવારને અને વૈષ્ણવ પરિવારને બંનેને કરી. માટે શ્રીહરિરાયજી પોતાના નાનાભાઇ શ્રીગોપેશ્વરજીને પણ આજ્ઞા કરી રહ્યા છે કે તમારાં વહુજીના લીલાપ્રવેશથી તમારા મનમાં સેવાનો જે ઉદ્વેગ આવ્યો, પત્નીના લીલાપ્રવેશથી તમને જે પ્રતિબંધ આવ્યો એનાથી તમે સેવાંવિમુખ ન બનશો. એ પ્રતિબંધોને - અંતરાયોને દૂર કરવા ભગવદીયોનો સત્સંગ કરજો. સેવાતત્પર અને સેવારસિક વૈષ્ણવોના સત્સંગથી સેવા કરવાનું મન થશે, પણ સત્સંગમાં જે એમ કહેતા હોય કે સેવા નહિ કરો તો ચાલશે, એના સંગથી સેવામાં રુચિ નહિ જાગે. જે સેવા નથી કરતા એવા વૈષ્ણવ સત્સંગમાં સેવા કરવાનો સિદ્ધાંત સમજાવશે તો એમના મુખથી કહેવાયેલો સિદ્ધાંત પણ આપણને અસર નહિ કરે. માટે સેવામાં તત્પર, સેવાનિષ્ઠ વૈષ્ણવનો સત્સંગ કરવો.

ઉજ્જૈનમાં શ્રીકૃષ્ણ ભટ્ટને એક વૈષ્ણવે પ્રશ્ન કર્યો કે ભટ્ટજી! ઠાકોરજી આપણી સેવા અંગીકાર કરે છે કે નહિ એ કેવી રીતે જાણવું? કૃષ્ણ ભટ્ટે બહુ સુંદર જવાબ આપ્યો. સેવા કરતાં કરતાં તમારી સેવામાં દિન પ્રતિદિન જો રુચિ વધતી જાય, તો માનજો કે ઠાકોરજી તમારી સેવા અંગીકાર કરે છે. આજે સેવા કરી, એક સામગ્રી બનાવીને ધરી. કાલે બે સામગ્રી બનાવવાનું મન થયું, પરમ દિવસે વધારે સામગ્રી બનાવવાનું મન થયું. મિસરી ધરતાં ધરતાં લીલો મેવો ધરવાનું મન થયું, દૂધઘર ધરવાનું મન થયું. ઉત્સવે સખડી ધરવા માંડી. રોજ સખડી ધરવાનું મન થયું. એકવાર સેવા કરતા હતા તેને બદલે બે વાર સેવા કરવાનું મન થયું. આમ, સેવામાં રુચિ વધતી જાય તો માનવું કે શ્રીઠાકોરજી આપણી સેવા અંગીકાર કરે છે.

આ સેવામાં રુચિ સત્સંગથી વધશે, એટલે એવા ભકતનો સત્સંગ કરવો કે જે પૂર્ણ રીતે સેવામાં તત્પર હોય. પ્રભુને બંને સમય, મંગળાથી રાજભોગ અને સાંજે ઉત્થાપનથી શયન સુધી સેવા પહોંચતા હોય, બંને સમય જેમના ઘરમાં શ્રીપ્રભુ નિત્ય સખડી ભોગની સામગ્રી આરોગતા હોય અને એ પણ ભાવભાવનાના ચિંતનની સાથે સેવા થતી હોય, એવા ભગવદીયોને શોધીને એમનો સંગ કરવો. કદાચ એમને ગ્રંથો ભલે ઓછા આવડતા હોય, પણ એમના હૃદયના ભાવથી આપણા હૃદયનો ભાવ જાગશે. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે આવા સત્સંગથી પ્રભુનું ચિત્તમાં સ્થાપન થશે અને ચિત્તમાં પ્રભુનું સ્થાપન થશે એટલે બુદ્ધિ સેવામાં દઢ થશે.

કેવી દઢતા આવે તેનો સાંભળેલો એક પ્રસંગ અને તે પણ બહુ જ અર્વાચીન સમયનો પ્રસંગ છે. મુંબઇમાં એક ભાટિયા વૈષ્ણવ. માજીની ઉંમર ૮૫ ઉપર, પણ બાળપણથી સેવાનો આગ્રહ અને એવો પ્રેમ કે ઘરમાં સુખ-સાહ્યબી હોવા છતાં સવાર-સાંજની સેવા જાતે જ કરે. જળ ભરવાથી લઇને બધી સેવા પોતે કરે. એમ કરતાં કરતાં ૮૫ વર્ષે પ્રભુની ઇચ્છા થઇ કે તબિયત ખૂબ બગડી અને બેભાન થઇ ગયાં, કોમામાં આવી ગયાં, આંખ ખૂલે જ નહિ. ડૉકટરો ઉપચાર પણ ઘણા કરે. એ માજીએ જિંદગીભર એક નિયમ નિભાવેલો કે બરાબર સવારે અગિયાર વાગે ઠાકોરજીને રાજભોગ આવે. ઉત્સવ હોય કે ગમે તે દિવસ હોય. અન્નકૂટનો દિવસ હોય તો પણ અગિયારે વાગે ભોગ આવે. રાતમાં જેટલાં વહેલાં ઊઠવું પડે તેટલાં ઊઠે. બેભાન અવસ્થામાં ત્રણ દિવસ રહ્યાં. બરાબર અગિયારના ટકોરા ઘડિયાળમાં થાય એટલે માજીની આંખ ખૂલે. પાસે જે બેઠું હોય એને ક્ષીણ અવાજે પૂછે, મારા ઠાકોરજીને રાજભોગ આવ્યો? જવાબ મળે, હા મા. પાછી આંખ મિંચાઇ જાય. ત્રણ દિવસ બેભાનાવસ્થામાં રહ્યાં, લૌકિક રીતે. પણ ત્રણ દિવસ અગિયાર વાગે આટલું પૂછે કે મારા ઠાકોરજીને રાજભોગ આવ્યો? ચોથા દિવસે તો પ્રભુએ એમને પોતાના ચરણમાં બોલાવી લીધાં. સેવાની આ તત્પરતા! આવી સ્થિતિમાં પણ પ્રભુના સુખનો આટલો બધો વિચાર!

આવા વૈષ્ણવોને ગ્રંથો આવડે કે ન આવડે, તેનું ખાસ મહત્ત્વ નથી, કારણ કે ગ્રંથમાંથી જે શીખવાનું છે તે તો જીવનમાં આચરે જ છે. માટે શ્રીહરિરાયજી અહીં આજ્ઞા કરે છે કે શોધી શોધીને ભગવદીયોનો સત્સંગ કરો, જેમનાથી આપણને સેવા કરવા માટેની સ્ફૂર્તિ, ઉત્સાહ, પ્રેમભાવ પ્રાપ્ત થાય, ઑક્સિજન મળે. લોકો હવાફેર કરવા જાય છે. શું કરવા? જે તંદુરસ્તી ગુમાવી હોય તે પાછી મેળવવા. વૈષ્ણવોનો હવાફેર કયો? સત્સંગ. કારણ કે આપણા મનની તંદુરસ્તી ગઇ છે, લૌકિક

આસક્તિનો રોગ લાગ્યો છે એને સુધારવાને માટે સત્સંગનો હવાફેર બહુ જરૂરી છે. હવાફેર કરવા કયાં જવાય? હિલ સ્ટેશને, ઉંચા પર્વત ઉપર, જયાં હવા શુદ્ધ હોય, પર્યાવરણ દૂષિત ન હોય. તો આપણા સત્સંગનો હવાફેર, જેમણે જીવનમાં સેવાની આવી ઊંચાઇ પ્રાપ્ત કરી છે એવા ભગવદીયોથી જ થાય. ત્યાં પર્યાવરણ શુદ્ધ છે, હૃદયનો ભાવ અને આગ્રહ શુદ્ધ છે. ખોખલા શબ્દ નથી, પણ ધબકતું સેવામય જીવન છે. આવો સત્સંગ બુદ્ધિને સેવામાં લગાડવા માટે જરૂરી છે.

બીજું સાધન છે, નામનિવેદન મંત્રનું અતિ આદરપૂર્વક અનુસંધાન કરવું. સૂતાં, જાગતાં, ઊઠતા-બેસતાં, હરતાં-ફરતાં બ્રહ્મસંબંધ મંત્રનો જે ભાવાર્થ છે એને સતત યાદ કરો. વિચાર કરો કે ભગવાન કૃષ્ણથી વિખૂટા પડે હજારો વર્ષોનો સમય વ્યતીત થઇ થયો. યાદ પણ નથી કે કયારે વિખૂટાં પડયાં, શું થયું? જેમ જેમ સમય જાય તેમ તેમ સ્વજન ભૂલાય. હજારો વર્ષોથી વિખૂટા પડવાને કારણે પ્રભુ ભુલાઇ ગયા. ભુલાઇ ગયા એટલે એમને ફરીથી મેળવવાની ઇચ્છા જ ન રહી. પરિણામે ફરી મેળવવાની તાલાવેલી, તાપકલેશ પણ ન રહ્યો. ભગવાનની પ્રાપ્તિને માટે હૃદયમાં તાપકલેશનો આનંદ થવો જોઇએ એ જેને તિરોધાન થઇ ગયો છે, એ રહ્યો જ નથી, એવો હું જીવ ભગવાન કૃષ્ણ-શ્રીગોપીજનવલ્લભને મારાં દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ અને એના ધર્મો, સ્ત્રી, પુત્ર, ઘર, કુટુંબ, ધા, આલોક અને પરલોક, આત્મા સહિત સમર્પણ કરું છું. હું દાસ છું. હે કૃષ્ણ! હું તમારો છું. આ નિવેદન મંત્રનો ભાવાર્થ છે, અનુવાદ છે, શબ્દાર્થ છે. એનું સતત ચિંતન કરો.

નિવેદન મંત્રમાં ત્રણ બાબતો છે. શરૂઆતમાં જીવનું સ્વરૂપ. હું જીવ કેવો છું? તો એમાં ત્રણ વાત કહી. ભગવાન કૃષ્ણથી છૂટો પડેલો, ભગવાનને ભૂલી ગયેલો, તાપકલેશરહિત. પછી પ્રભુનું સ્વરૂપ કહ્યું : નિઃસાધન ગોપીજનોના જેવા ભકતો જેમને પ્રિય છે. પછી જીવે પોતાના કહેવાતા અહંતા-મમતાત્મક પદાર્થોના સમર્પણની પ્રતિજ્ઞા કરી. જવાબમાં ભગવાન આ સમર્પિત જીવને વચન આપે છે કે હું તારું રક્ષણ કરીશ, કદી તને દુઃખ નહિ પડવા ખઉં.

અગ્નિની સાક્ષીએ પરસ્પરને આપેલાં પ્રોમિસ બહુ મોટી વાત છે. જો લૌકિકમાં લગ્નનાં પ્રોમિસ યાદ રહે, તો આપણું દાંપત્યજીવન મધુર બને. પતિ-પત્ની વચ્ચે ઝઘડા ન થાય. એડજસ્ટમેન્ટ થાય, પરસ્પરની મર્યાદાઓ સ્વીકારાય, પરસ્પરની શક્તિઓ નભાવાય. માટે ભારતીય સંસ્કૃતિમાં પાંચ હજાર વર્ષ પહેલાં છૂટાછેડાનો વિચાર ન હતો. કેમ કે લગ્ન એ ધર્મ હતો, લગ્ન એ દેહની ભૂખ સંતોષવાનું સાધન ન હતું. આજે આપણામાં ડાયવોર્સ પ્રચલિત થયા, કારણ કે આ સપ્તપદીની ગંભીરતા

અને પવિત્રતાનું આપણને અનુસંધાન નથી. ડાયવોર્સ થતાં પહેલાં દાંપત્યજીવન ક્યાંક કડવાશથી ભરેલું હોય છે, તો ક્યાંક નંદવાયેલા જેવું હોય છે. એમાં મધુરતાનો અભાવ હોય છે. માટે શ્રીહરિરાયચરણ અહીં સમજાવે છે કે અલૌકિક સપ્તપદીનું સ્મરણ નહિ રહે, તો પ્રભુ સાથેનું આપણું અલૌકિક લગ્નજીવન નંદવાઈ જશે, એની મધુરતા માણી નહિ શકાય.

બ્રહ્મસંબંધ મંત્ર આત્મા અને પરમાત્મા બંને વચ્ચેનો સંવાદ છે. જીવરૂપી કન્યાએ પહેલાં કહ્યું કે હું આવી આવી છું. મહારાજ! મારી નબળાઈઓ, મારી મર્યાદાઓ જાણી લેજો. આ સાંભળી પ્રભુ કહે છે કે કશો વાંધો નહિ. તું ગમે તેવી હોય, રાજાને ગમી તે રાણી. તું મને ગમી છે. હે જીવાત્મા! તું મને ગમ્યો છે, માટે હું તને સ્વીકારવા તૈયાર છું. રાજાને ગમે તો ચાંડાલીને પણ રાજપત્ની બનાવે. એને પૂછનાર કોઈ નથી. એમ પ્રભુ પણ કહે છે કે તું મને ગમ્યો છે, મેં તારો સ્વીકાર કર્યો, હવે તું મારી વાત સાંભળી લે. હું પણ આવો આવો છું. હું ભગવાન છું, હું સર્વસત્તાધીશ છું, હું પરમાનંદ છું, હું નિઃસાધન એવાં ગોપીજનોનો પ્રાણપ્યારો છું, જે નિઃસાધન બને છે એની ઉપર અઢળક ઢળી જાઉં છું. ચાલશે? જીવાત્મા કહે છે કે મહારાજ! ચાલશે નહિ. ફાવશે ગમશે. હવે પ્રભુ જીવને પૂછે છે કે દાયજામાં શું લઈને આવ્યો છે? વગર દાયજા વિના તો સ્વીકાર ન થાય. જીવાત્મા પોતાનો દાયજો ગણાવે છે. મહારાજ! દાયજામાં સો તોલા સોનું નથી લાવ્યો, સો જોડ કપડાં પણ નથી, ઘરવખરીનો સામાન પણ નથી, ફ્લેટ, ફ્રીજ, ફિયાટ, ફિક્સ્ડ ડીપો ઝીટ અને ફોન પણ નથી. તો શું છે? જીવાત્મા ગણાવે છે. આ મારો દેહ છે, આ મારી ઈન્દ્રિયો છે, આ મારું અંતઃકરણ છે, આ ઘર છે, આ કુટુંબ છે, ધન છે, મારું આખું જીવન છે. આ જીવન જ નહિ, પણ જેટલા જન્મ લેવા પડશે તે બધા જન્મો અને છેલ્લે મારો આત્મા. આટલો દાયજો મારી પાસે છે, તે ચાલશે? પ્રભુ કહે ચાલશે, જે તારી પાસે છે તે તું બધું જ મને આપી દે ત્યાર પછી તારી પાસે તારું પોતાનું કંઈ જ બાકી રહેતું નથી. તારું સર્વસ્વ સોંપી દે છે તો ચાલશે. જીવાત્મા પ્રતિજ્ઞા કરે છે -સમર્પયામિ. હું આપને સમર્પણ કરી દઉં છું.

પ્રભુ કહે છે યાદ રાખ કે તું સમર્પણ કરે છે, પણ હવે તું મારી સાથે કેવી રીતે વ્યવહાર કરીશ? કેવી રીતે રહીશ? ઘરમાં બે જણાં સરખાં થાય તો સંઘર્ષ થાય. પણ એક ઊંચો થાય ત્યારે બીજો સહેજ નીચો થાય તો સંપ થાય. બે સરખા થાય તો સંઘર્ષ, એકબીજાને સ્વીકારે તો સંપ. જીવાત્મા કહે છે મહારાજ! હું તો અંશ છું, તમારો દાસ છું, દાસ બનીને રહીશ. પ્રભુ કહે છે બરાબર. જીવાત્મા એક ડગલું

આગળ વધીને કહે છે, કેવળ દાસ નહિ, કારણ કે દુનિયાના બધા જીવાત્મા તમારા દાસ છે. બધા દાસ જેવો હું દાસ નથી, તમે મારી સાથે લગ્ન કરીને મને પણ થોડોક અધિકાર આપ્યો છે. એટલે હું તમારો બનીને રહીશ. હે કૃષ્ણ! હું તમારો જ છું. પ્રભુ કહે છે, મારો બનીને રહીશ તો હવે શું કરીશ? કેવી રીતે તું તારું પ્રોમિસ પુરવાર કરીશ કે તું મારો બનીને રહ્યો છે? ત્યારે જીવાત્મા કહે છે, મહારાજ! જે સ્નેહીના બનીને રહે, જે પ્રિયતમના બનીને રહે એ પ્રિયતમની પ્રસન્નતા કરે. પ્રિયતમની પ્રસન્નતા માટે જીવે, પ્રિયતમની પ્રસન્નતામાં પોતાની પ્રસન્નતા અનુભવે. તમે મારા પ્રિયતમ છો, હું તમારો સેવક છું, હું તમારી દાસી છું. માટે હું તમારી સેવા દ્વારા તમારી પ્રસન્નતાથી તમને મારા ઘરમાં પધરાવીશ.

આ બ્રહ્મસંબંધ મંત્રનો ભાવ છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે, નામ-નિવેદનનું મનમાં આનંદપૂર્વક અનુસંધાન આ રીતે કરજો. હા, ઠાકોરજી સાથે વાત કરતા હો એમ. કેવો સુંદર સંવાદ ઠાકોરજી સાથે થયો? કેવો મધુરો સંવાદ થાય? સમર્પણ કેટલું સ્નેહપૂર્ણ બને? માટે શ્રીહરિરાયચરણે સેવામાં બુદ્ધિને દૃઢ કરવા આજ્ઞા કરી કે આ નામનિવેદનનું તમે સતત ચિંતન કરજો. એનાથી તમને યાદ આવશે કે આ મારી જવાબદારી છે, આ મારું કર્તવ્ય છે. આજ સુધી એ નથી બજાવ્યું એનું દુઃખ થશે. એક વાર ઝઘડો થાય એનો વાંધો નહિ. પણ પછી પોતે ભૂલ કરી અને ઝઘડો કર્યો એનું દુઃખ થવું જોઇએ. જો આવું સાચું દુઃખ થાય તો એ ઝઘડો જિંદગીને મીઠી બનાવી દે. કલાપીએ બહુ સુંદર કહ્યું છેઃ 'હા પસ્તાવો વિપુલ ઝરણું, સ્વર્ગથી ઊતર્યુ છે, પાપી તેમાં ડૂબકી દઇને પણ્યશાળી બને છે.' આપણાથી બ્રહ્મસંબંધ બાદ આજ સુધી સરખી રીતેં સિદ્ધાંતને અનુસરીને સેવા થઇ નથી, એનો પશ્ચાતાપ, દુઃખ કરો. એ દુઃખ એવું કરો કે જેથી સરખી રીતે સેવા કરવામાં, સિદ્ધાંતયુક્ત રીતે સેવા કરવામાં આવતી કાલથી આપણે તત્પર બનીએ. કોઇકને પ્રોમિસ આપ્યું હોય તે પાળવા માટે સજાગ રહીએ છીએ. એમાં સ્નેહીઓને તો ખાસ. આપણે કહીએ છીએ કે તમારા સોગંદ, એટલે વાત પૂરી થઇ ગઇ. બ્રહ્મસંબંધ મંત્ર પ્રભુને આપેલું પ્રોમિસ છે, નિવેદન છે. એને સતત યાદ કરવાથી સેવા કરવાનો તાપભાવ પ્રજ્વલિત થશે, અને સેવાનો પ્રારંભ થશે. આમ, શ્રી હરિરાયચરણે ભગવદ્સેવામાં તત્પર બનવા બુદ્ધિને મક્કમ બનાવવા માટે બે માર્ગ બતાવ્યા : સત્સંગ અને નિવેદનમંત્રનું અનુસંધાન.

હવે આપ આજ્ઞા કરે છે : 'ભગવદ્ સેવનમ્ સિદ્ધયેત્ સમ્યક્'- એટલે યોગ્ય રીતે, સિદ્ધાંતયુકત પ્રકારે સેવા કરવી 'ઇતિ નિશ્ચયઃ' તે નકકી છે, નિર્વિવાદ છે.

એમાં ચર્ચાને કોઇ અવકાશ નથી. એમાં કોઇ શોર્ટકટસ્ નથી. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાને અક્ષરશઃ સ્વીકારીને ભગવદ્સેવા થવી જોઇએ. એમાં બાંધછોડ ન થાય. આમ કહીને શ્રીહરિરાયચરણ ભગવદ્સેવામાં આપણે જે શોર્ટકટસ્ લઇએ છીએ એનાથી બચવાની આજ્ઞા કરે છે. ભલે આપણે કહીએ કે કશું બનતું નથી. એનાથી થોડુંક તો બનેં છે ને? આ વાત કયાં સુધી સાચી છે? બાળકને ન ચાલતાં ચાવડે ત્યાં સુધી મા-બાપ સંતોષ માને છે કે ચાલણગાડી લઇને ચાલે છે ને? પણ પાંચ વર્ષનો દીકરો થાય અને ચાલણગાડી ન છોડે તો? મા-બાપ ચલાવી લે છે? લઇ જશે ડૉકટર પાસે અને કહેશે કે જુઓ, તપાસો. શી તકલીફ છે. એના પગમાં? પાંચ વર્ષે પણ ચાલણગાડી કેમ છૂટતી નથી? આપણને મિસરી ભોગ ધરે કેટલાં વર્ષો થયાં? મિસરી ભોગની સેવાની ચાલણગાડી છૂટી? આગળ વધી? કે હતા ત્યાંને ત્યાં? કોઇ દિવસ તાપકલેશ થયો કે ઠાકોરજીને કટોરી મિસરી ધરું છું અને હું તો બત્રીસાં ભોજન કરું છું?

આજે પણ એવા એક વૈષ્ણવ છે. કુટુંબ પ્રતિકુળ. વિચાર કર્યો કે પ્રભુને બધી સામગ્રી ભોગ ધરવાની મારી એકલાની અનુકૂળતા નથી. સ્થિતિ નથી, શક્તિ નથી. શક્તિ એટલી હતી કે રોજ મગફળીના ૧૦૦ ગ્રામ દાણા, જે શેકી પણ ન શકે. કાચા મગફળીના ૧૦૦ ગ્રામ દાણા જ ધરે અને લે, એ સિવાય બીજું કાંઇ જ નહિ લેવાનું. એ પણ અઠવાડિયું-મહિનો નહિ. હું જાણું છું ત્યાં સુધી જિંદગીનાં પચીસેક વર્ષ સુધી આ પ્રકારે ચાલ્યું. ઉંમર થઇ અને દાંત પડી ગયા. ત્યારે વગર દાંતે લઇ શકાય એવો થોડોક લીલો મેવો, તુલસીપત્ર વગેરે પ્રભુને ધરીને લે. આજે પણ એટલું જ લઇને એ રહે છે, તો પ્રભુ એમનાથી પ્રસન્ન થાય. તમે આરોગશો એ હું લઇશ. મિસરીની કટોરી ધરવા સામે વાંધો નથી, પણ વાંધો મિસરીની કટોરી ધરીને બત્રીસ ભોજન કરવા સામે છે. મિસરીની કટોરી ધરો અને રોજ એટલી મિસરી લઇને રહો, જરાયે વાંધો નથી. એ સિદ્ધાંતસંગત સેવા છે, પણ સેવા શરૂ કરવા ગુરુજીને, શ્રીમહાપ્રભુજીને આપણે કહ્યું: કંઇ નથી બનતું - આપે આજ્ઞા કરી, જા શરૂ કર, મિસરી ધર. એ વાત એવી ફાવી ગઇ કે આગળ વધવાનું નામ જ નહિ.

બાળક બાલવાડીમાં દાખલ થયું. પહેલા દિવસે મન રમવામાં, પણ ભણવામાં નહિ, એટલે એની પેલી શિક્ષિકાએ કહ્યું, કંઇ નહિ બેટા રમ. જો રમવાનાં આટલાં બધાં રમકડાં છે. રમવાનો ચસકો પડી ગયો. હવે શિક્ષિકા કહે છે કે ચાલ બેટા, આજે એકડો ઘૂંટીએ. તો કહે કે ના આજે ભણવું નથી. નભાવી લઇશું? જિંદગી સુધી એ રમકડાંથી રમ્યા જ કરશે તો? ના, પાંચ વર્ષનો થાય એટલે ભણાવવા માટે શિક્ષકે

પણ કઠોર બનવું પડે. આમ, સેવામાં મિસરી ભોગ જીવનભર જો ધર્યા જ કરવાનો હોય તો શ્રીહરિરાયચરણ કહે છે કે તે વાતમાં કંઇક ખામી છે. માટે આજ્ઞા કરી, શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે સેવા કરો. આ સર્વ આજ્ઞાઓને સાથે રાખી, સમજી એ પ્રમાણે તમે તમારું જીવન સેવામય બનાવો અને પ્રભુને સમર્પિત થઇ જાઓ.

સાથે સાથે શ્રીહરિરાયચરણ એક બીજું કર્તવ્ય બતાવે છે. ઠાકોરજીની સેવા જેમ પ્રેમથી કરીએ, શરીર અને દ્રવ્યથી કરીએ, એમ ભગવદ્સેવાની સાથે સાથે 'વૈષ્ણવાદિ સમાધાનમ્'-વૈષ્ણવોની પણ સેવા કરો. કૃષ્ણસેવાની જેમ જ વૈષ્ણવસેવા કરવી. જેટલા પ્રેમથી પ્રભુની સેવા એટલા જ પ્રેમથી પ્રભુના ભકતોની પણ સેવા કરવી જોઇએ. ચોર્યાસી વૈષ્ણવોમાં તો એમ પણ બતાવ્યું કે કદાચ ઠાકોરજીની સેવા ન બને, પણ જે વૈષ્ણવોની સેવા પૂર્ણ પ્રેમથી કરે છે એને ઠાકોરજી પોતાની સેવા માની લે છે. આપણે ત્યાં ગાયોની સેવા ભગવદીયોએ કરી, વૈષ્ણવોની સેવા કરી, ગુરુદેવની સેવા કરી, ઠાકોરજીની સેવા કરી અને શ્રીહરિગુરુ-વૈષ્ણવ ત્રણેયની સેવા કરી. આ પૈકીની કોઇ પણ એક સેવા તમે પૂર્ણ ચિત્તથી, પૂર્ણ પ્રેમથી, પૂર્ણ એકાગ્રતાથી, તન, અને ધન સાથે મન લગાવીને કરો. ઠાકોરજીની સેવા એવી રીતે કરો કે એના દ્વારા વૈષ્ણવોની પણ સેવા થાય. ભગવદ્પ્રસાદથી વૈષ્ણવોનું સમાધાન થાય.

આપણે પ્રશ્ન કરીશું કે વૈષ્ણવોને શોધવા અમારે કયાં જવાનું? શોધવા જવાની કયાંય જરૂર નથી. ઘરમાં જે કોઇ છે એ સૌ વૈષ્ણવ છે. છે કે નથી? એ સૌનાં આપણે જે કંઇ કામ કરીએ છીએ એને તમે કામ ન સમજો, એમાં તમે સેવાનો ભાવ રાખજો. ઘરનાંનાં વસ્ત્રો ધુઓ ત્યારે ભાવથી ધુઓ કે અમે વૈષ્ણવોનાં વસ્ત્રો ધોઇએ છીએ. ઘરનાં માટે રસોઇ બનાવો ત્યારે ભાવ રાખો કે અમે વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવા રસોઇ કરીએ છીએ. ઘરનાંને ભોજન પીરસો ત્યારે વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવીએ છીએ એવો ભાવ રાખો. ઘરનાંને એમના કામમાં મદદરૂપ થાઓ, ઉપયોગી બનો, એમની ઇચ્છા પૂરી કરો. એમની ચાકરી કરો ત્યારે કુટુંબની ચાકરી નથી, પણ વૈષ્ણવની સેવા છે. ઘરનાં સાથેનો વાણીનો વ્યવહાર પણ વૈષ્ણવતાનો રાખો. કુટુંબીજનોના વ્યવહારમાં કઠોરતા આવે, કલેશ આવે. વૈષ્ણવતાના વ્યવહારમાં મીઠાશ રહે, મધુરતા રહે, દીનતા રહે, એટલે ઘરનાં સૌ સ્વજનોને વૈષ્ણવજન તરીકે સ્વીકારો. એ ભાવનાથી જુઓ અને એ ભાવનાથી વાણી અને વર્તનનો વ્યવહાર કરો. જે ઘરનાંને વૈષ્ણવ નથી ગણી શકતા, જે ઘરનાંની સાથે વૈષ્ણવતાનો વ્યવહાર જાળવી નથી શકતા અને પરાયાઓને વૈષ્ણવ ગણે છે. તો એ

વ્યવહાર અધૂરો છે. પરાયા વૈષ્ણવ છે તો પોતીકા પણ વૈષ્ણવ છે. પોતીકાની સાથે પરાયાને પણ પોતાનાં ગણો. સૌ વૈષ્ણવ મારા છે અને હું સૌ વૈષ્ણવોનો છું.

વૃત્રાસુરે પ્રભુ પાસે માગ્યું, હે પ્રભુ! મારે તમારા દાસ નથી બનવું, પણ તમારાં ચરણકમળના અનન્ય આશ્રિત છે એવા તમારા દાસનો પણ મને દાસ બનાવજો. દાસ બનવામાં અભિમાન આવશે, દાસાનુદાસ બનવામાં દીનતા આવશે. માટે યાદ કરો, આપણા ત્યાં ભગવદીયોએ ચોર્યાસી બસોબાવન વૈષ્ણવોની કેવી રીતે સેવા કરી? પેલાં દંપતીને યાદ કરો. ઘરમાં એક જ સાડી છે, જે શરીર પર પહેરી છે. એ સિવાય ઘરમાં ફૂટી કોડી નથી. ચાર વૈષ્ણવો અનાયાસ આવ્યા છે. ઘરમાં કાચી સામગ્રી નથી. વૈષ્ણવ બહેન એમના પતિને કહે છે, આ સાડી વેચીને એની સામગ્રી લઇ આવો. હું સામગ્રી કરીને કોઠીમાં સંતાઇ જઇશ. તમે ઠાકોરજીને ભોગ ધરીને વૈષ્ણવોને પ્રસાદ લેવડાવજો. આંગણે આવેલા વૈષ્ણવોને પરિશ્રમ ન થાય એ જોજો. શો ભાવ! 'આયે મેરે નંદનંદનકે પ્યારે, માલા તિલક મનોહર બાનો, સબ જગતકે ઉજિયારે.' પેલાં બીજાં વૈષ્ણવ બહેનને યાદ કરો-કૃષ્ણદાસનાં પત્નીને. પતિની ગેરહાજરીમાં વૈષ્ણવો ઘરે અનાયાસ આવ્યા. ઘરમાં કાચી સામગ્રી નથી અને પૈસા નથી. વાણિયાની દુકાને જઇને કહ્યું: હું જાણું છું તમારી કામવાસના. મારી પાસે સામગ્રીનું બીલ ચૂકવવાના રૂપિયા નથી, પણ શરીર છે. તારી ઇચ્છા પૂરી કરી લે, પણ મને એના બદલામાં સામગ્રી આપ. સામગ્રી લઇને ઘરે આવ્યાં, પ્રભુને ભોગ ધરી, વૈષ્ણવોનુ સમાધાન કરીને વિદાય કર્યા.

રાત્રે ઘરે આવેલા પતિને સર્વ હકીકત કહી. પતિએ કહ્યું, વાહ! તેં વૈષ્ણવતાને જાળવી છે. ચાલ, હું સ્વયં તને વણિકને ત્યાં દેવું ચૂકવવા માટે મૂકી જાઉં છું. પોતાની જાત, પોતાનું શીલ પણ વૈષ્ણવોની સેવામાં જે ન્યોછાવર કરી દે છે એ વૈષ્ણવોનાં આપણે વંશજો છીએ. પોતાના સગા ભાઇને વૈષ્ણવોની સેવા માટે ફાંસીને માંચડે ચઢાવી દેવો પડ્યો છે. ઘેર વૈષ્ણવો આવ્યા. ઘરમાં પૈસા નથી, સામગ્રી નથી. નાનાભાઇએ મોટાભાઇને કહ્યું, તમે ફિકર ન કરો. હું ગમે ત્યાંથી લઇ આવું છું. કયાંથી લાવીશ? સૌ આપણને જાણે છે. કોઇ ઉછીનું નહિ આપે. નાનો ભાઇ કહે છે, મોટાભાઇ! હું ચોરી કરીને લાવીશ, પણ વૈષ્ણવ આપણા ઘરેથી ભૂખ્યા જાય એમ ન કરશો. ચોરી કરવા ગયા. સામગ્રી તો આવી, પણ પકડાઇ ગયા. રાજાએ કડક દંડ કર્યો. મસ્તક કાપીને ગામના દરવાજે લટકાવી દો. મોટાભાઇને ખબર પડી, છતાંયે સામગ્રી પહોંચી, વૈષ્ણવોનું સમાધાન કર્યું. કૃપાળુ વૈષ્ણવોને પણ અંતરમાં કંઇક સ્ફૂરણા થઇ. તમારા નાના ભાઇ કયાં છે? એમને ભગવદ્‌સ્મરણ કર્યા વિના

અમારાથી કેમ જવાય? વૈષ્ણવોને કલેશ ન થાય માટે મોટાભાઇ મૌન હતા. વૈષ્ણવોના આગ્રહ પાસે નમી જવું પડયું. બધી હકીકત કહી. ચાલો, આપણે એમને ભગવદ્‌સ્મરણ કરીએ. જયાં માથું અને ધડ લટકતું હતું ત્યાં જઇને કહ્યું: વૈષ્ણવ, જયશ્રીકૃષ્ણ. વૈષ્ણવોના કૃપાપ્રસાદે એ મૃત શરીરમાં ફરી પ્રાણનો સંચાર થયો. વૈષ્ણવોની સેવામાં જે પોતાનો દેહત્યાગ કરવા પણ તૈયાર થયા છે એવા ભગવદીયોના આપણે વંશજો છીએ.

માટે શ્રીહરિરાયચરણે પ્રથમ શિક્ષાપત્રમાં જ આપણને આજ્ઞા કરી હતી કે જેવો ભાવ પ્રભુમાં રાખો તેવો જ ભાવ પ્રભુના ભક્તોમાં રાખજો. ભકતો એ પ્રભુનું અંગ છે એમ માનીએ. આવા પ્રભુના અંગરૂપ ભકતો જો રાજી થાય તો એમની કૃપાથી પ્રભુ રાજી થાય. વૈષ્ણવની સેવામાં હરિગુરુની સેવા સમાવિષ્ટ છે, કારણ કે વૈષ્ણવના હૃદયમાં શ્રીહરિ અને ગુરુદેવ, શ્રીમહાપ્રભુજી, શ્રીવલ્લભકુળ પરિવાર બિરાજમાન છે. માટે વૈષ્ણવ એ આપણું સર્વસ્વ છે. વૈષ્ણવની કદાચ સેવા ન બને તો એને કમભાગ્ય માનજો. પણ વૈષ્ણવ સાથે એમના હૃદયને કલેશ થાય, એમના ચિત્તને દુ:ખ થાય એવો વિચાર, વાણી કે વર્તનથી કોઇ પ્રકારનો કઠોર વ્યવહાર ન કરશો, એમ અહીં શ્રીહરિરાયચરણ સમજાવી રહ્યા છે. આપણાં સ્વજનો કે પરજનો સૌ વૈષ્ણવજન છે.

વૈષ્ણવ તો એ કહેવાય કે જેનું મન બહુ મોટું હોય, એ પોતાની લાગણીઓ માટે ન જીવે. પોતાની લાગણીઓથી જીવે, જે બીજાની લાગણીઓને પ્રસન્ન રાખવા માટે, પોતાની લાગણીઓને ગળી જાય તે સાચો વૈષ્ણવ.

શ્રીમહાપ્રભુજીએ મહાભાગવત વૈષ્ણવોનાં નામ ગણાવતાં, સૌ પ્રથમ મહાદેવજીને ગણાવ્યા. મહાદેવજી પરમ વૈષ્ણવ છે. મહાદેવજી ઘણું બધું આપણને શીખવે છે. મહાદેવજી એમ કહે છે કે સાચો વૈષ્ણવ સંપત્તિઓના ઢગલાની વચ્ચે પણ ત્યાગી બનીને, ભભૂતિ લગાવીને રહે, ભોગમાં આસકત ન રહે, ભકિતમાં આસકત રહે. જે સાચો વૈષ્ણવ હોય એ સંસારના કોલાહલમાં ન રહે, એ એકાંતના કૈલાસમાં રહે. સાચો વૈષ્ણવ હોય એ સ્વજનોના સુખ માટે, સ્વજનોનાં વચનોરૂપી ઝેરને પણ ગળામાં સાચવીને રહે. સાચો વૈષ્ણવ લૌકિકમાં આસકત એવાં સ્વજનોનો ત્યાગ કરવામાં પણ હિચકિચાટ ન અનુભવે. લૌકિકમાં આસક્ત સતી દક્ષ પ્રજાપતિને ત્યાં જવાને તત્પર થયાં, ત્યારે મહાદેવજીએ ચેતવ્યાં કે સતી! આ યોગ્ય થતું નથી. ભગવદ્‌ભકિત છોડીને લૌકિક આસક્તિમાં કયાં દોડો છો? ન માન્યાં, તો કશો મોહ ન રાખ્યો અને જવા દીધાં. મહાદેવજી એમ બતાવે છે કે ભક્તિમાં અનુકૂળ થાય

એનો સાથ નિભાવો. જે ભક્તિમાં પ્રતિકૂળ થાય એનો ત્યાગ કરવો પડે તો પણ ભગવદ્ ઇચ્છા માની હિચકિચાટ સિવાય ત્યાગ કરવાનું ધૈર્ય રાખો. લૌકિક આસક્તિઓનું ગરલ-ઝેર જે હૃદયમાં ઉતરવા ન દે, કારણ કે હૃદય પ્રભુને માટે છે, અમૃતને માટે છે. જે ગરલને પોતાના કંઠમાં રાખી લે છે, જાતે નીલકંઠ બનીને હૃદયને ઊજળું દૂધ જેવું રાખે એ પરમ ભાગવત. શંભુ-મહાદેવજી આવા સાચા વૈષ્ણવનું પ્રતિનિધિત્વ કરે છે. માટે શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું કે શ્રીમહાદેવજી પાસેથી પણ વૈષ્ણવતાના આ પાઠ શીખવાના છે. તેઓ પરમ ભાગવત વે. પરમ કૃષ્ણભકત છે. આવી કૃષ્ણભક્તિ વૈષ્ણવોની સેવાથી પ્રાપ્ત થાય.

પદ્મનાભદાસજીના નાના જમાઇ અને દીકરીએ વૈષ્ણવોની મન ભરીને સેવા કરી. એના ફળસ્વરૂપે સાક્ષાત્ શ્રીમથુરાનાથજી એમના ત્યાં ભોજન કરવા માટે પધારેલા. ઘરનાં વૈષ્ણવોની સેવા કરીને, સેવાના ભાવથી એમની સગવડ સાચવવી. એ આપણા પ્રત્યે કદાચ કઠોર વર્તન કરે, જેનાથી આપણી લાગણીઓ વ્યથા અનુભવે, તો એ ગરલને જીરવી લઈને કંઠમાં રાખીએ, જેથી ન હૃદયમાં જાય કે ન જીભ ઉપર આવે. 'વાકે મન કી વે જાને, મેરે મન જગદીશ.' એટલું જ વિચારવું કે એના ગળામાં શ્રીમહાપ્રભુજીની આપેલી કંઠી છે. એના ગળામાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીનાં ચરણરૂપી કંઠી બિરાજે છે. એના ગળામાં શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદ રૂપ કંઠી બિરાજે છે. મારે સંબંધ છે આ કંઠીનો. આ કંઠી જેણે પહેરી એને હું મારા કંઠે લગાવી દઉં - આવો ભાવ જો ભકતોમાં રાખીએ, વૈષ્ણવોમાં રાખીએ, તો શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે એ વૈષ્ણવોની કૃપાથી, પ્રભુનાં ચરણારવિંદમાં શરણાગતિ અને સમર્પણ દઢ થાય છે. વૈષ્ણવોની સેવાથી પ્રભુની સેવા પ્રાપ્ત થાય છે.

વૈષ્ણવોની સેવા પણ પ્રભુની સેવાની જેમ ગુપ્ત રીતે કરવી. જમણો હાથ સેવા કરે એની ખબર આપણા ડાબા હાથને ન પડવા દેવી. આજે તો બંને ઊલટાં થઇ ગયાં. ઠાકોરજીની સેવા જાહેરમાં આવી ગઇ. અમે કહેતા ફરીએ કે મારા ઘેર શ્રીઠાકોરજી બિરાજે છે, આવી રીતે હું સેવા કરું છું. વખત મળે તો એક દિવસ દર્શન કરવા આવજો. આજે તો અમારા ઘરે આવો મનોરથ છે, વખત કાઢીને પણ આવજો. આપણી સેવાને આપણે જાહેરમાં લાવી દીધી.

એક વૈષ્ણવના ત્યાં કોઇ વૈષ્ણવ ગયા. બંને વૈષ્ણવો સખડી ભોગ ધરનારા. મહેમાન બનીને ગયેલા વૈષ્ણવે કહ્યું કે મારે થોડા લૌકિક કામે આવવાનું થયું છે. ગામમાં હવેલી કયાં હશે? ત્યાં તો મારાથી જવાશે નહિ. મારો નિયમ છે કે

ઠાકોરજીનાં દર્શન કર્યા વિના હું પ્રસાદ લેતો નથી. તમારા ઠાકોરજીનો શો સમય છે? દર્શન થશે? પેલા યજમાન વૈષ્ણવે એમના દીકરાને કહ્યું કે બેટા, રિક્ષા કરીને કાકાને હવેલીએ લઇ જા. રાજભોગનો સમય છે તો દર્શન થશે. મહેમાન વૈષ્ણવ પૂછે છે કે કેમ, તમારા ઘરે વાર છે? યજમાન વૈષ્ણવ કહે છે કે મારા ઘરે દર્શન કરવાના ઠાકોરજી નથી બિરાજતા. મારા ઘરે તો સેવા કરવા માટેના ઠાકોરજી બિરાજે છે. તમને સેવાની આજ્ઞા છે, સખડી પહોંચવાની પણ આજ્ઞા છે અને આ તમારું ઘર છે. તમે સેવાના આગ્રહથી આવ્યા હોત અને એમ કહ્યું હોત કે પ્રભુની સન્મુખ હું થઇ શકીશ? તો હું કહેત કે અવશ્ય. આ તમારું જ ઘર છે, અપરસમાં સ્નાન કરો. પણ તમારે તો પ્રસાદ લેવો છે, પેટ ભરવું છે અને એ માટે દર્શન કરવાં છે, તો ગામની હવેલીમાં પ્રભુ એ માટે બિરાજે છે. દર્શન આપવા જ બિરાજે છે અને ઘરે તો સેવા અંગીકાર કરવા માટે બિરાજે છે. તમે નક્કી કરો કે શું કરવું છે? પેલા વૈષ્ણવને એમની ભૂલ સમજાઇ.

આજે ઠાકોરજીમાં અને વૈષ્ણવોમાં આપણો જે ગુપ્ત ભાવ હતો એ જાહેર પ્રદર્શનનો ભાવ થઇ ગયો છે. વૈષ્ણવની થોડીક સેવા કરીએ તો યે કોઇના કાનમાં કહીએ નહિ ત્યાં સુધી ચેન પડતું નથી. બાકી કોઇ શું જાણે? કારણ કે આપણાથી તો સેવા શું બને? આપણે તો હાથ પવિત્ર કરીએ છીએ. આપણું ધનભાગ્ય કે વૈષ્ણવ આપણી સેવા અંગીકાર કરે છે. આવો ભાવ રાખીને દીનતાથી વૈષ્ણવની સેવા કરવી, ગુપ્ત રીતે કરવી, કારણ કે સાચો વૈષ્ણવ તો કોઇની સેવાનો જલદી સ્વીકાર પણ નહિ કરે. એને સંકોચ થશે કે બીજા વૈષ્ણવની મારે સેવા કરવાની છે, એની સેવા મારાથી કેમ લેવાય? શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે વૈષ્ણવોની સેવા પ્રેમથી કરવી. શકિત હોય એનાથીયે થોડી વધારે સેવા કરવી. વૈષ્ણવોની સેવામાં, તન, મન અને ધન - આ ત્રણેયનો વિનિયોગ કરજો. આજે એવા એવા વૈષ્ણવો છે કે એમને આપણે ઘણા ઉપયોગી થઇ શકીએ. એવાં એવાં સ્થળો છે કે જયાં પરદેશી વૈષ્ણવોને નિવાસ કે પ્રસાદ લેવાની કોઇ સગવડ નથી. ભોગ ધરીને લેનારને કોઇ કાર્ય પ્રસંગે બહારગામ જવું પડે ત્યારે ભારે વિટંબણાઓ હોય છે. આવા વૈષ્ણવોને આપણે કોઇક રીતે જો ઉપયોગી થઇ શકતાં હોઇએ, તો માનવું કે શ્રીમહાપ્રભુજીએ આજે આપણા ઉપર કૃપા કરી છે. શ્રીમહાપ્રભુજીની સેવા તો બેઠકમાં પ્રાપ્ય છે. શ્રીઠાકોરજીની સેવા ઘરમાં છે. સાથે સાથે દુનિયાભરમાં જે વૈષ્ણવો બિરાજે છે, એમાંથી જેટલા વૈષ્ણવોની જે કાંઇ સેવા થાય એ આપણું ભાગ્ય માની, કૃપા માનીને કરવી.

શ્રીહરિરાયચરણ છેલ્લે આજ્ઞા કરે છે સુખસેવ્યઃ પ્રભુ સેવાથી જ સંતોષ પામે છે. માટે દુરારાધ્ય એવા પ્રભુને વશ કરવા માટે સેવા એ એક માત્ર સાધન છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આવી સેવા કોને મળે? જે ભાગ્યવાન છે, જેને ભાગ્ય પ્રાપ્ત થયું, જેના પર વૈષ્ણવોની, શ્રીમહાપ્રભુજીની, શ્રીઠાકોરજીની કૃપા થઇ એ જ કૃષ્ણસેવા સારી રીતે કરી શકે છે. મનને દૃઢ કરીને, મનને સ્થિર કરીને, બરાબર બંધનમાં રાખીને, ખીલે બાંધીને, જરૂર પડે તો એની સાથે કઠોર થઇને, વિપ્રયોગ ધર્મીસ્વરૂપ શ્રીકૃષ્ણને જ સેવો. શ્રીકૃષ્ણ-સેવામાં સર્વ ધર્મો આવી ગયા. સેવામાં નવધા ભકિત પણ આવી ગઇ. સેવામાં સર્વ કંઇ આવી ગયું. દીનતા આવી, પ્રેમ આવ્યો, વિરહ આવ્યો, તાપકલેશ આવ્યો, નિ઼ઃસાધનતા આવી. કયો પુષ્ટિ સિદ્ધાંત એવો છે કે જે સેવાથી જુદો હોય? જેનો સેવામાં સમાવેશ ન હોય? જે સેવા કરે છે એને સેવા રૂપી એકડા પર બીજાં અનેક મીંડાં ચઢી જાય છે અને સેવા છોડી બીજાું બધું કરે છે એના બેલેન્સમાં કેવળ શૂન્ય છે, મીંડાં છે, એકડાની ખામી છે. માટે શ્રીહરિરાયચરણે છેલ્લી પંક્તિમાં આજ્ઞા કરી કે મનને દૃઢ કરી, સત્સંગ અને આત્મનિવેદનના અનુસ્મરણથી મનની દૃઢતાને કાયમ રાખો. મન એ એક હરાયો આખલો છે. આખલાને બાંધવા માટે ખીલો અને સાંકળ બંને મજબૂત જોઇએ. સત્સંગનો ખીલો બનાવો અને નામ નિવેદનના અનુસંધાનીની લોખંડની કડક સાંકળ બનાવીને મનરૂપી આખલાને એનાથી બાંધેલો રાખો, તો એ મન સેવામાં સહયોગી બનશે અને એ આખલો ગૌવંશ પ્રગટ કરવામાં બહુ ઉપયોગી બનશે. આમ, મનરૂપી આખલાને સત્સંગના અને સ્મરણના ખીલા અને સાંકળથી બાંધવા, ચોક્કસ રીતે કૃષ્ણસેવા જ યોગ્ય છે. જરાયે શંકાનું કારણ રાખશો નહિ. મનમાં કોઇ વિકલ્પને સ્થાન આપશો નહિ. શ્રીહરિરાયચરણ કહે છે કે શ્રીમહાપ્રભુજીની આ આજ્ઞારૂપી એમનાં ચરણારવિંદ પકડી લો.

ઇતિ શ્રીહરિરાયજી વિરચિતં એકોનચત્વારિંશતમં શિક્ષાપત્રં
શ્રીગોપેશ્વરજી કૃતા વ્રજભાષાટીકા સમેતં સમાપ્તમ્.

ઓગણચાલીસમા શિક્ષાપત્રનો સારાંશ

શ્લોક સંખ્યા : સાડા પાંચ.
વિષય : વૈષ્ણવનું પરમ કર્તવ્ય.

(૧) સતત સત્સંગ દ્વારા ચિત્તને પ્રભુમાં સ્થિર કરવું. કથાશ્રવણનું મનન-ચિંતન કરવું.
(૨) ભગવદ્સેવા સારી અને સુંદર રીતે કરવી.
(૩) વૈષ્ણવસેવાને પણ કૃષ્ણસેવા સમાન ગણી વૈષ્ણવ સેવા કરવી.
(૪) પ્રભુમાં દૃઢ શરણભાવ રાખવો.
(૫) દુરારાધ્ય પ્રભુ તેમની સેવાથી જ વશ થાય છે.
(૬) સેવામાં મન દૃઢ રાખવું.

શિક્ષાપત્ર ચાલીસમું

પત્રદ્વારા પ્રકરવૈ સ્વદુઃખવિનિવેદનમ્ ।
મહત્તરાખ્યે ચલિતે દૂરગેષુ ભવત્સુ ચ ॥૧॥

મહત્તર નામનો વૈષ્ણવ ચાલ્યો ગયો છે, તમે પણ દૂર છો, તેથી મને જે દુઃખ થયું છે તે પત્ર દ્વારા જણાવવાનો પ્રયત્ન કરુ છું. (૧)

જાનામિ નિજમાર્ગસ્ય ધર્મં કિંચિત્કૃપાબલાત્ ।
તદસિદ્ધિજહૃત્કલેશં કો મે દૂરીકરિષ્યતિ ॥૨॥

પ્રભુકૃપાથી આપણા માર્ગનો ધર્મ શો છે, તે હું કંઈક જાણું છું, પરંતુ તેની અસિદ્ધિને લીધે મારા હૃદયમાં કલેશ ઉત્પન્ન થયો છે, તેને કોણ દૂર કરશે? (૨)

પ્રાયઃ પાખંડિમુખ્યોઽહં હરિણા હૃદિ ચિંતિતઃ ।
કૃપાલુરપ્યુપેક્ષાં મે કુરુતે દીનવત્સલઃ ॥૩॥

બહુધા પાખંડીઓમાં હું મુખ્ય છું, હરિએ જ એવું વિચાર્યું હશે, તેથી જ તે કૃપાળુ અને દીનબંધુ (હોવા છતાંય) મારી ઉપેક્ષા કરે છે. (૩)

ઉપેક્ષિતશ્ચેદ્ધરિણા સ્વજનૈરપ્યુપેક્ષ્યતે ।
અતઃ કં યામિ શરણં વનસ્ય ઈવ વિસ્મૃતઃ ॥૪॥

હરિએ ઉપેક્ષા કરી એટલે વૈષ્ણવોએ પણ ઉપેક્ષા કરી. વનમાં ત્યજાયેલો હું હવે કોને શરણે જાઉં? (૪)

પ્રભોરપિ ન વૈ દોષો ગુણલેશાઽપિ નો મયિ ।
વિસ્મૃત્ય દોષનિચયં યં ગૃહ્ણીયાદ્ ગુણગ્રહઃ ॥૫॥

ખરેખર એમાં પ્રભુનો દોષ નથી. મારામાં જ લેશમાત્ર ગુણ નથી, પરંતુ પ્રભુ તો ગુણગ્રાહી છે, તે દોષોના સમૂહને વીસરી, કેવળ ગુણોને જ ગ્રહણ કરે છે. (૫)

યથા નિશ્વાસરહિતં કિં કરોતિ સુભેષજમ્ ।
તથા વિગતભાવં માં કથા-સેવાદિકં પુનઃ ॥૬॥

જેનો શ્વાસ જતો રહ્યો હોય તેને ઔષધિ પણ શું કરે? તેમ મારામાંથી ભાવ જતો રહ્યો હોય તો પછી કથા-સેવાદિ પણ શું કરે? (૬)

પ્રાયઃ કથૈવ નેષાસ્તિ યતસ્તિષ્ઠતિ નો હૃદિ ।
ન વાનુભાવં કુરુતે નિજં ત્યાગાભિધં મયિ ॥૭॥

અરે, એવી કથા પણ થતી નથી કે જેમાં હૃદય ઠરે. વળી સંન્યાસ નિર્ણયમાં ત્યાગ કહ્યો છે તે પણ કરાતો નથી. (૭)

સેવા તુ પ્રતિબદ્ધા મે ભોગોદ્વેગાદિબાધકૈઃ ।
ગેહવિત્તાદિકાસકત્યા કથં સા માનસી ભવેત્ ॥૮॥

ભોગ અને ઉદ્વેગ જેવા પ્રતિબંધોથી સેવા તો બંધ થઈ ગઈ છે. ગૃહ ધન વગેરેમાં આસકિત હોય, પછી માનસી પણ શી રીતે સિદ્ધ થાય? (૮)

તાતપાદેષુ યાતેષુ દુર્ભગસ્ય પરોક્ષતામ્ ।
સત્સુ સર્વેષુ યાતેષુ દશોર્દૂરમહં સ્થિતઃ ॥૯॥

મારા જેવા દુર્ભાગ્યશાળીને પિતા પણ પરોક્ષ થયા છે. સર્વ સત્પુરુષો પણ દૂર ગયા છે, અને હું તેમની દૃષ્ટિથી દૂર પડ્યો છું. (૯)

શ્રીભાગવતચિંતા તુ ન વિના સંગતેઃ સતામ્ ।
મનસોડત્યંતવિક્ષેપાન્ ન વા શરણભાવનમ્ ॥૧૦॥

સત્પુરુષોના સંગ વિના શ્રીભાગવતનો વિચાર પણ થતો નથી. મનમાં અત્યંત વિક્ષેપ રહે છે, તેથી શરણભાવના પણ થતી નથી. (૧૦)

વાર્તાંતરકૃતિપ્રેમ્ણા નાષ્ટાક્ષરમનોજપઃ ।
મહત્વમત્યા લોકાનાં પ્રપત્યાદૈન્યનાશનમ્ ॥૧૧॥

બીજી વાર્તાઓ કહેવામાં પ્રેમ છે, તેથી મનનપૂર્વક અષ્ટાક્ષરનો જપ પણ થતો નથી. લોકો મને મોટો માની, મારા પ્રત્યે શરણભાવ સેવે છે, તેથી દીનતાનો પણ નાશ થાય છે. (૧૧)

નિવેદનાનુસંધાનં સદ્ભિસ્ત્યક્તસ્ય મે કથમ્ ।
કેવલં શરણં સર્વત્યાગાભાવાચ્ચ દુર્લભમ્ ॥૧૨॥

સત્પુરુષોએ મારો ત્યાગ કર્યો છે, એવો હું જે, તેને નિવેદનનું અનુસંધાન કયાંથી થાય? મારામાં સર્વત્યાગ પણ નથી, કેવળ શરણ પણ દુર્લભ છે. (૧૨)

ચાંચલ્યાચ્ચેતસઃ કુત્ર દૃઢઃ કૃષ્ણપદાશ્રયઃ ।
વિવેકધૈર્યે તદ્ધેતૂ મૂર્ખાધીશસ્ય મે કથમ્ ॥૧૩॥

ચિત્ત ચંચળ રહે છે, પછી શ્રીકૃષ્ણના ચરણારવિંદનો આશ્રય પણ કયાં? આશ્રયના કારણરૂપ વિવેક અને ધૈર્ય પણ મારા જેવા મૂર્ખાધીશમાં કયાંથી હોય? (૧૩)

ભાવો યદનુભાવેન ભવેન્નિષ્કાસિતસ્તતઃ ।
કવ તા વ્રજભુવઃ કૃષ્ણચરણાંબુરુહાંકિતાઃ ॥૧૪॥

જેના અનુભાવથી ભાવ ઉત્પન્ન થાય, એવા વ્રજ દેશથી હું નીકળ્યો છું, તો હવે શ્રીકૃષ્ણનાં ચરણારવિંદના ચિહ્નવાળી વ્રજભૂમિ કયાં? (૧૪)

કવ શૈલઃ કૃષ્ણદાસાખ્યઃ પુલિંદીભાવપોષકઃ ।
કવ તે શ્રીયમુનોદ્દેશા લીલારસવિતારકાઃ ॥૧૫॥

પુલિંદીજીના ભાવનું પોષણ કરનાર હરિદાસ તરીકે પ્રસિદ્ધ થયેલ શ્રીગિરિરાજજી કયાં અને લીલારસનો વિસ્તાર કરનાર શ્રીયમુનાજીથી ઉત્તમ થયેલો દેશ કયાં? (૧૫)

કવ તે વેણુરવા યૈર્વાસમાકૃષ્ટા વ્રજસ્થિતાઃ ।
વ્રજનાથકરાંભોજપ્રોંચ્છિતાઃ કવ ગવાંગણાઃ ॥૧૬॥

જેણે વ્રજમાં રહેલા વ્રજભકતોનું આકર્ષણ કર્યું છે, તે વેણુરવ કયાં છે? અને શ્રીકૃષ્ણે શ્રીહસ્તકમળ વડે પોંછેલી એવી ગાયોનો સમૂહ કયાં છે? (૧૬).

અનંતલીલાધારાસ્તે દ્રુમાઃ કવ વિપિનસ્થિતાઃ ।
વેણુનાદપરા વૃક્ષભુજારૂઢઃ કવ પક્ષિણઃ ॥૧૭॥

વૃંદાવનમાં સ્થિતિ કરી રહેલાં અને અનંત લીલાઓના આધારરૂપ તથા અનંત લીલારૂપ મધુધારા વહેવડાવતાં વૃક્ષો કયાં? વળી, આ વૃક્ષોની શાખા પર બેઠેલાં અને વેણુનાદ સુણવામાં તત્પર એવાં મુનિરૂપ પક્ષીઓ કયાં? (૧૭)

વ્રજસ્ત્રીચરણાંભોજરેણવઃ કવ વ્રજસ્થિતાઃ ।
દધિનિર્મંથનોન્નાદાઃ કવ તે શ્રવણમંગલાઃ ॥૧૮॥

વ્રજમાં રહેતી વ્રજસ્ત્રીઓના ચરણકમળની રેણુ કયાં? કાનને મંગલરૂપ એવો દધિમંથનનો નાદ કયાં? (૧૮)

યમુનાવાલુકાદેહસંબંધઃ કવ જલસ્પૃશિઃ ।
બહિર્મુખત્વસાતત્યે તદીયત્વં ચ મે કુતઃ ॥૧૯॥

શ્રીયમુનાજીની વાલુકા (રેતી) સાથે દેહનો સંબંધ કયાં? શ્રીયમુનાજીના જલનો સ્પર્શ કયાં? જો મારામાં નિરંતર બહિર્મુખતાનો ભાવ હોય, તો પછી તદીયત્વ કયાંથી હોય? (૧૯)

પરમાનંદદૂરસ્થે ચિત્રં કિં દુઃખસંતતૌ ।
પોષકાભાવતો નૈવ દઢઃ સ્વાચાર્યસંશ્રયઃ ॥૨૦॥

પરમાનંદ (શ્રીઠાકોરજી)થી દૂર રહેનારાઓમાં દુઃખની પરંપરા ચાલે, તેમાં નવાઇ શું? ભાવનું પોષણ કરનારના અભાવથી આપણા આચાર્યશ્રીનો દઢ આશ્રય નથી. (૨૦)

વિષયાભિનિવેશેન પ્રેક્ષા ન વિશતિ પ્રભૌ ।
જાતોડસ્મિ સાંપ્રતં સર્વસાધનાડભાવવાનહમ્ ॥૨૧॥

વિષયમાં અભિનિવેશ થવાથી જ્ઞાનદષ્ટિ પ્રભુમાં પ્રવેશ કરતી નથી. આમ, હું હવે સર્વ સાધનોના અભાવવાળો થયો છું. (૨૧)

નિઃસાધનત્વં ભાવે તુ વિદ્યમાને પ્રયોજકમ્ ।
તદભાવે કેવલં મે દોષાયૈવ ન ચાન્યથા ॥૨૨॥

જો ભાવ વિદ્યમાન હોય તો નિઃસાધનપણું પ્રયોજક બને, પરંતુ ભાવનો અભાવ થાય, તો મારું નિઃસાધનપણું કેવળ દોષરૂપ બને છે, અન્યથા નહિ (૨૨).

શરીરેણાપ્યશકતસ્ય ક્રિયા કા વાડત્ર સેત્સ્યતિ ।
યથાંધો બધિરો મૂકો વિહસ્તઃ પંગુરુન્મનાઃ ॥૨૩॥

આંધળો, બહેરો, મૂંગો, હાથ-પગ વિનાનો પંગુ કે બાવરો હોય, તેમજ શરીરે અશકત હોય, તો તેનુ અહીં કયું કાર્ય સિદ્ધ થઇ શકે? (૨૩)

અકામઃ કામવિક્ષિપ્તો હરિણોપેક્ષિતોડધુના ।
વિમૃશામિ સદા સ્વાંતે કા ગતિર્મે ભવિષ્યતિ ॥૨૪॥

હું ભગવદ્ ધર્મની કામના વગરનો અને લૌકિક કામથી વિક્ષિપ્ત છું, વળી, હરિએ પણ હમણાં ઉપેક્ષા કરી છે, તેથી હું મારા મનમાં હમેશાં વિચાર કરું છું કે મારી શી ગતિ થશે? (૨૪)

વિરકતવેષિણાસ્માકમ્ અધિકારકૃતા પુનઃ ।
કૃતં યુવતિવશ્યેન કાર્યમેકમનીદશમ્ ॥૨૫॥

કસ્યાશ્ચિત્સૂરતિગ્રામે વિધવાયાશ્ચ સંગમાત્ ।
દુષ્ટેન સ્થાપિતો ગર્ભ પતિતશ્ચ તથૌષધાત્ ॥૨૬॥
મરણં ચોભયોર્મધ્યે કસ્યચિત્સ્યાન્ન સંશયઃ ।
યત્નેન પ્રેમજિન્નામ્ના મદાપત્તિર્નિવારિતા ॥૨૭॥

વળી, એક વિરકત વેષધારી, જે અમારું અધિકારીપણું કરતો હતો, તેણે સ્ત્રી-વશ બનીને એક અનિચ્છનીય કૃત્ય કર્યુ, તે દુષ્ટે સુરતમાં કોઈક વિધવાની સોબતથી તેનામાં ગર્ભ સ્થાપન કરાવ્યો અને ઔષધિથી તે ગર્ભનો પાત કર્યો. હવે, તે બંનેમાંથી કોઈકનું મૃત્યુ થાત, એમાં સંશય નથી. આ બાબતે પ્રેમજી નામના વૈષ્ણવે પ્રયત્નપૂર્વક મારી આપત્તિ ટાળી છે. (૨૫-૨૭)

વિશ્વાસઃ કસ્ય કર્તવ્ય ઈતિ ખિન્નં મનો મમ ।
ગૃહકાર્યં ન ચલતિ મનુષ્યાણામભાવતઃ ॥૨૮॥

કોનો વિશ્વાસ કરવો એ બાબતે મારું ચિત્ત બહુ ખિન્ન છે. વળી, મનુષ્યોનો અભાવ હોવાથી ઘરનું કામ પણ શી રીતે ચાલે? (૨૮)

અંતઃસ્નિગ્ધોડપિ કાર્યે તુ મદ્દોષાનુસ્મૃતેઃ સદા ।
પ્રાયશઃ પ્રેમજિન્નામ્ના વર્તતેડસૌ વિરક્તવત્ ॥૨૯॥

પ્રેમજી નામનો વૈષ્ણવ અંતરમાં સ્નેહયુક્ત છે, પરંતુ મારા દોષની સ્મૃતિથી તે ઘણુંખરું વિરક્તની પેઠે રહે છે (૨૯).

ચલિતું યતતે તસ્માત્લેખ્યા બહુસમાહ્વતિઃ ।
ક્ષાંતોડપરાધઃ સર્વોડપિ મૃષા ક્રોધવશસ્તતઃ ॥૩૦॥

વૈષ્ણવના સર્વ અપરાધ સહન કરવા છતાંય મિથ્યા ક્રોધને વશ થઈ તે જતા રહેવાનો પ્રયત્ન કરે છે, માટે પ્રયત્નપૂર્વક તેમના મનનું સમાધાન કરજો. (૩૦)

ઈદાનીં તુ કૃપાપૂર્વવદસ્તીતિ ભયોજ્ઝિતૈઃ ।
ભવદ્ભિઃ સર્વથા લેખ્યં પત્રં સર્વૈઃ પૃથક્ પૃથક્ ॥૩૧॥

હવે તો પહેલાંની પેઠે કૃપા છે, તેથી તમારે સૌને નિર્ભય થઈ જુદા જુદા પત્રો લખવા. (૩૧)

અતિપ્રશંસયા ચિત્તં યથા તસ્ય સ્થિરં ભવેત્ ।
મુખરોડપિ સમીચીનો મુખ્યદોષવિવર્જિતઃ ॥૩૨॥

તેનું ચિત્ત સ્થિર થાય, તે પ્રમાણે અતિ પ્રશંસા કરીને પત્ર લખજો. તે જો કે બહુ બોલકણો છે, પણ મુખ્ય દોષોથી રહિત હોઇ સારો છે. (૩૨)

વૈદ્યકેન ગૃહેઽસ્માકં વિશેષપરિતોષણાત્ ।
ભવત્સંગાત્કંદુકવત્ પતિતઃ પુનરુત્થિતઃ ॥૩૩॥
વિશેષઃ પ્રેમજિત્પત્રાદ્બોધ્યઃ ।

તમારા સંગથી આપણા ઘરમાં વૈદ્યકનું વિશેષ સુખ છે, તેથી દડાની પેઠે પડ્યો, છતાં ફરીથી પાછો ઊઠ્યો છું. વિશેષ હકીકત પ્રેમજીના પત્રોથી જાણજો. (૩૩)

શિક્ષાપત્ર ચાલીસમું

શ્લોક સંખ્યા : ૩૩

વિષય : સ્વદોષચિંતન અને અંતઃતાપકલેશનું નિરૂપણ.

ચાલીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી પોતાના દોષોનો વિચાર કરીને, એને કારણે હૃદયમાં જાગતા કલેશનું નિરૂપણ કરે છે. આપણને ચાલીસમા શિક્ષાપત્રનો વિષય સાંભળતાં જ મનમાં પ્રશ્ન જાગે, જાગવો જ જોઇએ, કે જેમણે ૩૯-૩૯ શિક્ષાપત્રો સુધી અન્યના હૃદયના કલેશ દૂર કરવા માટે આ શિક્ષાપત્રોમાં સુંદર-સુંદર સિદ્ધાંતો સમજાવ્યા, એવા શ્રીમહાપ્રભુજીના અવર સ્વરૂપ શ્રીહરિરાયચરણ પોતે હવે કેમ કલેશ કરે છે? જેમણે આજ સુધી શ્રીગોપેશ્વરજીને આજ્ઞા કરી કે લૌકિકમાં કલેશ થાય તો એને પ્રભુની અંગીકૃતિનું લક્ષણ માનજો. એ પોતે પોતાના દોષોનું ચિંતન કરીને કેમ કલેશ કરતા હશે? ૪૦મું શિક્ષાપત્ર જોઇશુ એટલે તેનો જવાબ આપણને મળશે. શ્રીહરિરાયચરણને આપણા આધુનિક જીવો જેવો લૌકિક બાબતોમાંથી, લૌકિકના મોહમાંથી જન્મેલો કલેશ નથી. એનો વિચાર જ નથી, પરંતુ અલૌકિકતાની પ્રાપ્તિ ન થવાનો તાપકલેશ છે અને આ તાપકલેશ તેઓ વૈષ્ણવોને શીખવી રહ્યા છે કે સંસારસાગરમાં વહેતાં વહેતાં હૃદયમાં પ્રભુપ્રાપ્તિ માટેનો તાપકલેશ કેવી રીતે કરાય?

શ્રીહરિરાયચરણ શિક્ષાપત્રના પ્રારંભમાં બીજા શ્લોકમાં જણાવે છે, દીનતાપૂર્વક કહે છે કે મારો નિજમાર્ગ છે, એ માર્ગ પર ચાલવામાં મારી શી ફરજ છે, મારો શો ધર્મ છે, એની થોડી થોડી મને ખબર છે. ભલે હું કાંઇ વધારે જાણતો નથી, પણ સ્વધર્મને થોડોક સમજયો છું. શ્રીમહાપ્રભુજીના કૃપાબળથી સમજયો છું, બાકી મારામાં કોઇ યોગ્યતા નથી, લાયકાત નથી. મારામાં એવી કોઇ બુદ્ધિ નથી કે જેને કારણે હું શ્રીમહાપ્રભુજીની વેદરૂપા દુર્બોધ વાણીને સમજી શકું.

જે માણસને થોડીક સમજણ આવે એને એ સમજણ પ્રમાણે જીવન ન જીવાય એનો કલેશ થાય. એમ કહેવામાં આવ્યું કે દુનિયામાં બે પ્રકારના જીવ અથવા બે પ્રાણીઓ બહુ સુખી. એક ભેંસ અને બીજો અજ્ઞાની. બંને બુદ્ધિનાં જડ. પ્રભુએ એમને બુદ્ધિનું દાન જ ન કર્યું. પરિણામે કોઇ દિવસે એમને કલેશ ન થાય. સમજણ

પડે તો એમાંથી કલેશ થાય ને? માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે સ્વમાર્ગના સિદ્ધાંતનું જ્ઞાન થયું માટે તો આ કલેશ થાય છે! મારાથી આ બધું બનતું નથી. આગળનાં શિક્ષાપત્રોમાં જોઇ ગયા, શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી કે સેવા નથી બનતી, સત્સંગ નથી બનતો, નિઃસાધનતા નથી, એવી ૩૦-૩૦ બાબતો ન હોવાનું જણાવ્યું. એને કારણે એમના હૃદયમાં કલેશ છે. તેથી પૂછે છે કે મારો આ કલેશ, મારું આ દુઃખ કોણ દૂર કરશે? કોઇ દિવસ આપણને આવો પ્રશ્ન થયો કે મારાથી આ બધું નથી બનતું. મારામાં આ બધા દોષ છે, એ કોણ દૂર કરશે? આપણે શ્રીમહાપ્રભુજીને કદી પ્રશ્ન કર્યો? કદી વિનંતી કરી કે આપ અમારા ગુરુ છો, અમારા પર એવી કૃપા કરો કે અમારા દોષ દૂર થાય. અમે આપના સિદ્ધાંતો પ્રમાણે જીવન જીવવા માટે તત્પર બનીએ. શ્રીહરિરાયચરણ કલેશ કરે છે ત્યારે કેવા શબ્દો વાપરે છે! આ શબ્દોનું શ્રવણ કરતાં હૃદય હચમચી ઊઠે એવું છે!

સૂરદાસજીએ કહ્યું હતું : ‘હૌં પતિતન કો નાયક, હૌં પતિતન કો ટીકો!’ ત્યારે શ્રીમહાપ્રભુજીએ મીઠો ઠપકો આપેલો. સૂર વ્હૈકે કાહેકો ઘિઘિયાત હૈ? કછુ ભગવદ યશ ગા. પતિત છે, પાપી છે એવા લવારા શું કામ કરે છે? રોદણાં શું કામ રડે છે? પ્રભુના યશોગાન ગા. શ્રીહરિરાયચરણ પણ અહીં સૂરદાસજીના મનની જ વાત કરે છે. કહે છે કે દુનિયામાં જેટલા પાખંડી મનુષ્યો હશે, એમાંના કોઇ મારી સરખામણીમાં નહિ આવી શકે. હું એ બધાંની ટોચ ઉપર છું. મારા જેટલો પાખંડી આ દુનિયામાં બીજો નહિ હોય. પોતાના માટે કેટલો બધો તાપ કરે છે? કેટલો બધો કલેશ કરે છે? શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે પ્રભુએ મારી ઉપેક્ષા કરી. મારાં સ્વજનોએ મારી ઉપેક્ષા કરી. હવે હું કોના શરણે જાઉં? જંગલમાં ભૂલો પડ્યો હોઉં એવી મારી સ્થિતિ થઇ ગઇ છે. શ્રીહરિરાયચરણ આપણને શીખવી રહ્યા છે કે ભૌતિક સુખોના સાગરમાં ડૂબકી લગાવતા હો ત્યારે મનમાં આવો તાપ રાખજો કે હું પાખંડી છું, બધું લૌકિક હોંશે હોંશે કરું છું અને અલૌકિકથી વિમુખ રહું છું.

શ્રીહરિરાયચરણે આ શિક્ષાપત્રમાં ફરી ૨૧ જેટલા પોતાના દોષોનું ચિંતન કર્યું છે. એમને સૌથી પહેલો અભાવ અનુભવાયો તે ભગવદીયોના સંગનો અભાવ. મહાદાસ કરીને વૈષ્ણવ એમની પાસે રહેતા હતા. જેમ શ્રીમહાપ્રભુજીની પાસે શ્રીદામોદરદાસ રહેતા અને શ્રીમહાપ્રભુજી વારંવાર શ્રીદામોદરદાસજીને કહેતા કે દમલા, ભગવદ્વાર્તા કિયે બડી દેર ભઇ. પછી બંને ભગવદ્વાર્તામાં તત્પર થતા, એમ શ્રીહરિરાયચરણ આ મહાદાસ નામના વૈષ્ણવની સાથે વારંવાર ભગવદ્વાર્તામાં તત્પર થતા. એવા વૈષ્ણવ કોઇ કાર્ય પ્રસંગે દૂર જવાને લીધે, સત્સંગનો

અભાવ થવાથી શ્રીહરિરાયચરણને મહાદુઃખ પ્રાપ્ત થયું છે. જેમ વ્યસનીને એનું વ્યસન ન મળે તો એના શરીરનાં ગાત્રો બેચેન બની જાય, એમ સત્સંગ અલૌકિક વ્યસન છે. એના અભાવમાં આપણને પણ બેચેનીનો અનુભવ થવો જોઇએ.

શ્રીહરિરાયચરણને બીજું દુઃખ એ છે કે શ્રીમહાપ્રભુજીના કૃપાબળથી પુષ્ટિ સિદ્ધાંતો અને પુષ્ટિધર્મને જાણવા સમજવાની શક્તિ મળી, પણ એનું પાલન કરી શરકતું નથી. એમના સેવ્ય પ્રભુ શ્રીવિઠ્ઠલનાથજી ત્યારે નાથદ્વારામાં બિરાજે, અને પોતે જેસલમેરમાં દૂર દૂર બિરાજે. સ્વપ્રભુની સેવાથી વિમુખ થયા છે. જે સેવાના સિદ્ધાંતનો આગ્રહ અને નિરૂપણ કર્યાં એ સેવા અત્યારે એમનાથી થતી નથી, એનો કલેશ છે. આપણને પણ આવી સેવા ન બને ત્યારે એનો હૃદયમાં કલેશ તો અચૂક રહેવો જ જોઇએ.

ત્રીજો અભાવ આપ જણાવે છે કે હું પાખંડી અને પ્રભુથી વિમુખ છું. સત્સંગ અને સેવા ન બનવાથી પુષ્ટિ પ્રભુ, જે દયાળુ છે એમણે પણ મારી ઉપેક્ષા કરી છે. બીજું બધું સહન થાય, લૌકિક સ્વજનોની ઉપેક્ષા સહન થાય, પણ પ્રભુ અનમના થાય અને આપણી ઉપેક્ષા કરે ત્યારે એ સહન થવું અઘરું છે. દુનિયાના લોકો આપણી પાસે મોં ફેરવી લે તો મનને સમજાવીને પ્રભુનાં ચરણારવિંદમાં પહોંચાય, પણ પ્રભુ જયારે મોં ફેરવી લે ત્યારે દુનિયામાં કયાં જઇએ?

ચોથું દુઃખ શ્રીહરિરાયજીને છે કે પ્રભુએ એકલાએ મારી ઉપેક્ષા કરી હોત તો હું વૈષ્ણવોના શરણે જાત. ભગવદીયોનાં ચરણમાં વિનંતી કરત કે આપ મારા પર કૃપા કરો, મારા પ્રભુને રીઝવી આપો, પણ મારી ઉપેક્ષા કરીને એક પછી એક વૈષ્ણવ મને છોડીને ચાલ્યા ગયા છે. શ્રીગોપેશ્વરજી ટીકામાં આજ્ઞા કરે છે, આ આજ્ઞાનાં વાકયો હૈયે પકડી રાખવા જેવાં છે. કયારે જાણવું કે પ્રભુ આપણા પર પ્રસન્ન છે? આવો પ્રશ્ન થાય છે ખરો? આપણો જવાબ જુદો છે. દુનિયાનાં દુઃખો જતાં રહે અને દુનિયાનાં સુખો મળે ત્યારે આપણને એમ લાગે કે પ્રભુ બહુ પ્રસન્ન થયા છે. ઘણીવાર આપણે એવું કહેતા હોઇએ છીએ કે એનાં માતા-પિતાએ ઠાકોરજીની બહુ સેવા કરી, એનું ફળ છોકરાંને મળ્યું. દુનિયામાં સુખી થઇ ગયો. કશું ખાવા નહોતું, એમાંથી વાડી, ગાડી અને લાડી આવી ગયાં! આવું સાંભળું ત્યારે મને એમ થાય કે માતા પિતાની ભગવદ્સેવાનું આવું તુચ્છ ફળ મળે અને એનાથી સંતોષ થઇ જાય, તો આપણા જેવાં અક્કલ વિનાનાં મૂર્ખ કોઇ નહિ!

ઘણીવાર છાપામાં વાંચીએ કે નાનું બાળક સ્કૂલે જતું હોય અને માએ બહુ હોંશમાં આવી એને સોનાની વીંટી આંગળીએ પહેરાવી દીધી હોય અને કોઇ શઠ

માણસ ચોકલેટની લાલચ આપીને એ વીંટી લઇ લે અને એને ચાર આનાની ચોકલેટ આપી દે! પેલું બાળક હરખાતું હરખાતું ઘરે આવીને કહે, મમ્મી! જોયું? વીંટીના બદલામાં મને આ કેવી સરસ કેડબરી મળી? મા માથું કૂટે કે મૂર્ખા, સોનાની તને કયાં સમજ છે? આ સોનાની વીંટીના બદલામાં તો આવી ૧૦૦૦ કેડબરી આવે! ઠાકોરજીની સેવાનું ફળ લૌકિક સુખ ન હોય. એ તો ઠાકોરજી આપણને છેતરી ગયા અને આપણે છેતરાઇ ગયા. માટે તો વૃત્રાસુરે પ્રભુની સામે મૃત્યુશૈયા પર સૂતાં સૂતાં જે 'ચતુઃશ્લોકી' ગાઇ, એમાં એણે પ્રભુ પાસે શું માગ્યું? પ્રભુ પાસે માગતાં પણ શીખવા જેવું છે, ગોખી રાખવા જેવું છે કે શું માગવું? કારણ કે એ છેલછકનિયો કયારે સામે આવી જશે અને કહી દેશે કે માગ, માગ, માગે તે આપું. ત્યારે જો ભૂલ્યા તો ડૂલ્યા! વૃત્રાસુર જેવો રાક્ષસ, પ્રભુની સામે બાથ ભીડીને લડનારો, પ્રભુને શું કહે છે?

મહારાજ, મારે સ્વર્ગનું, ઇન્દ્રાસન નથી જોઇતું કે બ્રહ્માનું પદ પણ નથી જોઇતું, ભગવાન કહે, તારે શું જોઇએ છે? વૃત્રાસુર કહે છે, મારે મોક્ષ નથી જોઇતો, મારે યોગની સિદ્ધિઓ પણ નથી જોઇતી, પૃથ્વી કરતાં જયાં અધિક સુખ છે એવા પાતાળનું રાજય નથી જોઇતું. પ્રભુ કહે છે નથી જોઇતું, નથી જોઇતું કહે છે, તો જોઇએ છે શું? વૃત્રાસુર કહે છે. હે સમંજસ, મને તો માત્ર તમે જોઇએ. સમંજશ એટલે સર્વ પૂર્ણ અર્થ રૂપ. મને તમારું જ ધ્યાન છે. બાકી કોઇમાં મને રસ નથી. મને માત્ર તમારામાં રસ છે. આપવું હોય તો તમે પોતે મારા થઇ જાઓ. એ સિવાય બીજું મારે કંઇ નથી જોઇતું. રહેવાની ઝૂંપડી પણ નહિ હોય તો ચાલશે. બે ટંકનું ભોજન નહિ મળે તો પણ ફરિયાદ નહિ કરું. દુઃખોના ડુંગર ખડકાશે તો પણ હું ચૂં નહિ કરું. હું બધું સ્વીકારી લઇશ, જો તમે મળતા હો તો! અને જો તમે ન મળતા હો તો મારે ન સ્વર્ગ જોઇએ, ન બ્રહ્મલોક જોઇએ. ન પૃથ્વીલોક જોઇએ કે ન પાતાળલોક જોઇએ. ન વૈકુંઠલોક જોઇએ કે ન યોગની સિદ્ધિઓ જોઇએ.

આવી ખુમારી ભકતમાં હોવી જોઇએ. માટે શ્રીગોપેશ્વરજી અહીં પૂછે છે, ભગવાન પ્રસન્ન ભયે કબ જાનીએ? તો કહે છે, જબ ભગવદીયન કો મિલન હોય. વગર વિનંતીએ ભગવદીય મળે, સામેથી ચાલીને વૈષ્ણવ ઘરે આવે, અનાયાસ વૈષ્ણવનો સંગ મળી જાય, ત્યારે માનવું કે આજે ઠાકોરજી આપણા પર બહુ પ્રસન્ન છે. સૂરદાસજી મહારાજે બહુ સુંદર વાત કહી. 'હરિ મિલે સો દિ નીકો'. જિંદગીનો ઉત્તમ દિવસ કયો? જે દિવસે ઠાકોરજી મળે, પણ જે દિવસે ઠાકોરજીના ભકત-

ભગવદીય મળે એ અતિ ઉત્તમ દિવસ, કારણ કે જયાં ભગવદીય જાય છે ત્યાં સાથે ભગવાન પણ અવશ્ય પધારે છે.

એક દિવસ નારદજી દ્વારકા પહોંચી ગયા. ત્યાં દ્વારકાધીશ ભગવાનને જઇને પૂછયું: મહારાજ, એક મૂંઝવણ લઇને આવ્યો છું. તમારી શોધમાં હું જયાં જયાં જાઉં છું ત્યાં ત્યાંથી એમ કહેવામાં આવે છે કે અહીંથી પધારી ગયા. તમારી પાછળ ફરતાં ફરતાં થાકી ગયો. મારે ઈમરજન્સીમાં ઘણીવાર તમારી જરૂર પડે છે, તો તમારું એક પરમેનન્ટ એડ્રેસ મને આપો, કે જયાં જઉં ત્યાં તમે હો જ. ત્યાંથી પાછા ફરવું ન પડે. ઠાકોરજી કહે છે કે લખી લો. (આપણે પણ લખી લઇએ.) હે નારદ! મારું સ્થાયી સરનામું છે : મારા બે ભક્ત ભેગા થઇ જયાં મારા ગુણગાન ગાતા હોય, ત્યાં હું સદા બિરાજું છું.

આપણા હૃદયમાં દૃઢ વિશ્વાસ જોઇએ કે જયારે આપણે ભગવદ્‌વાર્તા કરીએ ત્યારે આપણી ગોદમાં આપણા પ્રભુ બિરાજે છે. ચોર્યાસી બસો બાવન વૈષ્ણવોને એનો અનુભવ થયો છે અને એને વર્ણવ્યો છે. બે ભગવદીયો વાર્તા કરતા હતા, ત્યાં અતિશય સુગંધ વ્યાપી ગઇ. એક ભગવદીયે પૂછયું કે આજુબાજુ કંઇ ફૂલો તો છે નહિ, તો આ સુગંધ કયાંથી આવી? ત્યારે અનુભવથી ભગવદીયે જવાબ આપ્યો કે પ્રભુને સૌથી પ્રિય, માખણ કરતાં પણ જો કંઇ પ્રિય હોય, તો તે પોતાના ગુણગાન. પોતાની ભગવદ્‌વાર્તા સાંભળવા પધાર્યા છે. માટે શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીનું નામ આવ્યું: 'સ્વયશોગાનસંહૃષ્ટહૃદયાંભોજવિષ્ટરઃ' પોતાના યશોગાનરૂપી સૂર્યપ્રકાશથી તેમનું હૃદયરૂપી કમળ વિકાસ પામે છે, જયારે આપણે શ્રીપ્રભુનું ગુણગાન ગાતા હોઇએ પ્રભુ તે ત્યારે શ્રવણ કરીને બહુ પ્રસન્ન થાય છે. માટે શ્રીગોપેશ્વરજીએ આજ્ઞા કરી કે ભગવાન પ્રસન્ન ભયે કબ જાનિએ, જબ ભગવદીયનકો મિલન હોય, વૈષ્ણવનું મિલન થાય ત્યારે એ ઘડી લૌકિક વાતોમાં ગુમાવી ન દેવી. ભગવદીયો વિચક્ષણ હોય, સામા જીવની જિજ્ઞાસા અને આતુરતા છે? છે, તો કેટલી જિજ્ઞાસા છે? એમને ખાતરી થાય કે એનામાં બંને બાબતો છે તો પછી દિલ ખોલીને ભગવદ્‌વાર્તા કરે.

મારો અનુભવ છે કે એવા કૃપાપાત્ર ભગવદીયો આપણને એમ કહે છે કે હમણાં વખત નથી, રાત્રે બાર વાગે બેસીશું. આપણને ચકાસે કે બાર વાગે આવવાની તૈયારી છે? એવી આજ્ઞા કરે કે સવારે પાંચ વાગે બેસીશું. આપણે સહેજ હા-ના કરવા જઇએ, તો કહે કે ત્યારે હમણાં તો વખત નથી. આપણે વૈષ્ણવોને વિનંતી કરતા હોઇએ છીએ કે અમારા ઘરે આવો. ઘરે આવેલા વૈષ્ણવોનું સન્માન

કરવું એ તો આપણું કર્તવ્ય છે જ, પણ એટલા પૂરતા વૈષ્ણવને ઘરે બોલાવવાથી સો ટકાનો લાભ ન થાય. આપણે તો વાણિયા છીએ. સો ટકાનો નહિ, પાંચસો ટકાનો લાભ લેવા માટે બુદ્ધિ આપી છે, તો શું કરવા આપણે એ ન વાપરીએ? આવેલા વૈષ્ણવના સત્સંગનો પૂરેપૂરો લાભ લઇ લેવો. માટે શ્રીગોપેશ્વરજીએ આજ્ઞા કરી, જબ ભગવદીયનકો મિલન હોય તબ જાનનો ભગવાન પ્રસન્ન ભયે.

ભગવદીયનું મિલન હમણાં શ્રીહરિરાયજીને નથી. બધા વૈષ્ણવો દૂર ચાલ્યા ગયા. માટે એમને લાગે છે કે પ્રભુએ મારી ઉપેક્ષા કરી છે. ભગવદીયોએ મારી ઉપેક્ષા કરી છે. શ્રીગોપેશ્વરજીએ ત્રીજો પ્રશ્ન કર્યો છે. ભગવાન ઉદાસીન ભયે કબ જાનીએ? આપણા ઉપર પ્રભુ હમણાં ઉદાસીન છે તેમ કયારે જાણવું? જબ ભગવદીયન છોડ જાય-આપણને ભગવદીય છોડી જાય, આપણા ઘેરથી ચાલ્યા જાય ત્યારે માનવું કે પ્રભુ હવે ઉદાસ થઇ ગયા. પ્રભુની કૃપા ચાલી ગઇ. જેમ થોડીક સંપત્તિવાળો લૂંટાઇ જાય, એમ આ ભગવદીયરૂપી થોડીક સંપત્તિ આપણા ઘેર આવી હતી એ જતાં આપણે પણ રંક બની ગયા, લૂંટાઇ ગયા. આવો હૃદયમાં તાપકલેશ રાખવો.

શ્રીહરિરાયજીએ પાંચમો દોષ બતાવ્યો કે હું રોજ કહેતો હોઉં કે હે પ્રભુ મારો સ્વીકાર કરો, હે સ્વામી! મારો સ્વીકાર કરો, પણ એને લાયક હું બન્યો છું ખરો? સામી વ્યક્તિ આપણો સ્વીકાર કરે તે માટે એને લાયક બનવું પડે. કોઇના ત્યાં મહેમાન બનીને જઇએ, એને બહુ ત્રાસ આપીએ, તો કેટલીવાર ચલાવી લે? પછી મનમાં તો હાથ જોડીને કહે કે હવે કૃપા કરજો કે અહીં આવશો નહિ, કારણ કે તમે મહેમાનગીરી પ્રાપ્ત કરવાને લાયક નથી. આમ, પ્રભુની પ્રાપ્તિને માટે પણ લાયક બનવું પડે. દુનિયાની અંદર પૈસો પામવા માટે પણ લાયકાત જોઇએ. જે ગર્ભશ્રીમંત હશે, જેને ત્રણ પેઢીથી શ્રીમંતાઇ છે, એમનો વ્યવહાર, એમની ખાનદાની, સંપત્તિને પચાવવાની એમની શકિત જુદી હોય અને જે રાતોરાત શ્રીમંત બની ગયા એ ઉચ્છૃંખલતા અને સ્વચ્છંદતા તરત દેખાઇ આવે છે. પૈસાને જીરવતાં આવડવાની લાયકાત કેળવવી જોઇએ. એવી જ રીતે અલૌકિક સંપત્તિરૂપ પ્રભુને લાયક બનવાની પણ આપણે લાયકાત કેળવવી જોઇએ. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે મારામાં એવો ગુણ નથી.

છઠ્ઠો દોષ બતાવ્યો, ભાવ વિના હું કથા-સેવા કરું છું. જેમ જે માણસના છેલ્લા શ્વાસ ચાલ્યા જાય, એને તમે ઉત્તમમાં ઉત્તમ દવા આપો તો યે એને કોઇ અસર ન કરે, એ ફરી જીવતો ન થાય, એમ ભાવ વિના સેવાની ક્રિયા કરવાથી એનું કોઇ ફળ મળી શકતું નથી. ભાવ વિના કથાશ્રવણ કરવાથી એનું પણ કોઇ ફળ મળતું નથી.

સાતમો દોષ બતાવ્યો : હજી મારી લૌકિક વાસનાઓ છૂટી નથી. જેમના સુંદર સ્વરૂપથી મોહિત થયેલી રાજકુંવરીને શ્રીહરિરાયજીએ એના હૃદયના વિકારો દૂર કરવા માતૃસ્વરૂપ યશોદાજીરૂપે દર્શન અપ્યાં હતાં, જેમણે કામાખ્યદોષ વિવરણ-દોષ નામનો ગ્રંથ લખીને વિષય-વાસનાના દોષ વૈષ્ણવોને કેવા બાધક બને છે એ સમજાવ્યું, એવા શ્રીહરિરાયજી દીનતાપૂર્ણ શબ્દોમાં કહી રહ્યા છે કે મારા લૌકિક વિષયો, મારી લૌકિક વાસનાઓ છૂટતી નથી, એનું મને દુઃખ થાય છે.

આઠમો દોષ કહ્યો કે સેવામાં ત્રણ પ્રતિબંધ નડે છેઃ ઉદ્વેગ, ભોગ અને પ્રતિબંધ. આમાંથી ઉદ્વેગ અને ભોગને કારણે પોતાની સેવા છૂટી ગયાનું દુઃખ વ્યકત કરે છે.

નવમો દોષ બતાવ્યો : ઘર, ધન વગેરેમાં આસકિત વધવાથી માનસી સેવાનો સંભવ જ નથી. ઘણા વૈષ્ણવો કહે છે કે અમને માનસી કયારે સિદ્ધ થશે? મને થાય છે કે આપણે સૂંઠના ગાંગડે ગાંધી બનવા તૈયાર છીએ. એમ કંઇ માનસી રસ્તામાં પડી છે? ૮૪-૨૫૨ વૈષ્ણવોમાં આસકરણજી, ગજન ધવન, અચ્યુતદાસ જેવા કોઇ વિરલાઓને જ માનસી પ્રાપ્ત થઇ છે. હજુ તો મિસરી ધરવાની જ શરૂઆત કરી અને સીધો હાઇજમ્પ લગાવવો છે કે માનસી થઇ જાય! એમ માનસી ન થાય. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે કેમ માનસી સિદ્ધ થતી નથી? કયાં અડચણ આવે છે? ઘર અને ધનમાં આસક્તિ છે એ મોટી અડચણ. એમાં જ ચિત્ત પરોવાયેલું છે. સાધક છીએ કે નહિ એ તો આપણું મન જ જાણે. માણસ છીએ કે નહિ એ દુનિયા જાણે. ઘર અને ધનમાં આપણી આસક્તિ છે? એ આપણે આપણી જાતને જ પૂછવાનું છે. તમે કહેશો કે ઘર છોડી દેવુ? ના. ધન છોડી દેવું? ના. શ્રીહરિરાયજી કહે છે કે જો તમે અને તમારું ઘર ભગવદ્સેવામાં વપરાતું હોય તો એ ઘરમાં રહેજો. જો તમારું ધન ઠાકોરજીની સેવામાં વપરાતું હોય તો એ ધનનું રક્ષણ કરજો. પણ એ તમારું ઘર અને ધન ઠાકોરજીની સેવાના કામમાં ન આવતાં હોય તો એને છોડી દેવામાં વાંધો નથી. ઘર અને ધનમાં રહેવા છતાંયે મનમાં ઘર અને ધનનો મોહ ન રાખવો એ બહુ મોટી વાત છે. ગૃહસ્થાશ્રમમાં અવધૂત બનવાનું છે અને તો જ માનસી સિદ્ધ થાય.

દસમી વાત કહી કે અમારા તાતચરણો શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, દાદાજી શ્રીગોવિંદરાયજી, પિતાશ્રી કલ્યાણરાયજી આ બધા બિરાજતા નથી, ભગવદીયો પણ નથી, એમના વિના મને ગમતું નથી.

અગિયારમી વાત કહી કે સત્સંગ તો નથી, પણ ભાવપૂર્ણ ચિંતન પણ થતું નથી. શ્રીભાગવતજી સાંભળવાં એટલું પૂરતું નથી, શ્રીભાગવતજીની કથાનું મનમાં ચિંતન થવું જોઇએ.

આપ આજ્ઞા કરે છે કે મારું મન આ બધાને કારણે વ્યથિત બની ગયું છે એટલે શરણાગતિ પણ દૃઢ રહી નથી. ભગવદ્‌વાર્તામાં રસ પડતો નથી, લૌકિક વાર્તાઓમાં રસ પડે છે. મનમાં અષ્ટાક્ષરનો જપ ચાલતો નથી, ચિત્તમાં અહંકાર એટલો બધો છે કે દીનતા ચાલી ગઇ છે. નિવેદનમંત્રનું અનુસંધાન થતું નથી, સર્વ લૌકિક વિષયોનો ત્યાગ નથી. ચિત્તની લૌકિકમાં ચંચળતા હોવાથી પ્રભુનો દૃઢ આશ્રય નથી. આશ્રય માટે જરૂરી વિવેક અને ધૈર્ય પણ નથી. આવાં પોતાનાં ૧૯ દુઃખો વ્યકત કર્યાં.

હવે ૨૦મું દુઃખ વ્યકત કરે છે. ૨૦મા દુઃખનું વિવરણ બહુ જ વિરહપૂર્વક કર્યુ છે. એનું આપણે સૌએ દરરોજ કમસે કમ રાત્રે ચિત્તમાં ભાવન કરવા જેવું છે કે આ બધાં દુઃખોને હું નભાવી લઉં, પણ મોટામાં મોટું દુઃખ મને એ છે કે મારે વ્રજવાસ નથી. કોઇ દિવસ આપણને વ્રજવાસની ઉત્કંઠા થઇ? વ્રજવાસની ઉત્કંઠા, વ્રજવાસનો વિરહ સતત હૃદયમાં રહેવો જોઇએ, કારણ કે વ્રજરાજકુંવર વ્રજમાં બિરાજે છે. વ્રજ છોડીને બીજે પધારતા નથી. એ નંદનંદનને મેળવવા વ્રજવાસ જરૂરી છે. માટે એક ભગવદીયે કહ્યું : ‘રે મન શ્રીગોકુલમાં રહીએ’- હે મન! તારે જો કયાંય રહેવાનું નિવાસસ્થાન શોધવું હોય, તો તું ગોકુળમાં જઇને રહેજે. ‘છોંકરકી છૈયા બેઠક દર્શન પૈયે.’ છોંકરની છાયામાં શ્રીગોવર્ધનધર સાથે શ્રીમહાપ્રભુજી બિરાજે છે, એમનાં દર્શન કરજે.

બીજા એક ભગવદીયે માંગ્યુંઃ ‘એક પલક વૃંદાવન રહીએ રે..!’ જિંદગીભર તો નહિ, પણ એક ક્ષણ પણ વૃંદાવનમાં વાસ મળે! માટે આપણે રોજ શ્રીમહારાણીજીને વિનંતી કરીએ છીએ :

ધન્ય શ્રીયમુના મા, કૃપા કરી શ્રીગોકુળ વ્રજસુખ આપજો !
વ્રજની રજમાં અહર્નિશ અમને, સ્થિર કરીને સ્થાપજો.

આ વ્રજરજમાં વાસ એ વૈષ્ણવી જીવનની સૌથી મોટી અભિલાષા છે.

પણ વિટંબણા કેવી? વ્રજયાત્રાનું સુખ મળે, ત્યારે વ્રજરજથી તંગ થઇ જઇએ. વ્રજરજમાં લોટવા માટે રોજ પદ ગાઇએ, ‘ગોવર્ધન કી રહીએ તરહટી’, પણ વ્રજયાત્રામા પૂછીએ કે સૂવા માટે પલંગ મળશે? આ રેતમાં તો કેમ સૂવાય? અરે ભાઇ! પલંગમાં ઘેર તો આખી જિંદગી સૂવાનું છે, આ વ્રજરજરૂપે મહારાણીમાની ગોદ મળી છે. એને છોડીને હે દુર્ભાગી, તને પલંગમાં સૂવાની ઇચ્છા થાય છે? કેવી વિટંબણા? વ્રજરજમાં લોટવાનું ગાઇએ, પણ ત્યાં વ્રજરજ શરીરે અને કપડાંને લાગે એટલે એમ થાય કે અહીં તો ચેન નથી પડતું. આ તો કપડાં ગંદાં થઇ ગયાં, શરીર ગંદું થઇ ગયું. સાબુ લઇને ઘસવા લાગી જઇએ છીએ. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી

કે યાત્રામાં સાબુ ન લગાવાય. કેમ? વ્રજરજ શરીરે લાગેલી રહે. કેમ વ્રજરજ શરીરે લાગેલી રહે? તો શ્રીયમુનાષ્ટકમાં શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું કે પ્રભુનાં ચરણકમળ જેને સ્પર્શે એનું શું થાય? ભગવદ્રૂપ બની જાય. વ્રજનાં કણેકણમાં પ્રભુ બિરાજે છે, સાક્ષાત બિરાજે છે. આવા પ્રભુને ભેટવા માટે કેવી રીતે લાભ મળે? વ્રજરજ શરીરે લાગે ત્યારે માનવું કે વ્રજરજના માધ્યમથી પ્રભુ આપણને પોતાના અંગરસનું સુખ આપી રહ્યા છે. ત્યારે આપણે તો સાબુ લઇને મંડી પડીએ છીએ શરીર ઘસવા!

શ્રીહરિરાયચરણ કેટલો બધો વિરહ કરે છે વ્રજમાં જવાનો. વ્રજમાં રહેવાનો! પ્રાચીન ભગવદીયો એમ કહેતા કે આતુર હૃદયે તાપાત્મક ભાવથી જે રોજ રાત્રે 'વ્રજ મન મેરે ભાઇ ઐસી વ્રજ મન મેરે ભાઇ,' ગાય એને જરૂર વ્રજનું સુખ પ્રાપ્ત થાય. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે શ્રીકૃષ્ણનાં ચરણકમળોથી અંકિત થયેલી એ વ્રજભૂમિ મને કયારે મળશે? જેમણે પુલિંદીજીઓના ભાવોનું પોષણ કર્યુ એવા હરિદાસવર્ય શ્રીગિરિરાજ ગોવર્ધનનાં દર્શન મને કયારે થશે! તનુનવત્વ આપનારા, લીલારસ આપનારા, શ્રીયમુનાજીના તટપ્રદેશની મને કયારે પ્રાપ્તિ થશે? જે વેણુનાદ કરવા માટે શ્રીબલરામજી સહિત પ્રભુ વ્રજમાં બિરાજયા, એ વેણુરવનો નિનાદ મને કયારે સંભાળાશે? જે ગાયોના સુંદર સમૂહને વ્રજરાજે પોતાના શ્રીકંઠથી થાબડ્યાં છે, એમના શરીરને પોષ્યાં છે, એમના શરીર પર વહાલથી પોતાનો હસ્ત ફેરવ્યો છે, એવાં ભગવદીયરૂપ અલૌકિક ગાયોનાં મને કયારે દર્શન થશે? યમુનાતટનાં વનોમાં બિરાજતાં અને વેણુનાદનું શ્રવણ કરીને અનંત ધારાઓથી રસ વરસાવતાં વૃક્ષો, જે સાક્ષાત્ ભગવદીયોનાં સ્વરૂપ છે, એમને ભેટવાનું મને કયારે સૌભાગ્ય મળશે? એ વૃક્ષોની ડાળીઓ પર બેઠેલાં પૂર્વજન્મનાં મુનિરાજરૂપી પક્ષીઓએ વેણુનાદના શ્રવણમાં તત્પર બનીને એમનો કલરવ કરવાનો સ્વભાવ છોડી દીધો છે, એવાં પક્ષીઓના મુખથી સાંભળેલા વેણુનાદનો પ્રતિઘોષ મને કયારે સંભળાશે? વ્રજમાં બિરાજેલાં વ્રજ સીમંતિનીઓનાં ચરણકમળની રજ પામવાની અભિલાષા રાખીને, ઉદ્ધવજીએ આ વ્રજની વનસ્પતિ બનવાનું માગ્યું, એ વ્રજવનિતાઓના ચરણકમળની રજ કયારે હું મારા દેહ પર, મસ્તક પર, હૃદય પર અને આંખે લગાડું? વ્રજનાં ઘરોમાં દધિમંથન ચાલી રહ્યું છે, એ દધિમંથનનો નિનાદ, જે કાનને મંગલ આનંદ આપનારો છે એ મને કયારે પ્રાપ્ત થશે? શ્રીયમુનાજીની વાલુકા અને જળ મારા શરીરને કયારે સ્પર્શ કરશે? કારણ કે શ્રીયમુનાજીનાં વાલુકા અને જળના સેવનથી, એમની કૃપાથી તનુનવત્વની પ્રાપ્તિ થાય છે. આ બહિર્મુખોના સંગમાં, ભગવદ્ વિમુખના સંગમાં મને આ વ્રજનું, વ્રજવાસીઓનું સાન્નિધ્ય કયાંથી હોય? આવી

વ્રજવાસની અભિલાષા,જે શ્રીહરિરાયચરણોએ કરી, એનો જે તાપકલેશ કર્યો, એ આપણે એમને પાસેથી શીખવાનો છે.

વ્રજમાં રહેવું એ સહજ નથી. વ્રજવાસ કરવો એટલે શું? વ્રજના કોઇ સ્થળમાં જઇને રહેવું એટલે વ્રજવાસ થયો એમ માની લેવું? હા, ભૌતિક રીતે એ વાત સાચી છે કે આપણે વ્રજમાં શરીરથી રહ્યાં છીએ, પણ એ પૂર્ણ વ્રજવાસ નથી. વ્રજમાં રહીએ છીએ ત્યારે આપણી મનોદશાની ખબર છે? શરીર વ્રજમાં હોય ત્યારે આપણું ચિત્ત વ્રજમાં નથી હોતું. ઘણા વૈષ્ણવો ફરિયાદ કરે છે, અહીં હોઇએ છીએ ત્યારે વ્રજની બહુ યાદ આવે છે, પ્રભુનું બહુ સ્મરણ થાય છે, પણ વ્રજમાં એ બધું ભુલાઇ જાય છે. વ્રજયાત્રામાં તો હૉસાતોંસી અને મારામારી જ થતી હોય છે. પ્રભુનું નામસ્મરણ ત્યાં બનતું જ નથી. અહીં શ્રીયમુનાષ્ટકના પાઠ થાય, પણ શ્રીઠકુરાણી ઘાટ કે શ્રીયમુનાજીના અન્ય ઘાટે બેસીને શ્રીયમુનાજીના પાઠ નથી થતા. ત્યાં બેસીને શ્રીયમુનાજીનાં ૪૧ પદ બોલાય છે? ના. ચારે બાજુ અંદર અને બહાર કચવાટ હોય છે. જલદી કરો, જલદી કરો. ચાલો ચાલો. શરીર વ્રજવાસ કરે ત્યારે મનમાં વ્રજવાસ નથી આવતો. મન વ્રજમાંથી બહાર ભાગી જતું હોય છે, એટલે શરીર અને મન બંને જયારે વ્રજવાસ કરે ત્યારે પૂર્ણ વ્રજવાસ. જયાં જતાં દેહ અને ચિત્તની સર્વ વૃત્તિઓના લૌકિક વિચારો ભૂલાઇ જાય, વ્રજવનિતા અને વ્રજરાજકુંવર સિવાય કોઇનો સંબંધ યાદ ન રહે ત્યારે વ્રજવાસ પાકો.

માટે ભગવદીયોએ એમ કહ્યું કે વ્રજ કેવળ મથુરાગોકુળના ચોર્યાસી કોસમાં જ નથી, એ વ્રજને તમે તમારા ઘરમાં પધરાવી શકો છો, રાખી શકો છો. તમારું ઘર વ્રજભૂમિ બનાવી શકો છો. એ બનાવવાની શરત એટલી જ કે વ્રજના અધિપતિ વ્રજેશને તમારા ઘરમાં તમે પધરાવી દો. જયાં વ્રજેશ બિરાજે છે ત્યાં વ્રજ બિરાજે. 'વ્રજ તજ અનત ન જાઉં.' પ્રભુની આ પ્રતિજ્ઞા છે. વ્રજેશ પધારે ત્યાં વ્રજ હોય જ. એ નંદનંદન વ્રજેશને ઘરમાં પધરાવ્યા નથી કે આપણું ઘર ૮૪ કોસનું બન્યું નથી. તમે કહેશો કે અમને એવો અનુભવ કેમ થતો નથી? અમારા ઘરમાં પણ શ્રીઠાકોરજી તો બિરાજે છે. અમે સેવા કરીએ છીએ, તો એ ઘર વ્રજ છે એમ કેમ નથી લાગતું?

એનું કારણ છે, આપણે બધાં ટી.વી. જોવા ટેવાયેલાં છીએ, ટી.વી.નું મિકેનિઝમ જાણીએ છીએ.ટીવી ઉપર દુનિયાભરનાં દશ્યો જોવાં હોય, તો બે સાધનો જોઇએ. એકલું ટીવીનું ડબલું ખરીદી લાવીએ તો દેખાય નહિ. ટીવીનાં દશ્યો જોવા માટે એન્ટેના જોઇએ, બુસ્ટર જોઇએ. એ બે લગાડો તો જ ટીવીના પડદા પર દુનિયાના કોઇ પણ ખૂણાનું બહુ સુંદર સ્પષ્ટ દશ્ય ઝિલાય. આપણા અંતઃકરણના

ટીવી ઉપર આપણે એન્ટેના અને બુસ્ટર લગાવ્યાં નથી. પરિણામે ઘર જે અલૌકિક વ્રજભૂમિ બન્યું છે એનાં અલૌકિક દશ્યોનાં દર્શન થતાં નથી. ઘરમાં વ્રજેશને પધરાવ્યા તે પૂરતું નથી. વ્રજેશના બનીને રહેતાં આવડવું પણ જરૂરી છે. જેના ઘરમાં સત્સંગ અને સેવાનાં એન્ટેના અને બુસ્ટર લાગેલાં છે, એના ઘરમાં એમને વ્રજભૂમિનો અલૌકિક અનુભવ છે. પણ સેવા અને સત્સંગનાં એન્ટેના અને બુસ્ટર લગાવ્યા સિવાય કેવળ ઠાકોરજીને પધરાવી દીધા એટલે વ્રજભૂમિનો અનુભવ નહિ થાય.

વ્રજભૂમિ જેમ ઘરમાં બિરાજે એમ બીજા સ્થાનમાં પણ વ્રજભૂમિ બિરાજે છે. તે છે આપણા શરીરમાં, આપણા દેહમાં. પ્રાચીન ભગવદીયો એમ કહેતા હતા કે શરીરથી વ્રજયાત્રા કરવાની અનુકૂળતા ન હોય તો વ્રજયાત્રા કરી આવનાર વૈષ્ણવની પરિક્રમા કરી લેવી, વ્રજયાત્રાની પરિક્રમાનો આનંદ અને ફળ મળશે. વૈષ્ણવની પરિક્રમા એ વ્રજની પરિક્રમા છે. પણ એક વાત યાદ રાખજો કે આ ભાવની વાત છે. સામા વૈષ્ણવને ખબર ન પડે એવી રીતે એની પરિક્રમા કરજો, નહીંતર એનું આવી બનશે. સૌ એકબીજાંની પરિક્રમા કર્યા કરીશું તો મૂંઝવણ થઇ જશે. પણ વૈષ્ણવની પરિક્રમાથી વ્રજની પરિક્રમાનું ફળ અવશ્ય મળશે.

વ્રજની ચોર્યાસી કોસની બાહ્ય બાજુએ મથુરા નગરીનો કિલ્લો, એની ભીતર મર્યાદારૂપી મથુરા અને પુષ્ટિરૂપ વ્રજ. આપણું બાહ્ય શરીર એ વિશુદ્ધ મથુરા તટ. વ્રજમાં બાર વન અને બાર ઉપવન. શરીરનાં અંગો ૧૨. બાર અંગવાળા પ્રભુનું સ્મરણ શ્રીમદ્ ભાગવતજીના ૧૨ સ્કંધથી કરીએ છીએ. શરીરનાં બાહ્ય ૧૨ અંગ એ વ્રજનાં ૧૨ વન અને આંતર અંગો ઉપવન છે. વ્રજમાં શ્રીનાથજી બિરાજે સૌથી ઊંચા પર્વત પર. શરીરમાં મગજનું સ્થાન સૌથી ઊંચે. ત્યાં ચિત્તરૂપી અંતઃકરણમાં શ્રીનાથજીનું સ્થાન. વ્રજમાં શ્રીયમુના મહારાણીજી બિરાજે વૃંદાવનમાં, ગોકુળમાં. શરીરની ભીતર જે હૃદય છે એ ગોકુળ અને વૃંદાવન. ત્યાં ભક્તિરૂપા શ્રીયમુનાજી વહે છે. ત્યાં નંદગાંવ અને બરસાના છે, મધુવન અને કુમુદવન છે. કયારેક એ હૃદયની ચોમેર કુસુમ સરોવર અને માનસરોવર તથા પ્રેમ સરોવર છે. આવું આપણું આંતર શરીર તે ચોર્યાસી કોસની પ્રભુની લીલારમણ માટેની વ્રજભૂમિ છે. બાહ્ય શરીર એ અલૌકિક લીલા પર પડદો રાખનાર મર્યાદારૂપી મથુરા નગરી છે. આવા શરીરને વ્રજ બનાવવા માટે, વ્રજેશને લાયક બનાવવા માટે વ્રજવનિતાઓની નિઃસાધનતા અને દીનતા આણવાં પડશે. સેવા અને સત્સંગ ભાવપૂર્વક કરવાં પડશે. એમ કરવાથી આપણું શરીર, આપણું અંતઃકરણ, આપણું હૃદય વ્રજ ચોર્યાસી કોસનો આપણને અનુભવ કરાવશે.

વ્રજયાત્રા કરી આવનારને વ્રજયાત્રાનું અલૌકિક સુખ મળે છે કે કેમ એ તો એ જાણે! પણ ઘરમાં રહીને ભગવદ્‌સેવામાં તત્પર રહેનાર ભક્તોને વ્રજનો અલૌકિક અનુભવ ડગલેને પગલે એમની ઇન્દ્રિયોમાં થયા કરે છે. તેથી એવા અનેક ભગવદીયો છે કે રોજ રાત્રે પથારીમાં સૂતાં સૂતાં એક વાર મનથી સમસ્ત વ્રજની યાત્રા કરી લે છે. એવા અનેક ભગવદીયો છે કે જયારે જયારે સમય મળે ત્યારે ત્યારે મનથી શ્રીગિરિરાજ બાવાની નવકોસી પરિક્રમા કરી લે છે. એવા અનેક ભગવદીયો છે જે મનથી વ્રજનાં આધિદૈવિક સ્થાનોમાં દોડી જાય છે. કયારેક એ ચંદ્રસરોવર પર, તો કયારેક વૃંદાવનમાં, કયારેક બરસાનાના ગહ્વર વનમાં, તો કયારેક પ્રેમસરોવર પર, કયારેક ચીરઘાટ પર, તો કયારેક બચ્છ વનમાં એ ભગવદીયો મનથી પહોંચી જાય છે અને ત્યાં થતી પ્રભુની લીલાઓના સ્મરણ ચિંતનમાં લીન બની જાય છે.

શ્રીહરિરાયચરણ આપણને સૂચવે છે કે આપણે શરીરથી વ્રજવાસ નથી બનતો. આપણે વ્રજભૂમિમાં જવાનું દુર્લભ છે, ત્યારે ઘરને અને દેહને વ્રજ બનાવીને એ અલૌકિક વ્રજરજમાં વિચર્યા કરીએ.

જેને જેવાં દર્શન આપવાની પ્રભુ કૃપા કરે તેને એ સ્વરૂપે અનુભવ કરાવે છે. એક વૈષ્ણવ શ્રીમહાપ્રભુજીને પૂછે છે, શ્રીગિરિરાજ બાવાના ભગવદ્‌સ્વરૂપનું કંઇક વર્ણન કરો. આપ આજ્ઞા કરે છે, સાત વર્ષનું મેઘશ્યામ સ્વરૂપ છે. લાલ ધોતી અને લાલ ઉપરણો ધારણ કર્યાં છે. મસ્તક પર લાલ પાઘ બાંધે છે. મોરચંદ્રિકા ધારણ કરે છે. પુલિંદીઓએ આણેલાં પુષ્પ અને ગુંજાની માળાઓ ધારણ કરે છે. શ્રીહસ્તમાં લાલ લકુટી લઇને વ્રજમાં વિચરણ કેરે છે. એમની કૃપા થાય તો એમની પરિક્રમા કરતાં કરતાં, કોઇ કુંજ-નિકુંજમાં શ્રીગિરિરાજબાવાનાં દર્શન થઇ જાય છે. વૈષ્ણવ પૂછે છે મહારાજ! એવાં દર્શન કયારે થાય? મારે આ દર્શન કરવાં છે. આપે આજ્ઞા કરી, શ્રીગિરિરાજબાવાની સતત ત્રણ પરિક્રમા કર અને કયાંય ઊભો ન રહીશ, કયાંય વિશ્રામ ન કરીશ. શ્રીગિરિરાજબાવા તને દર્શન આપશે. એ વૈષ્ણવે ત્રણ પરિક્રમા કરી. શ્રીગિરિરાજબાવાએ દર્શન આપ્યાં.

બીજા એક વૈષ્ણવ થઇ ગયા. તેમણે નિયમ લીધેલો કે રોજ સવારે ઊઠીને ગિરિરાજની નવકોશી પરિક્રમા કરવી. ચોમાસુ હોય કે શિયાળો હોય, નિયમથી પરિક્રમા કરે. મનમાં પરિક્રમા કરવાનું થોડું અભિમાન આવ્યું કે કોઇ મારા જેવો વૈષ્ણવ છે! જે રોજ પરિક્રમા કરતો હોય. એ વૈષ્ણવ રોજ સાંજે શ્રીગુસાંઇજી પાસે જાય, પણ શ્રીગુસાંઇજી એમની સામે ન જુએ. બીજા બધા વૈષ્ણવોને બોલાવે, પણ

આ વૈષ્ણવને બોલાવે નહિ. તેમના મનમાં દુઃખ થાય છે કે મારો એવો શો અપરાધ છે કે મને બોલાવતા નથી? મોં ફેરવી લે છે. હું તો ગિરિરાજજીની રોજ પરિક્રમા કરું છું. એક દિવસ એવું બન્યું કે ગોવર્ધન પૂજનનો દિવસ આવ્યો. વૈષ્ણવે વિચાર કર્યો કે શ્રીનવનીતપ્રિયજી ગોકુલથી ગોવર્ધનપૂજન માટે પધાર્યા છે, માટે આજ રાતમાં વહેલા વહેલા પરિક્રમા કરી લઉં. તેઓ અંધારામાં પરિક્રમા કરવા નીકળ્યા. દંડવતી શિલાએ દંડવત્ કર્યાં. આઠ ડગલાં આગળ ચાલ્યા. રાત્રિનો અંધકાર, તેથી રસ્તો દેખાય નહિ. એક ખાડો હતો. એમાં પગ પડયો અને પગ મચકોડાઇ ગયો. તેઓ ઊભા ન થઇ શક્યા. પરિક્રમા થઇ શકે નહિ એવી સ્થિતિ થઇ. જિંદગીમાં પહેલો દિવસ આવો ઊગ્યો કે પરિક્રમા નહિ થાય. તેનું બહુ દુઃખ થયું.

પ્રભુએ પ્રેરણા કરી, ખાડો પડ્યો અને તારો પગ મચકોડાયો. આજે શ્રીનવનીતપ્રિયજી આ જ રસ્તે પધારશે. સાથે શ્રીગુસાંઇજી અને એમનો પરિવાર હશે, વૈષ્ણવો હશે. રસ્તામાં આવા ઘણા ખાડા છે. કયાંક નાના નાના ટેકરા છે. કાંટા કાંકરાનો તો પાર નથી. સૌ ખુલ્લા ચરણે હશે. પરિક્રમા થવાની નથી. તો લાવ, આ જે પરિક્રમાનો રસ્તો છે, એની બુહારી કરું. બેઠા બેઠાં બુહારી કરવા માંડી. હાથથી ટેકરા છોલવા માંડયા અને ખાડા પૂરવા માંડ્યા. કાંટા-કાંકરા વીણવા માંડ્યા. કોમળ વ્રજરજને સુંદર રીતે પાથરી દીધી. માખણ જેવો રસ્તો બની ગયો. પછી પ્રભુ પધારે એની રાહ જોતા એક સ્થળે બેસી ગયા.

શ્રીનવનીતપ્રિયજીનો સુખલાલ પધાર્યો. ગોવર્ધનપૂજન થયું. પ્રભુ પાછા અન્નકૂટ આરોગવા મંદિરમાં પધાર્યા. શ્રીગુસાંઇજી અન્નકૂટના ભોગ ધરીને બેઠકમાં બિરાજ્યા. વૈષ્ણવ લંગડાતા લંગડાતા દર્શન કરવા આવ્યા. એમને દૂરથી જોતાં શ્રીગુસાંઇજીએ પ્રસન્નતાથી કહ્યું: ગોવર્ધનદાસ આવો, પગે શું થયું? વૈષ્ણવ તો વિચારમાં પડી ગયા કે કદી મારી સામે ન જુએ અને આજે પ્રેમથી બોલાવે છે અને મારા ખબરઅંતર પૂછે છે? આજે તો પરિક્રમા થઇ નથી! તેમણે હિંમત કરીને પૂછી નાંખ્યું, મને આજે જ બોલાવ્યો એનું કારણ શું? આપે આજ્ઞા કરી વૈષ્ણવ! આજ સુધી તમે તમારે માટે પરિક્રમા કરતા હતા, તમારો સ્વાર્થ લઇને પરિક્રમા કરતા હતા. એમાં પ્રભુને શું સુખ હતું? જે પોતાના સ્વાર્થ માટે જીવે એવા વૈષ્ણવ પર અમને પ્રેમ નથી, જે પ્રભુને માટે જીવે એવા વૈષ્ણવ અમને વહાલા છે. 'પ્રાણપ્રિય વૈષ્ણવ મુને વ્હાલા,' જે અમારા પ્રાણપ્રિય પ્રભુના માટે જીવે છે. આજે તમે હરિગુરુ વૈષ્ણવની સેવા કરી, સુંદર માર્ગ સિદ્ધ કર્યો, માટે હું આજે તમારા પર પ્રસન્ન છું. પેલા વૈષ્ણવે પૂછયું, તો કૃપાનાથ! આનો અર્થ એ કે અમારે ગિરિરાજબાવાની પરિક્રમા ન કરવી? આપે આજ્ઞા કરી,

પરિક્રમા કરવાની ના નથી. પરિક્રમા તો અવશ્ય કરવી, પણ ભગવદ્‌સુખનો વિચાર કરીને પરિક્રમા કરવી.

પરિક્રમા કરતાં કેવી રીતે ભગવદ્‌સુખનો વિચાર થાય? આપણી પરિક્રમા કરવાની રીત વિચારીએ એટલે તે સમજાઇ જશે. આપણે શું કરીએ છીએ? ત્યાંના વ્રજવાસીઓ એમ કહે કે દિવસે પરિક્રમા નહિ થાય, બહુ કષ્ટ પડશે. રાતમાં પરિક્રમા કરો. આપણે કોઇકના મોઢે સાંભળ્યું કે અમો કાલે જ પરિક્રમા કરી આવ્યાં અને ચાર કલાકમાં તો નવકોશી પરિક્રમા ચપટી વગાડતાંમાં પૂરી કરી, એટલે આપણને એમ થાય કે અમો કંઇ તમારાથી કમ છીએ? તમે ચાર કલાકમાં પૂરી કરશો તો જુઓ, અમે સાડાત્રણ કલાકમાં પૂરી કરી આવી જઇએ છીએ! પછી શું કર્યું? રાતમાં લાંબી લાંબી ફલંગો ભરતાં, દોડતાં દોડતાં સાડાત્રણ કલાકમાં પૂરી કરવાની મેરેથોન રેસ લગાવી દીધી. બીજો વિચાર નહિ, મગજમાં સાડાત્રણ કલાક જ. પરિક્રમા કરીને આવ્યા ત્યારે ઘડિયાળમાં જોયું તો આહાહા! ત્રણ કલાક અને પાંત્રીસ મિનિટ થઇ. સમય સચવાયો, થઇ ગઇ પરિક્રમા. મુકામ પર પહોંચીને પેલા સૂતેલાને ઢંઢોળ્યો કે ઊઠો. કાલ તમે ચાર કલાકમાં કરી, એ પરિક્રમા અમે ત્રણ કલાક અને પાંત્રીસ મિનિટમાં કરી આવ્યા. બીજી ઓરડીમાંથી બહાર આવીને કોઇ વૈષ્ણવ પૂછતા નથી તે સારું છે કે ત્રણ કલાક પાંત્રીસ મિનિટમાં પરિક્રમા કરી એનું ફળ શું મળ્યું? શું લઇ આવ્યા? તેઓ પૂછે તો કહીએ કે અંધારામાં શું લઇ આવે? આવી ગયા પરિક્રમા કરીને. આપણી પરિક્રમા આવી છે.

કયાંક કયાંક વળી પરિક્રમા એવી થાય છે કે ચાર સ્નેહી મળી ગયા. ઘણા વર્ષે મળ્યા અને કહે કે ચાલો, સાથે મળીને પરિક્રમા કરીએ. ચાર-પાંચ કલાકનો સમય છે. જન્મ્યા ત્યારથી આજા સુધીની દુનિયાદારીની લમણાઝીક શરૂ થાય. કયારે રાધાકુંડ ગયો અને કયારે માનસી ગંગા ગઇ, કયારે દાનઘાટી ગઇ અને કયારે આન્યોર ગયું, ગિરિરાજ બાવા જાણે! ચોબાજીઓના ચોપડાના પાનાં વંચાતાં જાય, તેમ જિંદગીની કિતાબોનાં પાનાં વાંચી કાઢ્યાં. યાદ આવ્યાં એટલાંની નિંદા-સ્તુતિ કરી લીધી. ફરિયાદોનો ઢગલો કરી દીધો અને સંતોષ માન્યો કે દુનિયામાં હું એકલો દુઃખી નથી, દુનિયામાં દુઃખીઓની આ બધી જમાત છે, એમાં હું એક છું. આવી ગયા પાછા. કોઇએ પૂછયું, શું કરી આવ્યા? તો આપણે કહ્યું, પરિક્રમા કરી આવ્યા. સારું થયું કે કોઇએ પૂછયું નહિ કે કોની પરિક્રમા કરી? નહિતર અમારે કહેવું પડત કે અમારી લૌકિક વાતોની પરિક્રમા કરી. આ પરિક્રમા આપણને શું અલૌકિક અનુભવ કરાવે? પછી આપણે ફરિયાદ કરીએ છીએ કે લો, અમને તો

શ્રીગિરિરાજબાવાએ કોઇ સ્વરૂપે દર્શન ન આપ્યાં. પણ આપણી દર્શન કરવાની તૈયારી જ કયાં હતી? મારી તૈયારી હોય તો મને દર્શન આપે ને?

આવી તૈયારી ચતુર્ભુજદાસની હતી. શ્રીઠાકોરજીની સેવા માટે પુષ્પ વીણવા માટે નીકળ્યા હતા, પણ એમનાં નેત્રો તો પેલી કુંજ નિકુંજના દ્વાર પર ફરતાં હતાં. કયાંક યુગલસ્વરૂપનાં દર્શન થાય છે? અને એમને યુગલસ્વરૂપનાં દર્શન થઇ ગયાં. આપણને ય થાય. ચતુર્ભુજદાસજીની જેમ આપણા પર આવી જ કૃપા થાય, પણ એ કૃપાને ઝીલવા આપણે તૈયાર બનીને પરિક્રમા કરવા ઇચ્છીએ છીએ ખરા?

પરિક્રમા ચાર કલાકમાં પૂરી ન થાય અને ચાલીસ કલાક થાય, તો એમાં આપણું શું ખાટુંમોળું થઇ જવાનું છે? દિલ્હીમાં રાજીવ ગાંધીને મુશ્કેલીઓ હશે, પણ આપણને શી મુશ્કેલીઓ છે? કયાં સમયનો તોટો છે? એવી રીતે પરિક્રમા કરવા નીકળીએ કે પરિક્રમાનાં સ્થળોનું મનમાં ભાવન થતું જાય. એ લીલાનું ભાવન કરવા, ત્યાં પગ અટકી જાય. ચાર વૈષ્ણવ હોય તો સાથે બેસી જઇએ કે આવો બેસો, આ લીલાનું ચિંતન કરીએ. ચાલો એક કીર્તન ગાઓ. વળી પાછા આગળ. દંડોતી શિલા પાસે જઇને બેસીને દંડોતી શિલાના સ્વરૂપનં ચિંતન થાય, ત્યાંથી આગળ જઇએ ત્યાં જાનઅજાન વૃક્ષો આવે. એમના ચોતારા ઉપર બેસીને ત્યાં વ્રજગોપિકાઓએ એમને પૂછેલા પ્રશ્નો પૂછીએ, તમે શ્યામને જોયા છે? એમને ભાવથી ભેટીએ. ત્યાં બેસીને ગોપિકાઓએ શ્યામની શોધ માટે કેવો વિલાપ કર્યો હતો, એનું મનમાં સ્મરણ કરીએ.

ત્યાંથી આગળ વધીએ. શ્રીગોવર્ધન આવે. રાધાકુંડની દિશામાં પગ જતા હોય, ત્યારે એ રાધાકુંડ અને રાધાકુંડની લીલાઓ મનમાં કેટલું સુખદ સંસ્મરણ પ્રગટાવતાં હોય! રાધાકૃષ્ણ કુંડનાં કાંઠે બેસીને એ કુંડ પ્રગટ કેમ થાય, શ્રીગુસાંઇજી મહારાજે ત્યાં શી લીલાનાં દર્શન કર્યાં, શ્રીમહાપ્રભુજીએ ત્યાં પોતાના વૈષ્ણવોને શો અનુભવ કરાવ્યો? શ્રીગોકુલનાથજી ત્યાં કેવા ભાવથી બિરાજે છે? તેનું ચિંતન કરીએ. રાધાકૃષ્ણ કુંડનાં પાન કરીએ. સર્વ બેઠકોએ સેવા પહોંચીએ, અષ્ટ સખીઓના કુંડોમાં પાન કરતાં અષ્ટ સખીઓનું સ્મરણ કરી વંદન કરીએ. રાધાકૃષ્ણ કુંડ કોની નિકુંજ છે, ત્યાં સારસ્વતકલપમાં કઇ લીલાઓ થઇ, એનું ચિંતન કરીએ અને એનાં કીર્તન ગાઇએ.

પછી કુસુમ સરોવર પહોંચીએ. કુસુમ સરોવર એટલે જયાં પ્રભુએ રાધાસહચરીજી માટે પુષ્પોની વેણી ગૂંથી. જયાં ઉદ્ધવજી અને નારદજીએ છ મહિના ભગવદ્ નામસ્મરણનો યજ્ઞ કર્યો. જયાં વ્રજભકતોને રાધાસહચરીજી મળ્યાં, એ

સરોવરને કાંઠે બેસીને ભગવદ્ નામ લઇએ. મનથી એ સરોવરમાં ઠાકરોજીને નાવમાં ખેલાવવાની ભાવના કરીએ. પ્રભુની સાથે જલવિહારનો મનોરથ કરીએ અને પછી માનસી ગંગા તરફ આગળ વધીએ. માનસી ગંગા કયાંથી પ્રગટ થયાં અને કેમ પ્રગટ થયાં? પ્રભુએ એમાં સ્નાન કરીને પોતાના અંગસંગનું સુખ આપ્યું. ત્યાં વલ્લભઘાટ પર શ્રીમહાપ્રભુજી અને શ્રીકૃષ્ણ ચૈતન્યનું કેવું મિલન થયું? આ સર્વ લીલાઓનું ચિંતન કરતાં કરતાં શ્રીમહાપ્રભુજીની સેવા કરીએ. માનસી ગંગાના પયનું પાન કરીએ. માનસી ગંગા અલૌકિક દૂધથી ભરેલાં છે, એવું ભાવન કરીએ.

ત્યાંથી દાનઘાટી જઇએ. દાનઘાટીમાંથી તો પગ આગળ વધવા જ ના પાડે. આંખો ગિરિરાજજીના શિખર પર શ્રીશ્યામસુંદરને શોધતી હોય, હૃદયમાં સતત એવું કંપન રહે કે હમણાં ઘોર-ગંભીર સ્વરૂપમાં આજ્ઞા આવશે : આ બધી વ્રજલલિતાઓ જઇ રહી છે, એમને ઘેરી લો, સખાઓ. ધડબડ-ધડબડ કરતાં હમણાં બધા સખા ઊતરી આવશે, એમને ઘેરવા. પાછળ મુકુટ-કાછનીમાં બલદાઉ ભૈયાને સાથે લઇને શ્યામસુંદર પધારશે. દાનવિહારીલાલનાં દર્શનની આર્તિ લઇને દાનઘાટીમાં જઇએ. ‘ગોવર્ધનકી શિખર પે મોહન દીની ટેર’ - આ દાનલીલાનાં પદોનું જો દાનલીલામાં કીર્તન ન કરીએ, શ્રવણ ન કરીએ તો પછી દાનઘાટીમાં જવાનો અર્થ શો? દાનઘાટીનાં વૃક્ષ નીચે બેસીને એવું ભાવન કરીએ કે શ્રીવૃષભાનકિશોરીજી સુવર્ણઘટ મસ્તકે લઇને ઠાડાં છે અને મુકુટ કાછનીમાં સજ્જ શ્રીનંદરાજકુંવર એમનાં ચરણારવિંદમાં દંડવત્ કરીને, એમનાં ચરણો પકડીને માનુનીને મનાવી રહ્યાં છે. ‘કૃપા અવલોકન મહાદાન દે રી.’ કયાંક કોઇ ગોપીજનની સાડીનો - ચુંદડીનો છેડો પકડીને કહી રહ્યા છે, ‘ગ્વાલિન, મીઠી તેરી છાછી’- આ લીલાસ્મરણ જો દાનઘાટીમાં નહિ થાય તો પછી થશે કયાં?

ત્યાંથી ચંદ્રસરોવર જઇએ, ત્યારે મન જમુનાવતા ગામમાં દોડી જાય, કુંભનદાસજીનાં ચરણોમાં દંડવત્ કરવા. ચંદ્ર સરોવરમાં સ્નાન કરીએ. શ્રીપ્રભુની પરમ રાસસ્થળીની એ રજમાં બેસીને શરદની મહારાસરાત્રિનું સ્મરણ કરતાં રાસનાં પદો ગાઇએ. કાનને સરવા કરીએ કે કયાંય નૂપુરઝંકાર સંભળાય છે? કયાંય પેલા શ્યામ કુંભારની પખાવજ સંભળાય છે? સૂરદાસજી મહારાજની પર્ણકૂટિ પાસે જઇએ. એમને દંડવત્ કરીએ. બીજું કંઇ ન આવડે તો ‘દૃઢ ઇન ચરનન કેરો ભરોસો’- ત્યાં બેસીને ગાઇએ. શ્રીમહાપ્રભુજી ત્યાં બિરાજે છે, શ્રીગુસાંઇજી ત્યાં બિરાજે છે, શ્રીગિરિધરજી ત્યાં બિરાજે છે. સૌ સ્વરૂપોનાં બેઠકજીએ સેવા પહોંચીએ. ત્યાં તો શ્રીગુસાંઇજીનાં વિરહનાં બેઠક છે. કશું ન આવડે તો એ બેઠકજીની સન્મુખ બેસીને

શ્રીગુસાંઇજી મહારાજને વિનંતી કરીએ કે આપે જે વિરહનો અનુભવ કર્યો એની એક ક્ષણનું અમને દાન કરો. શ્રીગુસાંઇજી મહારાજના વિરહનું ચિંતન કરીએ. આંખમાંથી પ્રભુના વિરહમાં બે અશ્રુબિંદુ ટપકાવીએ.

ત્યાંથી આન્યોર પહોંચીએ. સદ્દુ પાંડેજીના ઘરે જવાનું છે. આ ઘર છે કે જયાં સદ્દુ પાંડે અને માણેકચંદ પાંડેનું કુટુંબ રહેતું. શ્રીજીબાવાના જેમના પરિવાર ઉપર ચારે હાથ છે, નાનકડી નરો છે, ભવાની છે. પેલાં વૃદ્ધ માજી છે, જે રોજ એમનાં બાળકોને માખણ-રોટી આપતાં. નેત્રો ન હોવાથી પૂછે છેઃ બેટા, તેરો કહા નામ? અને ઘરનાં બાળકોની લાઇનમાં બાળક બનીને દેવદમન પધારે છે. વારો આવે છે ત્યારે મા પૂછે છે, બેટા તેરો કહા નામ? ત્યારે કહે છે, મા મૈં દેવદમન. અચ્છા બાવા, રોજ સુબહમેં આઇયો. જેનામાં આવું માતૃવાત્સલ્ય છે, એવાં માને યાદ કરીએ. અરે, પેલી નાનકડી નરોને યાદ કરીએ. મહારાજ ઘરે પાહુને આયે હૈં. શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીના પ્રથમ મિલનને યાદ કરીએ. આન્યોરમાં જઇએ અને સહસ્રભૂજા ધરીને અન્નકૂટ આરોગતા પ્રભુના મુખારવિંદમાંથી આન ઓર, આન ઓર, આન ઓર, હજુ વધુ સામગ્રી લાવો, હજી વધુ લાવો, કંઇ રહી ગઇ હોય, કંઇ સંતાડી હોય, છુપાવી હોય, તો લાવો. એવી પ્રેમ ભરી આજ્ઞાના શબ્દો કાનમાં ન પડે તો આન્યોર જવાનો અર્થ શો?

ગોવિંદ કુંડ ઉપર પહોંચીએ. શું કરીએ ગોવિંદ કુંડ પર જઇને? ગોવિંદ કુંડ એટલે વિરહનું સાક્ષાત ધામ. ગોવિંદ કુંડમાં નહાવાનું કેમ કહ્યું? કારણ કે બહારથી ગોવિંદ કુંડના જળથી શરીર શુદ્ધ થશે, પણ ત્યાં ભગવદીયોએ જે વિરહ કર્યો છે, એ વિરહના વાતાવરણમાં વિરહ કરવાથી હૃદય શુદ્ધ થશે. ચતુર્ભુજદાસજીએ છ મહિનાનો વિરહ કર્યો. રસખાનજીએ અહીં વિરહ કર્યો. અચ્યુતદાસજી વિરહની અવધૂત દશામાં ગોવિંદ કુંડ પર નિવાસ કરી માનસીમાં સદા મગ્ન રહ્યા. અહીં અનેક જીવોનો શ્રીગુસાંઇજીએ ઉદ્ધાર કર્યો. એવા ગોવિંદ કુંડમાં સ્નાન અને પાન કરીએ. શ્રીમહાપ્રભુજીની બેઠકે સન્મુખ થઇએ.

ત્યાંથી પાછલા રસ્તે પૂછરીના લોઠા તરફ જતાં ગિરિરાજજીની કુંજ નિકુંજોમાં, રસખાનજીની આંખોથી પ્રભુને શોધીએ, અને પૂછરીના લોંઠે પહોંચતાં ભગવાનના પરમ સખા લોંઠાજી, જેમને પ્રભુ પોતાના મોટાભાઇ બલદાઉજી જેવું માન આપતા, એટલે એ તો જેઠ જેવા ગણાય. જેઠની સામે કેમ જવાય અને કેમ પૂછાય? એ સમયમાં મર્યાદા હતી, એટલે બધાં ગોપીજનો એકબીજાના કાનમાં કહે છે - પૂછ રી, અરી તૂ પૂછ. તારામાં હિંમત હોય તો ભગવાનના એ સખાને, આપણા સ્વામીના

સખાને-જેઠજીને પૂછો તો ખરાં કે આ રસ્તે તમારા મિત્ર આવ્યા હતા? પણ કોઈની પૂછવાની હિંમત ન ચાલી. સૌ પૂછ રી પૂછ રી કરતાં રહ્યાં અને લજવાતાં પાછાં ફરી ગયાં. એ આ પૂછરી, ત્યાં કોઇ પૂંછડી નથી. એ જમાનામાં જેઠની શરમ હતી એટલે ન પૂછયું. પણ આપણને હવે કયાં શરમ છે? આપણે તો લોંઠાજીને પૂછીએ કે તમારા મિત્ર કયાં છે, જરા બતાવો તો ખરા? અરે, પ્રભુને બતાવતા હોય તો એ લોંઠાજીની પગચંપી કરીએ. એમને રાજી કરી દઇએ. પૂછરીના લોંઠાજીને પ્રભુ કયાં છે, એવું પૂછતાં, નવલકુંડ અને અપ્સરા કુંડના મનોહર સ્થળોમાં પ્રભુના વિલાસના અનુભવોનું ચિંતન કરીએ, પયપાન કરીએ. નવલકુંડ, અપ્સરા કુંડ થઈને દૂર સામેના શ્યામ ઢાકને વંદન કરીએ, ગુલાલ કુંડની લીલાઓનું ચિંતન કરીએ. કયાંકથી શ્યામસુંદર આવીને આંખોમાં કેસૂડાની પિચકારી મારી જશે, કયાંકથી ગુલાલની અંધિયારી કરી જશે, એવાં ભાવવિહ્વળ બનીને એમને શોધીએ.

ત્યાંથી આગળ ગોવિંદ સ્વામીની કદમખંડીએ પહોંચતાં પહોંચતાં કદમખંડીમાં ઝૂલા બાંધીને પ્રિયા-પ્રિતમજીની હિંડોળાલીલાનું સ્મરણ કરીએ. બીજો કોઇ હીંડોળો ત્યાં ન બાંધી શકાય, તો આપણાં નેત્રોનો હિંડોળો બનાવીને એમાં આપણા પ્રિયા-પ્રિતમજીને ઝુલાવી લઇએ : ઝૂલત તેરે નયન હિંડોરે- ગોવિંદ સ્વામીની કુટીરને વંદન કરીએ, સુરભિ કુંડ પર સ્નાન કરીએ, પાન કરીએ. પરમાનંદદાસજીનું ત્યાં સ્થાન છે. પરમાનંદદાસજીને દંડવત્ કરીએ, જરા ફેરમાં હરજી કુંડ જઇએ, પછી રુદ્ર કુંડ જઇ આવીએ. જયાં ચતુર્ભૂજદાસજીનું સ્થાન છે, જયાં વ્રજ ગોપાંગનાઓને પ્રભુ પ્રાપ્ત ન થયા ત્યારે ગોપીગીત ગાઇને રુદન કર્યુ. ગોપિકાઓનાં વિરહ-અશ્રુથી બનેલા એ રુદ્ર કુંડના જળનું પાન કરીએ, તો ગોપીજનોનાં વિરહ અશ્રુ હૃદયમાં પધારતાં આપણને એમની કૃપાથી વિરહનો અનુભવ થાય. આ સર્વ સ્થળે ભગવદ્સેવન, ભગવદ્સ્મરણ કરતાં કરતાં શ્રીમુખારવિંદ પાસે આવીએ. ત્યાં ગોસ્વામી બાળકોના તુલસીકયારા છે, જે એમની નિકુંજનાં દ્વાર છે. સર્વ નિકુંજના દ્વારે એમનાં દર્શન કરીએ, દંડવત્ કરીએ. મુખારવિંદ પાસે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીના નિકુંજરૂપ તુલસીકયારાને દંડવત કરી, સુંદર શિલાની બેઠકમાં બિરાજતાં શ્રીમહાપ્રભુજી અને શ્રીહરસાનીજીનાં ચરણોમાં દંડવત્ કરી, શ્રીગિરિરાજ બાવાના મુખારવિંદને દંડવત્ કરીએ. ઉપર બિરાજતા શ્રીગોવર્ધનનાથજીને દંડવત્ કરીએ.

ગોવર્ધનની તળેટીમાં શ્રીગિરિરાજબાવાને માનસી ગંગાના જળથી, દૂધથી સ્નાન કરાવીએ. દૂધ કેટલું છે એનું મહત્ત્વ નથી, ભલે ૧૦૦ ગ્રામ દૂધની નાની

લોટી લઈને ગયા છીએ! શ્રીગિરિરાજબાવાને દૂધ કેમ પ્રિય છે? શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું કે દૂધ એટલે ભકતના હૃદયનો પ્રેમ. ભકતના હૃદયનો પ્રેમ દૂધ બનીને અભિષેક કરે છે. ગાયના હૃદયનો એના વાછરડા તરફનો પ્રેમ દૂધ બનીને પ્રગટ થાય છે. માટે આપણા પ્રેમનો અભિષેક કરવો છે. પ્રેમનું આધિભૌતિક સ્વરૂપ છે દૂધ. એક લોટી દૂધ સુકોમળ ગિરિરાજબાવાનાં ચરણોથી મસ્તક સુધી એવી રીતે અભિષિક્ત કરીએ કે શ્રીગિરિરાજ બાવાને જરાયે પરિશ્રમ ન થાય. પ્રસન્નતા થાય. ફરી માનસી ગંગાના જળથી સ્નાન કરાવીએ. કોમળ અંગવસ્ત્ર કરીએ, ઋતુ અનુસાર સુગંધી અર્પણ કરીએ, ધોતી ઉપરણા ધરીએ, તિલક કરીએ, કપોલ પત્ર કરીએ, પુષ્પની માળાઓ ધરીએ, સુંદર સુંદર સામગ્રીના ભોગ ધરીએ, ઝારી ધરીએ અને ચરણ સ્પર્શ કરીને દંડવત્ કરીએ. પછી એમનાં ચરણકમળોમાં બેસીને શ્રીગિરિરાજબાવાના અને શ્રીગિરિરાજબાવાના અતિ પ્રિય એવા શ્રીગોવર્ધનધરનાં ખૂબ કીર્તનો ગાઈએ, ત્યારે વ્રજયાત્રાની પરિક્રમાનું સાચું સુખ પ્રાપ્ત થાય.

આવી વ્રજયાત્રા, આવી પરિક્રમા, આવો વ્રજવાસ શ્રીહરિરાયચરણને અપેક્ષિત છે. આપણે પણ રોજ રાત્રે મનથી વ્રજયાત્રા કરીએ કે શ્રીગિરિરાજજીની પરિક્રમા કરીએ. કયારેક ગોકુલની પરિક્રમા કરીએ. કયારેક વૃંદાવનની પરિક્રમા કરીએ. વ્રજનાં અલૌકિક સ્થળોમાં, રોજ નવા સ્થળમાં પહોંચી જઈએ અને આમ મનને વ્રજલીલામાં રાખીને જો સૂઈ જઈએ, તો અવશ્ય રાત્રિમાં પ્રભુના અલૌકિક અનુભવો થશે.

આમ, શ્રીહરિરાયચરણે પોતાને વ્રજવાસ ન હોવાનું દુઃખ વ્યકત કર્યું. છેલ્લું ૨૧મું દુઃખ કહ્યું : મને શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય થયો નથી. શ્રીહરિરાયજી જો આવું કહેતા હોય તો આપણે તો કયાં? શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે આવો અલૌકિક ભાવ આપણા હૃદયમાં પ્રગટ હોય તો એના ફલસ્વરૂપે આપણામાં નિઃસાધનતા અને દીનતા આવે. નિઃસાધનતા અને દીનતા આવતાં આપણને આપણા દોષો દેખાય.

શ્રીહરિરાગચરણ આજ્ઞા કરે છે કે નિઃસાધનતા અને દીનતાના બે પ્રકાર છે. ભૌતિક અને અલૌકિક. ભાવ વિનાની નિઃસાધનતા ભૌતિક નિઃસાધનતા છે. જેમાં સાધનોના અભાવને આપણે રડતાં હોઈએ છીએ. આવી નિઃસાધનતાનો વિચાર એ દોષરૂપ છે. મારી પાસે પ્રભુને આરોગાવવા માટે ચાંદીનાં વાસણો નથી. મારી પાસે પ્રભુને ધરવા માટે મોતીના અને છીપના શૃંગાર નથી. મારી પાસે પ્રભુને પધરાવવા માટે મોટું સુંદર મંદિર નથી. મારાથી રોજ અનસખડીની સામગ્રી બનતી નથી.

સાધનોના અભાવમાં આવું વિચારવું એ દોષરૂપ છે. કારણ કે 'ચતુઃશ્લોકી'ના ટીકાકાર મહાનુભાવોએ બીજા શ્લોકની ટીકામાં સમજાવ્યું કે લૌકિક સંપત્તિ એ પ્રભુને પ્રાપ્ત કરવાનું કોઇ સાધન નથી. સાધનથી પ્રભુ પ્રાપ્ત થતા નથી. પ્રભુ જયારે સ્વયં ભકતના અર્થરૂપ બને, ત્યારે નિઃસાધન ફલાત્મા ભકતને પ્રાપ્ત થાય છે,એટલે સાધનોના અભાવથી મૂંઝાવું અને સેવા છોડવી એ દોષરૂપ છે. સાધન છે એટલાં વાપરવાં. નથી એનો કલેશ ન કરવો. જે કંઇ સાધન હોય એમાં ભાવનું પ્રાધાન્ય રાખો. સાધનની ભૌતિક કિંમતનું નહિ.

પૈલા વૈષ્ણવના ઘરમાં ચમચો નહોતો, તે એમણે ચમચાના ભાવથી દાતણ ધર્યું, તો પ્રભુ એને ચમચો માનીને એનાથી આરોગ્યા. પણ એમની દેખાદેખી કરીને બીજા વૈષ્ણવોએ દાતણની ઝૂડીઓની ઝૂડીઓ ધરી, તોયે એનો પ્રભુએ અંગીકાર ન કર્યો. જેના ઘરમાં ચમચા છે, એને દાતણ ધરવાની આવશ્યકતા નથી, પણ જેના ઘરમાં ચમચો નથી એ દાતણ નથી ધરતાં, દાતણમાં ચમચાનો ભાવ ધરીને ધરે છે. આપણા ઘરમાં ચાંદીનીનાં પાત્રો નથી એટલે પ્રભુ ભોગ નહિ આરોગે? અરે! જે પાત્રો હોય એને ચાંદીનાં માનો! ભાવનું પ્રાધાન્ય છે, વસ્તુનું પ્રાધાન્ય નથી. ભાવ પુષ્ટિમાર્ગનું મૂળ તત્ત્વ છે. ભાવથી જાગતી દીનતા ફલરૂપ બને છે. ભાવથી જાગતી નિઃસાધનતા ફલરૂપ બને છે. તેથી હૃદયમાં પ્રગટેલો ભાવ જ ભાવાત્મક એવા પ્રભુનો અનુભવ કરાવે છે, એનાથી ફલ સિદ્ધ થાય છે.

તમારા ઘરમાં પ્રભુ સાક્ષાત બિરાજે છે, જે સ્વરૂપે નાથદ્વારામાં બિરાજે છે એ જ સ્વરૂપે તમારા ઘરમાં બિરાજે છે એવો ભાવ ઘરમાં બિરાજતા શ્રીપ્રભુમાં હશે તો એ ભાવાત્મા તમારા હૃદયનાં દ્વાર ખોલીને તમને સાક્ષાત અનુભવ કરાવશે. જેને પોતાના સેવ્ય સ્વરૂપમાં આવો ભાવ નહિ હોય તે નાથદ્વારામાં કંઇક વિશેષ છે એવા ભાવથી ત્યાં દોડશે તો ત્યાં ભીડના ધક્કા ખાઇને અથડાતાં પાછા આવશે, કોઇ અલૌકિકતાનો અનુભવ નહિ થાય. અલૌકિકતાનો અનુભવ કરવા માટે દુનિયામાં દોડનારા શાણા છે એમ ન માનશો, કયાંક એમની ભૂલ થાય છે એમ માનજો.

એક મા હતી. દીકરાને ગોદમાં લઇને એ મેળો મહાલવા નીકળી. મેળાના કોલાહલમાં એવી ગાંડી બની ગઇ અને ભૂલી ગઇ કે કેડમાં છોકરું છે. અચાનક છોકરાની યાદ આવી ગઇ. મેળામાંથી બહાર આવતાં પૂછવા લાગી, મારું બાળક જોયું? સૌ હસવા લાગ્યાં. આપણું પણ આવું જ છે. જે આપણા છે એની કોઇ કિંમત નહિ અને જે આપણા નથી, બીજાના માથે બિરાજે છે એની પાછળ ઘેલા થઇ ગયા. ઘરનું છોકરું વહાલું ન લાગે અને પારકાનું છોકરું પ્રિય લાગે, એ માને શું કહેવું?

માટે શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છેઃ વૈષ્ણવો, તમારી ક્રિયા ઓછીવત્તી હશે તો પ્રભુ એને ચલાવી લેશે, પણ તમારા હૃદયનો ભાવ ઓછો હશે તો પ્રભુને નહિ ગમે.

ભાવ એ પુષ્ટિમાર્ગનું મૂળ તત્ત્વ છે. ભાવથી જ ફળસિદ્ધિ થાય છે. આ ભાવ ભાવનાઓ દ્વારા સુદૃઢ થાય છે, સિદ્ધ થાય છે. માટે સ્વરૂપ-ભાવના, ભાવ-ભાવના અને લીલા-ભાવનામાં વૈષ્ણવોએ સદા તત્પર રહેવું. આમ, ૨૪ શ્લોકમાં શ્રીહરિરાયચરણે સ્વદોષોનું ચિંતન અને નિરૂપણ કરતાં આપણને ભાવવાળું હૃદય પ્રાપ્ત કરવા માટેનો સિદ્ધાંત સમજાવ્યો. નિઃસાધનતા અને દીનતાની ફલરૂપતા બતાવી.

હવે ૨૫મા શ્લોકથી ૩૩મા શ્લોક સુધીના નવ શ્લોકોમાં છેલ્લે છેલ્લે શ્રીહરિરાયજી પોતાના પરિવારની કેટલીક વાતો શ્રીગોપેશ્વરજીને લખે છે. તમને થશે કે આ પરિવારની વાતોના શ્લોકો શ્રીગોપેશ્વરજીએ પ્રગટ કર્યા ન હોત તો? વૈષ્ણવોને એનાથી શો મતલબ? શ્રીગોપેશ્વરજી એમ જણાવતા જણાય છે કે અમારી આ પારિવારિક વાતો પણ વૈષ્ણવોએ સમજવા જેવી છે, કારણ કે અમે પણ મનુષ્યદેહ ધારણ કર્યો હોવાથી જગતમાં સૌને મનુષ્યરૂપે દેખાઈએ છીએ. ત્યારે અમારે પણ લીલાનાટ્ય કરવાનું છે. એટલે અમારા પરિવારમાં જેવી મુશ્કેલીઓ આવે છે એવી તમારા પરિવારમાં પણ આવતી હશે. એ મુશ્કેલીઓને નિપટવાનો રસ્તો છે.

આમાં બે પરિવારમાં આવેલી મુશ્કેલીઓ શ્રીહરિરાયચરણે બતાવી. ૪૦૦ વર્ષ પહેલાંની આ ઘટનાઓ આજે પણ કયાંક કયાંક ઘટતી જોવા મળે છે. એમનો એક અધિકારી હતો. અધિકારી માટે તો કૃષ્ણદાસજીના પ્રસંગમાં શ્રીનાથજીએ કહી દીધું કે મૈં કોન જીવ કો બગાડ કરું? પ્રભુના ઘરનો અધિકાર કરવો એ ખાંડાની ધાર પર ચાલવા જેવું છે. આવા એમના અધિકારી વૈષ્ણવના હાથે લોકદષ્ટિએ બહુ નિંદિત કાર્ય થયું. સુરત શહેરમાં એ કોઈ કાર્યાર્થે ગયા હશે, ત્યાં કોઈક વિધવા બેન સાથે પરિચયમાં આવતાં, એ વિધવા બેનનો વધુ સંપર્ક થયો. પરિણામે ઉભયના હૃદયમાં કામવાસના જાગતાં, ધર્મશાસ્ત્ર વિરુદ્ધ નિંદનીય કામ થઈ ગયું. જેના કારણે પેલાં બહેનને ગર્ભાધાન પણ થયું. વિધવા હોવાના કારણે સમાજમાં પ્રતિષ્ઠાનો પ્રશ્ન જાગ્યો. બીજી બાજુએ નિંદિત કર્મ કરનાર કોઈ સામાન્ય મનુષ્ય હોત, તો પ્રશ્ન ઓછો ચકરાવે ચઢયો હોત, પણ સૌએ પૂછયું કે : આ કરનાર કોણ? જવાબ મળતો હતો કે શ્રીહરિરાયજીના અધિકારી અને તે પણ એક વિરકત વૈષ્ણવ. સેવક ખોટું કામ કરે ત્યારે સ્વામીનું નામ બદનામ થાય. સેવકને કોણ ઓળખે? સૌ સ્વામીને

ઓળખે છે. આ મુશ્કેલીમાંથી પ્રેમજીભાઇ નામના વૈષ્ણવે વ્યવહારકુશળતા વાપરીને માર્ગ કાઢ્યો. એમના અંગત કોઇ વૈષ્ણવ વૈદ્યરાજની દવાથી ઉપચાર થયો અને સમાજમાં જાગેલી બદનામીની આંધી શમી ગઇ. આ પ્રસંગ બન્યા પછી પેલા અધિકારીને ઠપકો આપ્યો, છતાં એને રાખવો પડ્યો. કારણ કે કાર્ય કરનાર બીજું કોઇ હતું જ નહિ. શ્રીહરિરાયચરણ મહાદયાળુ હતા એનો અપરાધ ક્ષમા કર્યો. આજ્ઞા કરી હશે કે ફરી આવું ન કરતો. પ્રેમજીભાઇ નામના વૈષ્ણવને આ વાત બરાબર ન લાગી કે આવા, લોકવિરુદ્ધ વર્તન કરનારને પાછો આશ્રય આપ્યો? ગુરુદેવને કહેવું તો શું? પણ પ્રેમજીભાઇ થોડા દૂર થઇ ગયા. મૌન રહેવા લાગ્યા. કામ પૂરતું બોલવા લાગ્યા અને ઉદાસીન રહેવા લાગ્યા. આ જોઇને શ્રીહરિરાયજીને બહુ દુઃખ થયું કે મારો પ્રિય સેવક, આવો ઉદાસ બની જાય? એમાં એનો કોઇ વાંક નથી, એ માણસને રાખવો પડયો એ મારી મજબૂરી છે. આ કલેશને લઇને ખિન્ન બનેલ શ્રીહરિરાયચરણ શ્રીગોપેશ્વરજીને આજ્ઞા કરે છે કે તમે પ્રેમજીભાઇને મારા હૃદયનું આ વલણ સમજાવતો પત્ર અલગ લખજો કે સીધો એના હાથમાં જ પહોંચે. તમે આવું દુષ્ટ નિંદિત કર્મ કરનાર અધિકારીને પણ ઠપકો આપતો અલગ પત્ર લખજો. આવી રીતે પોતાના પરિવારમાં આવેલી આ લૌકિક આંધીને શાંત કરવા માટેનાં સૂચનો શ્રીહરિરાયજીએ ૨૫ થી ૩૩ શ્લોકમાં કર્યાં.

એ આપણને શીખવે છે કે જીવનમાં ભૌતિક આંધી આવે ત્યારે તે આંખોને ભરી દે, ચારે બાજુનાં દૃશ્યો ન દેખાય. એવી રીતે જયારે આવી લૌકિક વાસનાઓની આંધી આપણા જીવનમાં આવે છે, ત્યારે આપણે સેવા-સત્સંગ કરનાર વૈષ્ણવો પણ ઘડીકમાં ભાનભૂલ્યા થઇ જઇને વિષય-વાસનાના આવેશમાં ખોટું પગલું ભરી બેસીએ છીએ. નિંદિત કર્મ થઇ જાય છે. આપણું એ નિંદિત કર્મ આપણને ઓછું બદનામ કરે છે, પણ જેના સેવક છીએ એવા શ્રીમહાપ્રભુજીના નામને, એમની ગરિમાને વધુ ધક્કો પહોંચાડે છે. લોકો એમના તરફ આંગળી ચીંધીને કહે છે કે જોયું, શ્રીમહાપ્રભુજીના આ વૈષ્ણવો! લૌકિકમાં સાદામાં સાદો માણસ પણ જેનાથી ડરે અને ખોટું ન કરે એવા ખોટા ધંધા કરે છે! છાપામાં શ્રીમહાપ્રભુજીનો માર્ગ બદનામ થાય છે, જયારે કુકર્મ કર્યુ હોય છે આપણે.

શ્રીમહાપ્રભુજીએ ઢોલ વગાડી વગાડીને કહ્યું છે કે જેના શરીરમાં વિષયવાસના છે, એના શરીરમાં પ્રભુ પધારતા નથી. દુઃખ તો ત્યાં છે કે લૌકિક વિષયવાસના જાગી છે, એમ કહીને કદાચ એને સંતોષીએ તો પ્રભુનો અપરાધ ન થાય, અથવા ઓછો થાય, પણ એને અલૌકિકતાનું નામ આપીને ભગવદ્લીલાના બહાના નીચે

જયારે આપણી વિષયવાસના સંતોષવાના પ્રપંચોથી, દુષ્ટ અને વિકૃત વાસનાઓમાં આપણે જાણે-અજાણે ફસાઇ જઇએ છીએ, ત્યારે એને ન શ્રીમહાપ્રભુજી માફ કરે, ન એને શ્રીઠાકોરજી માફ કરે. માટે તો શ્રીગુસાંઇજીએ 'શૃંગારરસમંડન'ના પ્રારંભમાં આજ્ઞા કરી કે વૈષ્ણવો! ઊભા રહો. આ 'શૃંગારરસમંડન'માં પ્રવેશ કરતાં પહેલાં સૂચના વાંચી લો. તમારું લૌકિક હૃદય વિષયવાસના વિનાનું શુદ્ધ અને નિષ્કામ હોય તો જ આ ગ્રંથ વાંચજો, બાકી ખબરદાર! જો એને હાથ અડાડયો છે તો. 'શૃંગારરસમંડન' પ્રભુની દિવ્ય લીલાઓનું નિરૂપણ કરે છે. આપણી લૌકિક વિષયવાસનાઓને ઉત્તેજવા માટે તેમાં કોઇ નિરૂપણ નથી. ભગવદ્ લીલાઓનું અનુકરણ કરવું હોય તો દાવાનલ પાન કરો, એ પણ પ્રભુએ કર્યું છે. શ્રીગિરિરાજ ધારણ કરો, એ પ્રભુએ કર્યું છે. કાલીયમર્દન કરો, પૂતના સંહાર કરો, એ બધું પ્રભુએ કર્યું છે. પ્રભુની રાસલીલાનું આપણાથી અનુકરણ ન થાય. હૃદય શુદ્ધ હોય તો રાસલીલાનું સ્મરણ થાય. આજે પરિસ્થિતિ બહુ વિષમ છે.

આ પરિસ્થિતિ આવવાની હશે એ જાણીને શ્રીમહાપ્રભુજીએ ૫૦૦ વર્ષ પહેલાં આજ્ઞા કરી કે સંગનો સર્વ પ્રકારે ત્યાગ કરવો. સ્ત્રી-પુરુષ સંગનો દેવતામાં ફૂંકાતા પવન જેવો છે. એકાંતમાં સ્ત્રી પુરુષ સંગના જેવું હાનિ કરનારું બીજું કોઇ પર્યાવરણ નથી. સર્વ શાસ્ત્રોની આજ્ઞાને મક્કમતાથી જીવનમાં અપનાવીએ તો શ્રીમહાપ્રભુજીનું નામ ઊંચું રહેશે. હૃદય ગમે તેટલું શુદ્ધ હોય, પણ દુનિયાદારીના નિયમો વિરુદ્ધ આચરણ કદાપિ ન કરશો. સગી બહેનના ખભે પણ કદી હાથ ન મુકાય. આ લક્ષ્મણરેખાની મર્યાદા વૈષ્ણવો સાથેના સંસર્ગમાં અને સંપર્કમાં, સત્સંગમાં અને એમની સાથેની સેવામાં ચુસ્ત રીતે પાળવા જેવી છે, એ સમજાવવા માટે શ્રીહરિરાયજી પોતાના પરિવારમાં બનેલો આ પ્રસંગ જરાય છૂપાવ્યા વિના, આપણું ધ્યાન દોરવા આપણને બતાવી રહ્યા છે. જેની આંખોમાં તમને વિકારનાં સાપોલિયાં રમતાં દેખાતાં હોય, એનાથી દૂર રહેજો. ભગવદ્નામ અને ભગવદ્ લીલાના ઓઠા નીચે તમારા શુદ્ધ હૃદયને કોઇ દૂષિત કરી ન જાય, એટલી સાવધાની રાખવાની આજ્ઞા સાથે શ્રીહરિરાયચરણ ચાલીસમું શિક્ષાપત્ર અહીં પરિપૂર્ણ કરે છે.

ઇતિ શ્રીહરિરાયજી વિરચિતં ચત્વારિંશતમં શિક્ષાપત્ર
શ્રીગોપેશ્વરજી વિરચિતા વ્રજભાષાટીકા સમેતં સમાપ્તમ્.

ચાલીસમા શિક્ષાપત્રનો સારાંશ

શ્લોક સંખ્યા : ૩૩

વિષય : **સ્વદોષ ચિંતન**

(૧) સ્વધર્મ જાણવા છતાં, હૃદયની અશુદ્ધિને લીધે તેનું આચરણ થતું નથી.

(૨) હું પાખંડીઓમાં મુખ્ય છું. તેથી પ્રભુ મારી ઉપેક્ષા કરે છે.

(૩) પ્રભુએ ઉપેક્ષા કરી, તેથી વૈષ્ણવો પણ મારી ઉપેક્ષા કરે છે.

(૪) મારામાં લેશમાત્ર ગુણ નથી. પ્રભુ ગુણગ્રાહી છે.

(૫) મારામાં ભગવદ્‌ભાવ જ નથી એટલે સેવા-કથાની કોઈ અસર થતી નથી.

(૬) ત્યાગ કરી શકતો નથી.

(૭) ભોગ અને ઉદ્વેગને લઈને સેવા થતી નથી.

(૮) ઘર, ધનમાં આસક્તિથી માનસી સિદ્ધ થતી નથી.

(૯) ભગવદીયો મારાથી દૂર ગયા છે.

(૧૦) શ્રીભાગવતનું ચિંતન પણ થતું નથી.

(૧૧) મન વિક્ષિપ્ત રહેવાથી, શરણભાવના ટકતી નથી.

(૧૨) લૌકિક વાતોમાં રસ છે.

(૧૩) અષ્ટાક્ષર જપાતો નથી.

(૧૪) દીનતાનો નાશ થયો છે.

(૧૫) ચિત્ત ચંચળ છે.

(૧૬) વિવેક, ધૈર્ય નથી.

(૧૭) વ્રજથી વિમુખ છું.

(૧૮) શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય નથી.

(૧૯) ભાવનો અભાવ છે.

(૨૦) નિઃસાધનતા નથી.

(૨૧) લૌકિક કામનાઓથી ઘેરાયેલો છું.

શિક્ષાપત્ર એકતાલીસમું

લૌકિકં સકલં કાર્યં પ્રભુસેવોપયોજનાત્ ।
પરં સર્વત્ર પૂર્વં હિ પ્રભુશ્ચિંત્યો ન લૌકિકમ્ ॥૧॥
ન રોચતે હરેઃ સ્વાનાં લૌકિકાસક્તિયુઙ્ મનઃ ।
તદોપેક્ષાવશાત્તસ્ય ન સિદ્ધયત્યપિ લૌકિકમ્ ॥૨॥

સર્વ લૌકિક કાર્ય પ્રભુસેવામાં ઉપયોગી હોય તે પ્રમાણે કરવું. બધે બધાં કામોમાં પ્રભુનો જ વિચાર કરવો. લૌકિક ચિંતન કરવું તે યોગ્ય નથી. (૧) પ્રભુના જીવોનું ચિત્ત લૌકિકમાં આસક્ત થાય તે ભગવાનને ગમતું નથી. માટે પ્રભુ તેની ઉપેક્ષા કરે છે. તેથી તેનું લૌકિક સિદ્ધ થતું નથી. (૨)

શુદ્ધભાવઃ પ્રભૌ સ્થાપ્યો ન ચાતુર્યં પ્રયોજકમ્ ।
અંતર્યામી સમસ્તાનાં ભાવં જાનાતિ માનસમ્ ॥૩॥

પ્રભુમાં શુદ્ધ ભાવ સ્થાપન કરવો જોઈએ. તેમાં ચતુરાઈને સ્થાન નથી. પ્રભુ સર્વ જીવોના અંતર્યામી છે. તેઓ મનમાં રહેલા ભાવને જાણે છે. (૩)

શુદ્ધભાવે તદીયં તુ લૌકિકં સાધયેત્સ્વયમ્ ।
તત્સાધિતમવિઘ્નેન સર્વં સિદ્ધયતિ નાન્યથા ॥૪॥

જો શુદ્ધ ભાવ હોય, તો પ્રભુ તેનું લૌકિક પણ પોતે જ સિદ્ધ કરે છે અને તે નિર્વિઘ્ને પાર પાડે છે, અન્યથા તેમ થતું નથી. (૪)

આવશ્યકો હિ કર્તવ્યઃ તદીયૈર્લૌકિકે વ્યયઃ ।
અનાસક્તૌ લૌકિકં તુ વર્ધતે ન ચ બાધતે ॥૫॥

તદીયોએ લૌકિકમાં જેટલું આવશ્યક હોય, તેટલું જ વ્યય કરવું, આસક્તિ ન હોય તો પણ લૌકિક તો વધે જ, તેમ છતાં તે બાધા કરે નહિ. (૫)

અન્યથા વૃદ્ધમપ્યે તદ્ બાધતે તદુપેક્ષયા ।
કૃષ્ણસેવૈકવિષયે મુખ્યં ચેતો નિધીયતામ્ ॥૬॥
અન્યત્તદુપયોગિત્વાત્ક્રિયતાં ન તુ મુખ્યતઃ ॥૭॥

જો ઉપર પ્રમાણે ન કરે, તો વધી ગયેલું લૌકિક પણ પ્રભુની ઉપેક્ષાથી બાધા કરે છે. માટે ચિત્તને શ્રીકૃષ્ણની સેવારૂપ મુખ્ય વિષયમાં સ્થાપન કરવું. (૬) બીજું જે કાંઈ કરવું પડે તે સેવાના ઉપયોગીપણાની દૃષ્ટિથી કરવું, મુખ્યતાથી ન કરવું. (૭)

સેવૈવ સાધનં સેવા ફલમૈહિકમત્ર સા ।
સેવા લૌકિકદેહેન સંભવેત્ પારલૌકિકમ્ ॥૮॥

સેવા જ સાધન છે. અહીં સેવા થાય એ ઐહિક ફળ છે. જે અલૌકિક દેહ વડે થાય એ પારલૌકિક ફળરૂપ છે. (૮)

તદર્થમેવ કર્તવ્યઃ સત્સંગો ભાવવર્ધકઃ ।
અનિંધનો વહ્નિરિવ ભાવઃ શામ્યેત્તુ લૌકિકાત્ ॥૯॥

તે માટે જ ભાવવર્ધક એવો સત્સંગ કરવો, કેમ કે જેમ ઈંધણ વિનાનો અગ્નિ શાંત થઈ જાય છે, તેમ લૌકિકોના સંગથી ભાવ શાંત થઈ જાય છે. (૯)

આર્તિરેવ સદા સ્થાપ્યા હરિસંદર્શનાદિષુ ।
સ્વાસ્થ્યં તુ લૌકિક નૈવ દદાતિ કરુણાનિધિઃ ॥૧૦॥

હરિનાં સુંદર દર્શન આદિમાં હમેશાં આર્તિ સ્થાપન કરવી. કરુણાના સાગરરૂપ પ્રભુ લૌકિકમાં સ્વાસ્થ્ય નહિ કરે. (૧૦)

તદીયાનાં સ્વતશ્ચિંતાં કુરુતે પિતૃવદ્ધરિઃ ।
પુનશ્ચિંતાં પ્રકુર્વાણા મૂર્ખા એવ ન સંશયઃ ॥૧૧॥

પિતાની પેઠે હરિ પોતાના ભક્તોની ચિંતા પોતાની જાતે કરે છે, તેમ છતાં જો કોઈ ચિંતા કરે, તો તે મૂર્ખ જ કહેવાય, એમાં સંશય નથી. (૧૧)

તસ્માદાચાર્યદાસૈસ્તુ મચ્છિક્ષાયાં સદા સ્થિતૈઃ ।
સેવ્યઃ પ્રભુસ્તતો ભદ્રમખિલં ભાવિ સર્વથા ॥૧૨॥

માટે, જેઓ શ્રીમહાપ્રભુજીને શરણે આવી, તેમના દાસ થયા છે, તેમણે તો આ મારી શિક્ષા પ્રમાણે જ સદાયે રહેવું. એવા વૈષ્ણવોએ તો પ્રભુની સેવા કરવી, જેથી સર્વથા સર્વ કંઈ સિદ્ધ થાય. (૧૨)

શિક્ષાપત્ર એકતાલીસમું

શ્લોક સંખ્યા : ૧૨

વિષય : **પુષ્ટિ-સિદ્ધાંતોના સારરૂપ શિખામણ.**

૪૧મા અંતિમ શિક્ષાપત્રમાં ૧૨ શ્લોકોમાં શ્રીહરિરાયચરણ ૪૦ શિક્ષાપત્રોનો સાર રજૂ કરે છે. એ સાર શ્રીમહાપ્રભુજી દ્વારા વેદાદિ શાસ્ત્રોનું મથન કરીને પ્રગટ થયેલો પુષ્ટિ-સિદ્ધાંત છે, માટે ૪૧મા શિક્ષાપત્રનો સિદ્ધાંત કહેવાયો-સર્વસાધારણી શિક્ષા. આ અંતિમ પત્રમાં શ્રીહરિરાયજી સર્વ સિદ્ધાંતોના સારરૂપી શિખામણ આપણને આપે છે. જેમ, દૂધને જમાવીને દહીં બનાવીએ અને દહીંનું મથન કરતાં એના પૂર્ણ સત્વરૂપ માખણની પ્રાપ્તિ થાય, એમ શ્રીમહાપ્રભુજીના સર્વ સિદ્ધાંતરૂપી દૂધનું માખણ આ ૪૧મા શિક્ષાપત્રમાં છે. કોઇને ૪૧ પત્રો વાંચવાની ધીરજ ન રહે, સમયનો કદાચ અભાવ વર્તાય, તો એના વિકલ્પમાં આ અંતિમ શિક્ષાપત્રના ૧૨ શ્લોકો એ હૃદયારૂઢ કરી લે, તો શ્રીહરિરાયચરણની કૃપાથી એના હૃદયમાં પુષ્ટિ સિદ્ધાંત દૃઢ થશે.

જેમ પ્રભુનું દ્વાદશાંગ સ્વરૂપ છે, તેથી શ્રીભાગવતમાં પ્રભુના નામ, રૂપ, ગુણ અને લીલાઓનું નિરૂપણ દ્વાદશ અધ્યાયમાં થયું, એમ અહીં પણ પુષ્ટિપ્રભુને પ્રાપ્ત કરવા માટેના પુષ્ટિ-સિદ્ધાંતોનું નિરૂપણ ૧૨ શ્લોકો દ્વારા શ્રીહરિરાયચરણ કરી રહ્યા છે. તેથી હૃદયમાં એવું પણ સ્ફુરાયમાન થાય છે કે શ્રીભાગવતના દ્વાદશ સ્કંધોના ૧૮ હજાર શ્લોકોમાં શ્રીગોવર્ધનધરનું જે વાક્સ્વરૂપ બિરાજે છે, એ વાક્સ્વરૂપ આ ૧૨ શ્લોકોમાં નિરૂપિત સિદ્ધાંતોની સમજપૂર્વકની સ્વીકૃતિથી શ્રીમહાપ્રભુજીના પ્રસાદરૂપે પ્રાપ્ત થશે.

સમગ્ર શ્રીમદ્ભાગવતનો નિચોડ ૪૧મા શિક્ષાપત્રના ૧૨ શ્લોકોમાં શ્રીહરિરાયચરણે બહુ સુંદર રીતે બતાવી દીધો છે. એમાંયે આ બાર શ્લોકોમાં નવ સિદ્ધાંતોનું નિરુપણ કર્યું છે. નવનો આંક પણ પૂર્ણ અંક હોવાથી પુષ્ટિના આ નવ સિદ્ધાંતો જાણે નવધા ભક્તિની સીડીનાં નવ સોપાનો છે. આ નવ સોપાનને એક પછી એક જે ચઢે, એ નિશ્ચયના મહેલના દ્વારે પહોંચે. નવનો આંક પૂર્ણાંક છે. એ એવું સૂચવે છે કે આ નવ સિદ્ધાંતો, જેના જીવનમાં દૃઢ થાય, એને પુષ્ટિભક્તિ ફલિત થાય. નવનો આંક એમ પણ સૂચવે છે કે આમાં પુષ્ટિસિદ્ધાંતોની પૂર્ણતા છે. આના સિવાયનો કોઇ સિદ્ધાંત બાકી રહેતો નથી.

સૌથી પહેલો સિદ્ધાંત કહ્યો : દુનિયામાં જીવન જીવતાં અન્ય મનુષ્યો કરતાં, અન્ય જીવાત્માઓ કરતાં, પુષ્ટિ જીવાત્માની જીવનની વિશિષ્ટતા કઇ? કેવળ બાહ્ય દેખાવથી આપણે વૈષ્ણવ બની શકીએ? શ્રીહરિરાયચરણ કહે છે કે ના, પુષ્ટિજીવનની પહેલી વિશિષ્ટતા એ છે કે બાહ્ય રીતે એનું વર્તન અન્ય લૌકિક જીવો જેવું જ લાગતું હોય, પણ એના એ વર્તન પાછળનો હેતુ અન્ય જીવોથી જુદો હોય. શ્રીહરિરાયચરણ એમ આજ્ઞા નથી કરતા કે તમારે લૌકિક છોડી દેવાનું અથવા તો લૌકિકનાં અમુક કાર્યો છોડી દેવાનાં. જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગનો તફાવત જ અહીં છે. બંને માર્ગ એમ કહે છે કે ભગવદ્પ્રાપ્તિ માટે સર્વાત્મભાવ આવશ્યક છે. બાળ શંકર, એમના ગુરુને પૂછે છે, સર્વાત્મભાવ શાનાથી થાય? આચાર્યે જવાબ આપ્યો, સંન્યાસાર્થથી. જ્ઞાનમાર્ગનો સર્વાત્મભાવ, લૌકિકના ત્યાગથી થાય છે, ભકિતમાર્ગનો સર્વાત્મભાવ લૌકિકનો અલૌકિકમાં વિનિયોગ કરાવવાથી થાય છે. એટલે પહેલો સિદ્ધાંત બતાવ્યો લૌકિકનાં બધાં કાર્યો પ્રભુસેવાના હેતુથી કરવાં. 'નિરોધલક્ષણ' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ બહુ જ સુંદર આજ્ઞા કરી, તમારી ઇન્દ્રિયોનાં બધાં જ કાર્યો જરા તપાસી લેજો. જે ઇન્દ્રિય ભગવદ્ સુખમાં ઉપયોગી બનતી ન હોય, એનો નિગ્રહ કરવો એટલે કે એના પર સંયમ કરવો. પુત્રની પ્રાપ્તિ પણ એ હેતુર્થી જ થવી જોઇએ કે પુત્ર પ્રભુની સેવામાં સહાયક બનશે. લૌકિક વિષયો ભોગવવાની ઇચ્છાથી પુત્રપ્રાપ્તિ ન થવી જોઇએ. આમ, સવારથી રાત સુધીની આપણી સર્વ લૌકિક ક્રિયાઓ ભગવદ્સેવાના પ્રયોજનથી થાય, તો તે જીવન વૈષ્ણવી જીવન બને, ભગવદીય જીવન બને, પ્રભુ માટેનું જીવન બને. શ્રીહરિરાયચરણે આ પહેલી આજ્ઞા કરી અને પાયાનો સિદ્ધાંત બતાવી દીધો. તમારી જિંદગીનાં દરરોજનાં બધાં જ કાર્યોને તપાસ્યા કરજો. દરેક કાર્ય કરતાં ભગવદ્-સુખનો વિચાર કરજો. જે કાર્ય ભગવદ્ સુખ માટેનું ન જણાય એનો ત્યાગ કરજો.

શ્રીમહાપ્રભુજીએ આ વાત 'તર્થદીપનિબંધ'માં બહુ સુંદર રીતે બતાવી. સુંદર રૂપક આપ્યું. કયાંય જવું હોય તો વાહન જોઇએ. આત્માને પરમાત્મા સુધી પહોંચવું હોય તો કોઇક વાહન જોઇએ, માટે પ્રભુએ આત્માને રથ આપ્યો. આ શરીર એ રથ છે. શરીરમાં રહેલી ૧૧ ઇન્દ્રિયો એ રથને જોડાયેલા ઘોડા છે. ઘોડા રથને બરાબર ખેંચે, ચલાવે માટે એને લગામ બાંધવી પડે, માટે મન એ લગામ છે. એ રથને ચલાવનાર કોઇક ડ્રાઇવર-સારથિ જોઇએ. બુદ્ધિ એ સારથિ છે. શરીરરૂપી રથને ઇન્દ્રિયોરૂપી અગિયાર ઘોડા જોડાયેલા છે અને મનની લગામથી એ બાંધેલા છે. હાંકવા માટે બુદ્ધિરૂપી સારથિ છે. એમાં બેસીને જીવાત્મા પ્રભુ તરફ જઇ રહ્યો છે.

રસ્તામાં ત્રણ ફાંટા આવ્યા. બુદ્ધિરૂપી સારથિને રસ્તાની ખબર નથી. મનરૂપી લગામ ઢીલી પડી, ઇન્દ્રિયોરૂપી ઘોડા ઉદ્ધત બન્યા અને એવી દિશામાં દોડ્યા કે જયાં જવાનું નહોતું. સારથિના હાથમાં લગામનો કાબૂ ન રહ્યો. બુદ્ધિ જયારે ઢીલી પડે ત્યારે શરીર અને ઇન્દ્રિયો પરનો કાબૂ આપણે ગુમાવીએ છીએ. પરિણામ એ આવ્યું કે એક ઊંડા કીચડના ખાડામાં એ રથ ઊથલી પડ્યો. એ કીચડનો ખાડો હતો વિષયવાસનાનો. જીવાત્મા વિષયવાસનાના કીચડમાં ફસાઇ ગયો. ખાડામાં પડેલો રથ-શરીર જર્જરિત થઇને નાશ પામ્યું. પરમાત્માને પામવા માટે નીકળેલો જીવાત્મા વિષયવાસનાના કીચડમાંથી બહાર ન આવ્યો. એનું જીવન નિષ્ફળ ગયું.

શ્રીમહાપ્રભુજી ત્યાં સમજાવે છે કે આ ઇન્દ્રિયોરૂપી ઘોડા પર મનની લગામ બરાબર કાબૂમાં રાખવા બુદ્ધિરૂપી સારથિ હોંશિયાર જોઇએ. આપણે મોટરમાં બેસીએ, ત્યારે જો ડ્રાઇવર હોંશિયાર હોય તો આપણે આંખો મીંચીને ઊંઘીએ તો પણ ચિંતા ન થાય, પણ ડ્રાઇવર જો પીધેલી હાલતમાં હોય, તો કાં તો કહેવું પડે કે ભાઇ! ઊભો રહે, હું નીચે ઊતરી જઉં, હજી મારે જીવવું છે. એમ આ શરીરરૂપી આત્માએ રથમાં બેસીને જોયું કે બુદ્ધિને નશો ચઢ્યો છે, એને સારાસારનો વિચાર નથી, એટલે આત્મા એમાંથી બહાર નીકળવા મથે છે. શરીરનું દમન કરો, તપ કરો, ત્યાગ કરો, સંન્યાસ લો અને મોક્ષ મેળવો. પ્રયત્ન જરૂર થયો, પણ એમાં બધા આત્મા સફળ ન થયા, ત્યારે શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે તમારી સર્વ ઇન્દ્રિયોને પ્રભુગામી બનાવી લો. રથને કયા માર્ગે લઇ જવો એ બરાબર જાણી લો.

ઇન્દ્રિયરૂપી ઘોડાને પ્રભુ તરફ દોડાવવા માટે પહેલાં હૃદયમાં પ્રભુને પધરાવવા પડે. જેના હૃદયમાં પ્રભુ પધારે એની ઇન્દ્રિયો પ્રભુ તરફ દોડે, આંખો દર્શન કરવા દોડે. કાન વેણુરવ સાંભળવા દોડે, જીભ ગુણગાન ગાવા દોડે, નાક પ્રભુની સુગંધનો આસ્વાદ કરવા દોડે, હાથ પગ સેવા કરવા દોડે. પણ જેના હૃદયમાં પ્રભુ પધાર્યા નથી, અને હાથ-પગને પ્રભુ તરફ દોડાવવા પ્રયત્ન કર્યો, એને ઝાઝી સફળતા ન મળી. આપણામાં કહેવત છે કે, ભાવ વિનાનું ભોજન અને પ્રેમ વિનાનું ભજન, એમાં કોઇ સ્વાદ ન આવે. માટે અહીં શ્રીહરિરાયજી સમજાવી રહ્યા છે કે પ્રભુમાં તમને પ્રેમ હશે, તો અંદરથી તમને પ્રભુની સેવા કરવાની રુચિ જાગશે. પ્રભુમાં જો પ્રેમ નહિ હોય તો, તમ્ને સ્વયં રુચિ નહીં જાગે, બીજાના દોરવાયા કે બીજાના દબાણથી જો સેવા કરવા દોરાશો તો એમાં ઝાઝો ભલીવાર નહિ આવે. એથી આપણી સેવા પાર્ટટાઇમ બની જશે. મિકેનિકલ બની જશે. એવી સેવા દરમ્યાન પણ મન તો લૌકિકમાં જ વળગેલું રહેશે. અલૌકિકની સેવા કરતાં મન લૌકિક સન્મુખ

રહે, એ પરિસ્થિતિ બહુ દુ:ખદ છે. સુખદ પરિસ્થિતિ તો એ છે લૌકિકમાં રહીએ પણ મન અલૌકિકમાં રહે. માટે પહેલી આજ્ઞા થઈ કે લૌકિકનાં બધાં કાર્યો ભલે કરો, પણ ઠાકોરજીની સેવાના હેતુથી કરો.

કોઈપણ લૌકિક કાર્ય કરવાનું હોય ત્યારે પહેલાં ભગવદ્ આજ્ઞા લઈને લૌકિક કાર્ય કરો. જેમ કે લગ્ન છે, તો પહેલાં પ્રભુની આજ્ઞા લેવી. આ લગ્નમાં આટલું દ્રવ્ય વાપરવું છે, એવી પણ આજ્ઞા લેવી જોઈએ. પછી પ્રભુની એ આજ્ઞા પ્રમાણે એ કાર્ય ઉકેલવું અને એટલી રકમમાં જ ઉકેલવું. કોઈપણ લૌકિક કાર્ય હોય કે વૈદિક કાર્ય હોય, પ્રભુની સેવાના હેતુથી કરવામાં આવે ત્યારે પ્રભુની આજ્ઞા લઈને કરવું. રોજ રાત્રે પ્રભુને વિનંતી કરવી કે આખા દિવસ દરમ્યાન જે કંઇ કાર્યો આપની પ્રેરણાથી થયાં, એ સર્વ હું આપને સમર્પણ કરું છું. પ્રભુ ઉત્તમ વસ્તુના ભોક્તા છે, એ કદી ભૂલવું નહિ. જેને ઉત્તમ વસ્તુ જ ગમતી હોય એને હલકી વસ્તુઓની ભેટ ન ધરાય. એને એમાં રુચિ ન થાય, એને પ્રસન્નતા ન થાય. માટે ઉત્તમ વસ્તુના ભોક્તાને સમર્પિત કરવાના માટેનાં આપણાં કાર્યો પણ ઉત્તમ હોય, શુદ્ધ હોય, સુંદર હોય એનું પણ ધ્યાન રાખવું. શાસ્ત્રોએ બતાવેલાં દુષ્કૃત્યોથી બચવું, પ્રભુને લાયક કાર્યો કરવાં. સવારે ઊઠતાં વિનંતી કરવી કે હે પ્રભુ! મને એવી શક્તિ, મતિ, રતિ અને ગતિ આપજો કે દિવસના ચોવીસ કલાક આપની સેવાને લાયક સર્વ કાર્યો હું કરું. શુદ્ધ ભાવથી કરું. રાત્રે વિનંતી કરવી કે જે કાંઇ કાર્યો થયાં એ આપનાં ચરણોમાં નિવેદિત કરું છું. સેવામાં સન્મુખ જઈએ ત્યારે ભગવદ્ મંદિર પાસે જઈને, દંડવત્ કરીને વિનંતી કરીએ છીએ: આપ કૃપા કરીને અમારી સેવા અંગીકાર કરજો, શ્રીમહાપ્રભુજીની કાનિથી અંગીકાર કરજો. સેવામાંથી પહોંચીને બહાર આવીએ ત્યારે પણ દંડવત કરીને વિનંતી કરીએ કે આ સર્વ સેવા આપ અંગીકાર કરો અને એમાં અપરાધ થયો હોય, દોષ થયો હોય તો અમને ક્ષમા કરજો. આપણું જીવન પણ ભગવદ્-સેવા અર્થે હોવાથી, સવારે જાગતાં અને રાત્રે સૂતાં પ્રભુની સેવામાં ઉપયોગી એવાં શુદ્ધ, ઉત્તમ કાર્યો કરવાનો સંકલ્પ અને સમર્પણ કરીએ. આ પ્રથમ સિદ્ધાંત બતાવ્યો.

બીજી આજ્ઞા કરી : દુનિયાના બીજા મનુષ્યોથી વૈષ્ણવ કેવી રીતે જુદો? પ્રભુ દુનિયાના બીજા જીવાત્માઓ અને વૈષ્ણવ જીવાત્માઓને કઇ રીતે જુદી જુદી ટ્રીટમેન્ટ આપે? બિલાડીનું ઉદાહરણ યાદ કરવા જેવું છે. બિલાડી જે દાંતથી પોતાના શિકારને, ઊંદરને પકડે અને દબાવે, એ જ દાંતથી એના બચ્ચાને પણ પકડે છે, પણ બંનેને પકડવાની રીતમાં બહુ મોટો ફરક છે. ઊંદરની ગરદન ઉપર એવા

દાંત દબાવે કે એ મૃત્યુ પામે અને બચ્ચાને દાંત વચ્ચે એવી કોમળતાથી રાખે કે એ તીક્ષ્ણ દાંત પેલા બચ્ચાના કોમળ શરીરમાં લાગે નહિ. આ જ ફરક પ્રભુ દુનિયાના બીજા જીવાત્માઓ સાથેના અને પુષ્ટિ જીવાત્માઓ સાથેના વ્યવહારમાં રાખે છે. આ વ્યવહારને સમજવા માટે એક બીજું ઉદાહરણ પણ જોવા જેવું છે. વાંદરી અને તેના બચ્ચાને તમે જોયાં હશે. વાંદરી કોઇ દિવસ તેના બચ્ચાને પકડતી નથી, ગળે લગાવતી નથી. બચ્ચાને જો જીવવું હોય અને માની સાથે જીવવું હોય તો એની પીઠ પર ચોંટી રહેવું પડે, એને વળગી રહેવું પડે. મા દીકરાને વળગી રહેતી નથી. જયારે બિલાડી પોતાના બચ્ચાને પ્રેમથી પકડીને ઊંચકીને લઇ જાય છે. વાંદરીના કિસ્સામાં જવાબદારી બચ્ચાના માથે છે, પોતાના પ્રાણનું રક્ષણ કરવાની. બિલાડીના કિસ્સામાં જવાબદારી એની માની છે, બચ્ચાનું રક્ષણ કરવાની. એમ પ્રવાહી અને મર્યાદા જીવોને પોતાનું રક્ષણ કરવાની જવાબદારી પ્રભુએ એમના માથે નાખી છે કે તમે સાધનો કરશો અને મને વળગશો તો હું તમને તે પ્રમાણેનું ફળ આપીશ. પણ પુષ્ટિ જીવને તો એમ કહ્યું કે તું ભક્તિ કરતાં કરતાં જો થાકી જઇશ અને તારાથી નહિ બને અને રસ્તામાં બેસી જઇશ, તો હું સ્વયં આવીને તને રસ્તામાંથી ઊંચકી લઇશ. તારી જવાબદારી મારી. માટે પ્રભુ જયારે પુષ્ટિ જીવની જવાબદારી લેતા હોય ત્યારે બદલામાં એ અપેક્ષા રાખે છે. દુનિયાનો આ ક્રમ છે. પત્ની પતિની ખૂબ સારી રીતે પ્રેમથી સેવા કરે, તો બદલામાં અપેક્ષા રાખે કે પતિ પણ એને ખૂબ સારી રીતે રાખે. અથવા જો પતિ પત્નીને સારી રીતે સાચવે તો બદલામાં અપેક્ષા રાખે કે પત્ની પણ એને સાચવે. પતિ અપેક્ષા રાખે કે હું ઘરમાં આવું ત્યારે એ એના મનની સર્વ વૃત્તિઓને મારામાં કેન્દ્રિત કરે, બીજી સર્વ પ્રવૃત્તિઓને છોડી દે, અને મારા માટેની જ પ્રવૃત્તિઓ કરે. એમ પ્રભુ પણ આપણી પાસે એક જ અપેક્ષા રાખે છે. દુનિયામાં ઘણા જન્મો સુધી અને આ જન્મમાં ઘણાં વર્ષો સુધી બહાર ભટકયો, હવે બધું છોડીને કેવળ મારાં ચરણોનો આશ્રિત થઇ જા. તમારી લૌકિક આસક્તિથી ભરેલું જે મન છે, એ મનમાં મને બદબૂ આવે છે, એ મનમાં ભરાયેલા કાદવ-કીચડ કાઢી નાખો, મનને શુદ્ધ અને સુગંધિત બનાવો. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે પ્રભુ જેમને પોતાના ગણે છે, એમનું મન જો લૌકિકમાં લાગેલું રહે તો તે પ્રભુને ગમતું નથી. માટે લૌકિકની જે બાબતોમાં આપણું મન લાગેલું રહે, એ બાબતમાં એવો કંઇક ખેલ થઇ જાય કે એમાંથી આપણું મન છૂટી જાય. આવું બને ત્યારે માનવું કે પ્રભુએ આપણને પોતાના ગણીને લૌકિક આસક્તિ છોડાવી છે. એટલે બીજો સિદ્ધાંત બતાવ્યો કે પુષ્ટિ ભક્તોએ લૌકિકમાં કદી આસકત ન થવું. લૌકિક, વૈદિક સર્વ કાર્યો

કાપટ્યભાવથી, મનુષ્યદેહ ધારણ કર્યો છે ત્યારે એની ફરજના ભાગરૂપે કરવાં, પણ એના ઊંડા પાણીમાં ડૂબવું નહિ.

તમે કહેશો આ કેવી રીતે બને? એક ઉદાહરણ લઇને આ વાત સમજીએ. આપણા ઘેર લગ્નનો પ્રસંગ હોય, ત્યારે આપણે કેવી રીતે કામ કરીએ છીએ? ખૂબ જવાબદારીપૂર્વક. પણ પડોશીના ઘેર લગ્નનો પ્રસંગ હોય, ત્યારે આપણે એને કહીએ છીએ કે કંઇ કામકાજ હોય તો કહેજો. જઇએ પણ ખરા, પણ એ કામકાજ કરવામાં મનની કોઇ આસક્તિ નથી હોતી. થાય એટલું કરીએ અને ન થાય એટલું હરીચ્છા. આમ, જે કામને પોતાનું ગણીએ એ કામમાં મન લાગે. જે કામને પોતાનું ન ગણીએ એમાં કદી મન ન હોય. તો શ્રીહરિરાયજી એમ કહે છે કે સેવા, સત્સંગ અને સ્મરણનાં કાર્યોને પોતાનાં ગણજો અને લૌકિક કાર્યોને પોતાનાં ન ગણશો.

ત્રીજો સિદ્ધાંત બતાવ્યો : પ્રભુની સેવામાં, પ્રભુના ચિંતનમાં, સ્મરણમાં, સત્સંગમાં હૃદયનો શુદ્ધ ભાવ રાખજો. પાખંડ, લૌકિક ચતુરાઇ, છળકપટનો આશ્રય ન લેશો. બીજાને દેખાડવા માટે તમે આ અલૌકિક કાર્યો ન કરશો. કારણ કે એ તો સૌના અંતર્યામી છે. આપણા મનમાં સાચો ભાવ છે કે પાખંડ છે એને જાણનારા છે. માટે કદી પ્રભુને છેતરવાનો પ્રયત્ન ન કરશો.

ચોથો સિદ્ધાંત બતાવ્યો : તદીયોમાં, વૈષ્ણવોમાં, ભગવદીયોમાં શુદ્ધ ભાવ રાખજો, એમની સેવાનો ભાવ રાખજો. એમની પાસેથી લૌકિક સાધવાનો સ્વાર્થ ન રાખશો, કારણ કે પ્રભુ પોતે જ આપણું સર્વ લૌકિક સિદ્ધ કરશે. પ્રભુમાં દૃઢ વિશ્વાસ રાખજો.

પાંચમો સિદ્ધાંત બતાવ્યો : લૌકિકમાં જરૂર હોય એટલો જ ખર્ચ કરવો અને એટલું જ કાર્ય પણ કરવું. પ્રાયોરિટી વિચારી લેવી. આ કાર્ય નહિ કરીએ તો ચાલશે? જો ચાલતું હોય તો એ કાર્ય ન કરો. લૌકિકમાં આ ખર્ચ નહિ કરીએ તો ચાલશે? જો ચાલે તેમ હોય તો એવો ખર્ચ ન કરશો. માટે લૌકિક ખર્ચ અને લૌકિક કાર્ય કેટલું કરવું અને કેટલું છોડવું, એ બાબતમાં સાવધાન રહેવાની જરૂર છે. લૌકિક કાર્યો ઓછાં થશે, તો મન અલૌકિકમાં લાગશે. લૌકિક કાર્યમાં ધન બચાવીશું તો એ ધન અલૌકિકમાં, પ્રભુની સેવામાં વધારે ઉપયોગમાં આવશે. પ્રભુની સેવામાં કરકસર કરીએ અને બહાર લૌકિકમાં વિના સંકોચે વાપરીએ, એ વૈષ્ણવ માટે યોગ્ય નથી.

છઠ્ઠો સિદ્ધાંત બતાવ્યો : કૃષ્ણ-સેવામાં ચિત્તની મુખ્યતા માનવી. ચિત્ત મુખ્ય છે. એ ચિત્તને પ્રભુસેવામાં પ્રવણ કરવા માટે તનુવિત્ત એ સાધન છે. શરીર અને દ્રવ્યના સાધન દ્વારા સેવામાં ચિત્તને એકાગ્ર કરવાનું છે, માટે દરરોજ સેવામાં એ ધ્યાન

રાખવું કે આપણું ચિત્ત વધુને વધુ એકાગ્ર થતું જાય, એવા પ્રયત્ન વધુને વધુ કરવા. એક ગ્રાફ દોરવો. દીવાલ પર લટકાવી રાખવો કે આજે કેટલી સેકન્ડ મન પ્રભુમાં લાગ્યું? બીજા દિવસે પણ જોવું કે આજે કેટલી સેકન્ડ મન પ્રભુમાં લાગ્યું? એનો ગ્રાફ બનાવતા જવું. એ ગ્રાફ હોરિઝોન્ટલ જતો હોય તો ચિંતા કરવી. એ વર્ટિકલ થવો જોઇએ. એટલે કે ઉપરની બાજુએ જવો જોઇએ. દિવસે દિવસે પ્રભુની સેવામાં ચિત્ત વિશેષ ને વિશેષ લાગવું જોઇએ. પણ એનાથી ઊલટું બને છે. પેલી અંગ્રેજી કહેવતનું પાલન કરીએ તો ચિત્ત લાગશે. કામ કરતી વખતે કામમાં મન લગાડો અને રમતી વખતે રમવામાં મન લગાડો. પણ આપણે બે ભેગું કરીએ છીએ. આજનો નટખટ છોકરો કામ કરતાં કરતાં રમે, રમતાં રમતાં ભણે અને ભણતાં ભણતાં રમે. એટલે બાવાનાં બે બગડે. ન ભણવાનું થાય અને ન રમવાનું થાય. આપણે આવું કરીએ છીએ. સેવામાં બેસીએ ત્યારે સત્સંગની વાત કરીએ અને સત્સંગમાં બેસીએ ત્યારે હાથથી સેવા કરીએ. બેમાં ધ્યાન નહિ. સેવાના અવસરમાં સેવા અને સત્સંગના અવસરમાં સત્સંગ, કારણ કે સેવાથી અને સત્સંગથી ચિત્ત પ્રભુમાં પરોવવાનું છે. પુષ્ટિમાર્ગની આ બધી ડિસીપ્લીન છે. જે માણસના જીવનમાં ચિત્તની એકાગ્રતા ન હોય, એના જીવનમાં લૌકિકની અને અલૌકિકની કોઇ કિંમત નથી. આપણે ભાવના આવેશમાં એવા રહીએ કે આપણા અલૌકિક જીવનની શિસ્ત આપણે ભૂલી જઇએ છીએ. માટે અહીં સેવાની શિસ્ત બતાવી કે સેવામાં ચિત્ત મુખ્યત્વે જોડવાનું છે.

સેવામાં ચિત્ત જોડાય એવી જ ક્રિયાઓ કરવી. અન્ય ક્રિયાઓ સેવા દરમ્યાન ન કરવી. શાનાથી ચિત્ત સેવામાં જોડાય? તો શ્રીમહાપ્રભુજીએ બહુ સુંદર પ્રકાર આપ્યો. રાગ, ભોગ અને શૃંગાર. રાગ એટલે કીર્તન. સેવાની સાથે સાથે કીર્તન થાય તો સેવામાં ચિત્ત લાગે. સેવામાં સામગ્રી સિદ્ધ કરતાં હોઇએ ત્યારે એકાગ્રતા જોઇએ, નહીંતર દાઝી જાય કે કાચી રહે. સેવામાં ઠાકોરજીને શૃંગાર કરતા હોઇએ ત્યારે પણ એકાગ્રતા જોઇએ. તો રાગ, ભોગ અને શૃંગાર આ ત્રણ સેવાની મુખ્ય બાબતો છે, જે ચિત્તને પ્રભુમાં જોડવા સક્ષમ છે. માટે રાગ, ભોગ, શૃંગારયુક્ત સેવા કરવી અને એ સિવાય સેવામાં અન્ય કોઇ પ્રવૃત્તિઓ ન કરવી.

સાતમો સિદ્ધાંત આપ્યો : જ્ઞાનમાર્ગીને આ દેહથી મોક્ષનો અનુભવ ન થાય, પણ પુષ્ટિમાર્ગીને આ દેહથી પણ સેવા થાય અને નિત્યલીલામાં પ્રાપ્તિ થાય તો ત્યાં પણ સેવા થાય. બંને ઠેકાણે એનું કર્તવ્ય એક જ છે- સેવા કરવાનું. લૌકિક દેહથી સેવા કરતાં કરતાં હૃદયમાં પ્રભુને પધરાવીને જયારે સર્વ ઇન્દ્રિયો પ્રભુના સુખાર્થે

ઉપયોગમાં લેવાય ત્યારે ચિત્તની એવી વિશિષ્ટ સ્થિતિ બની રહે કે જે સ્થિતિમાં અંતઃકરણથી અને આંખોથી સાક્ષાત ભગવદ્‌લીલાનો અનુભવ થાય. 'શ્રીયમુનાષ્ટક'માં શ્રીમહાપ્રભુજી એને તનુનવત્વ કહે છે, તો 'સેવાફલ'માં એને અલૌકિક સામર્થ્ય કહે છે. 'વેણુગીત' અને 'ભ્રમરગીત'ના સુબોધિનીજીમાં એને સર્વાત્મભાવ કહે છે અને 'ચતુઃશ્લોકી'માં એને મોક્ષ કહે છે.

પુષ્ટિમાર્ગનો મોક્ષ, પુષ્ટિમાર્ગનો સર્વાત્મભાવ, પુીષ્ટમાર્ગનું તનુનવત્વ કે અલૌકિક સામર્થ્ય આ જ. અંતઃકરણ અને આંખોથી સદૈવ ભગવદ્‌લીલાનો સાક્ષાત અનુભવ થાય. આવા અનુભવને જ આપણે માનસી કહીએ છીએ. જે રાજા આસકરણજીને સિદ્ધ થઇ. યુદ્ધના મેદાનમાં માનસી સેવા કરતાં કરતાં કઢીનો ડબરો ધરવા ગયા અને ઘોડો કૂદયો. કઢી છલકાઇ. આવી માનસી કયારે સિદ્ધ થાય? તનુવિત્તજા સેવા કરતાં ચિત્ત પ્રભુમાં સતત પરોવાયેલું રહે ત્યારે. માટે આ લૌકિક દેહથી સેવા એટલા માટે કરવાની છે કે સેવાના ફલરૂપે આ દેહ અલૌકિક બને. જયારે દેહ અલૌકિક બને ત્યારે જ અલૌકિક પ્રભુનો અનુભવ થાય. લૌકિક દેહથી અલૌકિક પ્રભુનો કદી અનુભવ ન થાય. લૌકિક દેહને અલૌકિક બનાવવા માટે, પ્રભુને યોગ્ય બનાવવા માટે, સાધનરૂપા સેવા આવશ્યક છે. જયારે પ્રભુને સાક્ષાત સેવાનું મન થાય ત્યારે આપણા દેહને અલૌકિક બનાવે. પછી પ્રભુ એ અલૌકિક મન સાથે, અલૌકિક દેહ સાથે રમણ કરે. માટે શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે તમને કોઇ એવું પૂછે કે આ સેવા કરવાથી શું? તો એમના દોરવાયા દોરાઇ જશો નહિ. સેવા કરવાથી બધું જ છે. માટે સેવાનો આગ્રહ લૌકિક શરીરથી પણ છોડવો નહિ.

આઠમો સિદ્ધાંત બતાવ્યો : પ્રભુમાં ભાવ વધારનારો સત્સંગ, સેવાના હેતુથી કરવો.

નવમો સિદ્ધાંત કહ્યો : સંયોગાત્મક સેવા કરતાં કરતાં નિરાળો ભાવ હૃદયમાં પ્રગટે એટલા માટે પ્રભુનાં દર્શનાદિની આર્તિ, જેને વિરહ-તાપકલેશ કહીએ છીએ, સદાય હૃદયમાં ધારણ કરો. આર્તિનું સ્વરૂપ આપણે આગળનાં શિક્ષાપત્રોમાં જોઇ ગયા છીએ. મનનું જેના તરફ ખેંચાણ થાય, એને મેળવવાની ઇચ્છા થાય, એ ઇચ્છા જેટલી ઉત્કટ બને, એટલી એ મેળવવાની ઝંખના વધે. આ લૌકિક ઝંખના જયારે પ્રભુ-વિષયક બને ત્યારે આપણે એને આર્તિ કહીએ છીએ. મનનો સ્વભાવ છે કે જેની પાછળ પડે એની પાછળ જ દોડયા કરે. લૌકિક પાછળ પડે તો લૌકિકમાં દોડે. અલૌકિક પાછળ પડે તો અલૌકિકમાં દોડે. માટે લૌકિકની ઇચ્છા ન રાખતાં અલૌકિકની ઇચ્છા રાખવી, એનો તાપકલેશ કરવો, જે ગોપીજનોએ 'યુગલગીત'

દ્વારા કર્યો - પ્રભુનાં અમને કયારે દર્શન થાય? અમારાં નેત્રોનો પ્રભુ કયારે વિષય બને? પ્રભુના વેણુનાદનું ગુંજન અમારા કાનમાં કયારે પ્રવેશે? એ ભગવદ્‌ભોગ્યા સુધાનું કાનનો પડીઓ બનાવીને અમે કયારે રસપાન કરી, હૃદયમાં પધરાવીએ? અમારા હૃદયમાં પ્રભુ કયારે બિરાજે? અમારા હાથથી પ્રભુ કયારે સ્વયં સેવા અંગીકાર કરે?

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે કે પ્રભુના દર્શનની અભિલાષા એટલે કેવળ આંખોથી દર્શન નહિ, પણ દર્શનની સાથે સાથે સર્વ ઇન્દ્રિયોથી એમને સેવવા, પામવા અને માણવાની અભિલાષા એનું નામ દર્શનાભિલાષા. સમ્યક્ દર્શન કયારે થાય? પ્રભુમાં સાચો પ્રેમ હોય તો. તો જ નયમ પલક લગે નહિ- અપલક નેત્રે પ્રભુનાં દર્શન થાય. આવો સાચો પ્રેમ દર્શનથી વિરમતો નથી. એ તો વિશેષ પ્રજવલિત થાય છે અને સેવામાં પરિણમે છે. માટે પ્રભુની દર્શનાદિ આસક્તિની, શ્રવણ, કીર્તન, સ્મરણ, સેવન આદિ પ્રેમલક્ષણા ભક્તિ સહિતની નવધા ભક્તિમાં આર્તિ રાખવી.

આમ નવ સિદ્ધાંતો બતાવી, અંતે હૈયે કોતરી રાખવા જેવી બે બાબતોની પુનઃ આજ્ઞા કરે છે. યાદ રાખજો, કરુણાનિધિ પ્રભુ દયાના મહાસાગર છે. પોતાના પુષ્ટિભકતો પર જયારે દયા કરશે ત્યારે એમને લૌકિકમાં કોઇ જ સ્વસ્થતા નહિ આ. વિરુદ્ધધર્માશ્રયી છે, દયાનિધિ છે, પણ લૌકિક કાર્યોમાં સિદ્ધિ મળે એવી દયા કરનારા નથી. શરીર અસ્વસ્થ રહેશે. શારીરિક સ્થિતિની સ્વસ્થતા નહિ રહે. મન અસ્વસ્થ રહેશે, લૌકિકમાં ઉદ્વેગ વધશે, લૌકિક પ્રસંગમાં વિઘ્ન આવશે. લૌકિક કાર્યો સારી રીતે સિદ્ધ નહિ થાય, દુનિયામાં અપયશ મળશે, કયાંક કલંક આવશે, પ્રતિષ્ઠા જોખમાશે, કયાંક સ્વજનો સાથે સંઘર્ષ થશે, કયાંક ગામ છોડવું પડશે, કયાંક ઘર છોડવું પડશે, કયાંક ધંધામાં નુકશાની પણ આવશે. કયાંક કુટુંબીજનોનું સુખ નહિ મળે. કરુણાનિધિ કૃષ્ણ પોતાના પુષ્ટિજીવોને આવી બધી અસ્વસ્થતા આપશે. શ્રીહરિરાયજી આપણને ચેતવે છે, આપણને સમજાવે છે કે આવું આવે ત્યારે ગભરાઇ ન જશો. બીજાઓ પાસે એમાંથી છુટકારો મેળવવા દોડી ન જશો. પ્રભુનું શરણ છોડશો નહિ. અન્યાશ્રય ન કરશો, પણ લૌકિકમાં આવતી મુશ્કેલીઓ, મૂંઝવણો, દુઃખો આ બધાને પ્રભુનો પ્રસાદ માનજો. મઠડી, મોહનથાળ, એ જ પુષ્ટિમાર્ગમાં પ્રસાદ નથી. પુષ્ટિમાર્ગમાં મુખ્ય પ્રસાદ તો આ છે. ચિત્ત લૌકિકમાંથી દૂર કરવા માટે લૌકિકમાં આવતી આધિ, વ્યાધિ અને ઉપાધિઓ એ પુષ્ટિમાર્ગનો પ્રસાદ છે.

બીજું એમ કહ્યું કે પ્રભુ કરુણાનિધિ છે, એટલે આવી પ્રતિકૂળ સ્થિતિમાં પણ જે પ્રભુના બનીને રહે છે, તદીય બનીને રહે છે, એમની ચિંતા પિતાની જેમ પ્રભુ પોતે કરે છે. તમે સર્વ રીતે એના થઇ જાઓ. અનકન્ડીશનલ ટોટલ સરન્ડર કરી દો-બિનશરતી સંપૂર્ણ શરણાગતિ સ્વીકારો. અર્જુનની જેમ હાથ જોડીને આપણે એટલું જ કહીએ કે તમારી આજ્ઞાનું પાલન કરીશ, જેમ રાખશો એમ રહીશ. આવી રીતે રહેનાર જીવની લૌકિક, અલૌકિક, વૈદિક સર્વ ઉપાધિઓની ચિંતા પ્રભુ સ્વયં કરે છે અને પ્રભુ જ એમાંથી એને બહાર લાવે છે, એનું રક્ષણ કરે છે. ઘણીવાર જીવનમાં આપણને આવા અનુભવો થાય છે. નિરાશ થયા હોઇએ, હારી ગયા હોઇએ, થાકી ગયા હોઇએ, ક્યાંક આપઘાત કરવાની ગ્લાનિયુક્ત મનોવેદના પ્રબળ બની ગઇ હોય, ત્યાં અનાયાસ પ્રભુ એવી લીલા કરે કે આપણું મોટામાં મોટું સંકટનું વાદળ દૂર થઇ જાય. માટે શ્રીહરિરાયજી અંતમાં આપણને-પુષ્ટિજીવોને સધિયારો આપે છે કે પ્રભુ કરુણાનિધિ છે. તમને એમના બનાવવા માટે લૌકિકમાં મુશ્કેલી આપશે, કારણ કે તમારુ લૌકિક એમને છોડાવવું છે, પણ સાથે સાથે એ જ કરુણાનિધિ તમારી લૌકિક મુશ્કેલીઓમાંથી બિલાડી એના બચ્ચાને હેમખેમ બહાર લઇ જાય, એમ તમને લઇ જશે. માટે તમે સર્વદા એમના જ બનીને રહેજો. 'એક વર્યો શ્રીગોપીજન-વલ્લભ, નહીં સ્વામી બીજો મારે, નહીં સ્વામી બીજો મારે'- જેનામાં આવી અનન્યતાની ઉત્કટતા છે, એને માટે તો એ ગોપીજન-વલ્લભ બનીને પધાર્યા છે. આમ, શ્રીહરિરાયચરણે ૪૧મા શિક્ષાપત્રમાં સર્વ પુષ્ટિસિદ્ધાંતોનો સાર આપણને સમજાવ્યો.

હવે અંતિમ શ્લોકમાં આજ્ઞા કરે છે : આટલા માટે ૪૧ શિક્ષાપત્રોના આ સાડાત્રણસો કરતાં પણ વધારે શ્લોકોમાં જે કંઇ પુષ્ટિસિદ્ધાંત બતાવ્યો એનું પાલન કરવા માટે જેઓ શ્રીમહાપ્રભુજીના દાસ છે અથવા પોતાની જાતને શ્રીમહાપ્રભુજીના દાસ માને છે એમણે આ મારી શિખામણને સદા ધારણ કરવી, એનું પાલન કરવું. મારી શિખામણ પ્રમાણે જીવન જીવજો. જે પોતાને શ્રીમહાપ્રભુજીના દાસ, સેવક, માને છે એમને આ બંધન છે, બીજાઓને માટે આ બંધન નથી. જેમને પુષ્ટિમાર્ગમાં રહેવું છે એમણે આ શિખામણનું પાલન કરવું આવશ્યક છે.

આ સર્વ શિખામણનો સાર, ૪૧ શિક્ષાપત્રોનો સાર બે પદાવલીમાં આપ્યો : 'સેવ્યઃ પ્રભુઃ' પ્રભુની સેવા કરો. જે ૧૦૮ ચંદ્રાવળાના ભક્તિપોષણમાં શ્રીદયારામ-ભાઇએ આપ્યો, 'સેવો શ્રીકૃષ્ણ કૃપાળ' - જે ષોડશ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ આપ્યો, એ જ ૪૧ શિક્ષાપત્રોનો સાર અહીં શ્રીહરિરાયચરણ આપી રહ્યા છે. - 'સેવ્યઃ પ્રભુઃ'

- પ્રભુ જે આપણા સ્વામી છે, સદ્‌ગુણનિધાન છે, એમની સેવા કરજો. સેવા શબ્દનો અર્થ આપણે આગળ જોઇ ગયા છીએઃ પ્રેમપૂર્વક, મન-વચન-કર્મથી લાડ લડાવવાં. સ્વશરીર અને દ્રવ્યનો ઉપયોગ કરીને, ચિત્ત એકાગ્ર કરીને સેવવા. આપણને પૂછવાનું મન થાય કે છેલ્લે છેલ્લે એટલું કહી દો, કારણ કે અમારામાં વણિક વૃત્તિ છે, આ બધાંનો સરવાળે લાભ શું મળશે? અમે મંદિરમાં સેવા તો કરીએ છીએ અને રૂપિયા આપીએ છીએ તો એના બદલામાં પ્રસાદ મળે છે, લાડુ મળે છે, ઠોર મળે છે, મોહનથાળ મળે છે અને એ બહુ ભાવે છે.ભાવે છે એટલે રૂપિયા આપીએ છીએ અને રૂપિયા આપીએ છીએ એટલે પ્રસાદ મળે છે. અમને કહો કે આ -'સેવ્યઃ પ્રભુઃ' - પ્રભુની સેવા કરીએ તો અમને કયા લાડુ મળશે, કયા મોહનથાળ અને બુંદી મળશે?

શ્રીહરિરાયચરણ બહુ પ્રસન્ન ચિત્તથી આજ્ઞા કરે છેઃ હે વૈષ્ણવો! તમે મારી આજ્ઞામાં વિશ્વાસ રાખજો. સર્વથા, સર્વ પ્રકારે એટલે ત્રણ પ્રકારે - લૌકિકમાં, વૈદ્દિકમાં, અને અલૌકિકમાં. પૂરેપૂરું - એક નવા પૈસાભાર પણ ઓછું નહિ, એટલું કલ્યાણ થશે. જો તમે પ્રભુને સારી રીતે સેવશો, જો તમે પ્રભુની શરણાગતિ અને સમર્પણ સ્વીકારશો, તો લૌકિકમાં અને અલૌકિકમાં સર્વ પ્રકારે તમારું સંપૂર્ણરૂપે કલ્યાણ થશે. તમારા સર્વ મનવાંછિત મનોરથો પરિપૂર્ણ થશે. આવું વચન બીજું કોઇ આપે? જેણે આપણને આવો વિશ્વાસ બંધાવ્યો, એવા શ્રીહરિરાયચરણની આ આજ્ઞાઓમાં આપણે દૃઢ વિશ્વાસ ન રાખીએ અને એ આજ્ઞા પ્રમાણે ન ચાલીએ તો ગંગાકિનારે રહેવા છતાંય તરસ્યા જ રહીએ!

શ્રીગોપેશ્વરજી આજ્ઞા કરે છે : ભક્તિમાર્ગમાં જપ, ભગવદ્ ગુણગાન, શ્રવણ આ સર્વમાં મુખ્ય પ્રભુસેવા છે. સેવામાં પ્રભુની સન્મુખતા છે. પ્રભુ આપણી સામે હોય છે, જયારે બાકીનામાં - જપ, ભગવદ્‌વાર્તાનું શ્રવણ, કીર્તન, ગુણગાન એ બધામાં - પ્રભુની પરોક્ષતા છે. શ્રીગોપેશ્વરજી સમજાવે છે, સેવા વિના પુષ્ટિમાર્ગના મુખ્ય અલૌકિક ફળની કદી પ્રાપ્તિ થતી નથી. જે પ્રભુની સેવા કરે છે એનું લૌકિકમાં અને અલૌકિકમાં શ્રેય હમેશાં સિદ્ધ થાય છે. માટે સમગ્ર ૪૧ શિક્ષાપત્રોનો સાર બે શબ્દોમાં છે : 'સેવ્યઃ પ્રભુઃ' - પ્રભુની સેવા કરો.

શ્રીવોપેશ્વરજી ૪૧ શિક્ષાપત્રો પરની પોતાની ટીકાનો ઉપસંહાર કરે છે. જેમના દ્વારા અહા શિક્ષાપત્રનું વાચન થયું, મનન-ચિંતન થયું, અને ટીકા લખાઇ, એવા શ્રીહરિરાયજીના પરમકૃપાપાત્ર, વ્યસનની નિરોધ-સ્થિતિને પ્રાપ્ત કરેલા હરજીવનદાસ! તમારા હૃદયમાં બિરાજીને શ્રીહરિરાયજીએ મારા ગૃહભંગનું દુઃખ, જે તમારા

જીવનમાં આવ્યું હતું, એને દૂર કર્યું છે, તમને ધન્ય છે. હે હરજીવનદાસ! મારા જ્યેષ્ઠ ભ્રાતૃચરણની અલૌકિક આજ્ઞારૂપી આ પત્રો ઉપર મેં વ્રજભાષામાં જે ટીકા લખી છે, એ મારી કૃતિ ન સમજશો. હું તો કેવળ લહિયો છું. શ્રીહરિરાયજીએ મારા હૃદયમાં બિરાજીને આ ટીકા લખાવી છે,માટે આ ટીકોને પણ શ્રીહરિરાયજીની કૃતિ જ માનજો. હે હરજીવનદાસ! આ શિક્ષાંપત્રોનું પાન કરતાં મને હૃદયમાં એવો ભાવ જાગ્યો છે યા અનુભવ્યો છે કે મારા જ્યેષ્ઠ ભ્રાતૃચરણ શ્રીહરિરાયજીના હૃદયમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજી બિરાજમાન છે, તેથી શિક્ષાપત્રની આ સર્વ આજ્ઞાઓ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજી દ્વારા પ્રગટ થઇ છે.

શ્રીગોપેશ્વરજી હરજીવનદાસને છેલ્લી વાત કહે છે : હે હરજીવનદાસ! આ શિક્ષાપત્રમાં જે સિદ્ધાંતોનું અને ભાવનું નિરૂપણ કર્યું છે, એ ભાવ અનધિકારી પાસે - જેને પુષ્ટિસિદ્ધાંતને પામવાની યોગ્યતા નથી મળી એની પાસે - જ્યાં ત્યાં પ્રગટ કરવા જેવા નથી. તે મહાનિધિ છે. નિધિને જેમ તિજોરીમાં સુરક્ષિત રાખીએ છીએ, એમ આ પત્રોના ભાવ પણ હૃદયની તિજોરીમાં સુરક્ષિત રાખવા જેવા છે. જેની-તેની આગળ રજૂ કરવા જેવા નથી. કોની આગળ રજૂ કરવા એ શ્રીહરિરાયચરણે આગળના શિક્ષાપત્રોમાં બતાવ્યું છે કે જેમને જિજ્ઞાસા જાગી છે, સિદ્ધાંતના આચરણમાં રુચિ જાગી છે અને જેમને જાણવા માટે પ્રશ્નો કરવાનું મન થાય છે, એમની પાસે જ આ ભાવ પ્રગટ કરજો. આમ, શ્રીહરિરાયચરણ આ છેલ્લું શિક્ષાપત્ર અહીં પરિપૂર્ણ કરે છે.

ઇતિ શ્રીહરિરાયજીકૃતં એકોચત્વારિંશતમં શિક્ષાપત્રં
શ્રીગોપેશ્વરજીવિરચિતા વ્રજભાષાટીકાસમેતં સમાપ્તમ્.

એકતાલીસમા શિક્ષાપત્રનો સારાંશ

શ્લોક સંખ્યા : ૧૨

વિષય : **પુષ્ટિ સિદ્ધાંતોનો સાર**

(૧) સર્વ લૌકિક કાર્યો પ્રભુસેવામાં સહાયક બને તે રીતે કરવાં.
(૨) પ્રભુનો વિચાર પહેલાં કરવો.
(૩) ચિત્તને લૌકિકમાં આસક્ત ન રાખવું.
(૪) પ્રભુમાં શુદ્ધ ભાવ રાખવો.
(૫) લૌકિકમાં છૂટકો ન હોય એટલું જ દ્રવ્ય ખર્ચવું.
(૬) ચિત્તને સેવામાં જોડવું.
(૭) સેવા જ સાધન છે અને સેવા જ ફળ છે.
(૮) ભાવવર્ધક હોય એવો સત્સંગ કરવો.
(૯) દર્શન-સેવામાં આર્તિ રાખવી.
(૧૦) ચિંતાઓ છોડવી.

ભાવસ્વરૂપનિરૂપણમ્

રસાત્મતયા સિદ્ધઃ પરમાત્મા શ્રુતાવિતિ ।
સંયોગવિપ્રયોગાભ્યા શૃંગારરસરસો હરિઃ ॥૧॥

શ્રુતિમાં પરમાત્માની રસાત્મકતા સિદ્ધ છે. તેથી સંયોગ અને વિપ્રયોગના ભેદથી શૃંગારરસ શ્રીહરિ છે. (૧)

ધર્મધર્મીવિભેદેન તાવપિ દ્વિવિધૌ મતૌ ।
ધર્મરુદસ્તુ સંયોગો બહિઃ પ્રાકટ્યપાલિતઃ ।
પરોક્ષ આંતરો યસ્તુ સ ધર્મિત્વેન સંમતઃ ॥૨॥

સંયોગ અને વિપ્રયોગ ધર્મ અને ધર્મીના ભેદે બબ્બે પ્રકારનો છે. પ્રભુના બાહ્ય પ્રાગટ્યથી સિદ્ધ સંયોગ ધર્મરૂપ છે. પ્રભુ હૃદયની અંદર પધારે ત્યારે ભીતરનો સંયોગ ધર્મીરૂપ છે. (૨)

વિયોગોઽપિ તથાં યસ્તુ પ્રભુપ્રાકટ્યસાધકઃ ।
સ્બતંત્રફલરૂપો યઃ સ્વરૂપાવેશતોહરેઃ ।
ધર્મિરૂપઃ સ વિજ્ઞયો નાવિર્ભાવપ્રયોજનમ્ ॥૩॥

એવી રીતે વિરહથી પ્રભુનું પ્રાકટ્ય થાય તે વિપ્રયોગ ધર્મરૂપ છે. હૃદયમાં પ્રભુનું પ્રાકટ્ય થાય તે વિપ્રયોગ ધર્મીરૂપ - સ્વતંત્ર ફળરૂપ - છે. (૩)

બહિઃસંવેદનં વાપિ તદસંવેદનં તથા ।
તયોરસ્થાદ્વિતિયં ભાવેનૈવ ન ચાન્યથા ॥૪॥

અથવા જે વિપ્રયોગમાં બાહ્ય જગતનું ભાન રહે, તે વિપ્રયોગ ધર્મ સ્વરૂપ છે. જેમાં તેવું ભાન ન રહે તે વિપ્રયોગ ધર્મી સ્વરૂપ છે. (૪)

વિયોગાત્મસ્વરૂપેણ સંયોગાભાવવદ્દ્વયમ્ ।
બહિઃસંવેદનાભાવે તત્ર સાક્ષાત્તથા ક્રિયા ॥૫॥

વિપ્રયોગ ધર્મ અને ધર્મીની બંને સ્થિતિ સંયોગના અભાવવાળી છે. જ્યારે તેમાં બહારનું જ્ઞાન ન રહે ત્યારે સંયોગમાં જે ક્રિયા અને આનંદ થાય, તે જ વિપ્રયોગમાં પણ થાય. (૫)

તદાસંવેદને વિપ્રયોગાનુભવ એવ હિ ।
એવંસતતં દ્વાવેવ સ્વતંત્રા ભક્તિરુચ્યતે ।।૬।।

વિપ્રયોગમાં બહારનું જ્ઞાન રહે, તો કેવળ વિપ્રયોગનો જ અનુભવ થાય. બંને પ્રકારના વિપ્રયોગને સ્વતંત્ર ભક્તિ કહી છે.

ભાવરૂપઃ સ્વરૂપાત્મા નિરુદ્ધઃ પૂર્ણ એવ સઃ ।
ધર્મરૂપવયોગેડપિ પ્રવિશંતિ ગુણા હરેઃ ।।૭।।

વિપ્રયોગાત્મક પ્રભુ ભાવાત્મા છે. તેઓ ધર્મી રૂપ વિપ્રયોગમાં પૂર્ણતઃ હૃદયમાં નિરુદ્ધ થાય છે. ધર્મરૂપ વિપ્રયોગમાં શ્રીહરિના ગુણ હૃદયમાં પ્રવેશ કરે છે. (૭)

ધર્મિરૂપે તત્ર કૃષ્ણઃ કોશવત્પ્રવિશેત્પુનઃ ।
યથા (ભગવદાવિષ્ટા મૂર્તિઃ) ભગવદાવેશો ।
મૂર્તિકોશે હરેસ્તથા ।।૮।।

શ્રીકૃષ્ણ જેવી રીતે મૂર્તિમાં પ્રવેશ કરે છે, તેવી રીતે ધર્મીરૂપ વિપ્રયોગમાં હૃદયમાં પ્રવેશ કરે છે. (૮)

તેષુ ભાવદ્વયં સિદ્ધં સ્ત્રીભાવઃ સહજ પુરા ।
આવિષ્ટભગવદ્ભાવઃ પશ્ચાજ્જાતો વિશેષતઃ ।।૯।।

ઉપર કહેલા ધર્મ અને ધર્મીના ભેદમાં બે ભાવ સિદ્ધ છે. ૧. સહજ સ્ત્રીભાવ ૨. ભગવદ્ભાવ (૯)

તેષુ ધર્મા અપિ તથા દૃશ્યંતે દ્વિવિધા અપિ ।
એવમેવાસ્મદાચાર્યસ્વરૂપમવબુદ્ધયતામ્ ।।૧૦।।

તેમાં આ બે પ્રકારના ધર્મો જોવામાં આવે છે. આપણા શ્રીઆચાર્યજીનું સ્વરૂપ પણ આવું જ જાણવું. (૧૦)

સ્વામિનીભગવદ્ભાવયુતં ચાપિ વિલક્ષણમ્ ।
અતઃ એવોભયં તત્તદગ્રંથેષુ વિનિરુપ્યતે ।
પ્રભુભિઃ સ્વામિનીભાવભગવદ્ ભાવવત્વતઃ ।।૧૧।।

શ્રીમહાપ્રભુજી પણ સ્વામિનીભાવ અને ભગવદ્ભાવથી યુક્ત છે. તેથી શ્રીગુસાંઈજીએ તે પ્રમાણે તેમના ગ્રંથમાં આ બંને ભાવયુક્ત શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. (૧૧)

સર્વલક્ષણસંપન્ન 'ઇતિ' નામ વિરાજતે ।
તથા તત્રૈવ 'રાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહઃ ॥૧૨॥

આથી શ્રીસર્વોત્તમસ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીનાં 'સર્વલક્ષણસંપન્નઃ' અને 'રાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહઃ' એવાં બે નામ છે. (૧૨)

વસ્તુતઃ કૃષ્ણ એવતિ ચોક્તં શ્રીવલ્લભાષ્ટકે ।
એવં વિદિત્વા તદ્રૂપં કર્તવ્યઃ સર્વદાશ્રયઃ ॥૧૩॥

શ્રીવલ્લભાષ્ટકમાં કહ્યું : 'વસ્તુતઃ કૃષ્ણ એવ' શ્રીમહાપ્રભુજીનું આવું સ્વરૂપ જાણીને સર્વદા તેમનો આશ્રય કરવો. (૧૩)

ભાવસ્વરૂપનિરૂપણમ્

૪૧ શિક્ષાપત્રના આ ગ્રંથના અંતે શ્રીહરિરાયજી વિરિચત એક નાનકડો ગ્રંથ છે, એનું નામ છે 'ભાવસ્વરૂપ નિરૂપણમ્'. શિક્ષાપત્રોના સંપાદકોએ એમને મળેલી હસ્તપ્રતોનું સંશોધન કરતાં એમ કહ્યું કે શિક્ષાપત્રના એક હસ્તલિખિત ગ્રંથમાં ૩૮મા શિક્ષાપત્રમાં ૧૩ શ્લોકોવાળો 'ભાવસ્વરૂપ નિરૂપણમ્' એ શ્રીહરિરાયજીએ રચેલો સ્વતંત્ર ગ્રંથ હોવાનું વિદ્વાન સંપાદકોએ સ્વીકાર્યું અને તેને શિક્ષાપત્રના અંત ભાગમાં પ્રગટ કર્યો, કારણ કે આ સર્વ સિદ્ધાંતો જીવનમાં ઉતાર્યા પછી, જે ભગવદ્-અનુભૂતિ અને ભગવદ્ લીલાની અનુભૂતિ થવાની છે, એનું વર્ણન આ ૧૩ શ્લોકોના ગ્રંથમાં છે.

એકાદશ ઈન્દ્રિયો સહિત શરીર અને આત્માની સંખ્યા ગણતાં ૧૩ની થાય, તો એકાદશ ઈન્દ્રિયો, શરીર અને આત્માથી પ્રભુના કયા અલૌકિક અનુભવ થાય, એનું નિરૂપણ આ ગ્રંથના ૧૩ શ્લોકમાં કર્યું. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે સૌ પ્રથમ પૂર્ણ પુરુષોત્તમના સ્વરૂપનું નિરૂપણ વેદની શ્રુતિઓએ કર્યું. એમણે કહ્યુંઃ રસો વૈ સઃ - પ્રભુ રસાત્મક સ્વરૂપ છે. વેદની શ્રુતિઓનો અનુભવ ગોકુલમાં શ્રાવણ સુદ એકાદશીને દિવસે મધ્યરાત્રિએ શ્રીમહાપ્રભુજીને પણ થયો. જયારે સાક્ષાત્ પ્રભુએ પ્રગટ થઇ બ્રહ્મસંબંધની આજ્ઞા કરી, ત્યારે સાક્ષાત પ્રભુને પોતાના આશ્લેષમાં લેતાં પ્રભુના સ્વરૂપનો જે અનુભવ થયો, એ રસરૂપ અનુભવ શ્રીમહાપ્રભુજીએ 'મધુરાષ્ટક'માં વર્ણવ્યો. 'મધુરાધિપતેઃ અખિલમ્ મધુરમ્'- પ્રભુ મધુરાધિપતિ છે, એમનું સર્વ કંઇ મધુર છે.

આ પ્રભુનું રસરૂપ સ્વરૂપ છે, એ રસનો રાજા શૃંગાર રસ છે. લૌકિકમાં પણ શૃંગારરસ શ્રેષ્ઠ ગણાયો, એમ અલૌકિકમાં પણ શૃંગાર રસ શ્રેષ્ઠ છે. સર્વ રસમાં શૃંગારરસ મુખ્ય છે, માટે પ્રભુ પોતે સાક્ષાત શૃંગાર રસનું અલૌકિક સ્વરૂપ છે, જેમ, કઠોળનો દાણો છૂટો પડે, તો એની બે દાળ થાય, માટે કઠોળને દ્વિદળ કહેવામાં આવે છે. એમ શૃંગારરસમાં પણ બે દળ છે. એનાં બે રૂપ છે. એની અનુભૂતિ બે પ્રકારે થાય. માટે શૃંગાર દ્વિદલાત્મક રસ છે. એનું એક દળ સંયોગ અને બીજું દળ વિપ્રયોગ. પ્રભુ સાક્ષાત સન્મુખ હોય ત્યારે સંયોગ. પ્રભુ આંખોનો વિષય બને ત્યારે સંયોગ, પ્રભુ આંખો પાસેથી અંતર્ધાન થઇ, અંતઃકરણનો વિષય બને ત્યારે વિપ્રયોગ.

આ સંયોગ અને વિપ્રયોગ રસથી પ્રભુનો જે અનુભવ થાય, એ પણ પાછો બે પ્રકારે થાય. પ્રભુના ધર્મ સ્વરૂપથી અને પ્રભુના ધર્મી સ્વરૂપથી. આમ, ચાર સ્વરૂપ અનુભવમાં આવેઃ સંયોગ ધર્મ સ્વરૂપ, સંયોગ ધર્મી સ્વરૂપ, વિપ્રયોગ ધર્મ સ્વરૂપ અને વિપ્રયોગ ધર્મી સ્વરૂપ. શ્રીહરિરાયજી ભક્તોના ભાવાત્મા, રસાત્મા અને ફલાત્મા એવા અલૌકિક મધુરાધિપતિ સ્વરૂપના આ ચાર પ્રકારના અનુભવોનું અહીં નિરૂપણ કરે છે.

પ્રભુનું સંયોગ ધર્મ સ્વરૂપ કયું? શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે આપણા ઘરમાં આપણા માથે બિરાજે છે તે. જેમનાં આપે નિત્ય દર્શન અને સેવન કરીએ છીએ, એ સંયોગ ધર્મ સ્વરૂપ છે. કારણ કે એમાં સંયોગનો અનુભવ છે, ધર્મ સ્વરૂપે એ અનુભવ કરાવે છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાને સ્વીકારીને આપણા ઘરમાં પધાર્યા છે. માટે એ ધર્મ સ્વરૂપ છે.

આ સંયોગધર્મ સ્વરૂપની સેવા શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે કરતાં કરતાં આપણે દાસ બનીએ, દાસમાંથી સેવક બનીએ, સેવકમાંથી ભગવદીય બનીએ. આ ભગવદીયત્વ પ્રાપ્ત થાય ત્યારે જે સ્વરૂપ આપણા ઘરમાં ગાદી-તકિયા પર બિરાજે છે એ સ્વરૂપ સાક્ષાત્ અલૌકિક સ્વરૂપે પ્રગટ થઈને આપણી આંખો દ્વારા, આપણને મૂળ અલૌકિક સ્વરૂપનો અનુભવ કરાવે છે ત્યારે તે સંયોગ ધર્મીસ્વરૂપ કહેવાય છે. ચોર્યાસી-બસોબાવન વૈષ્ણવોની વાર્તાઓમાં વાંચીએ છીએ કે ઠાકોરજી વૈષ્ણવોને સાક્ષાત્ દર્શન આપતા, સાનુભવ જતાવતા, વાતો કરતા, માગી માગીને આરોગતા. એમની પાછળ પાછળ ઘરમાં ખેલતા, એમની ગોદમાં બિરાજતા, આ જે કંઈ અલૌકિક અનુભવ એ ભગવદીયોને આ લૌકિક દેહથી પ્રભુએ કરાવ્યો એ પ્રભુનું સંયોગ-ધર્મીસ્વરૂપ છે. ધર્મી સ્વરૂપ પ્રમેયસ્વરૂપ છે, સ્વતંત્ર છે. એમને કોઈની મર્યાદા નડતી નથી, એમ કોઈની આજ્ઞાને આધીન નથી. જેને પોતાનો કરે એને સાક્ષાત્ અનુભવ કરાવે છે. એની આંખોના વિષય બની જાય, ત્યારે એ સંયોગ ધર્મી સ્વરૂપ કહેવાય છે. નંદાલયમાં બિરાજતું જે સ્વરૂપ છે, જેનો વ્રજભકતોને વ્રજમાં અને વનમાં એમનાં નેત્રોથી અનુભવ થયા કર્યો એ સંયોગ ધર્મીસ્વરૂપ છે. આવો અનુભવ કરાવી, પ્રભુ પોતાના ભગવદ્ રસને ભકતના હૃદયમાં સ્થિર કરવા કૃપા કરે છે, કારણ કે ધર્મીસ્વરૂપના અનુભવથી હૃદય દ્રવિત બને છે.

પછી દર્શન ન થાય ત્યારે એ ચિત્ત, ઇન્દ્રિયો, દેહ વ્યાકુળ બને છે. ભગવદ્દર્શનના વિરહની વ્યાકુળતામાંથી વિપ્રયોગ પ્રગટ થાય. વિરહ અને

વિપ્રયોગ આ બે શબ્દોના ભાવ સમજવા જેવો છે. ખાલી આંસુ પાડવાં એ વિરહ અને વિપ્રયોગ નથી. રહ એટલે એકાંત અને વિ એટલે વિશેષ. વિશેષ એકાંતમાં શરીર અને ચિત્ત જયારે હોય, નેત્રોથી પ્રભુનાં દર્શન ન થતાં હોય, ત્યારે એવા એકાંતમાં પ્રભુના સ્વરૂપને હૃદયમાં ધારણ કરજો. એ પ્રભુના સ્વરૂપનું ભાવન, ચિંતન હૃદયમાં કરવું એનું નામ વિરહ. વિપ્રયોગ શબ્દ વિરહની ઉત્તરાવસ્થા છે. યોગ એટલે જોડાણ. પ્રયોગ એટલે વધારે સારી રીતે જોડાણ અને વિપ્રયોગ એટલે વિશિષ્ટ પ્રકારનું ઉત્તમમાં ઉત્તમ મનનું જોડાણ, એનું નામ વિપ્રયોગ.

સેવાના અનવસરમાં ઘરમાં બિરાજતા ધર્મસ્વરૂપના સેવનથી, એમની કૃપાથી, નેત્રોનો વિષય બનીને અલૌકિક સ્વરૂપે આપણી સન્મુખ થાય, એ વિપ્રયોગ-ધર્મસ્વરૂપ કહેવાય. આપણને પણ એ વિપ્રયોગ ધર્મસ્વરૂપનાં અંતઃકરણમાં દર્શન થાય. સંયોગ ધર્મીસ્વરૂપ નેત્રોનો વિષય તો કેટલો વખત બને? એની લીલા અટપટી છે, એ ભાવાત્મા છે, એ રસાત્મા છે. પોતાના બનાવેલ, પુષ્ટિ જીવોને ભાવ અને રસનું ઉત્કટ દાન કરવું છે, રોજ ગળ્યું ગળ્યું ખાઇએ ને, તો મોં ભાગી જાય. કયારેક બીજા સ્વાદ પણ જીભને ગમતા થાય. એમ સંયોગનાં ઉત્કટ અનુભવ પછી વિરહ અને વિપ્રયોગનું પ્રભુ દાન કરે છે. માટે આપણી સેવામાં સંયોગ, વિપ્રયોગ, પાછો સંયોગ, પાછો વિપ્રયોગ, એવું એક ચક્ર ગોઠવાયેલું છે. મંગળાથી રાજભોગ સુધી સંયોગ, અનવસરમાં વિપ્રયોગ, ઉત્થાપનથી શયનમાં સંયોગ અને પાછો રાત્રિકાલીન વિપ્રયોગ. જયારે પ્રભુ સન્મુખ ન હોય, આંખોના વિષય ન હોય, ત્યારે પ્રભુનો વિરહ થતાં, તાપકલેશ થતાં, એ ભાવાત્મા અંતઃકરણનો વિષય બનીને હૃદયમાં પધારે, આપણા અંતઃકરણનાં નેત્રો ખોલી નાખી હૃદયમાં અનુભવ કરાવે, ત્યારે એ વિપ્રયોગ ધર્મસ્વરૂપનો અનુભવ થાય.

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે, આવા વિપ્રયોગ ધર્મસ્વરૂપનો અનુભવ થાય ત્યારે એ ભકતને બહારનું કોઇ જ્ઞાન કે ભાન રહેતું નથી. પ્રભુના ગુણો જયારે ભકતના હૃદયમાં પ્રવેશે, ત્યારે એ હૃદય પ્રભુને બિરાજવા લાયક બને, પછી એમાં વિપ્રયોગ ધર્મસ્વરૂપે પ્રભુ પધારીને અનુભવ કરાવે છે. આવી સ્થિતિ દિન-પ્રતિદિન ઉત્કટ બનતી જાય, ત્યારે પ્રભુકૃપાથી પરસ્પરનો નિરોધ સિદ્ધ થાય, જેને શ્રીમહાપ્રભુજીએ 'ભકિતવર્ધિની'માં વ્યસનનાવસ્થા કહી. જે અવસ્થામાં હંમેશ માટે શરીરનું ભાન ભૂલાઇ જાય, બાહ્ય વાતાવરણ ભુલાઇ જાય, ત્યારે ચિત્ત - અંતઃકરણ સતત ભગવદ્‌મય બની જાય. સતત પ્રતિક્ષણ પ્રભુની વિભિન્ન લીલાઓનો અનુભવ થયા કરે.

સંયોગમાં એક સમયે એક જ લીલાનો અનુભવ થાય, પણ અંતઃકરણમાં જયારે વિપ્રયોગ ધર્મસ્વરૂપ પધારે ત્યારે એકકાલાવચ્છિન્ન અનેક લીલાઓનો એક ક્ષણમાં અનુભવ થાય, પ્રતિક્ષણ અનુભવ થાય. હૃદયમાં બિરાજીને પોતાના ભાવાત્મા, રસાત્મા અને કલાત્મા સ્વરૂપનો સતત અનુભવ કરાવે, ત્યારે એ વિપ્રયોગ ધર્મીસ્વરૂપનો અનુભવ છે. આ સ્વરૂપ સ્વતંત્ર ફલરૂપ છે, સ્વતંત્ર ભક્તિરૂપ છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજી પણ ઉભય ભાવાત્મક સ્વરૂપે બિરાજે છે. શ્રીમહાપ્રભુજીનું એક સ્વરૂપ શ્રી સ્વામિની ભાવનું સ્વરૂપ છે. જેનું નિરૂપણ શ્રીગુસાંઇજીએ શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં રાસસ્ત્રી-ભાવપૂરિતવિગ્રહઃ નામથી કર્યું અને શ્રીમહાપ્રભુજીનું બીજું સ્વરૂપ ભગવદ્ભાવરૂપ છે, જેનું નિરુપણ શ્રીગુસાંઇજીએ શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં સર્વલક્ષણસંપન્નઃ નામથી કર્યુ. આમ, શ્રીમહાપ્રભુજીના ગૂઢ સ્ત્રી ભાવાત્મા અને ગૂઢ પુંભાવાત્મા સ્વરૂપનુ ચિંતન કરવું અને પ્રભુના સંયોગ ધર્મસ્વરૂપ તથા સંયોગ ધર્મીસ્વરૂપ અને વિપ્રયોગ ધર્મસ્વરૂપ તથા વિપ્રયોગ ધર્મીસ્વરૂપનું પણ મનમાં ચિંતન ભાવન કરવું. એમનો અલૌકિક અનુભવ એ જ આ સર્વ શિક્ષાપત્રોના સિદ્ધાંતોના જીવનમાં સમ્યક્ આચરણનું પરમ ફળ છે. આમ, શ્રીહરિરાયચરણે તેર શ્લોકના 'ભાવસ્વરૂપનિરૂપણમ્' ગ્રંથમાં પ્રભુના અલૌકિક સ્વરૂપનું નિરૂપણ કર્યું.

ગ્રંથસાર

(૧) પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ રસાત્મક હોવાથી, શૃંગારરસનું દિવ્ય સ્વરૂપ છે.

(૨) શૃંગારરસનાં બે દળ સંયોગ અને વિપ્રયોગ છે.

(૩) આ બંને દળના બબ્બે ભેદ છે : (૧) ધર્મ (૨) ધર્મી

(૪) આથી શ્રીકૃષ્ણ ચાર સ્વરૂપે સાક્ષાત અનુભવ કરાવે છે. (૧) સંયોગ ધર્મ (૨) વિપ્રયોગ ધર્મ (૩) સંયોગ ધર્મી (૪) વિપ્રયોગ ધર્મી

(૫) આંખથી પ્રભુનાં સાક્ષાત દર્શન થાય તે સંયોગ ધર્મ સ્વરૂપ.

(૬) તે જ સ્વરૂપ હૃદયમાં અનુભવાય તે સંયોગ ધર્મી સ્વરૂપ.

(૭) વિરહના કારણે પ્રભુ હૃદયમાં પ્રકટ થાય, તે વિપ્રયોગ ધર્મ સ્વરૂપ. તેમાં બાહ્ય જગતનું ભાન રહે.

(૮) જે વિપ્રયોગમાં બાહ્ય જગતનું ભાન ન રહેતાં, હૃદયમાં સાક્ષાત સ્વરૂપ અનુભવાય, તે વિપ્રયોગ ધર્મી સ્વરૂપ.

(૯) ધર્મી વિપ્રયોગ - સ્વતંત્ર ફળરૂપ છે.

(૧૦) ધર્મી વિપ્રયોગમાં હૃદયમાં પ્રભુના ગુણો પ્રકટ થાય છે.

(૧૧) ધર્મી વિપ્રયોગમાં સ્વયં પ્રભુ પ્રકટ થાય છે.

(૧૨) શ્રીમહાપ્રભુજી સહજ સ્ત્રીભાવ અને ભગવદ્‌ભાવનું વિપ્રયોગાત્મક સ્વરૂપ છે.

જે કંઇ ભગવદ્ વાર્તા થઇ એમાં હું તો નિમિત્ત હતો, ટેપરેકર્ડર હતો, કેસેટ તો શ્રીહરિરાયચરણની હતી. માટે શ્રીમહાપ્રભુજીના, શ્રીહરિરાયજીના, શ્રીગોપેશ્વરજીના તથા પૂ. શ્રીચરણોના અને શ્રીગિરિરાજબાવાનાં ચરણકમળોમાં આ ભગવદ્વાર્તા દીનભાવે સમર્પિત કરું છું અને સદૈન્ય સાષ્ટાંગ દંડવત્ કરી મારી વૈખરી વાણીથી સિદ્ધાંતની રજૂઆતમાં જે કંઇ ભૂલ કે દોષ થયા હોય, તેને માટે ક્ષમા માગી, આપને પણ અજાણતાં દિલ દુભાય એવા કોઇ શબ્દો બોલાઇ ગયા હોય તો એના માટે ક્ષમા માગી વિરમું છું.

◆

‘શિક્ષાપત્ર’નું આચમન

પુષ્ટિમાર્ગમાં ‘શિક્ષાપત્ર’નું આગવું મહત્ત્વ છે. શ્રીમહાપ્રભુજીની પાંચમી પેઢીએ થયેલા શ્રીહરિરાયજી રચિત ‘શિક્ષાપત્ર’ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને પુષ્ટિ ભક્તિનો સદાચાર શીખવતો ગ્રંથ છે. શ્રીહરિરાયજીએ તેમના નાના ભાઈ શ્રીગોપેશ્વરજીને ઉદ્દેશીને સંસ્કૃતમાં લખેલા ૪૧ શિખામણના પત્રો આ ગ્રંથમાં હોવાથી, તેને ‘શિક્ષાપત્ર’ કહેવામાં આવે છે. તેના ઉપર શ્રીગોપેશ્વરજીએ વ્રજભાષામાં ટીકા લખી છે.

શ્રીહરિરાયજીના સમયથી જ વૈષ્ણવોની ભગવદ્‌મંડળીમાં ગામેગામ આ ગ્રંથનું નિત્ય વાચન થતું આવ્યું છે. તેના વાચન-શ્રવણ-મનન દ્વારા વૈષ્ણવ સમાજ પુષ્ટિભક્તિમય જીવન જીવતો રહ્યો છે. વૈષ્ણવી જીવન જીવવાનો રાજમાર્ગ આ ગ્રંથમાં બતાવવામાં આવ્યો છે.

આજના સમયમાં પણ આ ગ્રંથની ઉપયોગિતા ભૂતકાળ કરતાં ઘણી વધારે છે. સમયની ખેંચ, મનની અશાંતિ, કામધંધાનું ટેન્શન અનુભવતા આજના વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજી આદિના ઘણા ગ્રંથો વાંચવા-સમજવા સમય અને શાંતિ નથી, ત્યારે આ ‘શિક્ષાપત્ર’ ગ્રંથ સમગ્ર પુષ્ટિમાર્ગીય સાહિત્ય અને સિદ્ધાંતોના સારરૂપ છે. તે આત્માસાત્‌ થાય તો કશું સમજવાનું બાકી રહે નહીં.

મહાત્મા ગાંધીજી જેમને પોતાના આધ્યાત્મિક ગુરુ ગણતા હતા, તે શ્રીરાજચંદ્રે પોતાના શિષ્યોને સલાહ આપી હતી કે જીવનનો વિકાસ કરવા તમારે એક જ પુસ્તક વાંચવું હોય, તો શ્રીહરિરાયજીનું ‘શિક્ષાપત્ર’ વાંચજો. અન્ય ધર્મોપદેશકની આ સલાહ ‘શિક્ષાપત્ર’નું મહત્વ કેટલું મોટું છે, તે બતાવે છે.

આ ‘શિક્ષાપત્ર’ આપણે નિત્ય વાંચીએ, વિચારીએ, જીવીએ.

- પ્રા. રમેશભાઈ વિ. પરીખ